

# મુક્તાનંદ કાવ્ય

ભાગ-૧


-: પ્રકાશક :-

શ્રી સ્વામિનારાયણ મંદિર સંસ્થાન વડતાલ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**સદ્‌ગુરૂશ્રી મુક્તાનંદમુની રચીત**

# મુક્તાનંદ કાવ્ય

ભાગ-૧

શા.સ્વામી શ્રી હરિજીવનદાસજી સંશોધિત

**ગુજરાતીલીપી સંશોધક**

શા. રામદાસજી (વેદાંતાચાર્ય એમ.એ. ફીલોસોફી)

વડતાલશ્રી લક્ષ્મીનારાયણદેવની ગાદીના સનાતન ધર્મ માર્તણ્ડ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી

મહારાજશ્રીની આજ્ઞાથી

વડતાલ સંસ્થાનથી પ્રસિદ્ધ કર્તા

**મુખ્ય કોઠારી સ્વામી શ્રી ધર્મપ્રિયદાસજી (બાપૂ સ્વામી)**

ગુરુ : પુરાણી સ્વામી શ્રી ધર્મસ્વરુપદાસજી

**સ્વત્વાધિકાર માટે : વડતાલ સંસ્થાન**

**C/o. મુખ્ય કોઠારી સ્વામી શ્રી ધર્મપ્રિયદાસજી (બાપૂ સ્વામી)**

શ્રી સ્વામિનારાયણ મંદિર
તા. નડિયાદ, જી. ખેડા
વડતાલ. (ગુજરાત)

**પ્રકાશન તિથિ :** સં.૨૦૬૧ મહાસુદ-૫ તા. ૧૩-૧-૨૦૦૫

પ.પૂ. લાલજી મહારાજશ્રી સૌરભપ્રસાદજીના યજ્ઞોપવિત પ્રસંગે

**આવૃત્તિ :** પ્રથમ

**પ્રત :** ૨૦૦૦

**પડતર કિંમત :** રૂા.૨૦૦ (બન્ને ભાગના)


**સૌજન્ય ને આભારી વેચાણ કિંમત :** રૂા. ૯૦ /- (બન્ને ભાગના)

**પ્રાપ્તિ સ્થાન :**
શ્રી સ્વામિનારાયણ મંદિર
તા. નડિયાદ, જી. ખેડા, વડતાલ. (ગુજરાત)
ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮

**મુદ્રક :**
શ્રીજી આર્ટ, અમદાવાદ.
ફોન : ૩૦૯૨૮૨૯૯



સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન




મુક્તાનંદ નિજચરણ ઢીગ ગુણ, ગાવત આઠું જામ-પોટે પ્રભુ સકળ મુનિકે શ્યામ



મુનિ મુક્તાનંદ ઝુલાવે હરિને હેતથી રે....



વડતાલ પીઠાધિપતી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

પ.પૂ. શ્રી લાલજી મહારાજ

॥ શ્રી સ્વમિનારાયણો વિજયતેતરામ્ ॥



સનાતન ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી

श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी
संस्थान : वडताल - पीन. ३८७ ३७५

# શુભેચ્છાત્મક આશિર્વાદ

**સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ** ભગવાને આ લોકમાં પ્રગટ થઈને આપણાં ઉપર અતિ કરુણા કરી છે. અસંખ્ય જીવોનો અનંતકાળ પર્યંત ઉદ્ધાર થતો રહે તે માટે તેમણે સુવ્યસ્થિત વ્યવસ્થા કરેલી છે. દેવ, મંદિર, શાસ્ત્ર, આચાર્ય, સંત (ત્યાગી) અને સત્સંગી (હરિભક્ત) આ છ અંગ દ્વારા રચાયેલ આપણાં આ વૈદિક સંપ્રદાયના આશ્રય દ્વારા મુમુક્ષુ જીવોનું અનંતકાળ પર્યંત આત્યન્તિક કલ્યાણ થતું રહેશે એ નિર્વિવાદ બાત છે. કોઈપણ સંપ્રદાય વૈદિક સત્શાસ્ત્ર પ્રમાણેના આધારે પ્રવર્તે તેના આશ્રયથી લોકોનું કલ્યાણ થાય છે અને તેજ સંપ્રદાય અનંતકાળ પર્યંત ટકી શકે છે. અને તે સંપ્રદાય સંબંધી જે સત્શાસ્ત્રો હોય તેજ તે સંપ્રદાયની પુષ્ટિ કરે છે.

શ્રીજીમહારાજ પ્રમાણિત માન્ય વૈદિક સત્શાસ્ત્રોને વિશે જ પ્રતીતિ (વિશ્વાસ) રાખવાનો આગ્રહ રાખતા, તે માટે તેઓએ ગ.પ્ર.ના ૩૭માં વચનામૃતમાં કહ્યું છે કે **"વેદશાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ અને ઇતિહાસ તેની સાખ્યે કરીને (ઉત્તર) કરો, પણ કોઈક કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહિ માનીએ અને જો વ્યાસજીના વચને કરીને કરશો તો અમારાં માન્યામાં આવશે. કેમજે અમારે વ્યાસજીનાં વચનમાં પ્રતીતિ છે."** તથા વડતાલ પ્ર. ના ૧૮ માં વચનામૃતમાં તેમજ શિક્ષાપત્રી શ્લોક ૯૩ થી ૯૫માં કહ્યું છે કે **"વેદ, વ્યાસસૂત્ર, શ્રીમદ્ ભાગવત્ પુરાણ, મહાભારતને વિશે વિષ્ણુ સહસ્રનામ, શ્રી ભગવદ્ ગીતા,વિદુરનીતિ, સ્કંદપુરાણના વિષ્ણુખ્ણુ ખંડ માંહીલું વાસુદેવમાહાત્મ્ય, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ' આ આઠ શાસ્ત્ર અમોને અતિ ઈષ્ટ છે."** તેમજ ગ. અં.ના ૧૦ માં વચનામૃત કહ્યું છે કે **"અને જે જે આચાર્ય થયા તેમણે પદ્મપુરાણના વચને કરીને પોતપોતાનો મત સ્થાપન કર્યો છે તે તો પદ્મપુરાણમાં ક્ષેપક શ્લોક નાખી નાખીને સ્થાપન કર્યો છે તે પોતાના મતના હોય તે માને પણ બીજા કોઈ માને નહિ."** ઈત્યાદિ શ્રીજીમહારાજના વચનો દ્વારા એ બાબત નિશ્ચિત થાય છે કે કોઈ પણ શાસ્ત્ર ભેળસેળ (ક્ષેપકતા)

વિનાનુ અને વૈદિક પરંપરા પ્રમાણેનું હોય તે શ્રીજીનું અતિ પ્રિય અને માન્ય સત્શાસ્ત્ર ગણી શકાય અને તેવા શાસ્ત્રોને આશ્રયે કરીને જ અનંતકાળ પર્યંત મનુષ્યોનું કલ્યાણ થતું રહે છે.

વૈદિક સત્શાસ્ત્રોના સૈદ્ધાન્તિક પાયાના આધારે રચાયેલ સંપ્રદાયની પુષ્ટિ સંપ્રદાયના શાસ્ત્રો થકી જ થાય છે. તે શ્રીજીમહારાજે ગ.મ.પ્ર. ના ૫૮ માં વચનામૃતમાં કહ્યું છે જે **"પોતાના ઈષ્ટદેવના જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે.... માટે પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર હોય તેજ પાછલે દહાડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે."** આ પ્રમાણે સિદ્ધાંતની વાત કરીને શ્રીજી મહારાજે આજ વચનામૃતમાં સ.ગુ.શ્રી મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરીકે **"તમે પણ પોતાના સંપ્રદાય સંબંધીને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તેજ દેહ પર્યંત કર્યા કરજ્યો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એજ આજ્ઞા છે."** આ પ્રમાણેની શ્રીજીમહારાજની આજ્ઞા સ્વીકારીને સ.ગુ.શ્રી મુક્તાનંદ સ્વામીએ પોતના છેલ્લા શ્વાસ સુધી શાસ્ત્રો લખવાનું લખાણ ચાલું રાખ્યું હતું. સ્વામીએ બ્રહ્મસૂત્ર ભાષ્ય, સત્સંગી જીવન માહાત્મ્ય, નિર્ણય પંચક, શ્રીહનુમત્કવચ, ધર્માખ્યાન, પંચરત્ન, વિવેક ચિંતામણી, ઉદ્ધવગીતા, સત્સંગશિરોમણી, સતીગીતા, શિક્ષાપત્રી, ભગવદ્‌ગીતા-ભાષા, નારાયણગીતા, આદિક સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષામાં અદ્‌ભુત અને અનુપમગ્રંથોની રચના કરી છે. એજ પ્રમાણે સ.ગુ.શ્રીગોપાળાનંદ સ્વામી સ.ગુ.શ્રી નિત્યાનંદ સ્વમી, સ.ગુ.શ્રી શતાનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ.શ્રી મંજુકેશાનંદ સ્વામી તથા સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી આદિક નંદ પંક્તિના મહાન સંતોએ અત્યંત પરિશ્રમકરીને સત્શાસ્ત્રોની અસંખ્યહારમાળા રચી છે. તે સંતોના કઠીન પરિશ્રમને કારણે હસ્ત લેખિત સાહિત્યનો અગાધ ખજાના રૂપી અમૂલ્ય વારસો આપણાં સંપ્રદાયને પ્રાપ્ત થયો છે. આ સાહિત્યનું જતન અને પ્રકાશન પરંપરાગત થતું રહ્યું. આ દુર્લભ અમૂલ્ય સાહિત્યનું જતન કરવામાં તેમજ પ્રમાણિત પણે પ્રકાશન કરવામાં સૌથી જો કોઈનું મહત્વનું યોગદાન હોય તો તે છે સત્શાસ્ત્ર ઉદ્ધારક શાસ્ત્રી સ્વામી શ્રીહરિજીવનદાસજી જેમણે અસંખ્ય હસ્ત લેખિત શાસ્ત્રોનું જતન કરી સંશોધન તેમજ પ્રકાશન કરાવ્યું જેને કારણે તેમને પ્રમાણિત સાહિત્ય પ્રકાશન કરનાર એક વિરલ સંત વિભૂતિ તરીકે માનવમાં આવે છે. શાસ્ત્રી સ્વામીશ્રી હરિજીવન દાસજી દ્વારા સંશોધન અને પ્રકાશન થયેલા અસંખ્ય ગ્રંથો પૈકી સ.ગુ. શ્રીમુક્તાનંદ સ્વામી રચિત ગ્રંથ સંગ્રહ કે જે

"મુક્તાનંદ કાવ્યમ્" નામથી ભૂજ મંદિરના સાથ સહકારથી નાગરી લીપીમાં પ્રકાશિત કરવામાં આવેલ જે ગ્રંથ છેલ્લા ઘણાંક સમયથી અપ્રાપ્ય હોવાથી વડતાલના **પૂજારી સ્વામી શ્રી કૃષ્ણજીવનદાસજી** (અથાણાવાળા)ના શિષ્ય **શા. સ્વા. શ્રી રામદાસજી** (વેદાંતાચાર્ય) એ ગુજરાતી લીપીમાં તૈયાર કરાવેલ છે. તે બદલ તેમને અમારાં ખૂબ ખૂબ રૂડા આશિષ આપીએ છીએ.

સંપ્રદાયનું તમામસાહિત્ય શ્રીજી સંસ્થાપિત બન્ને ગાદી પૈકી કોઈપણ એક ગાદીના પીઠાધિપતિ મહારાજશ્રી દ્વારા પ્રમાણિત કરાયેલ અને અનુમતિ લઈને શ્રીજી સ્થાપિત ગાદી સંસ્થાન દ્વારા સસ્તા દરે પ્રકાશિત કરવામાં આવે તો દરેક મુમુક્ષુ આશ્રિતો બહોળો પ્રમાણમાં નિશંક થઈને લાભ લઈ શકે. તેવા શુભ હેતુથી જ પ્રસ્તુત ગ્રંથને અમારાં સુપુત્ર લાલજીમહારાજ ૧૦૮ શ્રી **સૌરભપ્રસાદજીના યજ્ઞોપવિત પ્રસંગે** વડતાલ સંસ્થાન દ્વારા પ્રકાશિત કરવાનો નિર્ણય કરેલ છે. અમારાં ઉપરોક્ત અભિપ્રાય યુક્ત નિર્ણયને વડતાલ **સંસ્થાનના દરેક સભ્યશ્રીઓએ તથા મુખ્ય કોઠારીશ્રીએ** સહર્ષ વધાવી લેવા બદલ તેમને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠાવીએ છીએ.

આ ગ્રંથ પ્રકાશન કાર્યમાં આર્થિક સહાય કરનાર સાહિત્યપ્રેમી **પ.ભ.શ્રી વસંતભાઈ** મંગળદાસ મુખી **પરિવાર** (મેતપુરવાળા) તથા **પ.ભ.શ્રી ભાનુભાઈ ઈશ્વરભાઈ પરિવાર** (સુણાવવાળા) ને વડતાલવાસી શ્રીહરિકૃષ્ણમહારાજ તથા લક્ષ્મીનારાયણ દેવની સ્મૃતીએ સહિત ખૂબ ખૂબ રૂડા આશિર્વાદ પાઠવીએ છીએ તેમજ આ વિશાળ ગ્રંથના કીર્તન શ્રવણ મનન અને નિદિધ્યાસ દ્વારા અનેક મુમુક્ષુ આશ્રિતો શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકશે. એજ શુભેચ્છા સહ...

જય શ્રી સ્વામિનારાયણ.

**આચાર્ય મહારાજશ્રી**

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवराक्षर धामवासिन् ॥
हरिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिं प्रणमाम्यहं त्वाम् ॥

॥ ૐ શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ ॥

# ॥ નમ્ર નિવેદનમ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય યુક્ત ઐકાન્તિકી ભક્તિરૂપ ભાગવત્ ધર્મની સંસ્થાપના દ્વારા અનંત આત્માઓનું આત્યંતિક કલ્યાણ કરવા માટે પ્રગટ થયેલ અધમઉદ્ધારક પતિતોને પાવન કરનાર **પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ** ભગવાને પોતે આપણને અલૌકિક સુખે સુખીયા કરવા માટે ઘણો મોટો દાખડો કર્યો છે. તેથી તેઓ કહેતા કે " ભલા થઈને મરા દાખડા સામુ જોજો." તેમણે શુદ્ધ ઉપાસના પ્રવર્તાવવા માટે ભવ્ય કલાત્મક સુંદર મંદિરોનું નિર્માણ કરાવી તેમાં સ્વસ્વરૂપોની સ્વહસ્તે વેદોક્ત વિધિ પૂર્વક પ્રતિષ્ઠા કરી. અસંખ્ય ત્યાગી ગૃહી આશ્રિતો બનાવ્યા. આ આશ્રિતોના ધર્મ રક્ષણાદિ હેતુ માટે ધર્મકુળમાં બે આચાર્યોની સ્થાપના કરી. પંરપારમાં અંધપરંપરા ન પ્રવર્તે અને સંપ્રદાયની પુષ્ટિ ભવિષ્યમાં થતિ રહે તે માટે મહાન સંતો દ્વારા શુદ્ધ, પ્રમાણિત સત્શાસ્ત્રોની રચના કરાવી. વૈદિક પરંપરાનુસારે રચાયેલ આ દિવ્ય સાહિત્ય નિશંકપણે આધ્યાત્મિક દૃષ્ટિએ સર્વોત્તમગણી શકાય, એટલુ જ નહી પરંતુ કળાની દૃષ્ટિએ પણ અનુપમતેમજ અભૂત પૂર્વ ગણી શકાય એ નિર્વિવાદ છે.

સંપ્રદાયની પુષ્ટિ માટે સાંપ્રદાયિક સાહિત્ય રચવાની સર્વે સંતોને ઉદ્દેશીને આજ્ઞા કરતા શ્રીજી મહારાજે સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીને કહ્યું કે **"તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તેજ દેહ પર્યંત કર્યા કરજો. ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એજ આજ્ઞા છે"** (વચનામૃત ગ.મ. ૫૮) આ અમૃતમય આજ્ઞાને અતિ આદર થકી માનતા મુક્તમુનિએ અનેક સંસ્કૃત તેમજ પ્રાકૃત શાસ્ત્રોની રચના કરી, સ્વામીએ પ્રાકૃત ભાષામાં વિવિધ રાગ-રાગણીઓથી સભર એવા અસંખ્ય પદોથી યુક્ત અનેક પ્રબંધો રચ્યા. જેવાકે - **ધર્માખ્યાન, પંચરત્નમ્, વિવેક ચિંતામણી, ઉદ્ધવગીતા સત્સંગ શિરોમણિ, સતીગીતા, શિક્ષાપત્રીભાષા, મુકુંદ બાવની, ધામવર્ણન ચાતુરી, વાસુદેવવાવતારચરિતમ્, અવધૂતગીતા, નારાયણ કવચમ્, ભગવદ્ગીતા ભાષા, નારાયણ ગીતા, રુક્મિણી વિવાહ ઈતિયાદિ.**

શ્રીજી સમકાલીન નંદ સંતોના મહાન દાખડા રૂપ અસંખ્ય ગ્રંથોને પ્રમાણિત વાસ્તિવિક પણે પ્રસિદ્ધ કરવામાં જેમનો અદ્વિતીય ફાળો છે. તેવા

મહાન વિદ્વાન વિભૂતિ શાસ્ત્રી સ્વા. શ્રી હરિજીવનદાસજીએ મુક્તમુનિએ રચેલા ઉપરોક્ત પ્રાકૃત પ્રબંધોનો સંગ્રહ કરી મુક્તાનંદ કાવ્યમ્ નામથી ભૂજ મંદિરના આર્થિક સહકારથી નાગરી લીપીમાં પ્રકાશિત કરેલ. આ ગ્રંથ છેલ્લા ઘણાંક વર્ષથી અપ્રાપ્ય હતો. આ મહાન ગ્રંથ જીજ્ઞાસુ મુમુક્ષુ આશ્રિતો માટે શ્રેય અને પ્રેય માટે અતિ ઉત્તમહોવાથી તેમજ દેશ વિદેશના ઘણાંક ભક્તોની માંગણીને કારણે અમોએ આ ગ્રંથને ગુજરાતી લીપીમાં પ્રકાશિત કરવાનો પ્રયાસ કરેલછે.

"સંપ્રદાયનું ઉત્તમસાહિત્ય ગાદી સ્થાન વડતાલ સંસ્થાન દ્વારા પ્રકાશિત થાય, જેથી તેના પ્રમાણિ પણામાં કોઈપણ જાતની શંકા ન રહે અને સંપ્રદાયના સર્વે આશ્રિત નિશંક થઈને આવા સાહિત્યનો લાભ લઈ શકે" એવી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની શુભ ભાવનાને કારણે વડતાલ સંસ્થાનના સર્વે સભ્યશ્રીઓ તથા મુખ્ય કોઠારી સ્વામીએ પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી સૌરભપ્રસાદજી મહારાજના યજ્ઞોપવિત મહોત્સવ પ્રસંગે વસંત પંચમીના અતિ પવિત્ર દિવસે પ્રસ્તુત ગ્રંથને પ્રકાશિત કરવાનો નિર્ણય કરેલ છે જે ખૂબજ પ્રસંશનીય તેમજ આનંદની બાબતછે.

આ ગ્રંથ પ્રકાશન કરવામાં ગુરૂવર્ય પૂજારી સ્વા. શ્રીકૃષ્ણજીવનદાસજી (અથાણાવાળા)ની શુભ પ્રેરણાથી સાહિત્યપ્રેમી પ.ભ.શ્રી ભાનુભાઇ ઈશ્વરભાઇ પટેલ (સુણાવવાળા-હાલ મુંબઈ) તથા તેમના સુપુત્ર પ.ભ.શ્રી ધરમભાઇ (શિકાગો, યુ.એસ.એ.), શ્રી પરેશભાઇ (વિદ્યાનગર) તથા શ્રી સુરિલભાઇ (શિકાગો, યુ.એસ.એ.) તેમજ સુપૌત્ર ચિ. રોહન અને ચિ. તિલક આદિ ચાવાળા પરિવાર તરફથી આર્થિક સહકાર પ્રાપ્ત થયેલ છે. તેવીજ રીતે સ.ગુ.શા.સ્વા.શ્રી બાલકૃષ્ણદાસજી (મેતપુરવાળા) તથા સ.ગુ.સ્વા.શ્રીગોવિંદપ્રસાદદાસજી (મેતપુરવાળા) ની શુભ પ્રેરણાથી અ.નિ. સ.ગુ.શા.સ્વા.શ્રી કૃષ્ણજીવનદાસજી (મેતપુરવાળા) તેમજ અ.નિ. પ.ભ. પટેલ શ્રીમંગળદાસ છગનલાલ મુખી (મેતપુરવાળા)ના સ્મરણાર્થે સાહિત્યપ્રેમી પ.ભ. પટેલ શ્રી વંસતલાલ મંગળદાસ મુખી, શ્રી અરવિંદભાઈ, શ્રી ભગવતીભાઈ, શ્રી જગદીશભાઈ, શ્રી હસમુખભાઈ, શ્રી ઘનશ્યામભાઈ તથા શ્રી જયંતિભાઈ આદિ મુખી પરિવાર તરફથી આર્થિક સહકાર પ્રાપ્ત થયેલછે.

પ્રૂફ તપાસવામાં મદદ કરનાર શ્રી જગતસિંહ ઝાલા સાહેબ

તેમજ ગ્રંથને સુંદર રીતે પ્રકાશન કરવામાં ખૂબજ મહેનત કરનાર સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી ફતેહસિંહભાઈ વાળા તથા "શ્રીજી આર્ટ" પરિવાર ઈત્યાદિ આ ગ્રંથ પ્રકાશનમાં સહભાગી બનનાર નામી અનામી ભાવિક ભક્તો ઉપર-સર્વાવતારી શ્રી હરિકૃષ્ણમહારાજ તથા ગ્રંથકર્તા શ્રી મુક્તાનંદ સ્વામી આદિ મહાનુભાવ સંતો તેમજ હરિભક્તો ખૂબ ખૂબ પ્રસન્ન રહે એજ અભ્યર્થના આ ગ્રંથ પ્રકાશનમાં કોઈપણ અશુદ્ધિ ન રહે તે બાબતની ખાસ કાળજી રાખવામાં આવેલ છે છતાં પણ કોઈ પણ અશુદ્ધિ જણાય તો પાઠકગણ સુધારીને વાંચશે એવી નમ્ર વિનંતી સહ જયશ્રી સ્વામિનારાયણ....


લી. શાસ્ત્રી રામદાસ

(વેદાંતાચાર્ય, એમ.એ. ફિલોસોફી)

હાલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, વલ્લભિવદ્યાનગર.


તારીખ : ૧૩-૦૨-૨૦૦૫

વસંત પંચમી, સંવત ૨૦૬૧

ॐ

श्री स्वामिनारायणो विजयतेतराम् ।

# मुनिमुख्य मुक्तानन्दमुनिनुं जीवनचरित्र

प्राभूद्वार्ताप्रवाहोऽमितहरियशसां पापतापप्रणाशो
दिव्यानां यन्मुखेन्दोरिव तुहिनगिरेः पूर्णगङ्गाप्रवाहः ।
तं निर्वेदातितुच्छीकृतसकलमहालोकभोगं पवित्रं
मुक्तानन्दाभिधानं मुनिमनुदिवसं नौमि सद्वृन्दमुख्यम् ॥१॥

(જેમના મુખરૂપ શીતળ ચંદ્રમાથકી ઈષ્ટદેવ ભગવાન્ શ્રીહરિનાં દિવ્ય અપરિમિત અમૃતમય યશોનો સમસ્ત પાપ તથા તાપને સમૂળ નાશ કરનારો પાવન વાર્તાપ્રવાહ, જાણે નગાધિરાજ હિમાલય થકી પાવન પૂર્ણગંગા પ્રવાહ વહેતો હોય ને શું ? એમ સદા વહ્યા કરે છે, જેમણે બૃહદ્ વૈરાગ્યના વેગથી સકળ લોકભોગને વાસના સાથે અતિતુચ્છ કરી દીધો છે, જે પોતે પરમ પવિત્ર છે, જેઓ સમસ્ત મુનિઓમાં ભગવાને મુખ્યપણે માન્યા મનાવ્યા છે, એવા મુક્તાનંદ નામના મુનિને હું પ્રતિદિન નમસ્કાર કરૂં છું ॥૧॥)

આ નવ્ય કાવ્યમાં સંગ્રહેલા સર્વોપયોગી સર્વમાન્ય વિવિધ ભવ્ય પ્રબન્ધોના સંગ્રથિતા સદ્ગુરુવર્ય મુક્તાનંદ મહામુનિ 'યથાનામ તથા ગુણ' હતા એમાં કોઈનો વિવાદ નથી. આ મુનિરાજનો શુભ જન્મ, એકસ્વરૂપ ભગવાન્ (વસુદેવનંદન) શ્રીકૃષ્ણ અને (ધર્મદેવનંદન) શ્રીહરિના અને તેમાના અનન્ય ભક્ત ઉદ્ધવાદિ મુક્તોના વિચરણથી પરમ પવિત્ર સૌરાષ્ટ્ર પ્રાંતાન્તર્ગત અમરેલી નામના પ્રસિદ્ધ પવિત્ર મહાગ્રામમાં સં. ૧૮૧૪ માં થયો હતો. એમના પૂજ્ય પિતાનું નામ આનંદરામ અને માતાનું નામ રાધા હતું. એમનું પોતાનું પૂર્વાશ્રમનું નામ મુકુંદદાસ હતું. આ મુકુંદદાસજી માતા પિતાદિ સર્વ જનોના મન તથા નેત્રને આનંદ ઉપજાવનારી સૌન્દર્યાદિ રૂપસંપત્તિથી અને બાલ્યોચિત વિવિધ લીલા વ્યાપારોથી અનવધિ આહ્લાદ આપનારા થયા હતા. આ મુકુંદદાસે પૂર્વાભ્યસ્ત શુભ સંસ્કારવશાત્ બાલ્ય વયમાંજ પિતાપ્રમુખ થકી સકળ સચ્છાસ્ત્રનો અભ્યાસ કરીને સદ્વિદ્યાસંપત્તિ કે જે મોક્ષોપયોગી છે તે સારી રીતે સ્વલ્પ સમયમાં સંપાદન કરી હતી. લોકાતિપ્રિય ધાર્મિક ગાંધર્વ શાસ્ત્રમાં પણ વિશારદતા મેળવી હતી. એમની કવન શક્તિતો સંસ્કૃત, ગુર્જર,

વ્રજભાષા આદિકમાં અનુપમ હોઈને 'कविनामुशनाः कविः' એમ વિભૂતિ તરીકે માનેલા શુક્રાચાર્યને પણ વિસ્મય પમાડનારી હતી. નાડી પરીક્ષણ વિગેરે વૈદ્યવિદ્યામાં પણ નૈપુણ્ય હતું. લોકમાં કરાતી રામકથા જે લોકોને રંજન કરનારી છે અને સરોદામાં રામાયણ (તુલસીકૃત) ગાવામાં પણ પરમ પ્રવીણતા ધરાવતા હતા. એમ આ મુકુંદદાસજી બહુવિધ વિદ્યાના નિધિ થયા હતા. વિદ્યા એજ સર્વસ્વ છે

જેમ જેમ વય વધતું ગયું તેમ તેમ વૈરાગ્યમૂર્તિ મુકુંદદાસને પૂર્વાભ્યાસને લીધે માયિક અનર્થરૂપ વિષયોમાં સ્વાભાવિક વિરાગતા કે જે અપરિચ્છિન્ન મુક્તાનંદ મેળવવારૂપ નિઃશ્રેયસમાં ખાસ નિદાન છે તે પ્રતિદિન વૃદ્ધિ પામતી ગઈ અને એમને વિષે રૂઢ દઢ સ્નેહાનુબંધવાળાં હોઈને પ્રિય પુત્રના વિવાહ જોવાની ઉત્કંઠાવાળાં માતાપિતાને તો વૈવાહિક મંગળ સદ્ય સાધવાનો ઉત્સાહ એજ રીતે પ્રતિદિન વૃદ્ધિ પામતો ગયો પુત્રને વૈરાગ્યમાં અને માતાપિતાને વિરોધી વિવાહમાં રસિકતા, એ પરસ્પર વિરૂદ્ધ બાબત હોઈને તેનો કાંઈ મેળ બેસે નહિ, તથાપિ પુત્રની સ્થિતિ પિતાને આધીન હોવાથી અને તેમના ઉત્સાહનો ભંગ કરવા પણ પાર નહિ પામવાથી નહિ ઈચ્છા છતાં મુકુંદદાસનો ગૃહસ્થાશ્રમમાં અવર્જનીય અનુપ્રવેશ આવી પડ્યો. સંકલ્પાનુસારે વિવાહ મંગળ થવાથી માતાપિતાનું અંતર અત્યધિક આનંદપૂર્ણ થયું. અને મુકુંદદાસનું અતંરતો અત્યધિક નિર્વેદપૂર્ણ યથાપૂર્વ રહ્યું. એમ બન્નેના વેગો પૃથક્ પૃથક્ દિશાએ વહેવા લાગ્યા.

ગૃહત્યાગમાં બે કારણ હોય છે - એક તો માતા પિતા પત્નીનો પૂર્ણ પ્રેમ ન હોય અને બીજું ગૃહ સમૃદ્ધિવાળું ન હોય. આ મુકુંદદાસને તો તે બધું જ સંપન્ન હોવા છતાં વૈરાગ્યની તીવ્રતરતાથી ગૃહથકી ચાલી નીકળવાની ઉગ્ર ઈચ્છા થઈ. પરંતુ ગૃહસ્થ બનેલા હોવાથી માતાપિતાના આગ્રહાતિશયને લીધે નીકળવાનો પાર પામ્યા નહિ. નીકળવામાં સમુચિત ઉપાયનો બહુબહુ વિચાર કરતાં તેનો નિશ્ચય નહિ પામતાં, છેવટે માતાપિતા પત્ની આદિક બધા બન્ધુજનો પોતે જ ત્યાગ કરી દે એવો ઉપાય તો 'ઉન્માદ પ્રકટ કરવો એજ એક સમીચીન છે.' એમ અવધારીને કૃત્રિમ ઉન્મત્તદશા ગ્રહણ કરી. આ દશા યોગ્ય હોઈને બ્રહ્મજ્ઞાનમાં ઉપયોગી છે. 'तस्माद् ब्राह्मणः पाण्डित्यं निर्विद्य बाल्येन तिष्ठासेत्, पाण्डित्यं बाल्यं च निर्विद्याथ मुनिः' ( બૃ. ઉ૦ ) આ શ્રુતિમાં જણાવ્યા મુજબ તથા 'जडोन्मत्तपिशाचवत्' ( ભાગ૦ ૧૧ ) આ અવધૂતચરિત્રમાં વર્ણવ્યા પ્રમાણે તથા 'आत्मानमुन्मत्तजडान्धबधिररूपेण दर्शयामास लोकस्य' ( ભાગ૦ ૫ ) આ જડભરત ચરિતમાં કહ્યા મુજબ પાંડિત્યનો અવિષ્કાર નહિ કરીને મૌન ધારવું, બાળકની પેઠે દંભ માનાદિકે રહિત રહેવું, જ્ઞાતા છતાં જડ ઉન્મત પિશાચની પેઠે જેમ તેમ અસંબદ્ધ અનન્વિત બોલવું ચાલવું, અન્ધની પેઠે ન

જોવું, બધિરની પેઠે ન સાંભળવું વિગેરેરૂપ દશા કે જે બ્રહ્મજ્ઞાનમાં બહુ ઉપયોગી યોગચર્યાતુલ્ય છે તે લોકોમાં જાહેર જણાવવા લાગ્યા. મુંકદદાસને એકદમ અસમયે અકારણ ઉન્માદભાવને પામેલા જોઈ જાણીને તેમને વિષે સ્નેહપાશથી બંધાએલા માતાપિતાએ તેના નિવારણના બહુબહુ ઉપાયો કરવા છતાં પણ તેનો પાર નહિ પામવાથી અને સારાય લોકમાં પોતાનું બહુ અપવાદભર્યુ અપમાન થવા લાગવાથી છેવટે થાકીને મુકુંદદાસનો માતાપિતા પત્ની આદિક બન્ધુજનોએ ત્યાગ કરી દીધો. પરિણામે ઘરમાંથી કાઢી મુક્યા. જે અવસરને પોતે અંતરથી અભિલષતા હતા તેની વિના પ્રયત્ને પ્રાપ્તિ મુકુંદકૃપાથી થઈ જાણીને મનમાં મહા આનંદ પામીને ગૃહ થકી ચાલી નીકળ્યા. એમ મુકુંદદાસની ગૃહાવસ્થા પુરી થઈ.

નૈષ્ઠિક અકામવ્રત કે જે બ્રહ્મપ્રાપ્તિના હેતુભૂત સમગ્ર સાધનોમાં મુખ્યતમ હોઈને જેનો મોટો મહિમા વચનામૃત મધ્ય ૩૩ માં શ્રીમુખે કહ્યા મુજબ 'तद्य एवैतं ब्रह्मलोकं ब्रह्मचर्येणानुविन्दन्ति' (छां. उ.) 'यदिदं ब्रह्मणो रूपं ब्रह्मचर्यमिति स्थितम् । परं तत्सर्वधर्मेभ्यस्तेन याति परां गतिम्' (भार० मो०) 'यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति' (गीता) ઈત્યાદિ શાસ્ત્રવચનોથી અને સનકાદિકો ભીષ્મપિતા આદિક નૈષ્ઠિક વ્રતધારી પ્રાચીન શિષ્ટોના સદાચારથી અને આધુનિક સદ્‌ગુરુ સંતોના સમાગમથી પણ સમઝી વિચારીને, તેને સિદ્ધ કરવાની તીવ્ર વાંછાથી તેના સાધનમાં ઉપયુક્ત પ્રભાવશાળી સદ્‌ગુરુવરની શોધ કરતાં, કોઈ આપ્તતમે "તેવા સાધુવર્ય દ્વારકાદાસ નામના (વેરાગી) ધાંગધ્રા નગરમાં છે" એમ જણાવવાથી તેમની સમીપે સત્વર સીધાવ્યા. તેમનો શિષ્યભાવ સ્વીકારી સેવાપરાયણ થતાં પોતાની ઉપર ગુરુની પ્રસન્નતા જાણીને અવસરે પોતાનો સંકલ્પ જે નિષ્કામ મહાવ્રતની સિદ્ધિરૂપ હતો તે નમ્ર ભાવથી નિવેદન કર્યો. પોતામાં તેવું સામર્થ્ય નથી એમ સ્વયં સમઝીને તેણે પોતાથકી કાંઈ અધિક પ્રભાવશાળી મહાત્મા તરીકે પ્રખ્યાતિ પામેલા વાંકાનેરવાસી કલ્યાણદાસ (વેરાગી)ના આશ્રયનો આદેશ આપ્યો. તત્ક્ષણ દ્વારકાદાસની અનુજ્ઞા લઈને ત્યાંથી મુકુંદદાસજી વાંકાનેર આવીને નિર્દેશ કરેલા મહાત્માને પામીને તેમનો શિષ્યભાવ સ્વીકારીને તેમની અનુવૃત્તિ મુજબ સેવામાં તત્પર થઈ રહ્યા. સેવાથી સંતુષ્ટ થએલા સદ્‌ગુરુ સમીપે પોતાનો આશય કહેતા કલ્યાણદાસે પણ મુકુંદદાસના અભિલષિતની સિદ્ધિમાં પોતાનું અસામર્થ્ય અવધારીને, એકાંતમાં ખરી વાત ઉઘાડી કરી દીધી કે - મન વચન અને કર્મથી સર્વ અવસ્થામાં સદા સર્વત્ર મૈથુનના ત્યાગને બ્રહ્મચર્ય કહે છે. આવું વ્રતતો અત્યંત દુષ્કર છે. માટેજ 'दीर्घकालं ब्रह्मचर्यं' આ વચનથી કલિયુગમાં તેને મહર્ષિઓએ વર્જ્ય ગણ્યું છે. વળી 'तत्सृष्टसृष्टसृष्टेषु....... ऋषिं नारायणमृते' એમ ભાગવતમાં સ્ત્રીરૂપ માયાથી મોહતો એક નારાયણ ઋષિ

વિના બીજા બધાને થયો છે અને થાય છે. (આ બાબત વચનામૃત લોયા ૧૩ માં શ્રીહરિએ કહી છે) ઈત્યાદિ વચનોથી દુઃસાધ્યતા કહીને, પોતાને વીતેલી એક ખાનગી વાત પણ કહી દીધી કે- “ચાલીશ વર્ષ ઉપર કાશીની યાત્રા કરીને પાછા વળતાં ખાત્રોજની ભાગોળે ઉજ્જૈન નગરીનો માર્ગ પુછતાં એક યુવતિએ લાંબો હસ્ત કરીને માર્ગની દિશા દર્શાવી, તે સમયનું તેણીનું લલિત લટકું એંશી વર્ષો થયાં પણ હજી વિસરતું નથી, એવી સ્થિતિ બતાવીને એ વસ્તુ મોટા યોગિઓને પણ દુર્લભ છે એમ ચોકખું કહી દીધું. એમ છતાં મુકુંદદાસની અડગ શ્રદ્ધા જાણીને કલ્યાણદાસે “મારા થકી અધિક પ્રતાપશાલી તુલસીદાસ નામના મહાત્મા સાધુ સરધારમાં રહે છે તેમને સેવાથી રાજી કરો, તેમના પ્રભાવથી અભીષ્ટ નિષ્કામ વ્રતની સિદ્ધિ થશે’ એવો પ્રતિબોધ આપ્યો. તે પછી કલ્યાણદાસની આજ્ઞા માગીને ત્યાંથી ચાલી નિકળેલા મુકુંદદાસજી સરધારને પામીને તુલસીદાસનો ગુરુભાવથી સમાશ્રય કરીને, તેમની સદાચરણ વૈરાગ્યાદિ સાચી સાધુવૃત્તિ જોઈને અંતરમાં અતિ તુષ્ટ થઈને ભક્તિથી તેમની સેવાપરાયણ થઈને તેમની પાસે આશાબદ્ધ થઈને સુખેથી રહ્યા. તુલસીદાસને મુકુંદદાસની અનુપમ રૂપસંપત્તિ તથા જ્ઞાનાદિ આત્મગુણસંપત્તિ જોઈને તેમને વિષે પરમ પ્રીતિ પ્રગટ થઈ. મુકુંદદાસને પણ તુલસીદાસ વિષે તેમના પવિત્ર વેરાગ્યાદિ ગુણોને જોઈને પરમ ભક્તિભાવ પ્રગટ થયો. એમ કેટલાક દિવસો પરસ્પર પ્રીતિથી વ્યતીત થતાં પરિણામે સુપ્રસન્ન તુલસીદાસે મુકુંદદાસને પોતાના શિષ્યોમાં મુખ્ય પદે સ્થાપન કર્યા (મહંત બનાવ્યા) એમ બધાં સારાં વાનાં થયાં પણ પોતાનું જે ખાસ અભીષ્ટ હતુ તેની સિદ્ધિ તો દૂર જ રહી.

એમ કેટલોક સમય સુસંપથી વીતતાં, શિષ્યજનો ઉપર અનુગ્રહ કરવા માટે સરધાર પુર પ્રત્યે સમંડળ પધારેલા સદ્‌ગુરુવર્ય શ્રીરામાનંદસ્વામી સદુપદેશાદિ વડે સજ્જનોના હૃદયને પોતાનાવિષે આકર્ષણ કરતા થકા તે પુરમાં કેટલાક માસ આવી રહ્યા હતા આ મુકુંદદાસ પણ તે તે અવસરે રામાનંદસ્વામી થકી સદુપદેશના શ્રવણથી તેમને વિષે ભક્તિમાન થઈને તેમના પ્રસાદથી આવિર્ભવેલા તેમના દિવ્ય તેજથી આકર્ષિત અંતરંગવાળા થઈને તેમને આધીન અંતરાત્માવાળા થયા. રામાનંદમુનિનો પ્રસંગ અને તેમને વિષે મુકુંદદાસે કરાતા સ્વામિ-પ્રસંગને અટકાવવા આગ્રહગ્રસ્ત થયા. તથાપિ યદા તદા અવસરને સંપાદીને રહસ્ય રીતિએ સ્વામિસમાગમને કરતા મુકુંદદાસે અવસર મળતાં પોતાનો આશય ભક્તિભાવથી જણાવ્યો. સ્વામીશ્રી પોતા પાસે રહેવાની મુકુંદદાસની તીવ્રતાને જાણે છે તથાપિ ‘પારકા શિષ્યને સમઝાવીને પડાવી લે છે’ એવા લોકાપવાદ ભયથી અને તુલસીદાસ પણ કાંઈ ઉપાધિ કરશે એમ જાણીને તત્કાળ પોતા પાસે રહેવાનો પ્રતિષેધ કર્યો. એમ થતાં અંતરમાં અતિખેદને

પામેલા મુકુંદદાસ તત્ક્ષણ ભગ્નમનોરથ થયા. તથાપિ શ્રીસ્વામિની ચરણારવિંદની સેવાની સમુત્કંઠા તો ઉત્કટ પ્રવૃદ્ધિ પામતી ગઈ. પરંતુ તેનો અવસર પામ્યા નહિ. તે પછી સ્વામીશ્રી તો બીજે ગામે ગયા. એટલે મુકુંદદાસને તો શ્રી સ્વામિના સમાગમનો ત્વરાવેગ વૃદ્ધિગત થવાથી ગુરુ તુલસીદાસ થકી જે કોઈ પણ ઉપાયે છુટા થવાના દૃઢ વિચાર પર આવ્યા. જો કૃત ગુરુનો યોગ્ય કારણ વિના પોતે જ ત્યાગ કરી દે તો લોકાપવાદનો પ્રસંગ આવે એવા ભયથી ગુરુજ પોતે ત્યાગ કરી દે એવો કોઈ સમીચીન ઉપાય વિચારતાં 'લોભગ્રસ્ત માટે આજ ઉપાય ઉત્તમ છે' એમ અવધારીને ગુરુસ્થાપિત સદાવ્રતમાં યાત્રાળુ સાધુ વિગેરેને નિયમિત અપાતી વસ્તુઓમાં ઉદારતા વધારતા ગયા. (જેમ તેમ ભેલાડ કરવાલાગ્યા) એ રીતે સદાવ્રતમાં ચાલતી ઉદારવૃત્તિને રોકવા માટે અસમર્થ અતિકૃપણ તુલસીદાસે 'मम दास्यतिको भिक्षां त्वत्पाणिक्षीणसंपदः' એ અભિયુક્તિમાં કહ્યા મુજબ 'ધનધાન્યાદિકનો વ્યય થઈ જશે તો શેમાંથી આગળ ઉપર નિર્વાહ કરીશ' એવી તીવ્ર ચિંતા થવાથી પ્રીતિપાત્ર મુખ્ય શિષ્ય હોવા છતાં પોતાની શિષ્ય મંડળી થકી મુકુંદદાસને બહિષ્કૃત કર્યા. એટલે પ્રથમ બંધાએલા હોવાથી લેખિત રજા ચીઠી ગુરુપાસે મુકુંદદાસે લખાવી લીધી.

ગુરુ તુલસીદાસે પોતાનો ત્યાગ કર્યો તેને 'આતો મારો મહાન્ ઉદય થયો' એમ માનતા આનંદથી પૂર્ણ અંતઃકરણવાળા મુકુંદદાસે તત્કાળજ સરધારથી સત્વર નીકળીને બંધીયાગામમાં શ્રીરામાનંદસ્વામીના પાદપદ્મની પાસે જઈને દંડવત્પ્રણામ કરીને શ્રીસ્વામીને આત્મનિવેદન કર્યું. અને પ્રથમ સંકેત મુજબની તુલસીદાસે લખી આપેલી રજાચીઠી રજુ કરી અને પોતાના શિષ્ય તરીકે સ્વીકારવાની અભ્યર્થના કરી. શ્રીસ્વામીએ પણ પરીક્ષા કર્યા વિના શિષ્યના ગ્રહણમાં 'આ ગુરુ તો કેવળ શિષ્યસંગ્રહ પરાયણ છે' એવો લોકો અપવાદ પાછળથી આપે છે એમ વિચારીને અને વધુમાં શાસ્ત્રાર્થને પણ અનુસ્મરીને પરીક્ષાર્થે કોઈ પોતાના ભક્તવર મુળુભાઈ નામના ગરાશીયાને ત્યાં કનિષ્ઠ મહેનતપૂર્ણ ખેતીના કામમાં નિયોજ્યા. નિયોજેલા મુકુંદદાસ અનુચિત છતાં સ્વામીના ચરણારવિંદની સાક્ષાત્ સેવાને જ જેમ એમ સ્વામીએ નિર્દેશેલા ખેતીકામને ચિત્તમાં જરા જેટલો વિચાર નહિ પામીને નિરભિમાન પણે ઉત્સાહભર કરવા લાગ્યા. અનંતર અનુપમ સાધુભાવથી અને ભક્તિભરથી અત્યંત પ્રસન્ન થએલા સદ્‌ગુરુવર્ય રામાનંદસ્વામીએ મુકુંદદાસને પોતાની સેવામાં શિષ્યભાવથી સ્વીકારીને બંધીયા નામના ગામમાં પારમૈકાંતિક પરમહંસદીક્ષા આપીને તેના અંગભૂત 'મુક્તાનંદ એવું સાર્થક નામ આપીને કૃતાર્થ કરી દીધા આ રીતે 'यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ । तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥' આ શ્રુતિમાં કહ્યા મુજબ ગુરુકૃપાના પાત્રભૂત થએલા આ પરમહંસ મુક્તાનંદમુનિ સ્વલ્પ

સમયમાં જેને માટે જ્યાં ત્યાં પર્યટનપ્રયાસ પારાવાર કરી રહ્યા હતા એવા (જેનો મહિમા શ્રીમુખે મધ્ય ૩૩ માં કહ્યો છે.) અભીષ્ટ નિષ્કામ નૈષ્ઠિક વ્રતની સિદ્ધિને પામ્યા અને સાધુતાના સમસ્ત જ્ઞાન વૈરાગ્યાદિ ગુણગણો વડે સુશોભિત થયા અને તેને પરિણામે સ્વામીશિષ્યોમાં પ્રમુખતા તથા પરમ પ્રખ્યાતિને પામ્યા. આ રીતે પ્રથમની મુકુંદદાસ દશાને અતિક્રમીને બીજી મુક્તાનંદ મહાદશાને પામ્યા. આ ઈતિહાસથી જાણવું કે જેને જે જાતનો ઈશક હોય તેને તે સાધ્યા વિના વિરામ પામતો નથી. આ બાબત વચ. કા. ૧૦ માં શ્રીમુખે "જેને જે જાતનો ઈશક હોય ને તેને વચ્ચમાં હજારો અંતરાય આવે તોપણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ ત્યારે તેનો સાચો ઈશક જાણવો" આવા શબ્દોથી જણાવી છે.

સદ્‌ગુરુ સ્વામીશ્રીની સર્વવિધ સેવામાં સમુદ્યત મુક્તાનંદ મહામુનિએ મુખ્યસ્થાન લોજમાં તથા તેને ફરતાં બહુ ગામોમાં પોતાના શુદ્ધ સાધુ ચારિત્ર્યથી અને વિદ્વતાપૂર્ણ મધુર અસરકારક સદુપદેશોથી અને ગાયન, રામકથા, વિગેરે લોકરંજક સદ્‌ગુણોથી અને યાત્રાળુ અતિથિ આદિકની સતી સંભાવનાથી આસ્તિક લોકોને સત્સંગનો રંગ અટળ લગાડ્યો હતો. એથી આશ્રમની અતિ ચઢતી અને શ્રીસ્વામીનું પણ ગૌરવ બહુ વધી ગયું હતુ. અને ત્યાગી ગૃહી શિષ્યસંપત્તિ પણ વધતી જતી હતી. આ સઘળો અનુભાવ મુક્તમુનિની અગ્રેસરતાનો હતો.

એક સમયે શ્રીસ્વામીના મનમાં એમ લાગ્યું કે સંપ્રદાયને સદ્વિદ્યાની અત્યાવશ્યકતા છે. પછી મુક્તાનંદ તથા દેવાનંદ મુનિવરોને સંસ્કૃતનો અધિક અભ્યાસ કરવા ભુજ (કચ્છ) મોકલ્યા. ત્યાં એક ધર્મશાળામાં ઉતર્યા પણ લોકોની અવર જવરને વિદ્યાવિઘ્ન વિચારીને ગામમાં શિલ્પિવર્ય સુંદરજી તથા હીરજીનાં માતુશ્રીને ત્યાં ભિક્ષા માગવાના પ્રસંગે જતાં એકાંત ઉતારાની માંગણી કરી. વિદ્યાર્થીને જોઈતી સહાય આપવામાં બહુ પુણ્ય જાણીને એક ઓરડી ખાલી કરાવી આપી. તેમાં રહેતાં ભૂતોએ રાત્રિએ પીપળા નીચે પાઠ વાંચતા મુક્ત મુનિને પુછયું કે તમો કોણ છો ? પછી મુનિએ 'भूतानि विष्णोः' અમે વિષ્ણુનાં ભૂતો છીએ' એવો ઉત્તર આપીને તેઓને કૃપાવશાત્ વર્તમાન ધરાવીને બદરિકાશ્રમમાં મોકલી દીધાં. પછી સુખેથી રહેલા મુનિઓએ સુંદરજી હીરજી ગંગામલ્લ વિગેરેને સારોપદેશ આપતાં સારા સત્સંગી થયા. સુંદરજીએ મુનિના અધ્યાપક શાસ્ત્રીને ભલામણ કરવાથી બે વખત પાઠ આપતા હતા. એમ વ્યવસ્થા થવાથી થોડા વખતમાં વિદ્યાભ્યાસની પૂર્તિ થઈ એટલે ભુજના સત્સંગીઓને લઈને લોજ આવ્યા. આવેલા સત્સંગીઓ શ્રીસ્વામીને બહુ આગ્રહથી ભુજ તેડી ગયા. એમ ભુજમાં સત્સંગનો વધારો થવાથી પ્રત્યેક વર્ષમાં શ્રીસ્વામીની ભુજમાં પધરામણી થતી. આ રીતે ભુજમાં સત્સંગનો રંગ પ્રાથમિક

લગાડનારા મુક્ત મુનિ મુખ્ય હતા. એમના બન્નેના આશીષની અનુવૃત્તિથી તે રંગ અદ્યાપિ ચઢતો જ જાય છે પણ મંદ પડતો નથી એ દેખીતી વાત છે.

**મુક્તાનંદ મુનિવર્યને વર્ણિવર્ય શ્રીહરિનો મેળાપ -**

વર્ણિવેષ વિરાજમાન ભગવાન્ શ્રીહરિ સાત વર્ષ અને ઉપર એક માસ તીવ્ર તપની સાથે વનવિચરણ કરીને સં. ૧૮૫૬ ના શ્રાવણ વદી ૬ ના સંગવ સમયે લોજપુરની વાવ્ય ઉપર વિરાજમાન થતાં, લોજમાં રહેતા પચાસ શ્રીસ્વામીશિષ્યો પૈકી સુખાનંદ નામના સાધુ કે જે ત્યાં સ્નાનાર્થે આવી રહ્યા હતા તેમણે અલૌકિક તપોમૂર્તિ વર્ણિવર્યને અવલોકીને નમસ્કાર કરીને આશ્ચર્યચકિત થઈને પુછયું કે - તમો ક્યાંથી આવો છો ? અને ક્યાં જવાના છો ? એટલે નીલકંઠ વર્ણીએ ઉત્તર આપ્યો કે - મેં જવા સારૂં નિર્ધારિલો કોઈ દેશ નથી. ઉત્તર કોસલ દેશ થકી તીર્થાટન કરતો થકો યદચ્છાથી અહીં આવ્યો છું. તમો સાધુ કેના શિષ્ય છો ? આ રીતના વર્ણિ વચનામૃતથી સુખાનંદ પામેલા સાધુએ કહ્યું કે - આ દેશમાં પ્રભાવપ્રકર્ષને લીધે ઈશ્વરાવતાર તરીકે પ્રસિદ્ધિને પામેલા શ્રીરામાનંદસ્વામિના હજારો શિષ્યો ત્યાગી ગૃહસ્થો વર્તે છે. ત્યાગિ-શિષ્યોમાં અગ્રણી એવા મુક્તાનંદજી હું આદિક પચાસ સાધુઓ સાથે અહીં રહે છે. તેમનો અનુયાયી હું આ વાવ્યમાં સ્નાન કરવા આવતાં તપોનિધિ યોગિદશ્ય તમોને ભાળીને દર્શાનાર્થે પાસે આવ્યો છું. અમારા મોટા ગુરુભાઈ મુક્તાનંદજી છે તે પણ યોગના પારને પામ્યા છે અને મહાતપસ્વી હોઈને પણ કૃષ્ણભક્ત છે. તેઓ તે સર્વના અગ્રગણ્ય આપ જેવાનાં દર્શનની બહુ સ્પૃહા રાખે છે. તેવા મહાત્માઓની સેવા કરવા જ ગુરુની આજ્ઞાથી અમારી સાથે રહે છે. તેઓ સર્વ દેહધારિઓએ દર્શનીય છે. મહાતપસ્વી આપશ્રીએ પણ તેમને દર્શન દેવું યોગ્ય છે. જો તમો ગામમાં જનસમાજનો ભય રાખીને નહિ આવો તો અહીં જાતે અવશ્ય આવશે. આ રીતનો સુખાલાપ સાંભળીને ‘મુક્તાનંદ જેવાયોગિરાજનાં દર્શનતો તીર્થયાત્રાના પરમ ફલરૂપ છે.’ એમ જાણીને વર્ણીન્દ્ર બોલ્યા કે - નિષ્પ્રયોજન હું તપઃપ્રિય હોવાથી તેમાં વિઘ્નરૂપ ગામ કે પુરમાં પ્રવેશતો નથી. વનવાસમાં પણ નિત્ય નવા નવા વૃક્ષમૂળમાં નિવાસ કરતા આવીએ છીએ. તથાપિ તેવા યોગીન્દ્રનાં દર્શનતો તમામ તીર્થો અને તપના મહાફલરૂપ જાણતો હોવાથી તેમને દર્શને હુંજ આવીશ. એમ કહીને તત્ક્ષણ સુખાનંદ સાથે આશ્રમમાં આવ્યા.

દૂરથી આવતા જોઈને મુક્તાનંદાદિ સમસ્ત સાધુઓ સન્મુખ ઉઠીને નમસ્કાર કરતાં વર્ણીએ પણ નમસ્કાર કર્યો. મન નેત્રને અત્યંત આનંદ આપતા તપોદીપ્ત શાંતમૂર્તિ વર્ણીન્દ્રને વિલોકીને બહુ વિસ્મય પામેલા સાધુઓએ વર્ણિરાજના સ્વરૂપવિષે બહુવિધ તર્કો કરતાં અંતે ‘ આ કોઈ દેવતા છે’ એમ માનીને સ્વાગતાદિ પુછીને ઉચિત

આતિથ્ય કર્યું વર્ણિરાજ પણ સાધુઓને દોષનિધિ કલિકાલમાં પણ જીતેન્દ્રિય સુશીલ જાણીને 'સમાગમ કરવા લાયક છે' એમ માનીને, તેમાં મુક્ત મુનિને મુખ્ય જાણીને વિદ્યાપરીક્ષાર્થે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરંબ્રહ્મ આ પાંચ ભેદોનાં સ્વરૂપબોધક લક્ષણો પુછતાં, તેના યથાશાસ્ત્ર ઉત્તરો (સ-પ્ર-૧-અ-૩૪-શ્લો. ૨૭ થી ૩૭ સુધીમાં જણાવ્યા મુજબના) આપીને બોલ્યા કે - મેં યથામતિ ગુરુમુખ થકી સાંભળ્યા મુજબ ઉત્તરો આપ્યા છે, એનું વિસ્તારથી વિવેચન તો અમારા ગુરુશ્રી જાણે છે, કારણ કે તેમને તો પરમાત્માદિ સર્વેનાં સ્વરૂપનો સાક્ષાત્કાર સદા વર્તે છે. અને મુમુક્ષુઓને તેમનાં સ્વરૂપ સ્વપ્રભાવથી પ્રદર્શાવવા પૂર્વક તેનો અવબોધ આપે છે. આ રીતે કહીને મુનીન્દ્ર મૌન થઈ ગયા. અને વર્ણીન્દ્ર પણ નિરભિમાન પણે આપેલા ઉત્તરોને સાંભળીને સુપ્રસન્ન થયા. મુક્ત મુનિને નિષ્કપટ હૃદયવાળા અને સરલ સ્વભાવવાળા નિરભિમાન નિશ્ચય કરીને તેમના વચનને બહુ માન આપતા થકા બોલ્યા કે - હે મહામુને ! તમોએ મારા પ્રશ્નોના પ્રત્યુત્તરો આપ્યા તે યથાર્થ અને અસંદિગ્ધાર્થ છે. મેં પૂર્વે વિદ્વદ્વર્ય તરીકેને વિખ્યાતિને પામેલા બહુ જનોને જીવાદિકનાં સ્વરૂપો સાદર પુછેલાં, પણ કોઈએ તમારા જેવો યથાસ્થિત ઉત્તર આપ્યો નહિ. તમો 'कृपालुरकृतद्रोहः' ઈત્યાદિ સચ્છાસ્ત્રોમાં કહ્યા મુજબનાં સર્વ લક્ષણોએ સંપૂર્ણ મહાસાધુઓ છો. એવા તમારા દર્શનથી આજ મને મહાન આનંદ થયો છે. અનંતર મુનિવર બોલ્યા કે - હે યોગિવર મેં પણ લોકમાં પ્રસિદ્ધ બહુ તપસ્વિઓ દેખ્યા છે, પણ આપના જેવો તો એકપણ અદ્યાપિ દેખ્યો નથી તેમજ આવો પ્રશ્ન પુછવા કે તેનો યથાસ્થિત ઉત્તર આપવા કે જાણવા પણ કોઈ સમર્થ એકપણ પેખ્યો નથી. જેથી તમારી બુદ્ધિ સર્વોપરી વર્તે છે. અનંતર નીલકંઠ વર્ણી સમસ્ત સાધુઓને સર્વ સદ્ગુણ-સંપન્ન અને તેથી સહવાસને સમુચિત સમઝીને તે સાધુઓએ ભાવથી યથોચિત સેવા કર્યા થકા સુખેથી ત્યાં નિવાસ કરીને રહ્યા.

એક દિવસે વર્ણિવર્યની સર્વ સમયમાં ઈષ્ટદેવના ધ્યાનમાં નેત્રની નિશ્ચળતા નિહાળીને મુનિવર્ય બોલ્યા કે - તમારા ચિત્તની એકાગ્રતાને સૂચવનારી દષ્ટિસ્થિરતા વર્તે છે, તો તમો સ્વેષ્ટદેવ તરીકે માનેલા કયા દેવનું ધ્યાન કરો છો ? આ પ્રશ્નનો પ્રતિઉત્તર વર્ણીન્દ્રે આપ્યો કે જે શ્રીરાધિકેશ ભગવાન્ સર્વેશ્વર છે એ જ સર્વશાસ્ત્રસંમત દેવાધિદેવ અવતારી શ્રીકૃષ્ણ પરંબ્રહ્મ મારા ઈષ્ટ છે. તેમનું હું નિત્ય ધ્યાન પૂજન અને નામકીર્તન કર્યા કરૂં છું. આ કુટિલ કળિમાં સંસરતા દુઃખી જીવોને કૃષ્ણ વિના બીજી કોઈ પરમા ગતિ નથી. આવું વર્ણિવરનું અમૃતમધુર વચન સુણીને મુનિવર બોલ્યા કે - અમે પણ સર્વે શ્રીકૃષ્ણનું ભજન કીર્તન કરીએ છીએ. અને ગુરુકૃપાથી તે શ્રીકૃષ્ણને હૃદયમાં પણ પત્યક્ષ જોઈએ છીએ. અમારા જે ગુરુવર રામાનંદજી છે તે

ઉદ્ધવજીનો અવતાર છે. ભાગવતોત્તમ તેમને શ્રીકૃષ્ણ ભગવાને પોતા થકી અણુ પણ ન્યૂન નહિ માનીને ગુરુપદ અર્પેલું છે. તેમના આશ્રયે રહીને અમો શ્રીકૃષ્ણને ભજીએ છીએ. આવું મુનિરાજનું ઉપાસ્ય ઈષ્ટદેવ બાબતમાં મળતું વચન સાંભળતાં વર્ણિરાજને ''અમારા ગુરુશ્રી રામાનંદજી છે અને તે સૌરાષ્ટ્ર દેશમાં રહે છે'' એમ પિતા ધર્મદેવે પોતાને ખાસ કહેલા વચનની સ્મૃતિ થઈ આવી. પૂર્વનો ગુરુસંબન્ધ જાણતાં અતિ પ્રસન્ન વર્ણીન્દ્ર વળી બોલ્યા કે હવે મને પણ તમારોજ અનુયાયી ગણીને હિતાનુશાસન કરો અને તે ગુરુવરનાં દર્શન શીઘ્ર થાય એવી વ્યવસ્થા કરો. એમ કહીને પછી પોતાનું જન્માદિ વૃત્તાંત સંક્ષિપ્ત કહ્યું. પછી મુનીદ્ર બોલ્યા કે - પ્રવર નરજન્મની સફળતાને સાધવા તમો બહુ ધન્યભાગી છો. અમારા સદ્‌ગુરુ હાલમાં ભુજનગર વિરાજે છે. તેઓ બે ત્રણ માસે અવશ્ય અહીં આવશે. એમનાં દર્શનની ઉત્કંઠા હોય તો મારા વચનમાં વિશ્વાસ લાવીને સુખેથી અહીં રહો. અમે શ્રીસ્વામીના જે શિષ્યો અહીં રહ્યા છે તેમના થકી તમારે વિષે કાંઈ અંતર (જુદાઈ) રાખીશું નહિ. આવું મુક્ત મુનિનું મધુર આશ્વાસન વચન સાંભળીને સુખશાંતિથી સ્થિર થઈ રહેલા વર્ણીન્દ્ર વળી સ્વામીશ્રી નહિ આવવાથી ચિંતાગ્રસ્ત થઈને ભુજનગર જવાની તીવ્ર વાંછાથી સદગ્રગણ્ય મુક્તમુનિ પ્રત્યે પ્રણામ કરીને બોલ્યા કે - સ્વામીશ્રી કેમ આવ્યા નહિ ? કહેલી મર્યાદા પણ હવે વીતિ ગઈ. હવે સ્વામી પાસે જવાની મને રજા આપો. આવું વચન સાંભળીને બુદ્ધિમાન મુક્તમુનિ બોલ્યા કે - 'અમારા ગુરુજી વૈશાખ કૃષ્ણ પક્ષમાં અવશ્ય આવશે' એમ કહીને જવાનો નિષેધ કર્યો.

વળી ચિંતાવ્યગ્રને વધુ આશ્વાસન આપવું જોઈએ એમ જાણીને વળી મુનીન્દ્ર બોલ્યા કે - આપના સદ્‌વૃત્તાંતની એક પત્રિકા હું સ્વામીશ્રી પ્રત્યે લખું છું, તો મનમાં ખેદ કરો નહિ. તેનો પ્રતિઉત્તર આવ્યા પછી જવાનો વિચાર કરવો યોગ્ય છે. હાલમાં જવાની ત્વરા કરવી સારી નથી. આ રીતે મુનિવરે સમયોચિત સત્ય આશ્વાસન આપેલા વર્ણિવર સુખેથી સ્વસ્થ થઈને રહ્યા અને મુનિએ વર્ણિવૃત્તાંતની સવિસ્તર પત્રિકા લખી (તેનો પ્રકાર સ. પ્ર-૧ અ. ૫૩ શ્લો. ૧૫ થી ૪૦ સુધીમાં જણાવ્યો છે. ભક્તચિંતામણી પ્રકરણ ૪૧માં એનું વિવેચન વર્તે છે.) પત્રિકા પૂર્ણ લખી રહ્યા પછી મહામુનિએ મહાવર્ણિને પ્રહર્ષથી કહ્યું કે તમો પણ એક પત્રિકા સ્વામીશ્રી પ્રત્યે લખો. તમારી પત્રી વાંચીને તો સ્વામીશ્રી ઝટ આવશે. પછી બુદ્ધિશાળી વર્ણીએ પોતાના હૃદ્‌ગત ભાવને પ્રદર્શાવનારી એક પત્રી લખી. (તેનો પ્રકાર અ. ૫૪ શ્લો. ૨ થી ૩૮ સુધીમાં વર્ણવ્યો છે. ભક્તચિંતામણીના પ્ર. ૪૨ માં તેનું વિવરણ છે.) તે પત્રી મુક્ત મુનિને આપતાં તેમણે બન્ને પત્રો એક કવરમાં બીડીને ઉપર ગુરુનું શિરનામ લખીને મયારામભટ્ટને આપીને તેમને ભુજનગર મોકલ્યા. સાતમે દિવસે સત્વર ભુજ

પહોંચેલા ભટ્ટજીએ ગુરુશ્રીને પત્ર આપતાં તેને વાંચીને બહુ પ્રસન્ન થએલા ગુરુવરે વર્ણિવરને આશ્વાસના આપવા બન્ને પત્રના ઉત્તરગર્ભિત એક પત્રિકા મુક્તાનંદમુનિ પ્રત્યે લખી (તેમાં મુનિના પત્રના પ્રત્યુત્તરનો પ્રકાર અ. ૫૫ શ્લો. ૫ થી ૨૯ સુધીમાં અને વર્ણિના પત્રના પ્રત્યુત્તરનો પ્રકાર શ્લો. ૩૧ થી ૪૪ સુધીમાં વર્ણવ્યો છે. ભક્તચિંતામણી પ્રકરણ ૪૩ માં તેનું વર્ણન છે.) સ્વામીજીએ બન્ને પત્રિકાને ભેગી એક કવરમાં બીડીને વિપ્રવર મયારામના હાથમાં આપતાં તે ભટ્ટજી સાતમે દિવસે લોજ આવી પહોંચ્યા. ભટ્ટજીએ અર્પેલો પત્ર ખોલીને મુનિરાજે વર્ણિરાજ સાથે વાંચીને સ્વામીશ્રીના સત્વર પધારવાના શુભ સમાચાર જાણીને પ્રસન્ન થઈને તેમાં કહ્યા મુજબ ઉત્સાહથી વર્તતા થકા સુખેથી મળીને રહ્યા.

પ્રતિક્ષણ પ્રતીક્ષા કર્યા કરતા વર્ણિરાટ્ જ્યેષ્ઠ માસનો અર્ધો અંશ અતીત થતાં પણ સ્વામીશ્રી નહિ આવવાથી અત્યંત આકુળ થતાં લેશપણ સ્વાસ્થ્યને પામ્યા નહિ. અનંતર શ્રીસ્વામી પણ વર્ણિરાટનાં દર્શનની તીવ્ર ત્વરાથી આકર્ષાઈને ભુજનગરથી નીકળીને સત્વર પિપલાણા ગ્રામે પધારીને મુક્તાનંદાદિકને બોલાવા માટે એક દૂત દ્વિજને સત્વર લોજ મોકલતાં સ્વામીજી પધાર્યાના શુભ સમાચાર સાંભળીને પારાવાર પ્રહર્ષ પામેલા વર્ણીએ મુક્તાનંદાદિકને કહ્યું કે વિના વિલંબે હમાણાંજ ચાલો. પછી વિચાર કરીને ચાલતાં પીપલાણા ગામને પામ્યા. સ્વામીશ્રીનો મેળાપ થતાં વર્ણીન્દ્રને પોતે પાસે પ્રેમથી બેસારીને સ્વાગતાદિ પુછવા લાગ્યા. પછી મુખ્ય મુનિએ વર્ણિનું સમગ્ર વૃત્તાંત અદ્‌ભુત અલૌકિક યથાનુભૂત કહી સંભાળવતાં બહુ રાજી થએલા સ્વામીશ્રીએ વર્ણિવરની અત્યંત પ્રશંસા કરી. તે પછી સર્વનું આતિથ્ય ફળાહારથી કરાવ્યું. પ્રેમરસથી પરિપૂર્ણ નેત્રકમળવાળા અને સુધારસને સ્ત્રવનારી મધુરવાણીવાળા નીલકંઠ વર્ણિરાજ અને રામાનંદ મુનિરાજનો આ પ્રથમ મેળાપ સર્વજનદર્શનીય વિસ્મરણીય પ્રશંસનીય થયો હતો.

એ પછી સ્વામીશ્રી વર્ણિશ્રીને જન્માદિ વૃત્તાંત સવિસ્તર પુછતાં ક્રમથી કહેલા તેને સાંભળીને સુપ્રસન્ન થઈને બોલ્યા કે - તમો તો ખાસ અમારા છો, કેમકે તમારા માતા પિતાએ અમારા થકી ભાગવતી દીક્ષા પ્રયાગક્ષેત્રમાં ગ્રહણ કરી હતી. તમો તો તેમના કરતાં પણ ગુણે કરીને અધિક છો. માતા પિતા ઉપર સ્વામીનો સદનુગ્રહ સાંભળીને એમનેજ ગુરુપણે વરવાના વિનિશ્ચય ઉપર આવેલા વર્ણીશ્રી સુખેથી સ્થિરચિત્ત થઈને સ્વામીશ્રી પાસે રહ્યા. ગુરુવરની સર્વવિધ પરિચર્યાપરાયણ વર્ણિવર્યને સ્વામીશ્રી પંચાંગ મહાદીક્ષા સાંપ્રદાયિકી યથાવિધિ આપે છે, તે પછી સદ્‌ગુરુ સ્વામીશ્રી કેટલાંક ગામોમાં ફરતા ફરતા જેતપુર પધારે છે, વર્ણિવિષે કૃપાળુતા વિગેરે સમગ્ર સાધુગુણો અને જ્ઞાનાદિ ભગવદ્‌ગુણોને સર્વ શિષ્યો કરતાં સમધિક જોઈ

અનુભવીને તેમને પોતાની ધર્મધુર ધામધુમી સાથે સોંપે છે, તે પછી કૃતાર્થ સ્વામીશ્રી ફણેણીમાં શિષ્યમંડળ સાથે આવીને અંતર્ધાન થાય છે, ગુરુસ્થાને વિરાજમાન નારાયણમુનિ તેમનો ઔર્ધ્વદૈહિક વિધિ કરતાં તેમના શિષ્યમંડળને ચૌદમાને દિવસે આમંત્રણપત્રિકાથી ભેગા કરે છે, વિધિને અંતે સભામાં સંરાજીને સર્વ શિષ્યોને સદુપદેશ આપે છે, ઈત્યાદિ બધાજ પ્રકૃષ્ટ પ્રસંગોમાં મુક્તાનંદ મહામુનિનું પ્રામુખ્ય હતું એ ઉઘાડી બાબત છે. એમના અગ્રેસર સ્થાને જ આ બધા વિધિઓ રમ્ય રીતિએ ઉજવાયા હતા. પટ્ટાભિષેક મહોત્સવમાં તો સારાં અંગનાં માણસો રાખવાની ભલી ભલામણ મુક્તમુનિએ પ્રથમજ કરેલી. તેને સાંભળીને 'स्वामी बुद्धि तमारी छे धन्य, तम जेवा डाह्या नहि अन्य । सर्व संतमां मुख्य छो तमे, एवुं अंतरे जाणिए अमे' એમ શ્રીસ્વામીએ પ્રશંસા કરેલી વળી તે ઉત્સવમાં 'पुरपुर थकी संघ श्रेष्ठ आवे, मुनिवर मुक्त हरिकथा सुणावे' એમ આવેલા ત્યાગી ગૃહી સંઘને કથા વાર્તાથી રંજન કરતા હતા. આ બાબત હરિલીલામૃત કળશ ૪ વિશ્રામ ૨૧ માં છે. યાત્રાના અનુક્રમથી આવેલા ભગવાન્ શ્રીનીલકંઠ વર્ણીનો લોજની જગ્યામાં પ્રથમ પ્રવેશ થયો, શ્રીરામાનંદ સ્વામીનાં દર્શનની તીવ્ર ત્વરા થઈ, વૈરાગ્યવેગી વર્ણિને પરમહંસમંડળમાં રહી જવાની પ્રાથમિક રુચિ થઈ, ગુણનિધિ બાળ વર્ણિશ્રીનો પટ્ટાભિષેક ગુરુહસ્તક ધામધુમથી થયો, આ બધા શુભ વિધિઓ મુક્તાનંદ મહામુનિના સાધુગુણોને આભારી છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. (અગ્રેસર સારા હોય તો બધાં સારાં વાનાં થાય) મુક્તાનંદજી પોતે સમગ્ર સાધુ ગુણે સંપન્ન હોઈને પૂજ્ય મહંત પદે ગુરુશ્રીએજ સ્થાપ્યા હતા, વળી વયોવૃદ્ધ ગુણવૃદ્ધ હોઈને ગુરુની ગાદીને સર્વથા યોગ્ય હતા, (ગાદી તો ત્યાગીવર્ગની હતી) છતાં બીજાઓની પેઠે ઈર્ષ્યા મત્સર માન આદિક દોષોને અલ્પ પણ સ્થાન નહિ આપીને, પોતા આગળ એક નાના બાળક જેવા જણાતા સહજાનંદસ્વામીની ગાદી માટેની યોગ્યતામાં પ્રસન્ન થઈને સહમત થયા એ સાધારણ બાબત ન હતી. બહુ આંટી ઘુંટીની અટપટી બાબત હતી. એજ સમયમાં બીજા રઘુનાથદાસ વિગેરેએ ગાદી સ્થાન માટે અનવધિ ઉપાધિ કરી હતી, પરંતુ મુક્તમુનિતો મુક્તોના જ ગુણોને વરેલા હોવાથી એમની આગળ કોઈ માન મત્સરાદિ દોષો આવી શક્યા જ નહિ. આ એક મહાન્ કસોટિ મુક્તાનંદમુનિ માટે હતી પરંતુ મુક્તાનંદ ભાવથી તેને ઉલ્લંઘી ગયા હતા.

**મુક્તાનંદ મુનીન્દ્ર અને વર્ણીન્દ્ર વચ્ચેના કેટલાક જાણવા જેવા પ્રસંગો -**

લોજ આશ્રમમાં સુખાનંદના સુખસમાગમથી પ્રાથમિક પ્રવેશને પામીને સ્થિર ચિત્તથી રહેલા વૈરાગ્યમૂર્તિ વર્ણીન્દ્રને મહંતપદે રાજમાન મુનીન્દ્રે કહ્યું કે-તમો હવે અમો ત્યાગી સાધુઓ સાથે રહ્યા છો, જેથી અમને જેવી ગુરુશ્રીની આજ્ઞા છે તે

મુજબનો વેશ રાખવો પડશે. પછીથી સરલ સ્વભાવવાળા વર્ણીન્દ્ર તથાસ્તુ કહેતાં મુક્ત મુનિએ મસ્તકના કેશ ઉતરાવીને, બે કૌપીન, તે ઉપર ધારવાનાં બે વસ્ત્રો, અલફી, એક ચાદર અને એક મસ્તકે બાંધવાનો અજ્ઞુરીયો આપીને 'સરજુદાસ' એવું શુભ નામ પાડ્યું. એ પછી સર્વકોઈ બાળ વર્ણિ સાથેનો વ્યવહાર સરજુદાસ નામથી કરવા લાગ્યા પોતે આકર્ષક આહ્લાદક બાળ વયમાં હતા અને બીજા બધા વૃદ્ધ વયમાં હતા, જેથી વૃદ્ધોને આ નામથી આનંદ થયો હતો. આશ્રમની-પ્રણાલિકા પ્રમાણે નવા આવેલા શિષ્ય પાસે છાંણ મેળવીને છાંણા થપાવવાં, રસોઈ માટે ઇંધણાં વિણી લાવવાં, પાણી ભરી લાવવું, પત્રો લાવીને પતરાવલી પડીયા બનાવવા, ગાયો ચારવી, લેપ કરવો, વાસણો માંજવાં, પંક્તિમાં પીરસવું, કાવડ માગવી, વિગેરે આકરી નીચી ચાકરી ગુરુપદારુઢો કરાવે છે. તપથી કૃશ શરીર અને વળી ૧૮ વર્ષના હોવા છતાં વર્ણીન્દ્ર ઉપરની બધી ટેલ ચાકરીને નિર્માન નિષ્કપટ થઈને કરતા, પરંતુ જ્યારે વર્ણીન્દ્રમાં સમગ્ર સાધુગુણો અને જ્ઞાન શક્તિ આદિ ભગવદ્‌ગુણોનું આધિક્ય અનુભવ્યું ત્યારે મુક્ત મુનિએ ઉપરની બધી ક્રિયાઓ ક્રમે ક્રમે ત્યાગ કરાવી દીધી. આ રીતે દયામૂર્તિ મુક્ત મુનિ બાળ વર્ણિની સમયે સમયે સતી સંભાવના રાખતા. આ પ્રસંગને મળતી વાત લોયા વચનામૃત ૩માં 'અમારો સ્વભાવ કેવો હતો તો 'ગોદોહન માત્ર એક સ્થાનમાં રહેવાય પણ વધુ રહેવાય નહિ' એવા ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશય હતો અને શ્રીરામાનંદ સ્વામી ઉપર હેતપણ અસાધારણ હતું તોપણ સ્વામીએ ભુજનગરથી  કહી મોકલ્યું જે 'જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઈને પણ રહેવું પડશે, એમ મયારામભટ્ટે આવીને કહ્યું ત્યારે અમે થાંભલાને બાથ લીધી, ત્યાર પછી તેમણે કહ્યું જે 'મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો પછી અમે સ્વામીનાં દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા' અંત્ય ૨૭ 'તે ઉપર પોતાની વાર્તા કરી જે અમારો  પ્રથમ ત્યાગી સ્વભાવ હતો પણ જો શ્રીરામાનંદ સ્વામીનાં દર્શનનો ખપ હતો તો મુક્તાનંદ સ્વામીની આજ્ઞાને અનુસારે વર્ત્યા પણ અમારા મનનું ગમતું કાંઈ ન કર્યું ' આ રીતની વાત છે. આ શ્રીમુખના વચનામૃતો ઉપરથી મુક્તમુનિનું સર્વાધિક ગૌરવ જાણવામાં આવે છે. તેમના સર્વોત્તમ ગૌરવ માટે શ્રીમુખશબ્દો પર્યાપ્ત છે.

પુણ્ય શ્રાવણ માસમાં રસપ્રદ રામકથા કરવાનો પ્રસંગ આવતાં, સરજુદાસને કથા સાંભળવા આવવાનું કહીને મુક્તમુનિ જીવરાજ શેઠના ડેલામાં કથા કરવા ગયા. કથાસ્થાનમાં સ્ત્રીપુરુષોની સેળભેળ જોતાં બૃહદ્‌વ્રત જેમને પ્રાણપ્રિય છે એવા નૈષ્ઠિક વર્ણીન્દ્રે ત્યાગિધર્મનો ઉપદેશ આપતાં, મુક્તમુનિને પણ નિષ્કામ વ્રત પરમ પ્રિય હોવાથી તેમની આજ્ઞા તત્ક્ષણ મસ્તકે ચઢાવીને, કથા બંધ કરીને કથારસિક બાઈઓને

છેલ્લા રામરામ કહીને આશ્રમમાં પાછા આવ્યા. આ દિવસથી કથાદિ પ્રસંગે બાઈ ભાઈનો ભેળો સંસર્ગ બંધ થયો અને સ્ત્રીપુરુષની પૃથક્ કથાનો પ્રબંધ થયો. પરંપરાથી ચાલી આવતી રૂઢ રીતિ બંધ થવાથી કેટલાક સ્ત્રીપુરુષોનું મન નારાજ થયું અને ભગવા વેષધારી ત્યાગીતુલ્ય વ્રતવાળી હરબાઈ વાલભાઈ કે જે આત્માનંદ સ્વામીની ચેલીયો હતી તેણીએ કાંઈક ઉપાધિ પણ કરી પરંતુ મહંત સ્વામીએ સમજવાપૂર્વક સ્વીકારી લીધું હોવાથી કાંઈ તેમનું ચાલ્યું નહિ અને છેવટે એ મંડળી સંપ્રદાય થકી પૃથક્ પડી ગઈ (બંધારણ બહાર વર્તનારા કે સામે થનારાને વિમુખ કરવની રીતિ જુની જાણીતી છે.)

વળી આશ્રમની ભીતમાં એક ગોખલો રાખ્યો હતો, જે પાસેના વાળંદના ઘરમાંથી દીવો દેવતા લેવા દેવાના કામમાં વપરાતો હતો. આતો એક ત્યાગિધર્મમાં સૂક્ષ્મ છિદ્રતુલ્ય હોઈને મીયાંના ગોખલા જેવો અંતે અનર્થપ્રદ જાણીને તત્કાળ પુરાવી દીધો. (છિદ્ર પડતાં અનર્થો બહુ થાય છે) વળી જગ્યામાં થઈને સ્ત્રીયોને જવા આવવાનો રસ્તો હતો તે પણ બંધ કરાવ્યો અને જુદો રસ્તો કરી દીધો. વળી ત્યાગીએ એકલા જોડ વિના કોઈ સ્થળે જવું નહિ એવો પ્રબંધ અપૂર્વ બાંધ્યો. આ સઘળું રૂઢિગ્રસ્ત હતું અને મુક્ત મુનીની આજ્ઞામાં વર્તવાનું સ્વામી-વચન હતું છતાં બ્રહ્મચર્ય વ્રતમાં વિઘ્નરૂપ સમઝીને મુક્તમુનિ વર્ણિમતમાં સર્વથા સંમત થયા. અણસમઝુ ઉપાધિયા ઉપાધિપર થયા પણ તેને નહિ ગણીને સન્માર્ગની પ્રવૃત્તિ પર થયા. એમ મુક્તમુનિ મહંતપદે છતાં શિષ્ય તુલ્ય બાળ વર્ણિનું કહ્યું સાંભળતા અને કહ્યા મુજબ કરતા હતા. આ બધું તેમની ધર્મનિષ્ઠા અને અને સરલ સ્વભાવતાને આભારી હતું.

એક દિવસે બન્ને મહાત્માઓએ સરલસ્વભાવનો ભાગ્યશાલી પોઠીયો લઈને આખા પિપલાણા આદિક ગામોમાંથી ધર્માદો ઉઘરાવી લાવીને કાળવાણીમાં ભેગો કર્યો. તેને તેની ઉપર ભરીને ભરીને વર્ણીન્દ્ર લોજમાં લાવ્યા. તેને ઉતારી પડાવીને તત્કાળ ચાલ્યા તે રાત્રિના નવ વાગે પાછા કાલવાણી આવી ગયા. (મહાજનોની મહેનત સામું તો જરા જુવો ?) મુનીન્દ્રે સત્વર પાછા આવવાનું પ્રયોજન પુછતાં વર્ણીન્દ્રે કહ્યું કે-તમો ગૃહસ્થને ઘેર એકલા રહો એ ત્યાગિ ધર્મમાં એક સૂક્ષ્મ છિદ્રરૂપ છે એમ જાણીને હું ઉતાવળો પાછો આવ્યો. આ રીતે વર્ણિવર્ય ત્યાગિધર્મ ઉપર ઝીણી દૃષ્ટિ રાખતા અને મુનિવર્ય તેને સત્ય સમઝીને વિશ્વાસથી વધાવી લેતા. (સત્યપણ સ્વીકારવું સહેલું નથી)

મુનિ મુક્ત જે જે ગામે કાર્યવશાત્ જાય તેમની સાથે સરજુદાસ પણ બહુધા જતા, એક દિવસે કાલવાણી ગામે જઈને સાધુ માટે ખાસ કરાવેલી એક ઓરડીમાં ઉતારો કર્યો. ભક્તરાજ રાજોભાઈ પર્વતભાઈ વિગેરે સ્વામીભક્તો સેવામાં તત્પર

રહ્યા. બન્ને મહાત્માઓ પદ્માસન વાલીને ધ્યાનમાં બેઠા. તેમાં 'चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम्' આ ગીતા વાક્યમાં કહ્યા મુજબ મનનો ધર્મ અતિ ચંચલ અસ્થિર હોવાથી મુક્ત મુનિનું મન એક રૂડા રંગથી રંગેલી પાણી પિવાની નાની તુંબડીમાં ગયું. કોઈ જન જનાવર આવીને રખે તેને અભડાવે એવો ઘાટ થઈ આવ્યો. તેને સર્વજ્ઞ વર્ણીએ જાણીને મુક્ત મુનિને કહ્યું કે- તુંબડીની ચિંતા ત્યજી દઈને સુખમૂર્તિ શ્રીહરિમાં ધ્યાન રાખો. જેટલો ધ્યાનમાં માલ છે તેટલો તુંબડીમાં નથી. તેતો અત્યંત તુચ્છ છે. (હિતની બાબતને કહેનારા અને સાંભળનારા દુર્લભ હોય છે.) આ અર્થ 'અને જો એવો મર્મ ન સમઝાયો હોય તો ફાટી લંગોટી તથા તુંબડી તેમાંથી પણ મનને ઉખેડવું મહા મુશ્કેલ છે' (વચ. મધ્ય ૪) આવા શબ્દોમાં શ્રીમુખે સૂચવ્યો છે. પછી મુક્ત મુનિ તે વચનને સદ્ય સમજી ગયા અને વર્ણીન્દ્રને સર્વાન્તર્યામી જાણ્યા. પોતે વયોવૃદ્ધ ગુણવૃદ્ધ મહંત ગુરુ છતાં બાલ બટુક જે કંઈક કહે તેને તુરત વિના શંકા માન્ય કરી લેતા. બન્ને પરસ્પર એવી ગાઢ મૈત્રી ધરાવતા કે જેથી કદાપિ કિંચિત્ પણ મતભેદને સ્થાન હતું નહિ. 'एकक्रियं भवेन्मित्रं समप्राणः सखा मतः' એમ સદા હતું. એને પરિણામે એક દિવસે વર્ણીએ કહ્યું કે - તમે સ્વામીશ્રીનો મેળાપ કરાવો. તે પછી આપણે સ્વામીશ્રીની આજ્ઞા લઈને વનમાં જઈને સુખનિધિ શ્રીહરિનું ધ્યાન કર્યા કરશું, આ બાબત વચનામૃત અંત્ય ૧૩ માં "અને જ્યારે અમને રામાનંદ સ્વામીનું દર્શન નહોતું થયું ત્યારે મુક્તાનંદસ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે મને રામાનંદસ્વામીનું દર્શન કરાવોતો આપણે બે જણા વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરીશું અને કોઈ દિવસ વસ્તીમાં તો આવીશું જ નહિ" આવા શ્રીમુખના શબ્દોમાં છે. હરિલીલામૃત કળશ ૪ વિશ્રામ ૧૧ માં મુક્તાનંદજીનું કેટલુંક જીવનચરિત્ર જણાવ્યું છે.

શ્રીસ્વામી સ્વધામ સીધાવ્યા પછી સત્સંગ પ્રચાર પ્રયોજને મુક્ત મુનિ ભુજ ગયા અને શ્રીહરિ કેટલાંક ગામોમાં બીજા સંતો સાથે ફરતા ફરતા માંગરોલમાં આવ્યા. ત્યાં પોતાનું પારમૈશ્વર્ય પ્રદર્શાવવા સમાધિપ્રકરણ અશ્રુતપૂર્વ ચલાવ્યું, તેમાં અબાલ સર્વેને સાધન વિનાસદ્ય સમાધિ થાય અને તેમાં ગોલોકાદિ દિવ્ય ધામોનાં અને તેમાં વિરાજમાન ઈષ્ટદેવ ભગવદ્રૂપોનાં સપાર્ષદ સૈશ્વર્ય દર્શન પણ થાય અને સમાધિથી બહાર આવેલા તેઓ બધી વાત પ્રત્યક્ષવત્ જાહેરમાં કરે. એથી સત્સંગનો પ્રચાર પણ પ્રચુર ચોમેર થવા લાગ્યો. આ બધી બાબત કર્ણોપકર્ણી મુક્તમુનિએ જાણતાં તેને એક દાંભિક પ્રચાર સમઝીને સત્વર મેઘપુરમાં વિરાજમાન શ્રીહરિને મળીને, બીજા બધાને યોગ્ય ઠપકો આપીને શ્રીહરિને પણ "महाराज दियो पाखंड मेली, सतसंगमां न थावुं फेली । समाधि कांइ नथी सोयली, मोटा योगिने पण

दोयली ॥ तेतो जेने तेने केम थाय, बीजा माने अमे न मनाय'' આ રીતે ઠપકો આપતાં, શ્રીહરિએ ધીમેથી કહ્યું કે - સર્વ કોઈ મળીને શ્રીસ્વામીનું ભજન કરે છે તેમાંથી જેવું જેમને જણાતું હશે તેઓ તેમ કહે છે. પછી સંતદાસને સમાધિમાં મોકલીને શ્રીહરિએ મુક્ત મુનિને કહ્યું કે - હવે તમો પાકી નાડીપ્રાણ પરીક્ષા કરો. પછીથી મુનિએ તે કરતાં સમાધિની સત્યતા જણાઈ. પછી સંતદાસને સમાધિથી બહાર લાવીને વ્યક્ત વાત કરવાની કહેતાં તેમણે 'संतदासना छे सत्य बोल, कहे दिठो में ब्रह्ममहोल । तेमां मूरति दीठी में दोय, उद्धव ने श्रीकृष्णनी सोय ॥ उद्धव ते रामानन्दरूप, श्रीकृष्ण ते आ हरिस्वरूप ॥' આ રીતે કહ્યું, પછી દિવ્યરૂપથી રામાનંદ સ્વામીએ અને બીજા સમાધિવાળા એ પણ કહ્યું પણ ખરૂં માન્યામાં આવ્યું નહિ. મનમાં બહુ મુંઝાયા પછી જેનો બહુ વિશ્વાસ હતો એવા જેઠો ભક્ત અને માધવદાસે જ્યારે સમાધિની સત્યતા કહી ત્યારે મુક્તાનંદજી સંશયવત થયા. પછી બધા કાળવાણીએ આવ્યા. ત્યાં પણ શ્રીહરિએ પૂરજોશમાં પ્રવર્તાવેલા સમાધિપ્રકરણને જોઈને મુક્તાનંદજીએ તત્ક્ષણ માન મુકીને સમાધિની સત્યતા સ્વીકારી અને શ્રીહરિને પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણ પુરુષોત્તમપણે નિશ્ચય કરીને શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ પૂજા સ્તુતિ કરીને ક્ષમાની પ્રાર્થના કરી, પછી શ્રીહરિએ મુક્ત મુનિ ઉપર એવી અપાર કૃપા કરી કે તેમના વચનમાત્રથી જેને તેને સદ્ય સમાધિ થાય. શ્રીહરિનો પરંબ્રહ્મ પુરુષોત્તમપણે નિશ્ચય થતાં સ્વામીએ 'छांडीके श्रीकृष्णदेव ओरकी जो करुं सेव । काटी डारो कर मेरो, तीखी तरवारसे' ઈત્યાદિ ચાર પદો નવાં બનાવીને પ્રભાતમાં ગાયાં એમ કોઈ કહે છે.

ઉપરની બાબતમાં મુક્તમુનિનો ઉચ્ચ શુદ્ધ આશય એવો જણાય છે કે - સમાધિ એ સત્ય વસ્તુ છે પણ યોગિઓને પણ અત્યંત દુર્લભ છે, તે ઐશ્વર્ય જેનું તેનું નથી પણ પરમાત્માનું અસાધારણ છે. ગોકુળવાસિને યોગીશ્વર શ્રીકૃષ્ણે સમાધિ કરાવી હતી અને તેમાં અક્ષર ધામનું દર્શન કરાવ્યું હતું એમ વચનામૃત વરતાલ ૧૩ કહે છે. લોકમાં ઘણા મૂર્ખાઓ પરીક્ષણ કર્યા વિના પામર પશુપ્રાયને પણ મહામુક્ત કે મહાપ્રભુ તરીકે માની બેસે છે, દંભથી કે જંત્ર મંત્ર તંત્રથી એવાં સમાધિ વિગેરેનાં તુત તોફાનો જગતમાં અને સંપ્રદાયમાં પણ અદ્યાપિ કોઈ વિમુખમંડળીઓમાં ચાલુ છે, જો સમાધિ દાંભિક તતરૂપની પાછળથી જાહેરમાં આવે તો સત્સંગનો મોટો ખોટો ફજેતો થાય અને સત્સંગનું ગૌરવ પણ ઘટી જાય અને સત્સંગ પણ છિન્ન ભિન્ન થઈ જાય, એવી મોટી બીક અને મોટી લાજ મુક્ત મુનિને હતી. એટલે ઉપર જે બોલ્યા તે સત્સંગનો પક્ષ લઈને બોલ્યા છે. દંભાટોપ ન કરવો, સત્ય ઉપર દષ્ટિ રાખવી, વચ. મધ્ય. ૩૮ માં હ્યા મુજબ મંત્ર તંત્ર નાટક ચેટકમાં પ્રતીતિ ન કરવી, કોઈને દંભ ડોળ

કરીને છેતરવામાં મહા દોષ છે, પરચાને ઈચ્છે તે પામર કહેવાય, પરીક્ષણ કર્યા વિના જ્યાં ત્યાં પ્રતીતિ ન કરવી, પોતાની પૂજ્યતા વધારવા દંભમાનાદિ દોષોને સ્થાન ન આપવું, ધૂર્તધતીંગો અને તુત તોફાનો ભોળા લોકોને છેક છેતરવા માટે ન કરવાં, વિગેરે મુક્ત મુનિની માન્યતા યોગ્ય હતી. મુક્ત મુનિના સંબંધમાં શ્રીમુખેજ વચ૦ અં. ૩૩ માં "ધન દોલત સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ અને એને અર્થે કોઈને વિષે આસ્તા આવે નહિ એવા તો સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહિ. એમ કહીને વળી બોલ્યા જે એવા તો આ મુક્તાનંદસ્વામી છે તે એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તો પણ તેનો કોઈ રીતે ભાર આવેજ નહિ" આવા ગૌરવભર્યા શબ્દો ઉચ્ચાર્યા છે. ઉપરની અલપ બાબતને આગળ ધરીને વિના વિચારે કોઈ બંડીયા વિમુખો વધુ પડતું બકે છે કે 'મુક્ત મુનિને નિશ્ચય ન હતો.' આ તેમની મહામૂર્ખાઈજ છે. પરીક્ષા કર્યા વિના જ્યાં ત્યાં જેમ તેમ પ્રતીતિ કરવાથી પાછળથી કેવા ફજેતા થાય છે અને કેવા લોકો છેતરાય છે તે તરફ દૃષ્ટિ રાખવી એ મુદ્દો છે. ઉપરની બાબત પણ મુક્તમુનિના મહાગૌરવને જણાવનારી છે. સત્સંગનો કેવો પક્ષ તેમને છે તેની સૂચક છે. ભ. ચિં. પ્ર. ૪૯ માં આ બાબતનું સ્વલ્પ સૂચન છે.

વૃત્તાલયમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ થતાં, વટપત્તનવાસી નાથજીત વિગેરે હરિભક્તોએ શ્રીહરિની પ્રાર્થના કરી કે -અમારા પુરમાં બહુ મતવાદીઓ શાસ્ત્રવાદોથી રાજસભામાં વિવાદ કરે છે. અમારો મત જે પ્રત્યક્ષ ભગવત્પ્રાપ્તિથી આત્યંતિક શ્રેય થાય તેને દૂષિત કરે છે. માટે આર્ષ વચનો વડે તેમના પક્ષનું ખંડન કરવામાં મહાસમર્થ એવા કોઈ મુનિવરને અમારા પુર પ્રતિ મોકલો. એ રીતે પ્રાર્થના કરેલા શ્રીહરિએ પોતા પાસેજ બેઠેલા વિદ્વદ્વર્ય મુક્તાનંદજીને કહ્યું કે હે મુનિસત્તમ ! આ ભક્તો સાથે તમો વટપત્તન જાવ.ત્યાંના રાજા સયાજીરાવ છે તે ધાર્મિક નીતિમાન્ છે તે ન્યાય પક્ષને ગ્રહણ કરશે માટે તમો ન્યાય શાસ્ત્ર વાક્યો વડે વાદીઓને ઉત્તર આપજો. સત્ય જ જય પામે છે, અસત્ય જય પામતું નથી, એ નિશ્ચયની વાત છે. માટે ધર્મજ્ઞ તમો જઈને ધર્મને સ્થાપન કરો. તે પછી મુક્ત મુનિ બોલ્યા કે-આપના અનુગ્રહ બળથી વટપત્તનમાં ધર્મનું સ્થાપન કરીશ. એમ કહીને ભક્તો સાથે વડોદરા આવીને સુખેથી રહ્યા. (સ. પ્ર. ૪-અ. ૨૭) વટપત્તનમાં થએલી મહા સભામાં મુક્તાનંદમુનિએ 'કળિયુગમાં પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ એ નિઃશ્રેયસનું સાધન નથી' એમ નિષેધ કરીને 'નામસ્મણ માત્ર જ નિઃશ્રેયનું સાધન છે' એમ વિવાદ કરતા વાદિઓના નામસ્મરણમાત્રનું જ નિઃશ્રેયસમાં સાધનપણું ખંડન કરવાપૂર્વક પ્રત્યક્ષ ભગવદુપાસનનું જ મોક્ષમાં મુખ્ય સાધનપણું સચ્છાસ્ત્ર વાક્યોથી સમર્થન કરવા વડે

વાદિઓને વિજીતીને કલિયુગમાં પણ ભગવાનના અવતારનું અસ્તિત્વ સો એ સો સ્મૃતિ ન્યાયથી સમર્થન કર્યું હતું તથા વાદીઓના પક્ષનું ખંડન કરીને ત્રિયુગ શબ્દના સત્ય અર્થનું સમર્થન સચ્છાસ્ત્ર વચનો વડે કર્યુ હતું. તથા સભામાંજ ભગવાનના અવતારોનું અસંખ્યાતપણું સમર્થન કર્યું હતું તથા મહાસભામાંજ શ્રી સ્વામિનારાયણ વિષે ભગવાનપણાને સૂચવનારાં અસાધારણ અદ્‌ભુત ઐશ્વર્યો નિરૂપ્યાં હતાં. અનંતર પરાજય પામેલા રામચંદ્ર, હરિશ્ચન્દ્ર, શોભારામ, નારુપંત, ચિમનરાવ, આ પાંચેયવાદીઓએ મુનીન્દ્રના ચરણનો સમાશ્રય નિઃશ્રેયસ માટે કર્યો હતો. નારુપંત અમાત્ય થકી સમગ્ર વૃત્તાંત સાંભળીને વિસ્મય પામેલા સયાજીરાવ મહારાજા પણ વસંતપંચમી દિને સસૈન્ય આવીને મુક્ત મુનિને પ્રણામ કરતાં મુનિએ બહુ સન્માન કરેલા રાજાએ મુનિપાસે બેસીને પ્રાર્થના કરી કે - તમારા જેવા સાધુઓના પ્રસાદથી મને સુખ વર્તે છે, હાલમાં આપશ્રીના દર્શનથી વિશેષપણે સુખી થયો છું. જેમ કૃપા કરીને આપે મને દર્શન આપ્યું તેમ તમારા ગુરુ સ્વામિનારાયણ પણ અત્ર પધારીને મને દર્શન આપે એવી મારાવતી પ્રાર્થના કરો. એમનાં દર્શનની મને તીવ્ર ત્વરા વર્તે છે. તો એ શુભ કાર્ય આપે અવશ્ય કરવું.તે પછી મુક્ત મુનિએ કહ્યું કે તમારો વ્યવસાય અતિ સમીચીન છે. એમ કહીને '**निपुणमतिमतां गुणाश्च ये स्युः**' ઈત્યાદિ આઠ શ્લોકો વડે ભગવદ્‌ભક્તિનો ઉપદેશ આપ્યો, તે પછી બે ઘટીકા બેસીને વાર્તાલાપ કરીને રાજા પોતાને સ્થાને ગયા. જનોને શ્રીહરિનો સમાશ્રય નિત્ય કરાવતા મુક્તમુનિ સાડા ત્રણ માસ વટપત્તનમાં રહ્યા. શ્રીહરિને વૃત્તાલય પધારેલા જાણીને ભક્તો સાથે વૃત્તાલય આવ્યા. વટપત્તનનું સમગ્ર વૃત્તાંત નિવેદન કરતાં ભગવાન શ્રીહરિએ બહુ પ્રસન્ન થઈને મુક્તમુનિની બહુ પ્રશંસા કરી હતી. અનંતર દર્શનાતુર મહારાજાએ ભક્તિભરથી શ્રીહરિને તેડવા મોકલેલ રાજમંત્રી નારુપંતની પ્રાર્થનાથી શ્રીહરિનું સપરિવાર વટપત્તન પધારવું, મુક્તમુનિના આગ્રહભર્યા અનુમોદનથી પધારેલા શ્રીહરિસન્મુખ ભવ્ય અશ્વારી સાથે મહારાજાનું સન્મુખ આવવું, પોતાની ભવ્ય હવેલીમાં સપરિવાર શ્રીહરિને પધરાવીને રાજાએ કરેલી રાજોપચારથી ભેટ પૂજા, પ્રસન્ન શ્રીહરિએ રાજાને આપેલો સદુપદેશ, યથાપૂર્વ અશ્વારી સાથે વળાવેલા શ્રીહરિનું વૃત્તાલય પાછું પધારવું, વિગેરે બહુ બાબતો સ. પ્ર. ૪ અ. ૪૧-૪૨માં વર્ણવી છે. આ રીતે મુક્ત મુનિમૂળથી જ વટપત્તનમાં સત્સંગ વૃક્ષની સંવૃદ્ધિ થઈ હતી. ઉપર જણાવેલું સંપ્રદાયનું સઘળું ગૌરવ મુક્ત મુનિની સદ્વિદ્યા અને સચ્ચારિત્ર્યને આભારી છે એ કોઈથી અજાણ્યું નથી અને કોઈથી ના કહી શકાય તેમ નથી.

વળી દ્વેષી કૃતઘ્ની વેદાંતાચાર્યે કરેલી ઉગ્ર ઉપાધિ પત્રથી જાણતાં, ત્યાં મોકલેલા વિદ્વદ્વર્ય મુક્તાનંદ મુનિએ કરેલો તેનો રાજસભામાં પરાજય પત્રથી જાણીને શ્રીમુખે

કરેલી મુક્ત મુનિની સભામાં પ્રશંસા અને કરેલી પ્રસન્નતાપ્રદર્શક સાકરની સર્વને વહેંચણી પ્રશંસા નહિ સહન થવાથી મત્સરગ્રસ્ત માનમૂર્તિ નિર્વિકલ્પાનંદ અને હર્યાનંદ સાધુએ મુક્ત મુનિના અપકર્ષ માટે ઉચ્ચારેલા દુર્વચનોથી બહુ ઉદાસી થએલા શ્રીહરિએ સત્સંગ છોડીને વનવાસ કરવાનો નિશ્ચય કરતાં, ઉદાસી દુર્ગપુરીય ભક્તોએ કરેલી પ્રાર્થનાથી સત્સંગ સમાજ ભેગો કરવાના વિચારથી આદ્રજ ગામે સર્વેને આવવાની કંકોત્રીઓ લખાવીને શ્રીહરિનું અનુક્રમે આદ્રજમાં આવવું, અન્નકૂટોત્સવ પૂર્ણ થતાં મુખ્ય મુખ્ય સંત હરિભક્તો સમક્ષ વનવાસ કરવાની આગ્રહભરી વાત કરતાં, બહુ ઉદાસી ભક્તોએ બહુધા પ્રાર્થના કરતાં શ્રીહરિએ કહેલો પોતાનો દૃઢ અભિપ્રાય અને સર્વ સાથે મળીને સત્સંગના સંરક્ષણ માટે મહાસ્તંભતુલ્ય મુક્તાનંદાદિ ચાર સદ્‌ગુરુઓ કરીને તેમની આજ્ઞામાં સર્વને વર્તવાની આજ્ઞા કરતાં, સર્વેએ સ્વીકારતાં પ્રસન્ન શ્રીહરિ સત્સંગમાં રહ્યા. આ કથા હ. ક-૭. વિ. ૭૩-૭૪ માં છે. આ સઘળી કથા મુક્તમુનિના શ્રીહરિ માન્ય ગૌરવમાં પર્યવસાન પામનારી પ્રસિદ્ધ છે. બીજી એવીજ વાત મળે છે કે - મુક્તાનંદની જીત જાણીને આનંદાનંદ સ્વામીએ પણ કાંઈ અસૂયા જણાવેલી. તેથી સદા પ્રસન્ન પણ શ્રીહરિ તેમની ઉપર બહુ અપ્રસન્ન થએલા મત્સર જેવો મોટો દોષ કોઈ નથી. (વચ. કા. ૬ માં સવિસ્તર વિવેચન કરેલ છે)

દુર્ગપુરમાં શ્રીહરિએ કરેલા સર્વોત્તમ અન્નકૂટ મહોત્સવમાં શ્રીહરિએ આજ્ઞા આપેલા મુક્તમુનિએ જમવા આવેલા સર્વ સંતો વિગેરેને યથોચિત પંક્તિબંધ બેસારી દીધા. પીરસવામાં પ્રવીણ હોય એમ યુક્તિથી પંક્તિમાં પીરસવા લાગ્યા. (સ. પ્ર. ૩-અ. ૨૦) જેમ તેમ બેસી જવાની સર્વને ટેવ હોય છે, તેથી પીરસનારને અડચણ પડે, બીજાનું કહ્યું તો બધા માને નહિ, મુક્ત મુનિનું કહ્યું સર્વ કોઈ સ્વીકારતા, જેથી શ્રીહરિએ તેમને આજ્ઞા કરેલી. આ પણ મુક્તમુનિના ગૌરવ માટે છે. (લોકો ગુણથીજ દાસભાવને ભજે છે)

મુનિશ્રેષ્ઠ મુક્તાનંદ મહામુનિના પુછવાથી શ્રીહરિએ ભૂમિસ્થ અને અક્ષરધામસ્થ શ્રીકૃષ્ણસ્વરૂપનું અદ્વૈતજ્ઞાન સવિસ્તર (સ. પ્ર. ૩ અ. ૨૯) માં નિરૂપ્યું છે. આ પણ મુનિની વિદ્વત્તાને જણાવનારૂં છે. એવું જ્ઞાનતો તેના ખાસ જ્ઞાતાનેજ કરાય.

વૃત્તાલયમા થએલા દિવ્ય દોલોત્સવ પ્રસંગે મુક્તાનંદાદિ મુનિઓને ભગવદ્‌ગુણોનું ગાયન કરવાની આજ્ઞા શ્રીહરિએ કરતાં મુક્તમુનિએ વીણાને વજાડતા થકા 'रमतां सततं सततमखे त्वयि मानसं मम सखे' ઈત્યાદિ ષટ્‌પદીનું ગાન કર્યુ. તે પછી બીજાં પદ્યો ગાયાં, તેમાં બીજા ગવૈયા મુનિઓએ સ્વર પૂરણ કરતા થકા મુક્તમુનિની પાછળ ગાન કર્‍યું. તેમાં શ્રીહરિપણ ચપટી સાથે કરકમલ વડે તાલ દેવા

લાગ્યા. (પ્ર. ૩ અ. ૬૩) આ ઉપરથી મુક્તમુનિની વીણાવાદનમાં સર્વોચ્ચ વિશારદતા નારદપર્વતના જેવી જણાવી.

એક સમયે શ્રીહરિએ દુર્ગપુરમાં સર્વ સંતોને એકાંતનું સુખ આપવા પોતા પાસે બોલાવ્યા. પછી મુક્તાનંદજીએ પુછયું કે - તમોને જે ખાસ ગમતું સાધન હોય તે કહો? પછીથી પ્રસન્ન શ્રીહરિએ તે કહી સંભળાવ્યું (ભક્તચિં. પ્ર ૬૮) આ બાબત પણ મુક્તમુનિની મહત્તાને સૂચવનારી છે.

એક સમયે સહજાનંદસ્વામી બોચાસસણથી વડતાલ થઈને જેતલુપર પધાર્યા. વડતાલમાં પોતાની થયેલી પધરામણી વિગેરેના શુભ સમાચાર કહીને વિશેષમાં કહ્યું જે તમો તત્પર થઈને વડતાલ જાઓ અને ત્યાં દૈવી જીવો બહુ છે તેમને સુબોધ દઈને સત્સંગમાં લાવો. પછી મુક્ત મુનિ સમંડળ વડતાલ આવીને ગોસ્વામીના મઠમાં રહ્યા. (ક્યારેક 'पूर्व कोठामांहि मुक्तानन्द रहेता उर धारी आनन्द । घणीवार तहां घनश्याम, पोते विचर्या छे पूरणकाम ॥' હ. ક. ૧ વિ. ૧૬ માં કહ્યા મુજબ પૂર્વ કોઠો કે જે અત્યારે યથાપૂર્વ દર્શન દે છે તેમાં પણ બહુધા રહેતા) તેમની પાસે ઘણા મુમુક્ષુ લોકો સમાગમ માટે આવવા લાગ્યા. તેમના મધુર શાસ્ત્રીય ઉપદેશથી અને સાધુચારિત્ર્યથી પણ આકર્ષાઈને ઘણા સત્સંગીઓ થયા. બામરોલી વિગેરે આસપાસનાં ગામોમાં પણ વિચરીને શ્રીહરિનો મહિમા સમઝાવીને ઘણાને સત્સંગનો રંગ લગાડ્યો હતો. (હ. ક. ૫ વિ. ૨૦) આ ઉપરથી વડતાલ તથા ફરતા ગામોમાં સત્સંગ કરાવામાં મુક્તમુનિની મુખ્યતા હતી. તેને પ્રતાપે શ્રીહરિની પધરામણી તેતે ગામે થઈ હતી.

એક અવસરે વડતાલમાં જ્ઞાનબાગે (બેઠક) બે ઉચ્ચ આંબા વચ્ચે નિષ્કુલાનંદમુનિએ અશ્રુતપૂર્વશોભાવાળો ભવ્ય હિંદોળો બાંધેલો, તેમાં સંરાજમાન શ્રીહરિને મુક્તમુનિએ હીરની દોરી હાથમાં લઈને જનસમાજ વચ્ચે ઝુલાવ્યા હતા, આ સંબંધનું 'मुनिवर मुक्तानन्द झुलावे हरिन हेतथी' આ પદ હરિલીલામૃત ક. ૭ વિ. ૫૯ માં  સંગ્રહ્યું છે. આ ઉપરથી મુનિવરનું શ્રીહરિવિષે કેવું હેત હતું તે જણાઈ આવે છે. હેત વિના આ બને નહિ.

વડતાલમાં વિરાજમાન શ્રીહરિનાં દર્શન કરવા આવેલા મુનિ મુક્તના સંબન્ધમાં 'जे जे साधु हता भणनारा, मुक्तानन्द पासे रहेनारा । मुक्तानन्द साथे सहु एह, गया सरसवणी गामे तेह' ॥ આવા શબ્દો લખ્યા છે. આ ઉપથી અમુક સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ મુક્ત મુનિ સાથે વિદ્યા ભણવા ફરતા એમ જણાય છે. આ બાબત પણ મુનિના વિદ્યાગૌરવને  જણાવનારી છે. (સરસવણી ગામ કાનમમાં આવેલું છે)

વરતાલ પાસે આવેલા ગામ બામરોલીમાં વિરાજમાન શ્રીહરિ પાસે 'जे मुख्य

तो मुक्त मुनी गणाय, वैराग्य जेनो वधतो जणाय । वार्ता कथा श्रीहरिनी करे छे, श्रीस्वामिनारायण पास ते छे' (હ. ક. ૬ વિ. ૮) એમ શ્રીહરિની ઓળખાણ માટે મુક્તમુનિની કથાવાર્તાકાર તરીકે સન્નિધિ જણાવી છે. આ વાત પણ મુક્ત મુનિના સમુત્કર્ષને સૂચવનારી છે.

વૃત્તાલયમાં વિરાજમાન શ્રીહરિએ હરિભક્તોએ ચંપા કેવડાની બનાવેલી સુંદર ટોપી મસ્તકે ધરાવતાં, તત્ક્ષણ તેને હાથમાં લઈને મુક્ત મુનિને માથે મુકી દીધી (ભ. પ્ર. ૭૧) એમ ભગવાને મુનિ ઉપર પોતાની અત્યર્થ પ્રસન્નતા પ્રદર્શાવી હતી. આ બાબત શ્રીમુખે વચ. મધ્ય. ૬૨ 'અને મુક્તાનંદસ્વામી ઉપર અમને ઘણું હેત છે' આવા ઉઘાડા શબ્દમાં સૂચવી છે.

સારંગપુરમાં સંરાજમાન સહજાનંદસ્વામીએ ભરૂચ પાસે નર્મદા તટે આવેલા તવરા ગામનો મોટો મેલો કે જે બે વૈશાખ માસ હોય ત્યારે ભરાય છે તે ઉપર સર્વ સંત હરિભક્તોને આવવાની આજ્ઞા કરેલી. પરંતુ પોતે દુષ્કાળવશાત્ નહિ પધારી શકવાથી સંત હરિભક્તો ઉપર પત્ર લખ્યો કે મુક્ત મુનિને મારે સ્થાને માનીને પૂજજો અને જમાડજો. પછીથી સર્વેએ તે પ્રમાણે કરવાથી શ્રીહરિ બહુ રાજી થયા. (હ. ક. ૭ વિ. ૩૩) કોઈ અવસરે અદ્‌ભુતાનંદ્‌સ્વામીને એકાએકી ફરવા મોકલતાં ફરતા ફરતા કાનમમાં વેમારડી ગામે આવીને વડતળે ઉતર્યા, તે ગામના પટેલ ભક્તિભાઈને જ્ઞાન વાર્તા કરીને સત્સંગી કર્યા, તેથી બધુ ગામ સત્સંગી થયું, પછી સર્વેએ મળીને અદ્‌ભુતાનંદ સ્વામીને કહ્યું જે શ્રીહરિને વેમારડી તેડી લાવો, અમે બનતી સેવા સઘળી કરીશું. પછી અદ્‌ભુતાનંદ સ્વામી શ્રીહરિને તેડવા ગઢડા ગયા. શ્રીહરિએ કહ્યું જે આ મુક્તાનંદસ્વામીને તેડી જાવ, પછી અદ્‌ભુતાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીને તેડીને વેમારડી આવ્યા. અને સર્વેને કહ્યું જે આ મુક્તમુનિની શ્રીહરિની પેઠે પૂજા સેવા કરો, એથી શ્રીહરિ બહુ રાજી થશે. પછી હરિભક્તોએ વડે હિડોળો બાંધીને મુક્તાનંદ સ્વામીને ભારે ભારે વસ્ત્ર ઘરેણાં પહેરાવીને હિંડોળે ઝુલાવ્યા. એમ અઢાર દિવસ મહોત્સવ કર્યો. આ અપૂર્વ વાતની શ્રીહરિને ખબર પડી ત્યારે બહુ રાજી થયા. (આ બાબત અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોમાંથી લીધી છે) એમ શ્રીહરિ સ્વગુરુ તરીકે માનેલા મુક્ત મુનિને સ્વસમાન સન્માન અપાવતા અને તેથી અંતરથી બહુ રાજી રહેતા. આ સઘળાં સાચા હેતનાં લક્ષણો છે. (હેતભાવ હોય તો શું ન થાય ?)

દુર્ગપુરમાં વિરાજમાન શ્રીહરિ પાસે ગામ આમોદથી આવેલા મુક્ત મુનિને સર્વજ્ઞ શ્રીહરિએ કહ્યું જે હું કહું તેમ તમો ઝટ કરો. ગામોગામ સિધાવીને સત્સંગીઓને ચેતાવો કે આ વર્ષે ભયંકર દુકાળ પડવાનો છે માટે ગમે તેમ કરી અન્નનો સંગ્રહ કરજો. પછી દયાળુ મુનિવરે તે કામ સત્વર કર્યું. (હ. ક. ૭ વિ. ૩૧) તે પછી

ગઢપુરમાં દુષ્કાળવશાત્ છાના રહેલા શ્રીહરિનાં દર્શન કરવા મુક્ત મુનિ હર્ષભર ગુજરાતથી આવ્યા. તેની જાણ નાજા જોગીયાએ કરતાં શ્રીહરિએ જયાબાઈને કહ્યું જે મુક્ત મુનિને જમવા બોલાવો, તે મિષથી અમારાં દર્શન કરશે. (બીજાને આવવાની તો મના હતી.) સમાચાર મળતાં મુનિશ્રી દરબારમાં આવ્યા અને શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી શ્રીહરિ બાથમાં ભીડીને ભેટયા. પછી ચાકળા ઉપર બેસારીને દુષ્કાળના સમાચાર પુછયા. સમાચાર કહે છે એટલાકમાં મુકુંદ વર્ણી થાળ પુરી લાવ્યા તેને પોતે જમતા જાય અને મુનિને પીરસતા જાય. તૃપ્ત થવાથી ના કહે તો પણ વારેવારે પીરશે અને કહે કે બહુ દિવસે પ્રસાદી મળી છે તેને શાંતિથી જમો. દેશદેશની વિવિધ વાતો કરતા જાય અને બન્ને જમતા જાય. એમ એક પ્રહર વીતિ ગયો. (પ્રેમ વાર્તામાં ટાઈમની ખબર રહેતી નથી) પછી સંતુષ્ટ મુક્ત મુનિ આજ્ઞા લઈને ગુજરાત ગયા. (હ. ક. ૭ વિ. ૩૪) આ સઘળી કથા મુક્તમુનિની મહત્તાને સૂચવનારી સરસ છે.

એક સમયે મુક્તાનંદ સ્વામી પોતાને આસને બેશીને સરોદામાં ચાર પદો ગાઈને શ્રીહરિનું ધ્યાન કરતા હતા. તેવામાં રાત્રિના બરાબર બાર વાગે ભયંકર વેષ આકૃતિવાળો મૂર્તમાન કાળ આવીને દૂર ઉભો રહ્યો. ત્યારે મુનિએ પુછયું કે તું કોણ છે ? અને શું કરવા ઇચ્છે છે ? પછી તેણે કહ્યું કે હું બહુ દિવસનો ભુખ્યો કાળ છું' માણસને ભક્ષણ કરવાની આજ્ઞા લેવા તમારી પાસે આવ્યો છું. પછી દયામૂર્તિ સ્વામીએ અગનોતેરા કાળનું દુરંત દુઃખ વિચારીને કહ્યું કે 'તું તત્કાળ જતો રહે શ્રીહરિ જાણશે તો તને શિક્ષા કરશે'. પછી દુઃખી કાળ શ્રીહરિના ભયથી શોકાતુર થઈને પાછો જતો રહ્યો. પછી મુનિના મનમાં એવો વિચાર આવ્યો કે - આજ તો કાળ પાછો ગયો પણ કાંઈ દાન પુણ્ય કર્યું હોય તો તેની કાંઈ શાંતિ થાય. પરંતુ આપણે નિર્ધન સાધુ હોવાથી શું કરી શકીએ. છતાં સ્વલ્પ સંકલ્પ કર્યો છે કે - સાધુઓને રસોઈ આપવી, બ્રાહ્મણને એક વસ્ત્ર આપવું, પાંચ રૂપીયાની ગાય આપવી અને શ્રીહરિ માટે થાળ કરાવવો. એવો સંકલ્પ કરીને વળી ધ્યાનમાં બેઠા. સવાર થતાં સ્નાન પૂજાદિકમાંથી પરવારીને બેસતાં મુકુંદ વર્ણી દર્શને આવ્યા, તેમને ધાબળી ઉપર બેસારીને કાળદર્શન અને શાંત્યર્થે સંકલ્પની વાત કરીને તેમની ચંદનાદિકથી પૂજા કરીને ચાદર ઓઢાડી. પછી કહ્યું કે આજ સારો થાલ કરીને શ્રીહરિને ધરાવજો અને તમો પણ જમજો. પછી પ્રસન્નમુખ વર્ણી અક્ષર ઓરડીએ આવતાં શ્રીહરિએ મર્મમાં પુછયું કે આજ ક્યાં પૂજાઈ આવ્યા છો ? પછી બધી વાત કરતાં શ્રીહરિ બહુ રાજી થયા અને સભા ભરીને બધી વાત પ્રકાશમાં લાવ્યા. મુનિએ દુઃખપ્રદ કાળને સમઝાવીને પાછો વાળવાથી આખાય જગતની રક્ષા થઈ છે, માટે સ્વામીની સાદી રસોઈ અને બ્રાહ્મણને ગાય અલ્પ મૂલ્યવાળી ન અપાય, અમારા ગુરુ હોવાથી એમની રસોઈ સારામાં સારી

સ્વાદુ થવી જોઈએ અને ગાય પણ બહુમૂલ્યવાળી આપવી જોઈએ. આ અવસરે લાડુબા બોલ્યાં કે સ્વામીની રસોઈ તો સર્વોત્તમ બનાવો, અમે સમગ્ર સામગ્રી સન્નદ્ધ કરી આપીશું. પછી શ્રીહરિએ કંદોઈ પાસે ઉત્તમોત્તમ મોતીયા લાડુ વિગેરે પકવાન્ન બનાવરાવ્યા અને ભણનારા સાધુઓ પાસે બીજી રસોઈ બનાવરાવી અને બાઈઓ પાસે શાક ભજીયાં અથાંણાં વિગેરે બનાવરાવ્યા શાખાનગરમાં રહેલા સંતોને પણ બોલાવરાવ્યા. પછી પ્રથમ શ્રીહરિ થાળ જમીને પંક્તિ કરીને સર્વ પ્રત્યે બોલ્યા કે આજરોજ મુક્ત મુનિની રસોઈ છે તો સારી પેઠે જમવું. પછી શ્રીહરિએ સંતોને બહુવાર પીરશીને ખુબ જમાડ્યા. જમી રહ્યા પછી સભા થતાં શ્રીહરિએ જેનું સ્વાદુ દુધ બહુ વર્ષથી જમતા હતા એવી સર્વોત્તમ ગાય મંગાવરાવીને કહ્યું કે સુખી થાય એવા કોઈ સત્પાત્રને દાન કરો. પછી મુક્ત મુનિએ વિચારીને કપાળમાં કુંકુમનો ચંદ્રક કરીને તે ગાય સત્પાત્ર સીતારામને આપી, તેથી બહુ રાજી થએલા શ્રીહરિએ વધારામાં કહ્યું કે - આ ગાય સાથે તમારાવતી પોણા પાંચસો રૂપીયા આપીએ છીએ. આ બધુ માંગલિક દ્રશ્ય જોઈને અતિ પ્રસન્ન થએલા સર્વેએ મનમાં વિચાર કર્યો કે - આવું પરોપકારી સત્કાર્ય તો એક મુક્તમુનિને અને મુક્તપતિ શ્રીહરિને જ આવડે, બીજાની ગતિ નથી. આ રીતે દયાપૂર્ણ હૃદયવાળા સ્વામી કાળની શાંતિ કરવાથી યશસ્વી થયા હતા. આ ઉપરથી સ્વામીની વાતમાં સુજનોને કેવી શ્રદ્ધા આસ્તા અને વિશ્વાસ છે તે જણાઈ આવે છે. આ તો એક ભગવાનનું ભક્તગેય લીલાચરણ હોઈને મુક્તમુનિની પ્રશંસામાં પર્યવસાન પામનારૂં છે.

સુરતમાં પણ સત્સંગની લગ્નિ લગાડનારા મુક્તમુનિ મુખ્ય હતા. સં. ૧૮૬૬ માં ખોખરા મેમદાવાદમાં આસુર વેરાગીઓએ સાધુઓને બહુ માર મારતાં, બહુ ઉદ્વિગ્ન શ્રીહરિએ ચારસો સંતોને નિરુપાધિસ્થાન સુરત મોકલ્યા હતા. તેમાં મુક્ત મુનિ મુખ્ય હતા. સુરતમાં શ્રીહરિ પધાર્યા ત્યારે પણ મુક્ત મુનિ સઘળી વ્યવસ્થામાં હતા. સુરતની સુંદર અશ્વારીમાં મેનામાં વિરાજમાન શ્રીહરિ સર્વને ઉઘાડાં દર્શન દેવા માણકી ઘોડી ઉપર વિરાજતાં ખાલી મેનામાં ગુરુ તરીકે માનેલા મુક્તમુનિને બેસાર્યા હતા. મુક્તાનંદાદિ મુનિઓને શ્રીહરિએ ધર્મપુર તથા સુરત મોકલ્યા, વળી જેતલપુરમાં સુરતીસંઘ લઈને મુક્તમુનિ આવ્યા, એમ પણ ગ્રંથમાં લખ્યું છે. આ ઉપરથી સુરતમાં સત્સંગની સંવૃદ્ધિમાં મુક્તમુનિનો મુક્ય બાગ હતો એમ સાબીત થાય છે.

કોઈ એક અવસરે એક સુતારની જાન સુરતથી વહાણમાં બેસીને ઘોઘા ગઈ હતી. પાછી વળતાં ખાડીમાં વહાણ ડુબી જતાં બધા માણસો મરી ગયા અને સવાસનિક તે સર્વે ભૂતયોનિને પામ્યા. અને ઘરમાં આવીને રહ્યાં તે બીજા કોઈને

ઘરમાં રહેવા દે નહિ અને અનેકધા કનડગત કર્યા કરે. એમ થતાં તે ઘરો ખાલી ઉજડ પડ્યાં રહ્યાં. એટલાકમાં અંગ્રેજ સરકારનું સુરતમાં રાજ્ય સ્થાપવાથી તેણે ઢંઢેરો પીટાવ્યો કે - ઘરમાં અવગતીયાં થએલાં ભૂતોને જે કાઢે તેને તેઘરાં આપી દેવાં. ઘણાકે એવો પ્રયત્ન કરેલો પણ સફળ થયેલો નહિ. પછી ભક્તવર ભાલચંદ્ર શેઠે શ્રીહરિ ઉપર ગઢડા પત્ર લખ્યો કે ભૂતોને કાઢે એવા કોઈ શક્તિશાળી સાધુને સુરત મોકલો. એ ઉપરથી વિચારીને શ્રીહરિએ મુક્તમુનિને મોકલ્યા. સુરત આવેલા સમંડળ મુનિને જાણીને શેઠે સરકારમાં કહેવરાવ્યું કે ભૂતોને કાઢી શકે એવા અમારા સાધુ આવ્યા છે, તો તે ઘરોનો લેખ સ્વામિનારાયણ નામનો કરી આપો. પછીથી સરકારે નામની રકમ લઈને લેખ કરી આપ્યો. (જે સ્થળે અત્યારે સભામંડપ છે એજ એ જગ્યા છે એમ વૃદ્ધો કહે છે) પછી સમંડળ મુક્તમુનિ તે ઘરમાં નિર્ભય થઈને રહ્યા. સંધ્યા આરતી ધૂન્ય કરીને બેસતાં બધાં ભૂતો આવીને મુનિને પગે લાગીને દૂર રહીને સવિનય બોલ્યાં કે - તમો સાધુઓ અમારા ઘરમાં આવીને રહ્યા તો ભલે, પરંતુ અમારી સદ્‌ગતિનો વિચાર કરો. પછી કૃપાળુ સ્વામીએ સર્વેને પુણ્યભૂમિ બદરીકાશ્રમમાં મોકલી દેવાનો વિચાર કરીને આશીષ આપી કે તમો શુદ્ધ થઈને સત્સંગમાં શુભ જન્મને ધરીને શ્રીહરિની ભક્તિ કરીને અંતે તેમના પરમ ધામને પામશો, એથી બધાં ભૂતો બહુ રાજી થઈને સાધુઓને પગે લાગીને બદરીકાશ્રમમાં ચાલ્યાં ગયાં. આ વાત વૃદ્ધ પરંપરાગત છે. આ વાતના વિસ્તારથી શહેરમાં સત્સંગનો સમુત્કર્ષ થયો અને નિરાશ્રય સાધુઓને ઉતારવાની જગ્યાની પ્રાથમિક સગવડ થઈ. આ બધી વ્યવસ્થા મુક્તમુનિના મહાનુભાવને આભારી છે. એમ મુક્તમુનિ ભૂતાદિકના ઉપદ્રવને નિવારવાના સામર્થ્યને ધરાવતા હતા.

એક અવસરે મુક્તાનંદ સ્વામી સુરતમાં રહ્યા હતા. ભાવિક સત્સંગીઓ નિત્ય નવી નવી પાકી રસોઈઓ આપતા. કેટલાક દિવસ એમ વીતતાં, સ્વામીએ કહ્યું કે - એક દિવસ પાકી અને એક દિવસ કાચી રસોઈ લાવવી. એ ઉપરથી આજ્ઞાંક્તિ સત્સંગીઓ તેમ કરવા લાગ્યા. એક સાધુએ શ્રીહરિ ઉપર ખોટો પત્ર લખ્યો કે સ્વામીએ સાધુને જમવાની બંધી કરી છે. પછી જ્યારે સ્વામી વડતાલ આવ્યા ત્યારે શ્રીહરિએ કાગળની કુટિલ વાત કરી. પછી સ્વામીએ સાચી વાત કહી કે - કાચી રસોઈ લેતો ત્યારે એવો વિચાર થતો જે પાકી રસોઈ પ્રતિદિન જમવાથી સંતોને પ્રમાદ આળસ વધુ આવે અને તેથી સુખેથી ભજન સ્મરણ થાય નહિ. જ્યારે પાકી રસોઈ લેતો ત્યારે એવો વિચાર થતો કે આવા સંતો જમશે તો હરિભક્તોનું શ્રેય થશે. પછી શ્રીહરિએ સર્વેને સાંભળતાં કહ્યું કે પત્ર લખનાર પામરનો કેવો દુરાશય છે અને મુક્તસ્વામી કેવો સદા શય છે. હરિભક્તોને બહુ પીડા ન કરવી અને સાધુઓને પણ

રાજી રાખવા એ દયાળુ સ્વામીના મનની શુદ્ધ વાત હતી, એક દિવસ પાકી અને એક દિવસ કાચી રસોઈ મળે એ વ્યવસ્થા સારામાં સારી હતી, તેને પલટાવીને મોટા માટે પણ ખોટો પત્ર લખનારા મળ્યા એ આશ્ચર્ય જેવીવાત છે. સ્વામીના નિર્મળ મનમાં તો તેની કશી અસર રહેતી નહિ. એ તો અજાત શત્રુ હતા.

કોઈ એક સમયે મુક્ત મુનીન્દ્ર સુરતમાં રહ્યા હતા. સાથે સીત્તેર સાધુઓ હતા. સર્વેની સંભાળ રાખવાની તેમને શિરે હતી. તેમાં એક નાના સાધુના મનમાં એવો સંકલ્પ રહ્યા કરતો જે મારાં માબાપ કુસંગી છે તે નરકમાં જાય તે ઠીક નહિ. માટે હું ઘેર જઈને તેમને સત્સંગી કરીને પાછો આવીશ. આ સાધુને સ્વામી સાથે બહુ સ્નેહ હોવાથી સંકલ્પની વાત નિષ્કપટ ભાવે કરી દીધી. પછી સ્વામીએ યુક્તિમાં કહ્યું કે હાલમાં સીત્તેર સીધાં નોંધાયા છે. જો તમો અહીંથી જાવ તો એક ઓછું થાય. ગામમાં વાત ચાલે કે સ્વામિનારાયણનો સાધુ જતો રહ્યો. આતો બહુ ખોટું કહેવાય, માટે આપણે જ્યારે અહીંથી જઈએ ત્યારે ઘેર જજો. પછી સ્વામીએ એવી સચોટ ત્યાગ વૈરાગ્યની વાતો કરી કે જેથી સર્વે સંબંધી ખોટાં મનાઈ ગયાં અને ઘેર જવાનો સંકલ્પ મુકી દીધો. પછી જ્યારે સ્વામી સુરતથી નીકળ્યા અનેતેના ગામે જવાનો માર્ગ આવ્યો ત્યારે સ્વામીએ સંભારી આપ્યું, ત્યારે તેણે કહ્યું જે હવે મારે ઘરે જવું નથી. તમારી જ સદા સેવામાં રહેવું છે. એમ સ્વામીશ્રી જરા જેટલો પણ સંપ્રદાયનો ફજેતો થાય તેમાં શરમાતા અને સંકોચાતા હતા. અને નાના સાધુઓની માતા પિતાવત્ સર્વવિધ સંભાળ રાખતા હતા. આ તેમનામાં સાહજીક ગુણ હતો.

એક અવસરે સહજાનંદસ્વામીએ પચાસ સાધુઓનેલઈને મુક્તાનંદ સ્વામીને અમદાવાદ મોકલ્યા. ભૂતાવાસભૂત દરીયાખાનના નવરા વિશાળ ઘુમટમાં સામટા ઉતર્યા. ત્યાં ઘણા લોકો સ્મશાનીયા કોઈના મરણ નિમિત્તે આવેલા તે સ્વામી પાસે આવીને બેઠા. અને વગર વિચારે બોલ્યા કે અમે બ્રહ્મ છીએ. એ અવસરમાં એક પરમેશ્વર પ્રેરિત મોટો સાપ અચાનક પડવાથી બધા ભય પામીને છેટા ભાગી ગયા. એ સાપતો દૈવી હોવાથી કોઈ સંતના પગ ઉપર તો કોઈના માથા ઉપર તો કોઈના હાથ ઉપર તો કોઈના સાથળ ઉપર નિર્ભયપણે ફરીને ચાલી ગયો. સંતો તો યથાપૂર્વ નિર્ભય સ્થિર બેસી રહ્યા. આ અપૂર્વ દૃશ્ય દેખીને બધાએ કબુલ કર્યુ કે સાચા બ્રહ્મ તો તમો અમારૂં કલ્યાણ કરો એવા છો. અમો તો ખોટા દંભી બ્રહ્મ છીએ. પછી તો સારી આસ્થા ચોટવાથી પ્રતિદિન શહેરના ઘણા મુમુક્ષુ લોકો સ્વામી પાસે જ્ઞાનવાર્તા સાંભળવા આવવા લાગ્યા. પરિણામે એક માસસુધી પાકી રસોઈ આવી. તેને જમીને સંતો સુખેથી ભજન સ્મરણ કરતા. એમ સ્વામી સાથે જાય તેને ખાધે પીધે સુખી રાખતા અને સંપ્રદાયનો સમુત્કર્ષ સાધતા એમ અમદાવાદમાં સ્વામીએ સત્સંગનો

વધારો કર્યો હતો.

ઉમરેઠમાં મુક્તાનંદ સ્વામી પહેલ વહેલા સમંડળ ગયા હતા. ત્યાં છ માસ રહીને વિજ્ઞાનવાર્તાથી અને સચ્ચારિત્ર્યથી બહુ મુમુક્ષુ જનોને સંતોષ પમાડીને સત્સંગનો સાચો રંગ લગાડ્યો હતો. તે પછી નિત્યાનંદસ્વામી ગયા હતા. તેમણે આ પાંડિત્યપૂર્ણ કથા વાર્તાથી સુજનોને સારો સંતોષ પમાડયો હતો. કોઈ પ્રસંગ નિકળતાં સર્વ હરિભક્તોએ કહ્યું કે મુક્તાનંદસ્વામી બહુ મોટા સાધુ છે. પછી નિર્મત્સર નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે બ્રહ્માકૃત સૃષ્ટિમાં તેમના જેવો કોઈ સદ્ગુણી સમર્થ સત્પુરૂષ નથી. એ તો અદ્વિતીય છે. એમ જે મોટો હોય એજ મોટાની મહત્તાને જાણે. બીજા પામરો શું જાણે ? મહિમા સમઝવો મુશ્કેલ છે.

એક અવસરે શ્રીહરિએ મુક્તમુનિને ખાસ બોલાવીને કહ્યું જે તમો મંડળ લઈને બગડ ગામે જાવ. ત્યાંના નિવાસી જસા ખાચરને રામકથા સાંભળવાની તીવ્ર વાંછા છે તો તમો વાંચજો. પછી મુક્તમુનિ બગડ જઈને સાધુની ધર્મશાળામાં ઉતર્યા. જસા ખાચરને ઉપરના શ્રીહરિ પ્રોક્ત સમાચાર કહી સંભળાવતાં ખુબ ખુશી અને મુનિકૃત રામકથાને આરામથી સાંભળીને સંતુષ્ટ થયા. આ પ્રસંગે બીજા પણ ભાવિક બહુ લોકો કથાશ્રવણ માટે આવતા, એ સર્વેને શ્રીહરિના મહિમાની વાતો કરતાં સત્સંગી થયા. પછી ખાચરને સાથે લઈને મુનિ ગઢડા આવ્યા અને શ્રીહરિ પાસે તેડી જઈને વર્તમાન ધરાવરાવીને શ્રેષ્ઠ સત્સંગી કર્યા. પછી શ્રીહરિએ પ્રસન્નતા પ્રદર્શક ચરણારવિંદ મુક્તમુનિને આપ્યાં. એમ રંજક રામકથાથી પણ લોકોને રંજન કરીને સત્સંગનો પ્રચુર પ્રચાર આચરતા. આ ગુણ તો એક એમને વિષેજ અસાધારણ આદર્શ હતો.

એક વખતે શ્રીહરિએ મુક્તાનંદ, બ્રહ્માનંદ, નિત્યાનંદ, ગોપાળાનંદ, આ ચાર મુનિશ્રેષ્ઠોને પુછયું જે તમારામાં એવો એક મુખ્ય ગુણ કયો છે ? જેમાં સહજે ચમત્કાર રહ્યો હોય. પછી પ્રથમ મુક્તમુનિએ વિચારીને કહ્યું જે પથ્થર જેવો કઠિન ન પલળે એવો અને મલિન-મનવાળો માણસ હોય, પણ જો મારી વાત સાંભળે તો તેનું અંતઃકરણ પલળીને કોમળ નિર્મળ થઈને ભગવાન સન્મુખ થઈ જાય. એવો મારી વાણીમાં મુકુંદની કૃપાથી ચમત્કારિક ગુણ જણાય છે. પછીથી શ્રીહરિએ કહ્યું કે એ ગુણ તમારે વિષે સ્વભાવિક વર્તે છે તે અમારા અને સર્વના અનુભવમાં છે. એમ એ ગુણની શ્રીહરિએ પ્રશંસા કરી. કોઈના વાતમાં પણ જાદુ ચમત્કાર હોય છે.

એક અવસરે વડતાલમાં સભાવિષે વિરાજમાન શ્રીહરિ પાસે નાગડા વેરાગી પચાસ ક્રોધભર્યા આવ્યા. તેમનું વિકરાળ વિરૂપ રૂપ જોઈને શ્રીહરિએ એક પદાતિને કહ્યું કે મુક્તાનંદ મુનિને સત્વર બોલાવી લાવો. આવેલા મુનિએ શાંતિથી બાવાઓને

કહ્યું કે - તમોતો સાક્ષાત્ વૈકુંઠનાથના બહુ માનીતા પ્રવર પાર્ષદ હોઈને અમારી રક્ષા માટે વૈકુંઠનાથે મોકલ્યા હોયએમ જણાય છે. ઈત્યાદિ સારા શબ્દમાં પ્રશંસા કરવાથી નાગડાનો ક્રોધવેગ શાંત થઈ ગયો અને બોલ્યા કે અમે તો વાઘ દીપડા જેવા ક્રૂર સ્વભાવવાળા છીએ. વૈકુંઠનાથના સાચા પાર્ષદ તો તમો છો. આ રીતે ક્રોધાક્રાંતને પણ શાંત કરી દે એવી મુક્ત મુનિની વાણીમાં અમૃતતુલ્ય મધુરતા હતી. **'वाङ्माधुर्ये जायते सज्जनत्वं'** વાણીની મધુરતાથી દુર્જન પણ સુજન ભાવને ભજે છે. **''प्रशंसा कस्य न प्रिया ?' 'प्रशंसितः किं न करोति कार्यं'** પ્રશંસા કેને પ્રિય થતી નથી ?, પશુઓ પણ પ્રશંસાથી પ્રસન્ન થઈને ધણીનું ધાર્યું કામ દેહને નહિ ગણીને પણ કરી દે છે એ દેખીતી વાત છે. આ લોકરંજક નીતિ છે તે મુક્તમુનિમાં અસાધારણ હતી, તેનો બહુધા ઉપયોગ સત્સંગ હિતાર્થે કરતા.

એક ગામમાં મુક્તમુનિશ્રી સભા કરીને બેઠા હતા, તે ટાઈમે કેટલાક સાધુઓ સ્નાન કરીને આવ્યા, તેમાં એક અડબંગા સાધુએ ઓશરીની કોર ઉપર પગ ધોવાથી મોદીયું પલળ્યું, આ અનર્થ જોઈને મુનિએ સારા શબ્દમાં સ્વલ્પ ઠપકો આપ્યો. એટલું કહેવામાત્રમાં સાધુને એટલોબધો ક્રોધ સર્પવત્ ચઢી ગયો કે જેને પરિણામે સ્વામીને છેતરીને ન્હાવા લઈ જઈને કુવામાંનાખી દેવાના દુર્વિચાર પર આવ્યો. એક રાત્રિએ સ્વામીને કહ્યું જે મારે ન્હાવા જવું છે તે સાથે આવો. સ્વામીતો તેનો પાપાશય જાણી ગયા હોવાથી ગયા નહિ, **'क्रुद्धो हन्याद्गुरूनपि'** એમ શાસ્ત્ર કહે છે તે બરોબર છે. પછીથી સ્વામીએ ગીતામાં કહ્યા મુજબના ક્રોધમાં રહેલા દુરંત દોષો દેખાડવા પૂર્વક તેને સાધુધર્મનો સચોટ ઉપદેશ આપવાથી પ્રશાંત ક્રોધ કરી દીધો. પછી પ્રણામ કરીને બોલ્યો જે મારી મતિ અતિવિપરીત થઈગઈ હતી તે તમોએ શાંત કરી દીધી તે બહુ સારૂ થયું. નહિ તો મને બહુ અનર્થ નરકગામી થાત. એમ મુક્ત મુનિ ગમે તેવો ક્રોધાકુળ હોય તેને પણ મધુ વાતોથી શાંત કરી દેતા હતા. એવાતો અનેક દાખલાઓ છે. ક્રોધીને શાંત કરવાથી બહુ પુણ્ય થાય છે એમ શાસ્ત્ર પણ કહે છે. અલ્પ બાબતમાં પણ મોટા ઉપર પણ ક્રોધ કરનારા જગતમાં જાણીતા છે, સાધુવર્ગમાં એવા હોય એ આશ્ચર્ય પામવા જેવું છે. વચ-લો-૧ માં શ્રીમુખે ક્રોધાનિષ્ઠ અનેક દોષોને દર્શાવવાપૂર્વક તેના રૂપની વિરૂપતા જણાવી છે.

બ્રહ્માનંદ સ્વામીનો એક ચેલો વિચિત્ર સ્વભાવનો હોવાથી તેમને પડ્યા મુકીને મુક્તાનંદ સ્વામી પાસે જઈ રહ્યો. 'જો હું નહિ રાખું તો સત્સંગ બહાર જતો રહેશે' એવા સદાશયથી તેને રાખેલો. પરંતુ બ્રહ્માનંદ મુનિને મુક્તાનંદ મુનિ ઉપર શંકા આવી કે મારા ચેલાને ફોસલાવીને રાખ્યો છે. એને પરિણામે સાત દિવસ સુધી મુક્ત મુનિનાં દર્શન કરવા ગયા નહિ. આ વાત પાળા રતનજીએ શ્રીહરિને જણાવવાથી

તેમણે બ્રહ્મમુનિને ઠપકાના રૂપમાં કહ્યું જે આજ અમે એક અપૂર્વ આશ્ચર્ય જોયું જે નિર્માયિક તમારે વિષે પણ માયાએ પ્રવેશ કર્યો છે. મુક્ત મુનિ કે જે અમારા ગુરુ હોઈને સર્વેના ગુરુ છે તેમનાં દર્શન કરવા ચેલાની રીષથી ગયા નથી. આ સમયે જીવુબા ઓરડામાં હતાં તે મર્મમાં બોલ્યાં કે સાધુઓમાં પણ ચેલા માટે ફાટફૂટ થાય છે. તેનો પ્રતિઉત્તર બ્રહ્માનંદ મુનિએ મર્મમાં આપ્યો જે મારો કાંઈ વાંક નથી પરંતુ હું માંદો થયો ત્યારે સર્વેની મને જીવાડવાની ઈચ્છા થતાં સાત સાત દિવસની આયુષ આપી હતી. તેમાં કોઈ વઢકણી રાંડની આયુષ્ય સાત દિવસની આવી હશે તેના દુષ્પાપથી મારી સુમતિમાં પણ આવી દુર્મતિ આવી હશે. એમ હાસ વિનોદ કરીને તુરત ઉઠીને મુક્ત મુનિને દંડવત્ પ્રણામ કરીને સરોદન ક્ષમા માગી. પછી મુક્ત મુનિએ યથાપૂર્વ પ્રેમથી કહ્યું કે તમોએ કાંઈ ઈર્ષ્યા કરી નથી અને મને કશું દુઃખ લાગ્યું નથી. પછી 'उत्तमे तु क्षणं कोपः' जलरेखेव' એ વાક્યમાં કહ્યા મુજબ રોષરહિત થઈનેબન્ને એકમેક થઈને રહ્યા. (હ. ક. ૭ વિ. ૪૭) આ કથા પણ મુક્ત મુનિની સાધુમહત્તાને સૂચવનારી રહસ્યતમ છે. ચેલા રાખવાની રુડી રીતિ વચ. મધ્ય ૪૭ માં શ્રીમુખે કહી છે.

એક અવસરે ગઢડામાં વિરાજમાન શ્રીહરિ પાસે પરદેશથી ગવૈયા આવ્યા. ગાયનમાં કુશળ તેઓએ ભાવનગર આદિક રજવાડામાં ગાયન કરીને સારા શિરપાવ મેળવ્યા હતા. એમણે એવું સાંભળેલું કે સ્વામિનારાયણના સાધુઓ બહુ હુશીયાર ગવૈયા છે, છતાં કાંઈ આશાથી ગાયન કરવા લાગ્યા. પછી શ્રીહરિએ મુકત મુનિને ગાવાની આજ્ઞા કરતાં તેમણે પગે ઘુઘરા બાંધીને અને હાથમાં કડતાલ લઈને ઉભા થઈને સભામાં ગાયન કર્યું અને વધારામાં પોતાને પગે કરીને કુંકુમનો હાથી ચિતરી આપ્યો. આ બધું જોઈને ગવૈયા આશ્ચર્ય પામ્યા અને આમની ગાયનવિદ્યા આગળ આપણી ગાયનવિદ્યા કશા લેખામાં નથી એમ સ્વયં સમઝી ગયા. પછી શ્રીહરિએ તેમનો સારો સત્કરા કરીને વિદાય કર્યા. એણ મુક્ત મુનિની ગાયનનિપુણતા અસાધારણ આદર્શ હતી એ વાત સંપ્રદાયમાં સર્વ જાણીતી જુની છે.

ગામ ભેંશજાળના ત્રવાડી મોતીરામ વિપ્ર સદ્ગુણો સાંભળીને મુકત મુનિનાં દર્શન કરવા દુર્ગપુર આવ્યા, એ અવસરે સ્વામીએ શિષ્ય શાંતાનંદજીને અક્ષર ઓરડીમાં શ્રીજીમહાજ શું કરે છે ? એ જાણી આવવા કહ્યું. તેમણે તત્ક્ષણ સ્વયં તપાસ કરીને કહ્યું કે શ્રીજીતો સ્નાન કરે છે. પછી ત્રવાડીનો હાથ ઝાલીને સ્વામીશ્રી શ્રીહરિ પાસે આવ્યા. ત્યાં ઉગમણા ખુંણામાં એક જાંબુડો હતો તે સ્થાને પાણીની ખાળ આવતી હતી તેને જોઈને સ્વામીશ્રી માથાનો રૂમાલ નીચે મુકી દઈને શ્રીહરિએ સ્નાન કરેલું પ્રસાદી જળ લઈને માથે ચઢાવવા લાગ્યા. એ અવસરે પોતે પાણી માથે

ચઢાવતા જાય અને ''હર ગંગા, હર ગોદાવરી, હર સરસ્વતી, હર ત્રિવેણી'' એમ તીર્થોનાં નામ બોલતા જાય. અને અંજળી ભરીને પાન પણ કરતા જાય. વળી ત્રવાડીને કહ્યું જે 'આ જળ અનંત જન્મના જટિલ રોગને પણ તરત ટાળી નાખે એવું પરમ પવિત્ર છે' પછીથી ત્રવાડીએ પણતે જળ મસ્તકે ચઢાવ્યું અને પાન કર્યું. આ અવસરે ત્રવાડીના મનમાં એમ થયું જે જ્યારે આવા ઈશ્વરાવતાર તુલ્ય મુક્તાનંદજી જેવા મહાસંત પણ શ્રીહરિનો આટલો બધો અપાર મહિમા સમઝે છે તો મહારાજ તો કેટલા બધા મોટા હશે ? પછી ત્રવાડીનો હાથ ઝાલીને સ્વામીશ્રી શ્રીહરિ પાસે આવ્યા. એટલે શ્રીહરિએ અલૌકિક દિવ્ય રૂપે દર્શન દેવાથી ત્રવાડીએ રૂદ્રાક્ષની માળા પડતી મુકીને દંડવત્પ્રણામ કરીને શ્રીહરિના પાકા ચરણાશ્રિત થઈ રહ્યા. એમ સ્વામીના સમાગમમાં જે કોઈ જાણે અજાણે આવે તેને જે તે રીતે શ્રીહરિના સુદઢ સમાશ્રિત બનાવી દેતા. એમનામાં એ ગુણ અનન્ય સામાન્ય હતો. આ ઉપરથી સ્વામીશ્રી શ્રીહરિના કેવા સમાહાત્મ્ય સુદઢ નિશ્ચયવાળા અને દાસત્વભક્તિવાળા હતા તે સ્પષ્ટ જણાઈ આવે છે. એમ હોવાથી જ શ્રીમુખે વચ. મધ્ય ૬૨ 'એવા દાસત્વભક્તિવાળા તો આજ ગોપાલાનંદસ્વામી અને બીજા મુક્તાનંદસ્વામી છે' આવા શબ્દોમાં વખાણ્યા છે. દાસત્વભક્તિનું સ્વરૂપ એજ વચનામૃતમાં જણાવ્યું છે. દાસપણું આવવું અતિદુર્લભ છે.

શુકાનંદ મુનિને શ્રીહરિએ સાધુદીક્ષા તો આપી, પરંતુ નામાભિધાન માટે મુક્ત મુનિ પાસે મોકલ્યા. મુનિએ બહુ વિચારીને શુકાનંદ એવું સાર્થક નામ પાડ્યું. ત્યારે શ્રીહરિએ કહ્યું કે સ્વામી પણ જાણતા જણાય છે. પૂર્વે જેમણે પરીક્ષિતનું સાત દિવસમાં કલ્યાણ કર્યુ હતું તે આ શુકજીનો અવતાર શુકાનંદ છે. એમ સ્વામીને પૂર્વ ભવનું પણ જ્ઞાન હતું. આવો પ્રાચીન પુણ્યસંબન્ધ હોવાથીજ વચ. કા. ૩માં ''આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એમનો ચઢતો ને ચઢતો રંગ છે પણ મંદ પડતો નથી. માટે એતો મુક્તાનંદસ્વમી જેવા છે' એમ શ્રીમુખે સારા શબ્દોમાં વખાણ્યા છે. વખાણમાં મુક્તમુનિને દષ્ટાંત તરીકે લીધા છે, જેથી તેમનો મહિમા તતો સમધિક સ્વતઃ કહેવાય જ.

કોઈ એક સમયે શ્રીહરિ માણકી ઘોડીએ વિરાજ્યા હતા અને આગળ એક ગાડામાં મુનિમુક્ત બેઠા હતા. ઘણા સાધુઓ પણ ભેલા ચાલતા હતા. આ બધો સંઘ વડતાલ સમૈયા ઉપર આવતો હતો. ગાડા પાછળ તેને અડીને જ ચાલતી ઘોડી ઉપર વિરાજમાન શ્રીહરિ પ્રત્યે મુકતાનંદજીએ પુછયું કે આ માણકીએ પૂર્વે શું ભારે તપ કર્યુ હશે ? જેથી આપ ભગવાનની સુદુર્લભ સેવામાં તત્પર રહે છે. પછી શ્રીહરિ બોલ્યા કે આ માણકીએ અને તમોએ ભેળું તીવ્ર તપ કર્યું છે, જેથી આવા સુયોગમાં આવ્યા

છો. પૂર્વ ભવના તપ વિનાતો આવો સુયોગ મળવો સુદુર્લભ છે. પછી વળી પ્રસંગાત્ શ્રીહરિએ કહ્યું જે તમોને આ ક્ષયરોગ થયો છે તેનું તમને અશુભ વાસના તો નજ હોય પણ શુભ વાસના રહી ગઈ હોય છે તે જ્યારે દેહમાં દુઃખ આવે ત્યારે ટળે છે. શુભ વાસના પણ જન્મપરંપરાને ધરાવે છે. પછી સ્વામીએ સાચું કહ્યું જે-મારે પણ શુભ વાસના રહી હતી. આમાંની કેટલીક વાત શ્રીમુખે વચ. મધ્ય. ૪૭ 'જેમ આ મુકતાનંદ સ્વામીને ક્ષયરોગ થયો છે તે દહી દુધ ગળ્યું ચીકણું કાંઈ ખાવા દેતો નથી, તેમ જે સમઝુ હોય તેને એમ જણાય જે આ રોગે સારૂં સારૂં ખાવા પિવાનું ખંડન કરી નાંખ્યું, માટે આતો ક્ષયરોગરૂપે જાણીએ કોઈક મોટા સંતનો સમાગમ થયો હોય ને શું ? એમ ભાસે છે'' મધ્ય ૬૨ ' અને આ ત્રણ અંગ (આત્મનિષ્ઠા, પાતિવ્રત્ય, દાસત્વ) ની અમે જે વાર્તા કરી છે તે બહુધાતો આ મુક્તાનંદસ્વામી સારૂ કરી છે અને મુક્તાનંદસ્વામી ઉપર અમને ઘણું હેત છે તે એમને શરીરે મંદવાડ છે તે રખે કોઈ વાતની સમઝણમાં ખામી રહી જાય નહિ ? એમ જાણીને આ વાર્તા કરી છે, પછી મુક્તાનંદસ્વામીએ પણ કહ્યું જે હે મહારાજ મેં પણ જાણ્યું છે જે મારા સારૂજ આ વાર્તા કરી છે'' આવા શબ્દોમાં કરી છે. જેની ઉપર સાચુ હેત હોય તેનું સદા હિત કરવા તરફ વૃત્તિ રહે છે. શ્રીહરિને પણ એમજ હોવાથી મુક્તમુનિનું સદા હિત કર્યા કરે છે.

કોઈ સમયે મુક્તમુનિ અને બ્રહ્મમુનિ બન્ને મહાત્માઓ કારેલી ગામની ભાગોળ આગળ થઈને નીકળ્યા. ત્યાંનો એક દ્વેષી વેરાગી મઠમાંથી નીકળીને એકદમ બન્નેનાં કાંડાં પકડીને મઠમાં લઈ જઈને એક કોરે બેસારીને ખડકી બંધ કરીને નાક કાન કાપવાના દુરાશયથી છરો ઘસવા મંડ્યો. આ બધું ભયજનક દ્રશ્ય પ્રત્યક્ષ જોઈને બ્રહ્મ મુનિયે કહ્યું કે આ બાવો આપણાં નાક કાન જરૂર કાપશે. એથી જગતના લોકો આપણા માટે બહુ ખોટું અસહ્ય કહેશે, ત્યારે મુક્ત મુનિએ કહ્યું કે જગતમાં વ્યભિચારાદિ ખોટાં કર્મો કરનારા છે તેનાં નાક કાન કપાય છે, આતો ભગવાનને અર્થે છે, એમાં આપણું કાંઈ ખોટું કહેવાશે નહિ. અજ્ઞાની લોકો ગમે તેમ બોલે તેની પરવા કરવી નહિ, ભગવાનતો સઘળું જાણે છે તે અનન્યભક્તની રક્ષા કરશે જ. એમ વાતો કરે છે એટલાકમાં રાઘવજી નામનો એક માણસ ઈશ્વરપ્રેરિત આવી ચઢ્યો. ઉપરનું અક્ષમ્ય દ્રશ્ય જોઈને અશરણ સાધુ ઉપર દયા આવવાથી વંઢી ટપીને એકદમ અંદર આવ્યો. અને વેરાગીને જોરથી ધક્કો મારીને કોરે કરીને મુનિઓને છુટા કરીને, વળી રસ્તામાં વેરાગી મારશે એમ જાણીને બેગાઉ સુધી મુકી આવ્યો. એમ શ્રીહરિએ અન્ય દ્વારા રક્ષા કરી. તેનો જ્યારે અંતકાળ આવ્યો ત્યારે તેને તેડવા આવેલા મુનિઓને પ્રત્યક્ષવત જોઈને બોલ્યો કે જેને મેં છોડાવ્યા હતા તે

સાધુઓ તેડવા આવ્યા છે તે ભેળો હું ધામમાં જઉં છું. એમ બીજાને કહીને દેહ મુકી ગયો. અલ્પ પુણ્યથી પણ કેવું મહાફળ મળે છે તેને માટેનો આ દાખલો છે. આ ઉપરથી મુક્ત મુનિની ધીરજ, સમજણ અને ભગવાન વિષે રક્ષકપણાનો વિશ્વાસ અનન્યસામાન્ય હતો તે જણાઈ આવે છે મુક્ત મુનિને વિશ્વાસનું અંગ છે એમ શ્રીમુખે કહ્યું છે.

ખુશાલ ભટ્ટ (ગોપાલાનંદમુનિ) મુક્તમુનિ પાસે રામાનુજાચાર્યકૃત ગીતાભાષ્ય ભણ્યા હતા, તે મહામુનિ તપ ત્યાગ જ્ઞાન વૈરાગ્યાદિ ગુણોએ યુક્ત હોવાથી એમને મુક્તમુનિ વિના બીજા સાથે રૂચિ બેસશે નહિ એમ શ્રીહરિએ જણાવેલું એમની બન્નેની એકજ રુચિ હતી. 'समानशीलव्यसनेषु सख्यं' એવી નીતિ છે.

વડતાલમાં જ્યાં આજ મોટું મંદિર છે તે સ્થળે પૂર્વે રહેલી બોરડીના ઝાડ તળે શ્રીહરિએ સભા ભરી હતી. સંકલ્પનો પ્રસંગ નીકળતાં શ્રીમુખે મુક્તમુનિને પુછયું કે તમને (વિષયના) ઘાટ સંકલ્પ થાય કે ન થાય ? પછી મુનિએ નિષ્કપટ હૃદયથી કહ્યું કે 'न ह वै शरीरस्य सतः प्रियाप्रिययोरपहतिरस्ति' એ શ્રુતિમાં કહ્યા મુજબ દેહધારી સર્વેને ઘાટ સંકલ્પ તો થાય જ, એજ રીતે મને પણ થાય છે પણ તે તરત શમી જાય છે. પછી તેમને એક સ્થળે જુદા બેસવાનું કહ્યું પછી બ્રહ્મમુનિને પુછયું ત્યારે તેમણે કહ્યું કે મને ઘાટ સંકલ્પ થતા નથી, પછી શ્રીહરિએ ફરી કહ્યું કે નિષ્કપટ થઈને સાચું બોલો ? પછી બ્રહ્મમુનિએ સાચું કહ્યું કે ઘાટ સંકલ્પ તો થાય છે. પછી તેમને મુક્તમુનિ પાસે જઈને બેસવાનું કહ્યું. એ રીતે સર્વ સંતોને પુછયું. પછી ગૃહસ્થોને પણ પુછયું. તેમાં એક બેજણ ખોટું બોલ્યા જે અમને ઘાટ સંકલ્પ થતા નથી. પછી અલૈયાએ કહ્યું જે જેમ મુઠીમાંથી રેતી વહેતી રહે તેમ ઘાટ સંકલ્પ સારા નરસા અખંડ થયા જ કરે છે. મન તો ભૂત જેવું છે તેને નવરૂં રહેવા દેવું નહિ, કોઈ પણ ભક્તિમાં જોડી રાખવું, વિગેરે વાતો શ્રીહરિએ કરી છે (હ. ક. ૭. વિ. ૨૯) આ વાત ઉપરથી મુક્ત મુનિની નિષ્કપટતા અને સંકલ્પની સદ્ય નિવૃત્તિતા જાણવામાં આવે છે. આ બાબત વચ-મધ્ય ૨૭ 'પછી મુક્તાનંદસ્વામિએ કહ્યું જે કોઈક પદાર્થને યોગે તથા કોઈકની અવળાઈ દેખાય તેનેયોગે તે ઉપર ક્રોધ થાય પણ તત્કાળ શમી જાય છે......એવું તમારે વિચારનું બળ રહે છે તે શાને યોગે રહે છે ? ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે એક તો ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમઝાય છે જે જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તેસ્વભાવ રાખવો નથી. અને બીજો શુકજી ને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે 'સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે કામ ક્રોધાદિકના જોરને હઠાવે એવો જે વિચાર તેતો ગુણ થકી પર છે તે એ તમારા જીવમાં રહ્યો છે અને એવી રીતે

કામ ક્રોધાદિક ગુણને હઠાવે એવું જે જોર છે તે પૂર્વ જન્મનો સંસ્કાર છે. અને તમારૂં એટલું તો અમને જણાય છે જે 'તમારે જે જે માયિક પદાર્થનો યોગ થાય તેની આંટીમાં પ્રથમ તો આવી જવાય, પણ અંતે જતાં એના બંધનમાં રહેવાય નહિ, બંધન તોડીને નિકળાય ખરૂં'' આવા શબ્દો કહ્યા છે. આ ઉપરથી મુક્તમુનિની સાચી સાધુતા સાબીત થાય છે. ઉપજતા ઘાટ સંકલ્પને શમાવી દે તે સંત અને ન શમાવી શકે તે અસંત એવું સંત અસંતનું લક્ષણ કહ્યું છે.

એક અવસરે લોજમાં વિરાજમાન નારાયણમુનિ મુક્તાનંદમુનિનેકહ્યું જે તમો માંગરોળ જાવ. એટલે મુનિ તૈયાર થઈને જતી વખતે શ્રીહરિને સાષ્ટાંગ પ્રણામ કરીને ચરણકમલમાં મસ્તક મુકીને પગે લાગ્યા અને શ્રીહરિને પ્રેમથી ભેટીને મળ્યા. આરતીનો સમય થતાં શ્રીહરિએ કહ્યું જે સ્વામી પાછા વળો, અમારા હાથ પગના નખ લેતા જાવ. પછી સ્વામી પાછા વળી પાસે આવીને પોતાને પૂજા કરવાની ધાબળી ઉપર શ્રીહરિને બેસારીને, પોતાને ઓઢવાના વસ્ત્ર ઉપર શ્રીહરિનાં ષોડશચિહ્નાંકિત ચરણારવિંદરાખીને હાથ પગના નખ ધીમેથી ઉતાર્યા. તેને ખરી પ્રસાદી માનીને વસ્ત્રને છેડે બાંધી લીધા. ફરી અષ્ટાંગ પ્રણામ કરીને મળીને પાછે પગલે (પુઠ ન થાય એ માટે) મંદિરની ખડકીથી બહાર નીકળ્યા. આ બધું અદષ્ટપૂર્વ દશ્ય જોઈને જોનારા મહાત્મ્યશૂન્યને આશ્ચર્ય ઉપજે એ સહજ છે. આ અવસરે સ્વામીએ શ્રીહરિ ઉપર 'माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे' એમાં કહ્યા મુજબનો માહાત્મ્ય સાથેનો ઘણો સ્નેહ જણાવ્યો. ગૌણ નહિ પડતાં જીંદગી સુધી સ્થિર રહે અને પ્રતિદિન નવું નવું વધતું જાય એવા મુક્ત મુનિમાં વર્તતા માહાત્મ્યની પ્રશંસા સારા શબ્દોમાં શ્રીમુખે વચ-સા. ૩ માં કરી છે.

એક અવસરે દુર્ગપુરમાં શ્રીહરિ સખાઓ સાથે સ્વૈર રમુજ કરતા હતા. એજ ટાઈમે મુક્તમુનિ દર્શને આવ્યા. દૂરથી આવતા દેખીને એક પાર્ષદે શ્રીહરિને ચેતાવી દીધા જે મુક્તમુનિ આવે છે. એટલે તત્ક્ષણ રમુજ બંધ કરી દઈને બીજી વાતતચિત કરવા મંડયા. આવેલા મુનિને પોતાના પર્યંક પાસે ગાદી તકીયો નંખાવીને તે ઉપર બેસાર્યા. એમ મુનિની મર્યાદા શ્રીહરિ રાખતા. વયોવૃદ્ધ અને વળી ગુરુ હોવાથી તેમની મર્યાદા રાખવી જોઈએ એ લોકશાસ્ત્રસિદ્ધ બાબત છે. સ્વામી તો તેવી રમજુને ગાન કરવા યોગ્ય ભગવાનની દિવ્યલીલા સમઝતા હોવાથી મનમાં કશો દોષ ધારતા નહિ, છતાં મર્યાદા રાખતા તે મુનિમુક્તના ગૌરવાર્થે છે.

ભગવાન શ્રીહરિ એક સમયે શ્રીનગર પધાર્યા. એ અવસરે પાંચ સો સાધુઓને કહ્યું જે 'આજ તો બધા જ ઉઘાડે માથે એક સાથે બજાર વચ્ચે થઈને ચાલો.' મુક્તમુનિને કહ્યું જેતમને ઝેરની અસર હોવાથી તાપથી માથું દુઃખાઈ આવશે, માટે

માથે રૂમાલ રાખશો. આજ્ઞા મુજબ બજારમાં બધા સાથે ચાલતાં જોનાર લોકો એમ બોલ્યા જે આ બધા મુંડીયા તો સ્વામિનારાયણના છે, પણ જે આ એક માથે રૂમાલ બાંધીને જાય છે તે સ્વામિનારાયણનો નહિ હોય. એવો શબ્દ સાંભળતાં સ્વામીએ તત્ક્ષણ મસ્તકથી રૂમાલ ઉતારીને હાથમાં લીધો. શહેર બહાર આવ્યા પછી શ્રીહરિએ પુછયું જે રૂમાલ કેમ માથેથી ઉતારી લીધો ? ત્યારે સ્વામીએ કહ્યું જે જો હું તમારો ન હોઉં તો રૂમાલ માથે રાખું ને ? એમ સ્વામીશ્રી સર્વ સંતોને સમાનપણે રહેતા. જેમાં કશો અર્થ નથી એવી મિથ્યા મોટપ્યને મનાવા માગતા નહિ.

એક અવસરે ગઢડામાં રહેલા મુક્ત મુનિએ સ્નાન કરીને પહેરેલું ભીનું ધોતીયું હેઠે ઉતાર્યું. ત્યારે સારંગપુરના કુંભાર પુંજાજી તે ધોતીયું ધોવા માટે લેવા ગયા. ત્યારે સ્વામીએ પુછયું જે તમે સાંખ્યયોગી છો કે કર્મયોગી ? ત્યારે તેણે કહ્યું જે હું તો કર્મયોગી છું. ત્યારે સ્વામીએ જણાવ્યું જે ધોતીયાને અડશો નહિ. પછી પુંજાજીના મનમાં એમ થયું જે હું સ્વામીના દોતીયાને અડવાની પણ લાયકાતવાળો નહિ ? પછી તો સંસારને હરામ કરીને ત્યાગી થઈ ગયા. કર્મયોગી પાસે ધોતીયું ન ધોવા દેવું એ તો ત્યાગિધર્મની પરા કાષ્ટા છે, તે કોઈકજ પાળી શકે ? આવી સૂક્ષ્મ બાબત ઉપર પણ સ્વામીશ્રી ધ્યાન આપતા અને આવા સાધુચારિત્ર્યથી સંસારિને વૈરાગ્ય ઉપજાવતા.

એક સમયે અક્ષર ઓરડીમાં વિરાજમાન શ્રીહરિ પાસે સાધુનું એકમંડળ દેશમાં ફરવા જનાર દર્શને આવ્યું. દર્શન કરીને પાછું વળ્યા પછી મુક્ત મુનિને પુછયું જે આ સંતો કેવા છે ? મુનિએ કહ્યું જે સ્ત્રી ધનના ત્યાગનાં વર્તમાનમાં ફેર પાડે એવા નથી. એ સાંભળીને શ્રીહરિ બહુ રાજી થયા. એમ સ્વામીશ્રી દરેકનો ગુણ જ કહેતા પણ કોઈનો દોષ કહેતા નહિ. લોકમાં ઘણા માણસો પોતાના દોષ જોવામાં અન્ધદષ્ટિવાળા અને પારકા દોષ જોવામાં દિવ્યદષ્ટિવાળા થાય છે. એવા તરફ સ્વામીશ્રી અણગમો જણાવતા. દોષવાળાને પણ નભાવી લેવાની સહજ પ્રકૃતિવાળા સ્વામીશ્રી બીજાના દોષને ન જુવે એ સહજ છે.

વચ.કા. ૧૦ "શ્રીજીમહારાજના શરીરમાં કાંઈક તાવ જેવું જણાતું હતું અને આગળ સગડી મેલીને તાપતા હતા. પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે અમારી નાડી જુઓ, શરીરમાં કાંઈ કસર જેવું જણાય છે, પછી મુક્તાનંદ સ્વામીએ નાડી જોઈને કહ્યું જે હે મહારાજ ! કસર તો બહુ છે" વળી અંતર્ધાન થવાના થયા ત્યારે પણ ભક્તોને ધૈર્ય ધરાવવા મુક્ત મુનિને નાડી જોવાનું કહેતાં, તેમણે નાડી જોઈને કહ્યું જે હવે કશી વ્યાધિ નથી. આ ઉપરથી નાડીપરીક્ષણ આદિક વૈદ્યવિદ્યામાં પણ સ્વામીની વિશારદતા પ્રતીત થાય છે. જ્યારે ભગવાનની નાડીને જોઈ ને રોગની પરીક્ષા કરે છે તો બીજાની કરે એમાં કાંઈ કહેવાનું રહેતું નથી. આ ગુણ તો સર્વ

લોકોપયોગી પણ ઘણો છે.

મુક્તાનંદસ્વામીનાં બહેન ધનબાઈ નામે ધન્યભાગી હતાં. સહોદર ભાઈ બહેનને સ્નેહ તો અકૃત્રિમ હોય છે, આ બહેનને તો ભાઈ ઉપર પરમ સ્નેહ વિધિનિર્મિત હતો. (વિધિનિર્મિતની વાત તો જુદી જ હોય છે) ભાઈ એ સંસારનો પરિત્યાગ કર્યા પછી નિરાધાર થઈ પડેલાં બહેન ભાઈને નિરંતર અભિલષતાં હતાં અને તેમને જોયા વિના બહુ વ્યાકુળ રહેતાં. તેને લઈને ભાઈને સંસારમાં લાવવાના પારવાર પ્રયત્નો કરતાં પણ તે સફળ થયા નહિ છેવટે એ પ્રીતિનું વલણ ભાઈની અભિરુચિમાં મેળવ્યું. (સાચી પ્રીતિનું એજ લક્ષણ છે.) પછી ભાઈનો માર્ગ સ્વીકારવાની સમિચ્છાથી શ્રીહરિપાસે ગઢપુર આવ્યાં. દરબારમાં રહીને એક દિવસ રામકથા વાંચતાં હતાં તેને સસાંભળીને મુક્ત મુનિએ શિષ્ય શાંતાનંદજીને પુછયું જે આ કોણ વાંચે છે ? તેમણે કહ્યું જે ધનબાઈ આવ્યાં છે સ્વામી બોલ્યા જે માર્ગીના માર્ગમાં કોઈ સારાં ન નિવડે, માટે રજા અપાવી દ્યો. પછી ધનબાઈએ શ્રીહરિને વિનંતિ કરી જે મારે કલ્યાણની ઈચ્છા છે, તો મુક્ત સ્વામીને આજ્ઞા કરો જે મને ઉપદેશ આપીને યોગ્ય માર્ગ પ્રદર્શાવે, એ કહેશે એમ કરવા હું તૈયાર છું, એમના મુખની વાણી સુંણવાની મને ઉત્કટ ઉત્કંઠા છે. પછી શ્રીહરિએ કહ્યું જે અમારા સાધુને સ્ત્રીયોના સંબધમાં રહેવાનો પ્રતિબંધ છે, છતાં તમારો આવો કલ્યાણનો ખરો ખપ છે, તો તમારે માટે ઉપદેશની વાત કરે એવી અમો ભલામણ કરીશું. આ બાબતની મુક્ત સ્વામીને ખબર પડતાં તેમણે શ્રીહરિને કહ્યું જે સ્ત્રીને ઉદ્દેશીને મારાથી વાત કેમ થાય ? થાય તો ત્યાગીઓના નિયમમાંથી હું પતિત થઉં, જો આપ કૃપા કરીને મારી વાતને સ્વીકારો તો હું ચાર પદ કીર્તનનાં સામાન્ય ઉપદેશગર્ભિત સ્ત્રિયોપયોગી નવાં રચી આપું. પછી તે વાત શ્રીહરિ સ્વીકારતાં '**मोहनने गमवाने इच्छो मानिनी, त्यागो सर्वे जुठी मननी टेक जो । पतिव्रतानो धर्म अचळ करी पाळजो, हरिचरणे रहेजो अबला थइ छेक जो ॥**' ઈત્યાદિ ચાર પદો કે જે સંપ્રદાયમાં સર્વશ્રેષ્ઠ તરીકે સ્વીકાર્યા છે તે નવાં રચીને દરબારમાં મોકલતાં, ગાવામાં અને સમઝવામાં પ્રવીણ હોવાથી તેનો ભાવાર્થ સમજી જતાં જીવુબાને હાથે વર્તમાન ધારીને પાકાં સત્સંગી સાંખ્યયોગી થઈને રહ્યાં. એમ સ્વામીના સદુપદેશથી તેમનાં બહેન પણ ત્યાગી થઈ રહ્યાં. (આવી બહેનો જગતમાં મળવી દુર્લભ છે)

### મુક્તાનંદ મહામુનિને મહાપ્રભુએ પુરેલા પરચા -

મુક્તાનંદ મુનિને ભગવાન્ શ્રીહરિ પ્રત્યક્ષ મળ્યા પણ તેમના સર્વાત્મા પ્રભુપણામાં થોડો સંશય રહેતો. પછી શ્રીહરિએ તેમને રામાનંદ મુનિનાં દર્શન કરાવીને તે દ્વારા પોતાનું પ્રભુપણું સમઝાવીને અસંશય અનન્યદાસ કર્યા. પછી તો

મુનિના વચનમાત્રથી પણ સદ્ય સમાધિ થાય એવી કૃપા શ્રીહરિએ કરી આ બાબત (ભ. પ્ર. ૧૩૧) 'मुक्तानन्द संतशिरोमणी, मुखेशुं कहीए मोट्यप घणी । करे वात प्रभुनी विस्तारी सुखी सुखी थाय नरनारी.... त्यां तो दीठा रामानन्द स्वामी, निर्खि अव्यो अंतरे आनन्द... सारु समझ्या संत सुजाण, मान्या प्रभु प्रगट प्रमाण ॥ स्वामि सहजानन्द सुखरूप, एज इष्ट अमारा अनुप । पछी पोताना वचनमांय,बहु जीवने समाधि थाय । एम अलौकिक रीत जेह, मुक्तानन्दने देखाडी तेह'' આ રીતે રામાનંદસ્વામીના ખાસ શિષ્ય અને મુક્તમુનિના ખાસ જુના જાણીતા મિત્ર નિષ્કુલાનંદમુનિ કહે છે. આ કવિવર મુનિએ મુક્તમુનિની પ્રસંગે પ્રસંગે બહુ પ્રશંસા કરી છે.

વળી એક દિવસ મુક્તમુનિ એકાએકી ચાલતાં એક નિર્જન ગહન વન આવ્યું, દિવસ થોડો અને જાવાનું બહુ દૂર હતું, ત્યાં તો એક નદી જળભરપુર ઉતરી શકાય નહિ એવી આડી આવી, કાંઠે રહે તો વાઘનો ભય હતો, નદીનું પાણી પણ ખારૂં ઝેર હતું, તીવ્ર તૃષા લાગી અને કંઠ સુકાવા લાગ્યો, પછી તો ગોવિંદને ગમતું હશે તે થશે, એમાં આપણું કાંઈ જવાનું નથી, એવો દ્રઢ વિચાર કરે છે એટલાકમાં વિપ્રરૂપમાં આવેલા શ્રીહરિએ કહ્યું જે સાધુજી ! શો વિચાર કરો છો ? ચાલો હું નદીપાર ઉતારૂં, પછી મુનિની આગળ થઈને તેમનો હાથ પકડીને સામે તટ ઉતારી મુક્યા 'તમો ચાલો હું પાછળ આવું છું' એમ કહીને અંતર્ધાન થઈ ગયા. પાછળ જોયું પણ વિપ્રરૂપ જોવામાં આવ્યું નહિ. ત્યારે મુનિએ જાણ્યું જે આતો શ્રીહરિએ કૃપા કરીને કષ્ટમાંથી સહાય કરી છે. (ભ. પ્ર. ૧૩૧) એમ મુક્ત મુનિની વિષમ વખતે શ્રીહરિ રક્ષા કરતા હતા.

કોઈ અવસરે મુક્તાનંદ સ્વામી અમદાવાદ જઈને શહેર બહાર ઉતર્યા, સાથે બીજા ઘણા સંતો હતા, હમેશાં કરાતી કથા વાર્તા સાંભળવા ઘણા શહેરના મુમુક્ષુ લોકો આવતા અને મતપંથનો ત્યાગ કરીને સત્સંગી થતા. આ જોઈને બળી ઉઠેલા મત્સરી ભેખધારીઓએ ભેગા થઈને વિચાર કર્યો જે સ્વામિનારાયણના સાધુઓ આપણા શિષ્યોને સમઝાવીને વાળી લે છે, માટે એમાં જે મોટા મોટા અધિકારી મુક્તાનંદાદિ છે તેમને પ્રથમ મરાવી નાખીએ તો નચિંત સુખી થઈએ. પછી મુક્ત મુનિને પ્રસાદીના મિષથી હલાહલ ઝેર આપ્યું, પરંતુ શ્રીહરિએ રક્ષા કરી જે તે પ્રસાદી મુખમાંજ મુકી નહિ. જેનો સ્પર્શ થવામાત્રથી દેહ રહે નહિ એવું આકરુ ઝેર ચંદનમાં ઘસેલું હતું તે મુનિના અંગમાં ચર્ચ્યું. તેમાં પણ ભગવાને સહાય કરવાથી કશી આળ આવી નહિ. પરંતુ જે ચર્ચનાર હતો તેના હાથની ખાલ ઉતરી ગઈ અને જેણે નજરે જોયું હતું તેના નેત્રનું તેજ પણ ક્ષીણ થઈ ગયું. આ પરચાની વાત ભ. પ્ર. ૧૩૫માં નિષ્કુલાનંદ મુનિએ સંગ્રહી છે.

એક સમયે શ્રીહરિએ સમંડળ મુક્તમુનિ અને સમંડળ બ્રહ્મમુનિને ફરવા મોકલ્યા. દેશમાં ફરતા ફરતા એક ગામમાં ભેગા થઈ જતાં ત્યાંની ધર્મશાળામાં ઉતર્યા અને કથા વાર્તા કરવા મંડયા. એ સમયે મુક્ત મુનિએ સાધુઓને કહ્યું જે રામઝોળી માગી લાવો. ત્યારે બ્રહ્મ મુનિએ કહ્યું જે શ્રીહરિનું વચન છે જે મારૂં ધ્યાન કથા વાર્તા કરે તેને તો હું લાડવા જમાડું. માટે આજ આપણે ભિક્ષાવૃત્તિ કરવા જવું નથી. કથા વાર્તા કરીએ અને જોઈએ જે આપણને શ્રીહરિ લાડવા કેવા જમાડે છે ? ત્યારે મુક્ત મુનિ બોલ્યા જે આપણી જો એવી દઢ ટેક હશે તો ભગવાન લાડુ જમાડશે જ. પછી બધા ધ્યાન કથા વાર્તા કરવા મંડ્યા. બપોર થતાં તો બે ત્રણ બ્રાહ્મણો ધર્મશાળાનું બારણું ઉઘાડીને અંદર આવીને બોલ્યા જે આ ગામમાં એક શાહુકાર બ્રહ્મભોજ કરાવે છે તેણે તમારા માટે લાડુ વિગેરે મોકલ્યું છે તેને જમો. પછી પંક્તિ થતાં વિપ્રોએ પીરસીને ખુબ જમાડ્યા. જમી રહ્યા પછી બ્રાહ્મણો વાસણો વિગેરે લઈને પાછા ગયા અને સાધુઓ પાછા કથા કરવા મંડ્યા. પછી બધા તૈયાર થઈને ગામ વચ્ચે થઈને ચાલતાં બજારમાં બ્રહ્મ મુનિએ એક શેઠને પુછયું જે આ ગામમાં કયા શેઠે બ્રહ્મભોજન કરાવ્યું છે ? ત્યારે શેઠે કહ્યું જે આ ગામાં તો બધા શઠ છે, કોઈ બ્રહ્મભોજન કરાવે એવો ભાવિક નથી, તેમાં આજે તો કોઈએ કરાવ્યું જ નથી. તે સાંભળીને આગળ ચાલતાં મુક્ત મુનિએ કહ્યું જે એ તો સર્વજ્ઞ શ્રીહરિ તમારો સંકલ્પ જાણીને લાડુ જમાડી ગયા છે. દઢ વિશ્વાસ હોય તો ભગવાન હજુરાહજુર છે. પછીથી સર્વએ માન્યું જે આ તો શ્રીહરિએ પારમૈશ્વર્યપ્રદર્શક પરચો આપણને આપ્યો છે. એમ મુકત મુનિને ઘણા પરચા આપેલા છે.

સંપ્રદાયની સર્વોત્કૃષ્ટતા સાધવા માટેનો એટલો બધો સદાગ્રહ અને ત્યાગી ગૃહી અનુયાયી માત્ર ઉપર એટલો બધો પ્રેમ ધરાવતા કે જેને પરિણામે સર્વકોઈ અને ભગવાન્ શ્રીહરિ પણ ‘આ મુક્તમુનિ તો સત્સંગનાં મા છે’ એમ કહેતા. શ્રીહરિએ કોઈ વખતે ધરાવેલાં આકરાં વર્તમાન (નિયમો) ને ન પાળી શકે એવા અશક્ત હોય તો તેઓને પણ સમય વિચારીને પોતાને શિરે જવાબદારી લઈને નિભાવી લેતા. કારણ કે એમનો સ્વભાવ દયાળુ હોઈને સર્વનું શ્રેય કરવાના હેતુવાળો હતો. આ સ્વભાવ શ્રીહરિને પણ બહુ પ્રિય થઈ પડ્યો હતો. એક સમયે પચાસેક સાધુઓને લઈને મારવાડ તરફ સત્સંગ પ્રચારાર્થે સિધાવ્યા. તેમાં આત્માનંદસ્વામી પણ હતા. એ અવસરમાં શ્રીહરિએ સર્વ સંતોને ગળ્યું ચીકણું (ગોળ સાકર ઘી દુધ) નહિ ખાવાના વર્તમાન આપેલાં. નવા સ્થપાતા સંપ્રદાયને કોઈ માનનારા નહિ હોવાથી સ્થળે સ્થળે સત્કારને બદલે અસત્કાર જ મળતો અને તે સહનજ કરવો પડતો એ અનુભવની વાત છે. આવા વિષમ સમયમાં ભીક્ષા મળવી પણ ઘણી મુશ્કેલ હતી.

તેમાં પણ મારવાડ જેવા નિરુદક નિરન્ન દેશમાં અન્ન નહિ મળવાને કારણે સમંડળ પોતાને ત્રણ દિવસના ઉપવાસ થયા. તથાપિ લેશ પણ ગ્લાનિ નહિ પામતાં સર્વે સાધુઓ શાંતિથી ભગવાનનું ધ્યાન ભજન કર્યા કરતા હતા. ચોથે દિવસે શ્રીહરિ પ્રેરણાથી એક બ્રાહ્મણ સાધુઓ પાસે અચાનક આવી ચઢ્યો. સાધુઓનું સદ્વર્તન અને ધ્યાન પરતા નિહાળીને તેણે કાંઈ પુછ પરછ કરતાં સ્વામીએ તેને તત્ત્વ સંબન્ધી થોડી વાતો કરી. એથી વિપ્રના મનમાં સદ્‌ભાવ આવ્યો જે સાધુઓ સુપાત્ર છે, તેને પરિણામે તેણે પોતાને ઘેર ભોજન કરવા આવવાની નમ્ર વિનતિ કરી. પછી સ્વામીએ પોતાની વાત કરી જે અમારા ગુરુએ ગળ્યા ચિકણાનાં વર્તમાન ધરાવેલાં હોવાથી બીજાું કાંઈ મિષ્ટાન્ન નહિ કરતાં જો એકલી ખીચડી જ કરો અને તેમાં ઘી ન નાંખો તો જ આવી શકીએ. બ્રાહ્મણેતો આવી અદષ્ટપૂર્વ સાધુતાથી આશ્ચર્ય પામીને મુનિના કહ્યા પ્રમાણે હકાર ભણ્યો અને ઘેર જઈને જલદી ખીચડી બનાવીને સાધુઓને જમવા બોલાવવાં સત્વર ગયા. એક પાત્રમાં વિષ્ણુને નૈવેદ્ય ધરાવા થોડી ખીચડી કાઢી અને એમાં થોડુંક ઘી નાખ્યું. એ પ્રસાદભૂત ખીચડી બીજી વધારે ખીચડીમાં નાંખી દીધી. સાધુઓ જમવા બેઠા અને પિરસણ ચાલ્યું ત્યારે ભાઈ આત્માનંદસ્વામી કે જે વચનની મૂર્તિ (શ્રીહરિનું એકેય પણ અલ્પપણ વચન ઉલ્લંઘાય નહિ એવી આકરી ટેક રાખનારા) કહેવાતા તેમણે વિપ્રને પુછયું જે આ ખીચડીમાં ઘી નાખ્યું છે ? બ્રાહ્મણે કહ્યું જે તમારા નિમિત્તે ઘી નાંખ્યું નથી પણ દેવના નૈવેદ્ય નિમત્તે થોડું નાંખ્યું છે. પ્રસાદ્‌ભૂત ખીચડી બીજી ખીચડીમાં મેળવી છે. આ સાંભળતાં જ આત્માનંદસ્વામી તો એકદમ ઉભા થઈ ગયા અને બોલ્યા જે આ ખીચડી હું તો જમીશ નહિ. આ વચનને સાંભળીને મૃદુહૃદયનો વિપ્ર તો ખિન્નખિન્ન થઈ ગયો. આ સમયે સ્વામીએ વિચાર્યુ જે એક તો ત્રણ દિવસના કડાકાને અંતે સાધુઓને ખીચડી જેવું નિઃસ્વાદુ ભોજન મળ્યું છે અને બ્રાહ્મણે બહુ ભાવથી જેમ કહ્યું તેમ વર્તીને રસોઈ કરીને જમવા બેસાર્યા છે. આવા વિષમ સમયે આત્માનંદજીએ વાંધો કાઢ્યો છે તે અવિચારિતરમણીય છે. શ્રીહરિની આજ્ઞા પ્રમાણે તો તે બરોબર છે પણ દેશ કાલાદિકનો સહ વિચાર કરતાં બરોબર નથી. દેશ કાળ વય વિત્ત જાતિ અને શક્તિને અનુસારે આચારાદિકની વ્યવસ્થા ધર્મશાસ્ત્રમાં કહી છે. સમ દશામાં બીજો ધર્મ અને વિષમ દસામાં બીજો ધર્મ છે. આ બધું ધર્મનું ગહન તત્વ પણ જાણવું જોઈએ. આ બધો વિચાર કરતાં જમાડનાર ભાવિક બ્રાહ્મણ અને જમાડનાર ભુખ્યા સાધુઓ ઉપર દયા આવવાથી દીર્ઘ વિચારમાં પડી ગયા. જો હું આત્માનંદની પેઠે ઉઠી જઈશ તો ત્રણ દિવસના ભુખ્યા સાધુઓને ચોથો ઉપવાસ થશે અને ભાવિક બ્રાહ્મણની રસોઈ બગડશે, એટલું જ નહિ પણ સાધુઓનો ગુણને બદલે ભારે અવગુણ આવશે, જેથી તેના જીવનું સારૂં નહિ થાય. વળી ઘી કાંઈ

સાધુ નિમિત્તે નાંખ્યું નથી, દેવનૈવેદ્યમાં થોડું નાંખેલું છે તે સમગ્ર ભોજનમાં મેળવ્યું છે. દેવનૈવેદ્યતો સ્વીકાર્ય છે, માટે ગમે તેમ થાય પણ આ વખતે પંક્તિમાંથી ઉઠી જવું તે કોઈ રીતે સારૂં નથી. છતાં વર્તમાનભંગનો ઠપકો શ્રીહરિનો આવશે તો ક્ષમા માગી લેવાશે. પરંતુ બ્રાહ્મણ સાધુને અનિષ્ટ જેવું થાય તે મને ઈષ્ટ કેમ મનાય ? ઉપર મુજબની સઘળી બાબત મુ. સ્વામીએ આત્માનંદ સ્વામીને ભાવથી સમઝાવીએ પણ તે તો સૈનિકવત્ આજ્ઞાનો જ અમલ કરવા જ તત્પર હોવાથી જમવા બેઠા નહિ. ત્યારે મુક્તાનંદ મુનિએ સમસ્ત સંતોને કહ્યું જે તમો સુખેથી જમો, હું પણ તમારી સાથે જમું છું અને તેનો કાંઈ દોષ લાગશે તો તે મારે શિર છે, એમ અનુજ્ઞા આપાવાથી સર્વ સંતો જમ્યા. તેથી બ્રાહ્મણ અને સંતો બહુ સંતોષ પામ્યા. આથી બીજું શું જોઈએ ? તે બેના સંતોષથી ભગવાન પણ સંતોષને પામે છે એવું શાસ્ત્ર છે. પછી જ્યારે આ સંતમંડળને લઈને મુક્તાનંદ સ્વામી શ્રીહરિ પાસે આવ્યા અને તેમણે થએલા આજ્ઞાલોપની ક્ષમા માગી અને આત્માનંદ સ્વામીની આજ્ઞાપાલનની પ્રશંસા કરી ત્યારે મુક્તાનંદ સ્વામીના વર્તનને કારણે પ્રસન્ન થઈને બહુ પ્રશંસા કરી અને આત્માનંદજીને ઉપાલંભ આપતાં કહ્યું જે મારા અત્યર્થ પ્રિય સાધુની અને સત્સંગની આવી સૂક્ષ્મ દ્દષ્ટિથી વિષમ સમયે સંભાળ રાખે છે, માટે મુક્તાનંદ સ્વામી તો 'આખા સત્સંગની મા છે' (માતા જેમ પુત્રનું પાલન પોષણ કરે છે તેમ) અને તેમણે જે સમયસૂચકતા વાપરી તેથી હું અત્યંત પ્રસન્ન થયો છું. દેશ કાળને અનુસારે વર્તવું એ નીતિ છે. આત્માનંદજી તો ભુખે મર્યા એટલું જ ફળ પામ્યા. આ રીતે મુક્તમુનિ નાના મોટા, માંદા સાજા, સર્વેની ભેદભાવ વિના યથોચિત સંભાળ કરતા હતા. આ ગુણ એમનામાં સ્વાભાવિક હતો. શીખ્યો આવડતો નથી. 'दातृत्वं प्रियवक्तृत्वं धीरत्वमुचितज्ञता । अभ्यासेन न लभ्यन्ते चत्वारः सहजा गुणाः ॥ એવી નીતિ છે.

બીજી એક એવી જ વાત પ્રચલિત છે કે - એક સમયે સ્વામીશ્રી વડતાલમાં હતા. ત્યાં ઘણા વિદ્યાર્થીઓ ભણતા હતા. રાત્રિએ ભુખ્યા થવાથી ભંડારમાં જઈને સુકા રોટલા હાથમાં લઈને ખાવા બેઠા. દૈવયોગે સ્વામી પાણી પિવા જઈ ચડ્યા, એટલે બધા શરમાઈ ગયા અને રોટલા નીચે મુકી દીધા. વિદ્યાર્થીઓને ક્ષોભ થયો જોઈને મુનિને તો વિશેષ ક્ષોભ થયો. પછી સમય વિચારીને વિદ્યાર્થીને કહ્યું જે મને પણ બહુ ભુખ લાગી છે, જો રોટલો હોય તો આપો, પછી વિદ્યાર્થીએ આપેલો રોટલો લઈને સ્વામી પણ સાથે જમવા બેઠા અને બધાને જમાવાની આજ્ઞા આપી. આથી બધા પ્રસન્ન થયા. આ વાત પણ ઉપરના જેવી જ છે. જુવાન વયના અને વળી વિદ્યાભ્યાસનો શ્રમ એટલે ભુખ તો લાગે જ, વિદ્યાર્થીને વિદ્યા એજ પરમ તપ છે એમ શાસ્ત્ર કહે છે. તેઓ બીજીવાર સૂકા રોટલા (જેને ખુરમા કહે છે) જમે એમાં

કાંઈ દોષને સ્થાન નથી. માટે જ શ્રીહરિએ વિદ્યાર્થી, વૃદ્ધો, માંદા અને મંદિરનું મહેનતપૂર્ણ કામ કરનારાને બીજીવાર જમવાની છુટ આપી છે. આ વસ્તુ આગ્રહ ગ્રસ્ત હોય તે સમયે નહિ. આવી બાબતો ઉપર શ્રીહરિએ પણ બહુ સૂક્ષ્મ વિચાર વચ. લો. ૬ "અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પુછયો જે આ સત્સંગમાં અતિ મોટો ગુણ જણાતો હોય ને તે ગુણનાં સર્વે વખાણ કરતો હોય તો પણ તે ત્યાગ કરવા યોગ્ય હોય એવો ક્યો ગુણ છે ? અને દોષ હોય ને તે ગ્રહણ કરવા યોગ્ય હોય એવો ક્યો દોષ છે ? ત્યારે તેનો ઉત્તર પણ પોતે કર્યો જે, મુક્તાનંદસ્વામી જેવા હોય ને સર્વેથી સરસ વર્તમાન પાળતા હોય અને તેણે કરીને બીજા સંતને ઉદ્વેગ થાય કેમ જે એમની બરોબર વર્તાય નહિ, તે સારૂ એ ગુણ યદ્યપિ મોટો છે તો પણ તેનો ત્યાગ કરીને સર્વ સંતને બરોબર વર્તવું અને બરોબર વર્તવારૂપ દોષ છે તો પણ એનું ગ્રહણ કરવું" આવા શબ્દોમાં કર્યો છે. કોઈ સમયે દોષ પણ ગુણરૂપ થાય અને ગુણપણ દોષરૂપ થાય. સત્ય લક્ષણમાં એવા વિચારો બહુધા કર્યા છે.

વચનામૃતમાં શ્રીમુખે બહુબહુ રીતિએ પરમાર્થ પ્રશંસા કરી છે. સા. ૩ 'જેને ભગવાનની પૂજા સેવાને વિષે તથા કથા વાર્તાને વિષે અતિશય શ્રધ્ધા હોય તથા ભગવાનનું અતિશય માહાત્મ્ય સમઝતો હોય તે બે વાંનાં દિવસે દિવસે નવાંને નવાં જ રહેતાં હોય પણ કયારેય ગૌણ ન પડે" એમ શ્રદ્ધા, માહાત્મ્યની નિરતિશયતા અને તેની સ્થિરતાનો પ્રસંગ લાવીને તેમાં ઉદાહરણ તરીકે "જેમ મુક્તાનંદસ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રધ્ધા અને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે પણ ગૌણ પડ્યું નથી." એમ મુક્તમુનિને મુક્યા છે. ઘણાંને પ્રાથમિકી શ્રદ્ધા અને માહાત્મ્ય ઉપજે છે પણ તે ગૌણ પડી જાય છે, સ્થિર રહેતું નથી, બહુધા એમ જ જોવામાં આવે છે. એથી એનો કશો અર્થ નથી. શ્રદ્ધા માહાત્મ્ય સ્થિર હોઈને પ્રતિદિન વધવું જોઈએ એ મુદ્દાની વાત છે. આથી આ બે મુખ્ય ગુણમાં મુક્તમુનિની ઉત્તીર્ણતા જણાવી લોયા ૩ 'અમે સ્વામીનાં દર્શન થયા મોર નવ મહિના સુધી મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં રહ્યા' એમ શ્રીમુખે કહે છે. સ્વયં ભગવાન હોઈને એમ કહે તે નિરતિશય ઉત્કર્ષને સૂચવે છે. વળી લોયા ૩ માં 'જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે, એમ અનુત્તમ ભક્તોની ગણના કરતાં મુક્તમુનિને શ્રીમખે ગણ્યા છે. તેમણે ભગવાનને અર્થે શ્રીહરિપ્રોક્ત સઘળું કર્યું છે અને તેથી તેમનો ભગવન્નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત સંપૂર્ણ હતો એણ સ્વયં સાબીત થાય છે. આ ગુણો તો અતિ દુર્લભ માન્યા છે.

લોયા ૬ 'તથા ભગવાનના સંત જે મુક્તાનંદસ્વામી જેવા મોટા હોય તેમનાં નામ લઈને પ્રાર્થના કરવી તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય... મુક્તાનંદસ્વામી જેવા હોય તે સર્વેથી સરસ વર્તમાન પાળતા હોય'' એમ જેના મંગળ નામ સાથેની પ્રાર્થના કરવાથી વિષયોના ઘાટ ટળી જવામાં અને સર્વથી સરસ વર્તમાન પાળવામાં મુક્ત મુનિનું નામ ઉદાહરણ તરીકે આપેલું હોવાથી તેમાં તેમનો ગૌરવાતિશય સાબીત થાય છે. લોયા. ૮ 'અને વાણી ચંચળ હોય તો એમ ટળે જે મુક્તાનંદસ્વામી જેવા વાર્તા કરતા હોય તથા કથા વાંચતા હોય તે વચમાં પોતે ડહાપણ કરીને બોલવું નહિ અને જો વચમાં બોલાઈ જાય તો પંચવીશ માળા ફેરવવી તો વાણીની ચંચળતા ટળી જાય'' એમ વાણીની ચંચળતા ટાળવાના ઉપયામાં મુક્તાનંદમુનિ જેવાએ કરાતી કથા વાર્તમાં વચ્ચે નહિ બોલવાનું અને બોલાય તો પ્રાયાશ્ચિત કરવાનું શ્રીમુખે કહ્યું છે. 'મુક્તાનંદસ્વામી જેવા' એમ એમને ઉપમાન તરીકે આલેખ્યા હોવાથી તેમનું ગૌરવ નિરતિશય સુસિદ્ધ થાય છે. લોયા. ૧૩ 'અને હમણાં આ મુક્તાનંદસ્વામી જેવા સંતને વિષે એ નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય' એમ સંતોને ભગવત્સદશ કહેવામાં મુક્ત મુનિનું નામ શ્રીમુખે આપેલું હોવાથી તેમનો સર્વ કરતાં સમુત્કર્ષ સૂચવાય છે. મધ્ય ૨૭ ''શ્રીજી મહારાજે મુક્તાનંદસ્વામીને પ્રશ્ન પુછયું જે 'તમારે ક્રોધ થાય છે ત્યારે શે નિમિત્તે થાય છે ? અને કેટલું નિમિત્ત હોય ત્યારે ક્રોધ થાય છે ?'' આ પ્રશ્નનો ઉત્તર 'પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે કોઈક પદાર્થને યોગે તથા કોઈકની અવળાઈ દેખાય તેને યોગે તે ઉપર ક્રોધ થાય પણ તત્કાળ શમી જાય છે'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે 'એવું તમારે વિચારનું બળ રહે છે તે શાને યોગે રહે છે ?'' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે એક તો ભગવાનનું માહાત્મ્ય વિચારીને એમ સમઝાય છે જે રીતે ભગવાનનો કુરાજીપો થાય તે સ્વભાવ રાખવો નથી અને બીજો શુકજી ને જડભરત જેવા સંતનો માર્ગ જોઈને એમ વિચાર રહે છે જે સાધુમાં એવો અયોગ્ય સ્વભાવ ન જોઈએ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે કામ ક્રોધાદિકના જોરને હઠાવે એવો જે વિચાર તેતો ગુણથકી પર છે તે એ તમારા જીવમાં રહ્યો છે અને એવી રીતે કામ ક્રોધાદિક ગુણને હઠાવે એવું જે જોર છે તે પૂર્વ જન્મનો સંસ્કાર છે અને તમારૂં એટલું તો અમને જણાય છે જે તમારે જે જે માયિક પદાર્થનો યોગ થાય તેની આંટીમાં પ્રથમ તો આવી જવાય પણ અંતે જતાં એના બન્ધનમાં રહેવાય નહિ, બંધન તોડીને નિકળાય ખરૂં'' ઈત્યાદિ શ્રીમુખના શબ્દો મુક્તમુનિની ઉદાહરણીય નિષ્કામતા અને નિષ્ક્રોધતાને સાબીત કરી આપે છે. એમાં આ જન્મનો પ્રયાસ નહિ કહેતાં પૂર્વ જન્મના સંસ્કારને કારણ કહે છે એ પણ ગૌરવને સૂચવે છે. અંત્ય ૨૪ 'અને મુક્તાનંદસ્વામીને અમારી પ્રસન્નતા કરવી તથા અમારો વિશ્વાસ એ

અંગ'' એમ મુક્તમુનિના બે અંગને મુખ્ય પણે કહે છે. પ્રસન્નતામાં અને વિશ્વાસમાં બધી બાબતો આવી જાય છે તેના દાખલા અનેક બનેલા સર્વદષ્ટ છે. (વિશ્વાસ તો અતિ કઠિન છે) અંત્ય ૨૭ ''મુક્તાનંદસ્વામીની આજ્ઞાને અનુસારે વર્ત્યા પણ અમારા મનનું ગમતું કાંઈ ન કર્યું'' આ શ્રીમુખના શબ્દો તો મુક્તસ્વામીના મહોત્કર્ષને સૂચવનારા સર્વોત્તમ છે. મનનું ગમતું કર્યા વિના કોઈ રહી શકતો નથી. પોતે ભગવાન સ્વતંત્ર છે છતાં મનનું ગમતું પડી મુકીને મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં થોડા દિવસ નહિ પણ નવ મહિના સુધી વર્ત્યા, આ કાંઈ ઓછું ન કહેવાય.

પ્ર. ૩૩ જ્ઞાનાદિ સર્વ સાધનો કરતાં શરણાગતિરૂપ આશ્રયનું સર્વાધિકય સમઝવવા પૂર્વક તેમા મૂઢપણું, પ્રીતિ અને સમઝણ એવા ત્રણ ભેદોને નિરૂપીને, ત્રણ પૈકી 'તમારૂં પ્રધાન અંગ કયું છે ?' એમ શ્રીહરિએ પુછતાં મુક્તમુનિએ 'મારૂં તો સમઝણનું અંગ છે' એમ ઉત્તમ અંગગ કહ્યું, આ ઉપરથી મુનિકૃત આશ્રય સમઝણ પૂર્વકનો ઉત્તમોત્તમ હતો એમ જાણવા મળે છે. અંત્ય ૩૩ 'પછી શ્રીજીમહારાજે સર્વ પરમહંસ આગળ એમ વાર્તા કરી જે, ધન દોલત સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ અને એને અર્થે કોઈને વિષે આસ્થા આવે નહિ એવા તો સત્સંગમાં થોડાક ગણતરીના હરિભક્ત હોય પણ ઝાઝા હોય નહિ. એમ કહીને પછી બોલ્યા જે એવા તો આ મુક્તાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી છે તે એમને કોઈ બીજો ગમે તેવો હોય ને ચમત્કાર દેખાડે તોપણ તેનો કોઈ રીતે ભાર આવેજ નહિ.'' આ રીતે શ્રીમુખે નામનિર્દેશથી વખાણ્યા છે. લોકમાં કોઈ વિષયી પામરો કાંઈક દંભડોળથી કંઈક જંત્ર મંત્ર નાટક ચેટક બતાવે અથવા કોઈ લૌકિક અર્થની સિદ્ધિનો જુઠો આશિર્વાદ આપે એટલાકમાં તેમાં ભક્તરાજની કે મુક્તરાજની કે તેથી પર પરમાત્મા સુધીની આસ્થા બાંધીને તેનું ધ્યાન ભજન કરવા મંડી પડે છે અને તેને માટે કષ્ટ પ્રાપ્ત ધનને પણ વેડફી નાખે છે. અને પાછળથી પોલમપોલ માલમ પડતાં પસ્તાઈને પાછા પડી જાય છે. એ બધું પ્રત્યક્ષ પેખવામાં આવે છે. એની કશી કિંમત નથી. માટેજ શ્રીહરિ એવાને નિંદીને એવામાં નહિ આસ્થાવાળા મુક્તમુનિનેજ પ્રથમ નંબરે પ્રશંસે છે. એવા તો કોઈ વિરલાજ હોય. 'થોડાક ગણતરીના' એ વાક્ય એવાની વિરલતાને સૂચવે છે.

ઈત્યાદિ વચનામૃતોમાં મુક્તમુનિના ધર્મ જ્ઞાન વૈરાગ્ય માહાત્મ્ય ભક્તિ પ્રપત્તિ આદિક મોક્ષોપયોગી સમગ્ર સદ્ગુણોની અનવધિ પ્રશંસા શ્રીમુખે કરેલી જાણવા મળે છે. જે કોઈ સર્વોત્તમ બાબત કહેવી હોય તે તમામમાં મુક્તમુનિનેજ ઉદાહરણ તરીકે ભક્તોમાં પ્રહ્લાદજી જેમ એમ મૂકે છે. એમની સર્વોપરી મોટપ્ય જાણવા માટે હવે બીજા કોઈ પ્રમાણની જરૂર રહેતી નથી.

કિં બહુના - શિક્ષાપત્રી કે જે સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ મનાય છે તેમાં શ્રીમુખે 'मुक्तानन्दादयो ये स्युः साधवश्चाखिलाअपि' એમ મુક્ત મુનિની મુખ્યતા પ્રતિપાદી છે. સર્વમંગલ સ્તોત્રમાં मुक्तानन्दानुगः, मुक्तब्रह्मस्तुतयशाः, मुक्तादिष्टोत्पथच्छेदः, मुक्तात्मा, આવાં મુક્તાનંદ મુનિના નાથી વિશિષ્ટ શ્રીહરિનામો મંગલ પ્રવર્ત્યા છે. આ પણ તેમનો ગુણોત્કર્ષને જણાવે છે.

ઉપર પ્રમાણે મુનિરાજ મુક્તાનંદ સ્વામીમાં મુનિ (સાધુ) પણાને શોભાડનારા 'कृपालुरकृतद्रोहः' ઈત્યાદિ શાસ્ત્રોએ કહેલા સમગ્ર સાધુગુણો તથા મુક્તપણાને શોભાડનારા 'अपहतपाप्माः' ઈત્યાદિ શાસ્ત્રોએ કહેલા નિર્બન્ધત્વાદિ મુક્તગુણો હતા બીજા લોકરંજનોપયોગી રામકથા, ગાયન, વૈદ્યક આદિક ગુણો અખંડ અનુવર્તતા હતા. ગુણશબ્દથી નિર્દેશ થતા તમામ ઉચ્ચ ગુણોના પાત્ર હતા. એથી એવી કહેવત પ્રવર્તે છે કે 'તું શું મોટો મુક્તાનંદ થઈ ગયો ?' એટલે સાધુતાના ઉદાહરણમાં એમનું જ નામ પ્રથમ મુકવામાં આવે છે. શ્રીહરિએ પણ તેવા પ્રકૃષ્ટ પ્રસંગે મુક્તમુનિને દૃષ્ટાંતમાં મુક્યા છે. મુક્તમુનિના મહોત્કર્ષ માટે આથી અધિક કાંઈ જોઈએ નહિ.

વળી સુપ્રસન્ન શ્રીહરિ કોઈ ભક્તવરને વરદાન આપતા ત્યારે મુક્તમુનિના કલ્યાણને ઉદાહરણ તરીકે મુક્તા હતા. આથી મુક્તમુનિના કલ્યાણની સર્વોત્કૃષ્ટતા સૂચવાય છે.

વળી મુક્ત મુનિશ્રી જેમ આત્મગુણભૂત શમ દમાદિ સંપત્તિના ધામભૂત હતા તેમ રૂપગુણભૂત સૌન્દર્યાદિ સંપત્તિના પણ ધામભૂત હતા. એના પુરવાર માટે આ એકજ દાખલો અલં છે. શ્રીહરિએ મુક્ત મુનિને આજ્ઞા કરેલી કે તમારૂં શરીર વસ્ત્રથી સદા ઢાંક્યું રાખવું, કારણ કે સુંદરતા જોઈને કોઈ સ્ત્રીજાતિનું ચિત્ત ચંચળ વિહ્વળ થાયતો તે દોષ તમને લાગે. આવી આજ્ઞા થવાથી સ્વામીશ્રી કાયમ શરીરને વસ્ત્રથી આચ્છાદિત જ રાખતા. એમ વિદ્યાદિસંપત્તિની સાથે રૂપ સંપત્તિ પણ અનુપમ હતી. મહાપ્રભુના મહાપ્રસાદ વિના આવા બધા ગુણો મળતા નથી.

ઉપર પ્રમાણે સ્વામીશ્રી શમ દમાદિ આત્મગુણોથી દેદીપ્યમાન હોઈને આખા સંપ્રદાયને દેદીપ્યમાન કરવામાં મુખ્ય હતા. એજ રીતે એમણે આધ્યાત્મિક અને તદુપયોગી ધર્માદિ સઘળા જ્ઞાનસાહિત્યની સુદુર્લભ ભારે ભેટ સંપ્રદાયને સમર્પિને સમુત્તેજીત કર્યો છે. સંસ્કૃત, ગુજરાતી, હીન્દી, વ્રજભાષા આદિક બહુ ભાષાના અભિજ્ઞ હોઈને કવિતા કરવામાં કુશળ હતા. સર્વજ્ઞ શ્રીહરિ તેવા કૌશલ્યને સ્વયં જાણતા હોવાથી જ વચ. મધ્ય ૫૮ માં સ્વસંપ્રદાયની ચિર કાલ પરિ પુષ્ટિનો મુખ્ય હેતુ પુછતાં, તેનો મુક્તમુનિએ સંક્ષેપમાં ઉચિત ઉત્તર આપતાં, શ્રીહરિએ "જે જે ચરિત્ર કર્યા હોય અને જેજે આચરણ કર્યા હોય તે આચરણને વિષે ધર્મ પણ સહજે

આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય માટે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મુકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે, તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા ભાષા હોય પણ તેજ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે'' આ રીતે સવિસ્તર ઉત્તર આપીને કવિરત્ન મુક્તમુનિને ખાસ આજ્ઞા કરી જે ''તમે પણ પોતના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે શાસ્ત્ર તેજ દેહ પર્યંત કર્યા કરજો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને જે આજ્ઞા છે. પછી એ જે શ્રીજીમહારાજનું વચન તેને મુક્તાનંદસ્વામીએ અતિ આદર કરીને માથે ચઢાવ્યું'' ઈત્યાદિ.

ઉપરની શ્રીહરિની મૌખિક ખાસ આજ્ઞાને અને ભાવિ જનોના આત્યંતિક કલ્યાણ માટેના જે ત્રણ સંકલ્પો કરેલા તે પૈકી ગ્રંથનિર્માણરૂપ જે સર્વોત્તમ સંકલ્પ કર્યો છે તેને પણ સાદર બહુ માન આપીને, ક્ષય જેવા અસાધ્ય અસહ્ય વ્યાધિને લીધે અને અતિ વૃદ્ધપણાને લીધે અતિ અશક્ત છતાં અવસાનની અંત્ય અવસ્થા સુધી ગ્રંથો ગુંથ્યા જ કર્યા છે, થાક્યા જ નથી, સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો અને પદ્યોનો તપાસ કરતાં તેમનું સાહિત્ય સર્વાધિક છે. તે પણ આધુનિકની માફક જેમ તેમ ગામઠી ગુંથી માર્યુ નથી, પરંતુ કમનીય કાવ્યાના અલંકાર માટે જે ગુણો પદલાલિત્ય શબ્દ-સૌષ્ઠવ અને અર્થગૌરવ આદિક અપેક્ષિત છે તેના અનુસંધાનવાળું ઉત્તમ છે. તેમણે કરેલા પ્રબંધોમાં ગપ્પાષ્ટકો નહિ પણ વેદ, વેદાંત, સ્મૃતિયો, પુરાણો ઈતિહાસો અને નીતિ આદિકના અર્થો સરલપણે વર્ણવ્યા છે. સ્વકાવ્યમાં ન વર્ણવ્યો હોય એવો કોઈ અર્થ અવશેષ રાખ્યો નથી. તેમાં પણ મોક્ષ સાથે જ ખાસ સંબન્ધ ધરાવનારા જે સ્વધર્મ જ્ઞાન વૈરાગ્ય માહાત્મ્ય ભક્તિ અને તદુપયોગી સત્સંગ આદિક સાધનોનું મુખ્યપણે વર્ણન કર્યું છે. તેમાં પણ પ્રત્યક્ષ ઈષ્ટદેવ શ્રીહરિનું પારમ્ય અને તેમની સમાહાત્મ્ય પ્રત્યક્ષ ભક્તિનું વર્ણન તો વિશેષતઃ કર્યું છે. સંસ્કૃત કરતાં પ્રાકૃતનો ઉપયોગ ઘણો જાણીને ઘણા પ્રાકૃત પ્રબન્ધો કર્યા છે. વળી ભિન્ન ભિન્ન વિવિધ છંદ છપય દોહા ચોપાઈ વૃત્ત વિગેરેમાં રચિત હોવાથી નિરસ શ્રોતા વક્તાને પણ બહુ રસ ઉપજાવનારા સર્વોત્તમ છે.

તેમાં ગીર્વાણવાણીમય ગ્રંથો - (૧) **ब्रह्मसूत्रभाष्य.** જે બ્રહ્મને સંક્ષેપમાં પ્રતિપાદન કરનારૂં હોવાથી બ્રહ્મસૂત્ર, વ્યાસે કરેલું હોવાથી વ્યાસસૂત્ર અને બ્રહ્મને શરીરભૂત ચિદચિદાત્મક સર્વના શરીરપણે પ્રતિપાદન કરનાર હોવાથી શારીરિકસૂત્ર, ઈત્યાદિ સાર્થક સંજ્ઞાથી સંબોધાય છે, જેને શ્રીહરિએ વેદ પછીના બીજા નંબરે સ્વાભીષ્ટ સચ્છાસ્ત્રપણે સ્વીકાર્યુ છે, તેના ઉપર રામાનુજાચાર્યકૃત ભાષ્ય કે જેને આધ્યાત્મિક શાસ્ત્ર તરીકે શ્રીહરિએ સ્વીકાર્યુ છે તેને અનુસારે સર્વને સુબોધ થાય એવું સંક્ષિપ્ત ભાષ્ય કરેલું છે. આ ગ્રંથ હાલમાં ધ.ધુ. આનંદપ્રસાદજી મહારાજશ્રીની

આજ્ઞાથી અને વડતાલ પાઠશાળાના પ્રધાન પંડિત અણંગરાચાર્યશ્રી હસ્તકના પરિશોધનથી અને શાસ્ત્રી હરિજીવનદાસના સર્વવિધ પ્રયત્નથી વડતાલ ગાદી તરફથી મુંબઈ નિર્ણયસાગર પ્રેસમાં સં. ૨૦૦૯ માં છપાઈને પ્રસિદ્ધિમાં આવ્યું છે. ( ૨ ) **सत्सङ्गिजीवनमाहात्म्य.** આ મૂળ ગ્રંથ ટીકા સાથે છપાઈ ગયો છે અને શા. હરિજીવનદાસકૃત ભાષાંતર સાથે પણ છપાઈ ગયો છે. એમાં બહુવિધ મહિમાનો અનુવાદ છે. એના નવ અધ્યાયો છે. ( ૩ ) **निर्णयपञ्चक.** જેમાં જીવેશ્વરાદિ પાંચનો અને ધર્માદિકનો નિર્ણય છે. છપાયો જણાતો નથી. ( ૪ ) **श्रीहनुमत्कवचमन्त्र-पुरश्चरणविधि-स्तोत्र** (જેમાં આ બધાનો સમાવેશ થાય છે) ( ૫ ) **हनुमदष्टोत्तरशतनामावलिः** (જેમાં હનુમાનજીનાં ૧૦૮ નામો ગુણાનુગુણ છે) ઈત્યાદિ છે. **वचनामृत.** કે જેમાં અમૃતમૂર્તિ શ્રીહરિનાં અમૃતવચનોનો સંગ્રહ છે, તેના કર્તા ચાર સદ્‌ગુરુઓમાં મુક્તાનંદમુનિની મુખ્યતા અવિવાદ છે. આ અર્થ એના અંતમાં "એવી રીતે આ જે સર્વે શ્રીજીમહારાજનાં વચનામૃત તે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા શુકમુનિ એ ચાર સાધુઓએ ભેળા થઈને જેમ સાંભળ્યું છે અને જેમ પોતાની બુદ્ધિ છે તે પ્રમાણે લખ્યાં છે... '**मुक्तानन्दश्च गोपालानन्दो मुनिरुदारधीः । नित्यानन्दशुकानन्दौ चत्वारो मुनयस्तु ये। एतैः सङ्गत्य लिखितानीत्थं धर्मजनेर्हरेः ॥**' આ રીતે સ્પષ્ટ જણાવ્યો છે. આ ગ્રંથમાં મુક્તાનંદ મુનિના જે પ્રશ્નો છે તે બહુ મુદ્દાના ગુઢ શાસ્ત્રાર્થગુંફિત સંક્ષિપ્ત ગંભીર હોવા છતાં સરલ સર્વોપયોગી અને સર્વમાન્ય થાય એવા સરસ છે. તેમણે બીજાના પ્રશ્નોના પ્રત્યુત્તરો આપ્યા છે એ પણ એવાજ અર્થ ગંભીર છે. શ્રીહરિએ પણ મુનિકૃત ઉત્તોર બહુધા માન્ય કર્યા છે અથવા કાંઈ સુધારો વધારો કર્યો છે, પણ બીજાને પેઠે તદ્દન અમાન્ય કર્યા નથી. આ બાબતે વિદ્વાનો જાણે છે. આ બાબત પણ એમના વિદ્યા ગૌરવમાં પર્યવસાન પામનારી પ્રબળ છે.

પ્રાકૃત ભાષામય પદ્ય પ્રબન્ધો - (જેનો આ કાવ્યમાં સંગ્રહ કરવામાં આવ્યો છે)

| | | | | | |
|---|---|---|---|---|---|
| १ | धर्माख्यान् | ८ | मुकुन्दबावनी | १५ | नारायणकवचम् |
| २ | पञ्चरत्नम् | ९ | धामवर्णनचातुरी | १६ | वैकुण्ठधामदर्शनम् |
| ३ | विवेकचिन्तामणिः | १० | वासुदेवावतारचरित्रम् | १७ | भगवद्गीताभाषा |
| ४ | उद्धवगीता | ११ | अवधूतगीतम् | १८ | कपिलगीता |
| ५ | सत्सङ्गशिरोमणिः | १२ | गुरुचोवीशी | १९ | गुणविभागः |
| ६ | सतीगीता | १३ | कृष्णप्रसादः | २० | नारायणगीता |
| ७ | शिक्षापत्रीभाषा | १४ | नारायणचरितम् | २१ | रुक्मिणीविवाहः |

**भागवत दशम भाषाटीका.** આ મહાગ્રંથ, શ્રીમદ્‌ભાગવત કે જે પુરાણ પ્રવર હોઈ ને અભીષ્ટ અષ્ટ સચ્છાસ્ત્રોમાં ગણીને, જેનો મહા મહિમા શ્રીમુખે . સ. પ્ર. ૪ના આરંભણાં સવિસ્તર કહ્યો છે. જેનાં પ્રમાણો સ્વાભિમત તત્ત્વાર્થની પુષ્ટિ માટે વચનામૃતાદિકમાં બહુધા લેવામાં આવ્યાં છે, એવા ભાગવતનો દશમ સ્કંધ કે જેને સકારણ સર્વાધિકપણે સ્વીકારવા પૂર્વક એક ભક્તિશાસ્ત્ર તરીકે સ્વીકારીને જેનું વાંચન શ્રવણ પુરશ્ચરણાદિક પણ સર્વ સમાશ્રિતોને પ્રતિવર્ષ અવશ્ય કરવાનું શ્રીમુખે કહ્યું છે એના હીંદી ભાષાનુવાદરૂપ છે. આ ગ્રંથ શ્રીહરિની આજ્ઞાથી સ્વામીએ દોહા ચોપાઈ આદિકમાં કર્યો છે. ૯૦ અધ્યાયની ભાષા ટીકાવાળો આ ગ્રંથ બહુ મોટો છે. એની અપૂર્ણ એક કોપી વડતાલમાં અને એક પૂર્ણ ગઢડામાં છે. અદ્યાપિ મુદ્રિત થયો નથી.

આ ઉપરાંત ગુજરાતી તથા હીંદી આદિક ભાષામાં ધર્મ આત્મજ્ઞાન વૈરાગ્ય માહાત્મ્યજ્ઞાન ભક્તિ પ્રપત્તિ નિશ્ચય સત્સમાગમ ભગવલ્લીલા આદિક ઉત્તમ વિષયોને ઉપપાદન કરનારાં અને વિવિધ દોહા ચોપાઈ ધોળ પ્રભાતી ગોડી ટોડી પરજ ગરબી સામેરી આદિક અનેક છંદ વૃત્ત વિગેરેમાં ગુંથાએલાં હોઈને મુક્ત મુમુક્ષુ વિષયી પામર સર્વકોઈ સ્ત્રી પુરુષોને રસાસ્વાદને સંપાદનારાં હજારથી અધિક શ્રવણીય કીર્તનીય સ્મરણીય કીર્તનો કરેલાં છે. એના સંગ્રહનું એક પુસ્તક મળે છે. તેમાં ઉત્સવામૃત કે જે જન્માષ્ટમી રામનવમી એકાદશી આદિક ઉત્સવ દિવસોએ ગાવાનાં રસપ્રદ પદોના સંગ્રહરૂપ એક ગ્રંથ કહેવાય છે. એની લેખી પ્રતિઓ ઉત્સવમંડળીઓમાં જાણીતી છે. બીજાં કીર્તનો ગુજરાતી અને હીંદી ભાષાના વિભાગથી સંગ્રહ્યાં છે. એમાંનાં કેટલાંક કીર્તનોની ચોપડીઓ પણ ઘણી લેખી મળી આવે છે અને કેટલાંક છપાયાં છે અને કેટલાંક છપાયાં નથી એમ પણ છે. એટલે હજી લોકોના પ્રચારમાં આવ્યા નથી. હાલમાં સુરતમાં શાસ્ત્રી હરિજીવનદાસ હસ્તક કીર્તનસારસંગ્રહના બે ભાગ છપાયા છે તેમાં અમુદ્રિત કેટલાંક મુક્તમુનિકૃત પદોનો નિવેશ કર્યો છે. એમાં લીલાવિભાગ અને ઉપદેશવિભાગ પૃથક્ પાડ્યો છે.

ઉપરનાં પદોની ઉત્પત્તિ કોઈ કોઈ ખાસ પ્રંસગને લીધે થએલી જાણવા મળે છે, જેમકે ભગિની ધનબાઈને પરોક્ષ ઉપદેશ દેવા માટે 'मोहनने गमवाने इच्छो मानिनी' આ ચાર પદો કવિવરે કર્યા છે, જેમ કે શ્રીહરિનો સંપૂર્ણ નિશ્ચય થયા પછી 'छांडीके श्रीकृष्ण देव' આ ચાર પદો રચ્યાં છે, જેમ કે વટ પત્તનના વાદિઓના વિજયમાં વિશય આવતાં શ્રીહરિની સહાયસ્પૃહાથી રાત્રિએ 'वाला रमझम करता कान, मारे घेर आवोरे' આ પદો રચ્યાં હતાં, જેમકે કોઈ સમયે ગઢપુરમાં કારણસર ઉદાસી થએલા શ્રીહરિ તેને ટાળવામટે એક સેવકને સાથે લઈને મધ્ય રાત્રિએ સુખપુર ગામે ચાલી ગયા. જેને દર્શન દેવા પધાર્યા હતા તેને ઘેર તો વિવહ હોવાથી ટોળે મળેલા

લોકો જાણે કેફી વસ્તુના પાનથી ગાંડા બની ગયા હોય એમ વિવેક વિચાર વિનાના થઈને વિવાહના કેફમાં પરસ્પર હાંસી મશ્કરી અને બહુ બીભત્સ શબ્દોમાં ગાળાગાળી બકતા હતા. તેને જોઈ સાંભળીને ઉલટા ઉત્કટ ઉદાસીમાં આવતાં એકદમ જાણ કર્યા વિના ચાલી નિકળતાં હરિભક્તોએ ક્ષમા પ્રાર્થના કર્યા છતાં પાછા વળ્યાજ નહિ. ગઢડા આવીને વિવેકનો એક પત્ર લખાવ્યો જે અમારા સત્સંગી હોય તેમણે ભાંડ ભવાઈ ન જોવી, સાંખ્યયોગી બાઈ ભાઈઓએ વિવાહમાં ન જવું, કર્મયોગી જાય તો બીભત્સ ગીતો નહિ ગાતાં પ્રભુના ગુણચારિત્રાનુબંધીજ ગીતો ગાય, આ પ્રમાણે નહિ અનુવર્તે તે અમારો અનુયાયી નથી. એવો પત્ર લખાવ્યો પછી કાંઈક શાંતિ પામ્યા. પછીથી મુક્તમુનિને આજ્ઞા કરી કે આપણા હરિભક્તો વિવાહ પ્રસંગે ફટાંણા વિગેરે બહુ બીભત્સ ગીતો ગાય તેને બદલે સારાં પ્રભુના ગુણ ચરિત્રાનુવાદવાળાં રસપ્રદ શ્રેયસ્કર ગીતો બનાવો અને તેનો પ્રચાર કરો. પછી '**रुक्मिणी विवाह**' નામથી ૧૧ પદો કે જેનો પ્રારંભ '**कुंदनपुर विवा' रच्यो भूपति भीमकराय**' આ પદથી થાય છે અને ફટાણાનાં ૪ કે જેનો આરંભ '**अविद्या छे नकटी नार्य**' આ પદથી થાય છે તેને શીઘ્રતાથી રચીને પ્રચારમાં મુકયાં એમ આ પદોની ઉત્પત્તિ થઈ છે. એવાં બીજાં બહુ પદો કારણસરનાં હોવાં જોઈએ, કેટલાંક સ્વેચ્છાથી અને કેટલાંક પરેચ્છાથી પણ બનાવ્યાં છે. કેટલાક ગ્રંથો પણ એમજ બન્યા છે.

ઉપરનાં પદોની કૃતિ અને પ્રચાર બહુ પૂર્વેનો રામાનંદ સ્વામીની હયાતીથી થયો હોય એમ જાણવા મળે છે. શ્રીજીએ અને તેમના મુક્તોએ પણ એનો પ્રચાર પ્રચુર કર્યો જણાય છે. મુક્તમુનિ શીઘ્ર કવિ હોવાથી પદો તૈયાર કરે અને તરતજ ઘરના લેખકો ખરડા કરે અને બીજા રસિકો શીખીને ગાવા મંડે, એમ પ્રચાર ચાલુ રહેતો. પદોની પ્રતો ચોપડીઓ અને ખરડાઓ લેખીત ઘણા મળી આવે છે. એ યુગમાં એની કીમત હતી, અત્યારે કાંઈ નથી. '**कालो बलिनां बलीयान्**'

પ્રાચીન પ્રચાર જુઓ - પીપળાણામાં મહાદીક્ષાને પામેલા વર્ણીન્દ્ર અને મુનીન્દ્રને સાથે લઈને કેટલાક ગામોમાં ફરતા ફરતા કાળવાણીમાં પધારેલા રામાનંદસ્વામીએ સં. ૧૮૫૭ માં કરાવેલા વસંતોત્સવમાં મુનીન્દ્રરચિત પદો તાલ મૃદંગ બજાવીને સ્વામીએ પોતે ગાયાં હતાં અને તેને સાંભળીને સમસ્ત રસિક સુજનો સુપ્રસન્ન થયા હતા. (હ. ક. ૪ વિ.૧૭) આ ઉપરથી મુક્તમુનિની પદરચના બહુ પૂર્વેની હતી અને તેની રસિકતા અપૂર્વ હતી અને પ્રચાર પણ હતો એમ પ્રતીત થયા છે. શિષ્યકૃત પદોને ગુરુ ગાય એ અતિશય ગૌરવની વાત છે. સંપ્રદાયના સમારંભમાં મુક્તમુનિકૃત પદોનો જ પ્રચાર બાઈ ભાઈઓના ગાયનાદિકમાં પ્રચુર હતો. એ અવસરે અન્ય કવિઓનું અસ્તિત્વ ન હતું. હતું તો તેને બહુ માન સમજમાં ન હતું.

વચ-પ્ર. ૧૪ "શ્રીજીમહારાજે ભગવાન અને સંતના મહિમાનાં મુક્તાનંદસ્વામીનાં કીર્તન ગવરાવ્યાં" જેનાં પદોને ભગવાનજ ગવરાવે એનું ગૌરવ જેવું તેવું ન કહેવાય. આ ઉપરથી મુક્તમુનિનાં પદો બહુધા ભગવાન અને સંતોના મહિમા પર છે એમ પણ સાબીત થાય છે. કથાના આરંભમાં અને કથાવાર્તાની વચ્ચે અને અંત્યે પણ કીર્તન ગાવાની પદ્ધતિ બહુધા હતી. વચ. કા. ૧ "એમ વાર્તા કરીને બોલ્યા જે હવે એટલી વાર્તા રાખો અને સભા સર્વે શૂન્ય થઈ ગઈ છે માટે કોઈક સારાં સારાં કીર્તન બોલો" ઈત્યાદિ દાખલા છે. એ ટાઈમમાં સારાં પદો તો મુક્તમુનિકૃત ગવાતાં હતાં. વચ. વર. ૧૧ શ્રીજીમહારાજે બે પદ ગવરાવ્યાં, તેમાં એક 'मारा वहालाजिशुं वहालप दीसेरे, तेनो संग केम तजिए' આ મુક્તમુનિકૃત છે. તેને માટે "પછી એ પદ શીખ્યાની સત્સંગિમાત્રને આજ્ઞા કરીને એમ કહ્યું જે એ પદમાં જે વાર્તા છે તેને નિત્ય ગાઈને સંભારી રાખવી" આવા શ્રીમુખશબ્દો છે. શ્રીહરિએ ગવરાવ્યું એટલું જ નહિ પણ તેને શીખવાની સત્સંગિમાત્રને આજ્ઞા કરી અને વધુમાં તે પદમાં વર્તતા તાત્પર્યને સદા સ્મૃતિમાં રાખવા સુધીની ભલામણ કરી. જેના પદોને સ્વયં ભગવાન જ અતિશય માન આપે તેના ગૌરવ માટે કાંઈ કહેવાનું જ રહેતું નથી. આ ઉપરથી સ્વામીકૃત પદો અર્થગૌરવવાળાં છે એમ સાબીત થાય છે. વચ. મધ્ય ૪૭ 'અને સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહિ, તે મુક્તાનંદસ્વામીના કીર્તનમાં કહ્યું છે જે 'सुळी उपर शयन करावे, तोय साधुने संगे रहीएरे' એમ શ્રીહરિ પણ પોતાની વાતની દઢતા માટે મુનિકૃત પદને પ્રમાણ તરીકે સ્વીકારતા. આ ગૌરવ તો અત્યધિક કહેવું પડે. આ ચરણ 'मारा वहालजिशुं' આ પદની અંદરનું એક છે. કિં બહુના-વચ. મધ્ય. ૧૯ 'અમે ગોલોકમાં ગયા ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા તેમાં કેટલાક તો ભગવાનની સેવામાં રહ્યા છે તેતો સ્થિર સરખા જણાયા અને કેટલાકતો પરમેશ્વરનાં કીર્તન ગાય છે, તે કીર્તનપણ મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામીનાં ગાય છે.... પછી અમે ગાવતા હતા તે ભેળા જઈને મળ્યા ને કીર્તન ગાવવા લાગ્યા" એમ જેનાં પદો શ્રીહરિ ઈપ્સિત ગોલોક ધામમાં પણ ત્યાંના નિત્યમુક્તમુખે ગવાય છે અને શ્રીહરિ પણ તે ભેળા ભળીને ગાવવા મંડી પડે છે તેમના પદોનું ગૌરવ નિરતિશયજ કહેવાય એમાં કાંઈ કહેવાનુંજ રહેતું નથી. સ્વાપ્નિક અર્થની પણ સત્યતા વ્યાસે સૂત્રમાં સમર્થન કરી છે. આતો ભગવાનનું સ્વપ્ન છે તે ખોટું કહેવાય જ કેમ ? માટે ઉપરની વાત સત્યજ સમઝવી પડે. ઉપર પ્રમાણે મુક્તમુનિકૃત પદોની પ્રશંસા શ્રીમુખે સારા શબ્દોમાં કરી છે અને પ્રચાર પણ પ્રચુર પોતે જ કર્યો છે.

## ગ્રન્થોની સંક્ષિપ્ત સમીક્ષા -

**ધર્માખ્યાન** - નારાયણના મહિમા પ્રકાશક આ ગ્રંથમાં બહુધા સત્સંગિજીવન મહાગ્રંથને તથા કિંચિત્ ભક્તચિંતામણીને અનુસારે શ્રીહરિનાં આવિર્ભાવને આરંભીને અંતર્ધાન સુધીનાં અદ્‌ભુત અલૌકિક ઐશ્વર્યભર્યા દિવ્ય લીલાચરિત્રોનું સંક્ષિપ્ત વર્ણન કર્યું છે. વિસ્તારભયથી વિવેચન કર્યુ નથી. ગોલોકાંતવર્તતિ અક્ષરધામ થકી શ્રીકૃષ્ણ પુરુષોત્તમનું મૂર્તિ ધર્મથકી શ્રીહરિરૂપે પૃથ્વી ઉપર પ્રાકટ્ય, ધર્મવંશમાં આચાર્યપદનું સ્થાપન, તેનું માહાત્મ્ય, તેમાં અમૂર્ત ધર્મ ભક્તિનો આવાસ, વિગેરે ધર્માનુબન્ધી વિષયોનું મુખ્યપણે વર્ણન હોવાથી ગ્રંથનું ધર્માખ્યાન નામ આપ્યું છે તે સાર્થક છે. શ્રીહરિના જન્માદિ સંક્ષેપને જણાવનારો હોવાથી સર્વ સમાશ્રિતોએ અવશ્ય વાંચવા જેવો છે. કોઈ કહે છે કે શ્રીહરિનું જીવનચરિત્ર ઉપલબ્ધ નથી, પરંતુ આ ગ્રંથ જ તેની ગરજ સારે છે. નિષ્કુલાનંદમુનિકૃત પુરુષોત્તમ પ્રકાશની પેઠે આમાં શ્રીહરિના મહિમાનો વિશેષતઃ પ્રકાશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથનું ગૌરવ ગ્રંથકારે 'एवी रीते करी वर्णव्यो, आ ग्रन्थ धर्माख्यान । एने जे कोइ शीखे सांभळे, तने रीझे श्रीभगवान ॥ कळिमध्ये श्रीकृष्णनो, जे प्रगट हरि अवतार । तेहज धर्मकुमारमां, थाय ग्रन्थ सुणतां प्यार ॥ धर्माख्यान आ ग्रन्थनो, महिमा अति भारी । सांभळतां संशय टळे, मळे प्रगट मुरारी ॥' ઇત્યાદિ રીતે બહુ ગાયું છે. આ ગ્રંથ દુર્ગપુરમાં રહીને સં. ૧૮૮૫ ના શ્રાવણ સુદી ૩ ને દિને સંપૂર્ણ કર્યો છે. ૧૩૨ કડવાં, ૩૩ પદો અને ૯૭૦ ચરણ છે. આ ગ્રંથ ગુર્જર ભાષામાં છે. એમાં બહુવિધ છંદો વૃત્તો છે. આ ગ્રંથની ઘણી કોપીઓ લેખી મળી આવે છે. વળી સં. ૧૯૪૫ માં ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ યુનાઇટેડ પ્રેસમાં ગુજરાતી ટાઈપમાં યથાતથા છપાયો છે જેથી તેનો પ્રચાર પ્રચુર હશે એમ જણાય છે. પછીથી તો પ્રલુપ્ત થતો ગયો છે.

**पञ्चरत्न** - આમાં વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ધ્યાન, વિજ્ઞાન, આ પાંચ વિષયોનું જુદું જુદું નિરૂપણ કરવામાં આવ્યું છે. આમાં 'समझ देख जग जुठ पसारा' આ ચરણની આવૃત્તિથી વૈરાગ્યનું, 'विमल विवेक करो शुद्ध होई' આ ચરણની આવૃત્તિથી દેહાત્માના વિવેકનું, 'यातें अचल ज्ञान उर घरना' આ ચરણની આવૃત્તિથી ભગવાનના જ્ઞાનનું, 'युं हरिध्यान अचळ उर धारो' આ ચરણની આવૃત્તિથી ભગવાનના ધ્યાનનું, 'सोइ विज्ञानी संत कहावे' આ ચરણની આવૃત્તિથી સર્વપર વિજ્ઞાનનું વિવેચન કરવામાં આવ્યું છે. આનું સ્વરૂપ સ્વલ્પ છે પણ અર્થથી મોટું છે. જેની પાસે આ પાંચ રત્નો હોય તેને ચિંતિત સમસ્ત ફળ મળતું હોવાથી એનું નામ યથાર્થ છે. આનો મહિમા ''पञ्चरत्न पूरन भये, चिन्तामनि सम सोय । दुःख दारिद्र्य

न रहत तेहि, जेहि ढीग यह मनि होय ॥ पञ्च रंगके रत्नकी, दुःखहर सुंदर दाम। जो याकुं उर धारहि, तास सरे सब काम ॥ प्रेमसहित यह ग्रन्थकुं, सुने सुनावे जोय । तापर रीझे श्रीहरि, लहत परम पद सोय ॥'' ઈત્યાદિ પોતે જ કહ્યો છે. આ ગ્રંથ દુર્ગપુરમાં રહીને સં. ૧૮૭૮ ના શ્રાવણ શુકલ દ્વિતીયા દિને શ્રીહરિઆજ્ઞાથી સંપૂર્ણ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ હીંદીમાં છે. આમાં ૪૪ દોહા અને ૭૭ ચોપાઈઓ છે. આ ગ્રંથ વૈરાગ્યાદિ પાંચ વિષયોના વિજ્ઞાન માટે અવશ્ય વાંચવા જેવો છે. આ ગ્રંથની બહુ લેખી કોપીઓ ઉપલબ્ધ નથી, તેથી બહુ પ્રચાર ન હતો એમ જણાય છે. મુંબઈના રા. રા. મોતીલાલ હાથીભાઈએ આ ગ્રંથ નાની સાઈઝમાં સં. ૧૯૮૦ માં નિર્ણયસાગર પ્રેસમાં છપાવ્યો હતો.

**विवेकचिन्तामणि** – આ ગ્રથમાં સદસત્‌નો વિવેક કે જેની સર્વને અત્યાવશ્યકતા છે તેનું નિરૂપણ સવિસ્તર કરવામાં આવ્યું છે. જેમ સુભાષિતભાંડાગર આદિક સાહિત્ય પ્રબન્ધોમાં વિવિધ વિષયોનું વિવરણ કારિકામાં સંગ્રહિત કરવામાં આવ્યું છે તેમ આમાં સદ્‌ગુરુ, કપટગુરુ, આદિક ૬૪ અંગ (વિષયો)નું વિવેચન કરવામાં આવ્યું છે. પ્રત્યેક વિષયો આબેહુબ વર્ણવ્યા છે. જેમ ગીર્વાણ વાણીના અભિજ્ઞો માટે સાહિત્યના શ્લોકો છે તેમ નહિ ભણેલા માટે આ ગ્રંથની સાખીઓ છે. સાખીરૂપમાં અને વળી વિવિધ ઉપેદશરૂપમાં હોવાથી સામાન્ય ઉપદેશકોના તો બહુજ ઉપયોગનો છે. ચિંતામણિની પેઠે ચિંતિત અર્થને આપનાર હોવાથી એનું 'વિવેકચિંતામણિ' એવું નામ શ્રીહરિએજ આપેલું સાર્થક છે. આ ગ્રંથનું માહાત્મ્ય 'रचि विवेकचिन्तामनि, करन सकल दुःखनाश । मुक्त कहे यह ग्रन्थसें, होत विवेक प्रकाश ॥ प्रेमसहित यह ग्रन्थकुं, सुने सुनावे जेहु । मुक्त कहे परब्रह्मको, लहत परम पद तेहु ॥ रचि विवेकचिन्तामनि, हरन मोह अज्ञान । मुक्त कहे एणि उर धरे, ताहि मिले भगवान॥' ઈત્યાદિ ગ્રંથકારેજ કહ્યું છે. આ ગ્રંથ શ્રીહરિની ખાસ આજ્ઞાથી દુર્ગપુરમાં રહીને સં. ૧૮૮૨ ના કૃષ્ણ પક્ષ ગુરુવારે અઘહનન એકાદશીએ સંપૂર્ણ કર્યો છે. ૧૧૪૦ સાખીઓ છે. આને બ્રહ્મવિદ્યાનું રૂપ આપ્યું છે. ૬૩ અંગમાં ભગવદ્ધામ પ્રાપ્તિનાં સાધનોનું અને ૬૪ માં વૈકુંઠધામ પ્રાપ્તિનું વર્ણન વિશેષતઃ આપવામાં આવ્યું છે. આ ગ્રંથની લેખી કોપીઓ વૃદ્ધોના સંગ્રહમાં મળી આવે છે અને અમદાવાદમાં સન ૧૮૭૦ માં શિલાલેખમાં યથાતથા છપાયો છે. તેથી તેનો પ્રચાર હોવાનું જણાય છે. પછી તો લુપ્તપ્રાય છે.

**उद्धवगीता** – પ્રેમભક્તિપ્રકાશક આ ગ્રંથ ભાગવત દશમ સ્કંધમાં રહેલા ઉદ્ધવ-ગોપિકા-સંવાદના ભાષાંતરરૂપ છે. આમાં શ્રીકૃષ્ણ વિષે ગોપિઓની કેવી પરા પ્રીતિ હતી તેનું આબેહુબ વર્ણન આપ્યું છે. નિષ્કુળાનંદમુનિકૃત સ્નેહગીતાને સર્વથા

મળતો છે. પ્રસંગાત્ સીતાની પણ તેવી કથા વર્ણવી છે. ગુર્જરાગિરામાં હોવાથી સર્વકોઈએ સુખેથી વાંચી શકાય છે.આ ગ્રંથ સં. ૧૮૮૦ ના શ્રાવણ કૃષ્ણ પક્ષની અષ્ટમી બુધવારે દુર્ગપુરમાં રહીને પૂર્ણ કર્યો છે. ૧૦૮ કડવાં અને ૨૭ પદ છે. આનો મહિમા 'उद्धवगीता आदरे करी, सुणे सुणावे जेह । कमळलोचन कृष्णनी, दृढ भक्ति पामे तेह ॥ उद्धवगीता जे सुणे, सद्ग्रन्थकेरुं सार । मुक्तानन्द ते प्रेमी थइने, पामे भवजळ पार ॥' ઈત્યાદિ મુક્તમુનિએજ જણાવ્યો છે. આ ગ્રંથની ઘણી કોપીઓ લેખી વૃદ્ધપરંપરાથી મળી આવે છે, જેથી એનો પ્રચાર પ્રથમ સારો હોવાની સંભાવના થાય છે. સં. ૧૯૩૧ માં ધ. ધુ. ભગવત્પ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ગોંડળમાં શિલાલેખમાં યથાતથા છપાએલો હતો. તેની પણ ચોપડીઓ જોવાની મળે છે. પછીથી તો આનો પ્રચાર અસ્તપ્રાય થયો છે.

सत्संगशिरोमणि – આ ગ્રંથમાં વિવિધ વિષયો વર્તે છે, એના ૨૪ અધ્યાયો છે. (૧) એક સમયે રૈવત ગિરિમાં ત્યાગીગૃહી સ્વશિષ્યો સાથે વિરાજમાન નારાયણમુનિએ સભા ભરતાં, સભાસદોના સહમતથી મુખ્યવર્ણી મુકુંદાનંદજીએ 'સત્સંગમાં રહીને કોઈ ગુણથી વધી જાય છે ? અને કોઈ ગુણથી ઘટી જાય છે ? તેનું કારણ શું ?' એમ પુછેલા પ્રશ્નનો અનુવાદ. (૨) "સંતનો ગુણ લેવાથી અને પોતામાં દોષ જોવાથી સત્સંગમાં વધી જાય છે અને સંતનો અવગુણ લેવાથી અને પોતામાં ગુણ લેવાથી ઘટી જાય છે" એમ આપેલા ઉત્તરનો અનુવાદ. (૩) 'ક્યા મહામુનિના અપમાનથી કોણ પ્રભુતાઈથી પડી ગયો ? એવો પ્રશ્ન થતાં, શ્રીહરિએ કહેલી ભાગવત સ્કંધ ૪ અ. ૧૩-૧૪ માં વર્ણવેલી મદોદ્ધત વેન રાજાની કથાનો અનુવાદ. (૪) એજ પ્રસંગના પુરાવા માટે ભાગવત સ્કંધ ૬ અ. ૧૪ થી ૧૭ સુધીમાં વર્ણવેલી ચિત્રકેતુ રાજાની ચિત્ર કથાનો કરેલો અનુવાદ. (૫) એજ પ્રસંગના વધુ પુરાવા માટે દુર્વાસા મુનિના શાપથી દુર્દશાને પામેલા ઈન્દ્રની કથા કે જે વાસુદેવમાહાત્મ્યમાં સવિસ્તર વર્ણવી છે તેનો કરેલો શ્રીમુખે અનુવાદ. (૬) એજ બાબતના વધુ ઉપપાદન માટે શિવનું અપમાન કરનારા દક્ષની દુર્દશાને દર્શાવનારી કથા કે જે ભા. સ્કંધ ૪ અ. ૨ થી ૫ સુધીમાં વર્ણવી છે તેનો શ્રીમુખે કરેલો અનુવાદ (૭) એજ પ્રસંગના પ્રતિપાદન માટે ભાગ. સ્કંધ ૧૦ અ. ૫૬-૫૭ માં વર્તતી અક્રૂર-મણિની કથાનો કરેલો શ્રીહરિએ અનુવાદ. (૮) એજ બાબતના ખાસ પુરાવા માટે કોઈ મુનિના વરદાનથી ક્ષુદ્ર શ્વાનદશમાંથી શરભસુધીની મોટી પદવીને પામીને મુનિનો અવગુણ લેવાથી પુનઃ દુર્દશાને પામેલા શ્વાનની કથા કે જે ભારતના મોક્ષધર્મમાં ૧૧૬-૧૧૭ માં નિરૂપી છે તેનો કરેલો અનુવાદ. (૯) ઉપરની બાબતની સુદઢતા માટે ગુરુભક્ત આરુણિ ઉપમન્યુની કથા કે જે ભારતના આદિ પર્વના અ. ૩ માં વર્ણવી છે તેનો કરેલો

અનુવાદ. (૧૦-૧૧) સંતની સેવા કેવી રીતે કરવી જોઈએ ? તેના પ્રકારને પ્રદર્શાવનારી કુશિક-ચ્યવનની કથા કે જે ભારતના આનુશાસનિક પર્વના અ. ૮૭ થી ૯૦ સુધીમાં વર્ણવી છે તેનો શ્રીમુખે કરેલો અનુવાદ. (૧૨) સંતના અનુગ્રહથી સર્વોચ્ચ પદે આવેલા નારદમુનિની કથા કે જે ભાગ. સ્કંધ ૧ અ. ૫ માં વર્ણવી છે. તેનો શ્રીમુખે કરેલો અનુવાદ (૧૩) સત્સંગમાં રહીને વધવા ઘટવાની ઉપરોક્ત કથા સાંભળીને પ્રસન્ન મુકુંદ વર્ણિએ વળી પુછતાં શ્રીહરિએ કરેલું સપરિવાર ધર્મ અધર્મ સર્ગનું વર્ણન. (૧૪) વર્ણિએ પુછવાથી શ્રીહરિએ કરેલું સંત અસંતમાં વર્તતા સદ્ગુણો દુર્ગુણોનું વર્ણન. (૧૫) વર્ણિએ પ્રશ્ન કરવાથી એકાંતિક ભક્તોએ પ્રાપ્ય ગોલોક ધામ અને તેમાં વિરાજમાન સપરિવાર શ્રીરાધાકૃષ્ણનું સવિસ્તર વર્ણન. (સ. પ્ર. ૩ અ. ૪૧ તથા ભ. પ્ર. ૧૫૯ માં વર્ણવ્યા મુજબનું) (૧૬) એકાંતિકની સુગતિ સાંભળીને પ્રસન્ન થએલા વર્ણિએ પુછવાથી અસંતને અંતે મળનારી યમયાતના આદિક દુર્ગતિનું વિસ્તૃત વર્ણન (૧૭) ઉપર પ્રમાણે ગિરિ રૈવતની છાયામાં જ્ઞાનવાર્તાથી ભક્તોને પરમાનંદ આપતા શ્રીહરિને રામનવમી પ્રાપ્ત થતાં, તેમનો જન્મદિન જાણીને ભક્તોએ કરેલી પૂજા સ્તુતિ વિગેરે, અનંતર આવેલી વિમલા એકાદશીનો કરેલો મહોત્સવ. આ પ્રસંગથી એકાદશી, જન્માષ્ટમી, રામનવમી, નૃસિંહચતુર્દશી શિવરાત્રિ આદિક નિત્ય વ્રતોનો મહિમા કહેવા પૂર્વક કહેલી તેના વ્રતની આવશ્યકતા વિગેરે (૧૮) સંત અસંતમાં અત્યંત ભેદ કહેવા પૂર્વક તેના ઓળખાણમાં ઉપયોગી શુભાશુભ લક્ષણોનું કરેલું વર્ણન (૧૯) સત્સમાગમના અભાવથી દુઃખી થયેલી ભક્ત નારીઓએ સત્સમાગમની કાંઈ વ્યવસ્થા કરી આપવાનો પુછેલો પ્રશ્ન (૨૦) સ્ત્રીઓને પણ પુરુષપ્રસંગ અનર્થકારક હોવાથી તે નહિ કરવાનું વિધાન કરતાં શ્રીહરિએ કહેલી કચના પ્રસંગથી ભ્રષ્ટ થએલી દેવયાનીનીકથા. (સ. પ્ર. ૩ અ. ૬૬ માં કહી છે.) પરંપરાએ સત્સમાગમ કરવાની કહેલી સુરીતિ વિગેરે. (૨૧-૨૨) ઉપરના પ્રસંગથી સ્ત્રીના અવયવ નિરીક્ષણમાત્રથી દુર્દશાને પામેલા નારદ પર્વતની કથાનો અનુવાદ (સ. પ્ર. ૩ અ. ૬૦ માં જણાવેલી) (૨૩) સ્વેચ્છાથી શ્રીહરિએ કહેલી ત્યાગી ગૃહીને વર્તવાની શુભ રીતિ વિગેરે (૨૪) વ્રત નિયમમાંથી ભ્રષ્ટ થએલા ત્યાગી ગૃહીને કરવાના પ્રાયશ્ચિત્તની રીતિ. ઉપર પ્રમાણે ઉપદેશ આપીને ગાન કરવાનું કહેતાં મુનિવૃંદોએ કરેલું ગાયન, શ્રીહરિની કૃપાથી સમાધિને પામેલા જનોને જોઈને થયેલા કેટલાક શ્રીહરિના સમાશ્રિતો, તે પછી સર્વેને સ્વસ્થાને જવાની આજ્ઞા આપીને પોતે પણ સ્વસ્થાને ગયા. આ રીતે રૈવતાચલની છાયામાં સાત દિવસ રહીને નિજાશ્રિતોને નિરવધિ આનંદ આપ્યો. આ રીતનો આ ગ્રંથનો વિષયાનુક્રમ છે. આ ગ્રંથ શ્રીહરિની પ્રેરણાથી દુર્ગપુરમાં રહીને સં. ૧૮૭૫ ના અષાઢ માસની ચતુર્થી સોમવારે પૂર્ણ કર્યો

છે. આમાં છંદ ચોપાઈ દોહા સોરઠા મળીને ૧૨૦૧ છે. સત્સંગીજીવનનાં ઉપયોગી પ્રકરણોના અનુવાદરૂપ આ ગ્રંથ સર્વેએ અવશ્ય વાંચવા વિચારવા જેવો સરસ છે. આનો મહિમા 'श्री सत्संगशिरोमणि, ग्रन्थ सुनत करी प्यास । राधाकृष्ण सो धर्म जुत, तेहि उर करत निवास ॥ जो यह ग्रन्थको प्रेमजुत, सुमति करत सन्मान । होत विमलमति भक्त सो, तेहि रीझत भगवान ॥'' ઈત્યાદિ બહુરીતે ગ્રંથકારે જ ગાયો છે. આ ગ્રંથની લેખી કોપીઓ વૃદ્ધોની પોથિઓમાંથી મળી આવે છે, જેથી એનો પ્રચાર પ્રથમ હતો એમ જણાય છે, આ ગ્રંથ ગુજરાતી ટાઈપમાં યથાતથા અશુદ્ધ છપાયો છે.

સતીગીતા – પતિવ્રતા ધર્મ પ્રકાશક આ ગ્રંથમાં પૂર્વે કૈલાસમાં સતી - પાર્વતીએ ગંગા આદિકનારીઓને ઉદ્દેશીને શંભુસન્નિધિમાં કહેલા હોઈને સતી-સ્ત્રીઓના હિત કરનારા હોવાથી સતીગીતા નામથી કહેલા ધર્મોનું નિરૂપણ હોવાથી એનું નામ યથાર્થ છે. સતીપ્રોક્ત એજ ધર્મો સવિશેષ સ. પ્ર.અ. ૩૦ થી ૩૭ સુધીના ૮ અધ્યાયોમાં ગીર્વાણવાણીમાં શ્રીહરિએ કહ્યા છે, એનાજ ગુજરાતી ભાષાનુવાદરૂપ આ ગ્રંથ છે. આ અર્થ 'नीलकण्ठ मुनिवर कह्यो, गीर्वाण ग्रन्थ उदार । ते हवे भाषा करी कहुं, सद्ग्रन्थ केरो सार ॥' આ રીતે જણાવ્યો છે. વિસ્તારભયથી એનું વિવેચન કરવામાં આવતું નથી. સ્ત્રીઓના ખાસ સાહિત્યરૂપ આ ગ્રંથ ગુર્જરગિરામાં પદ્યબદ્ધ હોવાથી સર્વ સ્ત્રીઓ સુખેથી વાંચી શકે એવો સરલ સરસ છે. આનું માહાત્મ્ય 'प्रेमे करी जे प्रमदा, आ ग्रन्थ ग्रहेशे सार । मुक्तानन्द ते मानिनीने, मळशे हरि भरथार ॥ सतीगीता सर्व सुंदरीनुं, हित करवाने काज । सद्ग्रन्थोनो सार लई, करी नीलकण्ठ महाराज ॥' આ રીતે જણાવ્યું છે. આ ગ્રંથનો નિર્માણ કાળ સં. ૧૮૮૦ ના જ્યેષ્ઠ માસના શુકલ પક્ષની તૃતીયા તિથિ ગુરુવાર છે. આમાં ૮૮ કડવાં અને ૨૨ પદ છે. આ ગ્રંથ રાજકોટમાં બહુ પૂર્વે છપાયો છે. કોપી કુત્રાપિ મળતી નથી.

शिक्षापत्री – આ ગ્રંથ સંસ્કૃત વાણીમાં ગુંથાએલી ૨૧૨ શ્લોકાત્મક શિક્ષાપત્રીના હિંદી ભાષાનુવાદરૂપ છે. આ અર્થ 'पत्री प्रथम गिरवान रही, सो गुरु आज्ञा पाय। मुक्तानन्द भाषा रची, कृष्णचरण चित्त लाय ॥' આ રીતે જણાવ્યો છે. આ ગ્રંથ છપાયો નથી.

मुकुन्दबावनी – આ ગ્રંથ 'ब्रह्मविद्या' અપર નામથી કહેવાય છે તે યથાર્થ છે. કેમકે એમાં બ્રહ્મવિદ્યાનું જ વિવરણ છે. મુક્તાનંદમુનિનું પૂર્વાશ્રમનું નામ મુકુંદ હતું અને તેમણે (૫૨) છપ્પયમાં આ ગ્રંથ ગુંથ્યો છે જેથી એનું 'मुकुन्दबावनी' એવું નામ રાખ્યું છે તે ગુણાનુગુણ છે. વધારાની ૨ છપ્પય ગ્રંથનો મહિમા સૂચક છે. આમાં સમસ્ત તત્ત્વશાસ્ત્રાર્થના સારનો સંગ્રહ છે અને વળી ભાષા પદ વાક્યનું સૌષ્ઠવ લીધું

છે, જેથી કઠિન જણાય છે. છંદ છપયના ઉચ્ચારના અભિજ્ઞને બહુ રસ ઉપજાવનાર છે. સુદુર્લભ નરજન્મને પામીને સાચા સદ્‌ગુરુનો સમાગમ સાચે ભાવે કરીને ધર્મ, આત્મજ્ઞાન,વૈરાગ્ય, માહાત્મ્યજ્ઞાન,ભક્તિ અને તદુપયોગી શ્રદ્ધા નિયમ સત્સંગ વિગેરે સાધનો સત્વર સંપાદીત આત્યંતિક મોક્ષ મેળવી લેવો એવો આ ગ્રંથનો મુદ્દો છે. વિષયોની વિવિધતા હોવાથી એનું વિવરણ કરવા જઈએ તો મૂળ ગ્રંથ કરતાં પણ વધી જાય એમ છે, જેથી કર્યું નથી. આનો મહિમા 'रची बावनी रसिक जनने चित्त चाह बढावन, विषयिकुं विषरूप मोह संताप कढाबन । जिज्ञासु जे सुने ताहि हरि हृदे आवे, साधारण जान सुने विषय वैराग्य उपजावे । धर्म ज्ञान भक्ति वैराग्य जुत नरतन धरी सुमरे हरि, मुकुन्द महा आनन्दनिधि तिन हित यह भाषा करी ॥' આ રીતે ગ્રંથકારે જ કહ્યો છે. આ ગ્રંથની લેખી કોપીઓ જુની મળી આવે છે અને યથા તથા છપાએલો પણ છે, જેથી એનો પ્રચાર પ્રથમ હતો. હાલમાં તો પ્રલુપ્તપ્રાય છે.

धामवर्णनचातुरी - આ ગ્રંથમાં સ. પ્ર. ૩ અ. ૪૧ તથા ભ. પ્ર. ૧૫૯ માં વર્ણવ્યા મુજબ એકાંતિક ભક્ત પ્રાપ્ય ગોલોક ધામનું અને તેમાં વિરાજમાન સપરિવાર શ્રીરાધાકૃષ્ણનું અને તેમના ગુણ ઐશ્વર્ય આદિકનું નિરૂપણ કરવામાં આવ્યું છે. કડવાંને સ્થાને ચાતુરી શબ્દ મુકવામાં આવ્યો છે જેથી નામાભિધાન યથાર્થ છે. આની ૧૮ ચાતુરી છે. ગ્રંથ નિર્માણ કાળ લખ્યો નથી. આનો મહિમા 'धामवर्णन चातुरी, तेने जे कोइ शिखे गाय । तेनां पातक सर्वे नाश पामे, अति कृतारथ थाय ॥' આ રીતે ગાયો છે. આ ગ્રંથની લેખી કોપી જુજ છે, અદ્યપિ છપાયો જણાતો નથી.

वासुदेवावतारचरित्र - આ ગ્રંથ ભાગવત સ્કંધ ૨ અ. ૭ માં બ્રહ્મા નારદના સંવાદથી વર્ણવેલા શ્રીવાસુદેવ ભગવાનના વારાહ મત્સ્ય કૂર્મ નૃસિંહ વામન રામ કૃષ્ણ આદિક અનેક અવતારો અને તેમનાં ઐશ્વર્યપૂર્ણ ચિત્ર ચરિત્રોના ભાષાનુવાદરૂપ છે. આ અર્થ 'निजगुरु श्रीघनश्यामकी, आज्ञा धरिके शीश । तेहि भाषा टीका करूं, हृदे धारी जगदीश ॥' આ રીતે કહ્યો છે. આનો મહિમા 'यह अवतारचरित्रकुं, कहत सुनत हरिदास । मुक्तानन्दको नाथ तेही, उरमहि करत निवास ॥' આ રીતે જણાવ્યો છે. આ ગ્રંથની એકજ કોપી મળી આવી છે. અદ્યાપિ છપાયો નથી.

अवधूतगीत - આ ગ્રંથ, ભાગવત સ્કંધ ૧૧ અ. ૭-૮-૯ આવેલા, ભગવદુદ્ધવ સંવાદરૂપ, અવધૂતગીત (દત્તાત્રેયમુનિના ઉપદેશાદિ ચરિત્રરૂપ) ના ભાષાનુવાદરૂપ છે. આ અર્થ 'कह्यो श्रीकृष्ण करी प्रीत, उद्धव प्रतिसें सुखद । श्रीअवधूतको गीत, करतहुं तेहि भाषाप्रबन्ध ॥' આ રીતે જણાવ્યો છે, આનો મહિમા 'जो यह ग्रन्थकुं प्रेमजुत, पढत सुनत मतिधीर । ताके सब बन्धन टरे, उरमें वसत बलवीर ॥' ઈત્યાદિ વર્ણવ્યો છે. આ ગ્રંથ વૃત્તાલયમાં રહીને ૧૮૮૪ ના ચૈત્ર માસની રામનવમી

રવિવારે પૂર્ણ કર્યો છે. આ ગ્રંથની એક બે કોપી લેખી મહામહેનતે મેળવી છે. અદ્યાપિ છપાએલો નથી.

**ગુરુચોવીશી** - ભાગવત સ્કંધ ૧૧ માં દત્તાત્રેય મુનિ આ યદુરાજના સંવાદરૂપથી પ્રવર્તેલીકથા (જેને અવધૂતગીત કહે છે.) પૈકી દત્તાત્રેયે અમુક શુભ ગુણોના ગ્રહણ માટે કરેલા પૃથ્વી જળ સર્પ કન્યા પિંગલા આદિક ચોવીસ ગુરુઓનાજ ફક્ત સંબધવાળી કથા ભાષાનુવાદરૂપ હોવાથી નામની યથાર્થતા છે. છપયમાં ગુંથાએલો હોઈને મુકુંદબાવનીને મળતો છે. આની ૩૩ છપ્પય છે. તેમાં ૨૪ ગુરુઓની ૨૨૪ છે. ૧ મંગળા ચરણ માટે, ૧ ગ્રંથના મહિમા માટે, ૧ ચોવીશ ગુરુઓના નામ નિર્દેશ માટે, ૧ ગ્રંથ પ્રયોજન માટે, ૪ ગુરુમહિમા માટે અને ૧ ગ્રંથોત્પત્તિ સમયસૂચન માટે છે. આમાં ભગવાન્ સહજાનંદસ્વામીને મુખ્ય ગુરુ તરીકે માન્યા છે. કર્તામાં મૂળદાસ નામ આપ્યું છે તે મુક્તાનંદસ્વામીનું જ છે. આ ગ્રંથ સં. ૧૮૬૩ ના જયેષ્ઠ માસના કૃષ્ણ પક્ષની તેરસે શુક્રવારે કર્યાનું ગ્રંથકાર જ કહે છે. આ ગ્રંથની લેખી કોપી બહુ શોધતાં પણ મળી નથી. ફક્ત કવિરાજ માવદાનજીએ ગુજરાતી ટાઈપમાં નાની સાઈઝમાં છપાવેલી મળી છે. અવધૂતગીતામાં ગુરુચોવીશીનું વિવરણ આવી જાય છે, છતાં પૃથક્ મળી આવવાથી આમાં નિવેશ કર્યો છે, અવધૂતગીતામાં વિસ્તાર છે, આમાં સંક્ષેપ છે.

**कृष्णप्रसाद** - આ ગ્રંથ સત્સંગિજીવન પ્ર. ૪ અ. ૨૮ થી ૩૩ સુધીમાં કહેલી કથાના ભાષાનુવાદરૂપ છે. (ભ. પ્ર. ૯૨-૯૩ માં પણ વિવરણ છે) ભક્તરાજ સચ્ચિદાનંદ મુનિ ઉપર દ્વારકાધીશ શ્રીકૃષ્ણે જે અનુગ્રહ વૃત્તાલયાગમનરૂપ કર્યો તેના વિવેચનરૂપ હોવાથી નામની યથાર્થતા છે. આ બાબત સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ હોવાથી વિવેચન કર્યુ નથી. આ ગ્રંથ ગુજરાતી ભાષામાં ગરબી રૂપમાં હોવાથી સરલ અને સરસ છે. એનાં પદ ૧૧૨ છે. ૧૧૨ માં ગ્રંથમાહાત્મ્ય છે. આનો નિર્માણકાળ સંવત માસ તિથિ વિગેરે કાંઈ લખ્યું નથી. આ ગ્રંથની એક બે કોપી મળી છે. છપાયો જણાતો નથી.

**नारायण चरित्र** - આ ગ્રંથ શ્રી નારાયણમુનિના આવિર્ભાવાદિ અંતર્ધાનાન્ત અદ્‌ભુત અપ્રાકૃત ચિત્ર ચરિત્રના સંગ્રહરૂપ છે. સત્સંગિજીવનની છાયા છે. મંગળ બિહાગ આદિક જુદા જુદા રાગમાં છે. ભાષા હિંદી છે. એના પદ ૩૪ છે. એનો મહિમા 'नारायणके चरित्र मनोहर, सुनत कुमति जरिजात हो । मुक्तानन्दको नाथ तुरत तेहि, रिझत प्रभु साक्षात हो ॥' ઈત્યાદિ ગાયો છે, આ ગ્રંથ ગઢડામાં રહીને સં. ૧૮૮૨ના જયેષ્ઠ વદી દશમી ગુરુવારે સંપૂર્ણ થયો છે. આ ગ્રંથની એકજ કોપીલેખી મળી આવી હતી. મુદ્રિત થયો નથી.

**नारायणकवच** – આ ગ્રંથ ભાગવત્ સ્કંધ ૬ અ ૮માં આવેલા નારાયણકવચના ભાષાનુવાદરૂપ છે. દોહા ચોપઈથી હીંદી ભાષામાં ગુંથાએલો છે. આ ટીકા 'नीलकण्ठ जेहि नाम, सोइ मम गुरु सब सुखसदन । तेहि आज्ञा अभिराम, तेहि प्रताप टीका बन ॥' શ્રીહરિની આજ્ઞાથી કરી છે. એનો મહિમા 'यह नारायण वर्म, पठत सुनत सोइ सुखी रहत । ताहिको रहत हे धर्म, मुक्त सोइ प्रभुपद लहत ॥' આ રીતે જણાવ્યો છે, આનો સ્થળ નિર્માણકાળ જણાવ્યો નથી. આની એકજ પ્રતી લેખી મળી આવી છે. મુદ્રિત થયો નથી.

**वैकुण्ठधामदर्शन** - આ લઘુ ગ્રંથ ભાગવત્ સ્કંધ ૧૦ અ. ૨૮ ના ભાષાનુવાદરરૂપ છે. આનું અનુસંધાન વચ. લો. ૧૮ માં "વ્રજના ગોપને આશ્ચર્યરૂપ શ્રીકૃષ્ણ ભગાવનનાં ચરિત્ર દેખીને... નારાયણનો ભાવ આવ્યો, પછી એમ કહ્યું જે 'તમે તો નારાયણ છો માટે અમને તમારૂં ધામ દેખાડો' ત્યારે અક્ષરધામ દેખાડયું." આવા શબ્દોમાં શ્રીહરિએ જણાવ્યું છે. આ ગ્રંથ દોહા ચોપાઈમાં છે. નિર્માણ કાલાદિકનો નિર્દેશ નથી. આ ગ્રંથની એકજ કોપી મળી આવી છે. મુદ્રિત થયો નથી. શ્રીજીની આજ્ઞાથી ભાષા કરી છે એમ ગ્રંથકાર કહે છે.

**ભગવદ્ગીતાભાષાટીકા** - આ ગ્રંથ, શ્રીકૃષ્ણાર્જુનના સંવાદરૂપ અષ્ટાદશાધ્યાયાત્મક ભગવદ્ગીતા કે જે અભીષ્ટ આઠ સચ્છાસ્ત્રોમાં ગણીને સર્વને જેના અભ્યાસની અત્યાવશ્યકતા શ્રીહરિએ કહી છે તેના ભાષાનુવાદરૂપ છે. આમાં જેના ભાષ્યને આધ્યાત્મિક જ્ઞાન તરીકે માન્યું છે એવા રામાનુજાચાર્યકૃત ભાષ્યને અનુસરતા અર્થો લેવામાં આવ્યા છે. કેટલોક વિશેષ પણ છે. આ ભાષાગ્રંથ શ્રીહરિની આજ્ઞાથી દુર્ગપુરમાં રહીને સં. ૧૮૮૨ ના અષાઢ માસના કૃષ્ણ પક્ષની ત્રીજ રવિવારે પ્રકાશ કરવાનું ગ્રંથકાર જ કહે છે. આની એક લેખી કોપી વડતાલમાંથી મળી છે. બીજી ગઢડાથી મળી આવી છે. મુદ્રિત થયો નથી

**कपिलगीता** - આ ગ્રંથ, ભાગવત્ સ્કંધ ૩ અ. ૨૫ થી ૩૩ સુધીના નવ અધ્યાયોમાં આવેલી, કપિલ-દેવહૂતીના સંવાદરૂપ તત્ત્વજ્ઞાનમય કપિલગીતાના ભાષાનુવાદરૂપ છે. આ ભાષા 'ऐसे श्रीहरिदेवकुं, करीके अनन्त प्रणाम । उद्धव मतके भक्त सब, तेहि आश्रित गुणधाम ॥ तिनकुं सुखहिंसे बोध हित, कपिलकी गीता तास । हरिआज्ञा टीका करूं, करन मोह तमनाश ॥' એમ શ્રીહરિની આજ્ઞાથી ઉદ્ધવાશ્રિત ભક્તોને સુખેથી બોધ થવા માટે કરી છે એમ ગ્રંથકાર જ કહે છે. આ ગ્રંથનો મહિમા 'या गीताकी प्रेमजुत, कथा करत हरिदास । मुक्तानंद को नाथ तेहि, उरमहि करत निवास ॥' આ રીતે જણાવ્યો છે. આ ગ્રંથ દુર્ગપુરમાં રહીને સં. ૧૮૮૩ ના જન્માષ્ટમી દિન રવિવારે પૂર્ણ થયો છે. આની કોપી એક બે વડતાલથી અને એક ગઢડાથી મળી

આવી છે. મુદ્રિત થયો નથી. શ્રીહરિ કપિલગીતાને બહુ વંચાવતા અને ઉપદેશાદિકમાં પણ ઉપયોગમાં  લેતા, એમ એનો પ્રચાર હતો. પાછળથી પ્રલુપ્ત થયો છે.

**ગુણવિભાગ** – આ લઘુ ગ્રંથ, ભાગવત્ સ્કંધ. ૧૧ અ. ૨૫ કે જે શ્રીકૃષ્ણ-ઉદ્ધવના સંવાદરૂપ હોઈને ત્રણ સત્વાદિગુણના કાર્યભેદને જણાવનારો છે તેના ભાષાનુવાદરૂપ છે. આ ગ્રંથનો નિર્માણકાળ લખ્યો નથી. આ ગ્રંથ વડતાલમાંથી અપૂર્ણ લેખીત મળ્યો. ગઢડાથી પૂર્ણ મળ્યો હતો. મુદ્રિત થયો નથી.

**નારાયણગીતા** – આ ગ્રંથ સત્સંગિજીવન પ્ર. ૨ અધ્યાય ૭ ના ભાષાનુવાદરૂપ સરસ છે, નારાયણમુનિ શ્રીહરિએ સ્વવદને નિજાશ્રિતો પ્રત્યે કહેલી હોવાથી એનું નામ સાર્થક છે. આમાં સંપ્રદાયી સુજનોના સમુપયોગી ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ માહાત્મ્ય સત્સંગ વિગેરે વિવિધ વિષયોનું વિવરણ છે. આ ગ્રંથ '**ग्रन्थ प्रथम गीर्वाण यह, समझी शकत नहि जंत । सो अब भाषा करी कह्यो, जानी लेउ गुणवंत ॥**' એમ ગીર્વાણવાણીની ભાષા કરવાનું સકારણ સ્વયં કહે છે. આ ગ્રંથ દુર્ગપુરમાં વાસુદેવ નારાયણની શુભ સન્નિધિમાં રહીને કરવાનું કહે છે. દોહા ચોપાઈ સોરઠા મળીને ૧૮૨ છે. આ ગ્રંથની લેખી કોપી વડતાલ ગઢડા જુનાગઢથી તપાસ કરતાં મળી નથી. ભુજ મંદિરથી મળી આવી છે. આ ગ્રંથ મુદ્રિત થયો નથી.

**રુક્મિણીવિવાહ** – આ લઘુ ગ્રંથ શ્રીકૃષ્ણ ભગવાન સાથે થયેલા લક્ષ્મીના અવતારભૂત રુકિમણીના વિવાહ મંગલના વર્ણનરૂપ પદ્યબદ્ધ રસિક જનરંજક હોઈને ભક્ત સ્ત્રીયોએ લોકમાં ગવાતાં ગીતોમાં ખાસ ઉપયોગનો છે. શ્રીહરિની ખાસ અનુજ્ઞાથી કર્યો છે. આની ઉત્તપત્તિનું નિમિત પ્રથમ જણાવ્યું છે. ૧૧ વિવાહ મંગલનાં અને ૪ ફટાણાંનાં મળીને ૧૫ પદ થાય છે. આ પદોની લેખી પ્રતો પણ જોવામાં આવે છે. બહોળો ઉપયોગ થતો હોવાથી બહુ સ્થળે છપાયો છે. એનો પદોમાં પણ સમાવેશ છે.

ઉપર પ્રમાણે ૨૧ ગ્રંથોની સંક્ષિપ્ત સમીક્ષા છે. એના વિષય વિગેરે વિવેચન કરવા જઈએ તો એક ગ્રંથ જેટલો વિસ્તાર વધી જાય એમ જાણીને કર્યું નથી. મુક્તમુનિના જીવનચરિત્ર વિષયમાં બહુ બાબતો ગ્રંથોથી અને વૃદ્ધપરંપરાથી યથાતથા મળી આવે છે તેને જો લેવા જઈએ તો એક ગ્રંથ કરતાં પણ વધી જાય તેમ છે. જેથી તેમાંથી સારાંશ જ લીધો છે.

ઉપર પ્રમાણે ભાગવતપ્રધાન ઉદ્ધવજીના અવતારભૂત સદ્‌ગુરુવર્ય સંપ્રદાયધુરંધુર શ્રી રામાનંદસ્વામીની પરમ કૃપાના પ્રથમ પાત્રભૂત, પરંબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ પુરુષોત્તમના પ્રત્યક્ષ અવતારભૂત ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની અપાર અનુકંપાના તથા અત્યર્થ પ્રેમના ઉદ્‌ગારરૂપ અનેક પ્રશંસાવચનામૃતોના પાત્રભૂત,

સંપ્રદાયના ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિએ સ્વરગુરુ તરીકે સ્વીકારેલા હોઈને સર્વ સમાશ્રિતોના મુખ્ય સદ્ગુરુભૂત, વેદ વેદાંગ વેદાન્ત સ્મૃતિ પુરાણ ઈતિહાસ વિગેરે સમસ્ત સદ્વિદ્યાના નિધિભૂત,શમ દમ તપ ત્યાગ વૈરાગ્ય નૈષ્ઠિક બ્રહ્મચર્ય આદિક સમગ્ર સાધુગુણોના ભંડારભૂત, કારુણ્ય વાત્સલ્ય સૌશીલ્ય સૌલભ્ય ઔદાર્ય સૌજન્ય વાઙ્માધુર્ય આદિક લોકોપયોગી ગુણોના ઉદાહરણભૂત, રામકથા, વીણાવાદન, તાળ મૃદંગ કડતાળ આદિક વાજીંત્રોના સહકારવાળા ઉત્સવો, નાડીપરીક્ષણ વિગેરે વૈદ્યવિદ્યા વિગેરે લોકરંજક ગુણોના પણ પરમાધારભૂત, સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો પદ્યો વિગેરેના નિર્માણથી કવિરાજ પદવીના પ્રથમાસ્પદભૂત, સંપ્રદાયની સર્વિધ ધૂર ધારવા માટેના મહાસ્તંભભૂત, એમ સર્વ સદ્ગુણસંપન્ન એવા મુનિ મુક્તાનંદ સ્વામી સ્વયં કૃતકૃત્ય થઈને અને અન્ય અનેકને  કૃતાર્થ કરતા થકા ઈષ્ટદેવ ભગવાન્ શ્રીહરિના અખંડ સમારાધનપરાયણ થતાં, શ્રીહરિના અંતર્ધાન અનંતર વિયોગશોક બીલકુલ નહિ સહન થવાને કારણે શ્રીગોપીનાથજીનાં દર્શન કરવા મંદિર ઉપર ગયા. અને બહુ બહુ પ્રાર્થના કરતાં પ્રસન્ન પ્રત્યક્ષ શ્રીહરિએ મધ્યાહ્ને ધામમાં લઈ જવાનું કહેતાં સત્વર આસને આવીને આચાર્યશ્રીને સત્સંગની બહુ ભલામણ કરીને, પછી પદ્માસન વાળી દૃષ્ટિને નાસાગ્ર રાખીને દિવ્યમૂર્તિ શ્રીહરિવિષે નિર્મળ મનને અવ્યુત્થાન જોડી દઈને અક્ષરધામથી આવેલા સમુક્ત વિમાનમાં વિરાજીને શ્રીહરિ પાછળ એક માસેજ સં. ૧૮૮૬ના અષાઢ કૃષ્ણપક્ષની એકાદશીના પવિત્ર દિવસે અક્ષર પરમ ધામને પામ્યા. એ રીતે અંતે અનુત્તમ અનુપમ મુક્તાત્મપ્રભાવ અને તદનુગુણ પ્રતિભાપ્રભાવ પ્રત્યક્ષ પ્રદર્શાવ્યો. (આ બાબતનો વિસ્તાર હ. ક. ૧૦ વિ. ૮ માં છે.) સ્વામી પોતે બહુ રૂપાળા, શરીરે કૃશ હોવા છતાં તેજસ્વી અને શાંતમૂર્તિ દર્શનીય સ્મરણીય હતા. એમના અવસાનથી આખા સંપ્રદાયને કદાપિ ભવિષ્યમાં  ન પૂરી શકાય એવી અસહ્ય મોટી ખોટ આવી, પરંતુ તેઓ પોતાની વાણીરૂપ અમૃતમૂર્તિ કલ્યાણકારી કાયમી પાછળ મુકી ગયા છે, જેથી ખામી જણાતી નથી. એમણે આપણી ઉપર કરેલો આ મહાન્ ઉપકાર સદા સ્મરણમાં રાખીને તેમના ગ્રંથોનો વાંચન શ્રવણાદિ પ્રચાર રાખવો એજ આપણું અવશેષ કર્તવ્ય છે. આરીતે સ્વામીના જીવનચરિત્રનો સાર છે.

જયશ્રી સ્વામિનારાયણ

લી. શાસ્ત્રી હરિજીવનદાસ, વડતાલ.

ॐ

श्री स्वामिनारायणो विजयतेतराम् ।
श्रीवासुदेवमनिशं निजलाभतुष्टं सर्वेश्वरं परतरं महनीयकीर्तिम् ।
ब्रह्माद्वयं परमनन्तमगाधबोधं नारायणं मुनिवरं प्रणमाम्यहं त्वाम् ॥१॥

(પ્રથમ આવૃત્તિ પ્રસિદ્ધ કર્તાનું)

# निवेदनम् ।

આ શ્રી ઉદ્ધવસંપ્રવર્તિત શ્રીહરિસંવર્ધિત સર્વોપરી સંપ્રદાયના સમસ્ત સમાશ્રિતોને સુવિવદિત છે જે - આ સંપ્રદાયમાં મુક્તાનંદસ્વમી કે જેમને પરંબ્રહ્મ પરમાત્મા પ્રકટ પુરુષોત્તમ ભગવાન્ શ્રીહરિએ સ્વગુરુ તરીકે માન્યા હોઈને સર્વ મુનિઓમાં મુખ્ય સદ્ગુરુ તરીકે સાચા ભાવે સર્વેએ સાદર માન્યા હતા. (એમનાથી પર કોઈ ન હતું) તે આ વિદ્વદ્વર્યને કવિવર્ય જાણીને ઈષ્ટદેવ શ્રીહરિએ વચ. મધ્ય. ૫૮ માં સંપ્રદાયની ચિર કાળ પરિપુષ્ટિનો પરમ હેતુ પર્યાલોચતાં "તમે પણ પોતાના સંપ્રદાય સંબન્ધી ને પોતાના ઈષ્ટદેવ સંબન્ધી જે વાણી તથા શાસ્ત્ર તેજ દેહપર્યંત કર્યા કરજો અને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એજ આજ્ઞા છે." આવા શુદ્ધ શબ્દોમાં કરેલી ગ્રન્થનિર્માણની આજ્ઞાને અનુલક્ષીને સંપ્રદાયની અને ઈષ્ટદેવની અમૃતવાણીની પ્રપુષ્ટિને કરનારા અનેક પ્રબન્ધો સંસ્કૃત પ્રાકૃત ભાષામાં લોજમાં શ્રીહરિના સમાગમાં આવ્યા ત્યારથી તે અવસાનની અંત્ય અવસ્થા સુધી કર્યા છે છે. અને વિવિધ વૃત્ત છંદોમાં રસપ્રદ અનેક પદો પણ ઉત્તમ રચ્યાં છે.

આ કવિરાજકૃત પ્રબન્ધો અને પદો કેવળ આ સંપ્રદાયના અનુયાયિઓના જ ઉપયોગી છે એટલું જ નહિ પણ બીજા આસ્તિકમાત્રને બહુ ઉપયોગના ઉદ્ધગીતા, કપિલગીતા, ભગવદ્ગીતા, સતીગીતા, નારાયણગીતા, અવધૂતગીત, વિવેકચિંતામણી, સત્સંગશિરોમણી, મુકુંદબાવની વિગેરે સર્વમાન્ય થાય એવા સરસ છે, કારણ કે એમાં પરમ પ્રાપ્ય પરમાત્મા પરંબ્રહ્મ અને તેમની પ્રાપ્તિનાં ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ પ્રપત્તિ માહાત્મ્યજ્ઞાન સત્સંગ વિગેરે મોક્ષોપયોગી બહુ સાધનો વેદ વેદાંત સ્મૃતિ ઈતિહાસ પુરાણ આદિક સચ્છાસ્ત્રોના અનુસંધાનથી વિશેષર્થ સાથે વિરચ્યા છે.

પ્રથમ તો અત્યારના જેવાં મુદ્રણાલયાદિ સહેલાં સાધનો નહિ હોવાથી હાથે લખીને જ વાપરવાનો અતિ કલિષ્ટ સમય હતો. પરંતુ એ સમય એવો પણ સંપ્રદાય

માટે સુલભ પ્રબળ હતો કે શત ઉપરાંત તો ત્યાગીઓ અને બીજા વેતનથી સુંદર બાલબોધ લીપીમાં લખનારા બહુ હતા. એટલે પ્રબન્ધો અને પદોનો પ્રચાર લેખનથી સારો થયો હતો. (આરંભમાં એજ આલંબન હતું) પાછલા વર્ષોમાં કંઈક નામની મુદ્રણવ્યવસ્થા વિશ્વમાં પ્રવર્તતાં થોડા ગ્રન્થો ધર્માખ્યાન વિજ્ઞાનચિંતામણી સત્સંગશિરોમણી પંચરત્ન આદિક શિલાલેખથી તો પાછળથી ટાઈપથી છુટા છવાયા છપાયા. પરંતુ સંપ્રદાયના અધિષ્ઠાતા આચાર્યો કે તેમના આજ્ઞાંકિત મહંતો કે બીજા કોઈ યોગ્ય સભ્યોએ નહિ પણ બીજા કોઈ સામાન્યો વ્યાપારદષ્ટિએ યથાતથા છપાવ્યા હશે, જેથી અશુદ્ધિનો પાર નહિ અને તેની ગોઢવણી પણ ગામઠી યથાતથા ક્ષુલ્લક હતી. લેખનથી કે મુદ્રણથી થોડા પ્રબન્ધો તથા પ્રકાશમાં આવતાં, બાકી રહેલા તો દઢ પાટીએ જાડે બાંધણે પેક બંધાઈને પેટી પટારાના શરણને પામ્યા અને ઉપર મજબુત તાળાં વસાઈ ગયાં.એને ઉઘાડવાની મહેનત કોણ લે ? લેખકો અપુનરાવૃત્તિની પ્રતિજ્ઞા લઈને પરમ પદે પરવર્યા અને યદ્વા-તદ્વા થતું મુદ્રણ પણ બંધ થયું, એટલે અમુદ્રિત તો કેદીવત્ બાંધ્યા જ રહ્યા, કોઈએ છોડવાનો પ્રયત્ન કર્યોજ નહિ, ભલે મુકતમુનિ મુનિઓમાં અને મુક્તોમાં મુખ્ય હોય અને સંપ્રદાયના ઈષ્ટદેવે ગુરુ તરીકે માન્યા હોય. અને ભગવાનની ગ્રંથ નિર્માણની યાવદાયુષ્ય ખાસ આજ્ઞાથી ગ્રન્થો મહામહેનતે રચ્યા હોય અને બીજી બધી જ રીતે મહનીય મહત્તાને ધરાવતા હોય પરંતુ તેમના પ્રબન્ધોના પ્રકાશનને સવાસો ઉપરાંત વર્ષો વીતિ ગયાં પણ સ્થાન જ મળ્યું નહિ અત્યંત અનુશોચ્ય સ્થિતિ અવાચ્ય આવી પ્રવૃત્તિ પણ કોણ કરે ? કોઈ સ્વામીના શિષ્ય પ્રશિષ્ય પ્રબળ હોત તો કાંઈક મુદ્રણની પ્રવૃત્તિ કરતે પરંતુ તે પણ મળે નહિ, નિધણીયાના જેવી અવદસા થઈ.

પચીશેક વર્ષ ઉપર સ.પુ. રઘુવીરચરણદાસજીના શિષ્ય પુ. વાસુદેવચરણદાસજીના પ્રયાસથી સાહિત્ય સ્નેહી મુંબઈના શેઠ મોતીલાલ હાથીભાઈએ મુક્ત મુનિકૃત ગ્રન્થો એકે એક જુદા જુદા છપાવવાનો વિચાર કરેલો અને તેના ફળરૂપે પ્રથમ પંચરત્ન નામનો ગ્રન્થ નાની સાઈઝમાં છપાવ્યો પણ ખરો. પંરતુ પાછળથી ચિત્ ક્ષણિક હોય છે એ ન્યાયે બીજા પ્રબન્ધોનું મુદ્રાપણ બંધ પડ્યું. એમ વળી કેટલાક દિવસો જતાં મુક્તમુનિકૃત સમગ્ર ગ્રન્થો એક સંગ્રહમાં છપાવવાની ભલામણ શા. હરિજીવનદાસે મુંબઈ સત્સંગિસમાજને કરતાં તેણે સાદર સ્વીકારેલી. અને મુદ્રણની વ્યવસ્થા પણ કરેલી. પરંતુ એક મોટાભાઈના ગુજરાતી ટાઈપો જ લેવાના આગ્રહથી તે કામ બંધ રહ્યું શ્રેયકાર્યમાં બહુ વિઘ્નો આવે છે એ સાહિત્ય સાબિત રહ્યું.

વળી કેટલાંક વર્ષો વીતતાં ભુજમંદિર તરફથી ભક્તચિંતાણી, નિષ્કુલાનંદકાવ્ય આદિક પુસ્તકો સત્સંગિહિતાર્થે ત્યાંના મહંતસ્વામીશ્રી શ્રી વલ્લભદાસજીએ છપાવ્યા બાદ મુક્તાનંદકાવ્ય છપાવવાની વાત શા. હરિજીવનદાસે મારી હાજરીમાં મહંત સ્વામીશ્રીને સવિધિ સપ્રયોજન સવિસ્તર કરેલી. શ્રી નરનારાયણદેવની પ્રેરણાથી અમારા બન્નેના મનમાં તે કાર્ય અત્યાવશ્યક અત્યુત્તમ અત્યુપયોગી જણાયું. પછી ભુજમંદિરના કાર્યકર્તા કો. હરિરામભાઈ વિગેરે અગ્રેસર સત્સંગીઓ આગળ એ વાત વિદિત કરતાં તેમની સંપૂર્ણ સહાનુભૂતિ મળી. પછી ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની મંજુરી માગતાં તેમણે હર્ષભેર સત્વર આપી. એમ અપેક્ષિત વિધિ પૂર્ણ થતાં મુદ્રણ કાર્ય નક્કી થયું.

હવે આ કાર્ય બીજાં પુસ્તકોની પેઠે સહેલું ન હતું, પ્રથમ તો મુક્તમુનિકૃત પ્રબન્ધો જ્યાંત્યાંથી સંપાદન કરવાના હતા અને તેની શુદ્ધ પ્રેસકોપી તૈયાર કરવાની હતી અને વળી તેને શોધવાની અને વળી તેના અંગની સઘળી સુવ્યવસ્થા કરવાની હતી. એમ એ કામ કપરૂં હતું. જેથી તેવા કાર્યના બહુ વર્ષોના અભ્યાસી શા. હરિજીવનદાસજીને સર્વથા યોગ્ય જાણીને એ કામ તેમને સોંપવામાં આવ્યું. તેમણે વડતાલ લાયબ્રેરીમાંથી બહુધા પુસ્તકો મેળવ્યાં તો કોઈ સંતો પાસેથી તો કોઈ ભુજ મંદિરથી તો કોઈ ગઢડા મંદિરથી તો કોઈ પાસેથી મુદ્રિત હતા ત્યાંથી પણ ક્રમે ક્રમે મંગાવ્યાં અને શુદ્ધ પ્રેસ કોપી તૈયાર થોડે થોડે થતી ગઈ.

સંપ્રદાયમાં જેમ મુક્તાનંદ સ્વામી સર્વોત્તમ હોઈને તેમના ગ્રન્થો પણ સર્વોત્તમ છે તેમ તેનું મુદ્રણકાર્ય પણ સર્વોત્તમ સુંદર થવું જોઈએ એવી પ્રત્યેક પ્રબળ ઈચ્છા હોવાથી જેમાં આપણા સંપ્રદાયના ઘણા ગ્રન્થો શુદ્ધ સર્વોત્તમ સુશોભિત પ્રકારે છપાઈને પ્રકાશમાં આવ્યા છે એવા સુપ્રસિદ્ધ નિર્ણયસાગર પ્રેસમાંજ છપાવવાનો ઠરાવ રાખ્યો. નવા ટાઈપો હોય તો કામ બહુ સુંદર થાય એમ માનીને ટાઈપ પણ શોભિતા નવાજ ઘરની ફાઉંડરીમાં જ પડાવરાવ્યા સુંદર અને ટકાઉને આકર્ષક કામ કરાવમાં તો સારા કાગળ જ જોઈએ જેથી વિલાયતી ગ્લેઝ કાગળો સત્સંગી પટેલ પેપર માર્ટ મારફત મોંઘા ભાવથી સત્વર સંપાદન કર્યા. એમ મુદ્રણનો આરંભ થતાં અનુશોચ કરવા યોગ્ય બાબત બની કે મારા ગુરુ મહંત સ્વામીશ્રી શ્રી વલ્લભદાસજી માત્ર ચાર પાંચ દિવસની જ સાધારણ માંદગીમાં સં. ૨૦૧૦ ના ષોષ સુદી ૯ ના પ્રાતઃકાળે પાંચ વાગે અક્ષરવાસી થયા. પંરુ તેમોન જે આ શુભ સંકલ્પ હતો તે પરિપૂર્ણ કરવાનો હોવાથી તેમ કામ ચાલુ જ રાખ્યું.

અમુદ્રિત ગ્રન્થોની પ્રતિઓ બહુધા ગડબડીયા લખાણવાળી અશુદ્ધ અવ્યવસ્થિત

હોય છે, એમાં કોઈ અક્ષરો અને પંક્તિઓ ગલિત હોય છે, મુદ્રિતમાં પણ અશુદ્ધિ તો અધિક રહી ગઈ હોય છે, જેથી પ્રથમ મુદ્રિત કરવામાં બહુ મુશ્કેલીઓ હોય છે, છતાં તેને બીજી પ્રતો સાથે મેળવીને બનતી શુદ્ધિ કરી છે. અને આમાં ચાલી આવતી અનવિધ પ્રત્યક્ષ અશુદ્ધિનો પણ પરિહાર કર્યો છે અને વાંચકોની સગવડ સારૂ પદચ્છેદ પેરેગ્રાફ વિગેરેની પણ ગોઠવણ કરી છે.

સર્વ કોઈને પ્રથમ પ્રબન્ધકર્તાનું જીવનચરિત્ર અને પ્રબંધપ્રતિપાદિત વિષયો જાણવાની પણ આકાંક્ષા રહે છે, તે જાણ્યા પછીથી તેના વાંચન શ્રવણાદિકમાં શ્રદ્ધાથી પ્રવૃત્તિ થાય છે, એમ વિચારીને ગ્રંથકર્તા સ્વામીશ્રી જેવા સર્વોત્તમ હતા તેવું જ તેમનું જીવનચરિત્ર સર્વોત્તમ અપૂર્વ વિસ્તૃત લખાય તો સારૂં એમ અવધારીને સંપ્રદાયના ગ્રન્થોમાંથી અને વૃદ્ધપરંપરાથી બહુ બાબતો મેળવીને લખ્યું છે. આમાં લુણાવાડાના સત્સંગિશિરોમણિ રમણલાલ અંબારામ ભટ્ટે કીંમતી મદદ આપવાથી તેની વિશિષ્ટતામાં વધારો થયો છે. ચરિત્રના પ્રસંગથી ગ્રન્થો વિષયોની સમીક્ષા પણ વિસ્તારભયને લીધે સંક્ષિપ્ત કરી છે એમ કરીને ગ્રન્થોનું અને ગ્રન્થકર્તાનું ઘણું ગૌરવ યથાસ્થિત સાધવામાં આવ્યું છે.

સંપ્રદાયનિષ્ઠ સર્વકોઈને મુક્ત મુનિની અમૃતવાણીનો અલભ્ય લાભ મળતો રહે એ ઉદ્દેશથી ધ.ધુ. આચાર્યશ્રી અને બીજા બધા સંત હરિભક્તોની આશીષથી અને સહાનુભૂતિથી આ નવીન મહાકાવ્યનું મુદ્રણ થવા પામ્યું છે તે હર્ષ પ્રકર્ષની વાત છે.

આ પ્રસંગે શુભ સૂચના આપવાની છે જે આ કાવ્યમાં ૨૧ ગ્રંથો આવ્યા છે. હવે બાકીમાં ભાગવત્દશમસ્કંધ ભાષાટીકા કે જે દોહા ચોપાઈમાં છે. અને બીજાં કીર્તનો ગુજરાતી હિંદી ભાષામાં છે અને બીજું પરચુરણ જે કાંઈ છે તે સર્વેનો સમાવેશ બીજા ભાગમાં થાય તો મુક્તમુનિકૃત યાવત્ કવિતા પ્રકાશનમાં આવી જાય અને ચિરંજીવી થઈ જાય આ બાબત ખાસ કરણીય હોવાથી બીજો ભાગ છપાવવાનો વિચાર રખાયો છે તે સંપૂર્ણ છપાઈને પ્રકાશનમાં આવી જાય એવી સમર્થ શ્રીહરિ અને સંત હરિભકતો આશીષ અને સહાનુભૂતિ આપે એવી ઉત્કટ ઉત્કંઠા રાખું છું. એજ.

જય શ્રીસ્વામિનારાયણ....

નિવેદક શાસ્ત્રી ધર્મજીવનદાસજી
ભુજ મંદિરના મહંત.

# કાવ્યાનુક્રમણિકા

મુક્તાનંદ કાવ્યમ્ ભાગ-૧

## ધર્માખ્યાનમ્


| કડવા / પદ | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧/૪ | મંગલાચરણ તથા ગોલોક વર્ણન | ૧ |
| ૫/૬ | અક્ષરાધિપતિનું વિવિધરૂપે પ્રાગટ્ય | ૩ |
| ૭/૮ | બદરિકાશ્રમનું વર્ણન | ૪ |
| ૯/૧૨ | બદરિકાશ્રમમાં ઋષિઓનું આગમન તથા નરનારાયણની શોભાનું વર્ણન | ૫ |
| પદ-૩ | ભરતખંડની દુર્દશાનું વર્ણન | ૭ |
| ૧૩ | ભરતખંડવાસીઓના ઉદ્ધાર માટે ઋષિઓએ કરેલી પ્રાર્થના | ૮ |
| ૧૪ | ધર્મ અને મૂર્તિનું આગમન તથા ભગવાન દ્વારા સ્વાગત | ૮ |
| ૧૫ | ભગવદ્‌વાર્તા સાંભળવામાં મુગ્ધ સભામાં દુર્વાસાનું આગમન | ૯ |
| ૧૬/પદ-૪ | દુર્વાશાનો શાપ | ૯-૧૦ |
| ૧૭ | ઋષિઓને ભગવાને આપેલી સાન્ત્વના | ૧૧ |
| ૧૮/૨૩ | અસૂરોએ કરેલી પૂર્વતૈયારી અને ધર્મદેવનું પ્રાગટ્ય તથા શિક્ષાગ્રહણ | ૧૨ |
| ૨૪/૨૫ | ભક્તિમાતાનું પ્રાગટ્ય | ૧૫ |
| ૨૬/૨૮ | ભક્તિધર્મના વિવાહ | ૧૬ |
| ૨૯ | ધર્મ-ભક્તિનું આદર્શ જીવન તથા રામપ્રતાપજીનો જન્મ | ૧૮ |
| ૩૦ | અસૂરોથી દુઃખી ધર્મદેવનું અયોધ્યા ગમન | ૧૮ |
| ૩૧ | અયોધ્યામાં પણ કષ્ટ પડતા તીર્થયાત્રા કરવા જતા પ્રયાગમાં રામાનંદ સ્વામીનું મિલન | ૧૯ |
| ૩૨/પદ-૮ | રામાનંદ સ્વામીનું સંક્ષિપ્ત જીવન | ૧૯ |

| | | |
|---|---|---|
| ૩૩/૩૫ | ધર્મ-ભક્તિ રામાનંદ સ્વામીના શિષ્ય થયા | ૨૦ |
| ૩૬ | ધર્મદેવની સમૃદ્ધિથી દાજેલા અસૂરે દીધેલ દુઃખ | ૨૨ |
| ૩૭ | દારિદ્ર દુઃખ ટાળવા કુળદેવ હનુમાનજીની ઉપાસના | ૨૨ |
| ૩૮/૩૯ | હનુમાનજીની આજ્ઞાથી ભક્તિધર્મનું વૃંદાવન ગમન | ૨૩ |
| ૪૦ | દુર્વાશાના શાપથી પ્રગટેલા ઋષિઓનું મિલન | ૨૪ |
| પદ-૧૦ | ઋષિઓ સહિત ધર્મભક્તિએ પ્રારંભ કરેલી આરાધના | ૨૪ |
| ૪૧ | આરાધનાથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીકૃષ્ણ | ૨૫ |
| ૪૨/૪૩ | શ્રીકૃષ્ણ સ્વરૂપનું વર્ણન | ૨૫ |
| ૪૪ | ભગવાને આપેલી સાન્ત્વના | ૨૬ |
| પદ-૧૧ | પુત્રરૂપે પ્રગટ થઈને દુઃખ દૂર કરવાનું આપેલુ વચન | ૨૭ |
| ૪૫/૫૧ | ધર્મ-ભક્તિને અશ્વત્ત્થામાનો શાપ | ૨૭ |
| ૫૨/૫૩ | શાપથી વ્યથિત ધર્મભક્તિને હનુમાનજી દ્વારા સાન્ત્વતા | ૩૧ |
| ૫૪/૫૫ | ધર્મ ભક્તિનું સ્વગૃહ આગમન અને સુખ-સમૃદ્ધિ | ૩૨ |
| ૫૬/૬૧ | શ્રીહરિને ગર્ભમાં ધારણ કરિ રહેલા ભક્તિદેવીની શોભા અને જન્મોત્સવ | ૩૩ |
| ૬૨/૬૪ | નામકરણ - સંસ્કાર | ૩૭ |
| ૬૫ | ચૌલ સંસ્કાર / કાલિદત્તવધ | ૩૯ |
| ૬૬ | અસૂરત્રાસથી ધર્મદેવનું સપરિવાર અયોધ્યા ગમન | ૩૯ |
| ૬૭/૬૮ | શ્રી ઘનશ્યામના બાલ્યગુણોનું વર્ણન | ૩૯ |
| ૬૯/૭૧ | ધર્મ-ભક્તિના શિષ્યોની ભક્તિભાવના તથા શ્રીહરિએ કરેલો વિદ્યાભ્યાસ | ૪૧ |
| ૭૨/૭૬ | માત-પિતાને દિવ્યગતિ આપી શ્રીહરિએ કરેલો ગૃહત્યાગ અને પરિવારનો વિલાપ | ૪૨ |
| ૭૭/૯૩ | વનવિચરણ | ૪૫ |
| ૯૪/૯૮ | લોજ આગમન પીપલાણા ગમન - દિક્ષાગ્રહણ | ૫૫ |

| | | |
|---|---|---|
| | ગાદિ અભિષેક અને માંગરોળમાં જન્માષ્ટમી ઉત્સવ | |
| ૯૯/૧૧૨ | સમાધિપ્રકરણ યોગકળા | ૫૭ |
| ૧૧૩/૧૧૭ | દુર્વાશાના શાપથી પ્રગટેલા ઋષિઓ પ્રબળ પ્રતાપ સાંભળી મહારાજને શરણે થયા - મહારાજે સ્વસિદ્ધાંત કહ્યો. | ૫૬ |
| ૧૧૮/૧૨૦ | શ્રીજી મહારાજે કરેલા યજ્ઞો-મંદિરો-મૂર્તિપ્રતિષ્ઠા | ૬૮ |
| ૧૨૧/૧૩૧ | ધર્મવંશીનું આગમન / તેમનો મહિમા આચાર્ય સ્થાપના / દેશ વિભાગ | ૭૦ |
| ૧૩૧/૧૩૩ | ગ્રન્થ માહાત્મ્ય | ૭૫ |


## પંચરત્નમ્


| | | |
|---|---|---|
| | મંગલાચરણ | ૭૭ |
| ૧. | વૈરાગ્યચિંતામણિ | ૭૭ |
| ૨. | વિવેકચિંતામણિ | ૭૮ |
| ૩. | જ્ઞાનચિંતામણિ | ૮૦ |
| ૪. | ધ્યાનચિંતામણિ | ૮૨ |
| ૫. | વિજ્ઞાનચિંતામણિ | ૮૪ |


## વિવેક ચિન્તામણિ


| | | |
|---|---|---|
| | મંગલાચરણ | ૮૭ |
| ૧. | સદ્ગુરુકો અંગ | ૮૮ |
| ૨. | કપટ ગુરુ કો અંગ | ૮૯ |
| ૩. | ઉપદેશ કો અંગ | ૯૦ |
| ૪. | કાલત્રાસકો અંગ | ૯૨ |
| ૫. | દેહ આત્મા વિજોગકો અંગ | ૯૬ |
| ૬. | તૃષ્ણાકો અંગ | ૯૭ |
| ૭. | તૃષ્ણા નિવારણ કો અંગ | ૯૮ |
| ૮. | ધીરજ કો અંગ | ૯૮ |
| ૯. | વિશ્વાસ કો અંગ | ૯૯ |

| | | |
|---|---|---|
| ૧૦. | દેહ મલિનકો અંગ | ૧૦૦ |
| ૧૧. | સ્ત્રી નિંદાકો અંગ | ૧૦૧ |
| ૧૨. | દુષ્ટ કો અંગ | ૧૦૪ |
| ૧૩. | મનકો અંગ | ૧૦૫ |
| ૧૪. | ચાનકકો અંગ | ૧૦૭ |
| ૧૫. | મિથ્યાજ્ઞાનીકો અંગ | ૧૦૯ |
| ૧૬. | વચન-વિવેકકો અંગ | ૧૧૧ |
| ૧૭. | ઉપાસના કો અંગ | ૧૧૩ |
| ૧૮. | પતિવ્રતાકો અંગ | ૧૧૪ |
| ૧૯. | વિરહણિ કો અંગ | ૧૧૫ |
| ૨૦. | પતિપ્રશંસાકો અંગ | ૧૧૬ |
| ૨૧. | વસ્તુસારકો અંગ | ૧૧૭ |
| ૨૨. | શુરાતનકો અંગ | ૧૧૮ |
| ૨૩. | સાધુકો અંગ | ૧૨૦ |
| ૨૪. | નવધા ભક્તિકો અંગ | ૧૨૪ |
| ૨૫. | પ્રેમિભક્તકો અંગ | ૧૨૫ |
| ૨૬. | ઉત્તમ ભક્ત કો અંગ | ૧૨૭ |
| ૨૭. | હરિજન કો અંગ | ૧૨૮ |
| ૨૮. | હરિ વિશ્વાસ કો અંગ | ૧૨૯ |
| ૨૯. | સુવિચારકો અંગ | ૧૩૦ |
| ૩૦. | ખલજ્ઞાનિકો અંગ | ૧૩૧ |
| ૩૧. | પ્રભુ પ્રતાપ કો અંગ | ૧૩૨ |
| ૩૨. | નાસ્તિકકો અંગ | ૧૩૩ |
| ૩૩. | કુપાત્રકો અંગ | ૧૩૪ |
| ૩૪. | પુરુષાર્થહીનકો અંગ | ૧૩૫ |
| ૩૫. | પુરુષાર્થ જુકતકો અંગ | ૧૩૬ |
| ૩૬. | હરિવિમુખ કો અંગ | ૧૩૭ |
| ૩૭. | કપટિકો અંગ | ૧૩૮ |

| | | |
|---|---|---|
| ૩૮. | આશા કો અંગ | ૧૩૯ |
| ૩૯. | નિરાશીકો અંગ | ૧૩૯ |
| ૪૦. | દેહાત્મવાદિકો અંગ | ૧૪૦ |
| ૪૧. | અસંત કો અંગ | ૧૪૧ |
| ૪૨. | શિક્ષા કો અંગ | ૧૪૨ |
| ૪૩. | કુમતિ કો અંગ | ૧૪૪ |
| ૪૪. | મતવાદિન કો અંગ | ૧૪૫ |
| ૪૫. | પ્રત્યક્ષ કો અંગ | ૧૪૬ |
| ૪૬. | પરીક્ષાકો અંગ | ૧૪૭ |
| ૪૭. | કર્મજડ કો અંગ | ૧૪૮ |
| ૪૮. | ભક્તિવિવેકકો અંગ | ૧૪૯ |
| ૪૯. | નિર્દંકકો અંગ | ૧૪૯ |
| ૫૦. | આનંદી કો અંગ | ૧૫૦ |
| ૫૧. | હરિકૃપાકો અંગ | ૧૫૧ |
| ૫૨. | લંપટકો અંગ | ૧૫૧ |
| ૫૩. | જ્ઞાન ગરીબીકો અંગ | ૧૫૨ |
| ૫૪. | કુસંગ ત્યાગ કો અંગ | ૧૫૩ |
| ૫૫. | દૈવી જીવકો અંગ | ૧૫૩ |
| ૫૬. | આસુરી જીવકો અંગ | ૧૫૪ |
| ૫૭. | જમજાતનાકો અંગ | ૧૫૬ |
| ૫૮. | વૈરાગ્ય કો અંગ | ૧૬૦ |
| ૫૯. | વિવેકકો અંગ | ૧૬૧ |
| ૬૦. | જ્ઞાનકો અંગ | ૧૬૨ |
| ૬૧. | ધ્યાન કો અંગ | ૧૬૪ |
| ૬૨. | વિજ્ઞાનકો અંગ | ૧૬૫ |
| ૬૩. | ભગવદ્ધામપ્રાપ્તિ સાધન કો અંગ | ૧૬૭ |
| ૬૪. | વૈકુંઠ ધામપ્રાપ્તિ કો અંગ | ૧૬૮ |
| ૬૫. | ઉપસંહાર | ૧૭૩ |

# ઉદ્ધવગીતા


| કડવું | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧ | મંગલાચરણ | ૧૭૪ |
| ૧/૨ | નંદ-યશોદા; ગોપ-ગોપીને સંદેશ આપવા જવા શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને ગોકુળ મોકલ્યા | ૧૭૪ |
| ૩/૮ | ગોકુળમાં નંદ-યશોદા અને ઉદ્ધવજીનો સવાર સુધી ચાલેલો સંવાદ | ૧૭૫ |
| ૯ | બ્રાહ્મમૂહુર્તનું ભક્તિમય ગોકુળ | ૧૭૯ |
| ૧૦/૧૧ | ગોપીઓ અને ઉદ્ધવજીનું મીલન | ૧૮૦ |
| ૧૨-૨૪ | એક પછિ એક ગોપીઓએ કૃષ્ણના ચરિત્ર સાથે કૃષ્ણ વિયોગની વ્યક્ત કરેલી વ્યથા | ૧૮૧ |
| ૨૫-૪૭ | સીતા-વનવાસની કથા કહિને ગોપીએ ઉદ્ધવજીને કહેલા વ્યંગવચનો | ૧૮૯ |
| ૪૮-૪૯ | એક ગોપીએ શ્રીકૃષ્ણના કપટની કરેલી વાતો | ૨૦૪ |
| ૫૦ | ઉદ્ધવજીએ ગોપીઓનો કહેલો મહિમા | ૨૦૫ |
| ૫૧/૫૨ | ઉદ્ધવજીએ સંભળાવેલો શ્રીકૃષ્ણનો સંદેશ | ૨૦૬ |
| ૫૩/૭૭ | સંદેશ સાંભળીને શ્રીકૃષ્ણમાં મગ્ન થયેલી ગોપીએ વ્યક્ત કરેલું દુઃખ | ૨૦૭ |
| ૭૮/૮૩ | શ્રીકૃષ્ણના વિવિધ ચરિત્રો સાથે ગોપીઓને તરછોડીને કૃષ્ણ જે રીતે મથુરા ગયા તેનું ગોપીએ દુઃખભર્યા શબ્દોમાં કરેલુ વર્ણન | ૧૨૩ |
| ૮૪/૯૦ | શ્રીકૃષ્ણવિયોગની રાધાજીએ કૃષ્ણવિયોગે પોતાની અત્યંત કરૂણ સ્થિતિનું કરેલું વર્ણન | ૧૨૭ |
| ૯૧/૧૦૦ | શ્રીકૃષ્ણના વિયોગમાં વ્યાકુળ લલિતા સખિએ કરેલું વ્યાકુળ ગોપીઓની મનોદશાનું કૃષ્ણમય વર્ણન | ૨૩૧ |
| ૧૦૧ | વિરહ વ્યાકુળ ગોપીઓ દ્વારા શ્રીકૃષ્ણ ચરિત્રોના શ્રવણ સહિત ઉદ્ધવજીનો ગોકુળમાં નિવાસ | ૨૩૮ |
| ૧૦૨/૧૦૫ | ઉદ્ધવજીએ કહેલો ગોપીઓનો મહિમા | ૨૩૯ |

| | | |
|---|---|---|
| ૧૦૬ | નંદાદિકને વંદન કરીને ઉદ્ધવજી મથુરા ગયા | ૨૪૧ |
| ૧૦૭/૧૦૮ | શ્રીકૃષ્ણના પૂછવાથી ઉદ્ધવજીએ કરેલા ગોપીઓના વખાણ તથા ગ્રન્થ રચનાકાળ | ૨૪૨ |


## સત્સંગ શિરોમણિ


| અધ્યાય | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | જુનાગઢ ગિરનારની તળેટીમાં સભામાં બિરાજમાન શ્રીજી મહારાજને મુકુંદાનંદ બ્રહ્મચારીએ પુછેલ પ્રશ્ન-સત્સંગમાં કોઈ વૃદ્ધિ પામે છે અને કોઈ ક્ષય પામે છે તેનું કારણ શું | ૨૪૪ |
| ૨. | શ્રીજી મહારાજે આપેલ પ્રશ્નનો ઉત્તર - સંતનો ગુણ લેવાથી વૃદ્ધિ પામે છે અને અવગુણ લેવાથી નાશ પામે છે | ૨૪૬ |
| ૩. | મુકુંદાનંદ બ્રહ્મચારીએ પુછેલ પ્રશ્ન-કોના અપમાનથી કોનું પતન થયું ? જવાબમાં શ્રીજી મહારાજે વેન રાજાની કહેલી કથા | ૨૪૯ |
| ૪. | શિવજીના અપમાનથી ચિત્રકેતુની થયેલી દુર્ગતિ | ૨૫૨ |
| ૫. | શિવજીના અપમાનથી દુર્દશાને પામેલા ઈન્દ્રની કથા | ૨૫૬ |
| ૬. | શિવજીના અપમાનથી દક્ષની થયેલી દુર્ગતિ | ૨૫૮ |
| ૭. | શ્રીકૃષ્ણમાં મનુષ્યબુદ્ધિરૂપ અવગુણ લેવાથી ભક્તરાજ અક્રૂરનું દાસત્ત્વ ભક્તિથી થયેલુ પતન | ૨૬૨ |
| ૮. | એક ઋષિના વરદાનથી શ્વાનમાંથી શરભ બન્યા પછી એ જ ઋષિના અપકારનું ફળ | ૨૬૬ |
| ૯. | ગુરૂદેવની નિર્દોષભાવે સેવા કરવાથી આરુણિને મળેલી જ્ઞાનસિદ્ધિ | ૨૬૯ |
| ૧૦/૧૧. | કુશિક રાજાએ દેવભાવથી મહર્ષિ ચ્યવનની કરેલી સેવાનું ફળ | ૨૭૪ |
| ૧૨. | સંતકૃપાએ દેવર્ષિ પદ પામેલા નારદમુનિની કથા | ૨૮૦ |
| ૧૩. | શ્રીજી મહારાજે ધર્મ-અધર્મ સર્ગનું કરેલુ વર્ણન | ૨૮૪ |
| ૧૪. | સંત-અસંતના સદ્‌ગુણ - દુર્ગુણોનું વર્ણન | ૨૮૭ |

| | | |
|---|---|---|
| ૧૫. | એકાંતિક ભક્તોને પ્રાપ્ત થનાર ધામનું વર્ણન | ૨૯૧ |
| ૧૬. | અસંત, અભક્તોને પ્રાપ્ત થતી યમયાતના આદિક દુર્ગતિનું વર્ણન | ૩૦૩ |
| ૧૭. | શ્રીહરિ જયંતિના દિવસે ભક્તોએ કરેલી શ્રીહરિની પૂજા અને વિવિધ વ્રતોત્સવ માહાત્મ્ય | ૩૦૭ |
| ૧૮. | સંત-અસંતના લક્ષણોનું વર્ણન | ૩૧૧ |
| ૧૯. | સંત-સમાગમ વિના દુઃખી સ્ત્રી ભક્તોએ; મોટા સદ્‌ગુરૂઓના સમાગમ માટે કરેલી પ્રાર્થના | ૩૧૪ |
| ૨૦. | કચના પ્રસંગથી ભ્રષ્ટ થયેલી દેવયાનીની કથા | ૩૧૫ |
| ૨૧/૨૨. | સ્ત્રીના દર્શનથી સ્વસ્થિતિમાંથી ભ્રષ્ટ થયેલા નારદ પર્વતની કથા | ૩૨૧ |
| ૨૩. | શ્રીજી મહારાજે કહેલી ત્યાગી-ગૃહીની જીવનમર્યાદા | ૩૨૭ |
| ૨૪. | મર્યાદા ભંગ થતા આવશ્યક પ્રાયશ્ચિતોનું વિધાન | ૩૨૮ |


## સતી ગીતા


| કડવું | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણ | ૩૩૪ |
| ૨. | ગ્રન્થના વર્ણ્યવિષયની વિગત | ૩૩૪ |
| ૩. | વિધવા સ્ત્રીના લક્ષણ | ૩૩૫ |
| ૪/૬. | સધવાના બે પ્રકાર. કુલટા અને સતિના લક્ષણ | ૩૩૬ |
| ૭/૧૭. | સતિના વિશેષ લક્ષણો | ૩૩૮ |
| ૧૮/૨૦. | કુલટાના પાપનું ફળ | ૩૪૬ |
| ૨૧/૨૮ | સતીત્ત્વનું પુણ્યફળ અને સતિના ત્રણ પ્રકાર | ૩૪૮ |
| ૨૯ | વિધવા ધર્મ | ૩૫૪ |
| ૩૦/૩૧ | પતિની ચિતામાં બળીને સતી થવાનો નિષેધ | ૩૫૫ |
| ૩૨/૫૨ | વિધવા સતીઓના વિશેષ ધર્મ | ૩૫૬ |
| ૫૨/૬૦ | સતી સ્ત્રીઓને શ્રીહરિનું પૂજન કરવાની વિધિ | ૩૭૧ |
| ૬૧/૬૪ | સતી સ્ત્રીઓને શ્રીહરિને કરવાની પ્રાર્થનાની રીતિ | ૩૭૭ |
| ૬૫/૮૦ | વિધવા સતીઓને નિયમભંગનું પ્રાયશ્ચિત વર્ણન | ૩૮૦ |

| | | |
|---|---|---|
| ૮૧/૮૬ | નિયમભંગનું પ્રાયશ્ચિત ન કરતા લાગતા દોષ અને તેનું ફળ | ૩૯૨ |
| ૮૭/૮૮ | સતીગીતાનું ફળ | ૩૯૬ |


## શિક્ષાપત્રીભાષા


| | વિષય | શ્લોક સંખ્યા | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | મંગલાચરણ તથા ઉપોદ્‌ઘાત | ૧ થી ૧૦ | ૩૯૮ |
| ૨. | સાધારણ ધર્મ | ૧૧ થી ૧૨૧ | ૪૦૦ |
| ૩. | સાધારણ ધર્મોપસંહાર | ૧૨૨ | ૪૧૩ |
| ૪. | આચાર્યના વિશેષધર્મ | ૧૨૩ થી ૧૩૨ | ૪૧૪ |
| ૫. | આચાર્યના પત્નિના વિશેષધર્મ | ૧૩૩ થી ૧૩૪ | ૪૧૫ |
| ૬. | ગૃહસ્થના વિશેષ ધર્મ | ૧૩૫ થી ૧૫૬ | ૪૧૫ |
| ૭. | રાજાના વિશેષધર્મ | ૧૫૭ થી ૧૫૮ | ૪૧૮ |
| ૮. | સધવા સ્ત્રીના વિશેષધર્મ | ૧૫૯ થી ૧૬૨ | ૪૧૯ |
| ૯. | વિધવા સ્ત્રીના વિશેષધર્મ | ૧૬૩ થી ૧૭૨ | ૪૧૯ |
| ૧૦. | સધવા-વિધવા સ્ત્રીના સામાન્યધર્મ | ૧૭૩ થી ૧૭૪ | ૪૨૧ |
| ૧૧. | બ્રહ્મચારીના વિશેષધર્મ | ૧૭૫ થી ૧૮૭ | ૪૨૩ |
| ૧૨. | સાધુના વિશેષધર્મ | ૧૮૮ થી ૧૯૬ | ૪૨૩ |
| ૧૩. | વર્ણિસાધુના મિશ્રિતધર્મ | ૧૯૭ થી ૨૦૨ | ૪૨૪ |
| ૧૪. | ઉપસંહાર | ૨૦૩ થી ૨૧૨ | ૪૨૫ |


## શ્રીવાસુદેવાવતારચરિત્રમ્


| | | | |
|---|---|---|---|
| ૧. | વરાહ ચરિત્ર | ૧ | ૪૨૭ |
| ૨. | સુયજ્ઞ ચરિત્ર | ૨ | ૪૨૮ |
| ૩. | કપિલ ચરિત્ર | ૩ | ૪૨૯ |
| ૪. | દત્તાત્રેય ચરિત્ર | ૪ | ૪૨૯ |
| ૫. | સનકાદિક ચરિત્ર | ૫ | ૪૨૯ |
| ૬. | નરનારાયણ ચરિત્ર | ૬ - ૭ | ૪૩૦ |
| ૭. | ધ્રુવ ચરિત્ર નારાયણકૃપારૂપે | ૮ | ૪૩૧ |

| | | | |
|---|---|---|---|
| ૮. | પૃથુ અવતાર ચરિત્ર | ૯ | ૪૩૨ |
| ૯. | ઋષભદેવ ચરિત્ર | ૧૦ | ૪૩૨ |
| ૧૦. | હયગ્રીવ ચરિત્ર | ૧૧ | ૪૩૩ |
| ૧૧. | મત્સ્ય ચરિત્ર | ૧૨ | ૪૩૩ |
| ૧૨. | કૂર્મ ચરિત્ર | ૧૩ | ૪૩૪ |
| ૧૩. | નૃસિંહ ચરિત્ર | ૧૪ | ૪૩૪ |
| ૧૪. | અજ ચરિત્ર-ગજેન્દ્રમોક્ષ | ૧૫ - ૧૬ | ૪૩૪ |
| ૧૫. | વામન ચરિત્ર | ૧૭ - ૧૮ | ૪૩૫ |
| ૧૬. | હસં ચરિત્ર | ૧૯-૨૦ | ૪૩૭ |
| ૧૭. | ધન્વંતર ચરિત્ર | ૨૧ | ૪૩૮ |
| ૧૮. | પરશુરામ ચરિત્ર | ૨૨ | ૪૩૮ |
| ૧૯. | રામ ચરિત્ર | ૨૩-૨૫ | ૪૩૯ |
| ૨૦. | કૃષ્ણ ચરિત્ર | ૨૬-૩૫ | ૪૪૦ |
| ૨૧. | વ્યાસ ચરિત્ર | ૩૬ | ૪૪૫ |
| ૨૨. | બુદ્ધ ચરિત્ર | ૩૭ | ૪૪૬ |
| ૨૩. | કલ્કિ ચરિત્ર | ૩૮ | ૪૪૬ |
| ૨૪. | ભગવત્ચરિત્ર માહાત્મ્ય | ૩૯ - ૫૩ | ૪૪૭ |


## મુકુંદબાવની


૧. તત્ત્વજ્ઞાનનું બાવન છપ્પયમાં નિરૂપણ ૪૫૫


## ધામવર્ણનચાતુરી


૧. ગોલોકધામનું દિવ્ય વર્ણન ૪૬૬

॥ વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

## મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

# ધર્માખ્યાનમ્

### કડવું ॥૧॥ (રાગ વેરાડી)

ઈષ્ટ અનુપમ અંતરજામીજી, પ્રગટ રુપ સહજાનંદ સ્વામીજી ।
તેહને તે વંદુ વારમવારજી, પદરજ શીર ધરું કરી બહુ પ્યારજી ॥૧॥
**ઢાળ** - ચરણ રજ શીરપર ધરી, ઉર રાખી શ્રીઘનશ્યામ ।
શ્રીગુરુ સહજાનંદના, ગુણ ગાઉં અતિ અભિરામ ॥૨॥
જે સ્વામીની કૃપાથકી, અગણિત નર ત્રિય વૃંદ ।
તે છતે દેહે સમાધિમાં, જુવે અક્ષરધામ સ્વચ્છંદ ॥૩॥
શ્રીગોલોકને મધ્ય છે, મહાતેજનો અંબાર ।
તેને વેદ અક્ષર બ્રહ્મ કહે છે, અખિલ જગ આધાર ॥૪॥
સત્ય જ્ઞાન અનંત છે, જેને બ્રહ્મપુર શ્રુતિ ગાય ।
તિહાં દિવ્ય બહુ સુખસાજને, કહેતાં તે શેષ લજાય ॥૫॥
દિવ્ય ભોક્તા ભોગ્ય છે, જિહાં દિવ્ય સ્થાન અપાર ।
કહે દાસ મુક્તાનંદ એવું, અક્ષરધામ ઉદાર ॥૬॥

### કડવું ॥૨॥

અક્ષરધામ અલૌકિક જેહજી, પ્રગટની પેર્ય જુવે જન તેહજી ।
એમ સમાધિમાં ઘનશ્યામજી, દાસને દેખાડે નિજ ધામજી ॥૧॥
**ઢાળ** - ધામમાં બહુ રંગનાં, મણિ રત્નની કાંતિ ઘણી ।
તેણે રચિત બહુવિધ દિવ્ય મંદિર, શોભા શી કહું તેહ તણી ॥૨॥
ધામની ચહુ પાસમાં, શ્રીવૃંદાવન સુખરુપ ।
તહાં દિવ્ય ગિરિ શતશૃંગપર, બહુ અખંડ રાસ અનૂપ ॥૩॥
અનંત અજ ભવ ગોપ ગોપી, વિરજામાં સહુ ના’ય ।
એવું ગાયો સહિત ગોલોક છે, જેને નિગમ નેતિ ગાય ॥૪॥

તેજ પોતાના ધામમાં, રહે સદા શ્રીવ્રજચંદ ।
વચનમાધુરી દર્શ સ્પર્શે, આપે અતિ આનંદ ॥૫॥
એકાંતિક નિજ ભક્તને, નિત્ય આપે દર્શન દાન ।
કહે દાસ મુક્તાનંદ અતિશે, ભક્તવશ ભગવાન ॥૬॥

## કડવું ॥૩॥

વય કિશોર શ્રીકૃષ્ણ વિહારિજી, દ્વિભુજ મુરલીધર જનસુખકારિજી ।
શ્રીઘનશ્યામ પીતાંબરધારિજી, કોટી મદન મદહરણ મુરારિજી ॥૧॥
**ઢાળ** - કોટી કંદર્પ દર્પ હરતા, મોરમુગટ શીરપર ધરે ।
કાને કુંડળ મકરાકાર, તે રવિ ચંદ્રને ઝાંખા કરે ॥૨॥
બાંયે બાજુબંધ બેરખા, કોટે કૌસ્તુભ મુક્તાહાર ।
હેમકડાં બેઉ હાથમાં, નંગજડિત તેજ અંબાર ॥૩॥
અતિ અમોલિક રત્નની, કટિમેખલા ઝળકી રહી ।
નાભિ વર્તુલ ગંભીર કેરી, શોભા નવ જાયે કહી ॥૪॥
અતિ અમોલિક નંગ જડ્યાં, પાયે નૂપુરનો ઝણકાર ।
ષોડશ ચિન્હસમેત પ્રભુપદ, ભક્તના આધાર ॥૫॥
એવા શ્રીકૃષ્ણ અનુપમ છે, સઉ સુંદરતાનું ધામ ।
કહે દાસ મુક્તાનંદ છબિપર, વારુ કોટિક કામ ॥૬॥

## કડવું ॥૪॥

શ્રીદામાદિક ગોપ અપારજી, પ્રભુપદ સેવે કરી બહુ પ્યારજી ।
શ્રીરાધાદિક ગોપી જેહજી, પ્રભુપદ પંકજ સેવે તેહજી ॥૧॥
**ઢાળ**-સેવે પ્રભુપદ પંકજને, સૌ ગોપી ગોપ ઉદાર ।
એવા કમલનયન શ્રીકૃષ્ણજી, તે અખિલ જગ આધાર ॥૨॥
ઉપનિષદ સૌ વેદનાં, કરે કૃષ્ણના ગુણગાન ।
એ છે અક્ષરકેરા આતમા, સરવજ્ઞ શ્રીભગવાન ॥૩॥
[૩]વ્યષ્ટિ [૪]સમષ્ટિ જીવના, આત્મા છે પ્રેરક એહ ।
સર્વ કરતા સર્વ હરતા, એમાં નહિ સંદેહ ॥૪॥
અનંત કોટી બ્રહ્માંડની, ઉત્પત્તિ સ્થિતિ ને નાશ ।
તેના તે કરતા શ્રીહરિ, પોતે અકળ અજ અવિનાશ ॥૫॥

એવા શ્રીકૃષ્ણ કૃપાનિધિ, નિજ ભકતના આધાર ।
કહે દાસ મુક્તાનંદ જેહના, સામર્થ્યનો નહી પાર ॥૬॥

### પદ ॥૧॥ (રાગ આશાવરી)

અક્ષરધામના અખંડ નિવાસી, પુરુષોત્તમ પરબ્રહ્મરેનિજ ।
સામર્થ્ય સોતા નિત્ય રસિયો, મહામુનિ જાણે છે મર્મરે ॥અક્ષ૦૧॥
સર્વના સાક્ષી શુદ્ધ અનુપમ, સર્વનિયંતા સોઈરે ।
સર્વને કર્મતણાં ફલ દાતા, એ સમ અવર ન કોઈરે ॥અક્ષ૦૨॥
પરમાત્મા પરમેશ્વર શ્રુતિ કહે, અંતરજામિ અનંતરે ।
વાસુદેવ નારાયણ વિષ્ણુ, શ્રીહરિ અજ ભગવંતર ॥અક્ષ૦૩॥
એ આદિક નામે કરી નિગમે, કર્યું શ્રીકૃષ્ણ ગુણગાનરે ।
મુક્તાનંદના પ્રભુ બહુનામી, રસિયોજી રૂપ નિધાનરે ॥અક્ષ૦૪॥

### કડવું ॥૫॥

એવા શ્રીકૃષ્ણ કૃપાનિધિ જેહજી, પ્રથમ ધર્મથી મૂર્તિમાં તેહજી ।
નરનારાયણ ઋષીને રુપજી, પ્રગટ થયા પ્રભુ પરમ અનુપજી ॥૧॥
**ઢાળ** -પ્રગટિયા પરમારથી, મુનિરૂપ પરમ ઉદાર ।
ભરતખંડની પ્રજા સૌને, એજ સુખદાતાર ॥૨॥
બદરિકાશ્રમમાં રહ્યા, પોતે તપ કરે છે દયાલ ।
તે તપનું ફલ પ્રજા સૌને, આપે છે તતકાળ ॥૩॥
તેના તેજ શ્રીકૃષ્ણજી, હરવાને ભૂમિભાર ।
જાદવકુળમાં પ્રગટ્યા, પ્રભુ અખિલ જગ આધાર ॥૪॥
દ્વાપર કળીની સંધિમાં, મધુપુરવિષે સુખકંદ ।
વસુદેવથી શ્રીદેવકીમાં, પ્રગટ્યા વ્રજચંદ ॥૫॥
ભાર ઉતાર્યો ભૂતણો, નિજ ભકતના સુખકાજ ।
મુક્ત કહે અગણિત પરાક્રમ, કીધાં શ્રીમહારાજ ॥૬॥

### કડવું ॥૬॥

વળી તેહજ શ્રીકૃષ્ણ કૃપાળજી, કળિકૃત અઘ દેખી વિકરાળજી ।
અસુર અંશ ગુરુ કળિમાં જેહજી, અતિ અધર્મ પ્રવર્તાવે તેહજી ॥૧॥

**ઢાળ** - અતિ અધર્મિ દેશિકેં, પ્રવર્તાવ્યો અધર્મ ઘોર ।
તેનાં તે મૂળ ઉખાડવા, કરી ઈચ્છા આપ સજોર ॥૨॥
ધર્મને દૃઢ સ્થાપવા, કરવા તે જન નિષ્કામ ।
ધર્મથી ભક્તિ વિષે, પ્રગટ્યા તે શ્રીઘનશ્યામ ॥૩॥
કોશળ દેશમાં અવતર્યા, હરિકૃષ્ણ જેહનું નામ ।
અનંત પતિત ઉદ્ધારવા, પ્રવર્ત્યા તે કરુણાધામ ॥૪॥
ધર્મ ભક્તિ કૃષ્ણનાં, શુભ જન્મ કર્મ છે જેહ ।
તેને સંક્ષેપે કરીને કહું, સુણતાં ટળે સંદેહ ॥૫॥
ધર્મકુળ આશ્રિત સદા, એવા અચલ હરિના દાસ ।
કહે મુક્ત તેને આનંદકારી, કરું તે ગ્રંથ પ્રકાશ ॥૬॥

## કડવું ॥૭॥

ભરતખંડ મધ્ય અતિ વિખ્યાતજી, નરનારાયણ મુનિ સાક્ષાતજી ।
તેનું સ્થાનક અતિ અભિરામજી, બદરિકાશ્રમ જેહનું નામજી ॥૧॥
ઢાળ - બદરિવન શુભ નામ છે, અતિશે અલૌકિક એહ ।
તિહાં જે મુનિગણ સિદ્ધ સર્વે, ચિરંજીવી તેહ ॥૨॥
હિમગિરિ શોભે ઘણો, તે આશ્રમને ચહુ પાસ ।
રજત કોટ સમાન સુંદર, કરે તે અધિક પ્રકાશ ॥૩॥
નિઝરણાં હિમવાનનાં, વહે આશ્રમ પાસ અપાર ।
સુરસરિતા આશ્રમ સમીપે, વહે તે પરમ ઉદાર ॥૪॥
આશ્રમની બહુ કોર શોભે, વૃક્ષ વિવિધ પ્રકાર ।
કદલી અંબ કદમ દાડમ, નમી રહ્યાં ફલભાર ॥૫॥
નાલીકેલ ખજૂર દ્રાક્ષા, બદરી ફનસ અનંત ।
મુક્ત કહે એ આદિ તરુનો, કહેતાં ન આવે અંત ॥૬॥

## કડવું ॥૮॥

નવ પલ્લવ ફલ ફુલ પ્રકાશજી, એવાં તરું રહે બારે માસજી ।
પુષ્પ વૃક્ષ તિહાં વિવિધ પ્રકારજી, ચંપક બકુલ હારસિંઘારજી ॥૧॥
**ઢાળ** - હાર સિંઘાર ને સ્થલકમલ, બહુ મલ્લિકાનાં વૃંદ ।
જાય ચમેલી કેતકી, નિરખતાં થાય આનંદતે બદરીવનને વિષે, ॥૨॥

તે બદરીવનને વિષે, ખગ મૃગ વૃંદ અપાર ।
તજી પરસ્પર વેરને, સૌ રાખે પ્રભુસંગ પ્યાર ॥૩॥
તે આશ્રમમાં કળિતણો, ક્યારે લેશ પ્રવેશ ન થાય ।
સાવર્ણિ મનુ આદિ મુનિગણ, અખંડ હરિગુણ ગાય ॥૪॥
આશ્રમ મધ્ય ઉંચી ઘણી, બદરી વિશાલા નામ ।
હરિસેવાહિત તરુ થયું, એ છે કેવલ અક્ષરધામ ॥૫॥
દર્શને દુષ્કૃત ટલે, સ્પરશે બળે મહાપાપ ।
મુક્તાનંદ કહે વિશાલાનો, એવો પ્રબળ પ્રતાપ ॥૬॥

**પદ ॥૨॥ (રાગ વેરાવલ)**

નરનારાયણ દેવનો, આશ્રમ સુખકારી ।
ત્યાં રહે અગણિત મહામુનિ, નૈષ્ઠિક બ્રહ્મચારી ॥નર૦॥૧॥
તે મુનિ વેદધ્વનિ કરે, અતિશે મુદ આણી ।
છાઈ રહી આશ્રમવિષે, એ વિપ્રની વાણી ॥નર૦॥૨॥
જે આશ્રમમાં આવીને, સુરપતિ બલશાળી ।
વૃત્રાસુરના વધતણી, બ્રહ્મહત્યા ટાળી ॥નર૦॥૩॥
શ્રીહરિની આજ્ઞા થકી, ઉદ્ધવ બડભાગી ।
એ આશ્રમમાં રહે સદા, પ્રભુપદ અનુરાગી ॥નર૦॥૪॥
જે આશ્રમના વાસી તે, કામાદિક જીતે ।
મુક્તાનંદના નાથને સેવે અતિ પ્રીતે ॥નર૦॥૫॥

**કડવું ॥૯॥**

તે આશ્રમને વિષે એક વારજી, આવ્યા મુનિવર અનંત અપારજી ।
પ્રભુનાં દરશન કરવા કાજજી, પ્રેમભર્યા સર્વે મુનિરાજજી ॥૧॥
**ઢાળ**-પ્રેમભર્યા સર્વેમુનિ, મરીચિ અત્રિ અને ઉદાર ।
ભરદ્વાજ વસિષ્ઠ કશ્યપ, ગૌતમ ગુણભંડાર ॥૨॥
ઉદાલક ભૃગુ અંગિરા, ઋષ્યશૃંગ વિશ્વામિત્ર ।
પરાશર એકત મુનિ, વાલ્મિક પરમ પવિત્ર ॥૩॥
કર્દમ માંડવ્ય પાણિની, વળી અષ્ટાવક્ર અનૂપ ।
યાજ્ઞવલ્કય ને શ્વેતકેતુ, કૃષ્ણમાં તદ્રૂપ ॥૪॥

વામદેવ ને ગર્ગ શક્તિ, દેવગુરુ ગંભીર ।
શંખ લિખિત ને નારદ શુક મુનિ, કુશિક પર્વત ધીર ॥૫॥
ઈત્યાદિક મુનિવૃંદ અગણિત, સૌ નિજ શિષ્ય સમેત ।
મુક્ત કહે હરિદર્શને, આવિયા કરી બહુ હેત ॥૬॥

## કડવું ॥૧૦॥

મુનિવર આવ્યા આશ્રમ પાસજી, દૂરથી દીઠા શ્રીઅવિનાશજી ।
બદરી વૃક્ષ તળે બેઉ ભાઈજી, કરે કઠણ તપ જન સુખદાઈજી ॥૧॥
**ઢાળ** - કઠણ તપ અતિશે કરે, નરનારાયણ ઋષિરુપ ।
દૃઢ નૈષ્ઠિકવ્રત ધરી રહ્યા, સૌથી તે પરમ અનૂપ ॥૨॥
શુક સનકાદિક મહામુનિ, તેહના પણ ગુરુદેવ ।
બ્રહ્મરુપ અગણિત મુનિ, કરે ચરણરજ સેવ ॥૩॥
આને દર્શન થાવો મારું, એમ ઈચ્છે નરભ્રાત ।
તેજ હરિજન વિશાલા તળે, હરિ નિરખે સાક્ષાત ॥૪॥
અતિ નિવૃત્તિ ધર્મને, ધારી રહ્યા બેઉ ભાઈ ।
બ્રહ્માદિક સુરવૃંદ જેહની, જાણે અતિ પ્રભુતાઈ ॥૫॥
ભરતખંડના મનુષ્યને, જે સદા સુખદાતાર ।
મુક્તાનંદ કહે મહાપ્રભુ, એ અખિલ જગ આધાર ॥૬॥

## કડવું ॥૧૧॥

નવ નીરદ સમ શ્યામ શરીરજી, ઉભય બંધુ શંભુ ગુણ ગંભીરજી ।
સુભગ આજાનુબાહુ છબિધામજી, વદનચંદ્ર જોઈ લાજે કામજી ॥૧॥
**ઢાળ** - પૂરણ શશિ સમ વદન જોતાં, મદન વિસ્મય થાય ।
નેત્ર નૂતન કમલ દલ સમ, શોભા કહી નવ ઝાય ॥૨॥
કનક વર્ણ જટાવિષે, પુષ્પના તોરા જેહ ।
ઉદ્ધવ આદિ ધરાવિયા, અતિશેજ શોભે એહ ॥૩॥
હસતાં શોભે દંતપંક્તિ, કુંદકલી અનુસાર ।
દીપશિખા સમ નાસિકા, તેની શોભાનો નહિ પાર ॥૪॥
વક્ષઃસ્થલ શ્રીસદન છે, તિહાં શોભે પંકજ દામ ।
ઉદર ત્રિવળી સમેત નાભી, ઉંડી અતિ અભિરામ ॥૫॥

ધાર્યો છે ઉપવીત કંઠમાં, કર દંડને જપમાળ ।
મુક્ત કહે મુનિસમ સદા, વર્તે છે જનપ્રતિપાળ ॥૬॥

## કડવું ॥૧૨॥

સુંદર શ્વેત વસ્ત્ર છબિધામજી, ધારી રહ્યા બેઉ પૂરણકામજી ।
એવા તે નરનારાયણ દેવજી, મુનિ નિર્ખિ નમિયા તતખેવજી ॥૧॥
**ઢાળ** - નમ્યા અતિશે પ્રેમશું, મરીચ્યાદિક મુનિનાં વૃંદ ।
નરનારાયણ દેવ નિર્ખિ, વધ્યો અતિ આનંદ ॥૨॥
નરનારાયણ દેવને, પૂજીયા કરી બહુ પ્યાર ।
પ્રેમે ઉતારી આરતી, કર્યું સ્તવન વિવિધ પ્રકાર ॥૩॥
પછી સર્વ આનંદથી, આવી બેઠાં તે ઋષીનાં વૃંદ ।
તે પ્રત્યે નારાયણ બોલ્યા, દયાનિધિ સુખકંદ ॥૪॥
ઋષિમંડળ સર્વે મળી, આંઈ આવ્યા ભલે તમે આજ ।
હું અતિ મનમાં રીઝિયો, જોઈ મુનિવર સકળ સમાજ ॥૫॥
તમે અનેક જીવ ઉદ્ધારવા, ફરો સર્વે લોકમોઝાર ।
મુક્તાનંદનો નાથ બોલ્યા, કરુણાના ભંડાર ॥૬॥

## પદ ॥૩॥ (રાગ-ગરબી)

તે કારણ હું તમનેરે પુછું, હેત કરીને ગાથરે ।
કહોને તમે આજ ક્યાંથકી આવ્યા, સર્વે ઋષીનો સાથરે ॥૧॥
સ્વર્ગથી કે પાતાલથી આવ્યા, કે ભૂલોકથી ધીરરે ।
કેઈ કોરથી સર્વે તમે આવ્યા, મુનિવર જ્ઞાનગંભીરરે ॥૨॥
ત્યારે ઋષી સર્વે શ્રીહરિ સનમુખ, બોલ્યા તે જોડીને હાથરે ।
જે દિશથી આવ્યા જગજીવન, તે કહીએ સુણો નાથરે ॥૩॥
તીર્થયાત્રા કરતા કરતા, નાથ તમે મન ભાવ્યારે ।
શ્યામ તમારાં દરશન કારણ, ભરતખંડથકી આવ્યારે ॥૪॥
બોલ્યા કરી નારાયણ ઋષી પ્રત્યે, રીઝીને રુડી રીતેરે ।
કમલ સરિખાં નેત્ર અલૌકિક, પ્રફુલિત થયાં છે પ્રીતેરે ॥૫॥
ભરતખંડની સર્વ પ્રજા મળી, વર્તે છે શું લઈ હેતુરે ।
મારા કીધેલ અચલ અલૌકિક, પાળેછે ધર્મના સેતુરે ॥૬॥

જે રે પ્રજા કારણ હું નિશદિન, તપ કરું તતપર થઈ રે ।
તે મારા તપનું ફળ થાય છે, સર્વેને સુખદાઈરે ॥૭॥
ત્યારે વળી ઋષિવર સર્વે બોલ્યા, હર્ષ ધરી મનમાંયરે ।
હમણાં આ પૃથવીનેરે ઉપર, સર્વ પ્રજા પીડાયરે ॥૮॥
કળિયુગ બળનો સહાય કરીને, સ્થિર થઈને થડ જામ્યોરે ।
પોતાના પરિવારે સોતો, અધર્મ વૃધ્ધિ પામ્યોર ॥૯॥
રાજા અને ગુરુ ધર્મના રક્ષક, તે પણ અધર્મ રાખેરે ।
મુક્તાનંદના નાથજી એને, કુણ ટાળે તમ પાખેરે ॥૧૦॥

## કડવું ॥૧૩॥

તમે બાંધી જે ધર્મની પાળજી, તેને ભેદે છે તતકાળજી ।
માટે પંચ મહાપાપ કઠોરજી, તેને મનુષ્ય કરે છે નિશ ભોરજી ॥૧॥
**ઢાળ** - નિશિભોર[1] મહાપાપ સેવે, વિષયમાં લોભી રહ્યા ।
સદાચારે રહિત સર્વે, દોષ નવ જાએ કહ્યા ॥૨॥
પૃથ્વીમાં વિસ્તાર પામ્યો, અધર્મ કેરો ઠાટ[2] ।
તે માટે પ્રભુ જમપુરિની, બહુ ચાલે છે વાટ ॥૩॥
નર નારી ચાલે નરકમાં, સર્વે પાપી ભેળાં હોય ।
હવે એની રક્ષા કરનારો, જગમાં ન મળે કોય ॥૪॥
ભૂતળમાંઈ ભરતખંડના, તમે છો નાથ દયાળ ।
તે માટે એ પ્રજા કેરી, કરો રક્ષા તતકાળ ॥૫॥
એવાં આર્ત વચન ઋષીનાં, સાંભળ્યાં તતકાળ ।
મુક્તાનંદના નાથને ઉર, ઉપની દયા વિશાળ ॥૬॥

## કડવું ॥૧૪॥

એવા કરુણા કેરા ભંડારજી, લઈને પૃથ્વીમાં અવતારજી ।
એની રક્ષા કરવાને કાજજી, કીધી ઈચ્છા તે શ્રીમહારાજજી ॥૧॥
ઢાળ - મહારાજશ્રી ઈચ્છા કરી, એની રક્ષા કાજ સહેત ।
તે સમયમાં ધર્મ આવ્યા, મૂર્તિ નારી સમેત ॥૨॥
નારાયણનાં દરશન કારણ, અંતર કરી અતિ પ્યાર ।
ઋષીને ગયા સાંભળી પોતે, આવ્યા પરમ ઉદાર ॥૩॥

નારાયણનાં કરી દર્શન, અતિ રાજી થયા ધર્મદેવ ।
નારાયણ પણ ધર્મને જોઇ, ઉઠિયા તતખેવ ॥૪॥
મળી પોતાના તાતને, પડ્યા પગમાં નામી શીશ ।
અતિ ઘણો આદર કર્યો, કરુણાનિધિ જગદીશ ॥૫॥
નરપણ નમિયા એજ રીતે, બોલ્યા વાણી મધુર સાદ ।
પછી મુક્તાનંદના નાથને, દીધો ધર્મે આશીર્વાદ ॥૬॥

### કડવું ॥૧૫॥

પછી મૂર્તિ પોતાની માતજી, તેને નમિયા તે બેઉ ભ્રાતજી ।
માતાએ દીધી અતિ આશિષજી, દીધાં આસન લોક અધીશજી ॥૧॥
**ઢાળ** - લોક અધીશે પ્રેમે પૂછી, ધર્મને કુશલાત ।
પછી કહ્યો મુનિમુખ સુણ્યો ભૂપર, અધર્મનો ઉતપાત ॥૨॥
યથાયોગ્ય કહેતા હવા, તેને ઋષી પણ સુણે સહ પ્રીત ।
નારાયણ મુખવાતે લોભ્યાં, ધર્માદિકનાં ચિત્ત ॥૩॥
જેમ સમાધિમાં મનવૃત્તિઓ, એકાગ્ર સ્થિર થાય ।
તેમ શ્રીહરિ મુખ વારતામાં, નેત્ર ચિત્ત રુંધાય ॥૪॥
નારાયણ પણ વાત કહ્યામાં, થયા એકાગ્ર હુલાસ ।
ત્યાં કૈલાસથી પોતે પ્રેર્યા, આવ્યા ઋષિ દુર્વાસ ॥૫॥
મુનિમાં બેઠા નરનારાયણ, મૂર્તિ ધર્મ ઋષીવૃંદ ।
મુક્ત કહે વળી ઉદ્ધવજીને, જોયા ઋઃષિ સ્વચ્છંદ ॥૬॥

### કડવું ॥૧૬॥

થયા સૌ એકરસ વાર્તા માંયજી, ઋષી દુરવાસા દીઠા નાંયજી ।
રહ્યા ઘડી ઉભા તપવાનજી, તોપણ નવ પામ્યા સનમાનજી ॥૧॥
ઢાળ-પામ્યા નહિ સનમાન પ્રીતે, રહ્યા સભાસદને જોય ।
જાણ્યું મારું અપમાન કર્યું સર્વે, તે વિના એમ ન હોય ॥૨॥
ત્યારે નયન તુરત રાતાં થયાં, તન કંપે ક્રોધે વ્યાપ ।
ઉંચા હાથ કરીને સહુને, બોલ્યા તે દેતા શાપ ॥૩॥
આ જોને થયું અતિ અવળું, મન જોઇને મુંઝાય ।
સત્ય માર્ગ પ્રવર્તાવણહારા, કૃત્સિત મારગ જાય ॥૪॥

ઋષિમંડળ વિદ્યાને મદે, તેણે મારું કર્યું અપમાન ।
ધર્મદેવ પણ મનેજોઈને, વર્ત્યા પાપ સમાન ॥૫॥
માટે હું સઉનો દર્પ ઉતારીશ, ફરી એવું ન કરે કોય ।
મુક્તાનંદ કહે શાપ દીધો, ધર્માદિકને જોય ॥૬॥

### પદ ॥૪॥ (રાગ માલિંગાડો)

ધર્માદિકને કહે દુર્વાસા, ધરો મનુષ્યના દેહરે ।
અસુર કળી અધર્મના વિંટ્યા, ત્યાં દુઃખ દ્યો ઘણું તેહરે ॥ધર્મા૦॥૧॥
અસુરથીદુઃખ અવજ્ઞાને પામો, મારી અવજ્ઞાના કરનારરે ।
દુરવાસા એમ શાપ દઈને,મૌન રહ્યા તે વારરે ॥ધર્મા૦॥૨॥
ઉંચો શબ્દો દુરવાસા કેરો, બહુ ક્રોધિલો બળિયોરેનારાયણ ।
ઋષિ ધર્મને ઉદ્ધવ, સર્વે મળી સાંભળિયોરે ॥ધર્મા૦॥૩॥
ઉઠ્યા સૌ દુરવાસાને દીઠા, વળી ચરણે લાગ્યા જાયરે ।
કર જોડી પ્રારથના કીધી, તોપણ શાંતિ ન થાયરે ॥ધર્મા૦॥૪॥
બોલ્યા ધર્મ દીન થઈ વાણી, મેલીને સહજ સમાધિરે ।
દંડ ઘટે અપરાધિને ઉપર, પણ અમે નથી અપરાધિરે ॥ધર્મા૦॥૫॥
જાણીને કે કપટ કરીને, કીધો નહિ અપરાધરે ।
ચિત્ત સૌનોં હરિવાતમાં ચોંટ્યાં, નો’તી તનની સાધરે ॥ધર્મા૦॥૬॥
તમે આવ્યા તે અમે ન જાણ્યા, મહાતમ સર્વે બૂઝુરે ।
તમ અર્થે હું સર્વસ્વ ત્યાગું, તો તમને કેમ ન પૂજુંરે ॥ધર્મા૦॥૭॥
પરવશપણે તમારો કીધો, મુનિ અનાદર આવોરે ।
એ અપરાધને સહન કરીને, શાપથકી મૂકાવોરે ॥ધર્મા૦॥૮॥
વિપ્રહૃદય નવનીત સરીખું, કોમલ સહજે હોયરેકપટરહિત ।
એવાં વચન ધર્મનાં, સાંભળિયાં ચિત્ત માંયરે ॥ધર્મા૦॥૯॥
દુરવાસાનો વેગ ક્રોધનો, કાંઈક થયો છે શાંતરેત્યારે તે ।
ઋષી બોલ્યા ધર્મ પ્રત્યે, મેલીને મનની ભ્રાંતરે મુનિ કહે ॥ધર્મા૦॥૧૦॥
નહી મારી રીશ થોડી, હું કોઈનો ન મેટું શાપરે ।
પુણ્યમૂર્તિ તમ પાસે ચિત્ત મારું, કાંઈક થયું નિષ્પાપરે ॥ધર્મા૦॥૧૧॥
એ ભગવાનની ઈચ્છા જાણો, સાચી કહું સમ ખાયર ।
માટે મારો શાપ જે તમને, નિષ્ફલ કદી ન થાયરે ॥ધર્મા૦॥૧૨॥

તમને હું અનુગ્રહ કરી કહું છું, ધરશો મનુષ્યનો દેહરે ।
ત્યાં પણ મૂર્તિ તમારી પત્ની, થાશે નહી સંદેહરે ॥ધર્મા૦॥૧૩॥
આ નારાયણ ઋષી તમારા, પુત્ર થાશે ધર્મદેવરે ।
તમને ને મુનિને અસુરનાં દુઃખથી, રાખી લેશે તતખેવરે ॥ધર્મા૦॥૧૪॥
વળી તમારું ભરણ ને પોષણ, કરશે તે વારમવારરે ।
પુત્રરુપી ઋષિ ભગવાનમાં તમને, થાશે અતિશય પ્યારરે ॥ધર્મા૦॥૧૫॥
સ્નેહથી ચિત્તનો નિરોધ થાશે, થોડાક કાળમાં ભારીરે ।
મારા શાપથી મુકાઈને તમે, દિવ્યગતિ પામશો સારીરે ॥ધર્મા૦॥૧૬॥
હે ઉદ્ધવ મુનિયો તમે ધરશો, મનુષ્ય દ્વિજાતી દેહરે ।
થાશે સખા ભગવાન તમારા, પામશો દિવ્યગતિ તેહરે ॥ધર્મા૦॥૧૭॥
એમ કહી મુનિ કૈલાસમાં પોતા, તજી સર્વ મનનો રોષરે ।
ધર્માદિક મુનિમંડળ સૌને, શાપ થયો વિના દોષરે ॥ધર્મા૦॥૧૮॥
નહીં વાર્યા ઠપકો નવ દીધો, દુરવાસાને કાંયરે ।
એ ઈચ્છા નારાયણ કેરી, એમ સમજો મનમાંયરે ॥ધર્મા૦॥૧૯॥
પછી ધર્મે કહ્યું નારાયણને, જોડીને બેઉ હાથર ।
અધર્મ અસુરથી રક્ષા કરજો, મુક્તાનંદના નાથરે ॥ધર્મા૦॥૨૦॥

### કડવું ॥૧૭॥

પછી બોલ્યા નારાયણ વાણજી, તમે સાંભળો ધર્મ સુજાણજી ।
મારી ઈચ્છાએ થયો છે શાપજી, પૃથ્વીમાં વધ્યું છે અતિ પાપજી ॥૧॥
**ઢાળ** - પાપ વધ્યું પૃથ્વીવિષે, તેણે સાધુ અતિ પીડાય ।
તમારો સુત હરિ નામે થઈ, મેટીશ સર્વ બલાય ॥૨॥
સાધુજનની અધિક રક્ષા, કરીશ હું વારમવાર ।
ધર્મ જ્ઞાન વૈરાગ્ય સોતી, ભક્તિ કરીશ વિસ્તાર ॥૩॥
વળી હું તમ ભેળોજ વિચરીશ, માટે ચિંતા તજો તમે તાત ।
જ્યાં ઈચ્છા હોય ત્યાં દ્વિજ જાતિમાં, દેહ ધરો સાક્ષાત ॥૪॥
ધર્માદિકે ભગવાનને કીધાં, વંદન કરી અતિ પ્રીત ।
આપ આપને આસને ગયા, ધરવા દેહ મનુષ્યની રીત ॥૫॥
ધર્માદિકને દેહ ધર્યાનું, કારણ નહિ ઋષી શાપ ।
મુક્તાનંદના નાથની ઈચ્છા, કરશે લીલા આપ ॥૬॥

## કડવું ॥૧૮॥

ધર્મ ભક્તિ ઋષિવૃંદ અપારજી, હરિપ્રિય ઉદ્ધવ પરમ ઉદારજી ।
દેશદેશમાં મનુષ્યદેહજી, ધરવા ઇચ્છે દ્વિજકુળ તેહજી ॥૧॥
**ઢાળ** - ધર્માદિક દ્વિજકુળ વિષે, જનમ્યાની કીધી આશ ।
તેજ સમે સઉ અસુરને ઉર, વધ્યો ક્રોધ ને ત્રાસ ॥૨॥
અસુર રાક્ષસ દૈત્યને, હણ્યા પ્રથમ શ્રીભગવાન ।
તે વૈર લેવા થયા તતપર, અસુર ધરી અભિમાન ॥૩॥
ધર્માદિક મુનિવૃંદને, થયો દુરવાસાનો શાપ ।
તે જાણીને અસુર અગણિત, પ્રગટિયા મહાપાપ ॥૪॥
કોઈક ગુરુરુપે થયા, કોઈ થયા રાજારુપ ।
ધર્મ ભક્તિ સંત જનને, દુઃખ દાયક ખલ ભૂપ ॥૫॥
ધર્માદિક શ્રીકૃષ્ણનાં, જાણીને મૂળ વિશાળ ।
મુક્ત કહે તે ટાળવાને, મંડ્યા અસુર વિકરાળ ॥૬॥

## કડવું ॥૧૯॥

ગુરુરુપે હવા દાનવ જેહજી, શિવ શક્તિના ભક્ત થયા તેહજી ।
કેટલાક વૈષ્ણવી દીક્ષાધારીજી, ગુરુ થઈ બોલ્યાં બહુ નરનારીજી ॥૧॥
**ઢાળ** - ગુરુ થઈ નરનારિને, આપે અસત ઉપદેશ ।
ધર્મથી કરે ભ્રષ્ટ સઉને, તેનો ત્રાસ ન લેશ ॥૨॥
ભવતારણ શ્રીકૃષ્ણની, ભક્તિથી પાડે એહ ।
અતિ પાખંડે કરી પાપિયો, પોષે સદા નિજ દેહ ॥૩॥
હિંસ્ર યજ્ઞ કરાવીને, મારે તે જીવ અપાર ।
જંત્ર મંત્રને કૃત્યા સાધી, વશ કર્યો સંસાર ॥૪॥
મદ્ય માંસને ખાઈને, કરે પરત્રિયાનો સંગ ।
એમ વેદધર્મ ઉચ્છેદવા, પ્રવર્તાવે પાપ અભંગ ॥૫॥
રાજા પણ તે ગુરુતણા, થયા શિષ્ય હણવા ધર્મ ।
મુક્ત કહે ગુરુ શિષ્ય દાનવ, કરે તે નિંદિત કર્મ ॥૬॥

## કડવું ॥૨૦॥

ગુરુ ને શિષ્ય દાનવ અહંકારીજી, નિઃશંક થઈ કરે અધર્મ ભારીજી ।
અતિ નિંદિત કરે કર્મ ગમારજી, સહ્યો રે ન જાય તે ભૂમિથી ભારજી ॥૧॥
**ઢાળ** - ભૂમિ ભાર ન સહી શકી, કંપે તે વારમવાર ।
ઈંદ્ર પણ કરે અલ્પ વૃષ્ટિ, પડે દુષ્કાળ અપાર ॥૨॥
પછી ધર્મ જેમ પ્રગટિયા, પૂર્વ દેશ મોઝાર ।
તેજ પ્રસંગને વર્ણવું, સૂણી થાય સૌ ભવપાર ॥૩॥
રૈકહટ નામે પૂર વિષે, રહે સરવરિયા દ્વિજ ધીર ।
બાલકરામ એ નામ છે, અજ અંશ ગુણ ગંભીર ॥૪॥
ગોત્ર સાવર્ણિ તેહનું છે, પ્રવર ત્રણ ઉદાર ।
ભાર્ગવ વૈતહવ્ય સાવેતસ, એજ કુલ શણગાર ॥૫॥
સામ વેદ તે વિપ્રનો, કૌથમી શાખા જેહ ।
મુક્તાનંદ કહે અટક પાંડે, એવા દ્વિજવર એહ ॥૬॥

## પદ ॥૫॥ (રાગ ગરબી)

સ્વધર્મનિષ્ઠ સદા સુવિચારી, પાંડે શ્રી બાલકરામરે ।
શ્રીહરિની સેવામાં તતપર, અગણિત શુભ ગુણધામરે ॥૧॥
કામ ક્રોધ મદ લોભ ને ઈર્ષ્યા, અંતરમાં નહીં લેશરે ।
શુદ્ધ ભાવે સઉનું હિત ઇચ્છે, આપે તે સત્ય ઉપદેશરે ॥૨॥
શ્રીવ્રજચંદ તણી લીલાનું, પ્રેમ સહિત કરે ગાનરે ।
પાંડે બાલકરામ નિરંતર, એમ ભજે ભગવાનરે ॥૩॥
ધર્મદેવ જેહના સુત થાશે, એવા એ વિપ્ર ઉદારરે ।
મુક્તાનંદ કહે તે દ્વિજના, પુણ્ય તણો નહિ પારરે ॥૪॥

## કડવું ॥૨૧॥

અધિક જિતેંદ્રિય દ્વિજવર એહજી, વેદ પુરાણ શાસ્ત્રવિત તેહજી ।
ભાર્યા તેહની ભાગ્યવતી નામજી, સતી સાધ્વી મહા શુભગુણધામજી ॥૧॥
**ઢાળ** - શુભ ગુણધામ તે દ્વિજસતી, તેના સુત થયા વૃષદેવ ।
મધ્યાહ્ન ઉત્તર વિશ્વધારક, પ્રગટિયા તતખેવ ॥૨॥

સંવત સત્તર ને છનુંવો, પ્રમોદ સંવત્સર જેહ ।
શરદ ઋતુ દક્ષિણાયન ભાનુ, માસ કાર્તિક એહ ॥૩॥
શુકલ પક્ષ એકાદશી, કુંભ લગ્ન ને બુધ વાર ।
ઉત્તારા નક્ષત્રે પ્રગટ્યા, શ્રીધર્મદેવ ઉદાર ॥૪॥
દેવ બજાવે દુંદુભિ, નભ નાચે સુરત્રિયવૃંદ ।
ગાંધર્વ લાગ્યા ગાવવા, સૌ પામ્યા અતિ આનંદ ॥૫॥
સુર કુસુમ વૃષ્ટિ કરે, દ્વિજ કરે વેદ ઉચ્ચાર ।
મુક્તાનંદ ત્રિભુવન વિષે, એમ વધ્યો હર્ષ અપાર ॥૬॥

## કડવું ॥૨૨॥

ભૂમિ વિષે વધ્યો આનંદ ભારીજી, પુર ને ગ્રામ થયાં મંગળકારીજી ।
યાજ્ઞિક દ્વિજના અગ્નિ જેહજી, ધૂમરહિત થયા પ્રજ્વલિત તેહજી ॥૧॥
**ઢાળ** - ધૂમરહિત પ્રજ્વલિત થયા, અગ્નિ તે શુદ્ધ સ્વરૂપ ।
ચિત્ત પણ સતપુરુષનાં, થયાં અધિક શાંત અનૂપ ॥૨॥
કૂપ સર સરિતાતણાં, થયાં અધિક નિર્મલ નીર ।
આકાશ અતિ નિર્મલ થયો, વહે સુખદ ત્રિવિધ સમીર ॥૩॥
સિદ્ધ જય ધ્વનિ ઉચ્ચરે, ઋષિ આપે આશીર્વાદ ।
વાજિંત્ર વાજે અતિ ઘણા, તેનો થાય સુખપ્રદ નાદ ॥૪॥
સ્નાનાદિક વિધિ આચરી, સુતનું જે જાતક કર્મ ।
મહાવિપ્ર પાસ કરાવિયું, જાણી યથાવિધિ મર્મ ॥૫॥
વિપ્રવૃંદને પ્રેમસું, આપિયાં બહુવિધ દાન ।
મુક્તાનંદ એમ સર્વનું, કીધું અતિ સનમાન ॥૬॥

## કડવું ॥૨૩॥

સજલ જલદ સમ શ્યામ શરીરજી, ભુજ પ્રલંબ અતિ ગુણ ગંભીરજી ।
શ્યામ સ્વરૂપ પણ કાંતિધામજી, ગુણ જાણી ધર્યું દેવશર્મા નામજી ॥૧॥
**ઢાળ** - દેવશર્મા નામ ધરિયું, જોઈ અતિ મનોહર રુપ ।
માત પિતાના મન વિષે, આનંદ વધ્યો અનૂપ ॥૨॥
માત પિતા પોષણ કરે, બધે બાલચંદ્ર સમાન ।
પછી આપ્યું ઉપવીત પુત્રને, દ્વિજવરે વેદ વિધાન ॥૩॥

ધર્મ ઉપવીત પામીને, ભણ્યા વેદવિદ્યા સાર ।
બાર વરસ લગી રાખિયું, બ્રહ્મચર્ય વ્રત ઉદાર ॥૪॥
અલ્પ કાળમાં ભણી રહ્યા, ઈતિહાસ વેદ પુરાણ ।
તેણે અતિ પ્રતાપી જાણિયા, એવા ધર્મ પરમ સુજાણ ॥૫॥
પછી તે ગુણવંત ભામિની, વરવાને ઈચ્છયા એહ ।
મુક્તાનંદ કહે કહુ કથા, સંક્ષેપથી કરી તેહ ॥૬॥

## કડવું ॥૨૪॥

કોશલ દેશ વિષે અભિરામજી, સરિતા એક મનોરમા નામજી ।
તિહાં મખોડાં તીર્થ ઉદારજી, યાત્રાએ આવે લોક અપારજી ॥૧॥
**ઢાળ** - યાત્રાએ આવે લોક સૌ, કરી સ્નાન નિર્મલ થાય ।
એ છે અવધથી ઉત્તાર દિશે, મહિમા કહ્યો નવ જાય ॥૨॥
તેથી ઉત્તાર દિશ વિષે, અતિ ઉત્તામ છપૈયા ગામ ।
તેમાં વસે એક વિપ્રવર, કાલુ ત્રવાડી નામ ॥૩॥
ભવાની તેહની ભામિની, દંપતી શુદ્ધ હરિદાસ ।
તેહનાં સુતા ભક્તિ થયાં, જેથી ટળે ભવના ત્રાસ ॥૪॥
સંવત સત્તાર અઠાંણુંએ, કાર્તિકી પૂનેમ બુધવાર ।
નક્ષત્ર કૃતિકા સાયંકાળે, પ્રગટી કુંવરી ઉદાર ॥૫॥
દેવ બજાવે દુંદુભિ, વરત્યો તે જયજયકાર ।
મુક્તાનંદ કહે દશ દિશામાં, આનંદ વધ્યો અપાર ॥૬॥

## પદ ॥૬॥ (રાગ ધોળ)

પોતે ભક્તિ પ્રગટ થયાં ભૂમિમાં, તેનો ત્રિભુવનમાં ન સમાય આનંદ ॥ ભક્તિ૦ ॥
મુનિશાપે કરીને માનવ થયાં, સૌના કાપવારે દારુણ ભવફંદ ॥ ભક્તિ૦ ॥૧॥
તે દિનથી મનુષ્ય શુદ્ધમન થયા, સૌને વાધીરે શ્રીકૃષ્ણસુપ્રીત ॥ ભક્તિ૦ ॥
હરિની શ્રવણાદિક ભક્તિ વિષે, નર ત્રિયનાંરે ચોટ્યાં દઢ ચિત્ત ॥ ભક્તિ૦ ॥ ॥૨॥
શ્રી કૃષ્ણનાં મંદિર જ્યાં હતાં, તિહાં આનંદેરે થયા ઉત્સવ સાર ॥ ભક્તિ૦ ॥
સિદ્ધ ચારણ ગાંધર્વ ગાય છે, નાચે નભમાંરે સુરનારી અપાર ॥ ભક્તિ૦ ॥ ૩॥
થયા ઉત્સવ ચૌદે લોકમાં, દૈવી જનનેરે મનમોદ ન માય ॥ ભક્તિ૦ ॥
સર્વે વિપ્રત્રિયા ટોળે મળી, દીએ આશિષરે પ્રેમે મંગળ ગાય ॥ ભક્તિ૦ ॥૪॥

એવો પ્રબળ પ્રતાપ દેખાડતાં, ધર્યો દ્વિજ કુળરે માનવ અવતાર ॥ભક્તિ૦॥
મુક્તાનંદ કહે ભક્તિમાતાના, પદરજને રે વદું વારમવાર ॥ભક્તિ૦॥૫॥

## કડવું ॥૨૫॥

મંત્રરહિત તેના સંસ્કારજી, પિતાએ કરાવ્યા કરી બહુ પ્યારજી ।
વિપ્રવૃંદનું કરી સનમાનજી, શાસ્ત્રવિધે આપ્યાં બહુ દાનજી ॥૧॥
**ઢાળ** - યથાવિધિ બહુ દાન પામી, રીઝ્યા દ્વિજ ગુણધામ ।
જોઈ જન્મ અક્ષર જ્યોતિષી, ધરિયું તે બાલા નામ ॥૨॥
તે દિનથી તે વિપ્રના, ઘરમાં વધ્યો સુખસાજ ।
તોપણ દ્વિજ નિષ્કામ થઈને, ભજે શ્રીમહારાજ ॥૩॥
ભક્તિ શિશુચરિત્રે કરી, ઢાંક્યું પોતાનું જ્ઞાન ।
ચંદ્રકલા સમ નિત્ય વધે, પ્રેમે ભજે શ્રીભગવાન ॥૪॥
રુપ ગુણ લક્ષણે કરી, શ્રીકપિલ પ્રભુનાં માત ।
દેવહૂતિસમ થયાં, જશ વાધ્યો અતિ વિખ્યાત ॥૫॥
બાળપણાથી દૃઢ થયો, શ્રીકૃષ્ણસંગ અનુરાગ ।
મુક્તાનંદ કહે કૃષ્ણભક્તિ, કરે સદા બડભાગ ॥૬॥

## કડવું ॥૨૬॥

કૃષ્ણભક્તિમાં પ્રેમ અપારજી, એવાં બાલા પરમ ઉદારજી ।
તેને તે દેખી નર ત્રિય વૃંદજી, ભક્તિ નામ ધરિયું સુખકંદજી ॥૧॥
**ઢાળ** - ભક્તિ એ નામે કરી, સૌ બોલાવે સંસાર ।
નિજ ગુણે થયું નામ સુંદર, એવો પ્રભુ સંગ પ્યાર ॥૨॥
એ નિજ કન્યા યોગ્ય વર, શ્રીધર્મ અતિ શુભ નામ ।
તે નિજ ઘર તેડાવિયા, કરવા તે ઉત્તમ કામ ॥૩॥
ધર્મદેવના તાત જે પાંડે શ્રીબાલક રામ ।
આવિયા બહુ જાન લઈને, વેદ વિદ્યા ધામ ॥૪॥
ભક્તિ નામે નિજ સુતાં, તેને વેદ વચન પ્રમાણ ।
દ્વિજતિલક શ્રીધર્મદેવને, આપિયાં પરમ સુજાણ ॥૫॥
વર કન્યા પરણાવીને, કર્યું સર્વનું સનમાન ।
મુક્તાનંદ કહે બંદીજનને, આપ્યાં બહુવિધ દાન ॥૬॥

## કડવું ॥૨૭॥

શુભ ગુણ સાગર શોભા ધામજી, નિજ જામાતૃ દેવશર્મા નામજી ।
ભક્તિને તાતે રુડી પેરજી, વિનય કરી રાખ્યા નિજ ઘેરજી ॥૧॥
**ઢાળ**-પ્રેમ કરી ઘેર રાખિયા, એવા ધર્મ પરમ ઉદાર ।
નિજ તાતની આજ્ઞા થકી, રહ્યા શ્વસુર સદન મોઝાર ॥૨॥
બાલશર્મા વિપ્રવર, સદ્ગ્રંથનો લખી મર્મ ।
ભક્તિને બહુ ભેદ સોતા, પતિ વિશે કહ્યા પતિવ્રત ધર્મ ॥૩॥
પતિવ્રતાના ધર્મ સર્વે, ભક્તિમાં દ્રઢ જોઈ ।
અતિ પ્રેમવંતી, એવી ન અન્ય ત્રિય કોઈ ॥૪॥
પ્રેમ પતિવ્રત ધર્મમાં, જોઈ પાંડે બાલકરામ ।
ગુણ અનુસારે ભક્તિનું, ધર્યું પ્રેમવતી એ નામ ॥૫॥
પ્રેમવતીની રીત જોઈને, અપર ત્રિયને અપાર ।
મુક્તાનંદ કહે પતિવ્રતાના, ધર્મમાં થયો પ્યાર ॥૬॥

## કડવું ॥૨૮॥

ગૃહસ્થાશ્રમના ધર્મ છે જેહજી, નિજ સુત ધર્મને કહ્યા તેહજી ।
તેમ હરિભક્તિ કર્યાની રીતજી, કહી જેમ પ્રભુસંગ વાધે પ્રીતજી ॥૧॥
**ઢાળ** - પ્રેમ વધે જેમ પ્રભુવિષે, એમ શિક્ષા કહી શ્રુતિસાર ।
તેમ એકાદશી આદિ વ્રત, કરવા કહ્યાં કરી પ્યાર ॥૨॥
શ્રીરઘુવરના ભકતમાં, મુખ્ય મારુતનંદન જેહ ।
એજ નિજકુળ દેવ છે, તેને પૂજવા કરી નેહ ॥૩॥
તેમ દિવાળીને દિને, કુળદેવી કમળા માત ।
તેને પૂજવા અતિ પ્રેમશું, કરી શાસ્ત્રવિધિ સાક્ષાત ॥૪॥
બાલશર્મા પુત્રને, એમ આપી શિક્ષા સાર ।
કૃષ્ણશર્મા પાસ આજ્ઞા, માગીને થયા ત્યાર ॥૫॥
ધર્મ કેરા તાત તે, એમ પોંહોચિયા નિજ ગામ ।
મુક્તાનંદ કહે ધર્મ ભક્તિ , ભજે તે સુંદર શ્યામ ॥૬॥

### પદ ॥૭॥ (રાગ સામેરી)

ધર્મદેવ નિજ પત્ની સોતા, ગૃહસ્થના ધર્મ છે જેહરે ।
સંકટમાં પણ ચૂક ન પાડે, પાળે યથારથ તેહરે ॥ધર્મ૦॥૧॥
ધર્મવાન માણસની સંગત કરે, છે અધિક મુદ આણીર ।
પરના દોષ કહે નહિં મુખથી, વ્યર્થ ન બોલે વાણીરે ॥ધર્મ૦॥૨॥
એમ તેહને અતિ ધર્મમાં નિષ્ઠા, જોઈને સૌ સંસારરે ।
ધર્મ એ નામ ધર્યું તે દ્વિજનું, એવા છે અનઘ ઉદારરે ॥ધર્મ૦॥૩॥
ધર્મ ધર્મ કહી સૌ બોલાવે, જાણીને ધર્મનું રુપરે ।
મુક્તાનંદ કહે ધર્મ ભક્તિનો, મહિમા પરમ અનુપરે ॥ધર્મ૦॥૪॥

### કડવું ॥૨૯॥

સ્વધર્મનિષ્ઠ કૃષ્ણનાં ભક્તજી, ધર્મ ને ભક્તિ વિષય વિરક્તજી ।
શ્રુતિ સ્મૃતિએ જે કહ્યા સદાચારજી, તે સર્વે આચર્યા પરમ ઉદારજી ॥૧॥
**ઢાળ** - આચર્યા આદર કરી, સર્વે યથાવિધિ જેહ ।
જન્માષ્ટમી એકાદશી આદિક, વ્રત કર્યા વળી તેહ ॥૨॥
ધર્મ જ્ઞાન વૈરાગ સોતી, કૃષ્ણભક્તિ જેહ ।
પ્રેમભીનાં ધર્મ ભક્તિ, કરે નિરંતર તેહ ॥૩॥
ભૂમિવિષે મુનિશાપથી, ઉપન્યાં જે ઋષિનાં વૃંદ ।
તે ધર્મ જ્ઞાન વૈરાગ્ય સોતા, પામ્યા ભક્તિ સ્વચ્છંદ ॥૪॥
પછી તે ભક્તિ ધર્મને, થયા એક પુત્ર ઉદાર ।
રામપ્રતાપ એ નામ છે, શ્રી કૃષ્ણસંગ દૃઢ પ્યાર ॥૫॥
સુત સહિત છપૈયા વિષે, રહ્યાં ધર્મ ભક્તિ આપ ।
મુક્તાનંદ કહે ચહુ દિશે, થયો અસુરનો સંતાપ ॥૬॥

### કડવું ॥૩૦॥

પ્રથમ ભૂમિપર ધર્મકુઠારજી, ઉપન્યા અઘમતિ અસુર અપારજી ।
ધર્મવાન હરિના જન જેહજી, તેને બહુ વિધે પીડે એહજી ॥૧॥
**ઢાળ** - પીડે બહુવિધ સંતને, એવા અસુર અતિ વિકરાળ ।
જેમ દુઃખ પડે હરિભક્તને, સૌ તેમ કરે તતકાળ ॥૨॥

ભૂમિવિષે ઋષિ માત્રને, નિજશત્રુ જાણી સોય ।
અસુર અતિ પીડા કરે, શાંતિ ન પામે કોય ॥૩॥
ભક્તિ સોતા ધર્મને, દૃઢ શત્રુ જાણી એક ।
તેને તે બહુવિધ પીડવા, કરે અસુરવૃંદ અનેક ॥૪॥
થાય દુ:ખ જેમ ધર્મને, કરે અસુર તેજ ઉપાય ।
એ કષ્ટ કુમતિ અસુરનું, તે ધર્મે કેમ સે'વાય ॥૫॥
તે માટે ઘરને તજી, નિજ પત્ની સોતા ધર્મ ।
મુક્તાનંદ કહે અવધમાં, વસિયા તે જાણી મર્મ ॥૬॥

## કડવું ॥૩૧॥

ત્યાંઇ અસુર દીએ કષ્ટ અનેકજી, રીયે ન શાંતિ આવે પલ એકજી ।
ત્યારે તે ધર્મ અવધપુર ત્યાગીજી, અન્ય તીર્થમાં થયા અનુરાગીજી ॥૧॥
**ઢાળ** - કાશી આદિ તીર્થમાં, ગયા જ્યાં વૃષ કરી પ્યાર ।
ત્યાં ત્યાં અઘમય અસુરથી, પામ્યા તે કષ્ટ અપાર ॥૨॥
ફરતા ફરતા તીર્થમાં, આવ્યા પ્રાગરાજમાં ધર્મ ।
કરીને તે સ્નાન ત્રિવેણીમાં, કીધું સંધ્યાવંદન કર્મ ॥૩॥
તીર્થયાત્રા કર્યા સારું, આવ્યા તે ગુણ ભંડાર ।
ત્યાં રામાનંદસ્વામી મળ્યા, એ છે ઉદ્ધવનો અવતાર ॥૪॥
શિષ્ય સોતા સ્વામિને, નિર્ખિને ધર્મ ઉદાર ।
નારી સહિત અતિનમ્ર થઈ, વંદ્યા તે વારમવાર ॥૫॥
હવે તે ઉદ્ધવસ્વામીએ, જેમ ધર્યો દ્વિજકુળ દેહ ।
મુક્તાનંદ કહે કહું કથા, સંક્ષેપથી કરી તેહ ॥૬॥

## કડવું ॥૩૨॥

અવધપુરીમાં શુભ ગુણધામજી, સરવરિયા દ્વિજ અજય છે નામજી ।
કાશ્યપ ગોત્ર તે દ્વિજનું જેહજી, આશ્વલાયન શાખા શુભ તેહજી ॥૧॥
**ઢાળ** - અધિક શુભમતિ વિપ્ર તે, ઋગવેદિ સ્વધર્મનિષ્ઠ ।
કમલનયન શ્રીકૃષ્ણને, જાણે તે દૃઢ નિજ ઈષ્ટ ॥૨॥
પુણ્ય મતિવાળા સદા, વિદ્યા વિનય જુક્ત સોય ।
ઇંદ્રિજિત ને સત્યવાદી, એ સમ અવર ન કોય ॥૩॥

તે બ્રાહ્મણની સુમતિ નામે, નારીવિષે ગંભીર ।
દુર્વાસાના શાપથી, પ્રગટ્યા તે ઉદ્ધવ ધીર ॥૪॥
સંવત સત્તર પંચાણુવે, ઋતુ વર્ષા શ્રાવણ માસ ।
કૃષ્ણ પક્ષની અષ્ટમી, થયા ઉદ્ધવ પ્રાત પ્રકાશ ॥૫॥
વેદે કહ્યા જે વિપ્રને, જાતકર્માદિક સંસ્કાર ।
મુક્તાનંદ કહે અનુક્રમે, તેને પામ્યા પરમ ઉદાર ॥૬॥

### પદ ॥૮॥ (રાગ મલાર)

એમ એ દ્વિજકુળ પ્રગટ્યા, ઉદ્ધવ અવિકારી ।
સમય થયે ઉપવીતને પામ્યા સુવિચારી ॥એમ૦॥૧॥
તે ઉદ્ધવને પૂર્વનો, અભ્યાસ છે ભારી ।
બાળપણામાંથી થયા, અતિ પ્રિય ગિરિધારી ॥એમ૦॥૨॥
ધર્મ ને જ્ઞાન વૈરાગ્ય જે, અતિશે અઘહારી ।
તે સોતી હરિભક્તિની, ચડી પ્રેમ ખુમારી ॥એમ૦॥૩॥
અતિ વૈરાગ્યના વેગથી, નિજ ઘર તજી દીધું ।
રહી વરણીના ધર્મમાં, મન વશ કરી લીધું ॥એમ૦॥૪॥
શ્રીરામાનુજ સ્વામીથી, દીક્ષાને પામ્યા ।
નિર્ખિ પ્રગટ શ્રીકૃષ્ણને, સંશય સર્વ વામ્યા ॥એમ૦॥૫॥
તીરથ સર્વેમાં ફર્યા, કર્યા જન નિષ્કામી ।
મુક્ત કહે વિખ્યાત છે, રામાનંદસ્વામી ॥એમ૦॥૬॥

### કડવું ॥૩૩॥

ધર્મસહિત મહા મંગળ રૂપજી, કૃષ્ણભક્તિ સુખકારી અનૂપજી ।
તેહનો સઉને કરે ઉપદેશજી, નિજ ઉરમાં સ્વાર્થ નહિ લેશજી ॥૧॥
**ઢાળ** - સ્વાર્થ લેશ ન ઉર વિષે, એવા ઉદ્ધવ સ્વામી જેહ ।
ભક્તિમગ ઉપદેશમાં, થયા મુખ્યઅતિશે તેહ ॥૨॥
તે ઉદ્ધવ ભૂમિવિષે, સઉ જીવનાં હિત કાજ ।
ફરતા ફરતા આવિયા, જ્યાં પ્રાગ તીર્થરાજ ॥૩॥
ત્યાં એ ઉદ્ધવ સ્વામીને, થયો ધર્મસંગ મેળાપ ।
કહી ધર્મને શુભ હરિકથા, સુણતાં ટળે સંતાપ ॥૪॥

સ્વામી કેરાં વચનથી, થયાં ધર્મ ભક્તિ શાંત ।
જ્યાં અસુર કોઈ આવે નહિ, ત્યાં રહ્યાં સ્થળ એકાંત ॥૫॥
તેજ નિશા તે સ્વામિને, સંગે રહ્યા વૃષ ધીર ।
મુક્તાનંદ કહે ચરણસેવા, કીધી ગુણ ગંભીર ॥૬॥

## કડવું ॥૩૪॥

ચરણની સેવા કરતા સુહાઈજી, નિશિમાં સ્વપ્ન થયું સુખદાઈજી ।
સ્વપ્નમાં દીઠું તેજ વિશાળજી, તે મધ્ય નિર્ખ્યા મદનગોપાળજી ॥૧॥
**ઢાળ** - તેજ વિષે શ્રીકૃષ્ણને, નિર્ખ્યા તે પ્રગટ સ્વરૂપ ।
ત્યારે તે ઉદ્ધવ સ્વામીનો, જાણ્યો પ્રતાપ અનૂપ ॥૨॥
ઉદ્ધવને એમ જાણિયા, સદ્‌ગુરુ સમર્થ એહ ।
ધર્મ ભક્તિ શિષ્ય થાવા, ઈચ્છ્યાં તજી સંદેહ ॥૩॥
તે ઉદ્ધવ સ્વામિ થકી, વૈષ્ણવી દીક્ષા જેહ ।
તેને ધર્મ ભક્તિ પામિયાં, પ્રભુ સંગ પ્રબળ સનેહ ॥૪॥
અષ્ટાક્ષર મહામંત્રનો, કર્યો સ્વામીએ ઉપદેશ ।
કહ્યો રહસ્ય પણ તે મંત્રનો, કાશળ ન રાખી લેશ ॥૫॥
શ્રી ઉદ્ધવ સંપ્રદાયના, અહિંસાદિ બહુ ધર્મ નેમ ।
કહે મુક્ત તે ઉપદેશ પામ્યાં, જેથી રહે નિત્ય ક્ષેમ ॥૬॥

## કડવું ॥૩૫॥

શ્રીઉદ્ધવ સંપ્રદાયની રીતજી, ભક્તિ ધર્મને કહી કરી પ્રીતજી ।
સ્વધર્મ જ્ઞાન વૈરાગ્ય સમેતજી, કૃષ્ણભક્તિ કરી પ્રેમનિકેતજી ॥૧॥
**ઢાળ** - પ્રેમનિકેત શ્રીકૃષ્ણની, જે અનન્ય ભક્તિ અનુપ ।
તેનો કર્યો ઉપદેશ બેઉને, કીધાં શાંતસ્વરૂપ ॥૨॥
પછી તે બેઉને એમ કહ્યું, તમે શુભ ગુણ ભંડાર ।
માટે અમારા શિષ્યમાં, અતિ મુખ્ય થાશો ઉદાર ॥૩॥
તમે તમારે ઘેર જાઓ, ભજો શ્રી ભગવાન ।
પ્રેમમગન શ્રીકૃષ્ણના, ગુણનું તે કરજો ગાન ॥૪॥
નિજ આશ્રિતને કૃષ્ણના, શુભ મંત્રનો ઉપદેશ ।
કરજો મારા વચનથી, ડરશો ન ઉરમાં લેશ ॥૫॥

ગુરુવચન શિરપર ધરી, બેઉ આવ્યાં નિજ ઘેર ।
મુક્તાનંદ કહે કૃષ્ણભક્તિ, આરંભી ભલી પેર ॥૬॥

## કડવું ॥૩૬॥

ત્યાં થયા ધર્મના શિષ્ય અપારજી, વિપ્રાદિક શુભ ગુણ ભંડારજી ।
શિષ્ય સર્વે લાવી ધન ધામજી, તે વડે ધર્મનું કર્યું સનમાનજી ॥૧॥
**ઢાળ** - ધર્મનું સનમાન શિષ્યે, કીધું વિવિધ પ્રકાર ।
તેણે ધર્મ બહુ શ્રીમંત થયા, એમ જાણે સૌ સંસાર ॥૨॥
ધર્મ ને ધર્મના આશ્રિત, તે ઉપર બહુ દ્વેષ ।
માટે અસુર અતિશે પીડા કરે, ઉરમા દયા નહી લેશ ॥૩॥
જે જે ધર્મની જીવિકા, પશુ તુરગ ધનભંડાર ।
તેને તુરત હરી લેતા હવા, એવા અસુર ભૂનો ભાર ॥૪॥
એ રીતે એ ધર્મનું, અપમાન કીધું જેહ ।
અસુર રાક્ષસ દૈત્યને, સંભવે કરવું તેહ ॥૫॥
ત્યારે તે ધર્મ દરિદ્રતાનું, પામ્યા કષ્ટ અનંત ।
મુક્તાનંદ કહે તોએ નિશ દિન, ભજે શ્રીભગવંત ॥૬॥

## પદ ॥૯॥ (રાગ મેવાડો)

ધીરજ દીધીરે ધર્મે ભક્તિનેરે, કહી કહી વિનય સહિત વચન ।
મહાદુઃખ દેખીરે રુદન ન કીજીએરે, જોઈ જોઈ રીઝે રિપુ દુરિજન ॥ધીરજ૦॥૧॥
સુર મુનિ નૃપમાં જે સમર્થ થયારે, તેણે તેણે રિપુતણાં દુઃખ જેહ ।
નિજનિજ નારી સહિત ધીરજ ધરીરે, જેમ તેમ ભોગવિયાંરે છે તેહ ॥ધીરજ૦॥૨॥
સુરપતિ પાંડવ પાંચ વસિષ્ઠજીરે, હરિશ્ચન્દ્ર રાજા અધિક ઉદાર ।
એવા એવા સમર્થ તે નિજ શત્રુથીરે, પરવશ પામ્યા કષ્ટ અપાર ॥ધીરજ૦॥૩॥
એવુ તે વિચારીને મન ધીરજ ધરીરે, નિજ ઉર શોક ન કરવો લેશ ।
મુક્ત કહે છે રે ધર્મે ભક્તિનેરે, એવી રીતે આપ્યો શુભ ઉપદેશ ॥ધીરજ૦॥૪॥

## કડવું ॥૩૭॥

વળી તે ભક્તિને કહે છે વાતજી, આપણે રિપુનું દુઃખ વિખ્યાતજી ।
તે દુઃખ નાશ થાય તતકાળજી, એવું સાધન કરીશ વિશાળજી ॥૧॥

**ઢાળ** - સાધન મહાદુઃખ નાશનું, કરું તારા સુખને કાજ ।
ચિંતા ન કરશો લેશ મનમાં, ભજો તે શ્રીમહારાજ ॥૨॥
એવી રીતે કહી ભક્તિને, પછી કીધો ધર્મે વિચાર ।
મહાશત્રુના ભયને હણે, એવો શો ઉપાય ઉદાર ॥૩॥
ત્યારે તે એમ નિશ્ચે કર્યું, હનુમાન નિજ કુળદેવ ।
મહાકષ્ટ શત્રુ વૃંદના, તે નાશ કરે તતખેવ ॥૪॥
એવું તે મન નિશ્ચે કરી, પછી અવધપુર જઇ સોય ।
હનુમાનનો જપ આદર્યો, જેમ રિપુ ન જાણે કોય ॥૫॥
નિત્ય પ્રત્યે હનુમાનને, પૂજે તે કરી બહુ પ્યાર ।
મુક્તાનંદ કહે મંત્ર તેહનો, જપે નિત્ય એકતાર ॥૬॥

## કડવું ॥૩૮॥

જપને અંતે બેઉ કર જોડીજી, એક પગભેર ઉભે અંગ મોડીજી ।
એમ રહીને કરે સ્તવન ઉદારજી, ફળ દળ કંદતણો નિત્ય આહારજી ॥૧॥
**ઢાળ** - ફળ કંદનું અશન ક્યારે, ક્યારેક શાકજ ખાય ।
ક્યારેક જળ માત્રે કરી, રહે શાંત વિકળ ન થાય ॥૨॥
એમ નિત્ય જપ તપ કરે, ભક્તિએ સોતા ધર્મ ।
ભજે પ્રેમથી હનુમાનને, જાણીને મોટો મર્મ ॥૩॥
ધર્મને પ્રેમે કરી, અતી રીઝિયાં હનુમાન ।
બે માસ અંતે સ્વપ્નમાં, દીધું તે દરશન દાન ॥૪॥
હવે હું તમપર રીઝિયો, એમ બોલિયા હનુમંત ।
તમારા દુઃખમાત્રનો, આવ્યો તે જાણો અંત ॥૫॥
તમે શ્રીવૃંદાવન પ્રત્યે, જાઓ મારે ઉપદેશ ।
મુક્તાનંદ હનુમતે કહ્યું, તમને ન દુઃખ રહે લેશ ॥૬॥

## કડવું ॥૩૯॥

વૃંદાવનમાં ગએ મતિ ધીરજી, મરીચ્યાદિક મુનિ ગુણગંભીરજી ।
તેનો સમાગમ પામશો તાતજી, પૂર્વ મિત્ર મળશે સાક્ષાતજી ॥૧॥
**ઢાળ** - સાક્ષાત મળશે ઋષી સર્વે, તેજ તમારા મિત્ર ।
તેને મળી સુખ પામશો, તરશો તે કષ્ટ વિચિત્ર ॥૨॥

એવાં વચન કહી ધર્મને, પછી પવનસુત હનુમાન ।
નિજ ભક્તપર કરુણા કરી, પામ્યા તે અંતર્ધાન ॥૩॥
ધર્મદેવે જાગીને, નિજ સ્વપ્નનું વૃતાંત ।
અધિક સત્ય કરી માનિયું, તેણે થયા તે ઉરમાં શાંત ॥૪॥
પછી તે ધર્મે વ્રતની, કરી સમાપ્તિ તતકાલ ।
વેગથી નિજ પુત્રને પણ, મોકલ્યો મોસાળ ॥૫॥
દોલોત્સવપર ધર્મ ભક્તિ, વૃંદાવન ગયા તેહ ।
મુક્ત કહે વ્રજવાસીને, અતિશેજ ગમિયા તેહ ॥૬॥

## કડવું ॥૪૦॥

દુર્વાસાના શાપથી સર્વજી, ભૂમિ વિષે ઉપજ્યા તજી ગર્વજી ।
એવા તે ઋષીનાં વૃંદ અપારજી, ધર્મને ભેટ્યા કરી બહુ પ્યારજી ॥૧॥
**ઢાળ** - પ્રેમે કરી સઉ ધર્મને, ભેટ્યા તે પરમ સુજાણ ।
લક્ષણે કરી પરસ્પર, સૌની પડી ઓળખાણ ॥૨॥
શ્રીહરિની ઈચ્છા થકી, થયું પૂર્વ ભવનું જ્ઞાન ।
માટે સુખ દુઃખને વિષે, સૌ થયાં એક સમાન ॥૩॥
પોતાને બહુ અસુરથી, થયું જે જે કષ્ટ કરાલ ।
એજ પરસ્પર મહામુનિ, કહેતા હવા તતકાલ ॥૪॥
ધર્મ ભક્તિ ઋષિ મળી, મહાકષ્ટ ટાળવા કાજ ।
વિષ્ણુજાગ આદર્યો, શ્રીકૃષ્ણ સેવા સાજ ॥૫॥
પુરુષોત્મ શ્રીકૃષ્ણની, ઉપાસના દ્રઢ જેહ ।
મુક્તાનંદ કહે પ્રેમસું, કરતા હવા સૌ તેહ ॥૬॥

## પદ ॥૧૦॥ (રાગ વસંત)

ધર્મ ભક્તિ ઋષિ વૃંદ મળીને, કરે છે ઉપાસન ભારી ।
દ્રઢ મન જાપ જપે શ્રીહરિનો, જેમ રીઝે ગિરિધારી ॥ધર્મ૦॥૧॥
તે મધ્યે ધર્મ શ્રીકૃષ્ણનો સુંદર, અષ્ટાક્ષરનો મંત્ર ।
તેનું પુરશ્ચરણ અતિપ્રીતે, આરંભ્યું છે સ્વતંત્ર ॥ધર્મ૦॥૨॥
પંચાધ્યાયી રાસનો ભક્તિ, પાઠ કરે મુદ આણી ।
શ્રી વ્રજચંદ વિષે મન રાખી, બેઠા છે પરમ સયાણી ॥ધર્મ૦॥૩॥

શ્રીમદ્‌ભાગવત ભગવદ્‌ગીતા, શાસ્ત્ર શ્રીહરિનું રુપ ।
એ આદિ શ્રીકૃષ્ણનો મહિમા, સૂચક ગ્રંથ અનૂપ ॥ધર્મ૦॥૪॥
પુરશ્ચરણ એ ગ્રંથ સર્વનું, આરંભ્યું મુદ પામી ।
મુક્ત કહે મુનિ તેજ કરે છે, જેમ રીઝે બહુનામ ॥ધર્મ૦॥પ॥

### કડવું ॥૪૧॥

એમ આરાધન કરતા ક્ષેમજી, ધર્માદિકને વાધ્યો પ્રેમજી ।
તેને તે રીઝ્યા શ્રીભગવાનજી, ભક્ત કલ્પતરુ તેજનિધાનજી ॥૧॥
**ઢાળ** - તેજનિધાન શ્રીકૃષ્ણજી, મહા સુંદરતાનું ધામ ।
શોભા અલૌકિક શ્યામની, જોઈ લાજે કોટિક કામ ॥૨॥
વૈશાખ સુદી એકાદશી, મોહિની જેનું નામ ।
તેદી પ્રગટ દર્શન આપિયું, શોભાનિધિ ઘનશ્યામ ॥૩॥
પ્રથમ સૌએ બ્રાહ્મ મુહુર્તે, કોટિક ભાનુ સમાન ।
તેજનો મહા પુંજ દીઠો, સુખદ શાંતિ નિધાન ॥૪॥
તેજ મધ્યે શ્રીકૃષ્ણનાં, દરશન થયાં તતકાળ ।
ધર્માદિક મુનિવૃંદને, આનંદ વધ્યો વિશાળ ॥પ॥
ધર્માદિક મહામુનિવરે, નિર્ખ્યા શ્રીકૃષ્ણ અનુપ ।
મુક્તાનંદ કહે તેજ પ્રભુનું, સંક્ષેપે કરી કહુ રુપ ॥૬॥

### કડવું ॥૪૨॥

નવ નીરદ સમ સુંદર શ્યામજી, કોટિક મદન મદહર સુખધામજી ।
પીતાંબરધર શ્રીવ્રજચંદજી, મોર મુગટ શિર અધિક સ્વચ્છંદજી ॥૧॥
**ઢાળ** - અતિ સ્વચ્છંદ શ્રીકૃષ્ણજી, નિત્ય વય કિશોર કૃપાલ ।
દ્વિભુજ મુરલી વજાડતા, અતિશોભે રુપ રસાળ ॥૨॥
દિવ્ય આભૂષણ અંગમાં, ધાર્યા છે વિવિધપ્રકાર ।
કંઠમાં કૌસ્તુભ મણી, ઉર પુષ્પના બહુ હાર ॥૩॥
ભાલ તિલક કેશરતણું, તેની શોભા કહી નવ જાય ।
વદન પૂરણચંદ્ર જેવું, જોતા દ્રગ લલચાય ॥૪॥
અરુણ કમળની પાંખડી, સરખાં છે નેત્ર વિશાલ ।
આજાન ભુજ નિજ ભક્તકેરા, ભય હરે તતકાળ ॥પ॥

સામુદ્રિકમાં જે કહ્યાં, શુભ ચિન્હ સુખદ અભંગ ।
મુક્ત કહે તે યુક્ત છે, શ્રીકૃષ્ણ કેરાં અંગ ॥૬॥

### કડવું ॥૪૩॥

ગોપિયો રાધા આદિ અનંતજી, તેહનાં મંડળ મધ્ય ભગવંતજી ।
અખંડ રાસ રમતા ઘનશ્યામજી, અધિક વિરાજે શોભાધામજી ॥૧॥
**ઢાળ** - શોભાધામ શ્રીકૃષ્ણને, જોઈ ધર્માદિક મુનિવૃંદ ।
અષ્ટ અંગે પ્રણામ કીધા, પામ્યા અતિ આનંદ ॥૨॥
વેદમંત્ર ઉચ્ચારીને, કર્યું સ્તવન પ્રેમ સમેત ।
નિજ દાસનાં દુઃખ ટાળવા, રીઝિયા કૃપાનિકેત ॥૩॥
પછી તે શ્રીહરિ ધર્મને, કહેતા હવા એમ વાત ।
હવે હું તમપર રીઝિયો, વર આપવા વિખ્યાત ॥૪॥
મનવાંછિત વર મુ થકી, તમે માગો કરીને વિચાર ।
તતકાળ હું તેમજ કરું, એમ બોલ્યા પરમ ઉદાર ॥૫॥
પછી ધર્મ શ્રીકૃષ્ણ પ્રત્યે, બોલતા હવા એમ ।
મુક્તાનંદના પ્રભુ અમારું, અસુરથી કરો ક્ષેમ ॥૬॥

### કડવું ॥૪૪॥

દારુણ રુપ અસુર જગ જેહજી, અમને તો અતિશે પીડે તેહજી ।
માટે તમારે શરણ અમે નાથજી, નિજ જન જાણીને સાહો હાથજી ॥૧॥
**ઢાળ** - હાથ ગ્રહી મહા અસુરના, દુઃખથી ઉગારો દાસ ।
એજ અમારી વિનતી, સૂણી ઉર ધરો અવિનાશ ॥૨॥
દીન થઈ દુઃખ ત્રાસ સોતા, બોલિયા જે ધર્મ ।
તે પ્રત્યે શ્રીકૃષ્ણ બોલ્યા, જાણીને સઘળો મર્મ ॥૩॥
ધર્મ તમે ડરશો માં, એ અસુરનું દુઃખ જેહ ।
હું કરીશ રક્ષા તે થકી, તેમાં તે નહિ સંદેહ ॥૪॥
અસુર સૌને પૂર્વનું, મુજ સંગ વેર પ્રચંડ ।
મારો પરાભવ થાય એવું, ઈચ્છે તે દુષ્ટ અખંડ ॥૫॥
તમને મારા જાણીને, આપે છે કષ્ટ અપાર ।
મુક્તાનંદ શ્રીમુખે કહ્યું, એ અસુર ભૂનો ભાર ॥૬॥

## પદ ॥૧૧॥ (રાગ સામેરી)

ધર્મને કહે છે રે સમર્થ શ્રીહરિરે, અસુરનો દોષ દેખાડી અપાર ।
હવે એનો કુંભ ભરાણો છે પાપનોરે, માટે એનો થાશે તે સદ્ય સંહાર ॥ધર્મ૦॥૧॥
પાપ પોતાનાંરે ઢાંકે છે દંભે કરીને, બકસમ ધરીરે બેસે ધ્યાન ।
એવા એવા અસુર સિદ્ધ સમ થઈ ફરેરે, તેનું તેનું હુંજ હરીશ અભિમાન ॥ધર્મ૦॥૨॥
અઘમય અસુરને હણવા કારણેરે, મુજ વિના સમર્થ અવર ન કોય ।
અવશ્ય કર્યાનુંરે કારજ આવિયુંરે, લીધું મેં મનમાં વિચારી સોય ॥ધર્મ૦॥૩॥
બદ્રિવનમાંરે પ્રથમ તમો સર્વનેરે, થયો ઋષિ દુર્વાસાનો શાપ ।
તે તમ ભેળોરે હું પણ આવીયોરે, એમ તમે જાણો મનમાં આપ ॥ધર્મ૦॥૪॥
માટે હું તમારોરે સુત થઈને પછીરે, અસુરના વંશનો કરીશ વિનાશ ।
મોહ પમાડીરે દૈત્યને મારતાંરે, મુજને તે લેશ ન થાય પ્રયાસ ॥ધર્મ૦॥૫॥
તમને મુકાવીશ મુનિના શાપથીરે, થઈશ હું ભૂમિ વિષે વિખ્યાત ।
ધર્મ એકાંતિક પામ્યો છે ક્ષીણતારે, સ્થાપીશ હું તેને પણ સાક્ષાત ॥ધર્મ૦॥૬॥
એવી રીતે વચન કહીને શ્રીહરિરે, પછી પ્રભુ થઈ ગયા અંતરધાન ।
મુક્ત કહે છે રે એવા એ શ્રીકૃષ્ણજીરે, નિજ જન રંજન શ્રી ભગવાન ॥ ધર્મ૦॥૭॥

## કડવું ॥૪૫॥

ધર્મને ઉર થયો હર્ષ વિશાલજી, વ્રતની સમાપ્તિ કરી તતકાળજી ।
બ્રાહ્મણ સાધુ જમાડી અનંતજી, પોતે પારણાં કર્યાં બુદ્ધિવંતજી ॥૧॥
**ઢાળ** - પારણાં કરીને પછી, સઉ ઋષિ ને ધર્મ ઉદાર ।
મળી પરસ્પર પ્રેમસું, ચાલ્યા તે ગુણભંડાર ॥૨॥
ઋષિ તે નિજ નિજ સ્થાનકે, જાતા હવા લખી મર્મ ।
સર્વે મનોરથ પામિયાં, એવાં છે ભક્તિ ધર્મ ॥૩॥
તે બેઉ પણ નિજ ભવન જાવા, ત્યાર થયાં તતકાળ ।
વૃંદાવનથી નિસર્યાં, સંગે ન કોય વૃદ્ધ બાળ ॥૪॥
તે મારગમાં ચાલતાં, આવ્યું નૈમિષારણ્ય ઘોર ।
સિંહ વ્યાઘ્ર ને અસુરનું, વન મધ્ય અતિશે જોર ॥૫॥
મારગમાં સામા મળ્યા, મહા અસુર અતિ વિકરાળ ।
મુક્ત કહે ભયથકી ત્યાગ્યો, તે મારગ તતકાળ ॥૬॥

## કડવું ॥૪૬॥

રાજમાર્ગ એમ ત્યાગ્યો તેઉજી, આડે વગડે ચાલ્યાં બેઉજી ।
એમ વનમાં ભમે ભક્તિ ધર્મજી, માર્ગનો ક્યાંઇ ન જડ્યો મર્મજી ॥૧॥
**ઢાળ** - મર્મ નહિ મારગતણો, તેમ ના'વ્યું કોઈ ગામ ।
રવિ પણ થયા અસ્ત ત્યારે, રાત પડી દુઃખધામ ॥૨॥
ભૂખ તરષના કષ્ટથી, બેઉ પીડાણાં છે અપાર ।
અંધારું અતિશે થયું, માટે બેઠાં કરીને વિચાર ॥૩॥
તેજ સમે એક તપસ્વીને, દીઠો વન મોઝાર ।
મેઘસરખો શ્યામ છે, દ્રગ રાતાં જેમ અંગાર ॥૪॥
જટાધારી બ્રહ્મચારી, અતિ ભયંકર દેહ ।
તાલ પડી છે શીરવિષે, એવો તપસ્વી તેહ ॥૫॥
તેને જોઈને ધર્મદેવે, માન્યા સિદ્ધ ઉદાર ।
મુક્ત કહે કર જોડીને, કર્યું વંદન વારમવાર ॥૬॥

## કડવું ॥૪૭॥

પછી તે ધર્મ પ્રત્યે તતકાળજી, બોલ્યો તપસ્વી અતિ વિકરાળજી ।
નારી સહિત તું કોણ છે તાતજી, નિશિ મધ્ય વનમાં સ્થિર સાક્ષાતજી ॥૧॥
**ઢાળ** - રાતમાં મહા વનવિષે કેમ ભમે છે તજી ગૃહી રીત ।
તે પ્રત્યે હવે ધર્મ બોલ્યા, સાંભળો કરી પ્રીત ॥૨॥
સરવરિયા બ્રાહ્મણ અમે, મારો કૌશલ દેશ નિવાસ ।
ધર્મ એવું નામ મારું, અંતર દૃઢ રિપુત્રાસ ॥૩॥
દુઃખ ઘણું દારિદ્રયનું, તે કષ્ટ ટાળવા કાજ ।
ઘર તજીને વૃંદાવનમાં, ગયો હું મુનિરાજ ॥૪॥
તિહાં જપાત્મક વિષ્ણું કેરો, જાગ કરી તતકાળ ।
આરાધ્યા શ્રીકૃષ્ણને, પછી રીઝ્યા દીનદાયળ ॥૫॥

મનવાંછિત શ્રીકૃષ્ણથી, હું પામિયો વર જેહ ।
મુક્તાનંદ ધર્મે કહ્યું, અતિ આનંદકારી તેહ ॥૬॥

## કડવું ॥૪૮॥

રાજી થકો ઘેર જાઉં છું જેહજી, વન મધ્યે મારગ ભુલ્યો તેહજી ।
તમને દેખતાં ઋષી રાયજી, મગન થયો છું કરજો સહાયજી ॥૧॥
**ઢાળ** - કરો સહાય તે માહેરી, જાણી શ્રીહરિનો દાસ ।
મારે મન શ્રીકૃષ્ણ કેરાં, વચનનો વિશ્વાસ ॥૨॥
એવી રીતે શ્રીકૃષ્ણનું, સુણતાં તે નામ અનૂપ ।
અતિ ક્રોધ ઉપન્યો ઉરવિષે, થયો વર્ણી રુદ્રસ્વરૂપ ॥૩॥
આતુર થઈને ધર્મ પ્રત્યે, બોલ્યો તપસ્વી એહ ।
તમે જે વર પામ્યા શ્રીકૃષ્ણથી, હવે કહો મુજને તેહ ॥૪॥
તે પ્રત્યે હવે ધર્મ બોલ્યા; સાંભળો મુનિ વાત ।
મને રાજી થઈ પોતે ભજ્યા, શ્રીકૃષ્ણ પ્રભુ સાક્ષાત ॥૫॥
પછી મેં તે પ્રભુ આગળે, કહ્યું મારું કષ્ટ વિશાળ ।
મુક્તાનંદનો નાથ મુજ સંગ, બોલ્યા જનપ્રતિપાળ ॥૬॥

## પદ ॥૧૨॥ (રાગ સિંધું)

અતિ કરુણા કરી કૃષ્ણજી બોલિયા, સાંભળો ધર્મ કહું સત્ય વાણી ।
તમને જે ભૂમિપર કષ્ટ દેનાર તે, અસુર સર્વ થાશે ધૂળધાણી ॥અતિ૦॥૧॥
કળિતણો પ્રગટ અવતાર જે સુયોધન, તેહની ભીર કરનાર ભારી ।
પૂર્વે અસુર તે યુદ્ધમાં આવિયા, દુષ્ટ કૌરવ તણો પક્ષ ધારી ॥અતિ૦॥૨॥
ભારત યુદ્ધમાં ભીમ અરજુન કને, મરાવ્યા મેંજ કેટલાક પાપી ।
કંઈકને મેં ને બલરામે સંહારિયા, મારીને કંઈકને મુક્તિ આપી ॥અતિ૦॥૩॥
તેમાં જે અસુર અતિ વૈરભાવ કરી, માહેરો પ્રગટ સંબંધ પામ્યા ।
દર્શ સ્પર્શાદિકે મુક્તિને પામિયા, જન્મ મૃત્યુતણાં કષ્ટ વામ્યા ॥અતિ૦॥૪॥

કંઈક તો વિષય સુખમાંજ લોભાઈને, મુજ સંગ વૈર વિદ્વેષ કીધા ।
મુક્તાનંદનો પ્રભુ કહે તેમણે, હમણાંજ ભૂમિપર જન્મ લીધા ॥અતિ૦॥૫॥

## કડવું ॥૪૯॥

મૂર્તિમાન એવા તમે ધર્મજી, તેનો તે અસુર જાણ્યો મર્મજી ।
તમને તે જાણીને મારું રુપજી, અતિશે દુઃખ દે છે ખલ ભૂપજી ॥૧॥
**ઢાળ** - ખલતણા ભૂપાળ છે, એ અસુર ભૂમિ ભાર ।
બીજા અમારા સંત જનને, આપે કષ્ટ અપાર ॥૨॥
વૈર લેવાને માયરું, ઈચ્છે તે અસુર ગમાર ।
તમથી પ્રગટ થઈને તેહનો, હું કરીશ સદ્ય સંહાર ॥૩॥
એમ વર દઈ શ્રીહરિ, પછી પામ્યા તે અંતરધાન ।
હવે હું આંઈ આવિયો, તમે દીધું દરશન દાન ॥૪॥
એવી રીતે શ્રીકૃષ્ણનો, વર્ણવ્યો પ્રબળ પ્રતાપ ।
પોતાના પક્ષિ અસુરનો, કીધો અધિક ઉથાપ ॥૫॥
એવાં વચન સૂણિ ધર્મનાં, ઉર ઉઠી ક્રોધની ઝાળ ।
મુક્તાનંદ કહે તે તપસ્વિ, થયો અતિ વિકરાળ ॥૬॥

## કડવું ॥૫૦॥

ક્રોધે નયન રક્ત કરી ભાળેજી, જાણીએ ધર્મને હમણાં બાળેજી ।
એવો તપસ્વિ કુળ અંગારજી, દાંતે કરી ડસ્યો અધર અપારજી ॥૧॥
**ઢાળ** - દાંતે દાબી અધરને, બોલિયો દારુણ રુપ ।
વિપ્રવર શ્રીકૃષ્ણ તારા, થાશે પુત્ર અનૂપ ॥૨॥
કૃષ્ણના ગુણ દોષને, હું જાણું યથાર્થ જેમ ।
મુજ વિના ભૂમિ વિષે, બીજો ન જાણે તેમ ॥૩॥
હમને પ્રાણ સમાન વ્હાલો, દુર્યોધન ભૂપાલ ।
તેનુંજ ભૂંડુ કરણહારો, કૃષ્ણ કપટનું જાળ ॥૪॥
પારથ કેરો સારથી, એવો જે કૃષ્ણ કઠોર ।
મને પણ મહા કષ્ટ દીધું, પાંડુસુતને જોર ॥૫॥

દુર્યોધનનો સખા હું છું, રાજગુરુ બુદ્ધિવાન ।
મુક્તાનંદને નાથે મારું, કીધું અતિ અપમાન ॥૬॥

## કડવું ॥૫૧॥

વળી તે તપસ્વિ કહે છે વાતજી, સાંભળ બ્રાહ્મણ કહું સાક્ષાતજી ।
દ્રોણાચાર્ય તણો સુત જેહજી, પ્રગટ હું કૃષ્ણતણો રિપુ તેહજી ॥૧॥
**ઢાળ** - શત્રુ પ્રગટ શ્રીકૃષ્ણનો, માટે મારા મિત્ર અપાર ।
અસુર સૌનું રુડું કરવા, કરુંછું ઉપકાર ॥૨॥
પ્રથમનું શ્રીકૃષ્ણ સંગે, વૈર લેવા કાજ ।
શાપ દઉં છું તુંજને, જેમ રહે દૈત્યનું રાજ ॥૩॥
વિપ્ર તારા પુત્ર તે, આયુધ ન ધારો કોય ।
જો ધારો તો રિપુથકી, પામો પરાભવ સોય ॥૪॥
શસ્ત્રવોણો પુરુષ તે, નિજ શત્રુ હણવા માંઈ ।
કેવલ નિજ બુદ્ધિબળે, પ્રવર્ત્યો ન દીઠો કાંઈ ॥૫॥
એવી રીતે મહા શાપ દઈને, અશ્વસ્થામા એહ ।
મુક્તાનંદ કહે ભૂત જેવો, થયો અદશ્ય તેહ ॥૬॥

## કડવું ॥૫૨॥

શાપની ચિંતા વાધી અપારજી, ભક્તિ ધર્મ કરે અધિક વિચારજી ।
અતિશે ખેદને પામે તેઉજી, બોલ્યા પરસ્પર વાણી બેઉજી ॥૧॥
**ઢાળ** - બેઉ પરસ્પર બોલિયાં, થયું સિદ્ધ આપણું કામ ।
તે દૈવે વિઘ્ને યુક્ત કીધું, રહ્યો ન ઉર આરામ ॥૨॥
તે માટે મહાવિઘન કેરા, નાશ કરતા જેહ ।
વિભૂતિ અવતાર હરિના, એવા ગણપતિ એહ ॥૩॥
તે માટે એ ગણપતિનું, વ્રત કરશું એમ ।
વિઘન સર્વે વિનાશ પામે, થાયે અતિશે ક્ષેમ ॥૪॥
પછી તે ધર્મે ભક્તિ કેરો, શોક ટાળવા કાજ ।
જેમ રામ લક્ષ્મણ જાનકી, વન ગયાં ત્યાગી રાજ ॥૫॥
તેને જેમ વનવાસમાં, થયું કષ્ટ અતિ વિખ્યાત ।
મુક્તાનંદ તે ધર્મદેવે, ભક્તિને કહી વાત ॥૬॥

### પદ ॥૧૩॥ રાગ (માલીગાડો)

રામકથા કહેતાં હનુમંતનો, મહિમા અતિશે આવ્યોર ।
ધર્મ કહ્યો અધિક વિસ્તારી, ભક્તિને મન ભાવ્યોર ॥રામ૦॥૧॥
પછી ઉરમાં એમ સ્મૃતિ આવી, આપણો એ કુલદેવરે ।
રામદૂત હનુમાન કષ્ટ સઉ, નાશ કરે તતખેવરે ॥રામ૦॥૨॥
મારુતનંદન રિપુ મદ ગંજન, હે હનુમાન હમારીરે ।
રક્ષા કરજો રક્ષા કરજો, એમ કહ્યું ભક્તિયે પોકારીરે ॥રામ૦॥૩॥
એજ સમયમાં વિપ્રરુપ ધરી, દીધું દરશન દાનરે ।
મુક્તાનંદ કહે ધર્મ ભક્તિને, એમ રીઝયા હનુમાનરે ॥રામ૦॥૪॥

### કડવું ॥૫૩॥

કરુણા કરી બોલ્યા હનુમાનજી, ભક્તિ ધર્મ સુણજો એક ધ્યાનજી ।
તમે સંતાપ તજો તતખેવજી, હુંજ તમારો છઉ કુળદેવજી ॥૧॥
**ઢાળ** - હુજ છઉં કુળદેવ માટે, મને જ પહોંચે લાજ ।
કરીશ રક્ષા બેઉની, જેમ સીધસે સર્વે કાજ ॥૨॥
દ્રોણીને શાપે કરીને, તમારા સુત જેહ ।
શસ્ત્ર નહિ ધારણ કરે, તોયે અધિક સમર્થ એહ ॥૩॥
પોતાની બુદ્ધિને બળે, આ ત્રિલોકી તતકાળ ।
જીતવા સમર્થ થશે, એવા તમારા બાળ ॥૪॥
તમારા કુળની સદા, હું રક્ષાનો કરનાર ।
જયાં જયાં સંકટ આવશે, ત્યાં રહીશ પાસે ત્યાર ॥૫॥
એમ કહી હનુમાન ત્યાંથી, થયા તે અંતરધાન ।
મુક્તાનંદ કહે ધર્મ ભક્તિ, રીઝૂયાં પ્રથમ સમાન ॥૬॥

### કડવું ॥૫૪॥

ભક્તિ ધર્મ ઉર હર્ષ અપારજી, ત્યાં થકી ચાલ્યાં કરીને વિચારજી ।
ગણપતિના વ્રતમાં તતકાળજી, આવી પ્રતીતિ અધિક વિશાળજી ॥૧॥
**ઢાળ** - આવી પ્રતીતિ ઉર વિષે, દેખી પ્રતાપ ઉદાર ।
જેહનું વ્રત કર્યા તણો, ઘાટ એકજ વાર ॥૨॥

તેજ સ્થળે મહા વિઘ્ન સર્વે, નાશ થયાં તતખેવ ।
એવા ગણપતિ અધિક મોટા, વિઘ્ન હરતા દેવ ॥૩॥
એમ કહીને ચાલિયાં, ઉર ધરી શ્રીઘનશ્યામ ।
દોઢ માસે ચાલતાં, આવ્યા પોતાને ગામ ॥૪॥
જ્ઞાતિ કુટુંબિ ધર્મના, વિંટી વળ્યાં જનવૃંદ ।
દંપતિને દર્શને કરી, પામ્યા અતિ આનંદ ॥૫॥
પછી તે પ્રભુના પ્રતાપથી, ધર્મના વેરી જેહ ।
મુક્તાનંદ કહે મિત્ર સરખા, થઈને વરતે તેહ ॥૬॥

## કડવું ॥૫૫॥

ધર્મને દેખી શત્રુ સર્વજી, અતિ ભય પામ્યા મુક્યો ગર્વજી ।
પછી કૃપાળુ પ્રભુ પરમ સુજાણજી, જીવોનાં કરવા કલ્યાણજી ॥૧॥
**ઢાળ** - જીવોનાં કલ્યાણ કરવા, જન્મ લેશે દેવ ।
એવા થકા તે ધર્મના, ઉરમાં વસ્યા તતખેવ ॥૨॥
તેણે કરી એ ધર્મ અતિશે, થયા તે શોભાધામ ।
નિજ તેજે જગ ઢાંકિયો, એવા તે અતિ અભિરામ ॥૩॥
ધાન્ય ધન્ય વાહન પશુ, સમૃદ્ધિ તે વિવિધ પ્રકાર ।
ધર્મના ઘરમાં પ્રથમથી, દોલત વાધી અપાર ॥૪॥
એવી રીતે એ વિપ્રને, થયો હરિપ્રસાદ અનુપ ।
તે માટે એ ધર્મને કહે છે, હરિપ્રસાદસ્વરૂપ ॥૫॥
હરિપ્રસાદ એ નામ લઈ, સૌ બોલાવે સાક્ષાત ।
મુક્તાનંદ કહે ભૂમિમાં, એ થયા અતિ વિખ્યાત ॥૬॥

## કડવું ॥૫૬॥

દેવતુલ્ય નિજ કાંતિ જેહજી, તતક્ષણ દોલત વાધી એહજી ।
તે જોઈ ધર્મે વિચાર્યું વિશેષજી, આપમાં જાણ્યો હરિ આવેશજી ॥૧॥
**ઢાળ** - આપ વિષે શ્રીકૃષ્ણનો, આવેશ જાણી ઉદાર ।
પછી ધર્મદેવે ભક્તિમાં, ધર્યો ગર્ભ જગ આધાર ॥૨॥
તેણે કરી ભક્તિ થયાં, અતિશેજ શોભાધામ ।
કપિલની મા દેવહૂતી, તે સમ અતિ અભિરામ ॥૩॥

અનંત કોટી બ્રહ્માંડ જેના, રોમ કૂપ સમાય ।
તે હરિ ધાર્યા ગર્ભમાં, એ આશ્ચર્ય વાત કહેવાય ॥૪॥
પૂરણ ચંદ્ર સમાન તનમાં, વાધી કાંતિ વિશાળ ।
પ્રેમવતી હરિ ઉદર ધારી, એમ થયા તતકાળ ॥૫॥
દેવમાતા અદિતિ સમ, માન્યા યોગ્ય તે માત ।
મુક્તાનંદ કહે પ્રેમવતીનાં, પુણ્ય થયાં વિખ્યાત ॥૬॥

## પદ ॥૧૪॥ રાગ (આશાવરી)

ભક્તિને દેખીને અન્ય ભામનિયો, બોલે પરસ્પર વાણી હો ।
ભૂપર ગર્ભવતી બહુ દીઠી, આવી તો કોય ન જાણી હો ॥ભક્તિ૦॥૧॥
ગર્ભવતી એવી તેજસ્વી, દીઠી ન સાંભળી કોય હો ।
આવાં તો એક દેવકી માતા, સુણ્યા છે પુરાણમાં સોય હો ॥ભક્તિ૦॥૨॥
એમ પરસ્પર અબળા બોલે, જોઈ જોઈ તેજ અનૂપ હો ।
પ્રેમવતીના ઉદર વિષે કોઈ, આવ્યા છે કારણરુપ હો ॥ભક્તિ૦॥૩॥
પ્રેમવતિનાં ભાગ્યનો મહિમા, ગાન કરે સૌ નારી હો ।
મુક્તાનંદ એ ભક્તિમાતની, પદરજ શિરપર ધારી હા ॥ ભક્તિ૦ ॥૪॥

## કડવું ॥૫૭॥

એવાં પ્રતાપી ભક્તિ માતજી, દશમાં માસવિષે સાક્ષાતજી ।
જનમ્યા સુત શશિ પૂરણ સમાનજી, કરુણાસાગર શ્રી ભગવાનજી ॥૧॥
**ઢાળ** - કરુણાસાગર શ્રીહરિ, થયા પ્રગટ સુંદર નેણ ।
સાધુ જનનાં અંતરમાંઈ, વાધ્યું સુખ દિનરેણ ॥૨॥
અખિલ ભુવનના નાથ પોતે, અવતર્યા અવિનાશ ।
ધર્મકેરા સદનમાંઈ, થયો અધિક પ્રકાશ ॥૩॥
પછી એ ભક્તિ પોતા કેરી, સજ્યામાં સુખકંદ ।
જન્મ્યા એવા લાલ જોઈને, પામ્યા અતિ આનંદ ॥૪॥
એવી રીતે એ વિપ્રના, સદનમાં સુખધામ ।
શ્રી પુરુષોત્તમ પ્રગટિયા, શોભાનિધિ ઘનશ્યામ ॥૫॥
જે અવસર પ્રભુ પ્રગટિયા, મહા આનંદકારી અનૂપ ।
મુક્તાનંદ કહે તે સમો, વર્ણવું અતિ સુખરુપ ॥૬॥

## કડવું ॥૫૮॥

સંવત અરાઢ સાડત્રિસો જેહજી, સંવત્સર વિરોધકૃત એહજી ।
ઉત્તરાયણના રવિ સુખરુપજી, વસંત ઋતુ મધુ માસ અનૂપજી ॥૧॥
**ઢાળ** - ચૈત્ર માસ ને શુકલ પક્ષે, તિથિ નવમી ઉદાર ।
પુષ્ય નક્ષત્ર ને ચંદ્રવાસર, સદા સુખ દાતાર ॥૨॥
વૃશ્ચિક લગ્ને કૌલવ કરણે, યોગ સુકર્મા જેહ ।
દશ ઘડી રાત્રિ ગીએ, થયો જન્મ સુખપ્રદ તેહ ॥૩॥
ભૂમિવિષે સૌ મનુષ્યને, થયો મહોત્સવ તતકાળ ।
સ્વર્ગમાં સઉ દેવને, થયો ઉત્સવ પરમ વિશાળ ॥૪॥
ઈંદ્રાદિક સુર પુષ્પવૃષ્ટિ, કરે તે વારમવાર ।
ગંધર્વ લાગ્યા ગાવવા, ઉરમાં તે પ્રેમ અપાર ॥૫॥
સુરવિમાને ગગન છાયું, નાચે સુરત્રિયવૃંદ ।
મુક્તાનંદનો નાથ પ્રગટ્યા, પામ્યા સૌ આનંદ ॥૬॥

## કડવું ॥૫૯॥

દ્વિજકુળ પ્રગટ્યા શ્રી ઘનશ્યામજી, પુરુષોત્તમ સર્વ સુખધામજી ।
આનંદ વાધ્યો જોઈને અપારજી, શોભે સુંદર ધર્મકુમારજી ॥૧॥
**ઢાળ** - શોભે ગૃહમાંહી શ્યામસુંદર, અધિક તેજ અંબાર ।
મંગલ દશો દિશ માંઈ રાજે, ક્ષીણ થયો ભૂભાર ॥૨॥
ત્રિવિધ વાયુ વહે સુંદર, સૌને થયો હુલ્લાસ ।
ઉડુગણ કેરી જ્યોતિ અતિશે, શોભે છે આકાશ ॥૩॥
વળી વારિ સર સરિતાતણાં, સર્વે નિર્મલ થયાં અત્યન્ત ।
નિર્મલ નભની છબિ છાજે, જનમિયા ભગવંત ॥૪॥
અગ્નિહોત્રના અગ્નિ સર્વે, થયા તે જાજ્વલ્યમાનસંતના મન ।
શુદ્ધ થયાં, અતિશે ઉદય થયું જ્ઞાન ॥૫॥
અસુર હતા અવની વિષે, તેના મનમાં વાધ્યો ત્રાસ ।
મુક્તાનંદનો નાથ પ્રગટ્યા, પાળવા નિજ દાસ ॥૬॥

## કડવું ॥૬૦॥

દેવ કરે છે દુંદભિ નાદજી, વળી અતિ હર્ખ્યા હરિપ્રસાદજી ।
વાજે વાજાં દ્વિજને ઘેરજી, થઇ રહી છે અતિ લીલા લેહેરજી ॥૧॥
**ઢાળ** - થઇ રહી છે લીલા લેહેરે સુંદર, ગાયે વનિતા મંગલ ગીત ।
લાલને આશિષ દિએ છે, મુખ જોઈ વાધી પ્રીત ॥૨॥
દધિ હરદિ કુંકુમ આદિ, રંગ લઇ સર્વે નાર ।
એક એકને છંટકે પરસ્પર, કુતૂહલ ઉદાર ॥૩॥
ત્રણ ભૂવનમાં શબ્દ સુંદર, થયો તે જે જેકાર ।
ધર્મને મન થયો આનંદ, નિર્ખિ નિજ કુમાર ॥૪॥
પુત્રનું મુખ જોઇ પ્રીતે, મનમાં તે હર્ખ્યા તાત ।
અતિસ્નેહે આસક્ત થયાં છે, કહી ન જાએ વાત ॥૫॥
એવી રીતે થયો ઉત્સવ, પ્રગટ્યા જનપ્રતિપાળ ।
મુક્તાનંદના નાથ જનહિત, બન્યા મનોહર બાળ ॥૬॥

## પદ ॥૧૫॥ (રાગ આશાવરી)

પોતે પ્રગટ થયા પુરુષોત્તમ, ધર્મ ભવન સુખદાઈ હો ।
ઇંદ્રાદિક સર્વે સુર આવ્યા, વાજે અધિક વધાઈ હો ॥પોતે૦॥૧॥
નર નારી મન હર્ષ ન માયે, જય જય વાણી બોલે હો ।
જગજીવનનું મુખડું જોઈને, મતવાલા થઈ ડોલે હો ॥પોતે૦॥૨॥
ગાંધર્વ ગીત મનોહર ગાવે, નૃત્ય કરે સુરનારી હો ।
સુરવિમાને અંબર છાયો, થાય કુતૂહલ ભારી હો ॥પોતે૦॥૩॥
ફુલઝડીં અંબરથી લાગી, સર્વે તે થયા હુલ્લાસી હો ।
મુક્તાનંદનો નાથ મનોહર, અવતરીયા અવિનાશી હો ॥પોતે૦॥૪॥

## કડવું ॥૬૧॥

પુત્રજન્મ સુણી રીઝ્યા ધર્મજી, પ્રેમે કરાવ્યું જાતક કર્મજી ।
તેજ કર્મમાં જન સૌ કોયજી, મગન થયાં જોઇ ઉત્સવ સોયજી ॥૧॥
**ઢાળ** - ઉત્સવમાં વેદોક્ત રીતે, કરી અધિક સનમાન ।
ધર્મદેવે બ્રાહ્મણોને, આપ્યાં બહુવિધ દાન ॥૨॥

જેજે જાચક આવિયા, તેનો આદર કીધો અપાર ।
દાન જથા વિધિ આપિયું, ઉઘાડી ધનભંડાર ॥૩॥
પોતાના સુતરુપ એવા, પ્રગટ શ્રીભગવંત ।
માત પિતાને તેજ સંગે, વાધ્યો પ્રેમ અનંત ॥૪॥
ચૈત્ર શુદિ એકાદશીની, રાત્રિમાં તતકાળ ।
બાલમુકુંદને મારવાને, આવ્યા ગ્રહ વિકરાળ ॥૫॥
રેવતી કોટરા આદિક, બાલકના ગ્રહ જેહ ।
મુક્ત કહે નિજ દૃષ્ટિએ, બાળી ભગાવ્યા તેહ ॥૬॥

## કડવું ॥૬૨॥

એમ એ દિનદિન આનંદકંદજી, બાલચંદ્ર સમ વધે સ્વચ્છંદજી ।
એક સમે માર્કંડ ઋષિ નામજી, બ્રહ્મચારી વેષે તપધામજી ॥૧॥
**ઢાળ** - બ્રહ્મચારીરુપ મુનિવર, આવ્યા તે ધર્મને ઘેર ।
કર્યું બહુ સન્માન તેહનું, પૂજિયા ભલી પેર ॥૨॥
જાણી તે ઋષિને જ્યોતિષી, ત્રિકાલદર્શિ ઉદાર ।
અતિપ્રેમે પ્રાર્થના કરી, વૃષદેવે વિવિધ પ્રકાર ॥૩॥
અમારાં આ પુત્રકેરું, નામકરણ છે જેહતે ।
તમે કરવા યોગ્ય છો, તેમાં તે નહી સંદેહ ॥૪॥
ત્યારે તે મુનિ શુભ મૂહુર્ત જોઈને, નામ ધરવા કાજ ।
વિધિ સહિત આરંભ કર્યો, લઈ હોમાદિકના સાજ ॥૫॥
કર્મ સૌ વિધિવત કર્યા, સર્વજ્ઞ મહામુનિ વીર ।
મુક્તાનંદ કહે ધર્મ પ્રત્યે, બોલ્યા વચન ગંભીર ॥૬॥

## કડવું ॥૬૩॥

હે ધર્મ આ તમારો કુમારજી, તમારી બેઉની રક્ષા કરનારજી ।
એના આશ્રિત નર ત્રિય જેહજી, તેની સર્વ આપદા હરશે તેહજી ॥૧॥
**ઢાળ** - આપદા હરશે તેમની, કરશે તે સુખ ઘનશ્યામ ।
કર્ક રાશિમાં જન્મ એનો, માટે થાશે હરિ એવું નામ ॥૨॥
અર્થે યુકત એ નામવાળો, થાશે તમારો લાલ ।
આશ્રિત નર ત્રિયવૃંદને તારશે જનપ્રતિપાળ ॥૩॥
વળી તમારા પુત્રનો, છે કૃષ્ણ વર્ણ આ તન ।
આશ્રિત જનના નિજ મૂર્તિમાં, ખેંચી લેશે મન ॥૪॥

ચૈત્ર માસમાં જન્મ સુંદર, થયો છે સાક્ષાત ।
માટે કૃષ્ણ એવું નામ એનું, થાશે જગવિખ્યાત ॥૫॥
હરિ કૃષ્ણ બેઉ નામ નોખાં, તમારા સુતનાં જાણ ।
હરિકૃષ્ણ એવી રીતે એક જ, મુક્તાનંદ પ્રમાણ ॥૬॥

## કડવું ॥૬૪॥

વળી કહુ ધર્મદેવ સુખધામજી, તમારા સુતનું સુંદર નામજી ।
ચિત્ત દઈ સાંભળો પરમ સુધીરજી, સુંદર થાશે ગુણગંભીરજી ॥૧॥
**ઢાળ** - થાશે ગુણગંભીર સુંદર, પાંચ ગુણ સુખદાન ।
ત્યાગ જ્ઞાન તપ ધર્મ યોગ કરી, થાશે શિવજી સમાન ॥૨॥
માટે હું તમને સૂચવું, તમે બેઉ ચતુર સુજાણ ।
નીલકંઠ એવું નામ સુંદર, થાશે અતિ પ્રમાણ ॥૩॥
હે વૃષ એ રીતે કરી, ગુણ કર્મને અનુસાર ।
થાશે તમારા પુત્ર કેરાં, નામ અનંત અપાર ॥૪॥
એવી રીતે એ નામ કરી, ટાળ્યા સર્વ સંદેહ ।
બીજા ગુણ એ પુત્રના, કેતા હવા મુનિ તેહ ॥૫॥
એજ તમારા પુત્ર તે, શ્રીવિષ્ણુતુલ્ય સ્વચ્છંદ ।
મુક્તાનંદનો નાથ તમને, દેશે અતિ આનંદ ॥૬॥

## પદ ॥૧૬॥ (રાગ કાફી)

માર્કંડ મુનિ નામ ધરીને, મૌન થયા તતકાળરે।
સુતના ગુણ સુણી ભક્તિ ધર્મને, આનંદ વાધ્યો વિશાળરે॥ માર્કંડ ॥૧॥
ધર્મે તે મુનિવરને આપ્યાં, આભૂષણ વસ્ત્ર અપારરે।
મનવાંછિત સઉ સંપત્તિ આપી, એવા તે પરમ ઉદાર રે ॥માર્કંડ॥૨॥
તે મુનિવરને વચને કરીને, નિજ સુતના ગુણ જાણીને।
ધર્મ ભક્તિએ મહા મુનિવરને, કહે છે સુધાસમ વાણીરે ॥માર્કંડ॥૩॥
હે મુનિવર અમે દાસ તમારા, નિત્ય નિત્ય દરશન દેજોરે।
મુક્તાનંદના નાથને નિર્ખિ, લાવ અલૌકિક લેજોર॥ માર્કંડ ॥૪॥

## કડવું ॥૬૫॥

એમ કરતાં નિજ સુતને અનૂપજી, ત્રીજું વર્ષ થયું સુખરુપજી ।
ત્યારે તે ચૌલકર્મ સુખકારીજી, ધર્મે કરાવ્યું શ્રુતિ અનુસારીજી ॥૧॥
**ઢાળ** - શ્રુતિતણે અનુસાર સર્વે, કીધું કર્મ ઉદાર ।
તે દિન મહા ઉત્સવ થયો, સૌ પામ્યા આનંદ અપાર ॥૨॥
તેજ દિવસે ધર્મદેવે, સાધુ બ્રાહ્મણ જેહ ।
પ્રેમ કરી નિજ ભવન તેડી, જમાડ્યા છે તેહ ॥૩॥
તે દિવસે ભગવાનને, મારવા દાનવ ઘોર ।
કૃત્યાનો સર્જનાર આવ્યો, કાલીદત્ત કઠોર ॥૪॥
તીવ્ર નિજ દૃષ્ટે કરી, મનમોહન બાલમુકુંદ ।
મોહ પમાડ્યો દૈત્યને, થયો અસુર અતિ મતિમંદ ॥૫॥
તેણે કરીને અસુર પાપી, વિવિધ વૃક્ષ મોઝાર ।
મુક્ત કહે અથડાઈ ચહુ દિશ, નાશ થયો ભૂભાર ॥૬॥

## કડવું ॥૬૬॥

એમ અસુરનાં વૃંદ અપારજી, કરે છે ઉપદ્રવ વારમવારજી ।
તે જોઈ ધર્મે વિચાર્યું એમજી, આંઈ રહ્યું નહી આપણું ક્ષેમજી ॥૧॥
**ઢાળ** - ક્ષેમ નહી આંઇ આપણું, એમ વિચારી નિજગામ ।
ત્યાગ કર્યું રિપુત્રાસથી, આવ્યા અવધપુર ધામ ॥૨॥
અવધમધ્ય અતિશ્રેષ્ઠ, સ્થાનક રામઘાટને પાસ ।
બરહટા શાખા નગરમાં, રહ્યા વૃષ કરી વાસ ॥૩॥
અવધમાં સુત નારીસોતા, એમ વસ્યા જઈ ધર્મ ।
ત્રિકાલ સજર્યું સ્નાન આદિક, કરે તે વિધિવત કર્મ ॥૪॥
સંધ્યાદિક નિત્ય કર્મ કરતાં, કૃષ્ણભક્તિ જેહ ।
સર્વ કર્મથી અધિક જાણી, પળ ન ત્યાગે તેહ ॥૫॥
એમ ધર્મ શ્રીકૃષ્ણની, ભક્તિ કરે એકતાર ।
મુક્ત કહેતે જોઈ સૌને, વાધ્યો પ્રભુ સંગ પ્યાર ॥૬॥

## કડવું ॥૬૭॥

નિજપિતુ ભક્તિ કરે એક તાનજી, તે જોઈ બાલરુપ ભગવાનજી ।
લઈ શિશુ ખેલ સામગ્રી સારજી, પૂજે શ્રીકૃષ્ણને પરમ ઉદારજી ॥૧॥

**ઢાળ** - પૂજે નિત્ય શ્રીકૃષ્ણને, વળી ધરે છે તેહનું ધ્યાન ।
બાળક છે તોય સાધુતા કરી, વરતે સંત સમાન ॥૨॥
ત્યાગ્યા ગ્રામ્યવિહાર સર્વે, એવા તે હરિ સુખધામ ।
તાત સંગે સઉ તીરથમાં, નિત્ય ના'ય પુરણકામ ॥૩॥
પ્રાત સમે સરજુ વિષે, નિત્ય નિયમ રાખી ના'ય ।
પુરિમધ્યે સૌ દેવમંદિરમાં, દર્શને નિત્ય જાય ॥૪॥
તેજ હરિ નિજ તાત પાસે, વર્ણાશ્રમના ધર્મશ્રદ્ધાએ કરીને ।
સાંભળ્યા, જાણ્યો તેહનો મમ ॥૫॥
તેમજ નિજ માતા થકી, વનિતાના ધર્મ જેહ ।
મુક્તાનંદ કહે બાલકૃષ્ણે, સાંભળ્યા છે તેહ ॥૬॥

## કડવું ॥૬૮॥

બાળપણાથી શ્રી ઘનશ્યામજી, દૃઢ પંડિત થયા શુભ ગુણધામજી ।
બાળક તદપિ અધિક બુદ્ધિવંતજી, શુભ ગુણ જોઈ કોય પામે ન અંતજી ॥૧॥
**ઢાળ** - શુભ ગુણ જોતાં પાર ન આવે, એવા તે અજ અવિનાશ ।
તોય અન્ય પાસે ભણે, કરવા તે બુદ્ધિ પ્રકાશ ॥૨॥
જન્મથી વર્ષ પાંચના, જ્યારે થયા જગ આધાર ।
ત્યારે એ ધર્મથી ભક્તિએ, એક જાયો પુત્ર ઉદાર ॥૩॥
અધિક શાંતિ સ્વભાવ સોતા, અધિક મન અભિરામ ।
અનુજ કૃષ્ણ દિનેશના, તેનું નામ ઈચ્છારામ ॥૪॥
તેજ વર્ષમાં ધર્મદેવે, શ્રીહરિને સાક્ષાત ।
ભણાવ્યા સદ્ગ્રંથ સર્વે, વાધ્યો યશ વિખ્યાત ॥૫॥
અલ્પ કાળમાં ગ્રંથ સર્વે, વાંચી ગયા હરિ જેહ ।
મુક્તાનંદ કહે લોક સઉને, અધિક આશ્ચર્ય એહ ॥૬॥

## પદ ॥૧૭॥ (રાગ સામેરી)

અવધ્યપુરીમાં શ્રીપુરુષોત્તમ, બાલરુપ ભગવંતરે ।
તે શ્રીહરિનો સંગ કરે છે, પુરના બાળ અનંતરે ॥અવ૦॥૧॥
તે સૌને પ્રહ્લાદની પેરે, કૃષ્ણની ભક્તિ શિખાવેરે ।
સૌ બાળક મહા મુનિવર સમ થઈ, પ્રેમ મગન ગુણ ગાવેરે ॥અવ૦॥૨॥

બાળરુપ શ્રીહરિની ભક્તિ, દેખી કહે સૌ વાતરે ।
આ પ્રહ્લાદ સરીખો બાળક, થાશે અતિ વિખ્યાતરે ॥અવ૦॥૩॥
એમ અયોધ્યાપુરમાં ભક્તિ, બાળ વૃદ્ધમાં વ્યાપીર ।
મુક્તાનંદના નાથ પ્રગટ થઈ, અશુભ વાસના કાપીરે ॥અવ૦॥૪॥

### કડવું ॥૬૯॥

અવધ્યમાં વાસ કરી રહ્યા ધર્મજી, પુરજન જાણે અલૌકિક મર્મજી ।
ધર્મને શરણ થયાં બહુ લોકજી, તેના તે ટળ્યા સંશય શોકજી ॥૧॥
**ઢાળ** - સંશય શોક નિવારિયા, કાશળ ન રાખી લેશ ।
અષ્ટાક્ષર હરિમંત્રનો, સૌને કર્યો ઉપદેશ ॥૨॥
અહિંસાદિક ધર્મ સર્વે, સુણ્યા નિજ ગુરુ પાસ ।
તેનો શુભ ઉપદેશ કીધો, ટાળવા ભવત્રાસ ॥૩॥
ધર્મ કેરા શિષ્ય સર્વે, પાળે ધર્મવચન ।
તેહના શ્રીવ્રજચંદ સંગે, લાગી રહ્યાં છે મન ॥૪॥
ધર્મ જ્ઞાન વૈરાગ્ય સોતી, કૃષ્ણભક્તિ જેહ ।
ધર્મદેવના શિષ્ય સર્વે, કરે નિરંતર તેહ ॥૫॥
એમ શ્રીરાધાકૃષ્ણની, ભક્તિ કરાવે સોય ।
મુક્તાનંદ કહે ધર્મ સરખા, સમર્થ ગુરુ નહિ કોય ॥૬॥

### કડવું ॥૭૦॥

આપનો આશ્રય કરવા ઈચ્છેજી, સંગ કુસંગની વ્યક્તિ પ્રીચ્છેજી ।
તે વનિતાઓને ભક્તિ પાસજી, શિષ્ય કરાવે હરવા ત્રાસજી ॥૧॥
**ઢાળ** - ત્રાસ હરવા ભવતણો, કરે ભક્તિ શુભ ઉપદેશ ।
તે સાંભળી ત્રિયમાત્રનો, નવ રહે સંશય લેશ ॥૨॥
માનનિયોના ધર્મ સર્વે, ભક્તિ પાસ ઉદાર ।
કહેવાડ્યા વિસ્તારથી, જેમ પામે ભવજળ પાર ॥૩॥
ગર્ભથી વર્ષ આઠમે, શ્રીકૃષ્ણને વૃષદેવ ।
યથાવિધિ ઉપવીત આપ્યું, તેડી દ્વિજ તતખેવ ॥૪॥
તે દિન મહાઉત્સવ થયો, જમ્યા હજારો દ્વિજવૃંદ ।
વિપ્રને બહુ દાન દીધાં, પામ્યા અતિઆનંદ ॥૫॥

નૈષ્ઠિક બ્રહ્મચારીતણા, ધર્મમાં રહી હરિ સોય ।
મુક્ત કહે નિજ વ્રતમાં, કાશલ ન રાખી કોય ॥૬॥

## કડવું ॥૭૧॥

વેદાદિકનો દૃઢ અભ્યાસજી, અંગ સહિત કર્યો નિજ પિતુ પાસજી ।
તેહનો અર્થ અનુપમ જેહજી, નિજ પિતુ પાસ ભણ્યા હરિ તેહજી ॥૧॥
**ઢાળ** - ભણ્યા અર્થ એ સર્વનો, સુણતાં તે એકજ વાર ।
રહસ્ય તેનો જાણિયો, નિજ બુદ્ધિને અનુસાર ॥૨॥
તાતથકી તે પામિયા, નિજ સંપ્રદાયની રીત ।
પામ્યા તે દીક્ષા કૃષ્ણની, જેમ વધે પ્રભુસંગ પ્રીત ॥૩॥
પામ્યા હરિ નિજ તાતથી, શુભ અષ્ટાક્ષરનો મંત્ર ।
જેને જપે સૌ ભવ તરે, સદ્ય થાય જીવ સ્વતંત્ર ॥૪॥
શ્રી ઉદ્ધવ સંપ્રદાયના, જે રહસ્ય અતિસુખ રુપ ।
તે સર્વે નિજ તાતથી, જાણિયા પરમ અનૂપ ॥૫॥
પછી તે જેમ ધર્મે કહ્યું, તેવી રીતે આપ ઉદાર ।
મુક્ત કહે શ્રીકૃષ્ણને, નિત્ય પૂજે કરી બહુ પ્યાર ॥૬॥

## કડવું ॥૭૨॥

સેવાસાજ લઈ સુખકંદજી, સેવે શ્રીકૃષ્ણને સદા સ્વચ્છંદજી ।
એવી રીતે વર્તતા એહજી, વર્ષ એકાદશના થયા તેહજી ॥૧॥
**ઢાળ** - વર્ષ એકાદશ થીએ, જનનીને કૃષ્ણ દિનેશ ।
ધર્મ જ્ઞાન વૈરાગ્ય સોતી, ભક્તિ કરી ઉપદેશ ॥૨॥
નિજ સ્વરૂપનું જ્ઞાન જે, તે દીધું હરિ કરી પ્યાર ।
પછી તિરોભાવને પામિયાં, ભક્તિ માત ઉદાર ॥૩॥
દુર્વાસાના શાપથી, એમ મૂકાવ્યાં નિજ માત ।
નિજ પદપંકજ પાસ રાખ્યાં, એવા શ્રીહરિ સાક્ષાત ॥૪॥
ઔર્ધ્વદેહીક ક્રીયા તેની, જ્યેષ્ઠ સુતને પાસ ।
શાસ્ત્રવિધિએ ધર્મદેવે, કરાવી છે પ્રકાશ ॥૫॥
ધર્મે પણ કેટલાક માસે, કીધો નરતન ત્યાગ ।
મુક્ત કહે મુનિશાપથી, એમ મુકાણા બડભાગ્ય ॥૬॥

### પદ ॥૧૮॥ (રાગ મારુ)

દિવ્ય શરીર ધરી, રહ્યાં બેઉ દિવ્ય શરીર ધરી ।
ભક્તિ ધર્મને પ્રાણથી પ્યારા, બાલસ્વરૂપ હરી ॥રહ્યાં૦॥૧॥
નિત્ય સમીપે રહે શ્રીહરિને, નિર્ખે નયણાં ભરી ॥રહ્યાં૦॥૨॥
પોતાના સુત કૃષ્ણ પ્રભુને, સેવે છે પ્રેમ કરી ॥રહ્યા૦॥૩॥
શ્રદ્ધાદિક વૃષસંગે પ્રભુપદ, પૂજે છે ફરીરે ફરી ॥રહ્યાં૦॥૪॥
મુક્તાનંદ કહે ત્રિભુવનમાં, સુજશ રહ્યો પસરી ॥રહ્યાં૦॥૫॥

### કડવું ॥૭૩॥

ઔર્ધ્વદૈહિક ક્રિયા ધર્મની જેહજી, શાસ્ત્ર પ્રમાણે વિધિવત તેહજી ।
રામપ્રતાપે કીધી સોયજી, તેમાં તો કાશલ ન રહી કોયજી ॥૧॥
**ઢાળ** - કાશલ ન રહી કોઈ વિધ, એમ કીધું કાર્ય ઉદાર ।
જમાડ્યા અતિ પ્રેમસું, નિજ ભવન વિપ્ર અપાર ॥૨॥
તે સઉને દક્ષિણા આપી, પૂજ્યા પ્રેમ સમેત ।
ધર્મદેવના પુત્ર સૌને, બ્રાહ્મણ સંગ બહુ હેત ॥૩॥
પછી તે હરિને કુટુંબિનો, સંગ તજ્યાની આશ ।
અતિ વૈરાગ્યના વેગથી, ઉરમાં તે અધિક ઉદાસ ॥૪॥
જ્યેષ્ઠ બંધુ આદિ જે, નિજ કુટુંબિનાં વૃંદ ।
તે સઉને પૂછ્યા વિના, થયા આપે એક સ્વછંદ ॥૫॥
નિત્ય સ્નાનનું મિષ લઈને, પ્રાત સમે જગવંદ ।
મુક્તાનંદ કહે ઉત્તર દિશમાં, ચાલિયા સુખકંદ ॥૬॥

### કડવું ॥૭૪॥

એમ શ્રીકૃષ્ણે કર્યો ગૃહ ત્યાગજી, વન પ્રત્યે ચાલ્યા વડભાગજી ।
પછી શ્રીહરિના સખા આપરજી, દર્શને આવ્યા કરી બહુ પ્યારજી ॥૧॥
**ઢાળ** - દર્શન કૃષ્ણ દિનેશનાં, કરવાને આવ્યા બાળ ।
જ્યારે ન ગૃહ મધ્યે દેખિયા, યથા ઉદાસી તતકાળ ॥૨॥
સરજું ગંગાને તટે ખોળે છે બાળક સોય ।
પુછે અગણિત મનુષ્યને, પણ ખબર ન દીએ કોય ॥૩॥

બેઠાનાં સ્થળ તેહનાં, વળી ગયાના સ્થળ જેહ ।
પુર મધ્યે સૌ બાળકો, ખોળે છે જઈ જઈ તેહ ॥૪॥
અવધપુરમાં ખોળતા, હાર્યા તે સર્વ કુમાર ।
જયારે ન દીઠા કૃષ્ણને, કરે રુદન સૌ એક તાર ॥૫॥
શોકે સહિત કુમાર સર્વે, આવ્યા તે વૃષને દ્વાર ।
મુકતાનંદ કહે વિરહ વ્યાકુલ, રુવે છે કરી પોકાર ॥૬॥

## કડવું ॥૭૫॥

અગ્રજ બંધુ રામપ્રતાપજી, અતિ ઉદાસી ઉર અતિ સંતાપજી ।
તે પાસે આવ્યા સૌ બાલજી, વિરહ વિકળ બોલ્યા તતકાળજી ॥૧॥
**ઢાળ** - વેગે બાળક બોલિયા, બંધુ તમારા જેહ ।
નીલકંઠ ન મળ્યા અમને, ગયા કયાંઈક તેહ ॥૨॥
રામપ્રતાપે પૂર વિષે, ખોળિયા ઘર ઘર માંહી ।
તો પણ તેહને શ્રી હરિની, ખબર ન જડી કયાંઈ ॥૩॥
અનુજ ઈચ્છારામ આદિક, કુટુંબીનાં વૃંદ ।
તે પણ ખોળી હારિયાં, તોય ન દીઠા સુખકંદ ॥૪॥
નયણે જલધારા વહે, સૌ કરે વિવિધ વિલાપ ।
તે સૌને જોઈ જયેષ્ઠ બંધુ, પામ્યા અતિ સંતાપ ॥૫॥
દુઃખતણા સાગર વિષે, પડિયો તે સૌ પરિવાર ।
મુકતાનંદ કહે હરિ વિના, એમ પામે કષ્ટ અપાર ॥૬॥

## કડવું ॥૭૬॥

ભ્રાત ભ્રાત એમ કરીને પોકારજી, રુવે છે કુટુંબી વારમવારજી ।
જયેષ્ઠ બંધુ શ્રીહરિના જેહજી, સૌથી અતિશે તલપે તેહજી ॥૧॥
**ઢાળ** - સૌથી અધિક વિલાપ કરીને, રુવે છે મોટા ભ્રાત ।
અમને તે ત્યાગી શ્રીહરિ, હવે કયાં ગયા સાક્ષાત ॥૨॥
એહનો નિત્ય ભોજન સમો, વિતી ગયો છે સોય ।
તીર્થ સર્વે ખોળિયાં, તોય ખબર ન જડી કોય ॥૩॥
કયાં જઈને નિરખું હવે, એનું વદન ચંદ્રસમાન ।
કયાં જઈ વચનામૃત સુણું, મને એજ ઉરમાં ધ્યાન ॥૪॥

એમ અતિ સ્નેહે કરી, તલપે છે રામપ્રતાપ ।
સુખદ બંધુ વિયોગનો, ઉરમાં તે અતિશે તાપ ॥૫॥
ચરિત્ર શ્રી ઘનશ્યામનાં, તેને સંભારે એકતાર ।
મુક્ત કહે દિન રાત્ય ઉરમાં, રહે છે એજ વિચાર ॥૬॥

### પદ ॥૧૯॥ (રાગ મેવાડો)

સર્વે કુટુંબિરે કૃષ્ણ દિનેશનારે, એવી રીતે કરે છે વિવિધ વિલાપ ।
ઈચ્છારામ આદિરે સર્વે બંધુનેરે, અંતરમાં વાધ્યો છે વિરહનો તાપ ॥સર્વે૦॥૧॥
સૌ મળી શોક કરે શ્રીહરિતણોરે, અતિદુઃખ સહેતાં અહોનિશિ જાય ।
થોડાક નીરમાંરે બહુ મત્સ્યની પેઠેરે, પળ એક શાંતિ કાંઈ ન થાય ॥સર્વે૦॥૨॥
સુવાસિની આદિરે બંધુની યોષિતારે, અહર્નિશ કરે છે શોક અપાર ।
અતિ કષ્ટે કરી દિવસને નિગમેરે, હરિ વિના એમ દુઃખી પરિવાર ॥સર્વે૦॥૩॥
પુરવાસી પણ અતિ દુઃખિયાં થયાંરે, સુણી હરિ વન ગયાની વાત ।
મુક્ત કહે છે રે સૌના જે આતમારે, તેજ એ પ્રગટ પ્રભુ સાક્ષાત ॥સર્વે૦॥૪॥

### કડવું ॥૭૭॥

વર્ણિરુપ શ્રીકૃષ્ણ ઉદારજી, નિગમ ન પામે જેહનો પારજી ।
આચ્છાદન સોતી કૌપીનજી, મૃગાજિન બ્રહ્મસૂત્ર નવીનજી ॥૧॥
**ઢાળ** - મૃગછાલા બ્રહ્મસૂત્રને, ધાર્યા છે કૃષ્ણ દિનેશ ।
બે કંઠિયો તુલસીતણી, ધારી છે કંઠ પ્રદેશ ॥૨॥
ઉર્ધ્વપુંડ્રનું ચિન્હ ભાલે, કુંકુમચંદ્ર સમેત ।
જટા મંજુની મેખલા, ધરી રહ્યા કૃપાનિકેત ॥૩॥
જપમાલા ને કમંડલુ, તેને ધાર્યા છે દ્વિજ દેવ ।
સુખધામ શાલગ્રામની, પ્રેમે કરે નિત્ય સેવ ॥૪॥
મહાભારત ને શ્રીમદ્‌ભાગવત્, ધર્મશાસ્ત્ર ઉદાર ।
સ્કંદ પુરાણ એ ચારના, પ્રભુ ગ્રહ્યા ચારજ સાર ॥૫॥
એ સૌની પોથી કરી, પ્રેમેસું રાખી પાસ ।
મુક્ત કહે તે ગ્રંથનો, હરિ રાખે નિત્ય અભ્યાસ ॥૬॥

## કડવું ॥૭૮॥

એવા થકા શ્રીકૃષ્ણ કૃપાળજી, સરજયૂ ઉતરીને તતકાળજી ।
ઉત્તર દિશમાં ગયા અવિનાશજી, બીજું કોય મનુષ્ય નહી પાસજી ॥૧॥
**ઢાળ** - બીજું કોય ન સંગમાં, એમ ચાલ્યા પરમ ઉદાર ।
નગ્ર ગ્રામ ને ખેટ ખરવટ, ઉલંઘ્યા છે અપાર ॥૨॥
એવી રીતે કેટલાક દિનલગ, ચાલતા સુખધામ ।
હિમાચલની તળેટીમાં, પોંચ્યા શ્રીઘનશ્યામ ॥૩॥
ત્યાં થકી મહા અરણ્ય આવ્યું, અતિ ભયાનક એહ ।
સિંહ વ્યાઘ્ર વરાહ મહિષે, વ્યાપિ રહ્યું છે તેહ ॥૪॥
વન મધ્યે ફરતાં રહે, ગજજૂથ ગવય અપાર ।
રુરુ મૃગ કસ્તુરિયા, વનપશુ વિવિધ પ્રકાર ॥૫॥
વનવિષે ચરતાં ફરે, બહુ સૂરા ગાયનાં વૃંદ ।
મુક્તાનંદના નાથને, થયું વન જોઈ આનંદ ॥૬॥

## કડવું ॥૭૯॥

અમિત ફુલ ફળનો બહુ ભારજી, તેણે નમ્યાં તરુ વિવિધ પ્રકારજી ।
વનમધ્ય સર સરિતા સુખસ્વરૂપજી, તે મધ્ય પક્ષી બોલે અનુપજી ॥૧॥
**ઢાળ** - ખગ મૃગ સર સરિતા વડે, એ વ્યાપી રહ્યું છળ વન ।
તેહનું ઉલંઘન કરીને, ચાલ્યા જગજીવન ॥૨॥
નિર્ભયમન હિમાદ્રિમાં, પોતાને આનંદ કંદ ।
હિમાચલની શોભા જોઈને, પામ્યા અતિ આનંદ ॥૩॥
ક્યાંક શ્યામ ને શ્વેત કાંઈક, ક્યાંક રાતો વર્ણ ।
ક્યાંક પીત ને હરિત ક્યાંક, ક્યાંક ઢાંક્યો તર્ણ ॥૪॥
નાના વર્ણે જુક્ત ગિરિવર, શોભા કહી નવ જાય ।
ગેરુ આદિક ધાતુ સોતો, દેખી દ્રગ લલચાય ॥૫॥
નિર્ઝરણાના શબ્દ ભેળો, પક્ષિનો રવ જેહ ।
મુક્તાનંદ કહે ગિરિવિષે, વ્યાપી રહ્યો છે તેહ ॥૬॥

## કડવું ॥૮૦॥

તે ગિરિ મધ્ય વિચરે ઘનશ્યામજી, તાપસ વેશ તદપિ છબિધામજી ।
અતિ કોમળ કર ચરણ અનુપજી, સજલ મેઘસમ શ્યામ સ્વરૂપજી ॥૧॥
**ઢાળ** - નવ નીરદસમ મૂરતિ, જોઈ લાજે કોટિક કામ ।
બાળક રુપ અનુપ તાપસ, અધિક મનઅભિરામ ॥૨॥
ભૂપર પદપંકજ ધરીને, ચાલે છે સુખકંદ ।
સોળે ચિન્હ તે ચરણમાં, ભજતાં ટળે ભવફંદ ॥૩॥
પશુ પક્ષી જે વનતણાં, જોઈ પામે અતિ આનંદ ।
જ્યાં જઈ બેસે શ્રીહિર, વીટીં વળે મૃગવૃંદ ॥૪॥
નિર્ખિ શ્રીઘનશ્યામને, એમ પશુ પણ પ્રેમી થાય ।
મનુષ્ય પ્રેમી થાય તેનું, શું આશ્ચર્ય કહેવાય ॥૫॥
એવા પ્રબળ પ્રતાપને, દેખાડતા જગવંદ ।
મુક્તાનંદ કહે હિમગિરિ મધ્ય, ફરે એક સ્વચ્છંદ ॥૬॥

## પદ ॥૨૦॥ (રાગ મલાર)

હિમગિરિ મધ્યે ચાલિયા, શ્રીહરિ બ્રહ્મચારી ।
પુલહાશ્રમમાં આવિયા, પ્રભુ ભવભયહારી ॥હિમ૦॥૧॥
તે આશ્રમ પાસે વહે, નદી ગંડકી ભારી ।
શાલગ્રામે યુક્ત છે, સરિતા સુખકારી ॥હિમ૦॥૨॥
તે આશ્રમમાં વિષ્ણુની, મૂર્તિ સુખદાતા ।
મુક્તનાથ નામે સદા, રહે જગ વિખ્યાતા ॥હિમ૦॥૩॥
ત્યાં જઈને એકજ પગે, ઉભા અવિનાશી ।
ઉંચા બેઉ ભુજ રાખીને, કરે તપ સુખરાશી ॥હિમ૦॥૪॥
અધિક તપ તીવ્ર આદર્યું, તન ભાન વિસારી ।
મુક્તાનંદનો પ્રભુ થયા, તાપસ વ્રતધારી ॥હિમ૦॥૫॥

## કડવું ॥૮૧॥

ગાયત્રી જપથી તતખેવજી, રીઝ્યા શ્રીહરિને સવિતા દેવજી ।
જે છે હિરણ્મય પ્રભુ વિખ્યાતજી, તે દર્શન દીધું સાક્ષાતજી ॥૧॥

**ઢાળ** - સાક્ષાત શંખ ને ચક્રધારી, કરુણાના ભંડાર ।
વર માગો એમ શ્રીહરિ પ્રત્યે, બોલ્યા પરમ ઉદાર ॥૨॥
કર જોડી વંદન કરી, કહ્યું સૂર્યને ઘનશ્યામ ।
કામાદિક શત્રુ થકી, રક્ષા કરો સુખધામ ॥૩॥
સંભારું જે જે સમે, ત્યારેજ આનંદકંદ ।
આવું દરશન આપજો, એ વર માગ્યો જગવંદ ॥૪॥
ત્યારે તે રવિ નારાયણે, હસી કહ્યું તથાસ્તુ એહ ।
સંભારો ત્યાં સમીપ રહેશું, તેમાં નહીં સંદેહ ॥૫॥
શ્રીસૂર્ય નારાયણ દેવથી, એમ પામ્યા હરિ વરદાન ।
મુક્તાનંદનો નાથ તપસ્વી, અધિક તેજનિધાન ॥૬॥

## કડવું ॥૮૨॥

કૈક માસ ત્યાં રહ્યા ઘનશ્યામજી, ત્યાંથી પછી ચાલ્યા સુખધામજી ।
અગણિત વન તરુ અધિક વિશાલજી, અનંત નદી અગણિત મહા તાલજી ॥૧॥
**ઢાળ** - અનંત એ સૌ ઉલંઘિને, આવિયા સુખકંદ ।
ત્યાં એક વન અવલોકતાં, પામિયા અતિ આનંદ ॥૨॥
તે વનમાંઈ રહ્યા હતા, ગોપાલ જોગી જેહ ।
નીલકંઠ બ્રહ્મચારીએ, નિરખ્યા તતક્ષણ તેહ ॥૩॥
પાસે જઈને પ્રણામ કીધા, મળ્યા બેઉ ભરી બાથ ।
પછી તે હરિ રહેતા હવા, ગોપાલ જોગિ સાથ ॥૪॥
તે જોગિથી સિદ્ધ કર્યો, અષ્ટાંગ જોગ અનૂપ ।
જોગિને પણ રાજજોગની, રીત કહી સુખરુપ ॥૫॥
તે જોગી હરિધ્યાનમાં, અતિ સિદ્ધ થયા બુદ્ધિમાન ।
મુક્તાનંદ કહે જોગિને, કર્યા કૃતાર્થ ભગવાન ॥૬॥

## કડવું ॥૮૩॥

ત્યાંથકી ચાલ્યા વર્ણી તેહજી, આદિવરાહ તીર્થ ગયા એહજી ।
ત્યાંથકી બંગ દેશમાં આવ્યાજી, મહાપ્રભુ તે લોકને મન ઘણું ભાવ્યાજી ॥૧॥
**ઢાળ** - લોકને મન ભાવિયા, શોભાનિધિ ઘનશ્યામ ।
સિરપુર નામે જે પત્તન, ગયા પ્રભુ તે ઠામ ॥૨॥

તે પુરમાં રહે સિદ્ધમાની, અસુર અતિશે ઘોર ।
તેનો તે મદ હરતા હવા, નિજ સામર્થીને જોર ॥૩॥
એક દ્વિજે ગજ આદિનું, લીધું તે ભારે દાન ।
લેતાંવેંતજ કાજલ સરખો, થયો નિજ તનવાન ॥૪॥
તે બ્રાહ્મણ શ્રીકૃષ્ણ પ્રભુને, શરણ આવ્યો ધાઈ ।
સ્વદષ્ટે કરી જેમ હતો તેમ, કીધો જન સુખદાઈ ॥૫॥
પછી તે સૌ અસુરે મળી, બહુ પ્રેર્યા કૃત્યા વીર ।
મુક્તાનંદનો નાથ તેહને, જીત્યા સહજ સુધીર ॥૬॥

## કડવું ॥૮૪॥

જ્યાં જ્યાં ગિરિ વન તીર્થ ઉદારજી, ત્યાં મુમુક્ષુ મનુષ્ય અપારજી ।
તેને દઈ નિજ દર્શનદાનજી, કરે કૃતાર્થ શ્રીભગવાનજી ॥૧॥
**ઢાળ** - કરે કૃતાર્થ દૈવી જનને, એવા વર્ણીઅનૂપ ।
બાલવાકુંડ નામે તીરથ, ત્યાં ગયા સુખરુપ ॥૨॥
પછી ત્યાં થકી ચાલિયા, મુનિરાજ પૂરણકામ ।
ગંગાસાગર સંગમે, આવ્યા તે શ્રીઘનશ્યામ ॥૩॥
ગંગાસાગરસંગમેં, જઈ સ્નાન કર્યું સુખકંદ ।
કપિલ મુનિને દર્શને, પામ્યા તે અતિ આનંદ ॥૪॥
કાંઈક દિન ત્યાં રહી કરી, પછી ચાલિયા અવિનાશ ।
પુરુષોત્તમપુરિમાં ગયા, કરવા તે તીર્થ નિવાસ ॥૫॥
પુરી મધ્યે શ્રી જગન્નાથનું, કરે નિત્ય દરશન ।
મુક્તાનંદનો નાથ નિર્ખિ, શુદ્ધ થયાં પુરજન ॥૬॥

## પદ ॥૨૧॥ (રાગ સિંધુ)

પુરુષોત્તમપુરિને વિષે શ્રીહરિ, વર્ણિવેશે દઢ વ્રતધારી ।
કેટલાક માસ ત્યાં વાસ કરીને પછી, ભૂતણો ભાર નાખ્યો ઉતારી ॥પુરુષો.॥૧॥
તેજ પુરને વિષે અસુર અગણિત હતા, અધિક અભિમાનવશ પ્રબળ વંકા ।
એક બીજાને તે નમી કોય ન દીએ, ઉર નહી કોયની ત્રાસ શંકા ॥પુરુષો.॥૨॥
એ સૌ અસુરને મોહ ઉપજાવીને, પરસ્પર વેર દીધુ જગાડી ।
એમ એ પરસ્પર પરાભવ પામિયા, મરે અગણિત પ્રભુ દેખે દાડી ॥પુરુષો.॥૩॥

એમ શ્રીકૃષ્ણ પ્રભુ ભાર ભૂમિતણો, આપ ઈચ્છાએ ઉતારી નાખ્યો ।
કહે છે મુક્તાનંદ અસુર અધર્મ હણી, ધર્મ પરિવારનો રંગ રાખ્યે ।।પુરુષો.।।૪।।

### કડવું ।।૮૫।।

ત્યાં થકી ચાલ્યા કૃષ્ણ દિનેશજી, રામનાથનો કરી ઉદ્દેશજી ।
પ્રથમ જ આદિકૂર્મ ગયા એહજી, તીર્થના જનને મન ગમ્યા તેહજી ।।૧।।
**ઢાળ** - તીર્થવાસી લોક સૌને, ભાવિયા ઘનશ્યામ ।
ત્યાં થકી માનસર પુર વિષે, આવ્યા તે ધીરજધામ ।।૨।।
તે માનસાપૂરને વિષે, રાજા તે અતિબુદ્ધિવાન ।
નૃપદ્વારે અસુરનું, પ્રભુ કરાવ્યું અપમાન ।।૩।।
ત્યાંથી શ્રીહરિ ચાલિયા, ગયા વેંકટાદ્રિ મોઝાર ।
ત્યાં વિષ્ણુનાં દરશન કરીને, પામ્યા હરખ અપાર ।।૪।।
શિવકાંચી ને વિષ્ણુકાંચી, જોયાં કરી બહુ પ્રીત ।
ત્યાંથી શ્રીરંગમાં ગયા, કરવા તે ભૂમિ પુનીત ।।૫।।
ત્યાંથી રામેશ્વર ગયા, નિરખ્યા તે શિવ સુખરુપ ।
મુક્તાનંદ કહે કૃષ્ણદેવે, કીધાં તીર્થ અનૂપ ।।૬।।

### કડવું ।।૮૬।।

ત્યાં થકી ચાલ્યા વર્ણીરાજજી, તીર્થયાત્રા કરવા કાજજી ।
સુંદરરાજ વિષ્ણુ સુખકંદજી, તે નિર્ખિ થયો અતિ આનંદજી ।।૧।।
**ઢાળ** - અતિ આનંદે ત્યાં થકી, ચાલિયા શ્રીઘનશ્યામ ।
અરણ્ય એક ફળ ફુલ જળ વિના, આવિયું દુઃખધામ ।।૨।।
પાંચ દિવસ તે વનવિષે, ચાલિયા વર્ણિ સોય ।
તોપણ અન્ન જળ ક્યાંઈ ન મળ્યું, ગામ ન આવ્યું કોય ।।૩।।
છઠ્ઠે દિન મધ્યાહ્ન ટાણે, તે વનમાં એક કૂપ ।
હરિઈચ્છાએ આવિયો, જોઈ રિઝ્યા મુનિ સુખરુપ ।।૪।।
કૂપનું જળ કાઢીને, થયા નાહી ધોઈને ત્યાર ।
શાલગ્રામની સેવા કરવા, બેઠા પરમ ઉદાર ।।૫।।
વિષ્ણુમાં ભક્તિ ઘણી, માટે શાલગ્રામજી દેવ ।
મુક્ત કહે બહુ ઉદક પીધું, રીઝ્યા હરિ તતખેવ ।।૬।।

## કડવું ॥૮૭॥

નીલકંઠ મુનિ કીધો વિચારજી, જે પ્રભુ પીધું ઉદક અપારજી ।
તેમ નૈવેદ્યને જોઈએ અન્નજી, તેની તે શી કરીએ હવે જતનજી ॥૧॥
**ઢાળ** - જતન તેહની શું કરું, કેમ ધરું પ્રભુને થાળ ।
તેજ સમામાં શિવ સતી, ત્યાં આવિયા તતકાળ ॥૨॥
તે બેઉએ બ્રહ્મચારીને, આપ્યો સાતું કરી બહુ હેત ।
વિષ્ણુને નૈવેદ્ય અર્પિ, જમ્યા તે જોગનિકેત ॥૩॥
પછી ત્યાં થકી ચાલિયા, ગયા ભૂતપૂરી ઘનશ્યામ ।
રામાનુજ આચાર્યનું, એ જન્મભૂમિ ગામ ॥૪॥
રામાનુજની પ્રતિમાને, નિર્ખિ કરી બહુ પ્યાર ।
પ્રેમસુ પૂજન કરીને, પામ્યા હર્ષ અપાર ॥૫॥
ત્યાંથી કુમારીકા ક્ષેત્રપ્રત્યે, ગયા તે આનંદકંદ ।
મુક્તાનંદનો નાથ એની પેર, કરે છે તીર્થ સ્વછંદ ॥૬॥

## કડવું ॥૮૮॥

ત્યાં થકી પદ્મનાભ ગયા એહજી, ત્યાંથી જનાર્દન પોં'ચ્યા તેહજી ।
ત્યાંથી આદિકેશવ છે નામજી, તે વિષ્ણુ નિર્ખ્યા સુખધામજી ॥૧॥
**ઢાળ** - સુખધામ વિષ્ણુ નિરખિયા, ત્યાં આવ્યા અસુર અપાર ।
તેનો પરાભવ કીધો ઘણો, તેમાં કોઈ ન લાગી વાર ॥૨॥
ત્યાંથી તે મલયાચલ ગયા, નિર્ખ્યા તે સાક્ષિગોપાળ ।
ત્યાંથી તે કિષ્કિંધા ગયા, નાહ્યા તે પંપાતાલ ॥૩॥
ત્યાંથી પંઢરપુર ગયા, નિર્ખ્યા શ્રીવિઠ્ઠલનાથ ।
પ્રેમસું વંદન કરીને, ભેટિયા ભરી બાથ ॥૪॥
ત્યાંથી ગયા ગોદાવરી, રહી દંડ કારણ્ય માંઈ ।
પ્રદક્ષિણા કરી તેહની, કાશલ ન રાખી કાંઈ ॥૫॥
ત્યાંથી નાશિકપુર વિષે, આવિયા શ્રીહરિ આપ ।
મુક્તાનંદનો નાથ નિર્ખિ, લોક થયાં નિષ્પાપ ॥૬॥

### પદ ॥૨૨॥ (રાગ ધોળ)

અવનીપર એમ તીરથ કરતા, આવે છે અવિનાશીજી ।
તાપી મધ્યે સ્નાન કરીને, અતિ રીઝ્યા સુખરાશીજી ॥૧॥
ત્યાંથી રેવા મહી સાભરમાં, નાહ્યા શ્રીઘનશ્યામજી ।
ત્યાંથી ભીમનાથ શિવમંદિર, ત્યાં આવ્યા તપધામજી ॥૨॥
ત્યાંથી ગોપનાથનું મંદિર, ત્યાં આવ્યા સુખકંદજી ।
ગોપનાથ શિવને નિર્ખિને, પામ્યા અતિ આનંદજી ॥૩॥
ત્યાંથી પંચ તીર્થી સર્વે, કરતા અંતરજામીજી ।
પુનિત પ્રભાસ ક્ષેત્રમાં આવ્યા, મુક્તાનંદના સ્વામીજી ॥૪॥

### કડવું ॥૮૯॥

અનંત તીર્થમાં જઈને ઉદારજી, તે તીર્થના મનુષ્ય અપારજી ।
તેને દઈ નિજ દર્શન દાનજી, ભવભયથી છોડ્યા ભગવાનજી ॥૧॥
**ઢાળ** - ભવદુઃખહારી ધર્મ સોતી, કૃષ્ણભક્તિ જેહ ।
તેનો દઢ ઉપદેશ આપી, ટાળ્યા સર્વ સંદેહ ॥૨॥
એવી રીતે બહુ તીર્થ પ્રત્યે, વિચરતા ઘનશ્યામ ।
ધર્મમાં રહી ધર્મનું, સ્થાપન કરે સુખધામ ॥૩॥
તીર્થમાં પરિવાર સોતો, રહ્યોતો જે અધર્મ ।
તે ટાળ્યો નિજ સામર્થ્યે કરી, કીધું અદ્ભુત કર્મ ॥૪॥
શ્રુતિ સ્મૃતિ સતશાસ્ત્રને, વાદે કરી જગવંદ ।
પાખંડી ગુરુમાત્રને, જીતિયા આનંદકંદ ॥૫॥
તે પાખંડી ગુરુથકી, શુદ્ધ મુમુક્ષુનાં વૃંદ ।
કહે મુક્તાનંદ સદ્ય મુકાવિયાં, તેના કાપિયા ભવફંદ ॥૬॥

### કડવું ॥૯૦॥

બ્રહ્મચર્યાદિક નિયમ અપારજી, તે રાખી તપ કરે ઉદારજી ।
ત્યાગી તીર્થવાસીને એહજી, સ્થિતિની રીત દેખાડી તેહજી ॥૧॥
**ઢાળ** - ત્યાગી સર્વને તીર્થનાં જન, તેને તે શ્રુતિ અનુસાર ।
સ્થિતિ દેખાડી ત્યાગીની, જેમ પામે ભવજળ પાર ॥૨॥

શીત ઉષ્ણને ક્ષુધા પિપાસા, એ આદિક દુઃખવૃંદ ।
તેને સહે તિતિક્ષુ થઈ સદા, ફરે એક શાંત સ્વચ્છંદ ॥૩॥
પ્રીત નહી કોઈ વસ્તુમાં, સંગ પરિગ્રહ નહી લેશ ।
કૌપીનમાત્ર છે વસ્ત્ર જેહને, તાપસ વર્ણિવેશ ॥૪॥
મૃગચર્મ ને જટાધારી, અનાવૃત છે અંગ ।
રાત દિન સર્વે ઋતુમાં, વર્તે એમ અભંગ ॥૫॥
ગામ બાહેર વૃક્ષ હેઠે, રહે સદા તજી ત્રાસ ।
મુક્ત કહે શ્રીકૃષ્ણ ગૃહ તજી, કીધો વનમાં વાસ ॥૬॥

## કડવું ॥૯૧॥

નિત્ય ત્રિકાલ સ્નાનનું નેમજી, પ્રભુસેવામાં અતિશે પ્રેમજી ।
કરે ત્રિકાલ પ્રભુપૂજન સોયજી, એ સમ કૃષ્ણભક્ત નહી કોયજી ॥૧॥
**ઢાળ** - કૃષ્ણભક્ત ન કોય એ સમ, એવા વર્ણી અનૂપ ।
રસિક રાધાકૃષ્ણમાં, કરી રાખ્યું મન તદ્રૂપ ॥૨॥
રાસપંચાધ્યાયીનો, નિત્ય પાઠ કરે બુદ્ધિવંત ।
ધ્યાન ધરે શ્રીકૃષ્ણનું, એમ ભજે શ્રી ભગવંત ॥૩॥
આસન વિવિધ પ્રકારનાં, ત્રિકાલ પ્રાણાયામ ।
ક્રિયા બહુવિધ જોગની, તે નિત્ય કરે સુખધામ ॥૪॥
હેમંત કાલે શીતનું, અતિ કષ્ટ ભુક્તે એહ ।
તોપણ નિજઈચ્છાએ અગ્નિ, ન તાપે મુનિ તેહ ॥૫॥
અખંડ ધ્યાન શ્રીકૃષ્ણનું, ડગ અચળ પળ ન ભરાય ।
મુક્ત કહે ઘનશ્યામનો, અતિ પ્રેમ કેમ વર્ણવાય ॥૬॥

## કડવું ॥૯૨॥

તનમાં રહ્યાં ત્વક અસ્થિ માત્રજી, બહુ ધમનિ વ્યાપ્ત નિજ ગાત્રજી ।
દેહનું ત્યાગી અનુસંધાનજી, ફરે વિકટ વનમાં ભગવાનજી ॥૧॥
**ઢાળ** - વિકટ વનમાં વિચરે, જિહાં કંટક અશ્મ કઠોર ।
અડવાણાં અહોરાત્ર ચાલે, ત્યાગ તપને જોર ॥૨॥
ઘોર વન ને પર્વતોમાં, નિર્ભય રહે સુખકંદ ।
કોઈને ન મારગ પુછવો, એમ ચાલે નિત્ય સ્વછંદ ॥૩॥

સિંહ વ્યાઘ્ર સર્પ આદિ, ક્રુર જંતુ જેહ ।
તેણે પણ નથી અંગ પરશ્યું, એવા મુનિવર તેહ ॥૪॥
ક્યારેક ફળ દળ મૂળ ભોજન, ક્યારે અન્ન એકવાર ।
ક્યારેક ઉપવાસી રહે, ક્યારે પીએ નીર ઉદાર ॥૫॥
કંઈક દિન કરી પવન પ્રાશન, રહ્યા મુનિવર સોય ।
મુક્તાનંદ કહે હરિ સરખા, ત્યાગી સિદ્ધ ન કોય ॥૬॥

### પદ ॥૨૩॥ (રાગ વિહાગ)

ત્યાગી હરિ બ્રહ્મચારી, અનુપમ ત્યાગી હરિ બ્રહ્મચારી ।
ત્યાગી તપસ્વી સિદ્ધમાની સૌ, દેખતાં જાય હારી ॥અનુ.॥૧॥
કક્યયારે અજાચિત વૃતિ રાખે, ક્યારે કૃચ્છ્ર વ્રત ધારે ।
સુખપ્રરદ પંચ વિષયના ત્યાગી, અન્યના વિષય નિવારે ॥ અનુ.॥૨॥
માનનિયોનો ગંધમાત્ર પણ, સહન કર્યો નવ જાએ ।
એકાદશી હરિજન્મને દિવસે, મહાપ્રભુ અન્ન ન ખાએ ॥અનુ.॥૩॥
ઋષભદેવના પુત્ર ભરતસમ, રાખે છે નિજ તન રીતિ ।
સર્વ સંગ તજીને રહે સુખિયા, પ્રભુ સંગ પૂરણ પ્રીતિ ॥અનુ.॥૪॥
ઉર્ધ્વરેતા અતિ ધીર ઇંદ્રિજિત, શુભ ગુણનાં ભંડાર ।
મુક્તાનંદના નાથ તપસ્વી, એજ અખિલ આધાર ॥ અનુ.॥૫॥

### કડવું ॥૯૩॥

બીજા તપસ્વી ત્યાગી અપારજી, હરિને દેખી તપસ્વી ઉદારજી ।
પોતે પણ તેમ કરવું ધારીજી, શ્રીહરિ સંગ રહે અધિક વિચારીજી ॥૧॥
**ઢાળ** - અતિ વિચારી શ્રીહરિ સંગે, રહ્યા તપસ્વી જેહ ।
તન અભિમાની દેહને, કષ્ટે પિડાણા તેહ ॥૨॥
તપસ્વી હઠના ભર્યા, અતિશેજ માની હોય ।
તોપણ તે શ્રીકૃષ્ણ ભેળા, રહી શકે નહી કોય ॥૩॥
ત્રણ રાત્ય વા પંચ રાત્રિ, કરે શ્રીહરિનો સંગ ।
પછી પલાયન કરે સર્વે, રહે ન કોય અભંગ ॥૪॥
મનુષ્યથી નવ થાય એવું, તપ કરે વનમાંઇ ।
નિત્ય નવા તરુતલ રહે, આશ્રમ ન બાંધે કાંઇ ॥૫॥

સંવત અઢારને છપને, છઠ શ્રાવણ વદ અભિરામ ।
મુક્તાનંદ કહે લોજપુરમાં, આવ્યા શ્રી ઘનશ્યામ ॥૬॥

## કડવું ॥૯૪॥

કૃષ્ણભક્તિ વિસ્તારણ હારજી, વૈષ્ણવના આચાર્ય ઉદારજી ।
એવા શ્રીગુરુ રામાનંદજી, તેના શિષ્યનાં રહે તહાં વૃંદજી ॥૧॥
**ઢાળ** - વૃંદ તેહના શિષ્યનાં, રહે લોજપુર કરી વાસ ।
મગન મન ઘનશ્યામ પોતે, આવિયા તે પાસ ॥૨॥
પરસ્પર વંદન કરી, પુછિયા પ્રશ્ન અનૂપ ।
સંત સૌ જાણી ગયા, આ વર્ણી કારણ રુપ ॥૩॥
સંતે અતિ આદર કરી, ત્યાં રાખિયા ઘનશ્યામ ।
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિ, જોગ તપના ધામ ॥૪॥
અતિ પ્રતાપી જોઈને, મહાત્યાગી સાધુ સોય ।
તે પણ અતિ વિસ્મય થયા, આ વર્ણિતુલ્ય ન કોય ॥૫॥
આશ્ચર્યકારી અતિઘણા, કોઈ અવતારી છે એહ ।
મુક્ત કહે સૌ સંતને, એમ થયો દૃઢ સ્નેહ ॥૬॥

## કડવું ॥૯૫॥

કંઈક માસ રહ્યા સાધુ પાસજી, ત્યાંથકી સંત ભેળા અવિનાશજી ।
પ્રેમસું આવ્યા પીપળ ગામજી, ત્યાં મળ્યા સ્વામી સુખધામજી ॥૧॥
**ઢાળ** - સુખધામ શ્રીસ્વામી મળ્યા, એ છે ઉદ્ધવનો અવતાર ।
ગૃહિ ત્યાગી હરિભકતના, સંગે તે વૃંદ અપાર ॥૨॥
પ્રેમસહિત સનમુખ જઈ, કીધા તે દંડ પ્રણામ ।
સ્વામી ઉર ધરી ભેટિયા, લખી વર્ણી મહા તપધામ ॥૩॥
ભૂમિવિષે દીક્ષાવિધિ, પ્રવર્તાવવાને કાજ ।
સ્વામી થકી વૈષ્ણવી દીક્ષા, લીધી તે વર્ણિરાજ ॥૪॥
ગુરુતણા ગુરુ એજ છે, સૌ દેવના પણ દેવ ।
તોપણ ઉદ્ધવસ્વામીથી, દીક્ષા ગ્રહિ તતખેવ ॥૫॥
એમ એ ઉદ્ધવ સ્વામીએ, કર્યો યથાવિધિ ઉપદેશ ।
મુક્ત કહે સદ્ગ્રંથનો, જેમ લોપ ન થાય લેશ ॥૬॥

## કડવું ॥૯૬॥

ગુરુએ ધર્યું સહજાનંદ નામજી, અર્થસહિત અતિશે અભિરામજી ।
નારાયણમુનિ નામ ઉદારજી, પ્રેમ સહિત ધર્યું કરીને વિચારજી ॥૧॥
**ઢાળ** - અર્થ સોતાં નામ ધરિયાં, શ્રીગુરુ રામાનંદ ।
સદ્‌ગુણાકર શિષ્ય મળતાં, પામ્યા અતિ આનંદ ॥૨॥
ધર્મધુર પોતાતણી, તે સોંપી કરી બહુ પ્યાર ।
બેસાડ્યા નિજગાદિએ, સોંપ્યો તે સૌ અધિકાર ॥૩॥
પછી તે સ્વામી નચિંત થઈ, તન તજી ગયા હરિધામ ।
ઔર્ધ્વદેહિક ક્રિયા સર્વે, કીધી શ્રીઘનશ્યામ ॥૪॥
પછી તે ઉદ્ધવસ્વામીના, આશ્રિત સર્વે જેહ ।
ગૃહિ ત્યાગી જનવૃંદ પ્રેમે, આજ્ઞામાં રહ્યા તેહ ॥૫॥
એમ સઉ સત્સંગીએ, માનીયા સ્વામી એહ ।
મુક્ત કહે ઘનશ્યામને, નિત્ય સેવે તજી સંદેહ ॥૬॥

## પદ ॥૨૪॥ (રાગ વેરાવલ)

પ્રગટ શ્રીકૃષ્ણદિનેશની, કાંતિ અતિ ભારી ।
નિજ આશ્રિત સૌ સંતને, અતિ આનંદકારી ॥પ્રગટ૦॥૧॥
અધર્મ તમ અતિશે ટળ્યું, અઘ ઊલુક સંતાણા ।
પાખંડી ગુરુ ચોર તે, સૌને ઓળખાણા ॥પ્રગટ૦॥૨॥
દૈવી જીવના ઉર વિષે, સંશય ભ્રમ કાપી ।
ધર્મ સહિત શ્રીકૃષ્ણની, ભક્તિ દૃઢ સ્થાપી ॥પ્રગટ૦॥૩॥
સ્વામિનારાયણના નામથી, જગ વિદિત કહાવે ।
જાત્રાએ દેશ પ્રદેશના, અગણિત જન આવે ॥પ્રગટ૦॥૪॥
સંત કંજ વન ફુલિયાં, પ્રવર્તિ શુભ રીતિ ।
મુક્તાનંદના નાથસું, બાંધી દૃઢ પ્રીતિ ॥પ્રગટ૦॥૫॥

## કડવું ॥૯૭॥

ધર્મ ભક્તિ પ્રવર્તાવવા કાજજી, ભૂમિવિષે વિચર્યા મુનિરાજજી ।
સિંધુતીર એક નગર અનુપજી, માંગરોળ બંદર સુખરુપજી ॥૧॥

**ઢાળ** - તે બંદરમાં પ્રથમ પહેલા, આવિયા ઘનશ્યામ ।
પુરજન અતિ આદર કરીને, રાખ્યા હરિ સુખધામ ॥૨॥
અધર્મથી મુકાવવા, દૈવી તે જનના વૃંદ ।
નિજ પ્રતાપને પ્રગટ કીધો, સ્વામી સહજાનંદ ॥૩॥
અષ્ટ માસ ત્યાં રહી કરી, શ્રુતિધર્મ પરમ ઉદાર ।
તે ભૂપર વિસ્તારિયો, કરવા પતિત ભવપાર ॥૪॥
પૂર્તકર્મોત્સવ વિષે, સૌ વિપ્રને ભગવાન ।
ચતુર્ભુજ શ્રીવિષ્ણુરુપે, દીધું દરશન દાન ॥૫॥
વિપ્ર શ્રુતિમંત્રે કરીને, પૂજ્યા પ્રભુ સાક્ષાત ।
મુક્તાનંદના નાથનો, એમ વાધ્યો જશ વિખ્યાત ॥૬॥

## કડવું ॥૯૮॥

તે પુરમાં રહી શ્રીઘનશ્યામજી, જન્મઅષ્ટમિનો અભિરામજી ।
ઉત્સવ કીધો પરમ ઉદારજી, ત્યાં આવ્યા સતસંગી અપારજી ॥૧॥
**ઢાળ** - સતસંગી સૌ દેશના, આવ્યા તે દર્શન કાજ ।
તે સૌવે શ્રીકૃષ્ણરુપે, દીઠા તે વર્ણિરાજ ॥૨॥
અલૌકિક દર્શન કરી, સૌ પામ્યા અતિ આનંદ ।
તે દિનથી ઘનશ્યામને, જાણ્યા તે શ્રીવ્રજચંદ ॥૩॥
રામાનંદ સ્વામી તણા, સૌ શિષ્ય પરમ સુજાણ ।
નિજ ઈષ્ટ શ્રીગોકુલપતિ, નિર્ખે તે પ્રગટ પ્રમાણ ॥૪॥
પછી તે સૌ શ્રીકૃષ્ણને, આશ્રિત થયા હરિજન ।
ઈષ્ટ જાણી પ્રગટ તેહનું, કરે તે નિત્ય ભજન ॥૫॥
મુમુક્ષુ વા અન્ય પ્રાણી, શરણ આવ્યો જેહ ।
મુક્ત કહે શ્રીકૃષ્ણ પ્રભુને, ભજે તજી સંદેહ ॥૬॥

## કડવું ॥૯૯॥

અતિ કરુણામય કૃષ્ણ ઉદારજી, નિજ સામર્થ્ય કર્યું પ્રગટ અપારજી ।
નિજ મૂર્તિમાં શ્રીઘનશ્યામજી, પ્રાણવૃત્તિ રુંધે સુખધામજી ॥૧॥
**ઢાળ** - પ્રાણવૃત્તિ નિરોધથી, જેનો થયો પ્રભુપદ વાસ ।
તે નર નારી હજારો હરિનાં, થાય અતિ દૃઢ દાસ ॥૨॥

તેમાં આ અધિકારી છે, આને નહી અધિકાર ।
એવો શ્રીહરિકૃષ્ણને, ઉરમાં ન લેશ વિચાર ॥૩॥
વર્ષાઋતુમાં મેઘને મન, યોગ્ય અયોગ્ય ન કોય ।
સૌ ઉપર સમ તુલ્ય વર્ષે, એવા શ્રીહરિ સોય ॥૪॥
એવો અધિક પ્રતાપ દેખી, આશ્ચર્ય પામ્યા જન ।
પછી એ હરિને શરણે થઈને, કરે તે પ્રગટ ભજન ॥૫॥
અદ્ભુત પરાક્રમ જોઈને, વશ થયા સૌ સંસાર ।
મુકતાનંદ કહે પ્રગટ પ્રભુના, સામર્થ્યનો નહી પાર ॥૬॥

## કડવું ॥૧૦૦॥

સૌ મતવાદીને મુનિ ભૂપજી, તેહના ઈષ્ટદેવને રુપજી ।
દર્શન આપ્યું અખિલ આધારજી, તે સૌ વિસ્મય પામ્યા અપારજી ॥૧॥
**ઢાળ** - વિસ્મય પામી કૃષ્ણ પ્રભુને, શરણ આવ્યા તેહ ।
પ્રગટ પ્રભુને ઓળખીને, ટળ્યા સર્વ સંદેહ ॥૨॥
ત્યાંથી શ્રીહરિ આવિયા, શુભ કાલવાણી ગામ ।
ત્યાં બહુવિધ જોગ સામર્થ્ય, દેખાડ્યું સુખધામ ॥૩॥
હજારો નિજ ભકતને, સ્વાધીન સમાધિ માંઈ ।
એ કેવળ શ્રીહરિની કૃપા, તેમાં સાધન બળ નહીં કાંઈ ॥૪॥
ઓઝત ગંગાને તટે, કર્યો વિષ્ણુજાગ ઉદાર ।
છ મહીના લગ સહુ જ્ઞાતિના, જમ્યા વિપ્ર અપાર ॥૫॥
કનકભૂષણ વસ્ત્ર વાહન, વિપ્રને દઈ દાન ।
મુક્ત કહે તે સમે ઘનશ્યામ, થયા શ્રી ભગવાન ॥૬॥

## પદ ॥૨૫॥ (રાગ રામગ્રી)

પ્રબલ પ્રતાપ પ્રકાશિયો, સહજાનંદ સ્વામી ।
અનંત પતિત ઉદ્ધારવા, પ્રગટ્યા બહુનામી ॥પ્રબળ૦॥૧॥
ત્યાગી હજારો શિષ્ય તે, સેવે કરી પ્રીતિ ।
વચન પ્રમાણે રહે સદા, તજી અસત્ય અનીતિ ॥પ્રબળ૦॥૨॥
એમજ ગૃહસ્થ અનંત તે, પ્રભુપદ અનુરાગી ।
સામગ્રી લઈ સ્વામીને, સેવે બડભાગી ॥પ્રબળ૦॥૩॥

ધર્મનિષ્ઠ સઉ સુંદરી, ભક્તિવશ ભારી ।
તે પણ સેવે સ્વામીને, રહે અતિ અવિકારી ॥પ્રબળ૦॥૪॥
ધર્માદિક હરિસેવમાં, રહે સુર તનુધારી ।
મુક્ત કહે એમ સર્વને, ચઢી પ્રેમ ખુમારી ॥પ્રબળ૦॥૫॥

## કડવું ॥૧૦૧॥

જેના સામર્થ્યનો નહી પારજી, એવા સ્વામી પરમ ઉદારજી ।
કોઈ કોઇ મનુષ્યને કૃષ્ણ સ્વરૂપજી, દરશન આપે પરમ અનૂપજી ॥૧॥
**ઢાળ** - અનુપ નિજ ગોલોકમાં, રાધિકા પાર્ષદ વૃંદ ।
તેણે જુક્ત એ ભકત દેખે, પ્રગટ શ્રી વ્રજચંદ ॥૨॥
કોઈકને શ્રીવિષ્ણુરૂપે, આપે દર્શ અનંત ।
વૈકુંઠ પાર્ષદ રમા સોતા, ભાસે શ્રીભગવંત ॥૩॥
મહાપુરુષ રુપે કરી, કંઈકને દર્શન થાય ।
શ્વેતદ્વીપ પ્રકાશ મુનિગણ, જુક્ત પ્રભુ દેખાય ॥૪॥
કોઈકને ભૂમાસ્વરૂપે, આપે દર્શન દેવ ।
રમા પાર્ષદ સહિત ભાસે, તેજમધ્ય તતખેવ ॥૫॥
કંઈને નરનારાયણરુપે, આપે દર્શન દાન ।
મુક્ત કહે મુનિગણ વિશાલા, તે સોતા ભગવાન ॥૬॥

## કડવું ॥૧૦૨॥

જોગેશ્વરરુપે ભગવાનજી, કંઈકને આપે દર્શન દાનજી ।
ક્ષીરસિંધુ કમલા અહિશયનજી, એવા તે ભાસે અંબુજનયનજી ॥૧॥
**ઢાળ** - ભાસે અંબુજનયન કોઈને, હિરણ્મયને રુપ ।
અર્કબિંબ સમેત અતિશે, જાજ્વલ્યમાન અનૂપ ॥૨॥
યજ્ઞાપુરુષને રુપ કોઈને, આપે દર્શન એહ ।
અગ્નિ મંડળ સહિત પ્રભુને, દેખે હરિજન તેહ ॥૩॥
એવો પ્રબળ પ્રતાપ સૌને, દેખાડ્યો છે જેહ ।
શરણાગત નિજ ભક્તના, ટાળવા સર્વ સંદેહ ॥૪॥
તે માટે એ સર્વ કેરું, કારણ દિનેશ ।
અવતારી પ્રભુ એજ છે, તેમાં ન સંશય લેશ ॥૫॥

સર્વથી પર શ્રીહરિ, એ થકી પર નહિ કાંઈ ।
મુક્ત કહે સૌ ભક્તને, એમ દૃઢ થયું મનમાંઈ ॥૬॥

## કડવું ॥૧૦૩॥

વિના અષ્ટાંગ જોગ અભ્યાસજી, અનંત સમાધિ જુક્ત હરિદાસજી ।
તેનાં નાડી પ્રાણ રુંધાયજી, પ્રગટ શ્રીહરિનું દર્શન થાયજી ॥૧॥
**ઢાળ** - દર્શન કરીને સમાધિમાં, સૌ આશ્ચર્ય પામે અપાર ।
તેમાં મુમુક્ષુ શરણ થઈને, હરિ ભજે એક તાર ॥૨॥
જોગ અષ્ટાંગ પ્રયાસથી, મુનિ કોઈક થાય સ્વચ્છંદ ।
તેવા હરિ કરુણા થકી, થયા સિદ્ધ નર ત્રિયવૃંદ ॥૩॥
પ્રાણસંયમ દેહ તજવું, ધારવું ચિરકાળ ।
તેમાં અધિક સ્વતંત્રતા, પામ્યા તરૂણ વૃદ્ધ બાળ ॥૪॥
જ્યારે હરિજન વૃંદને, થાય સમાધિ એક કાળ ।
તેજ સમે સૌ લોકને મન, આશ્ચર્ય થાય વિશાળ ॥૫॥
એ આશ્ચર્યની વારતા, સંક્ષેપથી કહું તેહ ।
કહે મુક્ત સુમતિ સર્વને, સુણતાં ટળે સંદેહ ॥૬॥

## કડવું ॥૧૦૪॥

સદ્ય સમાધિ પ્રાપ્ત સ્વચ્છંદજી, એવાં અગણિત નર ત્રિયવૃંદજી ।
તેની પંક્તિઓ પૃથક્ અપારજી, સોએ સો ને હજારે હજારજી ॥૧॥
**ઢાળ** - હજારો પંક્તિઓ મોટી, દેખે શ્રી ભગવાન ।
તેમાં કોઈ સિદ્ધ આસને, બેઠા ધરે હરિ ધ્યાન ॥૨॥
કોઈક પદ્માસને બેસી, ધ્યાન કરે હરિજન ।
કોઈક ત્યાં વીરાસને, બેઠા છે રુંધી મન ॥૩॥
કોઈક વજ્રાસને બેસી, સ્થિર થયા હરિદાસ ।
કૈક સ્વસ્તિક આસને, બેઠા તે પ્રભુની પાસ ॥૪॥
કોઈક શબ આસન કરીને, ધ્યાનમાં રહે ધીર ।
કાષ્ટ અશ્મ સમાન તેનાં, ભાસે સ્થૂળ શરીર ॥૫॥
એમ સમાધિનિષ્ઠની, પંક્તિઓ નિશ દિન થાય ।
મુક્ત કહે શ્રીકૃષ્ણનો, મહિમા કહ્યો નવ જાય ॥૬॥

## પદ ॥૨૬॥ (રાગ કેદારો)

સ્વામીને શરણ થઈ સિદ્ધ અગણિત થયા, સમાધિનિષ્ઠ હરિભક્ત શૂરા ।
પલક હરિ ધ્યાનથી બા'ર નવ નીસરે, પ્રગટ પ્રભુને ભજે પ્રેમી પૂરા ॥સ્વામી૦૧॥
તેમાંથી કોઈને જગાડે શ્રીહરિ, પ્રહર એક ધ્યાનમાં વીતિ જાતે ।
કોઈને જગાડે ધ્યાનમાંથી પ્રભુ, પ્રેમી જાણીને બે પોર થાતે ॥સ્વામી૦૨॥
કોઈને જગાડે ધ્યાનથી બે દિને, કોઈકને પક્ષ વીતિ જગાડે ।
કોઈકને જગાડે માસ વીતે પ્રભુ, ધ્યાનમાં ભક્તને સુખ દેખાડે ॥સ્વામી૦૩॥
માસ બે ગયે પ્રભુ જગાડે કોઈને, કોઈને જગાડે ત્રણ માસે ।
મુક્તાનંદ એમ ધ્યાનમાં શ્રીહરિ, પ્રેમી ભક્તને પ્રભુ રાખે પાસે ॥સ્વામી૦૪॥

## કડવું ॥૧૦૫॥

કોઈને ચાર માસને અંતજી, ધ્યાનથી ખેંચે શ્રીભગવંતજી ।
બહુ કાળે વા થોડે કાળજી, એમ જગાડે જનપ્રતિપાળજી ॥૧॥
**ઢાળ** - ભક્તના પ્રતિપાળ કોઈને, દૃષ્ટિમાત્રે દેવ ।
સામું જોતા સમાધિથી, જગાડે તતખેવ ॥૨॥
કોઈકને શબ્દે કરીને, જગાડે જગવંદ ।
સંકલ્પે કરી કોઈને, સદ્ય જગાડે સુખકંદ ॥૩॥
સમાધિમાં સુખ ઘણું, એ સ્વાદલોભી કોય ।
તે જગાડ્યા જાગે નહી, તનમાં ન આવે સોય ॥૪॥
તદાત્મક જોગે કરી, તે ભક્તને સુખધામ ।
અતિ જોરે લાવે દેહમાં, શોભાનિધિ ઘનશ્યામ ॥૫॥
એવી ગાઢ સમાધિથી, પ્રભુ જગાડે સાક્ષાત ।
મુક્ત કહે સૌ જાગીને, પછી કરે અલૌકિક વાત ॥૬॥

## કડવું ॥૧૦૬॥

કોઈ કહે બ્રહ્મપૂરની વાતજી, કોઈ વૈકુંઠ વર્ણવે વિખ્યાતજી ।
કોઈ ગોલોકની શોભા જેહજી, અતિ ઐશ્વર્ય સહિત કહે તેહજી ॥૧॥
**ઢાળ** - કહે કોઈ ઐશ્વર્ય સોતો, શ્વેતદ્વીપ અનૂપ ।
નિરન્ન મુક્ત પ્રકાશમાં, વર્ણવે તેહનું રુપ ॥૨॥

ત્રિલોકમાં સુર અસુરનાં, સ્થાનક વિવિધ પ્રકાર ।
કોઈક તેહની વારતા, વર્ણવે કરી વિસ્તાર ॥૩॥
કોઈક ત્રિલોક વિષે, શ્રીહરિતણાં જે સ્થાન ।
તે વર્ણવે અતિ પ્રેમસું, હરિભક્ત અતિ બુદ્ધિવાન ॥૪॥
કોઈક લોકાલોક બાહેર, સ્થાન પરમ ઉદાર ।
કરે તેહની વારતા, વિસ્તારી વારમવાર ॥૫॥
સમાધિથી જાગીને, જેમ દેખે તેમ કહે તેહ ।
મુક્તાનંદ કહે સભા સૌને, આશ્ચર્યકારી એહ ॥૬॥

## કડવું ॥૧૦૭॥

અનંત બ્રહ્માંડના વાસી ઉદારજી, બ્રહ્મા વિષ્ણુ મહેશ અપારજી ।
તેની ક્રિયા જગરચના જેહજી, ઉત્પત્તિ સ્થિતિ લય વર્ણવે તેહજી ॥૧॥
**ઢાળ** - વર્ણવે વિગતે કરી, કાશલ ન રાખે કોય ।
વૈભવ અનંત બ્રહ્માંડના, વર્ણવે હરિજન સોય ॥૨॥
દેવ દૈત્ય ને નરાદિકની, બહુ બ્રહ્માંડની વાત ।
આશ્ચર્યકારી દીઠી તેવી, વર્ણવે સાક્ષાત ॥૩॥
રચના સૌ બ્રહ્માંડની, કોઈ દેખી તેમ કહે ધીર ।
કોઈક કહે નિજ દેહરચના, ધ્યાની ગુણગંભીર ॥૪॥
કોઈ ભૂગોલની વારતા, તે કહે પાતાલપ્રજંત ।
તેમ ખગોળની વારતા, એ કહે જન બુદ્ધિવંત ॥૫॥
નારાયણમુનિ તેહનાં, સુણી વચન વિવિધ પ્રકાર ।
મુક્ત કહે પ્રભુ કરે તેનો, પક્કવ અપક્કવ વિચાર ॥૬॥

## કડવું ॥૧૦૮॥

તે મધ્ય જેહને પરમ અનુપજી, પકવ ધારણા થઈ સુખરુપજી ।
તેને ધારણા યોગ્ય છે જેહજી, ફરી ફરી સ્વામી કરાવે તેહજી ॥૧॥
**ઢાળ** - સ્વામી ફરી શીખવે, બહુ યોગકળાની રીત ।
જેને સાંભળતાં સંશય ટળે, પ્રભુસંગ વાધે પ્રીત ॥૨॥
નાડી પ્રાણનો સ્વ ઈચ્છાએ, કરે સંકોચ વિકાસ ।
કોઈકને એમ શીખવે, કરવા તે દઢ અભ્યાસ ॥૩॥

તેમ કોઈને સૌ અંગમાંથી, ખેંચી જીવ ને પ્રાણ ।
એકજ અંગમાં રાખવા, એમ શીખવે છે સુજાણ ॥૪॥
એવી જેહને ધારણા, તેને દેહશુદ્ધ ટળી જાય ।
છેદે બાળે દેહ સઘળું, તોપણ પીડ ન થાય ॥૫॥
એવી બહુવિધ ધારણાની, રીતિ અતિ અભિરામ ।
મુક્તાનંદ કહે મુક્ત જનને, શીખવે ઘનશ્યામ ॥૬॥

## પદ ॥૨૭॥ (રાગ ઘોળ)

એવી જોગકળા જગવંદરે, સૌને શીખાડે સુખકંદરે ॥૧॥
કોઈ પાછી તે દૃષ્ટિ વાળીરે, જુવે અંતરમાં વનમાળીર ॥૨॥
કોઈ દગ આગળ હરિ ધારેરે, તેનાં નયણ ન મટકાં મારેરે ॥૩॥
કોઈ એક દગ અંતર વાળીરે, બીજું નેત્ર ઉઘાડે સંભાળીરે ॥૪॥
બેઉ ઉલટ સુલટ કરી નાખેરે, તેમાં હરિ મૂર્તિ દઢ રાખેરે ॥૫॥
એવી અક્ષિવિદ્યા એ કહાવેરે, મુક્તાનંદનો નાથ શીખાવેરે ॥૬॥

## કડવું ॥૧૦૯॥

કોઈને ઉભય નેત્ર તતકાળજી, અંતરમાંઇ ફેરાવે દયાળજી ।
નાડી પ્રાણ આકર્ષણ જેહજી, પ્રભુ નિજ જનને શીખાવે તેહજી ॥૧॥
**ઢાળ** - શીખાવે નિજ ભકતને, પ્રભુ અક્ષિવિદ્યા એહ ।
જે જાણ્યે હરિભક્ત કેરા, ટળે સર્વ સંદેહ ॥૨॥
નિજ લોચન મટકાં વિના, તે બાહેર રાખે બેઉ ।
નાડી પ્રાણને ખેંચવા, શીખવે કોઈને તેઉ ॥૩॥
ષટ્ ચક્રો મધ્યે એક ચક્રે, રુંધાવી સૌ પ્રાણ ।
શ્રવણ બહુવિધ નાદનું, કોઈને કરાવે સુજાણ ॥૪॥
પ્રાણ રુંધાવી એક ચક્રે, બેસાર્યા જન જેહ ।
પ્રણવ એ પાસે ગણાવે, એવા સમર્થ તેહ ॥૫॥
સમાધિમાંથી જૈયે, એ જાગે જન સાક્ષાત ।
મુક્તાનંદ કહે પ્રણવની, તે પાસ કરાવે વાત ॥૬॥

## કડવું ॥૧૧૦॥

ઈડા પિંગલા નાડી જેહજી, નાડી સુષુમ્ણાદિક બહુ તેહજી ।
તેહને માર્ગે કરી સુખકંદજી, ભક્તને આપે અતિ આનંદજી ॥૧॥
**ઢાળ** - ભકતને સુખ આપવા, રવિચંદ્રાદિક જે દેવ ।
કોઈને તેહના લોકમાં, પ્રભુ પોં'ચાડે તતખેવ ॥૨॥
એમજ સુરના લોક અગણિત, દેખાડે ભગવંત ।
યોગકળાની યુક્તિઓ, શીખવે આપ અનંત ॥૩॥
એવી જોગકળાઓ સર્વે, સાધનબળ નહી કોય ।
તોપણ પ્રભુ નિજભકતને, સહજે પમાડી સોય ॥૪॥
પ્રતાપ એ સ્વામીતણો, જે સિદ્ધ થયા સાક્ષાત ।
તે પેસે અન્યના તન વિષે, તેની જાણે મનની વાત ॥૫॥
અંતરયામી તુલ્ય જેહના, શિષ્ય અગણિત થાય ।
મુકત કહે તે સ્વામીનો, મહિમા તે કેમ વર્ણવાય ॥૬॥

## કડવું ॥૧૧૧॥

અન્યના દેહમાં સ્થિતિ કરે કોયજી, તેના પ્રાણને રુંધે સોયજી ।
હરિનાં ધામ જે અતિ સુખરુપજી, પ્રભુની પેઠે દેખાડે અનુપજી ॥૧॥
**ઢાળ** - દેખાડે હરિધામ સર્વે, પ્રભુની પેર્ય ઉદાર ।
એવા જેહના શિષ્ય સમર્થ, ગૃહી ને ત્યાગી અપાર ॥૨॥
સ્વામીની આજ્ઞાથકી, કોય પુરુષ ભક્તિમાન ।
સમાધિ અન્યને કરાવે, જેમ શ્રીભગવાન ॥૩॥
તેમ સમાધિ થકી કોયને, જગાડે તતકાળ ।
એવા અગણિત શિષ્ય સોતા, શોભે જન પ્રતિપાળ ॥૪॥
એમ અતિ કરુણા કરી, દેખાડ્યો પ્રબળ પ્રતાપ ।
કાલે નષ્ટ તે જોગકળાનો, કીધો ભૂપર સ્થાપ ॥૫॥
નગર ગ્રામ ને ઘરોઘરમાં, જોગકળાની વાત ।
મુકતાનંદ કહે સ્વામીએ, કીધી તે જગ વિખ્યાત ॥૬॥

## કડવું ॥૧૧૨॥

અન્ય પણ હરિનો પ્રતાપ છે જેહજી, સર્વે ભૂમિમાં પ્રગટ્યો તેહજી ।
દેખે સાંભળે સૌ સાક્ષાતજી, કહું સંક્ષેપથી તેહની વાતજી ॥૧॥
**ઢાળ** - સંક્ષેપે કરી વર્ણવું, શ્રીહરિનો પ્રબળ પ્રતાપ ।
સાંભળતા શ્રદ્ધા થકી, સૌ થાય જન નિષ્પાપ ॥૨॥
કંઈક તેહના ભક્ત ભૂપ, આત્મનિષ્ઠ ઉદાર ।
કૈક તન અભિમાન સોતા, રાખે પ્રભુસંગ પ્યાર ॥૩॥
બાળ તરુણ ને વૃદ્ધ જે, નર ત્રિયા સૌ હરિદાસ ।
તેમજ વૃંદલ મનુષ્યને, સતસંગમાં વિશ્વાસ ॥૪॥
તેમાં કૈંકે પ્રગટ પ્રભુને, નિરખિયા બહુ વાર ।
કૈકને નહી મુદળ દર્શન, હરિ ભજે એક તાર ॥૫॥
કૈક તેહના ભક્તને, વચને કરીને હરિજન ।
મુક્ત કહે વિશ્વાસ રાખી, કરે તે પ્રગટ ભજન ॥૬॥

## પદ ॥૨૮॥ (રાગ મેવાડો)

અંત સમયમાંરે એ સૌ ભક્તનેરે, સંકટ તે કોય પ્રકારે ન થાય ।
શ્રીહરિ આવીરે પાસ ઉભા રહેરે, એમ પ્રભુ કરે છે જનની સહાય ॥ અંત૦૧॥
પાર્ષદ સોતારે બેઠા છે વિમાનમાંરે, એવા જૂવે પ્રગટ પ્રભુ હરિદાસ ।
દિવ્ય સ્વરૂપેરે તેજ વિમાનમાંરે, ભક્તને તેડી બેસારે છે પાસ ॥ અંત૦૨॥
તે હરિજનનેરે પ્રભુ નિજધામમાંરે, પ્રેમે કરી પોં'ચાડે તતકાળ ।
મહામુનિવરનેરે વાંછિત જે ગતિરે, ભક્તને આપે જન પ્રતિપાળ ॥ અંત૦૩॥
મરણ સમયમાંરે સૌ હરિભક્તનેરે, એમ પ્રભુ આપે દરશન દાન ।
કોય કોય વેળારે ભક્ત અભક્તનેરે, અંતકાળે ભાસે શ્રીભગવાન ॥ અંત૦૪॥
આશ્ચર્ય દેખીરે દૈવી જીવનેરે, ઈશ્વરમાં સંશયનો થયો નાશ ।
મુક્ત કહે છે રે કૃષ્ણ દિનેશનેરે, શરણે તે આવ્યા કરી વિશ્વાસ ॥ અંત૦૫॥

## કડવું ॥૧૧૩॥

એમ ઐશ્વર્યજુક્ત બહુનામીજી, એવા તે શ્રીસહજાનંદસ્વામીજી ।
તેહનો પ્રતાપ સાક્ષાતજી, ભૂમિવિષે થયો અતિ વિખ્યાતજી ॥૧॥

**ઢાળ** - વિખ્યાત ભૂતળમાં થયો, શ્રીહરિનો પ્રૌઢ પ્રતાપ ।
તેને જે ચિત્ત દઈ સાંભળે, તે થાય અતિ નિષ્પાપ ॥૨॥
દુર્વાસાના શાપથી, પ્રગટ્યા તે ભૂતળ જેહ ।
તે ઋષિએ શ્રીકૃષ્ણનો, સાંભળ્યો મહિમા એહ ॥૩॥
સુણતાં અતિ રાજી થયાં, મરીચ્યાદિ મુનિનાં વૃંદ ।
તે સર્વે સ્વામી સમીપે, આવ્યા અધિક સ્વછંદ ॥૪॥
દેખી પ્રગટ પ્રતાપને, ઉપન્યો જે દૃઢ વિશ્વાસ ।
અતિ અચળ આશ્રય કરીને, રહ્યા શ્રીહરિ પાસ ॥૫॥
પ્રગટ કૃષ્ણ દિનેશને, ભજતા હવા મુનિ સોય ।
મુક્ત કહે હરિભક્તમાં, એ તુલ્ય અવર ન કોય ॥૬॥

## કડવું ॥૧૧૪॥

મરીચ્યાદિક મુનિ તજી અન્ય આસજી, રહ્યા નિરંતર શ્રીહરિ પાસજી ।
તે સૌને શ્રીહરિનો સંગજી, મિત્રભાવ થયો સુખદ અભંગજી ॥૧॥
**ઢાળ** - મિત્રભાવ શ્રીકૃષ્ણમાં, છલરહિત સૌને જેહ ।
બ્રહ્માદિક સુરવૃંદને પણ, અધિક દુર્લભ એહ ॥૨॥
એક સમે શ્રીસ્વામીએ, નિજ આશ્રિત નર ત્રિયવૃંદ ।
તે સૌને તેડાવિયાં, કરુણાનિધિ સુખકંદ ॥૩॥
તેમજ મહામુનિ સર્વને, તેડાવિયા તતકાળ ।
તે પ્રત્યે કહેતા હવા, આ વચન પરમ કૃપાળ ॥૪॥
હે મુનિઓ હે ગૃહિ હરિજન, સૂણો હમારી વાત ।
જે શાસ્ત્ર અમને ઈષ્ટ છે, હવે તેજ કહુ સાક્ષાત ॥૫॥
સર્વ ઉપનિષદે સોતા, વેદ સુખપ્રદ ચાર ।
મુક્તાનંદનો પ્રભુ કહે, એ સંગ અમને પ્યાર ॥૬॥

## કડવું ॥૧૧૫॥

તેમ દ્વૈપાયન મુનિકૃત જેહજી, સૂત્ર શારીરક સુખપ્રદ તેહજી ।
શ્રીમદ્‌ભાગવત નામે પુરાણજી, દશ લક્ષણે કરી અધિક પ્રમાણજી ॥૧॥
**ઢાળ** - પ્રમાણ મહાભારતવિષે, શ્રીભગવદ્ ગીતા જેહ ।
ભીષ્મપર્વમાં શ્રીમુખે કરી, પ્રાર્થને કહી તેહ ॥૨॥

તેમજ ભારતનેવિષે, ભીષ્મે કહ્યાં સુખધામ ।
પાઠ કરતાં ભવ તરે, એવાં વિષ્ણુસહસ્રનામ ॥૩॥
પ્રેમસહિત નિજભ્રાત આગળ, વર્ણવી કરી પ્યાર ।
મહાભારતમાં વિદુરનીતિ, કિધો પરમ ઉપકાર ॥૪॥
સ્કંદપુરાણે વિષ્ણુખંડમાં, સર્વ ગ્રંથનું સાર ।
વાસુદેવ માહાત્મ્ય વર્ણવ્યું, તારવા જીવ અપાર ॥૫॥
એ સતશાસ્ત્રને અમે માન્યાં, ટાળવા ભવફંદ ।
મુક્તાનંદનો પ્રભુ કહે, એથી ઉદ્ધરે જનવૃંદ ॥૬॥

## કડવું ॥૧૧૬॥

સૂત્ર શારીરક શ્રુતિના સારજી, વેદવ્યાસે વર્ણવ્યાં કરી પ્યારજી ।
ભગવદ્ગીતા મહાસુખકારીજી, અર્જુનને કહી કૃષ્ણ મુરારીજી ॥૧॥
**ઢાળ** - કૃષ્ણ મુરારી ગોપ થઈ, કર્યું ઉપનિષદ દોહન ।
પાર્થને કરી વત્સ ગીતા, પય ગ્રહ્યું મોહન ॥૨॥
એ બે ગ્રંથનો જેમ ઘટે તેમ, અર્થ ભર્યાં અભિરામ ।
રામાનુજ આચારજે, કર્યાં ભાષ્ય મહા સુખધામ ॥૩॥
શ્રીભાષ્ય ગીતાભાષ્ય જે, સદ્ગ્રંથ સાર છે તેઉ ।
અધ્યાત્મ સૌ શાસ્ત્રમાં, અમે ઉત્તમ માન્યા બેઉ ॥૪॥
શ્રીમદ્ભાગવતને વિષે, બે સ્કંધ અતિ સુખરુપ ।
દશમ પંચમ કૃષ્ણમાહાત્મ્ય, બોધક પરમ અનૂપ ॥૫॥
શ્રીકૃષ્ણ માહાત્મ્ય જાણવા, બેઉ સ્કંધ અધિક પ્રમાણ ।
મુક્તાનંદનો પ્રભુ કહે, એમ જાણો પરમ સુજાણ ॥૬॥

## પદ ॥૨૯॥ (રાગ ગરબી)

મારા આશ્રિત સૌ હરિજન સૂણજો પ્રીતેરે, મને અતિ વલ્લભ જે ગ્રંથ કહ્યા શુભ રીતેરે ॥૧॥
તેમ યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે પણ જાણોરે, તે તો ટીકા મિતાક્ષરા જુક્ત પ્રબળ પ્રમાણોરે ॥૨॥
એમાં વર્ણાશ્રમ આચારની શુભ રીતિરે, તેમ સર્વેના વ્યવહાર કહ્યા કરી પ્રીતિરે ॥૩॥
એમાં અઘ ટાળ્યાની રીત કહી સુખકારીરે, તેમ કરતાં પાતક સિંધુ તરે નર નારીરે ॥૪॥
એ જે શાસ્ત્ર કહ્યાં છે પ્રમાણ અંતર ધરજોરે, મુક્તાનંદનો વાલો કહે તેમ સૌ અનુસરજો રે ॥૫॥

## કડવું ॥૧૧૭॥

શ્રીમુખ વચન સુણી તતકાળજી, સમજ્યા મર્મ વૃદ્ધ તરુણ બાળજી ।
ગૃહી ત્યાગી હરિજનનાં વૃંદજી, સર્વેને થયો અતિ આનંદજી ॥૧॥
**ઢાળ** - અતિ આનંદે સ્વામીને, પૂજ્યા તે પ્રેમ સમેત ।
ઈષ્ટ ગ્રંથ જે હરિ કહ્યા, તેમાં થયું સૌને હેત ॥૨॥
પછી તે સ્વામી સુખનિધિ, મુનિવૃંદ સહિત ઉદાર ।
દેશ દેશમાં વિચર્યા, તારવા જીવ અપાર ॥૩॥
તે સૌ દેશના મનુષ્યને, આશ્ચર્યકારી એહ ।
પ્રૌઢ પ્રતાપ જે આપનો, વિસ્તાર્યો અતિશે તેહ ॥૪॥
અનન્ય આશ્રય સ્વામીનો, કરતા હતા બહુ જન ।
દેશ દેશમાં પ્રગટ પ્રભુનું, કરે તે સર્વ ભજન ॥૫॥
બહુ પુણ્ય ક્ષેત્રને વિષે, કર્યા વિષ્ણુજાગ અપાર ।
મુક્ત કહે હરિકૃષ્ણનો જશ, પામ્યો અતિ વિસ્તાર ॥૬॥

## કડવું ॥૧૧૮॥

જન્માષ્ટમી પરમ અનુપજી, રામનવમી આદિક સુખરુપજી ।
હરિના જન્મ દિવસ શુભ જેહજી, સર્વ એકાદશીનાં વ્રત તેહજી ॥૧॥
**ઢાળ** - એ સૌ વ્રતમાં સ્વામીએ, સામગ્રીયો કરી સાર ।
અતિ બડા ઉત્સવ કરાવ્યા, દીધાં દાન અપાર ॥૨॥
વેદ બ્રાહ્મણ તીર્થ સાધુ, દેવતાનાં સ્થાન ।
અહિંસામય યજ્ઞનું, સ્થાપન કર્યું ભગવાન ॥૩॥
ધર્મ જ્ઞાન વૈરાગ્ય સોતી, કૃષ્ણભક્તિ ઉદાર ।
તે વિસ્તારી સૌ દેશમાં, એમ તાર્યા જીવ અપાર ॥૪॥
એવી રીતે બહુ દેશમાં, વિચર્યા તે શ્રીઘનશ્યામ ।
ત્યાં નિજપ્રતાપ જણાવિયો, શોભાનિધિ સુખધામ ॥૫॥
અનંત નર ત્રિયવૃંદને, કીધા તે દૃઢ નિજદાસ ।
મુક્ત કહે શ્રી સ્વામીએ, તેના હર્યા ભવત્રાસ ॥૬॥

## કડવું ॥૧૧૯॥

એમ ભૂપર ફરતા ઘનશ્યામજી, દુર્ગનગર આવ્યા સુખધામજી ।
તે પુરનો રાજા નિજભક્તજી, અભય નામ જગથી તે વિરક્તજી ॥૧॥
**ઢાળ** - જગથી તે વિરક્ત રહીને, કરે તે જગવ્યવહાર ।
નિજ કુટુંબ સોતા હરિ ભજે, પ્રભુસંગ પ્રેમ અપાર ॥૨॥
તે નૃપતિ ભક્તિવડે, રહ્યા સ્વામી તેને ઘેર ।
બહુ આવે હરિજન દર્શને, નિત્ય થાય લીલાલહેર ॥૩॥
તીર્થવિષે બહુ દેશમાં, કર્યા મંદિર પરમ વિશાળ ।
ત્યાં મૂર્તિયો નિજ ઈષ્ટની, પધરાવિયો તતકાળ ॥૪॥
તે સર્વે વિક્તિ કહુ, શ્રીનરનારાયણ દેવ ।
તેમ લક્ષ્મીનારાયણને, પધરાવિયા તતખેવ ॥૫॥
રાધાકૃષ્ણ ને ધર્મ ભક્તિ, પધરાવ્યા કરી પ્રીત ।
મુક્તાનંદના નાથની, સર્વે અલૌકિક રીત ॥૬॥

## કડવું ॥૧૨૦॥

કરી તે પ્રતિષ્ઠા શ્રુતિ અનુસારજી, તે દિન ઉત્સવ કીધા ઉદારજી ।
વિપ્ર જમાડ્યા કરી સનમાનજી, બહુવિધ તેને દીધાં દાનજી ॥૧॥
**ઢાળ** - દાન અગણિત વિપ્રને, આપિયાં વિવિધ પ્રકાર ।
અનંત સંત જમાડિયા વર્ત્યો તે જયજયકાર ॥૨॥
તે ઉત્સવમાં આવિયાં, નિજ ભક્ત જનનાં વૃંદ ।
નિર્ખિ શ્રીકૃષ્ણ દિનેશને, પામિયા અતિ આનંદ ॥૩॥
જે જે કૃષ્ણ સ્વરૂપનું, સ્થાપન કર્યુ હરિ આપ ।
તે મૂર્તિમાં ભક્તજનને, ભાસે પ્રબળ પ્રતાપ ॥૪॥
પ્રગટ શ્રીઘનશ્યામનું, મૂર્તિમાં દર્શન થાય ।
હસી બોલાવે ભક્તને, મહિમા કહ્યો નવ જાય ॥૫॥
એમ એ શ્રીહરિ મૂર્તિદ્વારે, આપે સુખ સાક્ષાત ।
મુક્ત કહે સંક્ષેપથી, વર્ણવું તેહની વાત ॥૬॥

## પદ ॥૩૦॥ (પદ રાગ ગરબી)

એવી રીતે શ્રીઘનશ્યામ મૂર્તિ દ્વારેરે, પ્રભુ નિજ જન કેરાં કાજ સર્વ સુધારેરે ॥૧॥
કોઇને મૂર્તિમાં પ્રગટ પ્રમાણ દર્શન આપેરે, તેનું મન ખેંચી નિજ રુપમાં દૃઢ સ્થાપેરે ॥૨॥
કોઈ તો બહુવિધનાં નૈવેદ્ય અર્પે છે આણીરે, તેને ગ્રહણ કરે તતકાળ ભાવ જાણીરે ॥૩॥
કોઇનું દુધ પીવે હરિ આપ મૂર્તિ રુપેરે, કોઇનો ગ્રહણ કરે છે હાર ભાવ અનુપેરે ॥૪॥
આવા મૂર્તિને દ્વારે દિવ્યભાવ જણાવેરે, નિજ ભક્તને શ્રીઘનશ્યામ લાડ લડાવેરે ॥૫॥
એમ મૂર્તિમાં કીધો નિવાસ નિજજન કાજેરે, કહે મુક્તાનંદ શ્રીકૃષ્ણ પ્રગટ બિરાજેરે ॥૬॥

## કડવું ॥૧૨૧॥

એક સમે નિજ બંધુ જેહજી, અવધપૂરિથી આવ્યા તેહજી ।
મોટા બાંધવ રામપ્રતાપજી, કૃષ્ણ ભક્તિ રત અતિ નિષ્પાપજી ॥૧॥
**ઢાળ** - કૃષ્ણ ભક્તિ રત સદા, નિજ અનુજ ઈચ્છારામ ।
વિદ્યા વિનય વિવેક સોતા, સર્વ શુભ ગુણધામ ॥૨॥
એ બેઉ બંધુ પત્ની સોતા, સંગ લઈ પરિવાર ।
શ્રીકૃષ્ણ પ્રભુને દર્શને, આવિયા પરમ ઉદાર ॥૩॥
પત્ની રામપ્રતાપની, તેનું સુવાસિનીબાઈ નામ ।
પુત્ર તેના ત્રણ છે, ધર્મિષ્ઠ શોભાધામ ॥૪॥
નંદરામ ઠાકોરરામજી, એથી નાના અવધપ્રસાદ ।
શ્રીકૃષ્ણભક્તિ રત સદા, ઉરમાં ન લેશ પ્રમાદ ॥૫॥
એ ત્રણેની પત્નિયોનાં, નામ પુત્ર સમેત ।
મુક્તાનંદ કહે વર્ણવું, જેને કૃષ્ણ પ્રભુસંગ હેત ॥૬॥

## કડવું ॥૧૨૨॥

નંદરામની પત્ની જેહજી, લક્ષ્મી નામ સાધ્વી દૃઢ તેહજી ।
તેના પુત્ર ઉભય બુદ્ધિવાનજી, શ્રીહરિ સંગ સદા એક તાનજી ॥૧॥
**ઢાળ** - સદા પ્રેમ શ્રીહરિવિષે, એવા રામશરણ અભિરામ ।
તેમ નારાયણપ્રસાદ નામે, લાલ શોભાધામ ॥૨॥
તેમજ ઠાકોરરામજીની, પત્ની પરમ ઉદાર ।
કાંતિમતિ છે નામ તેનું, પ્રગટ પ્રભુસંગ પ્યાર ॥૩॥

પુત્ર તેના એક છે, હરિશ્ચંદ્ર નામ અનુપ ।
બાળપણાથી હરિ ભજે, અતિશે મનોહરરુપ ॥૪॥
તેમજ અવધપ્રસાદજીનાં, પત્ની અતિ બુદ્ધિમાન ।
સુનંદા છે નામ તેહનું, ભજે શ્રીભગવાન ॥૫॥
જયેષ્ઠ બંધુ કૃષ્ણના, તેનો એ સૌ પરિવાર ।
મુક્ત કહે શુભ નામ તેનાં, કહ્યાં ગુણ અનુસાર ॥૬॥

## કડવું ॥૧૨૩॥

તેમ શ્રીહરિના અનુજ અનુપજી, ઈચ્છારામજી શાંતસ્વરૂપજી ।
તેહનાં પત્ની વસૂમતિ નામજી, તેના પંચ પુત્ર છબિધામજી ॥૧॥
**ઢાળ** - સુંદર પાંચે પુત્ર કેરાં, નામ ગુણ અનુસાર ।
અનુક્રમે વર્ણવું, મહા સુખદ વૃષ પરિવાર ॥૨॥
જયેષ્ઠ સુત ગોપાળજી, રઘુવીર ગુણભંડાર ।
વૃંદાવન સીતારામજી, તેમ બદ્રીનાથ ઉદાર ॥૩॥
તે મધ્યે પત્ની ગોપાલની, મેના છે તેનું નામ ।
તેમ પત્ની રઘુવીરજીની, વીરજા શુભ ગુણધામ ॥૪॥
એ બેઉ બંધુ કૃષ્ણના, પરિવાર સોતા જેહ ।
અતિ હેતે કરી સ્વામી પાસે, આવ્યા ગુણનિધિ તેહ ॥૫॥
બેઉને આવ્યા સાંભળીને, શ્રીહરિ પરમ કૃપાળ ।
મુક્તાનંદનો નાથ અતિશે, રીઝિયા તતકાલ ॥૬॥

## કડવું ॥૧૨૪॥

નિજ આશ્રિત નર ત્રિયવૃંદજી, તે સોતા સ્વામી સુખકંદજી ।
સનમુખ ઉઠ્યા પરમ ઉદારજી, સૌને આનંદ વાધ્યો અપારજી ॥૧॥
**ઢાળ** - તે દિન સૌને અતિ બડો, થયો આનંદ ઉત્સવ સાર ।
હરિજન સૌ પ્રફુલ્લિત થયા, વર્ત્યો તે જયજયકાર ॥૨॥
પછી તે સ્વામીએ બંધુને, ભેટિયા કરી બહુ પ્રીત ।
તેમજ સૌ પરિવારને, મળ્યા યથાયોગ્ય સુરીત ॥૩॥
સૌને અતિ આદર કરી, કુશળતા પુછી આપ ।
શ્રીહરિને મળી કુટુંબીના, ટળી ગયા સર્વ તાપ ॥૪॥

દુઃખ બહુ કાળ વિયોગનું, તે નાશ થયું તતકાળ ।
શ્રીકૃષ્ણ પ્રભુના દર્શને, આનંદ વાધ્યો વિશાળ ॥૫॥
શ્રીહરિ પાસ કુટુંબી સર્વે, રહ્યા કરી સ્થિર વાસ ।
મુક્ત કહે શ્રીકૃષ્ણને, ભજતા હવા થઈ દાસ ॥૬॥

### પદ ॥૩૧॥ (રાગ ઘોળ)

એક સમે થઈ સભા અલૌકિક, સૌ હરિજન ત્યાં આવ્યાજી ।
સતસંગની રીતે સૌ બેઠા, મોહનને મન ભાવ્યાજી ॥૧॥
તેમ સધવા વિધવા સૌ વનિતા, પ્રેમ ભરી ત્યાં આવીજી ।
નરથી પૃથક્ સભા કરી બેઠા, ભક્તિ ભાવ જણાવીજી ॥૨॥
સભામધ્ય સિંહાસન ઉપર, સ્વામી અધિક બિરાજેજી ।
ઉડુગણ મધ્યે પૂરણ શશિ જેવી, શ્રીહરિની છબિ છાજેજી ॥૩॥
ઉર પર હાર કુસુમના શોભે, શ્વેત વસ્ત્ર તન ધરિયાંજી ।
શ્રીઘનશ્યામ અનુપમ મૂર્તિ, નિર્ખી નયણાં ઠરિયાંજી ॥૪॥
સૌ હરિજનને દર્શન આપી, કીધાં અતિ ગુલતાનજી ।
મુક્તાનંદ કહે તે પ્રત્યે, બોલ્યા શ્રી ભગવાનજી ॥૫॥

### કડવું ॥૧૨૫॥

બંધુ અમારા પ્રેમી અપારજી, સંગ લઈ બેઉ નિજ પરિવારજી ।
દેશ તજી આવ્યા અમ પાસજી, મુજ પાસે કીધો અચલ નિવાસજી ॥૧॥
**ઢાળ** - કર્યો નિવાસ જે મુજ કને, તે મારાં દર્શન કાજ ।
છેટે ન મુજથી રહી શકે, એ ધર્મવંશ સમાજ ॥૨॥
હું પણ વૃષ પરિવારથી, ન્યારો ન રહું પળ એક ।
ધર્મકુલ સંગ રહુ સદા, એવી અચળ મારે ટેક ॥૩॥
ધર્મ સુત પરિવાર સોતા, વિશ્વભૂષણ એહ ।
મારા આશ્રિત ત્યાગી ગૃહિને, પૂજ્ય અતિશે તેહ ॥૪॥
તેમજ માન્યા યોગ્ય સૌને, ધર્મવંશ ઉદાર ।
જેને સેવી મનુષ્ય સર્વે, પામે ભવજળ પાર ॥૫॥
અનંત પતિત ઉદ્ધારવા, આ ધર્મવંશ અનુપ ।
મુક્તાનંદનો પ્રભુ કહે, થયા ભૂપર વિપ્રસ્વરૂપ ॥૬॥

## કડવું ॥૧૨૬॥

ધર્મવંશિમાં ભક્તિ ધર્મજી, નિજ પરિવાર સહિત લખી મર્મજી ।
રહ્યા સાક્ષાત કરી નિત્ય વાસજી, પલક ન ત્યાંથી થાય ઉદાસજી ॥૧॥
**ઢાળ** - પલક ન્યારા નવ રહે, ભક્તિ ને ધર્મ ઉદાર ।
અતિ અલૌકિક નિજ કુળ વિષે, બેઉ રહ્યા કરી દૃઢ પ્યાર ॥૨॥
ધર્મકુળમાં ગુણનિધિ, હવે થાશે દ્વિજવર જેહ ।
રહેશે તેમાં ધર્મ ભક્તિ, એમાં નહિ સંદેહ ॥૩॥
જયાં રહ્યા હોય ધર્મ ભક્તિ, સંગ લઈ પરિવાર ।
ત્યાંજ રહે શ્રીકૃષ્ણ પોતે, અખિલ જગ આધાર ॥૪॥
એમ તમારે સર્વને, સમજવો મર્મ અનુપ ।
ધર્મનો પરિવાર સર્વે, જાણો ધર્મસ્વરુપ ॥૫॥
પતિવ્રતાની પેર્ય એહને, સેવવા કરી પ્રીત ।
મુક્તાનંદનો પ્રભુ કહે, એમ સેવક જનની રીત ॥૬॥

## કડવું ॥૧૨૭॥

અતિ પુણ્યવંત ધર્મકુળજી જેહજી, સૌના ગુરુ અમે કીધા તેહજી ।
માટે અમારા સેવક સર્વજી, ધર્મવંશ સેવો તજી ગર્વજી ॥૧॥
**ઢાળ** - ધર્મકુળને સેવવું, રાખી અચળ ઉર ટેક ।
ધર્મ અધર્મ વંશનો, જાણવો સર્વ વિવેક ॥૨॥
ધર્મ અધર્મ સર્ગમાં, છે પ્રગટ ભેદ અનંત ।
તેને જે એક કરી જાણશે, તે વિમુખ કુમતિ જંત ॥૩॥
પતિવ્રતાને ભકતજનની, જોઈએ ટેક સમાન ।
એમ ગુરુકુલ સેવતાં, અતિ રીઝસે ભગવાન ॥૪॥
ધન્ય ધન્ય પશુ વસ્ત્ર ભૂષણ, વાહનાદિક સાર ।
તેણે ગુરુકુળ પૂજશે, તે પામશે ભવપાર ॥૫॥
ધર્મ ભક્તિ શ્રીકૃષ્ણને, પૂજયાતણું ફળ જેહ ।
મુક્તાનંદનો પ્રભુ કહે, પામશે હરિજન એહ ॥૬॥

## કડવું ॥૧૨૮॥

એમ ગુરુકુલ સેવે કરી પ્રીતજી, કુટુંબસહિત તે થાય પુનિતજી ।

ધર્મ ભક્તિ શ્રીકૃષ્ણ ઉદારજી, તેહને તે રીઝે જગ આધારજી ॥૧॥
**ઢાળ** - રીઝે તેને શ્રીહરિ, જેને ધર્મકુળમાં હેત ।
તે ધર્મમાં રહી ભજે, ભવ તરે કુટુંબ સમેત ॥૨॥
તેમાટે એ ધર્મકુળનાં, આશ્રિત જે કોઈ થાય ।
અંત સમે શ્રીકૃષ્ણ તેની, કરશે આપ સહાય ॥૩॥
અતિવિકટ જમત્રાસથી, મૂકાવશે ભગવાન ।
અંતસમે શ્રીકૃષ્ણ પોતે, દેશે દર્શનદાન ॥૪॥
તેમજ સંસૃતિચક્રથી, મુકાવશે વ્રજચંદ ।
એ ભક્તને નિજ ધામમાં, પોં'ચાડશે સુખકંદ ॥૫॥
એજ અમારા વચનનો, દૃઢ રાખજો વિશ્વાસ ।
મુક્તાનંદનો પ્રભુ કહે, તમે અતિ અચલ હરિદાસ ॥૬॥

## પદ ॥૩૨॥ (રાગ મારુ)

શ્રીમુખનીવાણી સુણી સઉ શ્રીમુખની વાણી ।
પરમ સિદ્ધાંત વચન ઉર ધાર્યા, સુખદાયક જાણી ॥સુણી૦॥૧॥
વારમવાર નમ્યા શ્રીહરિને, પ્રેમ અધિક આણી ॥સુણી૦॥૨॥
ધર્મવંશિમાં પ્રીત અચલ થઈ, ગુરુકુલ પરમાણી ॥સુણી૦॥૩॥
મુક્તાનંદને પ્રભુ એમ સૌનાં, લીધાં મન તાણી ॥સુણી૦॥૪॥

## કડવું ॥૧૨૯॥

ધર્મવંશિનું માહાત્મ્ય અપારજી, શ્રીમુખ વર્ણવ્યું વારમવારજી ।
માટે ધર્મકુલ સમ નહિ કોયજી, અતિ બડભાગી સેવે સોયજી ॥૧॥
**ઢાળ** - બડભાગી સૌ હરિજને, કીધો તે દૃઢ વિશ્વાસ ।
જેમ કર્યું તેમ કરતા હવા, અતિ રીઝિયા હરિદાસ ॥૨॥
ધર્મકુળના વિપ્રમાં, જેને આપ્યો નિજ અધિકાર ।
તે સંક્ષેપે કરી વર્ણવું, સૂણતાં તરે સંસાર ॥૩॥
પુત્ર રામપ્રતાપના, નંદરામ આદિક જેહ ।
એ મધ્યે અવધપ્રસાદ નાના, જાણ્યા ગુણનિધિ તેહ ॥૪॥
તેમજ ઈચ્છારામના, ગોપાલ આદિક બાલ ।
તે મધ્યે ગુણનિધિ જાણિયા, રઘુવીર બુદ્ધિ વિશાળ ॥૫॥

એ બેઉને નિજ ગાદિએ, બેસારિયા ઘનશ્યામ ।
મુક્ત કહે એમ આચારજ પદ, આપિયું સુખધામ ॥૬॥

## કડવું ॥૧૩૦॥

એ બેઉને મંદિર તતકાળજી, વહેંચી આપ્યાં પરમ કૃપાળજી ।
દેશ દેશના હરિજન જેહજી, બેઉને વહેંચી આપ્યા તેહજી ॥૧॥
**ઢાળ** - વહેંચી આપ્યા બેઉને, સતસંગી કરી દૃઢ દાસ ।
સૌના ગુરુ કરી સ્થાપિયા, ટાળવા ભવના ત્રાસ ॥૨॥
બાંધી દૃઢ મર્યાદા એવી, શ્રીમુખે કરી આપ ।
તેનો કોય કાળે કરી, કોણે ન થાય ઉપાપ ॥૩॥
ધર્મકુળ સૌ પૂજ્ય છે, તોયે તે મધ્યે એક એક ।
ગુણવાન બેસે ગાદિએ, એમ કીધો આપ વિવેક ॥૪॥
એ બેઉને શ્રીમુખે કહ્યું, રહેજો શિક્ષાપત્રી પ્રમાણ ।
શિષ્યને તેમ રખાવજો, જેમ પામે પદ નિરવાણ ॥૫॥
જેમ શિક્ષા કહી સ્વામીએ, રહેતા હવા બેઉ એમ ।
મુક્ત કહે નિજ શિષ્યગણને, રખાવ્યા દૃઢ તેમ ॥૬॥

## કડવું ॥૧૩૧॥

અવધપ્રસાદ ને શ્રીરઘુવીરજી, એ બેઉ બંધુ ગુણગંભીરજી ।
સ્વામીની અનુવૃત્તિમાં ઉદારજી, રહ્યા નિરંતર કરી બહુ પ્યારજી ॥૧॥
**ઢાળ** - પ્રેમ કરી શ્રીસ્વામીને, સેવે નિરંતર સોય ।
એ સમ કૃષ્ણ દિનેશના, દૃઢ ભક્ત અવર ન કોય ॥૨॥
એવી રીતે કરી વર્ણવ્યો, આ ગ્રંથ ધર્માખ્યાન ।
એને જે કોઈ શીખે સાંભળે, તેને રીઝે શ્રી ભગવાન ॥૩॥
કળી મધ્યે શ્રીકૃષ્ણનો, જે પ્રગટ હરિ અવતાર ।
તેહજ ધર્મકુમારમાં, થાય ગ્રંથ સુણતાં પ્યાર ॥૪॥
આ ગ્રંથકરી કૃષ્ણ પ્રભુનું, થાયે યથારથ જ્ઞાન ।
પ્રગટ પ્રભુની ભક્તિ પામે, ત્યાગે તન અભિમાન ॥૫॥
ગ્રંથ સુણતાં ધર્મમાં, અતિશેજ દૃઢ મતિ થાય ।
મુક્ત કહે સૌ વિષય ત્યાગી, શ્રીહરિના ગુણ ગાય ॥૬॥

## કડવું ॥૧૩૨॥

ધર્માખ્યાન સુણે અઘ જાયજી, બ્રહ્મરુપ થઇ હરિગુણ ગાયજી ।
દેહાદિકમાં અહં મમ જેહજી, સુણતાં વેત ટળે સઘ તેહજી ॥૧॥
**ઢાળ** - ટળે કામ ને ક્રોધ મત્સર, લોભાદિક બળી જાય ।
એ સર્ગ અધર્મ દુષ્ટનો, તે નાશ સર્વે થાય ॥૨॥
ભૂત પ્રેત ને ગ્રહાદિક જે, પીડી શકે નહી કોય ।
જંત્ર મંત્રે શ્રોતા જનનો, પરાભવ નવ હોય ॥૩॥
તન તજી શ્રીકૃષ્ણ પ્રભુનું, પામે તે અક્ષરધામ ।
શ્રોતા વક્તા સર્વનાં મન, થાય અતિ નિષ્કામ ॥૪॥
ધર્મકુળનો જેહને, આશરો અતિ દૃઢ નોય ।
ગ્રંથ ધર્માખ્યાન જે, આપવા યોગ્ય ન સોય ॥૫॥
તેમજ એવા મનુષ્યને, સંભળાવવો નહી લેશ ।
મુક્ત કહે ખલમાત્રને, આ ન કરવો ઉપદેશ ॥૬॥

## પદ ॥૩૩॥ (રાગ રામગ્રી)

ધર્માખ્યાન આ ગ્રંથનો, મહિમા અતિ ભારી ।
સાંભળતાં સંશય ટળે, મળે પ્રગટ મુરારી ॥ધર્મા૦॥૧॥
ધર્મવંશિને આશરે, અતિશે દૃઢ જાણી ।
તેહને આ ગ્રંથ આપવો, અતિ પાત્ર પ્રમાણી ॥ધર્મા૦॥૨॥
તેમ હરિભક્ત સુપાત્રને, સંભળાવવો પ્રીતે ।
જે સુણતાં સંશય તજી, રહે ઉત્તમ રીતે ॥ધર્મા૦॥૩॥
એકસો ને બત્રીશ છે, કડવાં સુખકારી ।
પદ તેત્રિશ આ ગ્રંથમાં, મહા ભવભયહારી ॥ધર્મા૦॥૪॥
ચરણ છે નવસેં ઉપરે, સિત્તોર તે એના ।
પ્રેમ સહિત જે ચિત્ત ધરે, સરે કારજ તેનાં ॥ધર્મા૦॥૫॥
સંવત અઢાર પંચાશીએ, શ્રાવણ શુદ ત્રીજે ।
ગ્રંથ સંપૂર્ણ થઇ રહ્યો, સુણી મહાસુખ લીજ ॥ધર્મા૦॥૬॥
દુર્ગનગ્રમાં પ્રેમસું, રહીને સ્થિર વાસે ।
મુક્ત કહે થયો ગ્રંથ એ, પુરુષોત્તમપાસે ॥ધર્મા૦॥૭॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામીશિષ્યમુક્તાનંદમુનિવિરચિતં
શ્રીનારાયણમહિમાપ્રકાશકં ધર્માખ્યાનં સંપૂર્ણમ્ ॥

॥વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

## મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

# પંચરત્નમ્

**(વૈરાગ્ય-વિવેક-જ્ઞાન-ધ્યાન-વિજ્ઞાન-ચિન્તામણિ:)**

### વૈરાગ્યચિન્તામણિઃ

**દોહા** - શ્રીબદ્રિપતિ ચરણરજ, વંદુ વારમવાર ।
જો મુનિસમ તપ કરત પ્રભુ, કરત વિશ્વ ઉદ્ધાર ॥૧॥
નર નારાયણ દેવકું, ભજ મિટહીં ભવફંદ ।
સો મમ ઈષ્ટ અભીષ્ટપ્રદ, શ્રીગુરુ સહજાનન્દ ॥૨॥
વરનું વિવિધ પ્રકાર કરી, પંચરત્નકો ભેવ ।
જેહી સુની જન ભવજલ તરે, કરે સદા હરિ સેવ ॥૩॥
**સોરઠા** - દૃઢ વૈરાગ્ય વિવેક જ્ઞાન, ધ્યાન વિજ્ઞાન પુનિત ।
કહું ભિન્નભિન્ન એકએક કરન, સબહિ સંસાર હિત ॥૪॥
**દોહા** - પ્રીત લગે પરબ્રહ્મશું, હોહિ વિષય સુખત્યાગ ।
યા કારન ગુરુધ્યાન ધરી, પ્રથમ વરનું વૈરાગ ॥૫॥

### ચોપાઇ

શ્રીહરિ કૃપા અધિક સુખદાઈ, ભરતખંડ મનુષ્ય તન પાઈ ।
પ્રભુ ભજ ત્યજ સબ વિષય વિકારા, સમજ દેખ જગ જુઠ પસારા ॥૧॥
કાલચક્ર સબકે શિર ભારી, રહન ન પાવે નર અરૂ નારી ।
તાતે સમરો સરજનહારા, સમજ દેખ જગ જુઠ પસારા ॥૨॥
ધન દોલત જુવતી સુખદાઈ, ઉજ્જવલ જશ કીર્તિ અતિ છાઈ ।
કાલ વ્યાલકા એ સબ ચારા, સમજ દેખ જગ જુઠ પસારા ।૩॥
ધનહિત કુકર્મ કરત અનંતા, પરત્રિય ભજત તજત ભગવંતા ।
તેહી ફલ જમપુર ખાવત મારા, સમજ દેખ જગ જુઠ પસારા ॥૪॥

ચૌદ ભુવનમેં સુખહે જોઈ, ઈનમેં અચલ રહત નહિ કોઈ ।
તેહી કારણ પચી મરત ગમારા, સમજ દેખ જગ જુઠ પસારા ॥૫॥
બ્રહ્મ ભુવન લગ હે જગ જેતા, કાલ કરાલ ગ્રસત સબ તેતા ।
તાહાં તે કર લે વિમલ વિચારા, સમજ દેખ જગ જુઠ પસારા ।૬॥
અમૃત પાન કરત સુર જેહી, અમર નામ મર જાવત તેહી ।
હરિ બિન કોઉ ન સ્થિર આધારા, સમજ દેખ જગ જુઠ પસારા ॥૭॥
કોલ કરાર કિયા ગર્ભમાંહિ, સો તોકું અબતો સુધ નાંહિ ।
યા કારન ભજ દેવ ઉદારા, સમજ દેખ જગ જુઠ પસારા ॥૮॥
જો તું બ્રહ્મલોકકું જાવે, અષ્ટ સિદ્ધિ નવ નિધિ હી પાવે ।
પ્રભુ વિના સબ માયા વિસ્તારા, સમજ દેખ જગ જુઠ પસારા ॥૯॥
સબકી આશા તજો યું જાની, નરનારાયણ પ્રભુ ઉર આની ।
તે સીઝે સબ કાજ તુમારા, સમજ દેખ જગ જુઠ પસારા ॥૧૦॥
નરનારાયણ આજ અવતારી, જુગ જુગ જન્મ લેત દુઃખહારી ।
પતિત અનેક કરત ભવપારા, સમજદેખ જગ જુઠ પસારા ॥૧૧॥
જન્મ ધર્મકા ફલ યહ ભાઈ, હરિ ભજન સબ કુમત બહાઈ ।
શ્રુતિ સ્મૃતિ સબ કરત પોકારા, સમજ દેખ જગ જુઠ પસારા ॥૧૨॥
મુક્તાનંદ કહત હિત જોઈ, સુખદાયક સુનિયો સબ કોઈ ।
યેહિ બિન ઓર ન ભવજલ આરા, સમજ દેખ જગ જુઠ પસારા ॥૧૩॥
**દોહા** - માયાકૃત મિથ્યા સબેં, જેસો સ્વપન વિલાસ ।
નરનારાયણ દેવ ભજ, ત્યજ સબ જુઠી આસ ॥૧૪॥

ઈતિ શ્રીવૈરાગ્યચિંતામણિઃ ।

## વિવેકચિંતામણિ :-

**દોહા**-વિના વિવેક સંસાર સબ, ભવ ભટકત મતિમંદ ।
સાર અસાર વિવેક જેહી, સોઈ સાધુ જગવંદ ॥૧॥
સંગ કુસંગ અરુ શુભ અશુભ, સમ સમજતો હો જોય ।
બિન બિખાન બિન પૂછકો, પશુ કહાવત સોય ॥૨॥
તાતેં વિમલ વિવેકસેં, સરે સબહિ વિધ કાજ ।
સો સંક્ષેપ સુનાઈહું, સુનિહો સંત સમાજ ॥૩॥

## ચોપાઇ

દેહ આત્મા ભિન્ન ભિન્ન જાનો, એકરુપ કબહુ નહિ માનો ।
દેહ આત્મા ન્યારે દોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૧॥
મનકે ઘાટ સંગ નહી જાના, શ્રીગુરુ વચન અચલ ઠિકાના ।
પ્રાન ગયે ના તજના સોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૨॥
મહામુક્ત મુનિ અનંત અપારા, અતિ સમર્થ સબ વિશ્વ આધારા ।
નરનારાયણ સમ નહિ કોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૩॥
સંત અસંતમેં ભેદ અપારા, જ્યું વિષ અમૃતકે ગુન ન્યારા ।
કહાં મદિરા કહાં ગંગા તોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૪॥
હંસ અરુ બક દેખત સમ દોઉં, ધેનુ થુવરકો પય સમ સોઉં ।
ગુન દેખત સમ હોત ન જોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૫॥
જો વિવેકકું નિંદા જાને, બકધ્યાની હોય શંકા આને ।
સો ખલ જાવત જન્મ વિગોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૬॥
લોભ મોહ સમતામેં શૂરા, પરત્રિય તકત હોય ગુરુ પૂરા ।
અસાધુ જાનો નર સોઈ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૭॥
બરતન પંચ રખત સો સંતા, ભજત નિરંતર શ્રીભગવંતા ।
ઓર ભેખ સબ જગ બગદોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૮॥
અષ્ટ વનિતા સંગ ત્યાગી, લોભ રહિત મુનિવર બડભાગી ।
ઓર મરત ધન કારન રોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૯॥
નિર્માની નિઃસ્પૃહ ઉદારા, સ્વાદરહિત ઉર બ્રહ્મ વિચારા ।
ઈન સંતનમેં રહો ચિત્ત પ્રોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૧૦॥
ત્રિભુવનકી સંપત્તિ ચલી આવે, પલક ન પ્રભુ તજી મન લલચાવે ।
ઉનકે શરન રહો મદ ખોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૧૧॥
જો અતિ પામર નર અતિમંદા, હરિ તજિ જુઠ ફસે જગફંદા ।
ઈનકો સંગ રંગ રહો ધોઇ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૧૨॥
કામ ક્રોધ અરુ લોભ કહાવે, ઈન કરી જીવ નરક માંહી જાવે ।
ઈંદ્રિયસમૂહ રહ્યો વશ્ય ઠોઈ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૧૩॥
કુકર્મ કરી અનંત અપારા, મૂઢ ભરત સબ નિજ શિર ભારા ।
મરત ઉંટ જિમિ પાતક ઢોઈ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઇ ॥૧૪॥

સંત સંગતમેં કટે નિજપાપા, સંત મિટાવે સબ ભવતાપા ।
તાતેં પાપ ન રખના કોઈ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઈ ॥૧૫॥
અપના કિયાસો સબ કોઈ પાવે, ઓરકે શિર ક્યા દોષ લગાવે ।
અમૃત ક્યું પાવત વિખ બોઈ, વિમલ વિવેક કરો શુદ્ધ હોઈ ॥૧૬॥
નામ રુપ માયાકૃત જેતા, કાલ કરાલ ગ્રસત સબ તેતા ।
ન રહો જુઠાકે સંગ મોહી, વિમલ વિવેક કરો શુદ્ધ હોઈ ॥૧૭॥
**દોહા** - પિંડ બ્રહ્માંડ પ્રપંચ સબ, માયામય દુઃખરુપ ।
ઈનપર સો નિજ આતમા, સમજો મરમ અનૂપ ॥૧॥
માયાકૃત ગુન દોષકો, ગિનત ન આવે પાર ।
સંત હંસ જિમિ ગુન ગ્રહત, તજત પ્રપંચ વિકાર ॥૨॥
સાર અસાર વિવેકકો, ફલ યહ પરમ ઉદાર ।
જાની શુદ્ધ નિજ આતમા, પ્રભુ સંગ કરના પ્યાર ॥૩॥
શુદ્ધ વિવેક સંક્ષેપસો, બરન્યો વિવિધ પ્રકાર ।
મુક્ત પ્રેમ જુત ઉર ધરે, તેહિ રીઝત કરતાર ॥૪॥

ઈતિ શ્રીવિવેકચિંતામણિઃ ।

## જ્ઞાનચિંતામણિઃ -

**દોહા** - જ્ઞાન વિના ભવ ન તરે, જરે ન કર્મ અપાર ।
તાતે જ્ઞાન-ચિંતામણિ, બરનું શ્રુતિ અનુસાર ॥૧॥
પ્રકૃતિ પુરુષ પર બ્રહ્મરે, તાકે પર પરબ્રહ્મ ।
સો સ્વરૂપ જબ જાનહિ, તબ છૂટે સબ કર્મ ॥૨॥
કોન માને યહ દેવકું, જાનતહે સબ કોય ।
પ્રગટરુપ જબ પાવહી, સંત કહાવત સોય ॥૩॥
નરનારાયણ દેવસો, જનહિત પ્રગટ પ્રમાણ ।
ગુરુ ગમ કરી તિનકું મિલે, તબ સોઈ પાયો જ્ઞાન ॥૪॥
પ્રગટ દેવકે ધ્યાન બિન, માયા તરત ન જંત ।
રવિ બિન રાત ન મિટત જિમિ, કહત સબહિ શ્રુતિ સંત ॥૫॥

## ચોપાઇ

સાચે સદગુરુ સેવો ભાઈ, જો દેવત હરિ પ્રગટ બતાઈ ।
પ્રગટ દરશ બિન ભવજલ તરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૧॥
ગુરુ બિન કોઉ જ્ઞાન ન પાવે, કોટિક સાધન કર મર જાવે ।
શિરપર રહત જન્મ અરુ મરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૨॥
સાધન કરી કોઈ સુરપુર જાઈ, વિધિ હરસુ પહોંચત કોઈ ધાઈ ।
બ્રહ્માદિકકે ઘરસેં ગિરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૩॥
અષ્ટ સિદ્ધિ નવ નિધિ કહાવે, હરિ તજી ઈનમેં મન લલચાવે ।
તિનકે સંગ તાપ તિહુ જરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૪॥
દેહ ઇંદ્રિ મન પ્રાણહે જેહું, અસત અનામત જાનો તેહું ।
ઈનસેં ભિન્ન નિજ આત્મા કરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૫॥
બ્રહ્મરુપ અપનો દૃઢ જાની, તેહિ પર પુરુષોત્તમ પહિચાની ।
સંશય શોક સબહિ પરહરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૬॥
પરમાતમ કાજહિ દૃઢ જ્ઞાના, ક્ષર અક્ષર પર પ્રગટ પિછાના ।
તાહિ ન રહ્યા કાલસેં ડરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૭॥
હરિકો જ્ઞાન અચલ ઉર ધારી, સાધન બલ ત્યાગહું સુખકારી ।
અનંત પતિત તરે હરિ શરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૮॥
શીલ સંતોષ દયા ઉર રાખો, છલ બલ કપટ દૂર કર નાખો ।
નિડર હોય ભૂપર વિચરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૯॥
કોટિક કષ્ટ પરે જો આઈ, હરિ હિત ટેક ન તજના તાઈ ।
ભજન ભક્તિ તજી નહિ વ્યભિચરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૧૦॥
શ્રી હરિજ્ઞાન અચલ નિધિ ભારી, તેહી બિન ભવ ભટકત નરનારી ।
એહિ બિન ઓરસેં નાંહિ ઉગરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૧૧॥
અન્ય દેવ ઉપાસન તજના, હરિકે ચરણકમલ દૃઢ ભજના ।
અચલ હોય ટાર્યા નહિ ટરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૧૨॥
હરિકો જ્ઞાન અચલ ઉર ધારો, કુમતિ કુસંગ દૂર કર ડારો ।
સંશય શોક ન મન બિચ ભરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૧૩॥
શૂર સતી અરુ ગુરુમુખ જ્ઞાની, પીછા પાવ ધરે બડ હાની ।
હિંમત રહિત ન બચન ઉચરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૧૪॥

ધ્રુવ પ્રહ્લાદ જ્યું ધરી દૃઢ ટેકા, ઉરમેં રખના અચલ વિવેકા ।
મુક્તાનંદ જ્ઞાન ગુન વરના, યાતેં અચલ જ્ઞાન ઉર ધરના ॥૧૫॥

**દોહા** - તેહિ ઉર આવરણ ક્યું રહે, જાહિ ભયો હરિજ્ઞાન ।
નિશિ તમ પ્રબલ ન રહતહિ, પ્રગટ હોત જહાં ભાન ॥૧॥
જ્ઞાન વૈરાગ્ય ભક્તિ તિહું, પ્રગટતહે એક ઠોર ।
જહાં રવિ પ્રકાશત તહાં, તિમિર મિટિ હોત ભોર ॥૨॥
ભક્તિરુપ શુભ પંખિની, જ્ઞાન વિરતિ પર દોય ।
ચિદાકાશમેં ચલત સો, રહત ન આવરણ કોય ॥૩॥
વિરચી સુભગ ચિંતામણિ, કહ્યો અધિક હરિજ્ઞાન ।
પુરુષોત્તમકો જ્ઞાન જેહિ, તેહિ હોવત હરિ ધ્યાન ॥૪॥
જ્યું કોઈ લોભી પુરુષને, પાયો ધન ભંડાર ।
ત્યું પ્રત્યક્ષ પ્રભુ પ્રીછકે, બાઢત પ્રેમ અપાર ॥૫॥

ઈતિ શ્રીજ્ઞાનચિંતામણિઃ ।

## ધ્યાનચિંતામણિઃ -

**દોહા** - બ્રહ્મરુપ મહામુક્ત સો, ભજન જાહિ તજિ માન ।
સો ગુરુ અલખ[૧] લખાઈઆ, તબ તેહિ ધરના ધ્યાન ॥૧॥
શ્રુતિ પુરાન સદ્‌ગ્રંથમેં, એહિ દૃઢ ઉત્તમ સાર ।
ભજન જોગ્ય પ્રભુ પ્રગટસો, ત્યાગન જોગ્ય વિકાર ॥૨॥
કામ ક્રોધ મદ મોહ લોભ, જબ લગ ઉરમેં વાસ ।
તેહિ હરિ મૂરતિ ઉર ધરત, હોવત અધિક પ્રયાસ ॥૩॥
જબ ગુરુ સંતકે વચન સુની, પાવત જુક્તિ જંત ।
તબ તેહિ ઉર હરિધ્યાન દૃઢ, હોત વિમલમતિ સંત ॥૪॥
પ્રગટ રુપકે ધ્યાન બિન, મનકે મેલ નહિ જાય ।
જ્યું રવિ બિન નિશિ ના મિટે, કીજે કોટી ઉપાય ॥૫॥
તબ લગ સાધન સબ વૃથા, ઉર ન જાલું ભગવાન ।
જ્યું નવ જોવન જુવતિ, પતિ બિન ફલકી હાન ॥૬॥
તાતેં હરિજન શુદ્ધમન, ધરત સદા હરિ ધ્યાન ।
પુરુષોત્તમ પરબ્રહ્મકો, હોત તાહિ વિજ્ઞાન ॥૭॥

## ચોપાઇ

પ્રગટ રુપ પુરુષોત્તમ સ્વામી, રહત સદા ઉર અંતરજામી ।
સો પ્રભુ શ્વાસ ઉચ્છવાસ સંભારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૧॥
કામ ક્રોધ અરુ લોભ એ તીના, ધ્યાનવિરોધી કહત પ્રવીના ।
ઈનકો સંગ દૂર કર ડારો, યું હરિ ધ્યાન અચલ ઉર ધારો ॥૨॥
વનિતા અરુ વનિતાકે સંગી, ઈનકે ના હોના પરસંગી ।
હરિવિમુખનકી સંગતિ ટારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૩॥
સપ્ત ધાતુકું સબવિધ ત્યાગો, હરિકે ચરણકમલ અનુરાગો ।
મમતા મોહ પ્રપંચ નિવારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૪॥
અષ્ટ ભાતિ ત્રિયા સંગતિ તજના, બ્રહ્મચર્ય અતિ દઢ કરી સજના ।
કામ કુમતિકા મૂળ ઉખારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૫॥
રસ વશ્ય હોય વિકળ નહિ ફરના, રસના જિતી સ્વાદ પરહરના ।
તો ઈંદ્રિય જય અડગ તુમારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૬॥
પ્રભુ બિન સબનસે ત્યાગો, નરનારાયણ પદ અનુરાગો ।
તન મમતા અતિ વિઘન વિડારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૭॥
સાધન સબહિ વૃથા હોય જાવે, જબ ઉર રંચ માન રિપુ આવે ।
તાતેં પ્રબળ માન રિપુ મારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૮॥
નખશિખ રુપ હૃદય બિચ ધરના, તેહિ બિન ઓર ધ્યાન પરહરના ।
તજના મનકો વૃથા પસારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૯॥
ચરણકમલ અતિશે સુખકારી, અંકુશ ઉર્ધ્વરેખા ભયહારી ।
નિશ દિન ષોડશ ચિન્હ સંભારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૧૦॥
જાનુ જંઘા ઉદર છબી કાજે, ઉર વિશાલ શ્રીસહિત બિરાજે ।
કરિકર સમ ભુજ જુગલ વિચારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૧૧॥
ભાલ વિશાલ નયન છબી ન્યારી, અંગ અંગ કોટી મદન મનહારી ।
નટવર નાગર નંદદુલારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૧૨॥
બંસી બજાય ટેરી વ્રજનારી, જુવતી જુથ મધ્ય દઢ બ્રહ્મચારી ।
કામકો ગર્વ નસાવનહારો, યું હરિ ધ્યાન અચલ ઉર ધારો ॥૧૩॥
ધર્મતનય જનહિત વ્રજવાસી, નિજાનંદ પૂરણ સુખરાશી ।
નિજ જન હિત ઘુમત મતવારો, યું હરિધ્યાન અચળ ઉર ધારો ॥૧૪॥

જોગ ભોગ જેહિ નિજજન કાજા, આપ અગુન સબ સુર મુનિ રાજા ।
તેહિ પ્રતાપ સબ મન મળ જારો, યું હરિધ્યાન અચળ ઉર ધારો ॥૧૫॥
પ્રભુ પ્રતાપ પામર તરી જાવે, અલ્પ અકિંચન બડગતિ પાવે ।
તેહિ બલ જ્ઞાન ધ્યાન વિસ્તારો, યું હરિધ્યાન અચળ ઉર ધારો ॥૧૬॥
ચૌદ લોકકી સંપતિ લ્યાવે, હરિ તજી તાસંગ ના લપટાવે ।
તબ સોઈ હોવત પ્રભુકું પ્યારો, યું હરિધ્યાન અચળ ઉર ધારો ॥૧૭॥
અષ્ટ સિદ્ધિ નવ નિધિ કહાવે, ઠગની જાની નિકટ નહિ જાવે ।
એસો સંત વિશ્વ ઉજિઆરો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૧૮॥
શ્રુતિ પુરાન સદ્ગ્રંથકી બાની, પ્રભુ સંગ પ્રેમસો અતિ ધન્ય પ્રાની ।
તિન કરી હોત પતિત નિસ્તારો, યું હરિધ્યાન અચલ ઉર ધારો ॥૧૯॥
તપ તીર્થ વ્રત સંજમ જેતે, નિમિષ ધ્યાનકી સમ નહિ તેતે ।
હરિ ઉર ધરી મુખ નામ ઉચારો, યું હરિધ્યાન અચળ ઉર ધારો ॥૨૦॥

ઈતિ ધ્યાનચિંતામણિઃ ।

### વિજ્ઞાનચિંતામણિઃ -

**દોહા** - ગુરુ મુખી પાવત જ્ઞાનકું, તેહિ હોવત હરિધ્યાન ।
ધ્યાન જોગ જબ દૃઢ ભયો, તેહી પ્રગટત વિજ્ઞાન ॥૧॥
ત્રપત[1] જ્ઞાન વિજ્ઞાનસેં, સો સાધુ જગવંદ ।
જો યાકુ જન મિલતહે, તાસે હરહિ ભવફંદ ॥૨॥

### ચોપાઇ

જેહી ઉર પ્રગટ ભયે વિજ્ઞાના, તાહિ ન હરિ બિન ભાવત આના ।
પલક ભજન તજી અંત ન જાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૧॥
કામ ક્રોધ મમતા મદ જોઇ, ખપનેઉ ઘાટ ન ઉઠત સોઈ ।
અચલ સિંધુ જિમિ થાહ ન આવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૨॥
માન અમાન કરત કોઉ આઇ, કોઉ પૂજત કોઉ મારત તાઈ ।
ઈન કરીસો સુખ દુઃખ નહિ પાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૩॥
પિંડ બ્રહ્માંડ સત્ય નહી જાને, માયાકૃત સબ મિથ્યા માને ।
પ્રેમ મગન હોઇ હરિગુન ગાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૪॥

પરમ કૃપાળુ સબનપર સોઈ, અપને પર તિનકું નહિ કોઇ ।
સબકું જ્ઞાન ધ્યાન સમજાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૫॥
પ્રકૃતિ પુરુષ પર આપહિ જાને, તેહિ પર પ્રગટ રુપ હરિ માને ।
પ્રભુ પદ તજી ઈત ઉત નહિ ધાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૬॥
જીવનમુક્ત કહાવત જોઈ, દિવ્ય નયન દેખત હરિ સોઈ ।
ચહું દિશ ચૈતન્ય તેજ રહાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૭॥
જલહલ જોત જરત ચહુ પાસા, કરત કોટિ રવિ ચંદ્ર ઉજાસા ।
તેહિ સ્થલ અચલ મુકામ જમાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૮॥
ચૈતન્યમય ત્યાં સબ નરનારી, બિન રચના ગુન ગાત પોકારી ।
બિન કરતાલ મૃદંગ બજાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૯॥
ચહુ દિશ ચૈતન્યમય સબ સંતા, કોટી ભાનુસમ તેજ અનંતા ।
તેહી મંડલ મધ્ય ધ્યાન લગાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવ ॥૧૦॥
પુરુષોત્તમકું સબ પર જાને, અક્ષર અનંત ન્યૂન કુછ માને ।
તાતેં ન્યૂન જીવ ગતિ લાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૧૧॥
અનંત સતી જેહિ ચરણ ઉપાસે, અનંત મુક્ત જેહિ ગુન પ્રકાશે ।
મુક્તાનંદ તેહિ લાડ લડાવે, સોઈ વિજ્ઞાની સંત કહાવે ॥૧૨॥

**દોહા** - વરની વિમલ ચિંતામણિ, કહ્યો મુક્તકો ભેવ ।
ઐસે વિજ્ઞાની અચલ, વ્યાસપુત્ર શુકદેવ ॥૧॥
સત્ ચિત્ આનંદ બ્રહ્મસો, અપનો રુપ પિછાન ।
તાકે પર પરબ્રહ્મકો, ધરત સદા સોઈ ધ્યાન ॥૨॥
સોઈ વિજ્ઞાની સંત હે, તાકે સમ મુનિ સોય ।
પાય અચલ ઉપાસના, સંશય રહ્યો ન કોય ॥૩॥
પુરુષોત્તમ પરમાતમા, જનહિત ધરી અવતાર ।
જબ જબ ભૂપર આવહી, કૃપાસિંધુ કરતાર ॥૪॥
જ્ઞાન ધ્યાન વિજ્ઞાનકું, સો પ્રભુ દેત બતાય ।
તબ પાવત વિજ્ઞાન નર, ઔર ન કછુ ઉપાય ॥૫॥

સોઈ વિજ્ઞાની સંત ઉર, રહત સદા હરિવાસ ।
તેહિ સ્થળ નિશિતમ ક્યૂં રહે, જ્યાં ભયો ભાનુ પ્રકાશ ॥૬॥
સંવત અઢઆર અઢ્યોતેરે, સુખપ્રદ શ્રાવન માસ ।
શુક્લ પક્ષકી દ્વિતીય દિન, પૂરન ગ્રંથ પ્રકાશ ॥૭॥
દુરગ નામ પત્તાન સુભગ, ત્યાં રહે મુનિકે વૃંદ ।
તેહિ સ્થલ ગ્રંથ ઉદે ભયો, પ્રેરક આનંદકંદ ॥૮॥
પંચ રત્ન પુરન ભયે, ચિંતામની સમ સોય ।
દુઃખ દારિદ્રય ન રહત તેહિ, જેહિ ઢિગ યહ મની હોય ॥૯॥
ચાર અધિક ચાલીસ સુભગ, દોહા અમુલિક લાલ ।
સત્યોતેર ચોપાઈકી, ભઈ સુભગ મની ગનમાલ ॥૧૦॥
પંચ રંગકે રત્નકી, દુઃખહર સુંદર દામ ।
જો યાકુ ઉર ધારહી, તાસ સરે સબ કામ ॥૧૧॥
પ્રેમ સહિત યહ ગ્રંથકું, સુને સુનાવે જોય ।
તાપર રીઝે શ્રીહરિ, લહત પરમ પદ સોય ॥૧૨॥
પંચ રત્નકો પાઠ નિત્ય, કરત સુમતિ ઉઠી ભોર ।
નર નારાયણ ઉર વિષે, મિટાત મોહ નિશિ ઘોર ॥૧૩॥
નરનારાયણ દેવકે, અચળ ઉપાસક સંત ।
તિનકે ચરન સરોજકું, વંદુ બાર અનંત ॥૧૪॥

ઈતિ શ્રીવિજ્ઞાનચિંતામણિઃ ।

ઈતિ શ્રીસહજાનંદસ્વામી શિષ્યમુક્તાનંદમુનિવિરચિતં પંચરત્નં સંપૂર્ણમ્ ।



॥વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

## મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

# વિવેક ચિન્તામણિ

### મંગલાચરણમ્

**સાખી** - નિજ ગોલોકમેં રાજહિ, શોભાનિધિ ઘનશ્યામ ।
તેહિ પદપંકજ પ્રેમજુત, ઉર ધરું આઠુ જામ ॥૧॥
રસિકરાય શ્રીકૃષ્ણ સંગ, વ્રજત્રિયા વૃંદ અપાર ।
તેહિ પદરજ અતિપ્રેમ જુત, વંદુ વારમવાર ॥૨॥
કૃષ્ણ હરિ ભગવાન સો, સબવિધ મંગલમૂલ ।
વિઘન વિનાશન ઉર વસો, હરન સબહિ ભવશૂલ ॥૩॥
જાકી કૃપા કટાક્ષસેં, હોત વિઘન સબ નાશ ।
સો શ્રીકૃષ્ણ સબ સુખસદન, મમ ઉર કરહું નિવાસ ॥૪॥
શ્રીગુરુ સહજાનંદકે, પદ સરોજસમ જોઈ ।
મુક્ત કહે અતિ પ્રેમસેં, વંદુ નિરંતર સોઈ ॥૫॥
અધર્મમૂલ ઉખારીકે, કલિમધ્ય સતજુગ કીન ।
મુક્ત કહે શ્રુતિધર્મકું, સ્થાપન કિયો પ્રવીન ॥૬॥
ધર્મ જ્ઞાન વૈરાગ્ય જુત, ભક્તિ એકાંતિક જેહુ ।
મુક્ત કહે નિજભક્ત ઉર, અતિદૃઢ સ્થાપિ તેહુ ॥૭॥
મોહજનિત અભિમાનજુત, વિમુખ જીવકે વૃંદ ।
મુક્ત તાહી મુનિસમ કીયે, શ્રીગુરુ સહજાનંદ ॥૮॥
એસે અધિક પ્રતાપ જુત, સહજાનંદ ગુરુ જોય ।
અંગઅંગકી સાખીકરન, આજ્ઞા દિનિ મોય ॥૯॥
સોઈ મમ ગુરુ મમ ઈષ્ટ સો, તાસ વચન ધરી શિશ ।
રચું વિવેક ચિંતામની, હૃદે ધારી જગદીશ ॥૧૦॥

## ૧ સદ્‌ગુરુકો અંગ -

**સાખી** - પુરુષોત્તમ પરબ્રહ્મકો, જાહિ જથારથ જ્ઞાન ।
મુક્તાનંદ કહે સો મુનિ, સદ્‌ગુરુ બ્રહ્મસમાન ॥૧॥
કામ ક્રોધ મદ લોભસેં, રહિત સદા ગુરુદેવ ।
વાસુદેવ જગવંદકી, કરત નિરંતર સેવ ॥૨॥
મુક્ત કહે સાચે ગુરુ, ગોવિંદ દેત બતાય ।
તિનકે ચરન સરોજકું, વંદુ સદા ચિત લાય ॥૩॥
સબ નિયમ સત્સંગકે, લેશ ન લોપત જોય ।
મુક્ત કહે શુભ ગુનસદન, સાચે સદ્ગુરુ સોય ॥૪॥
બ્રહ્મરુપ હોય હરિ ભજે, કનક કામિની ત્યાગ ।
મુક્ત કહે સો સદ્‌ગુરુ, મિલે તાસ બડભાગ ॥૫॥
ધર્મ જ્ઞાન વૈરાગ્યજુત, પુનિ હરિભક્ત સુધીર ।
મુક્ત કહે સો સદ્‌ગુરુ, હરત વિકટ ભવપીર ॥૬॥
અર્ધ નિમેષ હરિભજન તજિ, ત્રિભુવન સુખ નહિ લેત ।
મુક્ત કહે સો સદ્‌ગુરુ, જ્ઞાન જથારથ દેત ॥૭॥
પ્રભુસમ દુજે દેવકું, કબહુ ન જાનત જોય ।
મુક્ત કહે વિજ્ઞાન જુત, સાચે સદ્‌ગુરુ સોય ॥૮॥
પુરુષોત્તમ પરબ્રહ્મકું, સદા કહત સાકાર ।
બ્રહ્મરુપ હોય હરિ ભજે, સો ગુરુદેવ ઉદાર ॥૯॥
શ્રુતિ પુરાણ સદ્‌ગ્રંથકે, વચન ન લોપત લેશ ।
મુક્ત કહે સો સદ્‌ગુરુ, કરત સત્ય ઉપદેશ ॥૧૦॥
ગુરુ દેવનકે દેવહે, ગુરુ ગોવિંદ ગુન ગાત ।
મુક્ત કહે સંશય હરે, સો સદ્‌ગુરુ સાક્ષાત ॥૧૧॥
ઈન લક્ષન જુત સદ્‌ગુરુ, સેવત શિષ્ય સુજાન ।
મુક્ત કહે તેહી હોત હે, વાસુદેવકો જ્ઞાન ॥૧૨॥

(અંગ ॥૧॥ સાખી ॥૨૨॥)૨ કપટગુરુકો અંગ -

**સાખી** - કામ ક્રોધ મદ લોભરત, હ્રદે જ્ઞાન નહિ લેશ ।
મુક્ત કહે સો કપટ ગુરુ, કરત અસત ઉપદેશ ॥૧॥
પરધન પરત્રિયા હરનકું, દેવત મિથ્યા જ્ઞાન ।
મુક્ત કહે સો કપટ ગુરુ, સબ ઠગ જારસમાન ॥૨॥
જાહી પ્રગટ પરબ્રહ્મકો, સ્વપનેઉ દર્શન નાંહી ।
મુક્ત કહે સો કપટ ગુરુ, ડારત નરકની માંહી ॥૩॥
જ્ઞાન ધ્યાન બિન ગુરુ ભયે, સબકો ફુંકત કાન ।
મુક્ત કહે બક ધ્યાન ધરી, હરત સબનકે પ્રાન ॥૪॥
ધર્મસર્ગકી ગમ નહી, અધર્મમેં રહે લીન ।
મુક્ત કહે સો કપટ ગુરુ, પરધન હરન પ્રવીન ॥૫॥
પ્રભુકી ગમ નહી આપકું, ગુરુ હોઈ દેવત જ્ઞાન ।
મુક્ત શાહ જુઠ્ઠો બન્યો, હરન ઓરનકો પ્રાન ॥૬॥
ભૃગુ નંદિકે શાપસેં, એસે પુરુષ અપાર ।
મુક્ત કહે ધન ધુતને, ગુરુ હોઈ ફિરત ગમાર ॥૭॥
મુક્ત કહે મતિમંદકું, ગુરુકી નાહી પિછાન ।
તાતે નરત્રિયા ભેડ જ્યું, જાય ફુંકાવત કાન ॥૮॥
લોભી લંપટ ને લાલચી, પ્રભુકી નાહી પિછાન ।
મુક્ત કહે એસે ગુરુ, જમકે દૂતસમાન ॥૯॥
કાનફુંકા ઘરઘર ફીરે, પરધન પરત્રિયા કાજ ।
મુક્ત કહે મતિમંદકું, નેક ન આવત લાજ ॥૧૦॥
ઓરકે જન્મ બિગારહિ, ઉદર ભરનકે હેત ।
મુક્ત કહે સો કપટ ગુરુ, બુડત કુટુંબ સમેત ॥૧૧॥
મુક્ત કહે ધન ધુતને, જિતને ચેલા કીન ।
લખ ચોરાશીમેં ફીરે, તિતની બાર મલીન ॥૧૨॥
ધન ધુતન ગુરુ હોત સો, મરીકે સર્જત શ્વાન ।
શિષ્ય ગીંગોરા હોય કે, લપટત કંઠ અરુ કાન ॥૧૩॥
ગંડક ગુરુ કે શિષ્ય સબ, ભયે ગીંગોરા જોય ।
મુક્તાનંદ કહે રોષસે, પીત રુધિરકું સોય ॥૧૪॥

જ્ઞાન બિના ગુરુ શિષ્યકે, ટરત ન ભવકે પાસ ।
મુક્ત કહે જમદૂતકી, તાહી મિટત નહી ત્રાસ ॥૧૫॥
ધન ધુતન ચેલા કરે, ગુરુ હોઈ બેઠે આપ ।
વિશ્વહનનકો મુક્ત કહે, તેહી શિર લાગત પાપ ॥૧૬॥
ત્યાગી હોય ધન નારીકો, સંગ ન ત્યાગત જોય ।
મુક્તાનંદ કે'કપટ ગુરુ, તજન જોગ્ય હે સોય ॥૧૭॥
કામ ક્રોધ મદ લોભકો, જબ લગ ઉરમેં વાસ ।
મુક્ત કહે સો કપટ ગુરુ, બેઠન જોગ્ય ન પાસ ॥૧૮॥
ઉદ્ધવમત બિન ઓર સ્થલ, કપટગુરુ કે વૃંદ ।
મુક્ત કહે ઘરઘર ફિરે, ધન ધુતન મતિમંદ ॥૧૯॥
પ્રથમ તજે સંસારસુખ, ફિર સોહી ઈછત જેહુ ।
મુક્ત કહે ચંડાલસમ, તજન જોગ્ય હે તેહુ ॥૨૦॥
ઈન લક્ષણ જુત કપટ ગુરુ, હરત મનુષ્યતન પ્રાન ।
મુક્ત કહે તાકું તજો, જાનિ કસાઈ સમાન ॥૨૧॥

**(અંગ ॥૨॥ સાખી ॥૪૩॥)**

## ૩ ઉપદેશકો અંગ -

**સાખી** - વાસુદેવકે ભજન બિન, વૃથા ન ભરના શ્વાસ ।
મુક્ત કહે હરિભજનસેં, ઉરમેં હોત પ્રકાસ ॥૧॥
જિન રાખ્યો ગર્ભવાસમેં, દે દે અમૃત આહાર ।
મુક્તાનંદ કહે સો ભજો, કરુણાનિધિ કરતાર ॥૨॥
જઠર અગ્નિકી ઝાલમેં, જરન ન દિનો તોય । ।
મુક્તાનંદ અતિ પ્રેમસેં, સદા ભજો પ્રભુ સોય ॥૩॥
જિન તોકું ગર્ભવાસમેં, દિયો અનંત ભવજ્ઞાન ।
મુક્ત કહે ભજ સો પ્રભુ, વાસુદેવ ભગવાન ॥૪॥
જા પ્રભુકું ગર્ભવાસમેં, બોલ કોલ તેં દીન ।
મુક્ત કહે તેહી ભજનસેં, ભવજલ તરો પ્રવીન ॥૫॥
નારાયણકે નામસેં, પતિત લહન ભવપાર ।
મુક્ત કહે ભજ તાહિકું, જાનિ સદા સાકાર ॥૬॥

ભરતખંડ નરતન દિયો, વાસુદેવ જગવંદ ।
મુક્ત કહે ભજ તાહિકું, હરન વિકટ ભવફંદ ॥૭॥
જા તનકું સુર ચહતહે, કરન અવિદ્યા અંત ।
મુક્ત મનુષ્યતનમેં મિલે, વાસુદેવ ભગવંત ॥૮॥
શ્વેતદ્વીપપતિ શ્યામ વિન, ધરત ભરોંસા ઓર ।
મુક્ત કહે સો મનુષ્યકું, નાંહી નરકમેં ઠોર ॥૯॥
વાસુદેવ ભગવાન સો, ધરત સબહી અવતાર ।
મુક્ત કહે તેહી ભજનસેં, પતિત હોત ભવપાર ॥૧૦॥
વાસુદેવકું ત્યાગીકેં, પૂજત ભૈરવ ભૂત ।
મુક્ત કહે સો મૂઢ નર, માકે પેટ કપૂત ॥૧૧॥
વાસુદેવ પ્રભુ છાંડિકે, અન્ય દેવ રત કહે જોય ।
મુક્તાનંદ ગંગાતટ, કૂપ ખનત શઠ સોય ॥૧૨॥
સુંદર નરતન પાયકે, જો ન ભજત જગદીશ ।
મુક્ત કહે તાપર ચઢે, જમકિંકરકું રીશ ॥૧૩॥
મુક્ત મનુષ્ય તન પાયકે, કરત ન હરિગુન ગાન ।
સુનત ન હરિગુન હેતસે, તિનકે હ્રદે પાષાન ॥૧૪॥
મુક્ત મનુષ્યતનુ પાયકે, જો હરિભક્ત ન હોત ।
સો જમપુરીમે જાયકે, અતિ શિર કુટત રોત ॥૧૫॥
મુક્ત મનુષ્યતન પાયકે, જો ન ભજત જદુનાથ ।
સો પીછે પિસ્તાયગે, બોત ઘસેગે હાથ ॥૧૬॥
મુક્ત મનુષ્યતન પાયકે, કરત ન હરિસું હેત ।
પાપભાર શિરપર ભરે, જિવત જેસે પ્રેત ॥૧૭॥
મુક્ત મનુષ્યતનુ પાયકે, જાહિ ન મીલે ભગવાન ।
વૃથા જનમ તાકો ભયો, તેહી સમ ઓર ન હાન ॥૧૮॥
મુક્ત મનુષ્યતન પાયકે, જો ન જપત હરિજાપ ।
શ્રવન સુનત નહિ હરિકથા, તાકે પૂરન પાપ ॥૧૯॥
મુક્ત મનુષ્યતન પાયકે, હરિવિમુખનસે હેત ।
સો નર નરકે જાતહે, કુટુંબ પ્રવાર સમેત ॥૨૦॥

મુક્ત મનુષ્યતન પાયકે, હરિગુન સુનત ન કાન ।
તાસ શ્રવન કુંડલ સહિત, સર્પકે બિલસમાન ॥૨૧॥
મુક્ત મનુષ્યતન પાયકે, કર ન કરત હરિકાજ ।
તાકે ભુજ ભુષનસહિત, શબ સમાન દુઃખસાજ ॥૨૨॥
મુક્ત મનુષ્યતન પાયકે, જીભ ન હરિ ગુન ગાત ।
સો દાદુર કી જીભ સમ, વૃથા બકત દિન રાત ॥૨૩॥
હરિ ગુરૂ સંતકું પ્રેમસે, નમત ન જાકો શીશ ।
મુક્ત કહે તેહી ઢોવને, ભાર દિયો જગદીશ ॥૨૪॥
મુક્ત કહે સો મનુષ્યકે, પગ ન ચલત પ્રભુપાસ ।
તાકે પગ ચરુપેડ સમ, કહતહે સબ હરિદાસ ॥૨૫॥
મુક્ત મનુષ્યતન પાયકે, હરિ ઉર ધારત નાહી ।
વૃથા શ્વાસ તેહી ધમનસમ મૃતકતુલ્ય જગમાંહી ॥૨૬॥
જો પ્રભુ ભવજલ તરનકું, દિયો મનુષ્યતન નાવ ।
મુક્ત કહે ભજ તાહીકું, મત ચુકે અબ દાવ ॥૨૭॥
મુક્તાનંદ કહે મનુષ્યતન, હરિ ભજવેકો સાજ ।
તાતે સમરો શ્રીહરિ, સરે સબહિ વિધ કાજ ॥૨૮॥
શ્રુતિ પુરાન સદ્ગ્રન્થકો, એહિ અનુપમ સાર ।
મુક્ત કહે હરિદાસ હો, તજના વિષય વિકાર ॥૨૯॥

**(અંગ ॥૩॥ સાખી ॥૭૨॥)**

## ૪ કાળત્રાસકો અંગ -

**સાખી** - બ્રહ્માઆદિ કીટલગ, નામ રુપ હે જોઈ ।
મુક્ત કાલકી ઝાલમેં, રહન ન પાવે કોઈ ॥૧॥
મેડી મંદિર સાયબિ, ગજ તુરગ સુત વામ ।
મુક્ત કહે મરને સમે, કોઈ ન આવત કામ ॥૨॥
દેશ વિલાયત સાયબિ, ધન દોલત પરિવાર ।
મુક્ત કાલકી ઝાલસે, હોત પલકમેં છાર ॥૩॥
મેરી મેરી કરતહે, ઘરઘર આશ અજાન ।
મુક્ત ન કોઈ કાહુકો, જબ નિકસત હે પ્રાન ॥૪॥

માત પિતા સુત જુવતિ, સેવક જોરત હાથ ।
મુક્ત કહે જબ તન તજે, તબ કોઉ ચલત ન સાથ ॥૫॥
મુક્તાનંદ કહે મૂઢ નર, તજત ન તનસે નેહ ।
ઝપટત કાલ શીચાન જ્યું, કરત દેહકી ખેહ ॥૬॥
મુક્ત મોહવશ મૂઢ નર, દેહકું માનત આપ ।
કાલ અચાનક ગ્રસત તબ, પાવત અતિસંતાપ ॥૭॥
બાદરકી છાયાસમ, ધન તન જોબન ગેહ ।
મુક્ત કહે સો મૂઢ નર, તા સંગ કરત સનેહ ॥૮॥
કોટી સયાને કરી મરે, હિંમત હુંનર હજાર ।
મુક્ત કહે ત્યું હોત હે, જ્યું ધાર્યો કરતાર ॥૯॥
મુક્ત મોહવશ મનુષ્યકું, કાલત્રાસ નહિ લેશ ।
તાતે સદ્‌ગુરુ સંતકો, ના માનત ઉપદેશ ॥૧૦॥
મુક્ત મોહવશ મનુષ્યકું, નાહિ કાલકી ત્રાસ ।
તાતે કુકર્મ ના તજે, હો નર હરિકે દાસ ॥૧૧॥
કોલ દિયો ગર્ભવાસમેં, ભુલ ગયો સોઈ બાત ।
મુક્ત ન ભુલત કાલ તેહિ, આય અચાનક ખાત ॥૧૨॥
મુક્ત મનોરથ જીવકે, કબહું ન પૂરન હોત ।
તાતેં તૃષ્ણા ના મિટે, જડમતિ જન્મ વિગોત ॥૧૩॥
મુક્ત મોહવશ મનુષ્યકી, વૃથા આયુષ સબ જાત ।
ભજન ભક્તિમેં ક્ષણ ગયો, તાકું કાલ ન ખાત ॥૧૪॥
ચૌદ ભુવન લગ સબનકું, કાલ વ્યાલકી ત્રાસ ।
મુક્ત કાલ તેહી ના ગ્રસે, જો હોવત હરિદાસ ॥૧૫॥
ચેત ચેત નર બાવરે, સંત શિખામન દેત ।
મુક્ત કહે તોય કાલરિપુ, આય અચાનક લેત ॥૧૬॥
મુક્ત કાલકે જોરસેં, જબ બૂઢા હોઈ જાત ।
સગે કુટંબિ જુબતિ સુત, કોઈ ન પુછત બાત ॥૧૭॥
મુક્ત કહે સબ મનુષ્યકું, નિજ સ્વારથમેં તાન ।
સ્વારથ બિન બુઢો ભયો, કોઉ ન દેવત માન ॥૧૮॥

જેસે બુઢે બેલકું, ખેડુ દેબત ન ખાન ।
મુક્ત કહે ત્યું વૃદ્ધકો, સબહિ કરત અપમાન ॥૧૯॥
હાથ લકુટીયાં લે ચલે, થરથર કંપત શિશ ।
મુક્ત કહે મહાદુઃખ સહે, તોહુ ન ભજત જગદીશ ॥૨૦॥
દાંત સબે મુખસેં ગિરે, ઝરત નાકસેં નીર ।
મુક્ત કહે તોઉ પાપીયા, ના સુમરત બલવીર ॥૨૧॥
નારી પુત્ર સબ શ્વાન જ્યું, દૂરસે અન્ન દે જાત ।
મુક્ત કહે મહા શોકસેં, રોય રોયકે ખાત ॥૨૨॥
મુક્તાનંદ કહે ડોકરા, મરન ભયો જબ ત્યાર ।
લોકલાજ રાખન તબ, આયો સબ પરિવાર ॥૨૩॥
નયન નીર બરષન લગે, સબ કુટુંબકું જોય ।
મુક્ત કહે મતિમંદકું, હરિસું હેત ન હોય ॥૨૪॥
વાત પિત્ત કફકો તબે, બાઢત જોર અપાર ।
મુક્ત કહે તબ જીવકું, રહત ન કછું સંભાર ॥૨૫॥
જમકિંકર તબ આવહી, ગદા પાશ લે હાથ ।
મુક્ત કહે હરિ શરણ બિન, તલપત જીવ અનાથ ॥૨૬॥
બિછુકે સમ વેદના, રોમ રોમ જબ હોય ।
મુક્ત કહે હરિવિમુખ નર, તબ તન ત્યાગત સોય ॥૨૭॥
જબ જમ પકરત જીવકું, કંઠમેં ડારત પાશ ।
મુક્ત કહે સંગ લે ચલે, અધિક દેખાવત ત્રાસ ॥૨૮॥
મુક્ત કહે મતિમંદકું, જમ દેવત અતિમાર ।
મુહૂર્તમેં લે જાતહે, જોજન નેઉ હજાર ॥૨૯॥
જબ જમ ભૂખે હોત તબ, કાટી કાટી તન ખાત ।
મુક્ત કહે હરિવિમુખ નર, હાય વોય વિલલાત ॥૩૦॥
મુક્ત કહે મારગવિષે, રેતી તપત અપાર ।
લોહકે કાંટા રાહમેં, કહું કહું જરત અંગાર ॥૩૧॥
એહિ મગ પાપી જીવકું, જમ જોરે લે જાત ।
મુક્ત કહે સો દેખહી, પાપકે ફલ સાક્ષાત ॥૩૨॥

ધર્મરાય આગે જબે, પ્રાણી ઠાઢો હોય ।
મુક્ત કહે હરિવિમુખકું, સંગ ન દુજા કોય ॥૩૩॥
ધર્મરાય પુછન લગે, પાપ પુણ્યકી બાત ।
મુક્ત કહે હરિ વિમુખ નર, તબ અતિશે પિસ્તાત ॥૩૪॥
ધર્મરાય નિજદૂતકું, પાતક દેત બતાય ।
મુક્ત કહે જ્યું અઘ મિટે, ત્યું જમ કરત ઉપાય ॥૩૫॥
મુક્ત કહે લઘુ બાલ જબ, અશુધ ભૂમિમેં જાત ।
તબ તેહિ ધોવત નીરસે, શુધ કરનકું માત ॥૩૬॥
મુક્ત કહે હરિવિમુખકું, ત્યું દેવત જમ માર ।
તબ પાપિકે શિશસેં, મિટત પાપકો માર ॥૩૭॥
નરકકુંડ છ લાખ અરુ, ચોરાશિ હજાર ।
મુક્ત કહે સબ કુંડમેં, પાપી ખાવત માર ॥૩૮॥
જ્યું પાપી પાતક કિયે, ત્યું જમ દેવત માર ।
મુક્ત કહે હરિ વિમુખ નર, અતિશે કરત પોકાર ॥૩૯॥
જાકે હિત કુકર્મ કિયે, સો સંબંધિ ધન ધામ ।
મુક્ત કહે મહા કષ્ટમેં, કોઈ ન આવત કામ ॥૪૦॥
યું પાપી કે પાપ સબ, દંડસે હલકે હોય ।
મુક્ત કહે તબ ભોગવે, લખ ચોરાશી સોય ।૪૧॥
અંડજ ઉદ્‌ભિજ સ્વેદજ જરા, ચારું ખાન કહાંઈ ।
જાતિ એકવીસ લાખકે, ભેદ હે એક એક માંઈ ॥૪૨॥
લખ ચોરાશિ ભ્રમત તબ, પાપી પાવત ક્લેશ ।
મુક્ત કહે કોઉ ઠોર તેહી, કબહુ ન સુખ લવલેશ ॥૪૩॥
જહાં જહાં પાવત જન્મકું, તહાં તહાં ખાવત કાલ ।
મુક્ત કાલકી ઝાલમેં, પાપી ફિરત બેહાલ ॥૪૪॥
એસે પાપી જીવ પર, જબ રીઝત કરતાર ।
મુક્ત કહે તેહી ભરતખંડ, દેત મનુષ્ય અવતાર ॥૪૫॥
મુક્ત મનુષ્યતન પાયકે, જબ હોવત હરિદાસ ।
તબ તાકે શિરસેં ટરે, કાલ વ્યાલકો ત્રાસ ॥૪૬॥

**(અંગ ॥૪॥ સાખી ॥૧૧૮॥)**

### ૫ દેહ આત્મા વિજોગકો અંગ -

**સાખી** - બોલનહારા જીવ સો, જબ ત્યાગત નિજ દેહ ।
મુરદાકે સંગ મુક્ત કહે, કોઉ ન રખત સનેહ ॥૧॥
માત પિતા સુત જુવતિ, રાખત અતિશે પ્યાર ।
મુક્ત કહે ચેતન ગયે, સબ મિલ કાઢત બા'ર ॥૨॥
અધિક રુપ ગુન ચાતુરી, સબ કોઈ આદર દેત ।
મુક્ત કહે ચૈતન ગયે, કોઉ ન રાખત દેત ॥૩॥
ઉચ્ચો કુલ વિદ્યા અધિક, કરણી દેવસમાન ।
મુક્ત કહે ચેતન ગયે, શબ સોહત શમસાન ॥૪॥
અતિ દાતા આચાર જુત, ઉત્તમ કુલ વિખ્યાત ।
મુક્ત કહે ચેતન ગયે, તાહી અડત અભડાત ॥૫॥
ખાત પીત બોલે ચલે, સુંદર ગુનકો ધામ ।
મુક્ત કહે ચૈતન ગયે, કછુ ન આવત કામ ॥૬॥
સુત નારી પરિવાર સબ, રાખત અતિશે હેત ।
મુક્ત કહે ચૈતન ગયે, જારી છાર કરી દેત ॥૭॥
નવજોબન નિજ જુવતિ, કંઠ લગાવત જોય ।
મુક્ત કહે ચૈતન ગયે, ડરી ભાગતહે સોય ॥૮॥
આન દાન સબે દેશમેં, હુકમ ન ફેરત કોય ।
મુક્ત કહે ચેતન ગયે, હોત ખાખસમ સોય ॥૯॥
જાહિ પ્રગટ મોહન મિલે, ઐસે સંત સુજાન ।
મુક્ત કહે ચેતન ગયે, સોઉ ન દેવત જ્ઞાન ॥૧૦॥
દેવ દનુજ નર નાગમેં, અતિ સુંદર તનુ જેહુ ।
મુક્ત કહે ચૈતન ગયે, હોત નકારા તેહુ ॥૧૧॥
સબહિ ભાતિ ચૈતન બિના, સુખ દાયક નહિ દેહ ।
મુક્ત કહે મતિમંદ સો, તનસું કરત સનેહ ॥૧૨॥
મુક્ત કહે મતિમંદ સો, દેહકું માનત આપ ।
ચેતન ભિન્ન ન જાનહી, તાકે પૂરન પાપ ॥૧૩॥
મુક્ત કહે સબ જીવ જુત, ભાસત સુંદર દેહ ।
જીવ ગયેસે પ્રેતસમ, અતિ અશુદ્ધ જડ એહ ॥૧૪॥

તાતે સબકોઈ કરત હે, ચેતનકો સનમાન ।
મુક્ત કહે યહ મર્મકું, જાનત સોઈ સુજાન ॥૧૫॥

**(અંગ ॥૫॥ સાખી ॥૧૩૩॥)**

## ૬ તૃષ્ણાકો અંગ -

**સાખી** - વાસુદેવકે ભજનમેં, વિઘન કરતહે આય ।
મુક્ત કહે સબકું લગી, તૃષ્ણારુપ બલાય ॥૧॥
પંચ વિષયમેં પ્રીત હે, સોઈ તૃષ્ણાકો રુપ ।
મુક્ત કહે તાકું તજે, સો હરિભક્ત અનુપ ॥૨॥
કાચે પોચે જીવસે, તૃષ્ણા તજી ન જાત ।
મુક્ત કહે મહા પાપણી, તૃષ્ણા સબકું ખાત ॥૩॥
બુઢાપનમેં તન ઘટે, ઘટત રુપ બલ આહાર ।
મુક્ત કહે નિત્ય નિત્ય નઈ, તૃષ્ણા બઢત અપાર ॥૪॥
સબ ભૂમિકો રાજસો, જબ કોઈ પાવત એક ।
મુક્ત કહે તાકું બઢે, તૃષ્ણા ઓર અનેક ॥૫॥
ચંદ્ર ઈંદ્ર અજ લોકલું, જહાં જહાં જાવત સોય ।
મુક્ત કહે સંતોષ બિન, તૃષ્ણા નિત્ય નઈ હોય ॥૬॥
તૃષ્ણા તું મહાપાપની, લેત સબનકી લાજ ।
મુક્ત કહે લલચાયકે, સબકો કરત અકાજ ॥૭॥
તૃષ્ણા તું નકટી ભઈ, લાજ ન રાખત લેશ ।
મુક્ત કહે કહાંલુ કહું, તોય સત્ય ઉપદેશ ॥૮॥
તૃષ્ણા તું ભઈ રાક્ષસી, સબ જીવનકું ખાત ।
મુક્ત કહે સંતોષ બિના, કબહું નાહી અઘાત ॥૯॥
જયું જયું ભુક્તત ભોગ ત્યું, તૃષ્ણા બઢત અપાર ।
મુક્ત કહે પાવક વિષે, જયું હોમત ઘૃતધાર ॥૧૦॥
હરિ બિન સાધન જોરસે, તૃષ્ણા ટારી ન જાત ।
મુક્ત કહે અતિ રોષસે, તૃષ્ણા તાકું ખાત ॥૧૧॥
મુક્ત કહે મહાપ્રલયમેં, મિટત સબહી સંસાર ।
તબહું તૃષ્ણા ન મિટે, ભુખી હોત અપાર ॥૧૨॥

મુક્ત કહે હરિ શરણ બિન, તૃષ્ણા ટારત જોય ।
તૃષ્ણા ટારી ના ટરે, નાશ હોત નર સોય ॥૧૩॥

**(અંગ ॥૬॥ સાખી ॥૧૪૬॥)**

## ૭ તૃષ્ણાનિવારણકો અંગ -

**સાખી** - મુક્ત કહે મહિમા સહિત, ઉર ધારત ભગવાન ।
તબ સંતોષી હોયકે, તૃષ્ણા તજત સુજાન ॥૧॥
વાસુદેવકે રુપકો, જબ ઉર હોત પ્રકાશ ।
મુક્ત કહે તબ હોત હે, તૃષ્ણા તમકો નાશ ॥૨॥
વાસુદેવકે ચરનકો, નાવ કરતહે જોઈ ।
મુક્ત કહે તરી જાતહેં, તૃષ્ણા સાગર સોઈ ॥૩॥
તૃષ્ણા સાગર તરનકું, પ્રભુપદ નૌકા એક ।
મુક્ત કહે તેહિ આશરે, તરી ગયે સંત અનેક ॥૪॥
વાસુદેવ જગવંદકો, સદા રહત જેહી ધ્યાન ।
મુક્ત કહે તેહી હોતહે, અન્ય સુખ નરકસમાન ॥૫॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, ધર્મ સહિત મુનિ ધીર ।
મુક્ત કહે તેહી સંગ ટરે, તૃષ્ણા તિખિ પીર ॥૬॥
મુક્ત કહે તૃષ્ણા મિટે, સેવત હરિ ગુરુ સંત ।
સદા રહત તેહિ ઉરવિષે, વાસુદેવ ભગવંત ॥૭॥
મુક્ત કહે જાકે હૃદે, પ્રગટ પ્રભુકો વાસ ।
વાકિ તૃષ્ણા સહિત સબ, હોત અવિદ્યા નાસ ॥૮॥

**(અંગ ॥૭॥ સાખી ॥૧૫૪॥)**

## ૮ ધીરજકો અંગ –

**સાખી** - સબહી અંગ સંજુક્ત સો, દિયો મનુષ્યતન આપ ।
મુક્ત કહે પ્રભુ કાયકું, પેટ દિયો મહાપાપ ॥૧॥
વરષા ઋતુમેં ભરતહે, નદી કૂપ અરુ તાલ ।
મુક્ત કહે નહી ભરતહે, પાપી પેટ વિશાલ ॥૨॥

મુક્ત કહે મહા સિંધુમેં, જ્યું નદ નદી સમાત ।
તેસેં નિશદિન પેટ હું, જો આવત સોહી ખાત ॥૩॥
પેટ કરાવત ચાકરી, પેટ કરાવત પાપ ।
મુક્ત કહે યહ પેટવશ, સબ પાવત સંતાપ ॥૪॥
ભર ભર હાર્યો પેટકું, ફીર રીતો હોઈ જાત ।
મુક્ત કહે ભુખ્યો સદા, કબહું ન પેટ અઘાત ॥૫॥
પેટ નચાવત નાયકા, પેટ તજાવત લાજ ।
મુક્ત કહે સબ પેટવશ, કરતહે કાજ અકાજ ॥૬॥
પેટ બઢાવત વેરકું, પટે કટાવત શિશ ।
મુક્ત કહે યહ પેટસો, પાપ દીયો જગદીશ ॥૭॥
જો નહી હોતા પેટતો, કરત ન ઓર ઉપાય ।
મુક્ત કહે હરિચરનમેં, રહત સદા લપટાય ॥૮॥
સબ પ્રાણીકું પેટવશ, રહત ન લેશ ગુમાન ।
મુક્ત દીન હો ફીરત સબ, જ્યું ખર સૂકર શ્વાન ॥૯॥
પેટ કાજ જેતા કરે, તેતા હરિ હિત હોય ।
મુક્ત કહે હરિધામમેં, તાકુ આડય ન કોય॥ ॥૧૦॥
સબ દિન ચિંતા પેટકી, કરત સકલ સંસાર ।
મુક્ત કહે મહાફિકરમેં, કબ સુમરે કીરતાર ॥૧૧॥
**(અંગ ॥૮॥ સાખી ॥૧૬૫॥)**

### ૯ વિશ્વાસકો અંગ -

હો નચિંત ચિંતા તજો, લખિ સમર્થ કરતાર ।
પેટ દિયો જેહી મુક્ત કહે, સો પ્રભુ દેત અહાર ॥૧॥
સ્વર્ગ મૃત્યુ પાતાલમેં, જીવ કહાવત જેહુ ।
પેટ દિયો જેહી મુક્ત કહે, પેટ ભરત પ્રભુ તેહુ ॥૨॥
પશુ પંખી પ્રભુ ના ભજે, તિનકું દેત અહાર ।
મુક્ત કહે સો ભકતકી, ક્યું ન કરત સંભાર ॥૩॥
સુકે કાષ્ટમેં જીવકું, જલ પીવનકું દેત ।
સોઈ વિશ્વંભર મુક્ત કહે, સાર સબનકી લેત ॥૪॥

ભુખહિ ભુખ પોકારીકે, કરત સબનકી આસ ।
મુક્ત કહે ક્યું ના રખે, સો પ્રભુકો વિશ્વાસ ॥૫॥
મુક્ત કહે યહ મહાપ્રભુ, કિનો સબ સંસાર ।
સો બ્રહ્માસેં કિટલગ, સબકી લેત સંભાર ॥૬॥
સો પ્રભુકે વિશ્વાસ બિન, શ્વાન જ્યું ઘરઘર જાત ।
મુક્ત કહે જગ જાચહી, તરુ તરુ તોરત પાત ॥૭॥
મુક્ત કહે મતિમંદકું, પ્રભુકો નહિ વિશ્વાસ ।
તાતે ઘરઘર ફિરતહે, ધરધર મિથ્યા આસ ॥૮॥
પાય પસારે સોય રહે, મત કર ચિંતા લેશ ।
મુક્ત કહે જ્યું ભાગ્ય ત્યું, દેત સદા દેવેશ ॥૯॥
અનઈચ્છે જ્યું સબનકું, આવત તનમેં રોગ ।
મુક્ત કહે ત્યું ભાગ્ય સમ, પાવત સુખ સંજોગ ॥૧૦॥
ભાગ્ય વિના ભટકત ફિરે, હુન્નર કરત હજાર ।
મુક્ત કહે કેસે મીલે, જો ન લખ્યો કરતાર ॥૧૧॥
જેસો અપને ભાગ્યમેં, સો દેવત જગદીશ ।
મુક્ત કહે કરતાર પર, વૃથા ન કરની રીશ ॥૧૨॥
જેતા અપને ભાગ્યમેં, તાહીસેં પૂરણ હોય ।
મુક્ત સદા મોહન ભજે, સંતકે લક્ષણ સોય ॥૧૩॥

**(અંગ ॥૯॥ સાખી ॥૧૭૮॥)**

## ૧૦ દેહ મલિનકો અંગ -

**સખી** - મુક્ત કહે સબ મનુષ્યકે, અતિશે દેહ મલિન ।
તાસ ગર્વ તજી હરિ ભજે, સો હરિભક્ત પ્રવીન ॥૧॥
સુંદર અન્ન તનમેં ભરે, સો વિષ્ઠા હોય જાત ।
મુક્ત કહે નખશિખ લગે, દેહ નરક સાક્ષાત ॥૨॥
લાળ લીટ મુખસેં ઝરે, ઓર વહત સબ દ્વાર ।
મુક્ત કહે તો દેહકું, માનત શુદ્ધ ગમાર ॥૩॥
જ્યું વિષ્ઠામેં કીટકું, ખાન પાન આરામ ।
મુક્ત કહે મતિમંદકું, ત્યું શરીર સુખધામ ॥૪॥

ઢેડવાડામે ઢેડકું, દુર્ગંધ આવત નાંહી ।
મુક્ત કહે હરિવિમુખ નર, ત્યું રાજી તનમાંહી ॥૫॥
મુક્ત કહે હરિવિમુખકો, સદા નરકમેં વાસ ।
લખ ચોરાશિ યોનિમેં, ભમત સહત દુઃખ ત્રાસ ॥૬॥
મુક્ત કહે હરિવિમુખકું, તન અભિમાન ન જાત ।
જ્યું કૌવા કાશિ ગયો, તદપિ વિષ્ઠા ખાત ॥૭॥
મુક્ત કહે હરિવિમુખ નર, કામી કીટ સમાન ।
દેહ નરકસેં વાસ કરી, ધરત ત્રિયાકો ધ્યાન ॥૮॥

**(અંગ ॥૧૦॥ સાખી ॥૧૮૬॥)**

## ૧૧ સ્ત્રી - નિંદાકો અંગ -

**સાખી** - મુક્ત નારીતન સઘન બન, તહાં નર જાય ભુલાત ।
કામસિંહ કુચ પ્રહારસેં, નિકસિ તુરત તેહી ખાત ॥૧॥
નારી વિખકી વેલડી, વિખહીકે ફલ પાત ।
મુક્ત કહે તેહી ઝેરસેં, સબ નર જમપુર જાત ॥૨॥
નખશિખ નારી નરકકી, અંગઅંગ નરકશું ચાત ।
મુક્ત કહે સો નારકી, જો ત્રિયાકે ગુણ ગાત ॥૩॥
મુક્ત કહે મતિમંદકો, નારી કરત બિગાર ।
હરિ હરિજનસું વિમુખ કર, પહુચાવત જમદ્વાર ॥૪॥
મુક્ત કહે ઘૃતકુંભસમ, સબહી પુરુષકે દેહ ।
નારી અનલ ઢિગ જાત તબ, અચલ રહત નહી એહ ॥૫॥
મુક્ત કહે ત્રિયા નાગની, જો આવત તેહી ખાત ।
અપનાં જાયાં ન તજે, ઓરનકી ક્યા બાત ॥૬॥
મુક્ત કહે મહાપાપકી, નારી ધરત ન શંક ।
ભોગકાજ ભુખી સદા, ગિનત ન કુલહી કલંક ॥૭॥
નરકકુંડ સમ કામિની, તા સંગ બાંધત હેત ।
મુક્ત કહે સો નારકી, બુડત કુટુંબ સમેત ॥૮॥
નારી કારી નાગની, હરત પુરુષકે પ્રાન ।
મુક્ત કહે તાસે બચ્યો, સો હરિભક્ત સુજાન ॥૯॥

મુક્ત કહે મહાપાતકી, જો ત્રિયાકે ગુન ગાત ।
અનંત જીવકું સંગ લે, સો નર જમપુરી જાત ॥૧૦॥
રસિકપ્રિયા રસમંજરી, ઈન આદિક રસગ્રંથ ।
મુક્ત કહે હરિવિમુખકું, સબહી નરકકે પંથ ॥૧૧॥
માતા ભગિની અરુ સુતા, તાકે સંગ એકાંત ।
મુક્ત કહે નહી બેઠના, તુરત હોય મન ભ્રાંત ॥૧૨॥
મુક્ત કહે મતિમંદકે, ત્રિયા હરત સુખ તિન ।
ભક્તિ મુક્તિ નિજજ્ઞાનસો, લેત સબનકો છિન ॥૧૩॥
કામીનકે ઉર ના મિટે, પ્રબલ કામકો શૂલ ।
મુક્ત ન તેહી ઉર વસતહે, પ્રભુ સબ મંગલ મૂલ ॥૧૪॥
કામી કબુ ન હરિ ભજે, મિટત ન મનકો તાપ ।
મુક્ત કહે ત્રિયા ધ્યાનસેં, દિનદિન બાઢત પાપ ॥૧૫॥
મુક્ત કહે કામી સબે, વનિતા સંગ લોભાત ।
ઓર ગુના બકસત હરિ, યહ બકસ્યો નહી જાત ॥૧૬॥
એક કનક અરુ કામિની, દોઉ માયાકે પાશ ।
મુક્ત કહે તેહી તોરીકે, હો ન સકત હરિદાસ ॥૧૭॥
ધન નારીકે પાસસેં, બાંધ્યો સબ સંસાર ।
મુક્ત કહે તેહિ તોરહિ, સો હરિભક્ત ઉદાર ॥૧૮॥
મુક્ત ચિત્રકી પૂતરી, નારીકે આકાર ।
તાકું સંત ન દેખહી, દેખત હોત વિકાર ॥૧૯॥
કામી નર અરુ કુતરા, દોનું એક સમાન ।
મુક્ત કહે ઉપજત નહી, એ દોઉકું હરિજ્ઞાન ॥૨૦॥
મુક્ત નારી તરવાર સમ, છુવત કાટે અંગ ।
રાવનકે દશ શિશ ગયે, પરનારીકે સંગ ॥૨૧॥
મુક્ત કહે ઝાકે રુદે, પરનારીકો ધ્યાન ।
તાકું જમ છોડત નહી, કોટી કથે જો જ્ઞાન ॥૨૨॥
મુક્ત કહે વિષસુંદરી, ભાસત સુધાસમાન ।
જબ જબ ચાખે તબહી તબ, વિષફલ હોત નિદાન ॥૨૩॥
મુક્ત કહે પરનારીકી, સંગતિ કરતલુ કાય ।

પાપ છિપાયા ના છિપે, જ્યું કોઉ લસુંનહી ખાય ॥૨૪॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, પકે હરિજન હોય ।
મુક્ત કહે નિજમાતહું, સંગતિ જોગ્ય ન સોય ॥૨૫॥
પતિવ્રતાકે ધર્મ જુત, જગસે અધિક ઉદાસ ।
મુક્ત કહે સોઈ સુંદરી, બેઠન જોગ્ય ન પાસ ॥૨૬॥
મુક્ત કહે સબ પુરુષકું, નારી માયારુપ ।
જ્યું સબ વનિતાવૃન્દકું, પુરુષ અવિદ્યા કૂપ ॥૨૭॥
મુક્ત કહે સબ મર્દકું, નારી આવ્રણ હોત ।
ત્યું નારી નરસંગસેં, ભજન ભક્તિ સબ ખોત ॥૨૮॥
મુક્ત કનક અરુ કામિની, દોઉ તિખી તરવાર ।
ઘર છોડ્યા હરિ મિલનકું, બિચહી લેના માર ॥૨૯॥
મુક્ત ન સોહે સુંદરી, સનકાદિકકે સાથ ।
જબ તબ દાગ લગાવહી, કાજલ હાંડી હાથ ॥૩૦॥
ચંદ્ર ઈંદ્ર અજ રુદ્રલું, વનિતા કીએ ફજેત ।
મુક્ત કહે મહા દુષ્ટસોં, રાખત ત્રિયાસેં હેત ॥૩૧॥
મુક્ત કહે સુખકી નદી, ત્રિયા રીંછ તામાંહી ।
કામરકે ધોખે ગ્રહી, છોડી છુટત નાહી ॥૩૨॥
મુક્ત કહે ત્રિયા વાઘનિ, ખાયા સબ સંસાર ।
તિનસે હરિજન ઉગરે, ભજન ભક્તિ આધાર ॥૩૩॥
મુક્ત કહે ત્રિયા રીઝકે, દેત મુતકો ઠામ ।
વાસુદેવસું વિમુખ કર, સબહિ બિગારત કામ ॥૩૪॥
મુક્ત કહે જેહિ ઉર ત્રિયા, તાકે ઉર હરિ નાંહી ।
જબ હરિ ભાનુ ઉર બસે, ત્રિયા તમ રહત ન તાંહી ॥૩૫॥
કાર્તિકમેં કુત્તા સબે, તજત નિંદ અરુ પ્યાસ ।
મુક્ત ભક્તિ વિન મનુષ્યકું, કાર્તિક બારુ માસ ॥૩૬॥
જાકે ઉર હરિ બસત હે, તાકે ઉર નહી કામ ।
મુક્ત કહે કેસે રહે, રવિ રજની એક ઠામ ॥૩૭॥
લંબી માલા હાથ લે, ભક્ત ભએ ત્રિયકાજ ।
મુક્ત કહે ગુરુ હો ફિરે, નિર્લજકું નહી લાજ ॥૩૮॥

કામી નર નારી સબે, ભક્તિકા મિષ લેત ।
મુક્ત હરાયા ઢોર જ્યું, સબકા ખાવત ખેત ॥૩૯॥
વેશ્યાસે દોરી વહે, દેશ ન લજ્જા શોક ।
મુક્ત કહે મતિમંદ તેહી, ભક્તાની કહે લોક ॥૪૦॥
સોઈ ભક્ત ભક્તાનિયાં, જગકો કરત અકાજ ।
મુક્ત ભક્તકી છાપસેં, સબકું આવત લાજ ॥૪૧॥
સાચે ભક્ત ન તબ લગે, જબલગ દેહ સકામ ।
મુક્ત કહે દૃઢ ભક્તસો, જો નરનારી અકામ ॥૪૨॥
ધર્મ જ્ઞાન વૈરાગ્ય જુત, પુરુષોત્તમશું પ્રીત ।
મુક્ત કહે દૃઢ ભક્તસો, લેત કામકું જીત ॥૪૩॥
નિષ્કામી વૈરાગ્ય જુત, વૃદ્ધ રોગવશ જોઉ ।
મુક્ત ચિત્રકી નારી તહાં, ત્યાગી જાત ન સોઉ ॥૪૪॥
સંસારી અરુ ભેખકો, ત્રિયા ન છોડત સંગ ।
મુક્ત કહે મહાપાપની, કરત ભજનમેં ભંગ ॥૪૫॥
અષ્ટ અંગ વનિતા તજે, ત્યાગત ભોગ વિલાસ ।
મુક્ત કહે ત્રિભુવનવિષે, સો સાચા હરિદાસ ॥૪૬॥

**(અંગ ॥૧૧॥ સાખી ॥૨૩૨॥)**

## ૧૨ દુષ્ટકો અંગ -

**સાખી** - અપને દોષ ન દેખહી, પરકે અવગુન જોત ।
મુક્ત કહે નંદાહિમેં, દુષ્ટ મનુષ્યતન ખોત ॥૧॥
જ્યું કીરી શુભ મહલમેં, છિદ્રહિ ખોજત જાય ।
મુક્ત કહે પરદોષકું, ખોજત ખલ ન અધાય ॥૨॥
અનંત ઘાત ઉરમેં રખે, બોલત સુધાસમાન ।
મુક્ત કહે બગ ધ્યાનસે, હરત ઓરનકે પ્રાન ॥૩॥
અપનો કાજ સુધારનેં, ઓરકો કરત વિનાશ ।
મુક્ત કહે નહી દુષ્ટકું, ધર્મરાયકી ત્રાસ ॥૪॥
અપનો કાજ કરનકું, પરકો કરત અકાજ ।
મુક્ત કહે નહી દુષ્ટકું, લોક વેદકી લાજ ॥૫॥

જ્યું અહિ કાટત ઓરકું, અપનો હોત ન અહાર ।
મુક્ત કહે ત્યું દુષ્ટ નર, જહાં તહાં કરત બિગાર ॥૬॥
ઓરકું પાવક જારીકેં, આપહું હોવત નાશ ।
મુક્ત કહે સબ દુષ્ટ નર, કરત ક્યું બારુ માસ ॥૭॥
સાપ ડસે કછુ ડર નહી, સિંહ મિલે ભય નાહી ।
મુક્ત કહે ખલ સંગસમ, બુરો નાહી જગમાંહી ॥૮॥
જલ પાવકમેં તન તજો, ગિરિસે ગિરીયો ધાય ।
મુક્ત કહે એક દુષ્ટકો, સંગ ન કરીયો જાય ॥૯॥

**(અંગ ॥૧૨॥ સાખી ॥૨૪૧॥)**

## ૧૩ મનકો અંગ -

**સાખી** - સટકી સટકી મન જાયકે, ઝટકી વિષય ફલ ખાત ।
મુક્ત કહે સંગહી લગ્યો, કરત અધિક ઉતપાત ॥૧॥
ઝટકી ઝટકી શઠ જાત હે, તોરત સુમરણ તાર ।
મુક્ત કહે મન અતિ ચપલ, અતિશે ચોર લબાર ॥૨॥
મુક્ત કહે મતિમંદ સો, મનકી કરત પ્રતીત ।
પલહિ પલ મુરઝાત હે, પ્રબલ વિષયસું પ્રીત ॥૩॥
પલમેં ફિરત બ્રહ્માંડ શબ, કરત અધિક ઉતપાત ।
મુક્ત કહે મન દુષ્ટસમ, ના માનત કોઉ બાત ॥૪॥
જાત અરુ આવત કાહુકી, નજર ન આવત જોય ।
મુક્ત કહે અતિ મલિન મન, સુધો હોત ન સોય ॥૫॥
લોક વેદ ગુરુ સંતકી, મનકું શંક ન લેશ ।
મુક્ત કહે મન કાહુકો, ના માનત ઉપદેશ ॥૬॥
નીતિ અનીતિ શુભ અશુભ, મનવા ગીન તન કોય ।
મુક્તાનંદ કહે કવન વિધિ, તાસ પ્રતીતિ હોય ॥૭॥
મન જેસો કોઈ મુક્ત કહે, અપરાધી નહી ઓર ।
જબ જબ જેહી મારગ ચલે, ગીનત નઠોરકું ઠોર ॥૮॥
કામ જબે જાગત તબે, ચાહત સબ ત્રિયસંગ ।
મુક્ત ચલત મન ક્રોધ મગ, પાપીહિ કરત ઉમંગ ॥૯॥

લોભકે મગ જબ ચલત તબ, કબહુ તૃપ્ત ન હોઈ ।
મુક્ત કહે મનતુલ્ય હમ, દુષ્ટ ન દેખ્યા કોઈ ॥૧૦॥
મનકે જેસો મુક્ત કહે, દગાબાજ કોઉ નાંહી ।
પંચ વિષયમેં જાત જબ, અટકત તિન તિન માંહી ॥૧૧॥
મન જેસો આ જગતમેં, દગાબાજ નહી કોઈ ।
મુક્ત કહે મહાપાપ કર, ધરત જીવ શિર સોઈ ॥૧૨॥
મન જેસો મહાપાતકી, દુજો કહ્યો ન જાય ।
મુક્ત કહે હરિભજનમેં, ધકા દેતહેં આય ॥૧૩॥
મન જેસો ઠગ દુસરો, મુક્ત કહે નહી કોઉ ।
બ્રહ્મા ભવ સુરપતિ ઠગ્યો, શશિ નિજદેવ હે સોઉ ॥૧૪॥
તબ ખટ દર્શન ભેખકી, મનકું ગિનતી કોન ।
મુક્ત કહે જગઠગનકું, સબ ઉર કિનો ભોન ॥૧૫॥
હરિપ્રતાપ વિન આપબલ, જો મન જીતન જાત ।
મુક્ત કહે મન સિંહ હો, ઉલટા તાકું ખાત ॥૧૬॥
મુક્ત કહે સબ જગતકું, મનહી નચાવત નાચ ।
પંચ વિષયકું પાવને, કચે નારી નર કાચ ॥૧૭॥
રંક નચત ધન પાવને, નૃપતિ બઢન નિજરાજ ।
મુક્ત કહે મન વશ ભયે, સબ નાચત તજી ાજ ॥૧૮॥
ચૌદ ભુવનમેં જીવ સબ, મનકે મારે રોત ।
મુક્ત કહે કોઈ સંત બિન, સબ જગ જન્મ વિગોત ॥૧૯॥
શ્વાન શૃગાલ બિડાલ ખર, સિંહ સરપ ઠગ જાર ।
મુક્ત કહે સબસેં બુરો, મન જગ કરત ખુવાર ॥૨૦॥
મુક્ત કહે મનવા સદા, ભ્રમત રહે દિન રેન ।
જ્યું કુત્તા કાર્તિકવિષે, ત્યું ન પલક સુખ ચેન ॥૨૧॥
જ્યું જ્યું મન વિષયા ભખે, ત્યું અતિ દુઃખિયા હો ।
મુક્ત કહે જબ હરિ ભજે, તબહી શાંત હો સોત ॥૨૨॥
કબહુક મન ક્રોધિ બને, કબહુ બનત ઠગ જાર ।
મુક્ત કહે મન અતિ ચપલ, નાહીં એક નિરધાર ॥૨૩॥

કબહુક મન કુત્તા બને, કબહુક રાસભ હોત ।
મુક્ત કહે ધન નારી હિત, લોકલાજ તજી રોત ॥૨૪॥
કબહુક મન કામી બને, ચાહત સબ પરદાર ।
મુક્ત કહે મન પાપરત, પાતક કરત અપાર ॥૨૫॥
પીંપરપત્ર પતાકપટ, વિદ્યુત કુંજરકાન ।
મુક્ત કહે મન યું સદા, સ્થિર ન રહત એક ધ્યાન ॥૨૬॥
મુક્ત કહે મનકે મતે, વરતે સો ચાંડાલ ।
જે વાકી સંગત કરે, તાહી ન છોડત કાલ ॥૨૭॥
મુક્ત કહે મન ભાંડ જ્યું, પલપલ પલટે રંગ ।
જો તુમ ચાહો પરમ પદ, છોડો વાકો સંગ ॥૨૮॥
માયિક સુખ માનત રહે, તેહી કારન મન નામ ।
મુક્ત કહે જબ હરિ ભજે, તબ નિજમન નિષ્કામ ॥૨૯॥
જબહી વિષય સુખ ચહત તબ, મુક્ત કહે મન ભૂત ।
જબ હરિ સુમરણ કરત તબ, મન હરિભક્ત સપૂત ॥૩૦॥
કાયર પરમન સુરમા, શું રે'શે મન રંક ।
મુક્ત કહે તેહી સંત જન, કરત શુદ્ધ નિષ્કલંક ॥૩૧॥

**(અંગ ॥૧૩॥ સાખી ॥૨૭૨॥)**

## ૧૪ ચાનક્કો અંગ -

**સાખી** - જપ તપ તીર્થ જાતરા, કરત જોગ જજ્ઞ વ્રત દાન ।
મુક્ત કહે હરિશરણ બિન, નહી મિટત અજ્ઞાન ॥૧॥
મુક્ત કહે પ્રભુ છાંડિકે, અન્ય દેવ ગુન ગાત ।
આંબ જાનિકે અર્કફલ, ખાય ન કોઉ અઘાત ।૨॥
પાંચું કેશ બઢાયકે, સિદ્ધ હોય ધુતત લોક ।
મુક્ત કહે હરિશરણ બિન, ટળત ન સંશય શોક ॥૩॥
કોઉં લુન નહી ખાતહે, રખત મુનિવ્રત કોઉ ।
મુક્ત કહે હરિ શરણ બિન, કુકસ કુટત સોઉ ॥૪॥
મલિન વસ્ત્ર તન પર ધરે, કેશ લુંચાવત જેહુ ।
મુક્ત કહે હરિ શરણ બિન, કુકશ કુટત તેહુ ॥૫॥

અશન વસન ઈચ્છે નહી, કનક કામિની ત્યાગ ।
મુક્ત કહે હરિશરણ બિન, વૃક્ષતુલ્ય વૈરાગ્ય ॥૬॥
જંત્ર મંત્ર બહુ કરતહે, તન પર ભુંસત રાખ ।
મુક્ત કહે હરિવિમુખ સો, રાસભસમ સાક્ષાત ॥૭॥
કંદ મૂલ ખનિ ખાતહે, તરુતલ રાખત વાસ ।
મુક્ત કહે હરિવિમુખકું, મિટત ન આશા પાસ ॥૮॥
મુક્ત કહે હરિ શરણ બિન, છુટન કરત ઉપાય ।
જ્યું જ્યું સાધન કરત ત્યું, અધિક અધિક ઉરઝાય ॥૯॥
મુક્ત કહે હરિવિમુખકો, નહી ટરત અજ્ઞાન ।
તમ લાઠીનસેં ના હઠે, બિના પ્રગટ ભયે ભાન ॥૧૦॥
મુક્ત કહે હરિવિમુખ સો, સમજી શકત નહી ગ્રંથ ।
તાતે પઢપઢ પચી મરે, લહત ન હરિકો પંથ ॥૧૧॥
મુક્ત કહે હરિવિમુખ નર, વિદ્યા પઢે અપાર ।
જ્યું મિસરિકી છાટકો, ખર પર ડાર્યો ભાર ॥૧૨॥
તિન તાપમેં જગ જરે, મુક્ત પઢેકું સાત ।
પાઠ વિસર્જન હાર જિત, બઢે ચ્યાર ઉતપાત ॥૧૩॥
કોઉ વિભૂતિ તન ધરે, કોઉ દિગંબર હોત ।
મુક્ત કહે હરિશરણ બિન, જડમતિ જન્મ વિગો ॥૧૪॥
કોઉ વાઘાંબર ઓઢહી, વલકલ ઓઢત કોઉ ।
મુક્ત કહે હરિશરણ બિન, સિદ્ધ ન હોવત સોઉ ॥૧૫॥
મુક્ત કહે હરિશરણ બિન, સંસારી અરુ ભેખ ।
શ્વેતદ્વીપપતિ શ્યામકો, રાહ ન ચિનત રેખ ॥૧૬॥
મુક્ત કહે હરિવિમુખકે, ઉરમેં તૃષ્ણા જાલ ।
તુચ્છ સુખ હિત અન્ય દેવકું, પૂજત ફિરત બેહાલ ॥૧૭॥
પ્રગટરુપ પરબ્રહ્મ હે, વાસુદેવ સુખધામ ।
મુક્ત કહે તાકું ભજે, તબહી સરે સબ કામ ॥૧૮॥
મુક્ત પ્રગટકે શરણ બિન, ઘરઘર ભેખ અપાર ।
સાધન કરકર મરતહે, લહત ન ભવજળ પાર ॥૧૯॥

મુક્ત પ્રગટકે શરણ બિન, જ્ઞાની બનત ગમાર ।
શ્રુતિ પુરાણ સદ્‌ગ્રંથકી, તોરત પાજ લબાર ॥૨૦॥
**(અંગ ॥૧૪॥ સાખી ॥૨૯૨॥)**

## ૧૫ મિથ્યા જ્ઞાનીકો અંગ -

**સાખી** - એક બ્રહ્મ મુખસેં કહે, અંતર કપટ અપાર ।
મુક્ત તેહી દેખકે, ડરત ધર્મ પરિવાર ॥૧॥
મૂલ ઉખારન ધર્મકે, મુખ કહે મિથ્યા જ્ઞાન ।
મુક્ત કહે તાકું સુંને, સો સબ પશુસમાન ॥૨॥
મુક્ત કહે મુખસેં કહે, એક બ્રહ્મકી બાત ।
બગુલા જ્યું ધ્યાની બન્યો, કરન ઓરનકું ઘાત ॥૩॥
પાપ કરનકું હોતહે, મિથ્યા જ્ઞાની જોય ।
મુક્ત કહે તેહિ દેખકે, મો મન કંપિત હોય ॥૪॥
દેહ ગેહ પરિવારકી, ઉરમેં મમત અનંત ।
મુક્ત કહે ઉપર બને, મુનિવર જ્ઞાની સંત ॥૫॥
ચાલ ચલતહે જીવકી, કહત બ્રહ્મકી બાત ।
મુક્ત કહે ભૂપર પર્યો, ચંદ ગ્રહત સાક્ષાત ॥૬॥
જ્ઞાનિકું લાગત નહિ, પાપ પુણ્યકો લેશ ।
મુક્ત કહે મતિમંદ યું, કરત વૃથા ઉપદેશ ॥૭॥
જ્યું હરદીકી ગાંઠ્ય લે, બન્યો પસારી કોય ।
મુક્ત કહે ત્યું મૂઢ નર, મિથ્યા જ્ઞાની હોય ॥૮॥
મુક્ત કહે સ્વપના વિષે, જિમત ભુખ ન જાત ।
ત્યું મિથ્યા જ્ઞાની સબે, ભોગકાજ બિલખાત ॥૯॥
મુક્ત કહે મુખસેં કહે, એક બ્રહ્મકો જ્ઞાન ।
શુભ કર્મનકું છાંડિકે, કુકર્મ કરત અજાન ॥૧૦॥
બ્રહ્મજ્ઞાન આયો નહિ, ધર્મ દિયો છિટકાય ।
મુક્ત ઉભયવિધ ભ્રષ્ટ સો, પરત નરકમેં જાય ॥૧૧॥
મુક્ત કહે મહાપાતકી, મિથ્યા જ્ઞાની હોય ।
વેદવ્યાસ મુનિ યું કહ્યો, તજો શ્વપચસમ સોય ॥૧૨॥

ઉપરસેં જ્ઞાની બને, ઉરમેં પાપ પહાર ।
મુક્ત કહે ઠગ જારકું, ધુતત સબ સંસાર ॥૧૩॥
મિથ્યા જ્ઞાની મુક્ત કહે, પાતક કરત નિઃશંક ।
શુક નારદ સમ સંતમેં, સો નર ભયે કલંક ॥૧૪॥
સુનિ સુનિ શીખ્યો જ્ઞાનકું, ઉરમેં આશ અપાર ।
મુક્ત કહે જિનકું મિલે, તિનકો કરત બિગાર ॥૧૫॥
એક બ્રહ્મ મુખસેં કહે, અંતર ધન ત્રિયા ધ્યાન ।
મુક્ત કહે મહાપાતકી, જીવત પ્રેત સમાન ॥૧૬॥
એક બ્રહ્મ ઉનમાનસેં, કથિ કથિ જ્ઞાની હોત ।
મુક્ત કહે પ્રભુ દર્શ બિન, જડમતિ જન્મ વિગોત ॥૧૭॥
જડ ચૈતન સબમેં ભયો, યું બોલત મતિમંદ ।
મુક્ત કહે હરિ વિમુખ સો, પરત કાલકે ફંદ ॥૧૮॥
મિથ્યા ગુરુકે જ્ઞાનસેં, જો માનત હરિ આપ ।
મુક્ત કહે મતિમંદકું, એહિ લગ્યો મહાપાપ ॥૧૯॥
બ્રહ્મરુપ સબ માનિકે, આપ બને ભગવાન ।
મુક્ત કહે હરિ ના ભજે, જ્યું ખર શૂકર શ્વાન ॥૨૦॥
મુક્ત કહે મતિમંદ યું, મિથ્યા જ્ઞાની હોત ।
વાસુદેવકે ભજન બિન, વૃથા મનુષ્યતન ખોત ॥૨૧॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય તિહુ, ઉપજત એકહિ કાલ ।
મુક્ત કહે મુનિ બ્રહ્મ હો, ભજત સદા ગોપાલ ॥૨૨॥
બ્રહ્મરુપ મુનિવર સબે, શુક સનકાદિક સંત ।
પ્રેમમગન હો મુક્ત કહે, ભજત સદા ભગવંત ॥૨૩॥
બ્રહ્મરુપ હો હરિ ભજે, સાચે જ્ઞાની સોય ।
મુક્ત કહે હરિભજન બિન, ભવજલ તરત ન કોય ॥૨૪॥

**(અંગ ॥૧૫॥ સાખી ॥૩૧૬॥)**

## ૧૬ વચન વિવેકકો અંગ -

**સાખી** - રવિ આગે ખદ્યોત જ્યું, તેજ પ્રકાશન જાત ।
મુક્ત ખહે મતિમંદ ત્યું, કહત જ્ઞાનીસું બાત ॥૧॥
રુપવંત એક વચનહે, ભૂષન વસન સમેત ।
મુક્ત કહે હરિગુનવિષે, સંતકું ઉપજત હેત ॥૨॥
ફાટે ટુટે વસ્ત્રસેં, ઢંકી ઉઘારી જોઉ ।
એસી બાની મુક્ત કહે, હરિગુણ જુત શુભ સોઉ ॥૩॥
ત્રીજી બાંની મૃતકકું, સજો બહુત શણગાર ।
પામરકું નિકિ લગેં, સાધુ ડરત અપાર ॥૪॥
ત્રિવિધ બાની સંસારમેં, જાનત ચતુર પ્રવીન ।
મુક્ત કહે સંક્ષેપસેં, સો સબહિ કહીદિન ॥૫॥
રુપ કુરુપી નૃપતિસુત, સબ કોઈ કરત સલામ ।
મુક્ત બેઠાવે ગોદમેં, જાની પરમ સુખધામ ॥૬॥
રૈયતકો સુત રુપજુત, અતિશે ગુણજુત હોય ।
મુક્ત કહે શુભ ગુનનિસેં, નિકટ બોલાયે સોય ॥૭॥
મુક્ત કાહુકો કુબરો, કારો સબ ગુણહીન ।
લોકનકું તુછ લગત સો, પિતુકું લગત પ્રવીન ॥૮॥
શ્રીમુખ બાની રાજસુત, સબવિધ અધિક પ્રમાન ।
રૈયત સુતસમ મુક્ત કહે, સુકવિ વચન સનમાન ॥૯॥
કુમતિ કારે પુત્રસમ, હરિ વિમુખનકી બાત ।
મુક્ત કહે પ્રિય વિમુખકું, સંતનકું ન સુહાત ॥૧૦॥
બાની તિન પ્રકારકી, તાકો કહ્યો વિવેક ।
મુક્ત કહે મતિહીન સો, સબકું જાનત એક ॥૧૧॥
મુક્ત કહે હરિગુણ સહિત, બાની પરમ રસાલ ।
તેહી બિન બાની વિમુખકી, સંત કહત જમજાલ ॥૧૨॥
હરિ ગુન બિન અન્ય જોરીવો, જ્યું કુતા ખડ કાત ।
મુક્ત કહે મતિમંદકો, લેશ ન પેટ ભરાત ॥૧૩॥
મુક્ત કહે સોઈ ગાઈબો, નિત્ય ગોવિંદ ગુન ગાત ।
હરિ બિન અન્ય ગુન ગાત હે, એહિ બડો ઉતપાત ॥૧૪॥

મુક્ત કહે હરિગુન સહિત, બચન સુનત સુખ હોત ।
હરિવિમુખન કે વચનસેં, અનંત જન્મ લગિ રોત ॥૧૫॥
મુક્ત કહે હરિવિમુખકી, બાની ઝેર સમાન ।
જો યાકું ચિત દે સુંને, હરત તાહીકે પ્રાન ॥૧૬॥
મુક્ત કહે તેહી કવન ગતિ, જો ન ભજન ભગવાન ।
કઠીન વચન કે બાનસેં, હરત ઓરનકે પ્રાન ॥૧૭॥
કાક ઉલુક ખર શબ્દકું, સુનિ ન સરાહત કોય ।
મુક્ત કહે હરિગુન રહિત, એસિ બાની સોય ॥૧૮॥
કોકિલ સારસ શુક જબે, બોલત સબહી સુહાત ।
મુક્ત કહે હરિગુન સહિત, ત્યું હરિજનકી બાત ॥૧૯॥
સમઝ બિના કછુ બોલીકે, જ્યું મુરખ પિસ્તાત ।
મુક્ત કહે હરિભજન બિન, ત્યું સબહીકી બાત ॥૨૦॥
બિન બિચાર નર બોલિકે, ખોવત અપની લાજ । ।
મુક્ત કહે ત્યું બોલીયે, જ્યું સિઝે નિજકાજ ॥૨૧॥
મુક્ત કહે હરિ ભજતહે, સોઈ જીભ સાક્ષાત ।
તેહી વિન દાદુર જીભ સમ, બકત રહત દિન રાત ॥૨૨॥
મુક્ત કહે સબ વચનમેં, સંત સાર ગ્રહી લેત ।
જ્યું હંસા પય પીત તબ, નીર સબહિ તજ દેત ॥૨૩॥
મુક્ત કહે મધુમક્ષિકા, લહત સબ તરુસાર ।
ત્યું સાધુ સબ ગ્રંથસે, લેવત તત્ત્વ વિચાર ॥૨૪॥
મુક્ત કહે સદ્‌ગ્રંથકો, વાસુદેવ સોઈ સાર ।
એહિ વિધ નિશ દિન કરત હે, ચારુ વેદ પુકાર ॥૨૫॥
અક્ષરપર પરબ્રહ્મ સો, વાસુદેવ ભગવાન ।
મુક્ત કહે ચહુ વેદકો, એહી મૂર્તિ પર તાન ॥૨૬॥
મુક્ત કહે એક વચનમેં, ભાષત ભેદ અપાર ।
વચન દેવાવત પરમ સુખ, વચન ખવાવત માર ॥૨૭॥
એક વચનસેં કર્મ વશ, બુડત જીવ અપાર ।
મુક્ત કહે એક વચનસેં, હરિ ભજે પાવત પાર ॥૨૮॥

મુક્ત કહે ચહુ વેદકો, સાર અર્થ હે સોઈ ।
શ્વેતદ્વીપપતિ શ્યામ બિન, ભજને જોગ ન કોઈ ॥૨૯॥
દિવ્યરુપ સાકારકો, ધરત સદા મુનિ ધ્યાન ।
મુક્ત કહે સો શ્રીપતિ, વાસુદેવ ભગવાન ॥૩૦॥
**(અંગ ॥૧૬॥ સાખી ॥૩૪૬॥)**

## ૧૭ ઉપાસનાકો અંગ -

**સાખી** - ગુણ અભિમાની દેવતા, સબ જગકરતા જેહુ ।
તિહુકે કારન તિન હે, મુક્ત કહે કહું તેહુ ॥૧॥
અનિરુદ્ધ પ્રદ્યુમન અતિપ્રબલ, સંકર્ષણ ભગવાન ।
અજ હરિ હરકે મુક્ત કહે, એ તિહુ હેત નિદાન ॥૨॥
વાસુદેવકે રુપ ષટ, સગુન કહાવત સોય ।
મુક્ત કહે યહ મર્મકું, જાને વિરલા કોય ॥૩॥
વાસુદેવ નિર્ગુણ સદા, શુભ ગુનકે ભંડાર ।
મુક્ત સદા તાકું ભજે, જો સબકે આધાર ॥૪॥
વાસુદેવ ભગવાન સો, ધરત સબહી અવતાર ।
મુક્ત કહે અધર્મ હરન, પતિત કરન ભવપાર ॥૫॥
મત્સ્ય કચ્છ આદિક સબે, ધારે રુપ સ્વચ્છંદ ।
મુક્તાનંદ કે' ઈષ્ટ સો, વાસુદેવ જગવંદ ॥૬॥
જલમેં બુડત તાહીકું, જલ નહી તારનહાર ।
મુક્ત કહે નૌકા મિલે, તબહી ઉતારત પાર ॥૭॥
નામ રુપ તિહુ ગુન સહિત, ભવજલ યાકો નામ ।
મુક્ત કહે તેહી તરનકું, નૌકા હરિ સુખધામ ॥૮॥
જાકે શરણે જાયકે, છુટત માયા પાશ ।
મુક્ત કહે મમ ઈષ્ટ સો, જાકો પ્રબલ પ્રકાશ ॥૯॥
મુક્ત કહે મમ ઈષ્ટકે, ગુણ અરુ કર્મ અનંત ।
સો શ્રીપતિ સમર્થ સદા, જાહી ભજત સબ સંત ॥૧૦॥
જન્મ કર્મ મમ ઈષ્ટકે, બરની સકત નહિ શેષ ।
મુક્ત કહે નિજધામમેં, રહત સદા દેવેશ ॥૧૧॥

મહાપાપી જેહિ નામકું, જપત હોત ભવપાર ।
મુક્ત કહે સો મહાપ્રભુ, મેરે પ્રાન આધાર ॥૧૨॥
જન્મ ધરત જન કારને, તોઉ અજન્મા નામ ।
મુક્ત કહે મમ ઈષ્ટસો, વાસુદેવ સુખધામ ॥૧૩॥
અનંત ભુવનકે ઈશ સો, ધરત સદા જેહી ધ્યાન ।
મુક્ત કહે મમ ઈષ્ટસો, વાસુદેવ ભગવાન ॥૧૪॥

**(અંગ ॥૧૭॥ સાખી ॥૩૬૦॥)**

## ૧૮ પતિવ્રતાકો અંગ -

**સાખી** - પતિવ્રતા નિજ ધર્મસેં, પતિ સેવત કરી પ્યાર ।
મુક્ત કહે હરિભકતકો, યું અનન્ય નિરધાર ॥૧॥
શૂર સતી પીછે ફિરે, સો અપની પત ખોત ।
મુક્ત કહે હરિભક્ત યું, હરિ તજી જન્મ વિગોત ॥૨॥
મુક્ત કહે પ્રભુ છાંડિકે, અન્ય દેવસું પ્રીત ।
સો વ્યભિચારી નાર્ય જ્યું, મૂરખ હોત ફજેત ॥૩॥
ગર્ભવાસમેં જેહી રખ્યો, દે દે અમૃત આહાર ।
મુક્ત ન સો હરિકું ભજે, પરો તાસ મુખ છાર ॥૪॥
મુક્ત કહે પ્રભુ સુખનિધિ, સબવિધ પુરનકામ ।
નિજ ભકતનકું દેત હે, નિજ પદ અક્ષર ધામ ॥૫॥
સબકું અન્નજલ દેતહે, સબકે પ્રાનઆધાર ।
મુક્ત કહે તેહી ના ભજે, સો હરિવિમુખ ગમાર ॥૬॥
અનન્ય ભકતકું મુક્ત કહે, હરિ બિન કછુ ન સુહાત ।
જીન અમૃત રસ ચાખિયો, સો કયું વિષફલ ખાત ॥૭॥
હરિબિન દેવી દેવકી, કરત ઉપાસન જોય ।
મુક્ત કહે હરિવિમુખ સો, જમપુર જાવત સોય ॥૮॥
મુક્ત કહે પ્રભુ છાંડિકે, અન્ય દેવ ગુન ગાત ।
સો નર અમૃત ઢોરીકે, ઝેર હલાહલ ખાત ॥૯॥
પતિવ્રતા અરુ સંતકી, મુક્ત કહે એક રીત ।
ચલત નહી નિજ ધર્મસેં, સો જાવત જગજીત ॥૧૦॥

સતી શૂર અરુ સંતકો, મુક્ત કહે ગુન સોય ।
જરે મરે હરિ ઉર ધરે, તબ સો સાચે હોય ॥૧૧॥
મુક્ત કહે મનુષ્યતન પાયકેં, હરિ તજી પૂજત ભૂત ।
સો ભૂમિકે ભારસમ, માકે પેટ કપૂત ॥૧૨॥
મુક્ત કહે હરિવિમુખકું, અન્ય દેવસું હેત ।
જીવ હનત તેહી કારને, બુડત કુટુંબ સમેત ॥૧૩॥
મુક્ત કહે હરિવિમુખ અરુ, વેશ્યાકી એક રીત ।
નિજ સ્વારથ લગિ તેહી ભજે, ફેર નયેસે પ્રીત ॥૧૪॥
દાગ લગત સો ઉજરે, મેલેકું કુછ નાહી ।
મુક્ત કહે સતી સંતસો, યું ધડકત મન માંહી ॥૧૫॥
પતિસેવામેં પતિવ્રતા, માનત તીરથ દેવ ।
મુક્ત કહે ત્યું સંતકું, વાસુદેવકી સેવ ॥૧૬॥
પતિસેવામેં પતિવ્રતા, રહત સદા લેલિન ।
મુક્ત કહે ત્યું હરિવિષે, હરિજન પરમ પ્રવીન ॥૧૭॥
પતિસેવાકુ પતિવ્રર્તા, કબહુ કરત નહી ત્યાગ ।
મુક્ત કહે મહાસંતકું, ત્યું પ્રભુ પદ અનુરાગ ॥૧૮॥
મીન સનેહી નીરકો, જલ તજી કીતહુ ન જાત ।
મુક્ત કહે હરિભક્ત સો, ત્યું હરિસું સાક્ષાત ॥૧૯॥
સ્વાંત બુંદમેં સ્નેહ જુત, સીપ બપૈયા દોય ।
મુક્ત કહે યું હરિ ભજે, સાચે સાધુ સોય ॥૨૦॥
પાવક સંગ પતંગ જ્યું, શશિકે સંગ ચકોર ।
મક્ત કહે હરિ ચરનમેં, ત્યું રાચ્યો મનમોર ॥૨૧॥

(અંગ ॥૧૮॥ સાખી ॥૩૮૧॥)

## ૧૯ વિરહણિકો અંગ -

**સાખી** - પીયુ મેરા પરદેશમાં, જાય વસેંહે દૂર ।
મુક્ત વિરહનીકે હ્દે, બાઢો બિરહાપુર ॥૧॥
પીયું હે મેરો આતમા, પ્રિયતમ જીવન પ્રાણ ।
મુક્ત બિરહનિકે સદા, ઉરમેં પિયુકો ધ્યાન ॥૨॥

જબસેં ગયે બિછોયકેં, કલ ન પરતહે મોય ।
મુક્ત કહે પીયુ બિન તપું, નિશદિન બિતત રોય ॥૩॥
હમકું પીયા બિસારીકે, રહે ઓરકેં સંગ ।
મુક્ત કહે બિરહનિકે, એહિ દુઃખ દાઝ અં ॥૪॥
રોય રોય નેનાં ગયે, જિભ ઘસિ ગુન ગાત ।
મુક્ત કહે પીયુ અતિ કઠિન, આય ન બુઝી બાત ॥૫॥
બોલ કોલ સબહી ગયે, ક્યું આવત પતિયાર ।
મુક્ત બિરહનિકે હૃદે, યાતે ઉઠત ઝાર ॥૬॥
ચંચલ ચિત અતિ સ્વારથી, કરત અનંતસું પ્રીત ।
મુક્ત કહે પીયુ વચનકી, ક્યું આવત પરતીત ॥૭॥
પહેલી પ્રીત દેખાયકેં, ડારી ગયો દુઃખફંદ ।
મુક્ત કહે પીયુ સ્વારથી, આપ રહત આંનદ ॥૮॥
જિન જિનસું પ્રીતિ કરે, હૃદે ઓર મુખ ઓર ।
મુક્ત કહે પીયુકો સદા, ચંચલ ચિત નહી ઠોર ॥૯॥
બિરહ અનલ ઉરમેં બઢ્યો, તાતે કહત કઠોર ।
મુક્ત કહે બિરહની પીયુ બિના, ઝરત હે નિશિભોર ॥૧૦॥
પતિવ્રતાકી પ્રેમ જુત, જેહી વિધિ ઉત્તમ રીત ।
મુક્ત કહે સબ સંતકી, યું પ્રભુસું દૃઢ પ્રીત ॥૧૧॥
શ્રુતિ પુરાન સદ્‌ગ્રંથ સબ, કરત જાસ ગુન ગાન ।
મુક્ત કહે ક્યું બિસરે, સો પીયુ મેરો પ્રાન ॥૧૨॥

**(અંગ ॥૧૯॥ સાખી ॥૩૯૩॥)**

### ૨૦ પતિપ્રશંસાકો અંગ -

**સાખી** - પીયુ મેરા શુભ ગુનસદન, મેં ઓગુનકી ખાન ।
મુક્ત કહે મમ દોષકો, હોત પિયામેં ભાન ॥૧॥
શ્રી સેવત જેહી ચરનકું, ત્યાગી ચપળતા માન ।
મુક્ત કહે સો મમ પીયા, ગુણસાગર ભગવાન ॥૨॥
શેષ સારદા જાહીકે, પ્રેમ સહિત ગુન ગાત ।
મુક્ત બિરહિની તાહીમેં, દોષ લગાવન જાત ॥૩॥

મુક્ત કહે મમ નાથકે, ગુનકો વાર ન પાર ।
તાહી બિરહિની બિરહવશ, કહત કપટ ભંડાર ॥૪॥
સો સબ પર સબકે પતિ, શ્રીપતિ અચલ અનંત ।
મુક્ત કહે સો મમ પતિ, વાસુદેવ ભગવંત ॥૫॥
જાકે ગુન અરુ નામસેં, પતિત હોત ભવપાર ।
મુક્ત કહે સો મમ પીયા, શુભ ગુનકે ભંડાર ॥૬॥
નામ રુપ શુભ ગુનનસે, જેહી સમ ઓર ન કોઈ ।
મુક્ત કહે મેરો પિયા, શ્વેતદ્વીપપતિ સોઈ ॥૭॥
મૂર્તિમાન નિજધામમેં, સોઈ ધરત અવતાર ।
મુક્ત કહે મમ નાથ સોં, રમાનાથ કરતાર ॥૮॥
તેજપુંજમય ધામમેં, રહત સદા સાકાર ।
મુક્ત કહે સો શ્રીહરિ, મેરે પ્રાન આધાર ॥૯॥
જાહિ બખાનત વેદ ચહુ, નારાયણ કહી નામ ।
મુક્ત કહે સો મમ પીયા, વિષ્ણુ સકલ ગુનધામ ॥૧૦॥

**(અંગ ॥૨૦॥ સાખી ॥૪૦૩॥)**

## ૨૧ વસ્તુસારકો અંગ -

**સાખી** - ભ્રમનાસે ભુલો ફિરે, અન્ય દેવ ગુન ગાત ।
મુક્ત કહે તેહી ના લખે, જો વિચરત સાક્ષાત ॥૧॥
કાન સોઈ હરિ જશ સુંને, તેહી વિન બિલ સમાન ।
મુક્ત કહે સોઈ માન હે, જો મેટત તન માન ॥૨॥
જાન હુહે હરિ જાનહી, તેહી બિન જાન અજાન ।
બાનઉહે મન વેધહી, મુક્ત મિટત અભિમાન ॥૩॥
જ્ઞાન સોઈ સાચો સદા, ફિર ન હોત અજ્ઞાન ।
મુક્ત કહે સોઈ તાનહે, પ્રભુ સંગ લાગત તાન ॥૪॥
શૂર સોઈ મન વશ કરે, જાસે રીઝત રામ ।
મુક્ત ત્યાગ સોઈ હરિ વિષે, મન રહે આઠુ જામ ॥૫॥
રત્ન ઉહે હરિસું રતિ, જત્ન સો જગસુખ ત્યાગ ।
મુક્ત કહે સોઈ ભક્ત હે, જેહી પ્રભુપદ અનુરાગ ॥૬॥

જાપ સોઈ હરિગુન જપે, ઓર જાપ સંતાપ ।
મુક્ત સોઈ બાપ હે, જો પ્રભુ મેટત પાપ ॥૭॥
ભવન સોઈ જહાં ભય નહી, સુખ સોઈ હોત ન નાશ ।
મુક્ત કહે સોઈ સંત હે, જો ત્યાગત સબ આશ ॥૮॥
મૌન સોઈ હરિ ગુન સહિત, બોલત અમૃતબેન ।
સગુ સોઈ શ્રીહરિ મીલે, મુક્ત પરમ સુખ દેન ॥૯॥
ધીર સોઇ હરિ ઉર ધરે, વીર જો તજન વિકાર ।
મુક્ત કહે જો ના ટરે, સોઈ સાચો આધાર ॥૧૦॥
શ્રોત્ર સોઈ હરિગુન સુને, જિભ્ભ સોઈ હરિગુન ગાત ।
મુક્ત કહે સોઈ નયન હે, હરિ નિરખત સાક્ષાત ॥૧૧॥
હાથ સોઈ હરિ હિત સદા, કરત રહે શુભ કામ ।
મુક્ત કહે સોઈ પાવ હે, જો પો'ચત હરિધામ ॥૧૨॥
શિશ સોઈ હરિકું નમે, મન સો ધરત હરિ ધ્યાન ।
મુક્ત કહે જો હરિ લખે, સો નર ચતુર સુજાન ॥૧૩॥
જેહી કારન સબ મતવિષે, બુઝ્યો ઠોર હિ ઠોર ।
મુક્ત સોઈ મોહન મિલે, તબહી મિટત સબ દોર ॥૧૪॥

**(અંગ ॥૨૧॥ સાખી ॥૪૧૭॥)**

## ૨૨ શૂરાતનકો અંગ -

**સાખી** - શૂર નગારા જબ સૂને, હોત લડનકો ભાવ ।
મુક્ત કહે રણમેં ગયે, પીછે ધરત ન પાવ ॥૧॥
હાથ ખડગ લે શૂરમા, હોત ન લુનહરામ ।
મુક્ત મરનકો ડર નહી, કરત ધનિકો કામ ॥૨॥
શિશ વિનાકા શૂરમા, નહી જીવનકી આસ ।
મુક્ત કહે તેહી રણવિષે, ઉર ન કાહુકી ત્રાસ ॥૩॥
સુખ સંપત સબહી તજે, ત્યાગત જીવન આશ ।
મુક્ત કહે સો શૂરકે, બઢત લડનકી પ્યાસ ॥૪॥
જબ નિકસે તરવાર તબ, ચડત ચોગના નુર ।
મુક્ત કહે સો શૂરકું, રાખત શ્યામ હજુર ॥૫॥

જબહી લડાઇ હોત તબ, રિપુ દલ દેત ભગાય ।
મુક્ત કહે સો શૂરકું, રાખત શ્યામ હજુર ॥૬॥
જબહી લડાઈ હોત તબ, રિપુ દલ દેત ભગાય ।
મુક્ત કહે સો સંતકે, ઉર નહી માત ઉમંગ ॥૭॥
કામાદિક રિપુસું લરે, તિખે સહત પ્રહાર ।
મુક્ત કહે સો સંતકો, સબ જગ જેજેકાર ॥૮॥
શૂર ચોટ રિપુપર કરે, પ્રગટ નમુના દેખ ।
મુક્ત સંત મનસું લરે, જાકે રુપ ન રેખ ॥૯॥
શૂરવીર રિપુસું લરે, ભૂપર ઠાઢો હોય ।
મુક્ત સંતકે ખેલમેં, પગ ધરી સકત ન કોય ॥૧૦॥
શૂરવીરસું અધિક હે, સાધુકો સંગ્રામ ।
મુક્ત કહે મનસું લરન, કોઉ કરત નહી હામ ॥૧૧॥
સાધુ સમ શૂરા નહી, જાસે કંપત કાલ ।
મુક્ત કહે સોઈ પ્રેમસેં, ઉર ધારત ગોપાલ ॥૧૨॥
સાધુ સાચા શૂરમા, કરત મોહદલ નાશ ।
મુક્ત કહે સો સંત ઉર, કરત સદા હરિ વાસ ॥૧૩॥
કામતુલ્ય નહી પ્રબલ કોઉ, જિન ત્રિભુવન વશ્ય કીન ।
મુક્ત કહે સો સંતસે, હારી ગયો હોય દીન ॥૧૪॥
સબકી શુદ્ધ બુધ હરતહે, ક્રોધ બડો વિકરાલ ।
ક્ષમા ખડગ લે મુક્ત કહે, સંત હનત તતકાલ ॥૧૫॥
સબહી લોકકું ગ્રસત હે, પાપી લોભ પિશાચ ।
મુક્ત કહે સંતોષસેં, સંત કરત તેહી નાશ ।૧૬॥
એહિ વિધ રિપુદલ મારકે, પ્રભુપદ કિની પ્રીત ।
મુક્ત કહે સો સંતજન, સોવત હોય નચિંત ॥૧૭॥
ઓર શૂર લરિકે મરે, વૃથા મનુષ્યતન ખોત ।
મુક્ત સંતસમ શૂરમા, ત્રિભુવનમેં નહી હોત ॥૧૮॥
મન મતંગ જિન બસ કિયો, લે અંકુશ ગુરુ જ્ઞાન ।
મુક્ત કહે ત્રિભુવનવિષે, શૂર ન સંતસમાન ॥૧૯॥

સબહિ શત્રુકું મારીકે, પ્રભુપદ અધિક લોભાત ।
મુક્ત કહે સો સંતકો, સબ જગ જશ વિખ્યાત ॥૨૦॥
**(અંગ ॥૨૨॥ સાખી ॥૪૩૭॥)**

## ૨૩ સાધુકો અંગ -

**સાખી** - સાધુ ચંદન બાવના, શીતલ અંગ અનૂપ ।
મુક્ત સુગંધી દે કરે, સબ તરુ ચંદનરુપ ॥૧॥
સાધુ ચંદન બાવના, શીતલ છાય વિશાલ ।
મુક્ત કહે તેહી રુપ રસસેં, શાંત હોતે વિષ વ્યાલ ॥૨॥
મુક્ત કહે સતસંગસેં, શઠ સુધરત સાક્ષાત ।
મુનિ નારદ કહિ વ્યાસસું, પૂરવ જન્મકી બાત ॥૩॥
દોષ હરન શીતલ કરન, ઘનસમ સંત સુધીર ।
મુક્ત જ્ઞાન જલ વર્ષકે, હરત સબકી પીર ॥૪॥
સંત બડે પરમારથી, દેત સબનકું જ્ઞાન ।
મુક્ત કહે તેહી જો મિલે, તાકો કરત કલ્યાન ॥૫॥
દોષ કલંક મિટાયકે, સુધ કરતહે સંત ।
મુક્ત મિલાવે સુબહીકું, પ્રગટ રુપ ભગવંત ॥૬॥
મિલન ચહો પરબ્રહ્મકું, તો કરના સતસંગ ।
મુક્ત કહે સદ્‌ગ્રંથકો, એહી સિદ્ધાંત અભંગ ॥૭॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, સંત સરલચિત્ત જોય ।
મુક્ત કે ભવજલ તરન, અતિબડ નૌકા સોય ॥૮॥
સંત કબહુ ત્યાગત નહી, ધર્મ સહિત હરિધ્યાન ।
મુક્ત કહે ભવ ઉદધિમેં, સો મુનિ નાવ સમાન ॥૯॥
સંત ધન્વંતરી વૈદસમ, જેસો રોગી જેહુ ।
મુક્ત બતાવત તાહીકું, તેસો ઓષધ તેહુ ॥૧૦॥
જબહી મિલ્યો જન સંતકું તબહી ભયો કલ્યાન ।
મુક્ત કહે પ્રભુ પ્રગટકો, સંત દેતહી જ્ઞાન ॥૧૧॥

સંત સબનકો હિત કરે, દે સાચો ઉપદેશ ।
મુક્ત મિલાવે રામકું, સ્વારથ નહી લવલેશ ॥૧૨॥
બકરા હાથ કસાઈકે મહાજન ધાય છોડાત ।
મુક્ત કહે ત્યું સંતજન, કહત જ્ઞાન કી બાત ॥૧૩॥
બ્રાહ્મણસેં ચાંડાલ લગ, સબકું પાર લંધાત ।
મુક્ત નાવસમ સંતજન, ગિનત ન જાત કુજા ॥૧૪॥
જ્યું મુનિ સોવે જાગહિં, જ્યું પિવત જ્યું ખાત ।
મુક્ત કહે જગ આપ સમ, તેહી માનત સાક્ષાત ॥૧૫॥
સંતકી બાત ન માનહી, નહી સંતનસું પ્રીત ।
મુક્ત કહે હરિવિમુખ નર, કર્મ કરત વિપરીત ॥૧૬॥
કનક કામિની ત્યાગીકેં, સંત કરત જો જોય ।
મુક્ત કહે સબ છાજહી, લંછન લગત ન કોય ॥૧૭॥
શ્રુતિ પુરાણ સદ્ગ્રંથકો, રાહ ન છોડત સં ।
મુક્ત કહે એહી મરમસે, જાની લેઉ બુદ્ધિવંત ॥૧૮॥
કોઈ નંદત કોઈ વંદહિ, કોઈક ભોજન દેત ।
મુક્ત સંતકું સમ સબેં, ગુન ઓગુન નહિ લેત ॥૧૯॥
કોઈ પૂજત અતિપ્રેમસેં, કોઈક મારત લાત ।
મુક્ત કહે સબહિસેં, સમ સદા, સોઈ સાધુ સાક્ષાત ॥૨૦॥
ધન દોલત સુત જુવતી, રાજ વાજ સુખ સાજ ।
મુક્ત કહે યહ સબ મિલે, દુર્લભ સંત સમાજ ॥૨૧॥
ચૌદ લોક સુખ મુક્તિલું, ધરિ જોખત જબ કોય ।
મુક્ત કહે સતસંગકેં, લવ સુખ સમ નહિ કો ॥૨૨॥
ત્રિભુવનમેં બહુ તન ધરે, ઉચ્ચ રુ નીચ અનંત ।
મુક્ત ન તેહિ કારજ સરે, જવ લગી મિલત ન સંત ॥૨૩॥
ચૌદ ભુવનમેં સબહિકું, વિષયાનંદ સમાન ।
મુક્ત ભયો જેહિ બ્રહ્મસુખ, સો હરિભક્ત સુજાન ॥૨૪॥
કનક કામિનીકો કબુ, ભૂલ્યે કરત ન સંગ ।
મુક્ત કહે સો સંત મત, આદિ યુગાદિ અભંગ ॥૨૫॥

પાપતુલ્ય પ્રભુતા લગે, સાપતુલ્ય સનમાન ।
નારી નાગનીસમ તજે, મુક્ત ન તેહિ સમ આન ॥૨૬॥
ઈંદ્ર લોક જેહી અનલસમ, વિઘનતુલ્ય અજ લોક ।
મુક્ત બ્રહ્મહો હરિ ભજે, ઉર નહી સંશય શોક ॥૨૭॥
અષ્ટ સિદ્ધિ નવ નિધિકી, ઉરમેં લેશ ન આશ ।
મુક્ત કહે સો સંતસેં, મિલેં પ્રગટ અવિનાશ ॥૨૮॥
કામ ક્રોધ મદ લોભકે, મૂલ ઉખારત જોય ।
મુક્ત કહે સો મહામુનિ, હરિકું પ્યારા હોય ॥૨૯॥
પ્રેમમગન પ્રભુ ઉર ધરે, કરત ન જગ વ્યવહાર ।
મુક્ત કહે સો સંતજન, ફિરત કરન ભવપાર ॥૩૦॥
અર્ધ નિમેષ હરિભજન તજી, ભરત ન ખાલી શ્વાસ ।
મુક્ત કહે સો સંત ઉર, રહત પ્રગટ અવિનાશ ॥૩૧॥
જપ તપ તીરથ જાતરા, જોગ જજ્ઞ વ્રત દાન ।
મુક્ત તાહિ હોવત સદા, જેહિ ઉર શ્રીભગવાન ॥૩૨॥
સબહિ દેવ તેહિ રિઝહિ, સબ તીર્થ તેહિ પાસ ।
મુક્ત કહે જેહિ સંત ઉર, શ્રીહરિ કિન નિવાસ ॥૩૩॥
નવધા ભક્તિ હોત હે, આઠ પોર એક તાર ।
મુક્ત કહે જેહિ સંત ઉર, રહત સદા કર્તાર ॥૩૪॥
શૂર સંત તમકું હરે, તાતે ઉભય સમાન ।
મુક્ત બાહ્ય તમ રવિ હરે, સંત હરત અજ્ઞાન ॥૩૫॥
જેહી સ્થલમેં રવિ તમ હરે, તહાં તમ હોત પ્રવેશ ।
મુક્ત સંત તમ હરત તેહિ, ફિર ન મોહતમ લેશ ॥૩૬॥
જ્ઞાની મેરો આતમા, મેં જ્ઞાનિકો પ્રાન ।
મુક્ત કહે શ્રીમુખ કહ્યો, ગીતામેં ભગવાન ॥૩૭॥
દેહ ગેહ સુત જુવતિ, ધન દોલત સુખ સાજ ।
મુક્ત સમર્પત મોહિકું, મોય ભજત તજી લાજ ॥૩૮॥
જાગત સોવત રેન દિન, જો મેરે ગુન ગાત ।
મુક્ત કહે શ્રીમુખ કહ્યો, સો મમ જન સાક્ષાત ॥૩૯॥

અતિપ્રેમી મમ ભક્ત હે, ગૃહી અરુ ત્યાગી જોય ।
મુક્ત કહે શ્રીમુખ કહ્યો, તેહિ સમ ઓર ન કોય ॥૪૦॥
મેં તિનકે પિછે ફિરું, નેક ન રાખું માન ।
મુક્ત કહે શ્રીમુખ કહ્યો, હરિજન મેરે પ્રાન ॥૪૧॥
જેસો મેં પ્રિય સંતકું, ત્યું મોકું પ્રિય સંત ।
મુક્ત કહે શ્રીમુખ કહ્યો, મહિમા શ્રીભગવંત ॥૪૨॥
ત્યું મેં દુર્લભ ઓરકું, ત્યું મોય દુર્લભ દાસ ।
મુક્ત કહે શ્રીમુખ કહ્યો, જન મહિમા અવિનાશ ॥૪૩॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, ધર્મ સો ધ્યાન સમેત ।
મુક્ત ઓર શુભ ગુન સુખદ, સંત સદા તેહિ લેત ॥૪૪॥
ભજન ભક્તિ વૈરાગ્ય જુત, દેત જ્ઞાન અરુ ધ્યાન ।
મુક્ત કહે જગમેં નહિ, દાતા સંત સમાન ॥૪૫॥
ખાન પાન વ્યવહાર સબ, તનકો આન સમાન ।
મુક્ત સંતકું ક્યું લખેં, જડમતિ મૂઢ અજાન ॥૪૬॥
મુક્ત કહે મતિમંદ નર, સંતકે ઓગુન ગાત ।
જ્યું બગુલા ગંગા ગયો, તદપિ મછલી ખાત ॥૪૭॥
ભજન ભક્તિ બિચ સંતકું, જબ કોઉ દૂષણ હોય ।
મુક્ત કહે પ્રા'ચિત કરે, રહત ભજનરત સોય ॥૪૮॥
ભજનિ સાધુ કર્મવશ, ચંદા જ્યું ઘટ જાત ।
મુક્ત ચંદ દ્વિતીયા નયો, ફેર બઢત સાક્ષાત ॥૪૯॥
જાહી પ્રગટ મોહન મિલે, તાકું કાલ ન ખાત ।
મુક્ત દેવ દૈવત ગયો, પિતરસેં નહિ જાત ॥૫૦॥
સંતનકી નિંદા કરે, સો નર જમપુર જાત ।
મુક્ત કહે મતિમંદકું, કાલ નિરંતર ખાત ॥૫૧॥
સંતનકી નિંદા કરે, તેહિ સમ નીચ ન કોઈ ।
મુક્ત કહે સબ વિશ્વકો, હનનહાર હે સોઈ ॥૫૨॥
મુક્ત કહે હરિભક્તકેં, નિંદક હોત પિશાચ ।
ભુખ પ્યાસ દુઃખ ત્રાસ જુત, ભટકત મૂઢ અવાચ ॥૫૩॥

સંતનકે ગુન ગ્રહત હે, સો અતિસેં બડભાગ ।
મુક્ત કહે તેહી હોત હે, પ્રભુપદ દઢ અનુરાગ ॥૫૪॥
સંતનકે ગુણ ગ્રહત હે, તાહી ન જમકી ત્રાસ ।
મુક્ત કહે તેહી ઉર વસે, પ્રગટ રુપ અવિનાશ ॥૫૫॥
બડભાગિસું હોતહે, સાચે સંતકી સેવ ।
મુક્ત કહે તેહિ રિઝહી, અલખ નિરંજન દેવ ॥૫૬॥
અલખ નિરંજન દેવ સો, નારાયણ જેહિ નામ ।
મુક્ત કહે સો શ્રીપતિ, વાસુદેવ સુખધામ ॥૫૭॥
મુક્ત કહે હરિકું ભજે, સોઈ કહાવત સંત ।
વાસુદેવસું વિમુખ સો, કલિમલ ગ્રસિત અસંત ॥૫૮॥
સંત અસંતકે ભેદ સો, શ્રુતિ પુરાન સબ ગાત ।
મુક્ત કહે તાહિ નિંદા કહે, સો જમગણ સાક્ષાત ॥૫૯॥
નરતન ધરી જાકું નહિ, સંત અસંત પિછાન ।
મુક્ત કહે તાકો નહિ, કોટિ જન્મ કલ્યાન ॥૬૦॥

**(અંગ ॥૨૩॥ સાખી ॥૪૯૭॥)**

## ૨૪ નવધા ભક્તિકો અંગ -

**સાખી** - મુક્ત કહે સાધુ સદા, ભક્તિ કરત નિષ્કામ ।
યા કારણ તેહિ ઉર વસે, વાસુદેવ સુખધામ ॥૧॥
નવધા ભક્તિ નેમ જુત, કરતહે સંત સુજાન ।
મુક્ત કહે તેહિ નામ સબ, ભિન્ન ભિન્ન કરુ બખાન ॥૨॥
હરિગુનશ્રવન રું કિરતન, સુમરન હરિપદસેવ ।
અર્ચન વંદન દાસ્ય સખ્ય, અર્પે આત્મા તતખેવ ॥૩॥
પ્રેમસહિત ચિત્ત પ્રોયકેં, સુનતહે હરિગુન જોય ।
મુક્ત કહે સબતકી, શ્રવણભક્તિ હે સોય ॥૪॥
શુક નારદ જ્યું સમજીકે, પ્રેમસેં હરિગુન ગાત ।
કીરતન ભક્તિ મુક્ત યું, બરની કહી સાક્ષાત ॥૫॥
એક જપત હરિનામકું, એક ધરત હરિધ્યાન ।
મુક્ત શેષ જ્યું ઉભય વિધિ, સુમરન ભક્તિ પ્રમાન ॥૬॥

પ્રભુપદ સેવત પ્રેમસેં, રહત રમા જ્યું પાસ ।
ચરનસેવન યહ ભક્તિ સો, મુક્ત કરત હરિદાસ ॥૭॥
પ્રતિમા અષ્ટ પ્રકારકી, અથવા હરિ અવતાર ।
મુક્ત કહે તેહિ પૂજિકેં, પતિત હોત ભવપાર ॥૮॥
આચારજ સ્થાપન કિયા, પ્રતિમા પૂજત સોય ।
મુક્ત કહે પ્રભુ પ્રગટ જ્યું, સેવત દ્રઢમતિ હોય ॥૯॥
ચંદન પુષ્પાદિક સબેં, લે ષોડશ ઉપચાર ।
મુક્ત કહે પૂજા કરે, વેદતંત્ર અનુસાર ॥૧૦॥
મુક્ત કહે વંદન વિધિ, શ્રુતિ કહે ઉભય પ્રકાર ।
તનસેં નમત પ્રભુ પ્રગટકું, મનસેં હૃદય મોઝાર ॥૧૧॥
પ્રેમસહિત કર જોરિકેં, હરિકે રહત હજુર ।
મુક્ત કહે સો દાસસેં, રહત મોહદલ દૂર ॥૧૨॥
ગર્ભવિષે સબ જીવકું, દેત અમૃત આહાર ।
મુક્ત કહે સબકો સખા, સો પ્રભુ સરજનહાર ॥૧૩॥
સ્તવન પ્રક્રમાલું સવેં, પૂજા પૂરન હોય ।
મુક્ત કહે હરિરુપમેં, રહત ભક્ત ચિત પ્રોય ॥૧૪॥
યું હરિકું સાચે સખા, જબ જાનતહે જંત ।
મુક્ત સખાપન ભક્તિસેં, ઉર ધારત ભગવંત ॥૧૫॥
સબહી સમરપત શ્યામકું, કરતહે સંત અનુપ ।
મુક્ત સમરપન ભક્તિકું, કરતહે સંત અનુપ ॥૧૬॥
આત્મનિવેદન ભક્તિ લું, નવધા ભક્તિ જેહુ ।
મુક્ત કહે સંક્ષેપસેં, બરની કહી સબ તેહુ ॥૧૭॥

**(અંગ ॥૨૪॥ સાખી ॥૫૧૪॥)**

### ૨૫ પ્રેમિભક્તકો અંગ -

**સાખી** - ફલ ઈચ્છા બીન કરતહે, નવધા ભક્તિ જોય ।
મુક્ત કહે તેહી અતિ અચલ, પ્રભુસંગ પ્રીતિ હોય ॥૧॥
પ્રીત લગિ પરબ્રહ્મસેં, તાહી ન ઓર સુહાત ।
મુક્ત નયન જલ બરખહીં, ગદગદ સ્વર ગુન ગાત ॥૨॥

પ્રેમિકો મન રહતહે, સદા શ્યામકે પાસ ।
મુક્ત કહે ઉનમત જ્યું, ભરતહે શ્વાસ ઉચ્છ્વાસ ।।૩।।
મુક્ત કહે પ્રેમી સબેં, હરિકું પ્યારે હોત ।
પ્રેમલક્ષણા ભક્તિ બિન, જડમતિ જન્મ વિગોત ।।૪।।
મુક્ત કહે મોહનવિષે, જાહી લગી દૃઢ પ્રીતિ હોય ।
લોક લાજ સુખ સાજકે, પાસ હી તોરત સોય ।।૫।।
મુક્ત કહે મોહનવિષે, જાહી લગિ દૃઢ પ્રીત ।
તાહિ ન કુછ કરનો રહ્યો, સહજ લિયો જગ જીત ।।૬।।
મુક્ત કહે જેહી દૃઢ ભયો, પુરન પ્રેમ પ્રવેશ ।
ભૂત પ્રેત અન્ય દેવકો, તાકુ ત્રાસ ન લેશ ।।૭।।
મુક્ત કહે મોહનવિષે, જાકો મન લેલીન ।
સો હરિગુન બિન અન્ય થા કહત ન સુનત પ્રવીન ।।૮।।
મુક્ત કહે મોહનવિષે, જાકું પ્રીનત પ્રચંડ ।
બિનહિ કિયે સાધન સબે, નિશદિન હોત અખંડ ।।૯।।
કબહુક હસિકેં નાચહિ, કબહુક દેવત રોય ।
મુક્ત ચિત હરિસું લગ્યો, તાકી યહ ગતિ હોય ।।૧૦।।
કબહુક ગદગદ કંઠહો, કરતહે હરિગુન ગાન ।
મુક્ત કહે ક્યું ચુપ રહે, લગે વિરહકે બાન ।।૧૧।।
કૃષ્ણ બજાઈ બાંસુરી, ભનક પરિ જબ કાન ।
મુક્ત કહે ગોપી સબેં, ભૂલ ગઈ તનભાન ।।૧૨।।
ઉલટે આભરણ પે'રિકે, ઉલટે ઓઢે ચીર ।
મુક્ત કહે ઉનમત જ્યું, મિલન ચલી બલવીર ।।૧૩।।
મુક્ત કહે વ્રજસુંદરી, જબ ગઈ જમુના તીર ।
એક ગોપીકે પ્રેમમેં, ઉડી ગયે કોટિ કબીર ।।૧૪।।
પ્રેમભરિ વ્રજસુંદરી, ગૃહ બિચ રોકી જેહુ ।
મુક્ત કહે તન ત્યાગીકે, મિલિ કૃષ્ણકું તેહુ ।।૧૫।।
મીન સનેહિ નીરકો, ચંદ સનેહી ચકોર ।
મુક્ત કહે વ્રજનારિકું, ત્યું મોહન ચિત ચોર ।।૧૬।।
પ્રેમભક્તિ જેહિ ઉર વસિ, તાહિ ન ભાવત આન ।
મુક્ત કહે નહિ તાહિહું, હરિ બિન દુજો ધ્યાન ।।૧૭।।

સતી શૂરકું સુગમ હે, એક ઘરીકો કામ ।
મુક્ત અંગિઠી પ્રેમકી, જરતહે આઠું જામ ॥૧૮॥
અનંત જન્મકે પુણ્યકો, જાહિ પ્રગટ ફલ હોય ।
મુક્ત કહે પરબ્રહ્મસું, પ્રીત કરતહે સોય ॥૧૯॥
પ્રેમલક્ષણા ભક્તિકું, જાનત વિરલા કોય ।
મુક્ત કલુષતા ક્યું રહે, જા ઘટ યહ નિધિ હોય ॥૨૦॥

**(અંગ ॥૨૫॥ સાખી ॥૫૩૪॥)**

## ૨૬ ઉત્તમ ભક્તકો અંગ -

**સાખી** - પ્રબલ પ્રેમ જેહિ પ્રભુવિષે, સોઈ એકાંતિક સંત ।
મુક્ત સદા તેહિ ઉર વસે, વાસુદેવ ભગવંત ॥૧॥
શ્વેતદ્વીપપતિ શ્યામકો, જેહિ ઉર હોત નિવાસ ।
મુક્ત કહે સો દેખહિં, ભક્ત ચહુ દિશ પ્રબલ પ્રકાશ ॥૨॥
સો પ્રકાશમહિં દેખહિં, ભક્ત નિરન્ન અપાર ।
મુક્ત કહે સો મહામુનિ, કરત કાલકો આહાર ॥૩॥
સબ મુનિજુત અતિ સોહહિં, શ્વેતદ્વીપ હરિધામ ।
તેહિ મધ્ય પ્રભુકું નિરખહિ, મુક્ત સો ભક્ત અકામ ॥૪॥
ધર્મ જ્ઞાન વૈરાગ્યજુત, સબવિધિ પૂરન જેહુ ।
મુક્ત બ્રહ્મ હો હરિ ભજે, નિર્ગુણ ભક્તિ તેહુ ॥૫॥
હરિ દરશનમેં તાહિકું, પલ વિક્ષેપ ન હોય ।
મુક્ત કહે કર જોરિકે, પ્રભુ સનમુખ રહે સોય ॥૬॥
અનંત ચંદ્ર સમ સોહહિ, સ્વામી સેવક દોય ।
મુક્ત કહે યહ ભક્તિકું, પાવત વિરાલ કોય ॥૭॥
શ્રવનસો અનહદ ધુનિ સુંને, દ્રગ દેખત હરિરુપ ।
મુક્ત કહે રચના સદા, હરિગુન ગાત અનૂપ ॥૮॥
તેજોમય હરિમૂરતિ, મૂર્તિમાન સબ સંત ।
તેજકે ચરનમેં તેજ શિર, મુક્ત સો નમત અનંત ॥૯॥
સબ સામગ્રી તેજમય, તેજોમય હરિધામ ।
મુક્ત અમાયિક રુપ સબ, નિરખત ભક્ત અકામ ॥૧૦॥

ક્યું હરિસેં હરિદાસકું, હોવત પરમ વિલાસ ।
મુક્ત કહે અક્ષય સદા, હરિ ત્યું હરિકે દાસ ॥૧૧॥
વાસુદેવકે રુપમેં, અચલ પ્રીતિ હે જોઈ ।
મુક્ત કહે તિહું ગુનરહિત, પરા ભક્તિ હે સોઈ ॥૧૨॥

**અંગ ॥૨૬॥ સાખી ॥૫૪૬॥**

## ૨૭ હરિજનકો અંગ -

**સાખી** - હરિજન સો હરિકું ભજે, ત્યાગત વિષય વિકાર ।
મુક્ત કહે હરિ-ભકતસું, રાખત પૂરન પ્યાર ॥૧॥
હરિજન તાકું જાનિએ, ધર્મ ન લોપત લેશ ।
મુક્ત કહે સબ મનુષ્યકું, કરત સત્ય ઉપદેશ ॥૨॥
હરિજન હરિકે ભજન વિન, ખાલી ભરત ન શ્વાસ ।
મુક્ત કહે તેહિ ઉરવિષે, બસત પ્રકટ અવિનાશ ॥૩॥
જાહિ પ્રગટ મોહન મિલે, સોં સાચે હરિદાસ ।
મુક્ત કહે હરિ દરશન બિન, મિટત ન માયા પાસ ॥૪॥
પ્રાન ગયે ત્યાગત નહિ, નિષ્કામી વ્રતમાન ।
મુક્ત કહે ત્યાગી એહી, હરિજન સોઈ સુજાન ॥૫॥
સબહિ નેમ સતસંગકે, રાખત હરિજન હોય ।
મુક્ત કહે ત્રિભુવનવિષે, તેહિ સમ ઓર ન કોય ॥૬॥
પરધન પરત્રિય માંસ મદ્ય, હિંસા આતમઘાત ।
મુક્ત કહે સો વિટાલજુત, તજત પ્રબલ અઘ સાત ॥૭॥
હરિજન હરિ રિઝાવને, તજત લોકકી લાજ ।
મુક્ત કહે હરિભગતકો, લાજ બિગારત કાજ ॥૮॥
વિઘન કરત હરિભજનમેં, સો લજ્જા કરી ત્યાગ ।
મુક્ત કહે ગુરુ સંતકી, લાજ રખત બડભાગ ॥૯॥
હરિજન હરિકે લાડિલે, પ્રેમમગન ગુન ગાત ।
મુક્ત કહે તેહિ વિષયસુખ, સુપનેહુ મેં ન સુહાત ॥૧૦॥
હરિ બિન દુજે દેવકી, કબહુ કરત નહિ આશ ।
મુક્ત કહે સબ વિશ્વમેં, સો સાચા હરિદાસ ॥૧૧॥

હરિબિન દુજે દેવકી, જાકું નાહિ પ્રતીત ।
મુક્ત કહે હરિભક્ત સો, લેત કાલકુ જીત ॥૧૨॥
હરિજન હરિકે લાડિલે, નિર્ભય રહત નચિંત ।
મુક્ત કહે જિનકું મિલે, વાસુદેવ ભગવંત ॥૧૩॥
(અંગ ॥૨૭॥ સાખી ॥૫૫લ॥)

## ૨૮ હરિવિશ્વાસકો અંગ -

**સાખી** - કાશીમેં યહ તન પરો, પરો કી મગહર દેશ ।
મુક્ત કહે હરિભક્તકું, સંશય રહ્યો ન લેશ ॥૧॥
વિપ્રસદન મહિં તન તજો, ભાવે શ્વપચ ગૃહમાંહિ ।
મુક્ત કહે હરિભક્તકું, તિલભર સંશય નાહિ ॥૨॥
શુભ અશુભ સબ દેશમેં, જહાં જહાં તજત શરીર ।
મુક્ત કહે હરિભક્તકું, નાહિં મોક્ષકી પીર ॥૩॥
કિ છુટો તન આજહિ, કિ રહો કાલ અનંત ।
મુક્ત કહે હરિ જાનિકે, નિઃસંશય ભયે સંત ॥૪॥
દક્ષિણાયન ઉત્તરાયનમેં, ભાવે ષટ ઋતિ માંહિ ।
મુક્ત કહે હરિભક્તકું, મરનકો સંશય નાહી ॥૫॥
સરપ સિંહ વિજુરી પરે, બુડ મરે જલમાંઇ ।
મુક્ત કહે હરિભક્તકું, મરનકો સંશય નાંઇ ॥૬॥
યહ તન વન પર્વત ધરો, જલ મહી ડારો સોય ।
મુક્ત કહે જેહી હરિ મિલે, સંશય રહ્યો ન કોય ॥૭॥
કિ તન ગાડો ભૂમિમેં, કિ તન જરો કૃશાન ।
મુક્ત જેહી હરિ મિલે, તાહિ ન સંશય આન ॥૮॥
અતિ આદર કી અનાદરે, દેહ નિકાસત જેહુ ।
મુક્ત કહે જેહિ હરિ મિલે, સંશય રહત ન તેહુ ॥૯॥
સદા રહે સુખ સંપત્તિ, કિ રહે વિપત્તિ અપાર ।
મુક્ત કહે હરિભક્તકો, નિઃસંશય નિરધાર ॥૧૦॥
કે યહ દેહ નિરોગ નિત્ય, કિ રહો રોગી દેહ ।
મુક્ત કહે જેહી હરિ મિલે, તેહિ ન રંચ સંદેહ ॥૧૧॥

અજામેલ મહાતાપકી, નારાયણકે નામ ।
મુક્ત છોડાયો જમનસે, પહુચ્યો પ્રભુકો ધામ ॥૧૨॥
મુક્ત કહે હરિભક્તકી, પ્રભુ ટારત સબ ઘાત ।
સુરિ લિખિ લલાટમેં, કાંટેસેં મિટ જાત ॥૧૩॥

**(અંગ ॥૨૮॥ સાખી ॥૫૭૨॥)**

## ૨૯ સુવિચારકો અંગ -

**સાખી** - પ્રથમ સુનત ગુરુ સંતમુખ, હરિગુન સબ શ્રુતિસાર ।
મુક્ત કહે સુવિચારસેં, ઉર ધારત કરી પ્યાર ॥૧॥
દ્વિતીય મનન ગુરુ સંતમુખ, સુનિકેં વિચારત ફેર ।
મુક્ત કહે યહ મનનસેં, મિટત મોહ અંધેર ॥૨॥
તિજો તાહિ પ્રકારસેં, કરત જો નિદિધ્યાસ ।
મુક્ત કહે તેહિ ઉર વિષે, પ્રભુકો હોત પ્રકાસ ॥૩॥
સો પ્રકાશ મહિ ભક્તકું, ભાસત હરિકો રુપ ।
મુક્ત કહે સાક્ષાત સો, અનુભવ જ્ઞાન અનુપ ॥૪॥
તાતે સબ સુવિચારસેં, પાવત પરમાનંદ ।
મુક્ત કહે સુવિચાર બિન, પરત મોહકે ફંદ ॥૫॥
એહિ કારન સુવિચારસેં, કરતહે સબહિ કામ ।
મુક્ત કહે તેહિ ઉર વસે, શ્રીપતિ સુંદર શ્યામ ॥૬॥
દેખત સોઈ વિચાર કરી, સુનતહિ કરત વિચાર ।
મુક્ત કહે સુવિચારસેં, બાની કરત ઉચાર ॥૭॥
ખાવત પિવત વિચારીકે, તેહિ વિધિ જાગત સોત ।
મુક્ત કહે સુવિચારસેં, સબહિ કામ શુભ હોત ॥૮॥
બેઠત ઉઠત વિચારકેં, ચલત વિચાર સમેત ।
મુક્ત કહે સોઈ સંતકું, હોવત હરિસું હેત ॥૯॥
દેત રું લેત વિચારિકે, પ્રભુકું બિચારત પાસ ।
મુક્ત કહે સુવિચારમેં, બસત સદા અવિનાશ ॥૧૦॥
હરિ ગુરુ સંતકે બચનકો, મનન કરતહે જેહુ ।
મુક્ત કહે સુવિચારકો, રુપ જથારથ તેહુ ॥૧૧॥

સબહિ કાલ ચિતવત રહે, પ્રભુકો રુપ રસાલ ।
મુક્ત કહે સુવિચારસો, મેટત માયા જાલ ॥૧૨॥
(અંગ ॥૨૯॥ સાખી ॥૫૮૪॥)

## ૩૦ ખલ જ્ઞાનિકો અંગ -

**સાખી** - ખલજ્ઞાનિકે ઉરવિષે, રહત સદા કુવિચાર ।
મુક્ત કહે મહાસંતમેં, સ્થાપત દોષ અપાર ॥૧॥
ખલજ્ઞાનિકે ઉરવિષે, રહત સંતપર રોષ ।
મુક્ત કહે હરિભક્તમેં, ગુન સોઇ ભાસત દોષ ॥૨॥
ખલજ્ઞાનિ સતસંગમેં, આયકેં શુદ્ધ ન હોય ।
મુક્ત કહે બક ગંગતટ, મછી મારત સોય ॥૩॥
ખલજ્ઞાની સતસંગમેં, આયકે ઓગુણ લેત ।
મુક્ત કહે તેહિ જો મિલે, તાહિ વિમુખ કરી દેત ॥૪॥
દુનિયાંસે હરિભક્તમેં, ભાસત દોષ અનંત ।
મુક્ત કહે સોઇ જ્ઞાનખલ, સબવિધ સદા અસંત ॥૫॥
ખલજ્ઞાની ગુરુ હો ફિરે, બાચત વેદ પુરાન ।
મુક્ત મૃગયું જિમિ ગાન કરી, હરત મૃગનકે પ્રાન ॥૬॥
ખલજ્ઞાનિકું ગ્રંથમેં, ભાસત ઉલટા અર્થ ।
મુક્ત કહે તેહિ કારને, કરત સદા અનર્થ ॥૭॥
ખલજ્ઞાની સદ્‌ગ્રંથકું, પઢત ન પ્રિછત અંધ ।
જ્યું ગંગાકી મછલી, તજત નાંહિ દુર્ગંધ ॥૮॥
ખલજ્ઞાની જો જો પઢે, સો મનિસમ સાક્ષાત ।
મુક્ત કહે વિષ વ્યાલ જ્યું, સબ જીવનકું ખાત ॥૯॥
ખલજ્ઞાનિકું હોત નહિ, હરિ હરિજનસું હેત ।
મુક્ત કહે તેહિ કારણે, બુડત કુટુંબ સમેત ॥૧૦॥
ખલજ્ઞાની જ્યું જ્યું બડે, અધિક પ્રતાપી હોય ।
મુક્ત કહે મહાદૈત્ય જ્યું, સબકું પિડત સોય ॥૧૧॥

ખલજ્ઞાની ઈન ગુનનિસેં, જાનિ તજત અતિ દૂર ।
મુક્ત કહે હરિભક્ત સો, હરિકે રહત હજૂર ॥૧૨॥
(અંગ ॥૩૦॥ સાખી ॥૫૧૬॥)

## ૩૧ પ્રભુ પ્રતાપકો અંગ -

**સાખી** - પ્રભુ પ્રતાપસેં હોતહે, પતિત જીવ ભવપાર ।
મુક્ત કહે તેહિ ના ભજે, સો મતિમંદ ગમાર ॥૧॥
પ્રભુ પ્રતાપ જાને બિના, અન્ય દેવરત જોય ।
મુક્ત ઉસ વૃષ્ટિ ભએ, ધનકો કામ ન હોય ॥૨॥
પ્રભુપ્રતાપ જાને બિના, જીવ ન હોત સનાથ ।
મુક્ત કહે જમપુરવિષે, બો'ત ઘસેંગે હાથ ॥૩॥
હરિપ્રતાપસેં હોતહે, સૃષ્ટિકો મંડાન ।
બ્રહ્મકે સબ અંગસે, ઉપજત જાન અજાન ॥૪॥
પ્રભુપ્રતાપસે ધરતહે, શેષ સબહિ ભૂમિભાર ।
મુક્ત કહે સબ વદનસેં, હરિગુન કરત ઉચ્ચાર ॥૫॥
પ્રભુપ્રતાપ હર હરતહે સ્થિર ચર સબ સંસાર ।
મુક્ત ન લાગત પાપ તેહિ રહત સદા અવિકાર ॥૬॥
પ્રભુ પ્રતાપસેં કરતહે, સુર શશિ ઉજિયાર ।
મુક્ત કહે હરિ હુકમ ત્યું, રહત સદા સબ ત્યાર ॥૭॥
પ્રભુપ્રતાપસેં હોત હે, નિર્બલ અધિક બલવંત ।
મુક્ત કાલ શિર પાવ ધરી, જ્યું નિર્ભય સબ સંત ॥૮॥
પ્રભુપ્રતાપસે હોત હે, સોઈ સાચો કલ્યાન ।
મુક્ત કહે યહ મર્મકું, જાનત સોઈ સુજાન ॥૯॥
પ્રભુપ્રતાપ જાને બિના, જગકરતા કહે કર્મ ।
મુક્ત કહે સદ્‌ગ્રંથકું, મૂઢ ન જાનત મર્મ ॥૧૦॥
પ્રભુપ્રતાપસેં હોત હે, મૂલ અવિદ્યા નાશ ।
મુક્ત કહે તેહિ કારનેં, ભજન જોગ્ય અવિનાશ ॥૧૧॥

પ્રભુપ્રતાપસેં છુટહિ, કાલ કર્મકે પાસ ।
મુક્ત કહે તેહિ કારનેં, હોના દૃઢ હરિદાસ ॥૧૨॥
(અંગ ॥૩૧॥ સાખી ॥૬૦૮॥)

## ૩૨ નાસ્તિક્કો અંગ -

**સાખી** - નાસ્તિક કુક્કર પુછ જ્યું, કબહું ન સુધે હોત ।
મુક્ત કહે તેહી કારને, કાલ કર્મ વશ રોત ॥૧॥
નાસ્તિક કારી કુતરી, સબકુ કાટત ધાય ।
મુક્ત જ્ઞાનલઠિયા ગ્રહે, તાકે નિકટ ન જાય ॥૨॥
નાસ્તિક હરિજનકે વિષે, ગુન સોઈ સ્થાપત દોષ ।
મુક્ત કહે મતિમંદ પર, કહાંલું કિજે રોષ ॥૩॥
ગિરિ ગોવર્ધન કર ધર્યો, કિનો દવકો પાન ।
મુક્ત કહે તેહિ ના કહે, જવન જૈન ભગવાન ॥૪॥
ભવ બ્રહ્માકો મદ હર્યો, કિયો ઈંદ્રમદ અંત ।
મુક્ત કહે તેહિ ના કહે, જવન જૈન ભગવંત ॥૫॥
શ્રુતિ પુરાન સદ્‌ગ્રંથ સબ, કરત જાસ ગુનગાન ।
મુક્ત કહે તેહી જ્ઞાનખલ, માનત આપ સમાન ॥૬॥
કૃષ્ણ કૃષ્ણ મુખસેં કહે, મહાપાપી તરી જાત ।
જવન જૈન અરુ જ્ઞાનખલ, મુક્ત ન તેહી ગુનગાત ॥૭॥
નૃગ છોડાયો શાપસેં, લાયે વિપ્ર ગુરુબાલ ।
જવન જૈન તેહિ મુક્ત કહે, જાનત પરમ બેહાલ ॥૮॥
હરિ હરિજનકોં યું સદા, નાસ્તિક ઓગુન લેત ।
મુક્ત કહે તેહિ કારને, બુડત કુટુંબ સમેત ॥૯॥
જો હરિજન ઉજ્જવલ રહે, બગધ્યાની કહે લોક ।
મુક્ત કહે ન ઉજ્જવલ રહે, કહત ક્રિયા ભઈ ફોગ ॥૧૦॥
જ્ઞાન વારતા કહત તબ, કહત બકતહિં સંત ।
મુક્ત મૌન વ્રત ધરત તબ, કહત કપટ મુનિજંત ॥૧૧॥
જબ કછું સામર્થ્ય દેખહિ, ચેટક કહતહેં તાય ।
મુક્ત ન જબ કછુ દેખહિં, પરચા માગત આય ॥૧૨॥

એહિવિધ નાસ્તિક સંતકેં, જ્યું જ્યું ઓગુન લેત ।
મુક્ત કહે તેહિ કારને, હરિજનસું નહિ હેત ॥૧૩॥
ક્યું શઠકી બોલી સુને, સો હરિજન નહિ હોત ।
મુક્ત કહે મતિમંદ હો, વૃથા મનુષ્યતન ખોત ॥૧૪॥
હરિ વિમુખનકે બચનકી, કરત ન લેશ પ્રતીત ।
મુક્ત કહે હરિભક્ત સો, હોવત ત્રિગુણાતીત ॥૧૫॥
શુભ રું અશુભ સંસારકે, બચન ન માનત સંત ।
મુક્ત કહે હરિભક્ત સો, ભજત સદા ભગવંત ॥૧૬॥

**(અંગ ॥૩૨॥ સાખી ॥૬૨૪॥)**

## ૩૩ કુપાત્રકો અંગ -

**સાખી** - મુક્ત મનુષ્યતનુ પાયકેં, હરિગુન ગાત લજાત
સો કુપાત્ર જમપુરવિષે, માર જમનકી ખાત ।
મુક્ત મનુષ્યતનુ પાયકેં, કુકર્મ તજત ન જેહુ ॥૧॥
સો કુપાત્ર સબ કુટુંબ જુત, જમપુર જાવત તેહુ ।
મુક્ત કહે જેહિ મનુષ્યકું, હરિ હરિજનસું વેર ॥૨॥
સો કુપાત્રકે બચન સબ, ઝેર હુસે અતિ ઝેર ।
મુક્ત કહે મતિમંદ સો, નિંદત હરિ અવતાર ॥૩॥
સો કુપાત્રકો હોત નહિ, કોટિ કલ્પ નિસ્તાર ।
મુક્ત કહે જો મનુષ્ય હો, મદ્ય અરુ માંસ હિ ખાત ॥૪॥
સોઈ રાક્ષસ સોઈ શ્વાનસમ, સોઈ કુપાત્ર સાક્ષાત ।
મુક્ત કહે હરિવિમુખ નર, પરધન પરત્રિય ચોર ॥૫॥
સો કુપાત્ર જમપુરવિષે, અતિ રોવત નિશિભોર ।
મુક્ત કહે સતસંગમેં, આય ન સુધરત જોય ॥૬॥
સબ પાપિનકો અધિપતિ, અતિકુપાત્ર હે સોય ।
ત્યાગી હોય ધન નારિકો, સંગ ન ત્યાગત જોઈ ॥૭॥
મુક્ત કહે સબ મનુષ્યમેં, અતિ કુપાત્ર હે સોઈ ।

જ્ઞાન બિના ગુરુ હોયકે, સબકે ફુંકત કાન ॥૮॥
મુક્ત કહે સબ મનુષ્યકું, સોઈ જમદૂત સમાન ।
મુક્ત કહે માનત નહિ, શ્રુતિ પુરાન સદ્ગ્રંથ ॥૯॥
સોઈ કુપાત્ર અસુરસમ, ગિનત કુપંથ સુપંથ ।
**(અંગ ॥૩૩॥ સાખી ॥૬૩૪॥)** ॥૧૦॥

## ૩૪ પુરુષાર્થહીનકો અંગ -

**સાખી** - કાયર કબહુ ન હરિ ભજે, તજત ન વિષય વિકાર ।
મુક્ત કહે તેહિ કારને, ખાવત જમકી માર ॥૧॥
કાયર શુભ કરનકી, હિંમત ઉરમેં નાહિં ।
મુક્ત કહે તેહિ કારનેં, બુડત ભવજલ માંહિ ॥૨॥
કાયર નરકું રહતહે, અતિશે તન અભિમાન ।
મુક્ત કહે તેહિ કારને, નાહિ ભજત ભગવાન ॥૩॥
તન અભિમાની પુરુષ સબ, અતિશે કાયર હોય ।
મુક્ત કહે રણહાક સુની, પીછે ભાગત સોય ॥૪॥
કામ ક્રોધ મદ લોભસેં, જો કોય માનત હાર્ય ।
મુક્ત કહે હિંમત બિના, સોઈ કાયર નર નાર્ય ॥૫॥
હિંમત બિન નામર્દકો, કછુ ન હોવત કાજ ।
મુક્ત કહે હિંમત લિયે, સિંહ હનત ગજરાત ॥૬॥
હિંમતસેં હરિ ઢુંકડે, કાયરસેં હરિ દૂર ।
મુક્ત કહે હરિવિમુખકે, પરત સદા મુખ ધૂર ॥૭॥
ઔર કામમેં શૂરમા, ભજનમેં કાયર હોત ।
મુક્ત કહે હરિવિમુખ યું, વૃથા મનુષ્યતન ખોત ॥૮॥
પેટ કાજ લરિ મસ્તરહે, લાજસેં શૂરા હોય ।
મુક્ત ભજે પરબ્રહ્મકું, સાચા શૂરા સોય ॥૯॥
શૂરા વિરલા સંત હે, કાયર સબ સંસાર ।
મુક્ત કહે હરિભજન બિન, કરત મનુષ્યતન ખ્વાર ॥૧૦॥

**(અંગ ॥૩૪॥ સાખી ॥૬૪૪॥)**

## ૩૫ પુરુષાર્થ જુક્તકો અંગ -

**સાખી** - મુક્ત કહે સોઈ મર્દ હે, જો મર્દત નિજ માન ।
સબ બૈરિ સંહારિકેં, ભજત સદા ભગવાન ॥૧॥
મુક્ત કહે સોઈ મર્દ હે, જાકે પ્રભુસું પ્રીત ।
કાલવ્યાલ શિર પાવ દે, હોવત ત્રિગુણાતીત ॥૨॥
મુક્ત કહે નામર્દકો, ઘરમેં ત્રિયકો રાજ ।
સો મર્દાઈ કરત ત્યું, ઉલટી ખોવત લાજ ॥૩॥
મુક્ત કહે હરિશરણ બિન, મર્દ ન હોવત કોય ।
વૃથા મર્દકે માનસેં, બહુત ગએ પત ખોય ॥૪॥
મુક્ત કહે હરિભજનમેં, હિંમત હારત નાહિ ।
જ્યું દુઃખ ત્યું દૂના બઢે, સોઈ મર્દ જગમાંહી ॥૫॥
કામ ક્રોધ મદ લોભકી, જાકે શિર પર લાત ।
મુક્ત કહે નામર્દ સો, રાસભ સમ સાક્ષાત ॥૬॥
મન ઇંદ્રિયકું મર્દિકે, પ્રભુસંગ જોડત જોઈ ।
મુક્ત કહે સબ લોકમેં, સાચા હરિજન સોઈ ॥૭॥
મન મદઝર ગજ વશ કરે, લે અંકુશ ગુરુ જ્ઞાન ।
મુક્ત કહે સો સંત પર, રિઝત શ્રીભગવાન ॥૮॥
કામાદિક સબ શત્રુકો, નાશ કરત હે જેહુ ।
મુક્ત કહે હરિભક્તકો, જીવ મર્દ હે તેહુ ॥૯॥
કામાદિકસેં હારિકેં, મુંછ મરોડત જૈહિ ।
મુક્ત કહે હરિવિમુખ શઠ, લાજ રહિત હે તેહિ ॥૧૦॥
મર્દ ગર્દસમ તન કરે, તજત નર્દસેં નેહ ।
મુક્ત મગન હરિભજનમેં, ઉર નહિ ધન ત્રિય ગેહ ॥૧૧॥
વાસુદેવકે ભજનમેં, હિંમત જુત સોઈ મર્દ ।
મુક્ત કહે હિંમત બિના, વિમુખ જીવ સબ નર્દ ॥૧૨॥

**(અંગ ॥૩૫॥ સાખી ॥૬૫૬॥)**

## ૩૬ હરિવિમુખકો અંગ -

**સાખી** - મુક્ત કહે હરિવિમુખ સબ, કબહુ ન હોવત શાંત ।
જહાં જહાં પાવત જન્મ તહાં, આવત સદા કૃતાંત ॥૧॥
મુક્ત કહે હરિવિમુખકું, મનવાંછિત સુખ હોય ।
તદપિ જરત તિહુ તાપમેં, શાંતિ કરત નહિં કોય ॥૨॥
મુક્ત કહે હરિવિમુખ સો, ચક્રવર્તિ જબ હોત ।
તોહુ ન શાંતિ હોત હે, સ્વર્ગ ભોગ હિત રોત ॥૩॥
મુક્ત કહે હરિવિમુખકું, જદપિ મિલત સુરભોગ ।
તદપિ શાંત ન હોત સો, બઢતહે કુમતિ રોગ ॥૪॥
મુક્ત કહે હરિવિમુખ સો, જદપિ હોત સુરરાજ ।
તદપિ શાંત ન હોત હે, જહાં તહાં ખોવત લાજ ॥૫॥
મુક્ત કહે હરિવિમુખ સો બ્રહ્મ લોકલુજાત ।
તદપિ શાંત ન હોત હૈ, ભોગકાજ વિલખાત ॥૬॥
બ્રહ્મ લોકકું વ્યાપિકેં, સબ બ્રહ્માંડ સુખ જોય ।
મુક્ત કહે હરિવિમુખકું, શાંતિ કરત ન સોય ॥૭॥
સબ જીવનકું સુખ કરત, વિશ્વ કિન કર્તાર ।
મુક્ત કહે હરિવિમુખકું, સોઈ દુઃખ દેત અપાર ॥૮॥
મુક્ત કહે હરિવિમુખકો, કોઉ કરત નહિ હેત ।
માતૃ ભ્રાતૃ પિતૃન સમ, સુધા સો વિષફલ દેત ॥૯॥
મુક્ત કહે હરિવિમુખકું, મિત્ર સોઈ રિપુ હોઈ ।
પ્રભુકો ભજન ભુલાયકેં, કાજ બિગારત સોઈ ॥૧૦॥
મુક્ત કહે હરિવિમુખકું, સુખ ન કરત સદ્‌ગ્રંથ ।
જ્યું દાસી દરબારમેં, સબસમેં ચલત કુપંથ ॥૧૧॥
જો જો પ્રભુસુખ હિત કિયો, સો શબ દુઃખ હિત હોત ।
મુક્ત કહે હરિવિમુખ સબ, વૃથા મનુષ્યતન ખોત ॥૧૨॥

**(અંગ ॥૩૬॥ સાખી ॥૬૬૮॥)**

## ૩૭ કપટિકો અંગ -

**સાખી** - કપટિ કબુ ન હરિ ભજે, મિટત ન મનકો મેલ ।
મુક્ત કહે હરિભગત હો, છાંને કરત કુફેલ ॥૧॥
કપટિ નર અરુ કાગકો, હોવત એક સ્વભાવ ।
પરકો કાજ બિગારને, જહાં તહાં દેખત દાવ ॥૨॥
કપટિ નર અરુ કાગકું, રહત સબનકો ત્રાસ ।
મુક્ત કહે મહાસંતકો, સો ન કરત વિશ્વાસ ॥૩॥
કપટિ નરકું શ્વાન જ્યું, ધર્મ અધર્મ ન કોય ।
મુક્ત સંતકે વેષસેં, સબકું ધુતત સોય ॥૪॥
જતિરુપ રાવણ બન્યો, કિયો સીતા હરણ ।
મુક્ત કહે નિજ કપટસેં, કુલ જુત પાયો મરણ ॥૫॥
કાલનિમિ જ્યું કપટસેં, શિષ્ય કિયે હનુમાન ।
મુક્ત કહે નિજપાપસેં, તુરત ગમાયે પ્રાન ॥૬॥
સુધાપાનકે કારને, કિયો કપટ સુર ભેષ ।
મુક્ત કહે શશિ સૂરસું, રાહુ રખત અતિ દ્વેષ ॥૭॥
સુરપતિ ગૌતમ ઘર ગયો, ચંદસહિત હોય જાર ।
મુક્ત કહે નિજ કપટસે, પાયો કષ્ટ અપાર ॥૮॥
એસે કપટી કલિવિષે, ગુરુ હોઇ દેવત જ્ઞાન ।
કાહુ ઠોર સાધુ બને, કાહુ ઠોર ભગવાન ॥૯॥
સંત સોઇ હરિરુપ હે, ફેરફાર નહિ લેશ ।
મુક્ત કહે યું કપટ મુનિ, કરત કપટ ઉપદેશ ॥૧૦॥
કોઇ કોઇ આગે યું કહે, હમહે હરિ અવતાર ।
મુક્ત કહે યું કપટસે, કરત સબનકું ખ્વાર ॥૧૧॥
કામકું સાધત કૃષ્ણ હો, લોભકું વામન હોય ।
મુક્ત કહે અતિકપટસેં, વાત કરત ખલ સોય ॥૧૨॥
કોઇ કોઇ આગે યું કહે, બ્રહ્મરુપ ભયે જોય ।
સો જ્ઞાનિકું લગત નહિ, પુણ્ય રું પાતક દોય ॥૧૩॥
યું કોઇ સ્થલ જ્ઞાની બને, કહુ ઇશ્વર કહુ સંત ।
મુક્ત કહે યું કપટ મુનિ, બોરત જીવ અનંત ॥૧૪॥

યું કપટી ગુરુ હોયકે, સબકો કરત અકાજ ।
મુક્ત કહે નહિ દુષ્ટકું, લોક વેદકી લાજ ॥૧૫॥
મુક્ત કહે કપટિ સબેં, કરતહેં પાપ અપાર ।
સો મરિકેં જમપુરવિષે, સહત કઠિન જમમાર ॥૧૬॥
(અંગ ॥૩૭॥ સાખી ॥૬૮૪॥)

## ૩૮ આશાકો અંગ -

**સાખી** - મુક્ત કહે મતિમંદસેં, આશા તજી ન જાત ।
રાઓ રંક પંડિત ગુનિ, આશા સબકું ખાત ॥૧॥
મુક્ત કહે મતિમંદકું, ધન ત્રિય સુતકી આશ ।
તેહિ કારન પ્રભુ ત્યાગીકે, પૂજત પ્રેત પિશાચ ॥૨॥
આશારુપી મહાનદી, ઉંડી બહૂત અપાર ।
મુક્ત મનોરથ નીરમેં, બુડ્યો સબ સંસાર ॥૩॥
કાલ સબનકું ખાતહે, બ્રહ્મા કીટ પ્રજંત ।
મુક્ત કહે સબ જીવકી, આશા અમર અનંત ॥૪॥
વય વીતે તનબલ ઘટે, ઘટત રુપ ગુન આહાર ।
મુક્ત કહે નિત્ય નઇ, આશા બઢત અપાર ॥૫॥
પ્રભુપદ પંકજ નાવમેં, પ્રેમસેં બેઠત જોય ।
મુક્ત કહે આશા નદી, સહજ તરત નર સોય ॥૬॥
શ્વેતદ્વીપપતિ શ્યામકો, જબ ઉર હોત નિવાસ ।
મુકત કહે તબ મિટત હે, આશારુપી પાસ ॥૭॥
પુરુષોત્તમ પરબ્રહ્મસું, જાકે પૂરણ પ્યાર ।
મુક્ત કહે તાકે હ્રદે, રહત ન કોઉ વિકાર ॥૮॥
(અંગ ॥૩૮॥ સાખી ॥૬૯૨॥)

## ૩૯ નિરાશીકો અંગ -

**સાખી** - ચૌદ લોકકે ભોગસુખ, તાકી આશા નાહિ ।
મુક્ત મગન હરિભજનમેં, સો નિરાશ જગમાંહિ ॥૧॥
સાત ગાંઠ કોપિનમેં, તદપિ રહત નિઃશંક ।
મુક્ત ભજનમેં મસ્ત હે, ગિનત ઈંદ્રકું રંક ॥૨॥

મુક્ત કહે હરિભક્ત હુ, જબ લગ નાંહિ નિરાશ ।
તબ લગ તાકો મિટત નહી, આશારુપી પાસ ॥૩॥
આશારુપી રાક્ષસી, સબ જીવનકું ખાત ।
મુક્ત નિરાશી સંતકે, આશા નિકટ ન જાત ॥૪॥
અષ્ટ સિદ્ધિ નવ નિધિકી, જાકું આશ ન લેશ ।
મુક્ત કહે સોઇ મહામુનિ, કરત સબ ઉપદેશ ॥૫॥
પ્રભુ બિન દુજો ના ચહે, એહિ નિરાશકો રુપ ।
મુક્ત નિરાશી હો ફિરે, સાધુ સોઇ અનૂપ ॥૬॥
મુક્ત નિરાશી પુરુષકું, રાજા રંક સમાન ।
સો મુનિવરકું સમ સદા, કનક કીચ પાષાન ॥૭॥
હરિ બિન દુજે દેવકી, ઉરમેં રહત ન આશ ।
મુક્ત કહે પ્રભુ ચરન રત, સો સાચા હરિદાસ ॥૮॥
જાહિ પ્રીત પરબ્રહ્મસું, જગસેં અધિક ઉદાસ ।
મુક્ત કહે સો સંતકેં, રહત સદા પ્રભુ પાસ ॥૯॥
ધર્મ ભક્તિ વૈરાગ્ય જુત, ભજત સદા અવિનાશ ।
મુક્ત કહે એકાંતિક સંત, સો તેહિ ન કાલકી ત્રાસ ॥૧૦॥
એસે લક્ષન જાહિમેં, સો નિરાશ સોઇ સંત ।
મુક્ત પ્રેમમેં મગન હો, ભજત સદા ભગવંત ॥૧૧॥
મુક્ત ન પ્રેમિકું રહે, હરિ બિન દુજી આશ ।
વાસુદેવ ભગવાનકો, તેહિ ઉર હોત નિવાસ ॥૧૨॥

**(અંગ ॥૩૯॥ સાખી ॥૭૦૪॥)**

## ૪૦ દેહાત્મવાદિકો અંગ -

**સાખી** - દેહ દર્શિકું રહતહેં, અતિશે તન અભિમાન ।
મુક્ત કહે તેહિ કારને, નાહિ ભજત ભગવાન ॥૧॥
અસત અનાતમ દેહકું, મૂરખ માનત આપ ।
મુક્ત કહે તેહિ કારને, પાવત અતિસંતાપ ॥૨॥

તન અભિમાની પુરુષકું, કીતહું ન શાંતિ હોત ।
મુક્ત કહે ત્રિભુવનવિષે, જહાં જાવત તહાં રોત ॥૩॥
દેહદર્શીકે ઉરવિષે કામાદિક રિપુ જેહુ ।
મુક્ત કહે હરિ ભજનમેં, અતિદુઃખ દેવત તેહુ ॥૪॥
દેહદર્શીકે ઉર વિષે, ના ઉપજત વૈરાગ ।
મુક્ત કહે તેહિ કારને, અન્ય સુખ કરત ન ત્યાગ ॥૫॥
તન અભિમાનિ મનુષ્યકે, ઉરમેં નાંહી વિવેક ।
મુક્ત કહે તેહી કારને, જડ ચૈતન્ય કહે એક ॥૬॥
તન અભિમાની જીવકું, દેહાદિકસું પ્રીત ।
મુક્ત કહે હરિ ના ભજે, તાતેં હોત ફજીત ॥૭॥
તન અભિમાની પુરુષ સો, બ્રહ્મલોકલું જાત ।
મુક્ત કહે હરિભજન બિન, કાલ સદા તેહી ખાત ॥૮॥
તન અભિમાની મનુષ્યકું, હરિકો ભજન ન હોત ।
મુક્ત કહે તેહી કારને, અનંત જન્મ લું રોત ॥૯॥
મુક્ત કહે તનમાનસેં, સુખ લખિ વિષયાનંદ ।
જો કુછ હે સો યાંહી હે, યું બોલત મતિમંદ ॥૧૦॥
તન અભિમાની મિટે તબ, બિરતિ જ્ઞાન જુત હોય ।
મુક્ત કહે પરબ્રહ્મકો, ભજન કરત દૃઢ સોય ॥૧૧॥
મુક્ત કહે મહાપાપકો, મૂલ હે તન અભિમાન ।
માન ત્યાગી મોહન ભજે, સો હરિભક્ત સુજાન ॥૧૨॥

**(અંગ ॥૪૦॥ સાખી ॥૭૧૬॥)**

## ૪૧ અસંતકો અંગ -

**સાખી** - મુક્ત મનુષ્યતન પાયકે, જો ન ભજત ભગવંત ।
ભેખ ધરત જગ ઠગનકું, સો ખલ સબહી અસંત ॥૧॥
કામ ક્રોધ મદ લોભ રત, સંત બનત હે જોય ।
મુક્ત કહે માંજાર સમ, અતિ અસંત હે સોય ॥૨॥

મુક્ત મનુષ્યતન પાયકે, કુકર્મ તજત ન જેહુ ।
ભેખ ધરત જગ ધૂતને, અતિ અસંત હે તેહુ ॥૩॥
ઉજ્જવલ અંગ અનુપહે, ચલત હંસકી ચાલ ।
મુક્ત કહે મછલી મિલે, તાહી ગીલે તતકાલ ॥૪॥
જ્યું બક મછી મારને, ધરત એક પગ ધ્યાન ।
મુક્ત કહે ધન નારી હિત, ત્યું અસંતકો જ્ઞાન ॥૫॥
ઉપરસેં ઉજ્જવલ બને, અંતર ધન ત્રિય આશ ।
મુક્ત જ્યું સોમલ ઉજરા, તુરતહી કરત વિનાશ ॥૬॥
અતિ અસંત માંજાર જ્યું, કુકર્મ ન રખહી છીપાત ।
મુક્ત કહે ઓસર મીલે, જ્યું કે' ત્યું હોઈ જાત ॥૭॥
એક અસંત દુજા અહિ, દોનુકી એહી બાન ।
મુક્ત પિવાબત દુધ જો, હરત તાહીકે પ્રાન ॥૮॥
પરનારી રીઝાવને, હરિગુન ગાત રસાલ ।
મુક્ત કહે જબ ત્રિય મીલે, તબહિ હોત બેહાલ ॥૯॥
ભૃગુ નંદિકે શાપસેં, હોત અસંત અપાર ।
મુક્ત કહે ઠગ જાર જ્યું, ધૂતત સબ સંસાર ॥૧૦॥
એહિ વિધ લક્ષણ જાનિકે, ચિનત સંત અસંત ।
મુક્ત કહે સબ મનુષ્યમેં, સો સાચા બુદ્ધિવંત ॥૧૧॥
હરિજનકો ગુન હંસસમ, જાનત સાર અસાર ।
મુક્ત સુસંગતિ ગ્રહન કરી, તજત કુસંગ વિકાર ॥૧૨॥

**(અંગ ॥૪૧॥ સાખી ॥૬૨૮॥)**

## ૪૨ શિક્ષાકો અંગ -

વાદ ન કરના કોઉસેં, તામસકે વશ હોય ।
મુક્ત માન તજી બોલિયે, સુખ પાવત સબ કોય ॥૧॥
સુખદાયક સંસારમેં, હરિ બિન દુજો નાંહી ।
મુક્ત કહે હરિભક્ત સો, યું સમજો મનમાંહી ॥૨॥
સબહી ઠોર સંસારમેં, દુઃખદાયક મન એક ।
મુક્ત કહે હરિભક્ત સો, યું નિત્ય રખો વિવેક ॥૩॥

યા કારન હરિભક્તકે, પરમ મિત્ર પ્રભુ સોય ।
મુક્ત કહે મન તુલ્ય ત્યું, શત્રુ ઓર ન કોય ॥૪॥
યા કારન હરિભક્તકો, કબહુ ન કરના દ્વેષ ।
મુક્ત કહે ગુરુ સંત ઢિગ, જૂઠ ન કહના લેશ ॥૫॥
પશુ મિટાય માનુષ કિયા, દિના સુંદર દેહ ।
મુક્ત કહે દૃઢ રાખના, સો પ્રભુ સંગ સનેહ ॥૬॥
કબહુ ન કરના ભુલિકે, હરિવિમુખકો સંગ ।
મુક્ત કહે તેહી સંગસે, હોત ભજનમેં ભંગમુક્ત કહે ॥૭॥
હરિભજન બિન, વૃથા ન ભરના શ્વાસ ।
નિશ દિન નવધા ભક્તિકો કરના દૃઢ અભ્યાસ ॥૮॥
તીરથ વ્રત અરુ વિપ્રકી, જેહિ સ્થલ નિંદા હોય ।
મુક્ત કહે હરિભક્તકું, સુનન જોગ્ય નહિ સોય ॥૯॥
શ્રુતિ પુરાન મગ છાંડિકે, નિંદત હરિઅવતાર ।
મુક્ત કહે સો દૈત્ય સમ, જાનિ લેહુ ભુવભાર ॥૧૦॥
હરિકું કહે આકાર બિન, સબકું કહત ભગવાન ।
મક્ત કહે તેહિ ત્યાગના, જાનિકે શ્વપચ સમાન ॥૧૧॥
શ્રુતિ પુરાન સદ્‌ગ્રંથકું, જૂઠ કહતહે જોય ।
મુક્ત કહે સો દુષ્ટકો, મુખ મત દેખો કોય ॥૧૨॥
પ્રતિમા અષ્ટ પ્રકારકી, તાહિ ન માનત જોઈ ।
મુક્ત કહે ચાંડાલસમ, અધિક દુષ્ટ હે સોઈ ॥૧૩॥
હરિજનસું હેત રાખના, એહિ ભક્તકી રીત ।
મુક્ત કહે તેહિ હોતહે, પુરુષોત્તમ સંગ પ્રીત ॥૧૪॥
કબહુ ન કરના ભુલિકે, નિષ્કામી વ્રત ભંગ ।
મુક્ત કહે યહ ધર્મસેં, પ્રભુસું રહત પ્રસંગ ॥૧૫॥
રખત રખાવત ઓરકું, નિષ્કામ વ્રત જેહુ ।
મુક્ત કહે પરબ્રહ્મકું, અતિવલ્લભ હે તેહુ ॥૧૬॥

**અંગ ॥૪૨॥ સાખી ॥૭૭૪॥**

## ૪૩ કુમતિકો અંગ -

**સાખી** - હરિજન ઘન જ્યું હિત કરે, કહત પ્રભુકી બાત ।
મુક્ત જવાસા કુમતિ નર, વરષત ત્યું હિ સુકાત ॥૧॥
સંત વચન સુનિ હોત હે, કુમતિ પુરુષ ઉર ઝાલ ।
મુક્ત સિંહ ઘન ગરજ સુનિ, ઝુરિ મરે તતકાલ ॥૨॥
કુમતિ નર માનત નહિ, શ્રુતિ પુરાન સદ્‌ગ્રંથ ।
મુક્ત કહે તેહિ કારને, મગ તજી ચલત કુપંથ ॥૩॥
કુમતિ નર માનત નહિ, સંતનકો ઉપદેશ ।
મુક્ત જ્યું પથરા ગંગ બિચ, ભિંજત નહિ લવલેશ ॥૪॥
કુમતિ નર અરૂ કીટકી, મુક્ત કહે એહિ રીત ।
હરિગુન ઘૃત ના ભખે, વિષય પાંચ પર પ્રીત ॥૫॥
કુમતિ નરકે ઉરવિષે, નાહિ પાપકી શંક ।
મુક્ત કહે પરત્રિય મિલે, તબ મુનિ લુંટી લંક ॥૬॥
કુમતિ નરકું ના રહે, ધર્મ મરજાદા કોઈ ।
મુક્ત કહે તેહિ કારને, જાવત જન્મ વિગોઈ ॥૭॥
કુમતિ નર સતસંગેં, આય ન સુધરત કોય ।
મુક્ત કોટિવિધ જતનસે, કૌવા હંસ ન હોય ॥૮॥
કુમતિ નર સતસંગમેં, આયકે ઓગુન લેત ।
મુક્ત કહે તેહિ ક્યું રહે, હરિ હરિજનસું હેત ॥૯॥
કુમતિ નર સતસંગમેં, ચતુર કાગસમ હોત ।
મુક્ત કહે સબ સંતકે, ગુન તજી દોષ હિ જોત ॥૧૦॥
કુમતિ નરકો કાહુસેં, હોત નહિ કલ્યાન ।
મુક્ત લાભહિત જો કરે, સોઈ હોવત બડ હાન ॥૧૧॥
રોગી જો જો રસ જિમેં, તિન કરી બાઢત રોગ ।
મુક્ત કહે ત્યું કુમતિકું, સંતનકો સંજોગ ॥૧૨॥
કુમતિ રોગ જાકો મિટે, સોઈ હોવત હરિદાસ ।
મુક્ત કહે તેહિ ઉર બસેં, પ્રગટ રુપ અવિનાશ ॥૧૩॥
કુમતિ કારી કામરી, ચડત ન દુજા રંગ ।
મુક્ત કહે તેહિ કારને, કુમતિ સોઈ કુસંગ ॥૧૪॥

જ્ઞાન ભાનુ ઉર ધારિકે, કરત કુમતિ તમ નાશ ।
મુક્ત કહે ત્રિભુવનવિષે, સોઈ સાચા હરિદાસ ॥૧૫॥
હરિ બિન જો જો ચહતહે, સોઈ કુમતિકો રુપ ।
મુક્ત કહે તેહિ કારને, સબહિ પરત ભવકૂપ ॥૧૬॥
દોષ ગ્રહત ગુરુ સંતકે, સોઈ કુમતિ બલવાન ।
મુક્ત કહે કૈંસે તરે, કંઠ બાંધી પાષાન ॥૧૭॥
સો કુમતિનકો અધિપતિ, પ્રભુ તજી પૂજત પ્રેત ।
મુક્ત કહે તેહિ કારને, બુડત કુટુંબ સમેત ॥૧૮॥

**અંગ ॥૪૩॥ સાખી ॥૭૬૨॥**

## ૪૪ મતવાદિનકો અંગ -

**સાખી** - શ્રુતિ પુરાન સદ્‌ગ્રંથ બિન, જો કછૂ કરત ઉચ્ચાર ।
મુક્ત કહે તેહિ જ્ઞાનસેં, હોત ન ભવજલ પાર ॥૧॥
સમજે બિન અનુમાનસેં, સબહિ કહત ભગવાન ।
મુક્ત કહે તેહિ કારને, હોત હે ખેંચાતાન ॥૨॥
કોઈ કહે હરિ આકાર બિન, કોઈ વ્યાપક કહી દેત ।
મુક્ત કહે અનુમાનસેં, કલ્પત હોત ફજેત ॥૩॥
જીવ ઈશ સબ હરિ ભએ, ઘટ ઘટ બોલનહાર ।
મુક્ત કહે હરિવિમુખ યું, કલપત કુમતિ ગમાર ॥૪॥
કુમતિ કહે અનુમાનસેં, જગકરતા હે કર્મ ।
મુક્ત કહે હરિવિમુખ સો, મૂઢ ન જાનત મર્મ ॥૫॥
જો કેવત અનમાનસેં, એક બ્રહ્મકી બાત ।
મુક્ત સો સબહિ વિધિ, શૂન્યવાદિ સોય ॥૬॥
જડ ચેતન સંસાર સબ, એક બ્રહ્મ કહે જોય ।
મુક્ત કહે હરિ વિમુખ શઠ, અતિ શૂન્યવાદિ સોય ॥૭॥
જ્ઞાન કથત અનુમાનસેં, કુકર્મ કરત અનંત ।
મુક્ત કહે પ્રગટકે દર્શન બિન, સબ શુન્યવાદી અસંત ॥૮॥

ભક્ત હોય જગ ઠગત હે, પ્રભુકી નાહિ પિછાન ।
મુક્ત કહે અનુમાનસેં, વૃથા કહત બહુ જ્ઞાન ॥૯॥
મનકલ્પિત સત્ય જાનિકે, જો હોવત ભવપાર ।
મુક્ત કહે તબ કાયકું, ડુબે સબ સંસાર ॥૧૦॥
મુક્ત જથારથ જ્ઞાન બિના, મર્મ જાનત કોય ।
જ્યું અંધે ગજ દેખિકે, લડત પરસ્પર સોય ॥૧૧॥
તીવ્ર બુદ્ધિસેં જાહિકું, હરિદર્શનકી આશ ।
મુક્ત કહે તાકું સદા, દર્શન દેત અવિનાશ ॥૧૨॥

**(અંગ ॥૪૪॥ સાખી ॥૭૭૪॥)**

## ૪૫ પ્રત્યક્ષકો અંગ

**સાખી** - મુક્ત કહે જાકું મિલે, મોહન પ્રગટ પ્રમાન ।
સોઈ સાધુ હરિભક્ત સો, તેહિ સમ હોત ન આન ॥૧॥
પ્રગટરુપ પરબ્રહ્મકી, જાકું દૃઢ પહિચાન ।
મુક્ત કહે સોઈ મહામુનિ, સબસેં પરમ સુજાન ॥૨॥
જાહિ પ્રગટ મોહન મિલે, સોઈ સાચે હરિદાસ ।
મુક્ત કહે તેહિ સંગસેં, મિટત કાલકી ત્રાસ ॥૩॥
શ્વેતદ્વીપપતિ શ્યામ સો, ધરત સદા અવતાર ।
મુક્ત કહે તેહિ મિલત સો, પતિત હોત ભવપાર ॥૪॥
સબ જીવનકું સુખ કરન, વાસુદેવ જગવંદ ।
નરનારાયણ રુપસેં, તપફલ દેત સ્વચ્છંદ ॥૫॥
ભરતખંડમેં સો પ્રભુ, રહતહે પ્રગટ પ્રમાન ।
મુક્ત ધર્મસ્થાપન કરે, હરત મોહ અજ્ઞાન ॥૬॥
બાતનકે પકવાનસેં, ભુખ ન ભાગત લેશ ।
મુક્ત પ્રગટકી પ્રિછ બિન, ત્યું સબકો ઉપદેશ ॥૭॥
કોઈ કહત હરિ હો ગયે, કોઈ કહે હોવન હાર ।
મુક્ત પ્રગટકી પ્રિછ બિન, ભટકત સબ સંસાર ॥૮॥
જાહિ પ્રગટ મોહન મિલે, તાહિ ન ઓર સુહાત ।
મુક્ત સુધારસ જીન પિયો, સો ફિર વિષ નહિ ખાત ॥૯॥

મુક્ત પ્રગટકી પ્રિછ બિન, ગુણમય સાધન હોત ।
ભમત રહે તિહુ લોકમેં, કાલ કર્મ વશ રોત ॥૧૦॥
મુક્ત કહે પ્રભુ પ્રગટકો, જાહિ ન સુમરન ધ્યાન ।
ભજન ભક્તિ સબ તાહિકી, બાતનકે પકવાન ॥૧૧॥
મુક્ત પ્રગટ પ્રભુ જાનિકેં, જો ભયે હરિકે દાસ ।
તાકે શિરપર ના રહે, કાલ વ્યાલકી ત્રાસ ॥૧૨॥
મુક્ત પ્રગટ પ્રભુ જાનિકે, કરત મોહદલ નાશ ।
શ્વેતદ્વીપપતિ શ્યામકો, તેહિ ઉર હોત નિવાસ ॥૧૩॥
મુક્ત કહે સબ કરત હૈ, પ્રભુ બિન અન્ય પ્રતીત ।
વાસુદેવકું જો લખે, સોઈ જાવત જગ જીત ॥૧૪॥
મુક્ત પ્રગટ પ્રભુ જાનિકે, જો ભયે અતિ મસ્તાન ।
કનક કિચ તેહિ સમ સદા, રંક રું રાયો સમાન ॥૧૫॥
શ્વેતદ્વીપપતિ શ્યામ સો ધરત સબહિ અવતાર ।
મુક્ત કહે તેહિ ના ભજે, સો મતિમંદ ગમાર ॥૧૬॥
હરિ બિન દુજે દેવકી, સબ કોઈ માનત બાત ।
મુક્ત ન માનત મૂઢ જન, પ્રગટ પ્રભુ સાક્ષાત ॥૧૭॥
હરિ બિન દેવી દેવકો, ભજન કરત સબ કોય ।
મુક્ત કહે પ્રભુ પ્રગટકું, જાનત બિરલા સોય ॥૧૮॥
શ્વેતદ્વીપપતિ શ્યામ સો, નરનારાયણ હોઈ ।
ભરતખંડકે મનુષ્યકું, તપફલ દેવત સોઈ ॥૧૯॥
ભરતખંડકે મનુષ્યકું, ભજન જોગ્ય સોઈ રુપ ।
મુક્ત કહે સોઈ શ્રીપતિ, પ્રગટ હે ઈષ્ટ અનૂપ ॥૨૦॥

**(અંગ ॥૪૫॥ સાખી ॥૭૯૪॥)**

## ૪૬ પરીક્ષાકો અંગ -

**સાખી** - હંસ બક દોઉ ઉજરે, દેખત સમ સાક્ષાત ।
મુક્ત હંસ મોતી ચુગે, બક મછિકું ખાત ॥૧॥
મુક્ત ક્ષીર અરુ નીરકો, હંસ કરત વિવેક ।
જડ ચેતન ગુન દોષકું, કુમતિ બક કહે એક ॥૨॥

મુક્ત કહે હરિભક્ત સો, હંસ યુગત હરિનામ ।
ધન ત્રિયા મછી ગ્રહત સો, બકસમ સબ અઘધામ ॥૩॥
ઉપરસેં બક હંસકો, દેખત સમ આકાર ।
મુક્ત કહે જબ ચરત તબ, ભાસત ભેદ અપાર ॥૪॥
હંસતુલ્ય હરિભક્ત હે, બકસમ વિમુખ લબાર ।
મુક્ત હંસ હરિપદ લહે, વિમુખ સહત જમમાર ॥૫॥
(અંગ ॥૪૬॥ સાખી ॥૭૯૯॥)

## ૪૭ કર્મજડકો અંગ -

**સાખી** - હરિ બિન કેવલ કર્મસેં, જો ચાહત કલ્યાન ।
મુક્ત કહે સો મનુષ્યકે, ઉરમેં લેશ ન જ્ઞાન ॥૧॥
કર્મ કરત સબ વિશ્વકું, કર્મ સોઈ કરતાર ।
મુક્ત કહે હરિવિમુખ યું, નાસ્તિક કહત ગમાર ॥૨॥
અસદ્ગ્રંથકે શ્રવણસેં, જીવ કર્મજડ હોત ।
મુક્ત કહે હરિભજન બિન, વૃથા મનુષ્યતન ખોત ॥૩॥
ષટ દર્શનમેં સબહિસેં, અધિક કર્મજડ જૈન ।
મુક્ત કર્મકો દીપ લે, રવિ બિન ટારત રેન ॥૪॥
મનમેલા હરિભજન બિન, તનમેલા બિન નીર ।
મુક્ત કહે સબ કર્મજડ, સહત વિકટ ભવપીર ॥૫॥
વેદ બચનસેં કરત હે, યજ્ઞાદિક શુભ કર્મ ।
મુક્ત સ્વરગસુખ ચહત હે, સોઉ ન જાનત મર્મ ॥૬॥
નારાયણપર વેદ હે, નારાયણપર જજ્ઞ ।
મુક્ત કહે યહ મર્મકું, જો જાને સોઈ તજ્ઞ ॥૭॥
વાસુદેવપર શુભ ગતિ, વાસુદેવ પર જોગ ।
મુક્ત કહે યહ મર્મ બિન, રહત સદા ભવરોગ ॥૮॥
વાસુદેવપર એહિ વિધ, જોગજજ્ઞ વ્રત દાન ।
મુક્ત કહે તેહિ કર્મજડ, જાનત નાહિ અજાન ॥૯॥
હરિ બિન બહુ સાધન કિયે, હોત ન ભવજલ પાર ।
મુક્ત કહે યહ કર્મજડ, જાનત નાહિં ગમાર ॥૧૦॥
(અંગ ॥૪૭॥ સાખી ॥૮૦૯॥)

## ૪૮ ભક્તિવિવેકકો અંગ -

**સાખી** - મુક્ત કહે પ્રભુ જાનીકે, ભક્તિ કરત હે જોય ।
નવધા પ્રેમા ધર્મજુત, દ્વિવિધ ભક્તિ સત્ય સોય ॥૧॥
ભક્ત ભયે જગ ધૂતને, પ્રભુકી નાહી પિછાન ।
મુક્ત કહે સો દુષ્ટસેં, હોવત સબકું હાન ॥૨॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય બિન, ધરત ભક્તકી છાપ ।
મુક્ત કહે સો મનુષ્યકો, મુખ દેખ મહાપાપ ॥૩॥
જ્યું ભમરાલે બેલકું, ભગત કહત સંસાર ।
મુક્ત કહે તેહિ કારને, કોઉ ન બાંધત દ્વાર ॥૪॥
હરિ જાને બિન જગતમેં, એસે ભક્ત અપાર ।
મુક્ત કહે ધન ત્રિયા હરન, કરત સબનકું ખ્વાર ॥૫॥
મુક્ત પ્રગટ પ્રભુ જાનિકે, ભક્તિ કરત સત્ય સોઈ ।
વાસુદેવકે શરણ બિન, નર ત્રિય ભક્ત ન કોઈ ॥૬॥
કપટ ભક્તિકે ઓથસેં, કરત સબનકું ઘાત ।
મુક્ત કહે મૃગ મારનેં, પારધી જ્યું ગાત બજાત ॥૭॥
એહિ વિધ સાચ રું જુઠકું, જાનત સોઈ વિવેક ।
મુક્ત કહે મતિમંદ સો, સબકું માનત એક ॥૮॥
**(અંગ ॥૪૮॥ સાખી ॥૮૧૭॥)**

## ૪૯ નિંદકકો અંગ -

**સાખી** - મુક્ત મનુષ્યતન પાયકે, જગપતિ ભજત ન જોય ।
હરિજનકે ઓગુન ગ્રહે, સાચે નિંદક સોય ॥૧॥
હાંસિમેં હરિભક્તકો, કરત અધિક અપમાન ।
મુક્ત કહે નિંદક સબ, પડત નરકકી ખાન ॥૨॥
શ્રુતિ પુરાન સદ્‌ગ્રંથકું, જૂઠ કહત હે જેહુ ।
મુક્ત કહે મનુજાદ જ્યું, અતિનિંદક હે તેહુ ॥૩॥
મુક્ત કહે મનુજાદ જ્યું, નિંદત હરિ અવતાર ।
સો પાપિષ્ઠ શિરોમણિ, મૂઢ સહત જમમાર ॥૪॥

મુક્ત કહે નિજ માતસમ, હરિજનકું ખલ હોત ।
માતા મલ કરસેં ધુવે, ખલ મુખસેં મલ ધોત ॥૫॥
મુક્ત કહે નિંદક સબે, ધોબીસમ સાક્ષાત ।
હરિજનકે મલ ધોયકે, આપ નરકમેં જાત ॥૬॥
સાધુ અસાધુ શુભ અશુભ, સબકું જાનત એક ।
મુક્ત કહે સોઈ નિંદકી, તાહિ ન લેશ વિવેક ॥૭॥
જો જેસા તેહિ ત્યું કહે, સો નહિ નિંદા લેશ ।
મુક્ત કહે સતપુરુષકો, એહિ ઉત્તમ ઉપદેશ ॥૮॥

**(અંગ ॥૪૯॥ સાખી ॥૮૨૫॥)**

## ૫૦ આનંદીકો અંગ -

**સાખી** - જાહિ પ્રગટ મોહન મિલે, સોઈ રહત ગુલતાન ।
મુક્ત કહે તેહિ ના રહે, મિથ્યા તન અભિમાન ॥૧॥
શ્વેતદ્વિપપતિ શ્યામકો, જાહિ સદા આનંદ ।
મુક્ત કહે સો ના પરે, કામાદિકકે ફંદ ॥૨॥
પ્રગટ દેવકે દર્શનસેં, મગન ભયે મસ્તાન ।
મુક્ત કહે સોઈ સંતકે, નિંદા સ્તવન સમાન ॥૩॥
માયિક સબ સુખ ત્યાગિકે, પ્રભુપદ કીની પ્રીત ।
મુક્ત કહે ગુલતાન સો, મુનિવર ત્રિગુણાતીત ॥૪॥
સોઈ સાચો આનંદ હે, તજત જગતકી આશ ।
મુક્ત કહે હરિભજન બિન, ભરત ન ખાલી શ્વાસ ॥૫॥
કોઈ વંદત કોઈ નિંદહિ, હર્ષ શોક નહિ લેશ ।
મુક્ત મગન હરિ રુપમેં, કરત સત્ય ઉપદેશ ॥૬॥
મારગમેંકે ચિંથરા,સાંધિ કરત કૌપીન ।
મુક્ત મગન હરિભજનમેં, ગિનત ઈંદ્રકું દીન ॥૭॥
મુક્ત કહે હરિ ઉર ધરે, સોઈ હરિજન ગુલતાન ।
ચૌદ લોકકે ભોગ તેહિ, ભાસત નરક સમાન ॥૮॥

**(અંગ ॥૫૦॥ સાખી ॥૮૩૩॥)**

## ૫૧ હરિકૃપાકો અંગ -

**સાખી** - હરિકૃપા તબ જાનિયે, જબ ઉપજત વૈરાગ ।
મુક્ત કહે તેહિ હોત હે, સહજ વિષયસુખ ત્યાગ ॥૧॥
હરિકૃપા જબ હોત તબ, મિલત સંતકો સંગ ।
મુક્ત કહે પ્રભુ પ્રગટકો, ચઢત તાહિકું રંગ ॥૨॥
હરિકૃપા જબ હોત તબ, બઢત સંતસું હેત ।
મુક્ત કહે હરિભક્ત સો, તરત હે કુટુંબ સમેત ॥૩॥
હરિકૃપા જબ હોત તબ, સુઝત અપના દોષ ।
મુક્ત કહે તેહિ પ્રભુ બિના, સબસેં હોત સંતોષ ॥૪॥
હરિકૃપા જબ હોત તબ, રહત સદા સુવિચાર ।
મુક્ત બઢત તેહિ નિત્ય નયો, હરિ હરિજનસું પ્યાર ॥૫॥
હરિકરુણા જબ હોત તબ, લગત અચલ હરિરંગ ।
મુક્ત કહે પલ ના તજે, હરિ હરિજનકો સંગ ॥૬॥

**(અંગ ॥૫૧॥ સાખી ॥૮૩૯॥)**

## ૫૨ લંપટકો અંગ -

**સાખી** - લોભી લંપટ લાલચી, જારી ચોર લબાર ।
મુક્ત કહે સોઈ ભેખ ધર, કરત સબનકું ખ્વાર ॥૧॥
લંપટકે ઉર ના રહે, કોઉ બાતકી ટેક ।
મુક્ત કહે તેહિ હોત નહિ, ઉરમેં લેશ વિવેક ॥૨॥
જેસિ કુલટા કામિની, તેસા લંપટ દાસ ।
મુક્ત કહે તેહિ શ્વાનસમ, કાર્તિક બારુ માસ ॥૩॥
લંપટ ધન ત્રિય હરનકું, કરત બહુત ઉપદેશ ।
મુક્ત અર્કફલ અંબસમ, ભીંતર સાર ન લેશ ॥૪॥
લંપટ હરિગુન ગાત સો, ત્રિયા રિઝાવન કાજ ।
મુક્ત કહે જબ ત્રિયા મિલે, રહત ધર્યા મહારાજ ॥૫॥
લંપટ નરકું હોત નહિ, હરિ હરિજનસું હેત ।
મુક્ત કહે તેહિ કારને, જહાં તહાં હોત ફજેત ॥૬॥

લંપટ નરકું રહત હે, પરધન પરત્રિયા ધ્યાન ।
મુક્ત કહે તેહિ કારને, તાહિ લગત નાહિ જ્ઞાન ॥૭॥
લંપટ નરકું ના લગે, સંત પુરુષનકો રંગ ।
મુક્ત કહે શુદ્ધ હોત નહિ, શ્વાન જો નાવત ગંગ ॥૮॥
લંપટ યું ભક્તિ કરે, જબ ન રખત જયું ગાય ।
મુક્ત સેવ સ્વારથ લિયેં, ના પ્રિછત મહિમાય ॥૯॥
લંપટ નર સતસંગમેં, જદ્યપિ રહત હજુર ।
મુક્ત ગંગાતટ ઢુંઢિયા, નિકટ તદપિ અતિ દૂર ॥૧૦॥
મુક્ત કહે હરિભક્ત હો, કુકર્મ તજત ન જાય ।
સોઈ લંપટ સો હરિવિમુખ, તેહિ સમ દુષ્ટ ન કોય ॥૧૧॥
ઉપરસેં સાધુ બને, અંતર કપટ અપાર ।
મુક્ત કહે તેહિ નરકમેં, જમ દેવત બહુ માર ॥૧૨॥

**(અંગ ॥પ૨॥ સાખી ॥૮પ૧॥)**

## પ૩ જ્ઞાન ગરીબીકો અંગ -

**સાખી** - જ્ઞાન ગરીબી જાહિકું, તાહિ ન તન અભિમાન ।
મુક્ત કહે મુનિ બ્રહ્મ હો, ભજત સદા ભગવાન ॥૧॥
વર્ણાશ્રમકે માનકું, તજત આતમા હોય ।
મુક્ત સંત સબ કહત હે, જ્ઞાન ગરીબી સોય ॥૨॥
મન કર્મ વચને કાહુકું, દુઃખ ન દેત લવલેશ ।
મુક્ત ગરીબી યું ગ્રહે, કરત સત્ય ઉપદેશ ॥૩॥
આપસેં અતિ બલવંત ઢિગ, સબ કોઈ ત્યાગત માન ।
મુક્ત માન તજી હરિ ભજે, સો હરિભક્ત સુજાન ॥૪॥
રહત દીન અધીન હો, હરિગુરુ સંતની પાસ ।
મુક્ત ગરીબી જ્ઞાનકી, સોઈ અનન્ય હરિદાસ ॥૫॥
પ્રભુ હિત અતિ અપમાનકું, સહન કરત હે જોઈ ।
મુક્ત કહે સબ વિશ્વમેં, અતિ નિર્માની સોઈ ॥૬॥
મુક્ત કહે હરિભજન હિત, સહત અધિક ઉપહાસ ।
પ્રેમ મગન ગુન ગાવહિ, સોઈ સાચે હરિદાસ ॥૭॥

નિંદા સ્તવન સમાન જેહિ, સમ અરિ મિત્ર ઉદાસ ।
મુક્ત મગન હરિભજનમેં, તેહિ ન કાલકો ત્રાસ ॥૮॥
જ્ઞાન ગરીબી બિન સબે, નિશદિન રહત બેહાલ ।
મુક્ત કહે તન માનસેં, પુનિ પુનિ ગ્રાસત કાલ ॥૯॥
જ્ઞાન ગરીબી ગ્રહત તબ, હોવત ત્રિગુણાતીત ।
મુક્ત કાલ શિરે પાવ દે, લેત મોહદલ જિત ॥૧૦॥

**(અંગ ॥૫૩॥ સાખી ॥૮૬૧॥)**

## ૫૪ કુસંગત્યાગકો અંગ -

**સાખી** - મુક્ત ન કરના ભૂલિકે, હરિવિમુખનકો સંગ ।
સંગ કિયે કુમતિ બઢે, હોત ભજનમેં ભંગ ॥૧॥
મુક્ત કહે યું સમજીકે, દુનિયાસેં દિલ ફેર ।
અપની ભાવે ઓરકી, કાટનકું સમશેર ॥૨॥
મુક્ત કહે હરિભક્ત બિન, દુઃખદાયક સબ લોક ।
ઘરકી ભાવે ઓરકી, રુધિર હિ પીવન જોક ॥૩॥
મુક્ત ન મન દેકેં મિલો, હરિવિમુખનકે સંગ ।
જ્યું લુહાર ગ્રહે સાણસી, તન દાઝત નહિ અંગ ॥૪॥
મુક્ત કહે હરિવિમુખકું, લુટન હિસે કામ ।
માતા પિતા સુત જુવતિ, એ સબ ઠગકા ગામ ॥૫॥
મુક્ત કહે સંસારસું, પ્રીત કિયે ગુન નાહિ ।
પહેલે પૂજત ગોર્ય જ્યું, પુનિ ડારત હ્રદમાંહિ ॥૬॥
મુક્ત કહે હરિભક્ત હો, રખત વિમુખસું હેત ।
જૈસે કુલટા કામિની, જારકું પતિ તન દેત ॥૭॥

**(અંગ ॥૫૪॥ સાખી ॥૮૬૮॥)**

## ૫૫ દૈવી જીવકો અંગ -

**સાખી** - જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, ધર્મ સહિત મુનિ જોય ।
મુક્ત સો દૈવી આતમા, સંત કહાવત સોય ॥૧॥

અતિ નિર્મલ મન ભયરહિત, પ્રભુકા જ્ઞાન ગંભીર ।
દેવત દાન સુપાત્રકું, મુક્ત દમત મન ધીર ॥૨॥
જજ્ઞાદિકસેં હરિ ભજે, પઢત હે વેદ પુરાન ।
મુક્ત કહે શુભ તપ કરે, કોમલચિત સુજાન ॥૩॥
પરકું પીડા ના કરે, સોઈ અહિંસા ધર્મ ।
અસત્ય વચન બોલત નહિ, મુક્ત કરત શુભ કર્મ ॥૪॥
ક્રોધરહિત અતિત્યાગ જુત, શાંત ઈંદ્રિ મન જાસ ।
મુક્ત કહે સોઈ હોત હે, અતિ અનન્ય હરિદાસ ॥૫॥
પરકો અનર્થ કરન હિત, ચુગલ ન હોવત જેહુ ।
મુક્ત કહે સબ જીવપર, અધિક દયા જુત તેહ ॥૬॥
ભોગકાજ લોલુપ નહિ, સમતા સરલ સ્વભાવ ।
મુક્ત કહે લજ્જા સહિત, ઉર ન કપટ છલ દાવ ॥૭॥
વાંછિત વિષય સમીપસેં, ચંચલ હોત ન લેશ ।
મુક્ત અકારજ કરત નહિં, ગ્રહત સત્ય ઉપદેશ ॥૮॥
અતિ તેજસ્વી દુષ્ટસેં, કબહું ન હારત ધીર ।
મુક્ત ક્ષમા ધીરજ સહિત, સુખ દુઃખ સમ ગંભીર ॥૯॥
બાહિર ભિંતર શુચિ રહે, દ્રોહ રહિત મુનિ જોય ।
મુક્ત રહત ગુરુ સંત ઢિગ, અતિ નિરમાની હોય ॥૧૦॥
દૈવી સંપતિ જુક્ત સો, દોષ રહિત રહે દાસ ।
મુક્ત કહે તેહિ ઉર બસે, એહિ ગુન કરત નિવાસ ॥૧૧॥
હરિ આજ્ઞામેં રહત સો, દૈવી સંત સુજાન ।
મુક્ત કહે તેહિ ઉર બસે, ધર્મ ભક્તિ અરુ જ્ઞાન ॥૧૨॥

**(અંગ ॥૫૫॥ સાખી ॥૮૮૦॥)**

## ૫૬ આસુરી જીવકો અંગ -

**સાખી** - હરિ આજ્ઞામેં ના રહે, સોઈ આસુરી જંત ।
મુક્ત કહે હરિભજન બિન, પાવત કષ્ટ અનંત ॥૧॥
દંભ દર્પ અભિમાન જુત, ક્રોધી નિર્દય ક્રૂર ।
મુક્ત જ્ઞાન બિન આસુરી, રહત ધર્મસેં દૂર ॥૨॥

અસુર જીવ જાનત નહિ, પ્રવૃત્તિ નિવૃત્તિ લવલેશ ।
મુક્ત કહે માનત નહિ, સદ્‌ગુરુકો ઉપદેશ ॥૩॥
સત્ય શૌચ આચાર બિન, અસુર જીવકે વૃંદ ।
મુક્ત કહે ગુરુ સંતકે, બચન ન માનત મંદ ॥૪॥
નારી પુરુષ સંજોગસેં, ઈશ્વર બિન જગ હોત ।
મુક્ત રહે યું આસુરી, કામહેતુ જગ જોત ॥૫॥
નારી પુરુષ સંજોગ બિન, જગકર્તા અન્ય નાહિ ।
મુક્ત કહે સબ આસુરી, યું સમજત મનમાંહિ ॥૬॥
જહાં તહાં મારત જીવકું, કરત અધિક ઉતપાત ।
મુક્ત કહે હરિ ના ભજે, હોઈ અસુર સાક્ષાત ॥૭॥
અતિકામી અતિલોભવશ, અતિશે ક્રોધી જોય ।
મુક્ત કહે સોઈ આસુરી, હરિકે દાસ ન હોય ॥૮॥
કામ ભોગ હિત કરત હે, ચિંતા પ્રલય પ્રજંત ।
મુક્ત કામવશ આસુરી, નાહિ ભજત ભગવંત ॥૯॥
આશાપાસ અનંતમેં, બાંધી રહત ગમાર ।
મુક્ત કામવશ્ય આસુરી, નાહિ ભજત કરતાર ॥૧૦॥
ધન લાવત અન્યાયસેં, તિનસેં કરત અતિપાપ ।
મુક્ત કહે યું આસુરી, કરત અધિક સંતાપ ॥૧૧॥
હમહિ હને સબ શત્રુકું, હમ ઈશ્વર બલવાન ।
મુક્ત કહે યું આસુરી, વૃથા કરત અભિમાન ॥૧૨॥
મોહજાલ આવૃત મતિ, અનંત ચિત્ત વિભ્રાંત ।
મુક્ત કહે યું આસુરી, કબહુ ન હોવત શાંત ॥૧૩॥
કામભોગકે સુખનસેં, અસુર ન કબહુ અઘાત ।
મુક્ત કહે તેહિ કારને, અશુચિ નરક મહિં જાત ॥૧૪॥
અહંકાર બલ કુમતિસે, કામ ક્રોધરત જોય ।
મુક્ત કહે પ્રભુ સબહિ ઉર, તાસ રિપુ ખલ સોય ॥૧૫॥
યું હરિ અરુ હરિભક્તકો, દ્રોહ કરત મતિમંદ ।
મુક્ત કહે સો પરત હે, અસુર યોનિકે ફંદ ॥૧૬॥

અસુર જોનિકું પાવકે, અતિશે પાપી હોઈ ।
મુક્ત કહે હરિદર્શન બિન, લહત અધમ ગતિ સોઈ ॥૧૭॥
કામ ક્રોધ અરુ લોભ યહ, તિન નરકકે દ્વાર ।
મુક્ત કહે સબ અસુરકું, તિહુ દુઃખ દેત અપાર ॥૧૮॥
તેહિ કારન સબ અસુરકું, ધર્મસર્ગ ઉર નાહિં ।
મુક્ત કહે યું આસુરી, જાવત જમપુર માંહિ ॥૧૯॥
જેહિ પાતકસેં ખાત હે, અસુર જીવ જમમાર ।
મુક્ત કહે સોઈ બરનિહું, શ્રુતિ પુરાન અનુસાર ॥૨૦॥

**(અંગ ॥૫૬॥ સાખી ॥૯૦૦॥)**

## ૫૭ જમજાતનાકો અંગ -

**સાખી** - મુક્ત કહે જમપુર વિષે, નરકકે કુંડ અનંત ।
તિનમેં અધિક પ્રધાન સો, કહત સબહિ બુદ્ધિવંત ॥૧॥
પરધન પરશિશુ પરત્રિયા, જો નર તાકે ચોર ।
મુક્ત કહે તેહિ પકરનેં, જમ આવત કરી જોર ॥૨॥
કાજલ સમ કારે સબ, જમગણ અતિ વિકરાલ ।
મુક્ત કહે તેહિ દેખિકે, પાપી હોત બેહાલ ॥૩॥
મેઘ ગર્જ સમ બોલહિ, ગદા પાશ લે હાથ ।
મુક્ત કહે તેહિ દેખિકે, કંપત જીવ અનાથ ॥૪॥
જબ જમ પકરત જીવકું, સબહિ બંધ ખુલ જાત ।
મુક્ત કહે તબ પાતકી, મનમેં અતિ પિસ્તાત ॥૫॥
નરક વિકટ તામિસ્રમેં, જમ તેહિ ડારત જાય ।
મુક્ત કહે સો જીવકી, કોઉ ન કરત સહાય ॥૬॥
જમરા મુદગર મારિકેં, તોરી તોરી તન ખાત ।
મુક્ત કહે સો નરકકો, દુઃખ બરન્યો નહિ જાત ॥૭॥
ખાન પાન કછુ ના મિલે, તદપિ ન જાવત પ્રાન ।
મુક્ત કહે જમપુર વિષે, દુઃખકો નાહિ પ્રમાન ॥૮॥
ચિરત છાતી કુઠારસેં, જમ દેવત અતિમાર ।
મુક્ત કહે મહાપાતકી, અતિશે કરત પોકાર ॥૯॥

જબ જમ અતિશે મારહિ, તબ મૂરછિત હોઈ જાત ।
મુક્ત કહે નિજપાપકો, ફલ ભુક્તત સાક્ષાત ॥૧૦॥
મુક્ત કહે મહા કપટસેં, પરત્રિય ભુક્તત જોય ।
નરક અંધતામિસ્રમેં, પરત પાતકી સોય ॥૧૧॥
નરક અંધતામિસ્રમેં, જબ અતિશે દુઃખ હોત ।
મુક્ત કહે મહાપાતકી, હાય હાય કરી રોત ॥૧૨॥
મૂલરહિત તરુ જ્યું ગિરે, દૃષ્ટિહીન મતિહીન ।
મુક્ત કહે નિજપાપસેં, અતિદુઃખ સહત મલીન ॥૧૩॥
જો ઓરનકું રોસિંકે, પોષત નિજપરિવાર ।
મુક્ત કહે સો પરત હે, રૌરવ નરક મોઝાર ॥૧૪॥
મુક્ત કહે યહ લોકમેં, જિન મારે બહુ જંત ।
સોઈ જમપુર રુરુ બને, તેહિ દુઃખ દેત અનંત ॥૧૫॥
જો નર અતિ અન્યાયસેં, પોષત અપનો દેહ ।
મહારૌરવમેં પરત હે, મુક્ત કહે અબ એહ ॥૧૬॥
જો ઈહાં જંતુ રુંધિકે, હરત તાહિકે પ્રાન ।
મુક્ત કહે સોઈ પરતહે, કુંભિપાક નિદાન ॥૧૭॥
તપ્તિ તેલમેં તાહિકું રાંધતહે જમદૂત ।
મુક્ત તાહિ જમ ખાતે તબ, અતિશે રોત કપૂત ॥૧૮॥
સબ નરકસેં અતિ દુઃખદ, કુંભિપાક અતિઘોર ।
મુક્ત કહે તિનમેં પરે, સો નર પ્રભુકો ચોર ॥૧૯॥
માતા પિતા ગુરુ વિપ્ર અરુ, વેદકું નિંદત જોઈ ।
મુક્ત કહે પશુઘાતકી, કાલસૂત્ર પરે સોઈ ॥૨૦॥
દશ હજાર જોજન બડો, કાલસૂત્ર વિસ્તાર ।
મુક્ત કહે સો નરકમેં, દુઃખકો વાર ન પાર ॥૨૧॥
નીચે આગ્ય જરાયકે, કરતહે ખિલા લાલ ।
મુક્ત તપત રવિ શિશપર, યું દુઃખ સહત બેહાલ ॥૨૨॥
જેતે પશુકે રોમ હે, તિતને વરષ હજાર ।
મુક્ત કહે મહાપાતકી, પાવત કષ્ટ અપાર ॥૨૩॥
માંસારી નર ત્રિય સબેં, કાલસૂત્ર મહિં જાત ।
મુક્ત કહે નિજ પાપસેં, માર જમનકી ખાત ॥૨૪॥

વર્ણ આશ્રણ રુ ધર્મ તજી, ખાવત એકહિ સંગ ।
મુક્ત કહે તેહિ પાપસેં, જમ દુઃખ દેત અભંગ ॥૨૫॥
અસિપત્ર વનકે વિષે, જમ તેહિ દેવત માર ।
મુક્ત કહે તરુપાત તન, કાટત જ્યું તરવાર ॥૨૬॥
વેદ પુરાનકે વચન તજી, એહિ વિધ વિટલત જોય ।
મુક્ત કહે અસિપત્રમેં, મહાદુઃખ પાવત સોય ॥૨૭॥
દોષરહિતકું દંડ હિ, નૃપ અરુ નૃપકે દાસ ।
મુક્ત કહે તેહિ દુષ્ટકો, હોત શૂકરમુખ વાસ ॥૨૮॥
ઈક્ષુદંડ જ્યું તોરહિં, જમગણ તાકે અંગ ।
મુક્ત કહે નિજ પાપસેં, પાવત કષ્ટ અભંગ ॥૨૯॥
ખટમલ પક્તિ જુકાદિ સબ, જંતુ મારત જેહુ ।
મુક્ત કહે શઠ પરત હે, અંધકૂપમેં તેહુ ॥૩૦॥
જમપુરમેં સોઈ જીવ સબ, કાટિ કાટિ તેહિ ખાત ।
મુક્ત કહે મહા દુઃખ સહે, પલક કલ્પ સમ જાત ॥૩૧॥
પિસુ ખટમલ મક્ષિકા, સાપ બિછુ જુવ ભૃંગ ।
મુક્ત કહે મહા રોષસેં, કાટિ ખાત તેહિ અંગ ॥૩૨॥
ઈહાં જો મારે જીવ સો, જમપુર બદલા લેત ।
મુક્ત કહે હરિવિમુખકું, પલક ન જંપન દેત ॥૩૩॥
જો કછુ વસ્તુ મિલત સો, બીન બાટે લુંટી ખાત ।
મુક્ત કહે સોઈ પાતકી, કૃમિભોજનમાંહિ જાત ॥૩૪॥
કૃમિભોજન મહા નરકમેં, કૃમિ તન કાટત ખાય ।
મુક્ત કહે તેહિ જીવકો, દુઃખ બરન્યો નહિ જાય ॥૩૫॥
કુંડ હે જોજન લક્ષકો, કૃમિભોજન વિસ્તાર ।
મુક્ત કહે બહુ બરસલું, દુઃખકો લહત ન પાર ॥૩૬॥
વિપ્રકો ધન હરત સો, પરત નરકકી ખાન ।
મુક્ત કહે હરિવિમુખકો, કબહુ ન હોત કલ્યાન ॥૩૭॥
મુક્ત મનુષ્યતનુ પાયકે, કરત હે પરત્રિય સંગ ।
ત્યું જોષિત પરપુરુષસું, જોરત પ્રીત અભંગ ॥૩૮॥
સોઈ પાપી નરનારીકું, જમ દેવત બહુ માર ।
લાલ લોહકે સ્તંભસું, બાંધત હે બહુ વાર ॥૩૯॥

નૃપ અરુ નૃપકે પુરુષ સો, સત્ય ધર્મ હે જોઈ ।
મુક્ત કહે મહાપાતકી, નાશ કરત હે સોઈ ॥૪૦॥
સો નૃપ અરુ નૃપકે પુરુષ, મરત હે મહાદુઃખ પાય ।
મુક્ત કહે સોઈ પરત હે, વૈતરણી મહિં જાય ॥૪૧॥
રુધિર રાધ મલ મૂત્ર અરુ, મેદ માંસ નખ કેશ ।
મુક્ત કહે ધર્મઘાતકી, તહાઁ દુઃખ સહત વિશેષ ॥૪૨॥
વૈતરણિમેં પરત તબ, કાક ક્રમી તેહિ ખાત ।
મુક્ત કહે ધર્મઘાતકી, જમપુર અતિ પિસ્તાત ॥૪૩॥
જો યા જગમેં મૂઢ નર, વેશ્યાકે પતિ હોત ।
પરત નરક પુયોદમેં, મુક્ત કહે અતિરોત ॥૪૪॥
લાળ લિટ મલ મૂત્રમેં, પરત હે વેશ્યાકંથ ।
મુક્ત કહે મહાદુઃખ સહે, જો ત્યાગત શ્રુતિપંથ ॥૪૫॥
દંભજજ્ઞસેં પાતકી, પશુ મારત હે જેહિ ।
મુકત કહે પાપી પરે, સંદશ નરકમેં તેહિ ॥૪૬॥
સંદશ નરકમેં તાહિકું, કાટિકાટિ જમ ખાત ।
મુક્ત કહે પશુઘાતકો, ફલ પાવત સાક્ષાત ॥૪૭॥
નિજકુલકી ત્રિય સંગ જો, કુમતિ કરત વ્યભિચાર ।
મુક્ત કહેતેહિ વીરજકે, કુંડમેં દેવત ડાર ॥૪૮॥
આગ લગાવત લુંટહિ, વિષ દે મારત જોય ।
મુક્ત કહે શઠ પરત હે, સારમેયાદન સોય ॥૪૯॥
સારમેયાદન નરકમેં, શ્વાન સાતસેં વિશ ।
મુક્ત કહે સોઈ સિંહ જ્યું, તેહિ કાટત કરી રીશ ॥૫૦॥
જો યા જગમેં લોભસેં, જુઠી સાક્ષ ભરત ।
મુક્ત કહે તેહિ પાપસેં, અવિચિ નરક પરત ॥૫૧॥
શત જોજનકે શૈલસેં, જમ ડારત કરી જોર ।
મુક્ત કહે ફલ જૂઠકો, અવીચિ નરક અતિઘોર ॥૫૨॥
તિલસમ ટુકડે હોત પુનિ, પ્રેત દેહ બનિ જાત ।
મુક્ત કહે જમ જાતના, યું ભુક્તત દિન રાત ॥૫૩॥
વર્ણાશ્રમકે નર ત્રિયા, સુરાપાનરત જોય ।
મુક્ત કહે તાતા લુહા, જમ પ્યાવત સજ્જ હોય ॥૫૪॥

જો વિદ્યા તપ રહિત હે, નીચ જન્મ ગુનહીન ।
મુક્ત કહે સોઉ શ્રેષ્ઠકું, માનત નાહિ મલીન ॥૫૫॥
સો સબ પાપી પરત હે, ખારે કર્દમ માંહિ ।
મુક્ત કહે અભિમાનકો, ફલ ભુક્તત હે તાંહિ ॥૫૬॥
જજ્ઞ કરત પશુ મારીકે, કરત માંસકો આહાર ।
મુક્ત કહે તેહિ નરકમેં, જમ દેવત બહુ માર ॥૫૭॥
જમ તાકો તન ચીરિકે, કરત રુધિરકો પાન ।
મુક્ત કહે જમ ગાવહિ, નાચત તોરત તાન ॥૫૮॥
જબ યા જગમેં ગૃહસ્થકે, દ્વાર અતિથિ જાત ।
મુક્ત કહે તેહિ દેખિકે, ક્રોધ ન હૃદે સમાત ॥૫૯॥
ક્રૂર દૃષ્ટિસેં દેખિકે, બોલત વચન કઠોર ।
મુક્ત કહે સો ગૃહસ્થકું, જમ મારત કરી જોર ॥૬૦॥
કાક પંખિ અરુ ગીધ તેહિ, નયન ઉખારત આય ।
મુક્ત કહે હરિવિમુખકી, કોઉ ન કરત સહાય ॥૬૧॥
વાસદેવસું વિમુખ સો, મૂઢ સહત જમમાર ।
મુક્ત કહે સદ્ગ્રંથકો, એહિ ઉત્તમ નિરધાર ॥૬૨॥
ધર્મહીન નર નારીકું, સદા રહત જમત્રાસ ।
મુક્ત રખત તેહિ કારનેં, અચલ ધર્મ હરિદાસ ॥૬૩॥

**(અંગ ॥૫૭॥ સાખી ॥૯૬૩॥)**

## ૫૮ વૈરાગ્યકો અંગ -

**સાખી** - મુક્ત કહે જમ મારસેં, જબ ડરપત હે જંત ।
તેહિ ઉપજત વૈરાગ્ય તબ, ભજત સદા ભગવંત ॥૧॥
સબહિ ભાતિ વૈરાગ્યકો, રુપ જથારથ જોય ।
મુક્ત કહે સંક્ષેપસેં, બરની સુંનાવું સોય ॥૨॥
મુક્ત મનુષ્યતન પાયકે, જેહી ઉપજત વૈરાગ ।
વૈભવ લોક પરલોકકે, કરત સબહિ વિધ ત્યાગ ॥૩॥
ચૌદ લોકકે સુખ સબે, કાકવિષ્ટ સમજાહિ ।
મુક્ત કહે વૈરાગ્ય મિષ, હરિ કરુણા ભઈ તાહિ ॥૪॥

હરિકરુણા બિન હોત નહિ, નરકું દૃઢ નિર્વેદ ।
મુક્ત કહે વૈરાગ્ય બિન, હોત ન બંધન છેદ ॥૫॥
જેહિ ઉપજત વૈરાગ્ય તેહિ, હરિ બિન કછુ ન સુહાત ।
મુક્ત કહે સંસારકી, તાહિ રુચત નહિ બાત ॥૬॥
જેહિ ઉપજત વૈરાગ્ય તેહિ, બહત નયન જલધાર ।
મુક્ત કહે હરિદર્શ હિત, ઝેર ભયો સંસાર ॥૭॥
નીર બિછાયો મીન જ્યું, તલપત હે દિન રાત ।
મુક્ત કહે હરિદર્શ બિન, તાકું કછુ ન સુહાત ॥૮॥
અતિ આતુરતા ઉરવિષે, કબ મિલિ હે ભગવાન ।
નિશિ ન નિંદ તેહિ મુક્ત કહે, દિન ન રુચત અન્ન પાન ॥૯॥
જહાં તહાં પુછત જાયકે, એસે સદ્‌ગુરુ કોય ।
મુક્ત કહે મહાસુખનિધિ, રામ મિલાવત મોય ॥૧૦॥
એહિવિધ તલપત રેન દિન, પ્રભુકે દર્શનકાજ ।
મુક્ત કહે તેહિ ના રહે, જૂઠે જગકી લાજ ॥૧૧॥
કાલ ચવીના સબહિ જગ, જાની તજી તેહિ આશ ।
મુક્ત કહે હરિ મિલનકું, રોવત ભરત ઉચ્છ્‌વાસ ॥૧૨॥
એહિ વિધ બૃહદ વૈરાગ્યકો, જેહિ ઉર ભયો નિવાસ ।
મુક્ત કહે તાકું મિલે, પ્રગટ રુપ અવિનાશ ॥૧૩॥
અનંત જન્મકે પુણ્યસે, ઉપજત બૃહદ વૈરાગ ।
મુક્ત કહે સોઈ હોત હે, કૃપાપાત્ર બડભાગ ॥૧૪॥
એહિ વિધ બૃહદ્ વૈરાગ્યસેં, જાનત સાર અસાર ।
મુક્ત કહે હરિદર્શસેં, પાવત ભવજલ પાર ॥૧૫॥

**(અંગ ॥૫૮॥ સાખી ॥૯૭૮॥)**

## ૫૯ વિવેકકો અંગ -

**સાખી** - બિન વિવેક સંસાર સબ, ખાવત જમકી માર ।
મુક્ત વિવેકી હોત સો, સહજ તરત સંસાર ॥૧॥
પાપ પુણ્ય શુભ અશુભ અરુ, સંગ કુસંગતિ જેહુ ।
મુક્ત તાહિ જો સમ કહે, પુરુષપશુ હે તેહુ ॥૨॥

મુક્ત વિવેક વિચારસેં, સિજત સબકો કાજ ।
સોઈ બરનું સંક્ષેપસેં, સુનિયો ભક્તસમાજ ॥૩॥
દેહ આતમા અતિપૃથક, એક કબહુ નહિ હોત ।
મુક્ત તાહિ કહે એક જો, સો નિજ જન્મ વિગોત ॥૪॥
વાસુદેવસમ ઓરકું, કબહુ ન જાનત જોય ।
મુક્ત કહે હરિભક્તમેં, વિમલ વિવેકી સોય ॥૫॥
સત અસત અરુ વિષ સુધા, મદિરા ગંગાતોય ।
મુક્ત સબનકે પૃથક ગુન, કહે એક ક્યું હોય ॥૬॥
હંસ રુ બક દોઉ ઉજરે, ધેનુ થુવર પય શ્વેત ।
મુક્ત વિવેકી સંત સો, ગુનસેં ભિન્ન કરી લેત ॥૭॥
જો યહ વિમલ વિવેકકું, નિંદા કહત અજાણ ।
મુક્ત કહે તેહિ હોત નહિ, કોટિ જન્મ કલ્યાણ ॥૮॥
લોભ મોહ મમતા પ્રબલ, પરત્રિય તાકત જોઈ ।
મુક્ત કહે યા જગતમેં, અધિક અસાધુ સોઈ ॥૯॥
અષ્ટ ભાતિ ધન નારીકો, ત્યાગ રખત સોઈ સંત ।
મુક્ત કહે સંસારમેં, તેહિ બિન સબહિ અસંત ॥૧૦॥
ત્રિભુવનકી સંપત મિલે, પલ ન તજત હરિધ્યાન ।
મુક્ત કહે સો સંતકું, કંચન કીચ સમાન ॥૧૧॥
એહિ વિધ સાર અસારકો, મુનિવર કરત વિવેક ।
મુક્ત કહે મતિમંદ સો, સબકું માનત એક ॥૧૨॥

(અંગ ॥૫૯॥ સાખી ॥૯૯૦॥)

## ૬૦ જ્ઞાનકો અંગ -

**સાખી** - જ્ઞાન બિના કોઉ ના તરે, જરત ન કર્મ અપાર ।
મુક્ત કહે તેહિ કારને, બરનું જ્ઞાન શ્રુતિસાર ॥૧॥
પ્રકૃતિ પુરુષ પર બ્રહ્મ હે, તાસું પર પરબ્રહ્મ ।
મુક્ત કહે તેહિ જાનહિ, તબહિ જરત સબ કર્મ ॥૨॥
ઉનમાન યહ દેવકું, જાનત સબ સંસાર ।
મુક્ત પ્રગટ પ્રભુ જેહિ મિલે, સોઈ પાવત ભવપાર ॥૩॥

શ્વેતદ્વીપપતિ શ્યામસો, જનહિત પ્રગટ પ્રમાન ।
મુક્ત કહે તેહિ જબ મિલે, તબ સોઈ પાયો જ્ઞાન ॥૪॥
વાસુદેવકે દર્શ બિન, માયા તરત ન જંત ।
મુક્ત કહે યું કહત નિત્ય, શ્રુતિ પુરાન સબ સંત ॥૫॥
રવિ બિન રાત્ય ન ટરત જ્યું, ગુરુ બિન લહત ન જ્ઞાન ।
મુક્ત કહે જો ગુરુમુખી, તાહિ મીલત ભગવાન ॥૬॥
બ્રહ્મ ભુવનલગિ જ્ઞાન બિન, કાલવ્યાલ સબ ખાત ।
મુક્ત મિલે જેહિ પ્રગટ પ્રભુ, તેહિ ઢિગ કાલ ન જાત ॥૭॥
બ્રહ્મરુપ લખિ આપનો, તેહિ પર પરબ્રહ્મ જોય ।
મુક્ત કહે તાકું લખે, સંત કહાવત સોય ॥૮॥
ક્ષર અક્ષર પર શ્રીહરિ, પ્રગટ પ્રિછાનત જેહિ ।
મુક્ત કહે ત્રિભુવન વિષે, કાલત્રાસ નહિ તેહિ ॥૯॥
પ્રગટરુપ પ્રભુ જાનિકે, પતિત લહત ભવપાર ।
મુક્ત કહે ભવ તરનકું, એહિ અચલ આધાર ॥૧૦॥
પ્રગટ દેવકે જ્ઞાન બિન, ભવ ભટકત સબ લોક ।
મુક્ત કહે હરિશરણ બિન, રહત સદા ભવશોક ॥૧૧॥
સંત સતી અરુ શૂરમા, પિછા ધરત ન પાવ ।
મુક્ત કહે હરિભક્તકો, યુંહિ અચલ ઠહરાવ ॥૧૨॥
દૃઢતા ધ્રુવ પ્રહ્લાદ જ્યું, સદા રહત હરિસંગ ।
મુક્ત કહે જ્યું કષ્ટ ત્યું, ચઢત ચોગના રંગ ॥૧૩॥
તેહિ ઉર આવરણ ક્યું રહે, જાહિ ભયો હરિજ્ઞાન ।
મુક્ત ન નિશિતમ રહત હે, પ્રગટ હોત જબ ભાન ॥૧૪॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય તિહું, પ્રગટત એકહિ કાલ ।
મુક્ત સદા તેહિ ઉર વસે, પ્રભુકો રુપ રસાલ ॥૧૫॥
મુક્ત કહે ભવ તરનકું, નાવરુપ હરિજ્ઞાન ।
પુરુષોત્તમકો જ્ઞાન જેહિ, તેહિ હોવત હરિધ્યાન ॥૧૬॥
મુક્ત કહે જ્યું લોભિયા, પાવત ધનભંડાર ।
ત્યું પ્રત્યક્ષ પ્રભુ જાનિકે, બાઢત પ્રેમ અપાર ॥૧૭॥

**(અંગ ॥૬૦॥ સાખી ॥૧૦૦૭॥)**

## ૬૧ ધ્યાનકો અંગ -

**સાખી** - બ્રહ્મરુપ સો મહામુનિ, ભજત જાહિ તજી માન ।
મુક્ત કહે સો હરિ મિલે, તબ તેહિ ધરના ધ્યાન ॥૧॥
શ્રુતિ પુરાન સદ્‌ગ્રંથકો, એહિ અનુપમ સાર ।
મુક્ત કહે હરિધ્યાન બલ, તજના સબહિ વિકાર ॥૨॥
કામ ક્રોધ મદ લોભકો, જબ લગ ઉરમેં વાસ ।
મુક્ત તાહિ હરિ ઉર ધરત, હોવત અધિક પ્રયાસ ॥૩॥
જબ સદ્‌ગુરુકે વચનસે, હોવત ભક્ત અકામ ।
મુક્ત કહે તેહિ ઉર વસે, વાસુદેવ સુખધામ ॥૪॥
વાસુદેવકે ધ્યાન બિન, મનકે મલ નહિ જાત ।
મુક્ત કહે પ્રભુ પ્રગટકું, ઉર ધરના સાક્ષાત ॥૫॥
તબ લગ સાધન સબ વૃથા, ઉર ન જોલુ ભગવંત ।
મુક્ત જ્યું નૌતમ જુવતિ, પતિ બિન ફલ ન લહંત ॥૬॥
તાતે હરિજન વિમલમન, ધરત સદા હરિધ્યાન ।
મુક્ત કહે તેહિ ઉર વિષે, રહત સદા ભગવાન ॥૭॥
પુરુષોત્તમ પરબ્રહ્મકો, જેહિ ઉર ભયો નિવાસ ।
મુક્ત કહે ત્રિભુવનવિષે, સો સાચા હરિદાસ ॥૮॥
કામ ક્રોધ અરુ લોભ એ, ધ્યાન વિરોધી તિન ।
મુક્ત ધ્યાન બલ તિહુ તજે, સો હરિભક્ત પ્રવીન ॥૯॥
અષ્ટ ભાતિ વનિતા તજે, સોઈ દૃઢ ધ્યાની હોત ।
મુક્ત કહે ત્રિય ત્યાગ બિન, જડમતિ જન્મ વિગોત ॥૧૦॥
વનિતા જ્યું ધનકું તજે, જ્યુંહિ સ્વાદકો ત્યાગ ।
મુક્ત કહે તેહિ હોત હે, પ્રભુપદ દૃઢ અનુરાગ ॥૧૧॥
પ્રભુ બિન પ્રીતિ સબનસેં, ત્યાગ કરત હે જેહુ ।
મુક્ત કહે હરિધ્યાનમેં, અતિદૃઢ હોવત તેહુ ॥૧૨॥
સબ સાધન મિથ્યા કરે, માનરિપુ બલવાન ।
મુક્ત માનરિપુ મારહિ, તાહિ હોવત દૃઢ ધ્યાન ॥૧૩॥
નખશિખલું હરિરુપકું, ઉર બિચ ધારત જોય ।
મુક્ત કહે હરિરુપ બિન, કછું ન સંભારત જોય ॥૧૪॥

ચરનકમલ અતિશે સુખદ, ખટ દશ ચિન્હ સમેત ।
મુક્ત કહે પ્રભુ પદવિષે, મુનિ રાખત દૃઢ હેત ॥૧૫॥
જાનુ જંઘા ઉદર અરુ, ઉર વિશાલ શ્રીયધામ ।
મુક્ત કહે મુનિ ઉર ધરે, હરિમૂર્તિ અભિરામ ॥૧૬॥
કરસરોજ મુખકમલકી, શોભા બરની ન જાત ।
કોટિ મદનમદ હરન પ્રભુ, યું ભજત સાક્ષાત ॥૧૭॥
મુક્ત કહે વ્રજકે વિષે, રાસ રચ્યો વ્રજરાજ ।
પ્રબલ મદનકો મદ હર્યો, કીનો નિજ જન કાજ ॥૧૮॥
અલ્પ અકિંચન જીવ સો, હરિ ભજી પાવત પાર ।
મુક્ત કહે મુનિ સમઝ યું, કરત ધ્યાન વિસ્તાર ॥૧૯॥
અષ્ટ સિદ્ધિ નવ નિધિકી, જો મુનિ કરત ન આશ ।
મુક્ત કહે તેહિ ઉર વિષે, રહત સદા અવિનાશ ॥૨૦॥
જેતે સાધન જગતમેં, જપ તપ આદિક જોય ।
મુક્ત કહે નિમેષ હરિધ્યાનકી, સમતા કરત ન સોય ॥૨૧॥
ધ્યાન ધરે પ્રભુ પ્રગટકો, તબહિ મિટત ભવફંદ ।
મુક્ત કહે હરિધ્યાનસેં, હોવત ભક્ત સ્વચ્છંદ ॥૨૨॥
જો બિન દેખિ વસ્તુ હે, તા સંગ પ્રીતિ ન હોય ।
મુક્ત યાહિતેં પ્રગટ બિન, ભવજલ તરત ન કોય ॥૨૩॥

**(અંગ ॥૬૧॥ સાખી ॥૧૦૩૦॥)**

## ૬૨ વિજ્ઞાનકો અંગ -

**સાખી** - જો નર પાવત જ્ઞાનકું, તેહિ હોવત હરિધ્યાન ।
મુક્ત ધ્યાન જેહિ દૃઢ ભયો, તેહિ હોવત વિજ્ઞાન ॥૧॥
ત્રપત જ્ઞાન વિજ્ઞાનસેં, સોઈ મુનિવર સોઈ સંત ।
મુક્ત કહે અતિપ્રેમસેં, ઉર ધરત ભગવંત ॥૨॥
જાકે ઉરસે શ્રીહરિ, પલક દૂર નહિ હોય ।
મુક્ત મગન હરિરુપમેં, દૃઢ વિજ્ઞાની સોય ॥૩॥

કામ ક્રોધ મદ લોભકો, કબહુ ઘાટ નહિ કોઈ ।
મુક્ત મગન હરિચરનમેં, દૃઢ વિજ્ઞાની સોઈ ॥૪॥
માયિક પિંડ બ્રહ્માંડકું, મિથ્યા જાનત સંત ।
મુક્ત મગન વિજ્ઞાનમેં, ભજત સદા ભગવંત ॥૫॥
લાભ હાની જેહિ સમ સદા, સમ તેહિ માન અપમાન ।
મુક્ત કહે સો સંતકું, ભયા અચલ વિજ્ઞાન ॥૬॥
પરમ કૃપાલુ સબહિં પર, અપનો પર નહિ કોઉ ।
મુક્ત સદા હરિજનરત, દૃઢ વિજ્ઞાની સોઉ ॥૭॥
પ્રકૃતિ પુરુષ પર આપહે, તેહિ પર પ્રભુકો રુપ ।
મુક્ત બ્રહ્મ હોઈ હરિ ભજે, સોઈ વિજ્ઞાની અનૂપ ॥૮॥
ચહુ દિશ જ્યોતિ જલહલે, તેહિ મધ્ય પ્રભુ સાકાર ।
મુક્ત દિવ્ય દ્રગ દેખહિ, સોઈ વિજ્ઞાની ઉદાર ॥૯॥
અનંત ચંદ્ર રવિસેં બડો, જેહિ સ્થલ અધિક પ્રકાશ ।
મુક્ત સદા તહાં હરિ ભજે, સોઈ વિજ્ઞાની દાસ ॥૧૦॥
ચૈતનમય તહાં ભક્ત સબ, નર ત્રિય ભેદ ન લેશ ।
મુક્ત સોઈ વિજ્ઞાન જુત, તેહિ સ્થલ જાસ પ્રવેશ ॥૧૧॥
સંતવૃંદ રવિ ચંદસમ, તેહિ મધ્ય પ્રભુ સુખધામ ।
મુક્ત કહે વિજ્ઞાનજુત, એહિ સ્થલ કરત મુકામ ॥૧૨॥
જીવ ઈશમેં બ્રહ્મ પર, વાસુદેવ તેહિ પાર ।
મુક્ત કહે વિજ્ઞાન જુત, તેહિ જાનત કરતાર ॥૧૩॥
અનંત સતી જેહિ ચરનરત, અનંત મુક્ત ગુન ગાત ।
મુક્ત કહે વિજ્ઞાન જુત, તેહિ નિરખત સાક્ષાત ॥૧૪॥
મુક્ત કહે વિજ્ઞાન જુત, મુનિવરકો એહિ ભવ ।
એસે વિજ્ઞાન અચલ, વ્યાસપુત્ર શુકદેવ ॥૧૫॥
પ્રકૃતિ પુરુષ પર બ્રહ્મ સો, અપનો રુપ પિછાન ।
મુક્ત કહે એહિ પર પ્રભુ, ધરત સદા તેહિ ધ્યાન ॥૧૬॥
સોઈ વિજ્ઞાની સંત હે, તાકે સમ અન્ય નાહિ ।
પાય અચલ ઉપાસના, મગન રહત મનમાંહિ ॥૧૭॥

પુરુષોત્તમ પરબ્રહ્મ સો, ધરત સબહિ અવતાર ।
મુક્ત હોત સો મનુષ્યસમ, પતિત કરન ભવપાર ॥૧૮॥
જ્ઞાન ધ્યાન વિજ્ઞાનકું, સો પ્રભુ દેત બતાય ।
મુકત કહે તેહિ શરણ બિન, છુટત નાહિ ઉપાય ॥૧૯॥
સોઈ વિજ્ઞાની સંત ઉર, પ્રભુકો સદા નિવાસ ।
મુક્ત ન તેહિ સ્થલ તમ રહે, જહાં ભયો ભાનુ પ્રકાશ ॥૨૦॥

**(અંગ ॥૬૨॥ સાખી ॥૧૦૫૦॥)**

## ૬૩ ભગવદ્ધામપ્રાપ્તિસાધનકો અંગ -

**સાખી** - યા જગ દૈવી જીવકું, અધર્મસેં અતિ ત્રાસ ।
મુક્ત કહે તેહિ ઉર વિષે, હોત ધર્મકો વાસ ॥૧॥
ધર્મદેવ પરિવાર જુત, જેહિ ઉર રહત અખંડ ।
મુક્ત કહે તેહિ હોત હે, પ્રભુસું પ્રીત પ્રચંડ ॥૨॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, ધર્મકો જેહિ ઉર ધામ ।
મુક્ત કહે સોઈ ભક્તકે ગુન વરનું અભિરામ ॥૩॥
ગ્રામ્યકથા સંસારકી, કહત ન સુનત પ્રવીન ।
મુક્ત કહે શુભ ગુનસદન, રહત ભજનમેં લીન ॥૪॥
કામ ક્રોધ મદ લોભસેં, રહિત સદા મુનિ ધીર ।
મુક્ત કહે હરિભજનમેં, ગરક રહત ગંભીર ॥૫॥
સમતા સરલ સ્વભાવ જુત, નાહિ કપટ અભિમાન ।
મુક્ત કહે તેહિ ઉર વિષે, વસત સદા ભગવાન ॥૬॥
મદ મત્સર અભિમાન બિન, અધિક કૃપાલુ જોય ।
મુક્ત કહે હરિધામમેં, રહત નિરંતર સોય ॥૭॥
સબહિ ભાતિ હરિભક્તકો, દ્રોહ કરત નહિ લેશ ।
મુક્ત કહે સબ મનુષ્યકું, કરત સત્ય ઉપદેશ ॥૮॥
સ્વારથમેં શીતલ સદા, પરમારથમેં શૂર ।
મુક્ત કહે સોઈ ભક્તકું, રાખત શ્યામ હજુર ॥૯॥
મન કર્મ વચને કાઉકો, બુરો ન ચાહત જેહુ ।
મુક્ત કહે વૈકુંઠમેં, વસત નિરંતર તેહુ ॥૧૦॥

જાકું હરિગુરુ સંતસું, રહત નિરંતર હેત ।
મુક્ત વસત વૈકુંઠમે સો નર કુટુંબ સમેત ॥૧૧॥
જાકુ નવધા ભક્તિ બિન, નિમેષ ન ખાલી જાત ।
મુક્ત શ્વેતવૈકુઠકું, સોઈ પાવત સાક્ષાત ॥૧૨॥
પ્રીત અચલ પરબ્રહ્મસું, જગસે અધિક ઉદાસ ।
મુક્ત વસત વૈકુંઠમેં, સો અનન્ય હરિદાસ ॥૧૩॥
શ્વેતદ્વીપપતિ શ્યામકું, સબહિ સમર્પત જોય ।
મુક્ત કહે હરિધામમેં, તેહિ સમ ઓર ન કોય ॥૧૪॥
શ્વેતદ્વીપપતિ શ્યામકો, જાકું દૃઢ વિશ્વાસ ।
મુક્ત વસત વૈકુંઠમેં, સદા શ્યામકે પાસ ॥૧૫॥
અનંત વિઘનમેં અચલ હો, ધર્મ ન ત્યાગત જોઈ ।
મુક્ત કહે હરિધામમેં, તેહિ સમ ઓર ન કોઈ ॥૧૬॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, ધર્મ રખત ઉર માંહિ ।
મુક્ત કહે હરિધામમેં, તેહિ સમ દુજો નાહિ ॥૧૭॥
મુક્ત કહે હરિભક્ત જબ, હોવત દૃઢ નિષ્કામ ।
તબ તેહિ રીઝત શ્રીહરિ, સોઈ પાવત પ્રભુધામ ॥૧૮॥
નારાયણકે નામકો, જાહિ અચલ વિશ્વાસ ।
મુક્ત વસત વૈકુંઠમેં, સો હરિજન પ્રભુપાસ ॥૧૯॥
જાગત સોવત રેન દિન, રામ કૃષ્ણ ગુન ગાત ।
મુક્ત કહે વૈકુંઠમેં, સોઈ પહુંચત સાક્ષાત ॥૨૦॥

**(અંગ ॥૬૩॥ સાખી ॥૧૦૭૦॥)**

## ૬૪ વૈકુંઠધામ પ્રાપ્તિકો અંગ -

**સાખી** - ધર્મસર્ગ જેહિ ઉર વસે, તેહિ ઉર યહ ગુન હોય ।
મુક્ત કહે હરિધામકું, પાવત હરિજન સોય ॥૧॥
મુક્ત શ્વેતવૈકુંઠમેં, તન તજી હરિજન જાત ।
સો જેહિ વિધ તન તજતહે, સોઈ બરનું સાક્ષાત ॥૨॥
અંતસમે હરિ પારષદ, આવત લે વિમાન ।
મુક્ત કહે હરિભકતકો, કરત અધિક સનમાન ॥૩॥

અંતસમે તેહિ હોત હે, શુક નારદ સમ જ્ઞાન ।
મુક્ત કહે તાકું પ્રગટ, દર્શ દેત ભગવાન ॥૪॥
તબ સો બેઠિ વિમાનપર, પહુંચત હરિકે ધામ ।
મુક્ત દેખિ વૈકુંઠકું, હોવત પુરનકામ ॥૫॥
તેહિ સ્થલ રજ તમ સત્વ નાહિ, નાહિ કાલકો ત્રાસ ।
મુક્ત ન માયિક કોઇ તહાં, તેહિ સ્થલ પ્રભુકો વાસ ॥૬॥
સબહિ લોક તેહિ નમત હે, એસો પ્રભુકો ધામ ।
મુક્ત કહે સોઇ ધામકું, નિરખત ભક્ત અકામ ॥૭॥
જેહિ ફલ તજી નિજધર્મસેં, હરિ આરાધન કીન ।
મુક્ત સોઇ હરિધામમેં, પ્રભુ ઢિગ રહત પ્રબીન ॥૮॥
સુર અર્ચિત હરિપાર્ષદ, પ્રભુસમ તેહિ આકાર ।
મુક્ત કહે હરિભક્ત સો, તેહિ નિરખત કરી પ્યાર ॥૯॥
કમલનયન ઘનશ્યામ સબ, પીતાંબરધર જેહુ ।
મુક્ત ચતુર્ભુજ પારષદ, નિરખત હરિજન તેહુ ॥૧૦॥
સબહિ મનોહર વેશ જુત, ઉર મણિ મુક્તાહાર ।
મુક્ત અનંત રવિ ચંદ્રસમ, તેહિ તનુ તેજ અંબાર ॥૧૧॥
કમલનાલ વૈદૂર્યસમ, તનરુચિ મનહું પ્રવાલ ।
મુક્ત મનોહર વેશ સબ, સોભિત ભાલ વિશાલ ॥૧૨॥
કુંડલ ઝળકત કાનમેં, શિશ મુગટ ઉર માલ ।
મુક્ત મનોહર વેશ સબ, હરિગુન ગાત રસાલ ॥૧૩॥
સો વૈકુંઠ પુરવાસિકે, અતિ ઝળકત વિમાન ।
સો વિમાનમહિં નર ત્રિયા, મુક્ત કરત શુભ ગાન ॥૧૪॥
સો વિમાનસેં સોહહિં, વિમલ વિષ્ણુકો લોક ।
મુક્ત કહે હરિધામમેં, લેશ ન સંશય શોક ॥૧૫॥
શ્રીસમ વનિતા વૃંદસે, ધામ વિરાજત સોય ।
મુક્ત કહે વિદ્યુત સહિત, ઘનજુત નભ જિમિ હો ॥૧૬॥
કલેશ મોહ અરુ ભયરહિત, તેહિ સમ લોક ન કોઇ ।
મુક્ત કહે હરિધામકું, પાવત સિદ્ધ મુનિ સોઇ ॥૧૭॥

તેહિ ધામમેં રહત હે, નારાયણ સુખકંદ ।
મુક્ત કહે નિજભક્તકું, કરત સદા આનંદ ॥૧૮॥
કલ્પવૃક્ષ જુત વન તહાં, નૈઃશ્રેયસ જેહિ નામ ।
સબ ઋતુ માંહિ ફલ ફુલ જુત, મુક્ત માનુ સુખધામ ॥૧૯॥
ત્રિયજુત સુરવિમાન મહિં, કરતહે હરિગુન ગા ।
મુક્ત કહે તેહિ સુનત સબ, મિટત યહ અજ્ઞાન ॥૨૦॥
વિકસત સદા વસંત જ્યું, પુષ્પસુગંધિ જેહુ ।
મુક્ત મગન હરિભજનમેં, ગ્રહણ કરત નહિ તેહુ ॥૨૧॥
કોકિલ સારસ હંસ શુક, ચક્રવાક અરુ મોર ।
પારાવત ચાત્રક સુખદ, કરતહે મુક્ત ઝિંગોર ॥૨૨॥
મત્ત ભૃંગ હરિગુન સરસ, કરત મધુર સુર ગાન ।
મુક્ત સુંનત ચૂપ હોય છિન, યું હરિગુનમહિં તાન ॥૨૩॥
કુર્બ કુંદ મંદાર જુત, ઉત્પલ ચંપક જેહિ ।
પારિજાત અંબુજ બકુલ, અતિસુંગંધિ જુત તેહિ ॥૨૪॥
તદપિ તુલસી સુગંધકો, હરિ જબ કરત બખાન ।
મુક્ત કહે બડભાગ્ય તેહિ, માનત પુષ્પ સુજાન ॥૨૫॥
જેહિ પ્રભુપદ વંદન કિયો, એસે પ્રભુકો દાસ ।
મુક્ત તાસ વિમાનકો, તેહિ સ્થલ અધિક પ્રકાસ ॥૨૬॥
મરકત મનિ કંચન જડિત, એસે અનંત વિમાન ।
મુક્ત કહે તહાં માનિની, કરતહે હરિગુન ગાન ॥૨૭॥
મંદહાસ જુત મુખકમલ, શ્રીય સમ સબકો વેશ ।
મુક્ત કહે હરિભક્તકું, ક્ષોભ કરત નહિ લેશ ॥૨૮॥
તેહિ સ્થલ પ્રભુકે પારષદ, હરિસમ શોભાધામ ।
મુક્ત કહે ત્રિયમાત્રકો, મન નહિ હોત સકામ ॥૨૯॥
મૂર્તિમાન તહાં શ્રી સદા, કરત હે પ્રભુપદ સેવ ।
મુક્ત વિઘન હરિસેવમેં, તાહિ તજત તતખેવ ॥૩૦॥
કમલા મધુકર વૃંદ જુત, ત્યાગી ચપલતા માન ।
મુક્ત હિંડોરે બેઠિકે, કરત હે હરિગુન ગાન ॥૩૧॥

કમલા નિજ કરકમલ લે, ઈત ઈત ડોલત જાઈ ।
મુક્ત મનહું હરિસદનમેં, ઝાડુ દેવત સોઈ ॥૩૨॥
જાકી શોભા લેશસેં, સોહત સબ સંસાર ।
મુક્ત કહે તેહિ રુપકો, કો કવિ કરત ઉચ્ચાર ॥૩૩॥
જાહિ રિઝાવન તપ કરત, નાગ દનુજ નરદેવ ।
મુક્ત કહે સોઈ શ્રી સદા, કરત શ્યામ પદ સેવ ॥૩૪॥
સો શ્રીપતિ નિજધામમેં, રાજત રમાનિવાસ ।
અનંત ચંદ્ર રવિસમ તહાં, ચહુ દિશ પ્રબલ પ્રકાશ ॥૩૫॥
દેહ ત્યાગી હરિભક્ત જબ, પહુંચત પ્રભુકે ધામ ।
સપ્ત દ્વાર તહાં અતિસુખદ, મુક્ત સો મન અભિરામ ॥૩૬॥
દ્વાર દ્વાર પ્રતિ પારષદ, સબહિ ચતુર્ભુજ રુપ ।
મુક્ત કહે હરિધામકે, સોહત દ્વાર અનુપ ॥૩૭॥
દ્વાર દ્વાર પ્રતિ નંગ જટિત, કનક કપાટકી જોર ।
મુક્ત તહાં બાજત રહે, અનહદ નાદ ટકોર ॥૩૮॥
મુક્ત કહે તેહિ નાદકી, ભનક પડે જબ કાન ।
તબહિ ચતુર્ભુજ હોત હે, પાર્ષદ સબહિ સમાન ॥૩૯॥
સપ્ત પોરી મહિં હોયકે, પ્રભુ ઢીગ પહુંચત દાસ ।
મુક્ત કહે સો ભક્ત તબ, નિરખત રમાનિવાસ ॥૪૦॥
સો શ્રીપતિ જગ ઈશ પતિ, જજ્ઞપતિ જગવંદ ।
મુક્ત કહે તેહિ દરશસેં, પાવત પરમાનંદ ॥૪૧॥
વિશ્વકસેન રુ જય વિજય, નંદ સુનંદ હૈ જોય ।
બલ રુ પ્રબલ ભદ્રાદિ સબ, મુક્ત હૈ પ્રભુ ઢીગ સોય ॥૪૨॥
ખગપતિ જુત સબ પારષદ, કરત હૈ પ્રભુપદ સે ।
મુક્ત કહે સો શ્રીપતિ, વિષ્ણુ અલગ અભેવ ॥૪૩॥
મંદહાસ જુત મુખકમલ, અરુણકમલ દલ નેન ।
મુક્ત સુધાસમ વચનસેં, નિજજનકું સુખ દેન ॥૪૪॥
કિરીટ મુકુટ શિર સોહહિ, કુંડલ મકરાકાર ।
મુક્ત ચતુર્ભુજ શ્રીહરિ, શોભાકો નહિ પાર ॥૪૫॥

શ્રી સોહત જેહિ ઉરવિષે, પીતાંબર પટસાર ।
મુક્ત કહે રવિ ચંદ્ર સમ, સબ અંગ તેજ અંબાર ॥૪૬॥
રતનજડિત અતિ સોહહિ, કનક સિંહાસન જોય ।
મુક્ત કહે તેહિ મધ્ય પ્રભુ, શ્રીજુત રાજત સોય ॥૪૭॥
અનંત ભુવનકે ઈશ સબ, નિજપત્ની જુત સોઈ ।
મુક્ત કહે તેહિ ચરનકું, સેવત તતપર હોઈ ॥૪૮॥
અણિમાદિક એશ્વર્ય સબ, રહત સદા પ્રભુપાસ ।
મુક્ત કહે પ્રભુદર્શકી, રહત સબનકું પ્યાસ ॥૪૯॥
સો પ્રભુકુ હરિભક્ત જબ, નિરખત પરમ સુધીર ।
મુક્ત પુલકિત તન પ્રેમવશ, બહત દ્રગનસેં નીર ॥૫૦॥
ગદગદ સ્વર કર જોરિકે, કરત સો ભક્ત પ્રણામ ।
મુક્ત કહે તેહિ પ્રેમસેં, નિરખત પ્રભુ સુખધામ ॥૫૧॥
અતિ આનંદસું ભક્તકું, પ્રભુ ભેટત કરી પ્યાર ।
મુક્ત કહે તેહિ હોત હે, આનંદ અનંત અપાર ॥૫૨॥
બ્રહ્મરુપ મહામુક્ત સમ, પ્રભુ ઢિગ કરત નિવાસ ।
મુક્ત કહે પ્રભુ પદ કમલ, શ્રીસમ સેવત દાસ ॥૫૩॥
જા પદસેં કોઉ ના ગિરે, એસો પ્રભુકો ધામ ।
મુક્ત કહે તેહિ સ્થલ રહે, અનન્યભક્ત નિષ્કામ ॥૫૪॥
માયા મોહ ન લેશ તહાં, નાંહિ કર્મકે પાસ ।
મુક્ત કહે તેહિ સ્થલ નહિ, કાલ વ્યાલકો ત્રાસ ॥૫૫॥
શ્રુતિ કહે અક્ષરધામ જેહિ, નારાયણપુર નામ ।
મુક્ત શ્વેતવૈકુંઠ સો, વાસુદેવકો ધામ ॥૫૬॥
એક રુપસેં તપ કરે, એક રુપ શ્રીસંગ ।
મુક્ત કહે નિજભક્તકું, યું સુખ દેત અભંગ ॥૫૭॥
ધર્મવર્ગ જેહિ ઉર વસે, પ્રભુ ઢીગ પહુંચત સોય ।
મુક્ત કહે હરિભક્ત જ્યું, હોત ન સમર્થ કોય ॥૫૮॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, ધર્મસહિત મુનિ ધીર ।
મુક્ત વસત વૈકુંઠમેં, ગુણાતીત ગંભીર ॥૫૯॥

એહિવિધ પ્રભુકે પારષદ, હોવત હરિકે દાસ ।
મુક્ત કહે હરિભજન બલ, કાટત ભવકે પાસ ॥૬૦॥

## ઉપસંહાર

**સાખી** - રચિ વિવેકચિંતામનિ, કરન સકલ દુઃખ નાશ ।
મુક્ત કહે યહ ગ્રંથસે, હોત વિવેક પ્રકાશ ॥૬૧॥
સાખી ચોસઠ અંગકી, ચિંતામનિ સમ સોય ।
મુક્ત ન દુઃખ દારિદ્રય તેહિ, જેહિ ઢિગ યહ નિધિ હોય ॥૬૨॥
પ્રેમસહિત યહ ગ્રંથકું, સુને સુનાવે જેહુ ।
મુક્ત કહે પરબ્રહ્મકો, લહત પરમ પદ તેહુ ॥૬૩॥
મુક્ત કહે યા ગ્રંથકો, નામ ધર્યો હરિ આપ ।
શ્રીવિવેકચિંતામનિ, સુનત હરે સબ પાપ ॥૬૪॥
પ્રભુપ્રતાપ યહ ગ્રંથમેં, બરન્યો અધિક વિશેષ ।
મુક્ત પ્રેમજુત પઢત તેહિ, સંશય રહત ન લેશ ॥૬૫॥
દુરગ નામ પત્તન વિષે, ઉનમત્ત ગંગા તીર ।
રચિ વિવેકચિંતામનિ, મુક્ત હરન ભવપીર ॥૬૬॥
સંવત અઢાર રુબ્યાસિયો, કૃષ્ણ પક્ષ ગુરુ વાર ।
અઘહરન વદ્ય એકાદશી, ગ્રંથ સંપૂરણ સાર ॥૬૭॥
સાખી સબ અગ્યારસેં, તા ઉપર ચાલિશ ।
મુક્ત કહે રચ્યો ગ્રન્થ, જયું પ્રેર્યો જગદીશ ॥૬૮॥
રચિ વિવેકચિંતામનિ, હરન મોહ અજ્ઞાન ।
મુક્ત કહે એહિ ઉર ધરે, તાહિ મિલે ભગવાન ॥૬૯॥
શ્વેતદ્વીપપતિ શ્યામકો, મહિમા સબ શ્રુતિસાર ।
મુક્ત કહે યહ ગ્રંથમેં, બરન્યો વારમવાર ॥૭૦॥

**(અંગ ॥૬૪॥ સાખી ॥૧૧૪૦॥)**

ઈતિ શ્રી મુક્તાનંદમુનિવિરચિતા વિવેકચિંતામણિઃ સંપૂર્ણઃ ।

॥વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

## મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

# ઉદ્ધવગીતા

### દોહા

શ્રી રાધાવર રસિક પ્રભુ, કૃષ્ણ દેવ સુખકંદ ।
વિઘ્નવિનાશન કષ્ટહર, વંદુ સદા જગવંદ ॥૧॥
શ્રી ગોપીપતિ ચરણરજ, વંદુ વારમવાર ।
ઉદ્ધવગીતા આદરું, હરિજનનો શણગાર ॥૨॥
અક્ષરપર આનંદઘન, પુરુષોત્તમ પ્રભુ જેહ ।
નિજ જનને સુખ આપવા, વ્રજમાં પ્રગટ્યા તેહ ॥૩॥

### કડવું ॥૧॥ (રાગ ધોળ)

વાસુદેવ જગદ્‌ગુરુ જેહરે, થયા કૃષ્ણસ્વરુપે તેહરે ।
જેને નિગમ નેતિ કરી ગાવેરે, જેના ગુણનો તે પાર ન આવેરે ॥૧॥
કીધાં વ્રજમાં ચરિત્ર અપારરે, ગાતાં ભવજળ પામીએ પારરે ।
રમ્યા વ્રજવનિતાને સંગરે, કીધો ગર્વરહિત અનંગરે ॥૨॥
પછી મથુરાં પધાર્યા મુરારીરે, તેને વિરહે દુઃખી વ્રજનારીરે ।
જાણ્યું તે દુઃખ શ્રીબલવીરરે, તેડ્યા ઉદ્ધવ પરમ સુધીરરે ॥૩॥
જાદવ મધ્યે શ્રેષ્ઠ કે'વાયરે, વહાલા હરિને તે વર્ણવ્યા ન જાયરે ।
બુદ્ધિમાનમાં ઉત્તમ જેહરે, શિષ્ય દેવગુરુના છે તેહરે ॥૪॥
એવું જાણીને અંતરજામીરે, કર સાહી કહે બહુનામીરે ।
તમે એકાંતિક જન મારારે, એક નિમેષ ન મેલું ન્યારારે ॥૫॥
તોએ કામ પડ્યું તમ જેવુંરે, જાવું પડશે જરુર છે એવુંરે ।
જાઓ ઉદ્ધવજી તમે આપરે, ટાળો માતા પિતાનો સંતાપરે ॥૬॥

માતા જશોમતી ને નંદરાયરે, સુખ પામે તે કરજો ઉપાયરે ।
મુક્તાનંદને વ્હાલે કહ્યું એમરે, કરજો વ્રજજન રીઝે તેમરે ॥૭॥

## કડવું ॥૨॥

ગોપી જનને મારો છે વિજોગરે, એને એજ થયો ઉર રોગરે ।
મારે સંદેશે કરીને વીરરે, ટાળો ગોપિકાનું દુઃખ ધીરરે ॥૧॥
વ્રજનારીનું મનમારી પાસરે, મારે અર્થે તજી સુખ આશરે ।
મારે અર્થે તજે જે સંસારરે, તેને પાળું હું કરી બહુ પ્યારરે ॥૨॥
અતિ વ્હાલામાં વ્હાલો હું જેહરે, વસ્યો દૂર ગોકુળથકી તેહરે ।
તેને સંભારી સૌ વ્રજનારીરે, અતિ વિરહે મુંઝાય છે ભારીરે ॥૩॥
અતિ કષ્ટે કરી સુકુમારીરે, ધારે પ્રાણ તે મુજને સંભારીરે ।
મને મળવાને જીવેછે એહરે, એમાં લેશ નહિ સંદેહરે ॥૪॥
મને અરપ્યા છે તન ધન પ્રાણરે, પ્રેમભક્તિમાં પરમ સુજાણરે ।
વ્રજનારી તો છે સર્વે મારીરે, જાઓ ઉદ્ધવ વેગે વિચારીરે ॥૫॥
એવું કહી પ્રભુ પરમ ઉદારરે, આપ્યો ઉરથી પ્રસાદી હારરે ।
આપ્યાં આભરણ વસ્ત્ર અનૂપરે, જોતાં હરિસરખું થયું રુપરે ॥૬॥
જાઓ રથપર બેસીને તાતરે, કહેજો મારા સંદેશાની વાતરે ।
મુક્તાનંદ કહે હરિ સુખકારીરે,પ્રેર્યા ઉદ્ધવ પાત્ર વિચારીરે ॥૭॥

## કડવું ॥૩॥

એવી રીતે કહ્યું જદુનાથેરે, લીધાં વચન ચડાવીને માથેરે ।
હરિચરણે નમાવીને શીશરે, ધાર્યા અંતર શ્રીજગદીશરે ॥૧॥
ચાલ્યા ઉદ્ધવ ગ્રહીને સંદેશરે, શોભે હરિસમ સુંદર વેશરે ।
બેઠા રથપર લઈ હરિનામરે, ચાલ્યા ઉદ્ધવ ગોકુલ ગામરે ॥૨॥
રવિ અસ્ત સમો થયો જ્યારેરે, આવ્યા ઉદ્ધવ વ્રજમાં ત્યારેરે ।
નંદરાયનું વ્રજ ઘણું શોભેરે, દેખિ મુનિવરનાં મન લોભેરે ॥૩॥
ઉડે ગૌરજ ડમરી ભારીરે, તેણે શોભે છે વ્રજ સુખકારીરે ।
ધોળાં વાછડાં ધેનું અપારરે, એ છે વ્રજકેરો શણગારરે ॥૪॥
ગાજે ગોકુળિયું ગૌનાદેરે, ગોપી ગોપતણે સંવાદેરે ।
ગાય ગોપીયો હરિગુણ સારરે, વાય વાંસળી ગોપ અપારરે ॥૫॥

તેણે શોભે છે ગોકુલ ગામરે, એને મધ્યે છે નંદનું ધામરે ।
અગ્નિ અર્ક અતિથિ ને દેવરે, તેની ગોપ કરે બહુ સેવરે ॥૬॥
ધૂપ દીપ ને મંગલ સાજરે, શોભે ઘરોઘર શ્રેષ્ઠ સમાજરે ।
મુક્તાનંદ કહે ગોકુલ જોઈરે, રહ્યું ઉદ્ધવનું મન મોઈરે ॥૭॥

## કડવું ॥૪॥

શોભા જોતા ઉદ્ધવ હરિદાસરે, આવ્યા નંદના મંદિર પાસરે ।
નંદરાયનું મંદિર સારરે, પાસે પુષ્પનાં વૃક્ષ અપારે ॥૧॥
તેમાં પંખી કરે બહુ નાદરે, જાણે દેછે ઉદ્ધવજીને સાદરે ।
એવી શોભા તે જોતા અપારરે, આવ્યા ઉદ્ધવજી નંદદ્વારરે ॥૨॥
નિરખ્યા ઉદ્ધવને નંદરાયેરે, જાણી હરિજન હરખ ન માયરે ।
ભેટ્યા નંદ કહી શુભ વાણીરે, પૂજ્યા પુરુષોત્તમસમ જાણીરે ॥૩॥
મનવાંછિત અન્ન જમાવીરે, પછી પલંગ ઉપર પધરાવીરે ।
આપી પાનબીડી મુખવાસરે, બેઠા નંદ ઉદ્ધવજીની પાસરે ॥૪॥
સુખે બેઠા તે ઉદ્ધવજી જ્યારેરે, બોલ્યા નંદરાય હસી ત્યારેરે ।
વસુદેવ સખા મમ જેહરે, કો'ને ઉદ્ધવ સુખીયા છે તેહરે ॥૫॥
એનો કુશળ છે સૌ પરિવારરે, કો'ને ઉદ્ધવ પરમ ઉદારરે ।
મુવો પાપે પોતાને એ કંસરે, ગયો સહજે અધર્મીનો વંશરે ॥૬॥
પીડ્યા જાદવ સર્વેને એણેરે, ગયો કંસનો વંશ તો તેણેરે ।
કહો સુખીયા છે કૃષ્ણ ને રામરે, એ છે મુક્તાનંદના શ્યામરે ॥૭॥

## પદ ॥૧॥ (રાગ ગરબી)

ઉદ્ધવ ક્યારે આવશે વનમાળીરે,
થાયે સુખીયા મોહન મુખ ભાળી ॥ઉદ્ધવ૦॥
ક્યારે મુજને સંભારેછે કા'નરે, નિજ માતાને કરુણાનિધાનરે ।
અમને આઠો પહોર એનું ધ્યાન ॥ઉદ્ધવ૦॥૧॥
ક્યારે કહેછે ગોવાળુંની વાતરે, જ્યારે ભેળા બેસે બેઉ ભ્રાતરે ।
અમને મળશે કેદિ સાક્ષાત ॥ઉદ્ધવ૦॥૨॥

ગોપી ગોપ ને જમુનાનું વારીરે, ગાયો ગોવર્ધન સુખકારીરે ।
કેદી રિઝે છે વ્રજને સંભારી ॥ઉદ્ધવ૦॥૩॥
મુક્તાનંદના સ્વામીને કાજરે, પુછે ઉદ્ધવને વ્રજરાજરે ।
અતિ દુઃખિયો છે વ્રજનો સમાજ ॥ઉદ્ધવ૦॥૪॥

## કડવું ॥૫॥ (રાગ ઘોળ)

**ઢાળ બીજો** - બોલ્યા નંદરાય ગ્રહી પાણી, સુણો ઉદ્ધવજી મારી વાણી ।
દાવાનલથકી અમને ઉગાર્યા, વાયુ વૃષ્ટિનાં કષ્ટ નિવાર્યા ॥૧॥
વૃષભાસુર દુષ્ટને મારી, લીધા કૃષ્ણજી અમને ઉગારી ।
કાલીનાગ અઘાસુર કાલ, તેથી અમને ઉગાર્યા દયાલ ॥૨॥
આવ્યાં કષ્ટ દુરંત અપાર, તેથી કૃષ્ણજી કીધો ઉદ્ધાર ।
ભારે દૈત્ય મૃત્યુસમ જેહ, માર્યા કૃષ્ણ કૃપાનિધિ તેહ ॥૩॥
લીલા કૃષ્ણની અતિ સુખકારી, હાસ નિરખવું વચન સંભારી ।
ઘરનું કામ ગમે નહિ કોઈ, રહિયે હરિચરણે ચિત્ત પ્રોઈ ॥૪॥
નદી શૈલ ને વનછબી ભાઈ, હરિચરણે અંકિત સુખદાઈ ।
એને જોઈને મનડું અમારું, હરિના રુપથી રહે નહી ન્યારું ॥૫॥
આવ્યા વ્રજમાં શ્રીકૃષ્ણ ને રામ, જાણ્યા પુરુષોત્તમ સુખધામ ।
સુરકારજ કરવાને આવ્યા, મને ગર્ગે તે ભેદ બતાવ્યા ॥૬॥
માર્યા મલ્લ ને ગજપતિ ઘોર, માર્યો બલવંત કંસ કઠોર ।
એવા મુક્તાનંદના એ સ્વામી, અમે જાણ્યા ઉદ્ધવ બહુનામી ॥૭॥

## કડવું ॥૬॥

સુણો ઉદ્ધવજી એક ધ્યાન, કીધાં પરાક્રમ જે ભગવાન ।
ત્રણ તાલ ધનુષ વિકરાલ, ભાગ્યું ભૂધરજી તતકાલ ॥૧॥
દિન સાત ગિરિ કર ધાર્યો, વ્હાલે ઈંદ્રનો ગર્વ ઉતાર્યો ।
એક આંગળીએ ગિરિ ધારી, વાઈ બેણું રસાલ મુરારી ॥૨॥
માર્યા ધેનુક ને તૃણાવર્ત, કીધો બક ને પ્રલંબનો અંત ।
માર્યો દૈત્ય અરિષ્ટ વિકરાળ, કીધા દેવ સુખીયા ગોપાળ ॥૩॥
એવી રીતે ચરિત્ર સંભારી, વહ્યાં નંદના નેત્રથી વારી ।
પ્રેમે ગદ્‌ગદ્ સ્વર ન બોલાય, વળતા મૌન થયા નંદરાય ॥૪॥

સુણી સુતનાં ચરિત્ર ઉદાર, વાધ્યો માતાને પૂરણ પ્યાર ।
પ્રેમે પરવશ નંદની રાણી, મુખે બોલી શક્યાં નહિ વાણી ॥૫॥
વહે લોચને જલ એક ધાર, પ્રેમે સ્તનથી સ્ત્રવે પય સાર ।
એવો નંદ જશોદાનો જેહ, દીઠો હરિસંગ પરમ સનેહ ॥૬॥
નર નારી કૃતારથ જાણી, બોલ્યા ઉદ્ધવ નંદ શું વાણી ।
મુક્તાનંદના નાથશું પ્રીતિ, તમે સહજે રહ્યાં જગ જીતી ॥૭॥

## કડવું ॥૭॥

સુણો નંદજી કહું એકવાત, તમે જાણ્યા હરિ સાક્ષાત ।
તે શું પ્રીતિ અપાર તમારે, તમે વંદવા જોગ્ય અમારે ॥૧॥
તમે વિશ્વ સકળને છો વંદ્ય, જેના પુત્ર પ્રગટ ગોવિંદ ।
એવું જાણીને આનંદ પામી, ભજો કૃષ્ણ ચરાચરસ્વામી ॥૨॥
એતો વિશ્વનું બીજ છે ઈશ, જાણો રામકૃષ્ણ જગદીશ ।
સૌમાં વ્યાપક સૌથી છે ન્યારા, સરવેશ્વર પુત્ર તમારા ॥૩॥
એમાં અંતસમે મન ધારી, ત્યાગે દેહ જે સમજી વિચારી ।
તેના કર્મ સર્વ બળી જાય, બ્રહ્મરુપ તે મુક્ત કહેવાય ॥૪॥
એવા નારાયણ નરભ્રાત, જગકારણ જગવિખ્યાત ।
તમને પ્રીતિ અખંડ તે માંઈ, હવે કરવું રહ્યું નથી કાંઈ ॥૫॥
વ્હેલા આવશે કૃષ્ણ મુરારી, તમને મળવા તે મહાસુખકારી ।
ભગવાન જદુપતિ જેહ, નિશ્ચે આવશે નહિ સંદેહ ॥૬॥
મામો કંસ મંડપ મધ્ય મારી, તમને જે જે કહ્યું ગિરિધારી ।
તે તે સત્ય કરશે બહુનામી, વ્હાલો મુક્તાનંદનો સ્વામી ॥૭॥

## કડવું ॥૮॥

સુણો નંદ જશોદા માત, તમે દેખશો હરિ સાક્ષાત ।
એનો સર્વના ઉરમાં નિવાસ, જેમ કાષ્ઠમાં અનલ પ્રકાશ ॥૧॥
વ્હાલો વેરી પ્રભુને ન કોય, સમદૃષ્ટિ જગદ્ગુરુ સોય ।
એને ઉત્તમ અધમ ન કોઈ, ભક્તિવાન વ્હાલા જન સોય ॥૨॥
એને નહી કોઈ માત ને તાત, નહિ ભારજા પુત્ર ને ભ્રાત ।
એને પોતાનું પર ન કહેવાય, નહિ દેહ જનમ કલપાય ॥૩॥

ઉચ્ચ નીચ મધ્યમ તનમાંઇ, એને કર્મ ન સંભવે કાંઇ ।
તોય સંતની રક્ષાને કાજ, શુભ ચરિત્ર કરે વ્રજરાજ ॥૪॥
સત્ત્વ રજ તમ ગુણ કહેવાય, એને ભોગવી નવ બંધાય ।
ખેલે ગુણમાં ને નિર્ગુણ જેહ, સર્જે પાળે હરે જગ તેહ ॥૫॥
એવા સમર્થ કૃષ્ણ મુરારી, જેને ભજને ટળે ભ્રમ ભારી ।
નિરલેપ નિરંજન જેહ, થયા કૃષ્ણસ્વરુપે તેહ ॥૬॥
એવો મહિમા છે અનંત અપાર, કહેતાં શેષજી પામે ન પા ।
કૃષ્ણ નિર્ગુણ અંતરજામી, એ છે મુક્તાનંદના સ્વામી ॥૭॥

### પદ ॥૨॥ (રાગ સામેરી)

નંદરાય સુણો નિર્ગુણ મોહન, કૃષ્ણદેવ સુખકારીરે ।
પુત્ર નહિ પુરુષોત્તમ કેના, લેજો વાત વિચારી રે ॥નંદ૦॥૧॥
સર્વાતમા એ પુત્ર સહુના, માત પિતા એને જાણો રે ।
સર્વમાં પુર્ણ ને સર્વથી ન્યારા, પ્રગટ શ્રીકૃષ્ણ પ્રમાણો રે ॥નંદ૦॥૨॥
અનંત બ્રહ્માંડના એજ છે કર્તા, પુરુષોત્તમ પરબ્રહ્મ ર ।
કૃષ્ણ વિના કર્તા નથી બીજો, એજ અલૌકિક મર્મ રે ॥નંદ૦॥૩॥
ચેતનરુપ શ્યામળિયો વ્હાલો, વેદ વદે એમ વાણી રે ।
મુક્તાનંદના નાથને સેવો, જન સુખકારી જાણી રે ॥નંદ૦॥૪॥

### કડવું ॥૯॥ (રાગ ધોળ)

**ઢાળ ત્રીજો** - ઉદ્ધવજી એમ બોલતાં, વીતિ તે સઘળી રાત્ય ।
પરબ્રહ્મ જાણ્યા પુત્રને, જેમ પડે પટોળે ભાત્ય ॥૧॥
નંદ જશોદાએ સ્નેહશું, કર્યા ઉદ્ધવને પ્રણામ ।
ઉદ્ધવ ઉઠી ન્હાવા ગયા, જપતા તે સુંદર શ્યામ ॥૨॥
ગોવિંદના ગુણ ગાવતાં, ઉઠ્યાં ગોપિજનનાં વૃંદ ।
ગૃહ સમારી દધિ મથે, મુખે જપે શ્રીગોવિંદ ॥૩॥
દીપક તેજે મણિ ઝળકે, શોભે ઘણા શણગાર ।
કંકણ ખણકે મહી વલોવતાં, થાય ઘણા ઝણકાર ॥૪॥
હાર કુંડલ સ્તન હલે, મહી વલોવે ગુણ ગાય ।
અરુણમુખ કુંકુમવડે, શોભા તે કહી નવ જાય ॥૫॥

ઉચ્ચ સ્વરે કરે ગાન ગોપી, ગોવિંદના ગુણ સાર ।
ચૌદ લોકમાં શબ્દ પહોંચે, એવો ધ્વનિ ઉચ્ચાર ॥૬॥
દધિ મથ્યાના શબ્દ ભેળો, ગોપીનો સ્વર જેહ ।
મુક્તાનંદ કહે દશે દિશાનાં, હરે અમંગલ તેહ ॥૭॥

## કડવું ॥૧૦॥

ગોપીયો હરિગુણ ગાવતાં, ઉગ્યો સૂરજ તેજ અંબાર ।
દીઠો રથ વ્રજ નારિએ, નંદજી કેરે દ્વાર ॥૧॥
સુવર્ણકેરા કળશ શોભે, રથ અલૌકિક એહ ।
કેનો રથ આ ક્યાંથી આવ્યો, એવો કરે સહુ સંદેહ ॥૨॥
આવ્યો વળી અક્રૂર પાછો, કંસનું કરતલ કાજ ।
મધુપુરી લઈ ગયો મોહનને, નિર્લજ્જને નહિ લાજ ॥૩॥
કઠણ ક્રૂર સ્વભાવ એહનો, શાનો એ અક્રૂર ।
વ્રજનો વેરી આવીયો, કરશે તે ભુંડુ જરુર ॥૪॥
પ્રથમ હરિયા પ્રાણને, વળી આવ્યો બીજી વાર ।
હવે તે શું એ સાધશે, અમને છે એજ વિચાર ॥૫॥
અપર બોલી આપણું, તનમાંસ લેશે એ મંદ ।
કંસને બલિદાન દેવા, રચ્યો બીજો આ ફંદ ॥૬॥
એવું તે કહિ કહિ કામિની, દુઃખિયાં ભરે સૌ શ્વાસ ।
મુક્તાનંદ સંધ્યા કરી, આવ્યા ઉદ્ધવજી હરિદાસ ॥૭॥

## કડવું ॥૧૧॥

પ્રલંબભુજ નવકંજ લોચન, અતિશે કોમલ ગાત્ર ।
ગોપિએ ઉદ્ધવ નિરખિયા, હરિકૃપા કેરું પાત્ર ॥૧॥
પીળાં પીતાંબર પહેરીયાં, કાને કુંડલ મણિમય સાર ।
કમળની માળા ગળે, મુખ તેજના અંબાર ॥૨॥
એવા તે ઉદ્ધવ જોઈને, ગોપી કરે અન્યોઅન્ય વાત ।
કોણ હશે આ ક્યાંથી આવ્યા, કૃષ્ણસમ સાક્ષાત ॥૩॥
કૃષ્ણના જેવા વસ્ત્ર ભૂષણ, જોઈ જોઈ વ્રજનાર ।
ઉદ્ધવને વીંટી વળી, નંદજી કેરે દ્વાર ॥૪॥

ઉદ્ધવ કહે મને મોકલ્યો, તમ પાસ સુંદર શ્યામ ।
હરિજન જાણી ગોપિકા, કર્યા પ્રેમેશું પ્રણામ ॥૫॥
શ્રીકૃષ્ણ કેરા સેવક પુરા, ઉદ્ધવ દૃઢ હરિદાસ ।
એવું જાણી એકાંત તેડી, સર્વે બેઠી પાસ ॥૬॥
સિંધુસુતાપતિ ચરણસેવક, લાવ્યા હરિ સંદેશ ।
મુક્તાનંદ વ્રજનારીને, શંકા નવ રહી લેશ ॥૭॥

## કડવું ॥૧૨॥

જાણ્યા અમે તમે જદુપતિના, સેવક છો નિષ્કામ ।
માત પિતાની ખબર લેવા, મેલ્યા સુંદર શ્યામ ॥૧॥
એ વિના વ્રજમાં કૃષ્ણને, સંભાર્યા જોગ્ય ન કોય ।
જુના અમારા જદુપતિ, અમે જાણિએ દૃઢ સોય ॥૨॥
માત પિતા સંગ પ્રીતની, અતિ વિકટ ફાંસી જેહ ।
મુનિને પણ અતિ કઠણ, તજવી ઉદ્ધવ તેહ ॥૩॥
અન્ય વિષે સ્વારથે પ્રીતિ, જ્યાં લગી સ્વારથ સાર ।
પુરુષને જેમ નારીમાં, પુષ્પમાં ભ્રમરને પ્યાર ॥૪॥
ધનરહિતને તજે વેશ્યા, કરે તે અન્યસંગ પ્રીત ।
પ્રજા તુચ્છ નૃપને તજે, એવી સ્વારથિયાંની રીત ॥૫॥
વિદ્યા ભણી વિદ્યારથી, પછી ત્યાગે ગુરુને તેહ ।
તજે દ્વિજ યજમાનને, દક્ષિણા પામે જેહ ॥૬॥
વિહંગ ફળ વિના તરુ તજે, જમિ તજે જતિ ગૃહિદ્વાર ।
મુક્તાનંદના નાથના, અમે જાણ્યા એજ આચાર ॥૭॥

## પદ ॥૩॥ (રાગ માલિગાડો)

ઉદ્ધવજી અમે હરિને જાણ્યા, સ્વારથિયા જદુનાથરે ।
સ્વારથ લગિ પ્રીતિ બહુ રાખે, પછી ત્યાગે એનો સાથરે ॥ઉદ્ધવ૦॥૧॥
દવદાધા વનને મૃગ ત્યાગે, નૌતમ વનમાં જાયરે ।
ઉદ્ધવજી એવાં લક્ષણ જેનાં, સ્વારથી તેજ કે'વાયરે ॥ઉદ્ધવ૦॥૨॥

આર્ત નારીને ભ્રમરની પેરે, ભોગવી ત્યાગે જારરે ।
સર્વે પ્રકારે સમજીને જોયું, કૃષ્ણનાં એજ આચારરે ॥ઉદ્ધવ૦॥૩॥
એ સંગ તોય ટળે નહિ પ્રીતિ, એ છે એનાં જાદુ ભારીરે ।
મુક્તાનંદને નાથે અમારાં, મન હરિ લીધાં મુરારીરે ॥ઉદ્ધવ૦॥૪॥

## કડવું ॥૧૩॥ (ઢાળ પ્રથમનો)

**ઢાળ પ્રથમનો -** એવી રીતે ગોપીજન જેહરે, ધાર્યા મન હરિરુપમાં તેહરે ।
ગોપી બેસી ઉદ્ધવજીને સંગરે, તજ્યો લોકલજ્જાનો પ્રસંગરે ॥૧॥
હરિનું રુપ હૈયામાં સંભારીરે, બોલી વિરહવંતી વ્રજનારીરે ।
નયણે નીર વહે એકધારરે, ગાય ગોવિંદના ગુણ સારરે ॥૨॥
સુણો ઉદ્ધવજી મારી વાતરે, કીધી કૃષ્ણજી અમ સંગ ઘાતરે ।
પહેલાં સુખડાં અલૌકિક આપીરે, ઘાલી કૂપ લીધો વ્રત કાપીરે ॥૩॥
શોભ્યા વ્રજમાં શ્રીકૃષ્ણ ને રામરે, કીધી બાળલીલા સુખધામરે ।
તેને સંભારીને અમે વીરરે, થયાં ઉન્મત્ત સરખાં અધીરરે ॥૪॥
એની લીલા અલૌકિક જોઈરે, રહ્યાં મનડાં અમારાં મોઈરે ।
નાના બાળ હતા બળવીરરે, ઝુલે પારણે શ્યામશરીરરે ॥૫॥
આવી પૂતના રાક્ષસી ઘોરરે, તેણે તેડ્યા મોહન ચિત્તચોરરે ।
વિષપાન કરાવાને કાજરે, લીધા અંકમાં શ્રીમહારાજરે ॥૬॥
તેનું પ્રાણ સહિત વિષ પીધુંરે, માતાતુલ્ય અચળ પદ દીધુંરે ।
એવા મુક્તાનંદના સ્વામીરે, કેમ વિસરે અંતરજામીરે ॥૭॥

## કડવું ॥૧૪॥

આવ્યો વાયુને રુપે કઠોરરે, તૃણાવર્ત અસુર અતિઘોરરે ।
તેને કંઠે ગ્રહી હરિ માર્યોરે, વ્રજવાસીનો ત્રાસ નિવાર્યોરે ॥૧॥
ભાગ્યું શકટ કઠણ બલવીરરે, ગોપી ગોપને કીધાં અધીરરે ।
બલદેવે કહી જઈ વાતરે, ખાધી મૃતિકા કૃષ્ણજી માતરે ॥૨॥
માતા રોષ કરી કહી વાણીરે, હસી બોલીયા સારંગપાણીરે ।
એ તો બાલે છે સર્વે અન્યાયરે, મારું મુખડું જુવો તમે માયરે ॥૩॥
જોયું મુખડું ઉઘાડીને જ્યારેરે, દીઠું જશોમતી અચરજ ત્યારેરે ।
દીઠા મુખમાં બ્રહ્માંડ અપારરે, પામ્યા જશોમતી પરમ વિચારરે ॥૪॥

એકવાર ભુખ્યા થયા કાનરે, માતા પયનું કરાવે છે પાનરે ।
ચુલે ઉફણતું પય જાણીરે, મુક્યા મોહનને નંદરાણીરે ॥૫॥
મને ધાવતો અધવચ મેલીરે, લોભે માતા ગઈ વ્હેલી વ્હેલીરે ।
એનો લોભ કરું હવે પૂરોરે, મને ધાવતો મુક્યો અધુરોરે ॥૬॥
એવું જાણીને કોપ્યા મુરારીરે, ફોડી મંથની શ્રીગિરિધારીરે ।
એવા મુક્તાનંદના સ્વામીરે, ઉદ્ધવ કેમ વિસરે બહુનામીરે ॥૭॥

## કડવું ॥૧૫॥

ઉદ્ધવ જશોમતી પયને ઉતારીરે, પાછાં આવિયાં કાજ સુધારીરે ।
ત્યાંતો મંથની પરમ વિશાલરે, ફુટી દેખી હસ્યાં તતકાલરે ॥૧॥
મારા પુત્રનું કામ છે એહરે, જાણ્યું જશોમતી મનમાં તેહરે ।
ઘરમાં મહિડાની રેલમછેલરે, કીધી કા'ન કુંવર અલબેલરે ॥૨॥
માતા કોપ કરી વિકરાળરે, ચાલ્યાં ખોળવા દીનદયાળરે ।
લીધી લાકડી કરમાં સાઈરે, ગયાં માંયલે મંદિર ધાઈરે ॥૩॥
ત્યાં તો નવનીત ખાતા મુરારિરે, દિઠા જશોમતી શ્રીગિરિધારીરે ।
ભેળાં કરીને માંકડાંના વૃંદરે, ખાય ખવરાવે વ્રજચંદરે ॥૪॥
દિઠાં માતાને આવતાં જ્યારેરે, ભાગ્યા માંકડાં સંગ તે ત્યારે રે ।
માતા ધાઈને ધાયા ગોવિંદરે, ચોળી નેત્ર રુવે જગવંદરે ॥૫॥
માતા બાંધવાની કરી ત્યારીરે, ધ્રુજે થરથર ભવભયહારીરે ।
માતા બાંધે છે નંદકુમારરે, જેનો પામે નહિં કોઈ પારરે ॥૬॥
જે જે દામણું સાંધવા જાયરે, બેબે આંગળ ન્યૂન તે થાયરે ।
મુક્તાનંદના સ્વામીને માતરે, બાંધી બાંધી હાર્યા સાક્ષાતરે ॥૭॥

## કડવું ॥૧૬॥

ઉદ્ધવ ઘર મધ્યે દામણાં જેહરે, માતા આણી બાંધ્યાં સર્વે તેહરે ।
તોય બે આંગળ રહી ખામીરે, માતા વિસ્મય થઈ લજ્જા પામીરે ॥૧॥
ભક્તાધીન એ બિરુદ વિચારીરે, એક દામણે બંધાણા મુરારીરે ।
એ છે કાળના કાળ અનંતરે, એના સામર્થ્યનો નહિ અંતરે ॥૨॥
ભક્તાધીન નિગમ નિત્ય ગાયરે, માટે બાંધિયા જશોમતી માયરે ।
બાંધ્યા દામણે દીનદયાલરે, થયા દામોદર તતકાલરે ॥૩॥

જાણે સર્વને અંતરજામીરે, ગયા જમુના તટે બહુનામીરે ।
હતા વૃક્ષ કુબેર કુમારરે, કીધો યમલાર્જુનનો ઉદ્ધારરે ॥૪॥
વૃંદાવનમાં બકાસુર માર્યોરે, વત્સાસુરને શ્યામે સંહાર્યોરે ।
કીધો જમણવાર જદુરાયરે, જમુનાતટ વર્ણવ્યો ન જાયરે ॥૫॥
કરપાત્ર કર્યા છે ગોવાલરે, મધ્યે બેઠા છે દીનદયાલરે ।
અન્યોઅન્ય જુઠું ઝુંટી ખાયરે, કરે કૌતુક હરીને સુહાયરે ॥૬॥
બોલે મર્મવચન ગોપાલરે, સુણી ગોપ હસે તતકાલરે ।
મુક્તાનંદના વહાલાની રીતરે, સૌથી ન્યારી ને પરમ પુનીતરે ॥૭॥

## પદ ॥૪॥ (રાગ મેવાડો)

ચરિત્ર સંભારીરે કપટી કૃષ્ણનાંરે, તનડામાં વાધે છે તાપ અપાર ।
ઉદ્ધવ એ સાથેરે કિધી અમે પ્રીતડીરે, તે તો વીરા વહેવા દુઃખનો ભાર ॥ચરિત્ર૦॥૧॥
પે'લી એણે કીધિરે પ્રીત અતિ ઘણીરે, જેજે અમે કે'તાં તે કરતા કામ ।
દોણું ને વલોણુંરે કરતા કાનજીરે, હવે નવ પુછે અમારું નામ ॥ચરિત્ર૦॥૨॥
કુડી કુડી પ્રીતિરે ઉપરથકી આવડેરે, અમે એ ન જાણ્યું ભોળાં જન ।
નેહડો લગાડીરે મેલી મથુરા ગયારે, તેને દુઃખે દાઝે અમારાં તન ॥ચરિત્ર૦॥૩॥
વેરીડો વસ્યો છેરે અમારા મૂળમાંરે, કો'ને વીરા ધીરજ કેમ ધરાય ।
મુક્તાનંદ કહેરે લગાડી ભારે મોહનીરે, વ્હાલા વિના વ્રેહના દવ ન બુઝાય ॥ચરિત્ર૦॥૪॥

## કડવું ॥૧૭॥ (ઢાળ બીજો)

**ઢાલ બીજો** - ઉદ્ધવ ચરિત્ર શ્યામળીયાનાં જેહ, અમને વિસરે નહી પળ તેહ ।
રમતા રસિયો ગોવાળુંને સંગ, અંગે ચરચતા બહુવિધ રંગ ॥૧॥
વ્હાલો પ્રેમશું વેણું બજાવે, તેને સંગે ગોવાળિયા ગાવે ।
ક્યારે ભ્રમર સંગે કરે ગાન, સંગે મેળે ગોવાળિયા તાન ॥૨॥
ક્યારે કોકિલની પેરે બોલે, સુણી શબ્દ ગોવાળિયા ડોલે ।
ક્યારે હંસગતે હરિ ચાલે, સખા સંગ મનોહર મ્હાલે ॥૩॥
ક્યારે બકની પેઠે ધરે ધ્યાન, ક્યારે નાચે મયૂર સમાન ।
ક્યારે પંખીની છાયાને ભાળી, દોડે તે સંગે શ્રીવનમાળી ॥૪॥
ખેંચે પુછ વાનરનાં બે ભાઈ, તેને સંગે ચડે તરુ ધાઈ ।
કાઢે કુટાલિયો કપિ સામી, કપિસંગ કુદે બહુનામી ॥૫॥

ક્યારે જળમાં તે દાદુર સાથ, કુદે અનંત ભુવનકેરા નાથ ।
ક્યારે ડરપે ઓછાયાથી આપ, ક્યારે દે છે પડછંદાને શાપ ॥૬॥
એમ ખેલે ગોવાળોમાં કહાન, જેનું બ્રહ્માદિક ધરે ધ્યાન ।
મુક્તાનંદના હરિનો વિહાર, વીરા ખટકે છે વારમવાર ॥૭॥

## કડવું ॥૧૮॥

ઉદ્ધવ ચરિત્ર શ્યામળિયાનાં જોઈ, રહે મુનિવરનાં મન મોઈ ।
બાળલીલા કરે બહુનામી, એ છે બ્રહ્માદિકનાં સ્વામી ॥૧॥
રમે શ્યામ ગોવાળાને સંગ, બહુ વેશ બનાવે શ્રીરંગ ।
કયારે કાન રાજા બની આવે, સઉ ઉપર હુકમ ચલાવે ॥૨॥
ક્યારે ગુણિજન થઈ હરિ ગાય, ક્યારે ના'ર બોકરિયું થાય ।
કયારે વનફળ લઈ સઉ હાથ, લડે સામ સામા ભરે બાથ ॥૩॥
ક્યારે મલજુદ્ધ માંડે ગોવાળ, લડે સામસામા દઈ તાલ ।
ક્યારે વૃષભ થઈ મારે ત્રાડ, લડે સામસામા કરી ચાડ ॥૪॥
ક્યારે ભેરુ થઈ બેઉ ભાઈ, ચડે એક બીજા પર ધાઈ ।
રમે બાળની પેર ગોવિંદ, સર્વેશ્વર કૃષ્ણ સ્વચ્છંદ ॥૫॥
બ્રહ્મા ભુલ્યા ચરિત્રને ભાળી, હર્યાં વાછડાં ગોપ સંભાળી ।
સર્વે રુપે થયા સુખકારી, નાખ્યો બ્રહ્માનો ગર્વ ઉતારી ॥૬॥
બ્રહ્મા દીન થઈ પાછા આવ્યા, વ્હેલા વત્સ ગોવાળિયા લાવ્યા ।
મુક્તાનંદ કહે વારમવાર, કીધું બ્રહ્માએ સ્તવન અપારઅ ॥૭॥

## કડવું ॥૧૯॥

વળિ ઉચ્ચરે ગોપી વચન, સુણો ઉદ્ધવજી એક મન ।
ગિરિ ગોવર્ધન તરુ જેહ, વ્હાલે અતિશે વખાણ્યાં તેહ ॥૧॥
વૃંદાવનમાં પશુ પંખી મોર, કહ્યાં મુનિસમ નંદકિશોર ।
કાળિનાગનો ગર્વ ઉતારી, કીધું નિર્વિષ જમુનાનું વારી ॥૨॥
દાવાનળનું કર્યું પ્રભુ પાન, હર્યાં વસ્ત્ર કુમારીનાં કહાન ।
કાઢ્યાં જળથી વિવસ્ત્રાં કુમારી, આપ્યો વાંછિત વર ગિરિધારી ॥૩॥
ઋષિપત્નીઓને તેડી લીધી, જમી થાળ કૃતારથ કીધી ।
ઘસ્યા ઋષિએ તે હાથ અપાર, અમે ઓળખ્યા નહિ કિરતાર ॥૪॥

ધિક જોગ જજ્ઞ વ્રત દાન, ધિક ઉચ્ચ જનમ અભિમાન ।
નવ ઓળખ્યા પ્રગટ મુરારી, થઈ સાધન સર્વની ખ્વાર ॥૫॥
નારી અશુચિ અલ્પમતિ જેહ, પામી પ્રગટ સ્વરુપને તેહ ।
રાખ્યો આપણે અતિઘણો ગર્વ, બની વાત બગાડી છે સર્વ ॥૬॥
એમ ઋષિએ કર્યો પરિતાપ, મનસહિત નિંદ્યું ઘણું આપ ।
મુક્તાનંદનો વહાલો વિહારી, વીરા કેમ વિસરે સુખકારી ॥૭॥

## કડવું ॥૨૦॥

ઉદ્ધવ ઈંદ્રનો જજ્ઞ નિવારી, પૂજ્યો ગોવર્ધન સુખકારી ।
કોપી ઈંદ્ર થયો વિકરાળ, બારે મેઘ પ્રેર્યા તતકાળ ॥૧॥
જો જો મનુષ્ય કનૈયાની વાત, મારો જજ્ઞ મેટ્યો સાક્ષાત ।
એની ગાયો ગોવાળ ને ગોપી, બોળી મારુ અચળ પદ રોપી ॥૨॥
કૃષ્ણસોતું ગોકુળિયું ગામ, તેનું રે'વા દેવું નથી ઠામ ।
એવો કોપ કરી સુરરાય, લીધા પ્રલયના મેઘ સહાય ॥૩॥
ગાજ વિજ ને વાયુ અપાર, લાગ્યો વરષવા મૂશલધાર ।
તોળ્યો ગોવર્ધન ગિરિધારી, નિજદાસને લીધાં ઉગારી ॥૪॥
એમ ગિરિવર કરપર ધાર્યો, વ્હાલે ઈંદ્રનો ગર્વ ઉતાર્યો ।
લાવ્યા વરુણના ઘરથકી નંદ, અમે નિરખીને પામ્યાં આનંદ ॥૫॥
નંદે કીધી ગોવાળોને વાત, મારો પુત્ર પ્રભુ છે સાક્ષાત ।
એનું વરુણે તે પૂજન કીધું, પગ ધોઈ પાદોદક પીધું ॥૬॥
સુણી બોલિયાં ગોપ સકામ, અમને દેખાડો નિજધામ ।
મુક્તાનંદને વહાલે વિચારી, સૌને ધામ દેખાડ્યું મુરારી ॥૭॥

## પદ ॥૫॥(રાગ મારુ)

ઉદ્ધવ એવા ગુણવંત ગિરિધારી,
ખટકે છે અમને મોહન મરમાળો, શ્યામળો સુખકારી ॥ઉદ્ધવ૦॥૧॥
નેણને બાંણે કીધી સર્વ ઘાયલ, તલપે છે વ્રજનારી ॥ઉદ્ધવ૦॥૨॥
ઉપર ઘાવનો ડંખ ન દિસે, અંતર દુઃખ ભારી ॥ઉદ્ધવ૦॥૩॥
મનડાં હરિ મથુરાં જઈ બેઠા, કુબજા કીધી પ્યારી ॥ઉદ્ધવ૦॥૪॥
પ્રથમ દેખાડીને અમૃત અમને, પાયું છે વિખ વારી ॥ઉદ્ધવ૦॥૫॥
મુક્તાનંદને વહાલે ગોપી, સર્વે વણમોતે મારી ॥ઉદ્ધવ૦॥૬॥

## કડવું ॥૨૧॥ (ઢાળ ત્રીજો)

**ઢાળ ત્રિજો -** એક સુંદરી વિરહવંતી ભારી, હરિને મળવા ઈચ્છે સકુમારી ।
એના ઉરમાં અખંડ હરિધ્યાન, કરતો દીઠો ભ્રમર શુભ ગાન ॥૧॥
કલ્પિ કૃષ્ણનો દૂત ભૃંગ, બોલી ઉદ્ધવશું શુદ્ધ અંગ ।
પ્રેમે પરવશ ગોપિકા ભારી, બોલી ઉન્મત્ત થઈ વ્રજનારી ॥૨॥
કપટિ કૃષ્ણના દૂત કઠોર, જાણ્યો ભ્રમર તને ચિત્તચોર ।
ચિત્તચોર કાનુડાને સંગ, તારા તનમાં ચડ્યો તેનો રંગ ॥૩॥
મારી શોક્યના ઉરપર સારી, માળા રગડી છે કૃષ્ણ મુરારી ।
તેના કુચનું તે કુંકુમ જેહ, તારા મુખપર દીસે છે તેહ ॥૪॥
અમને અડકીશ માં તુ ભાઈ, રહે વેગળો આવે શું ધાઈ ।
રાતું વદન દેખાડવા કાજ, તુંને મોકલ્યો શ્રીમહારાજ ॥૫॥
અમને રીઝવવાને તું ભ્રંગ, શાને ચરણે નમે છે સુરંગ ।
જઈને તે વનિતાને મનાવો, જેને રંગે રંગાણો તું આવો ॥૬॥
જાદવની સભામાં સુધીર, હસ્યા જોગ્ય તમે બેઉ વીર ।
મુક્તાનંદના સ્વામીને પાસ, ઘણું થાતું હશે ઉપહાસ ॥૭॥

## કડવું ॥૨૨॥

વીરા અધરસુધા એક વાર, અમને પાવો પ્રીતમ કરી પ્યાર ।
નાંખી મોહને મોહની જાળ, પછી ત્યાગ કર્યો તતકાળ ॥૧॥
સુણો ભ્રમર તમારી એ રીત, પહેલી બાંધો કુસમ સંગ પ્રીત ।
માણી મકરંદ ત્યાગો છો તેહ, એવો ભ્રંગ તમારો સનેહ ॥૨॥
તારી પેરેજ છે નંદલાલ, અમને ભોળવી કીધાં બેહાલ ।
માણી કુસુમની પેર મુરારી, પછી ત્યાગ કરી વ્રજનારી ॥૩॥
મારા મનમાં વિચારુ છું એમ, એને કમળા વરી હશે કેમ ।
સુણી કપટીનાં વચન રસાળ, પામી મોહ પડી એને જાળ ॥૪॥
સુણ મધુકર કહું સમજાવી, ગા માં જદુપતિના જશ આવી ।
અમે સર્વે વિજોગણી બાળા, જાણું જુના છે કૃષ્ણજી કાળા ॥૫॥

શાને ગાન કરે બહુ વાર, જાણ્યા કપટી છે નંદકુમાર ।
તેની આગે તું ગાવવા જોગ, જેના ટાળ્યા મોહને કુચરોગ ॥૬॥
મનવાંછિત આપશે તેહ, તેમાં લેશ નહી સંદેહ ।
મુક્તાનંદના નાથની પ્યારી, તારું કરશે તે કામ વિચારી ॥૭॥

## કડવું ॥૨૩॥

કહેશો મધુકર જો તમે એમ, તમે અવળું બોલો છો કેમ ।
મને મેલ્યો મનાવાને કાજ, તમને ઈચ્છે ઘણું મહારાજ ॥૧॥
એવું કહેશોમાં અમને ભ્રાત, અમે જાણિએ કૃષ્ણની વાત ।
એનું રુચિર કપટ ભર્યું હાસ, એ છે વનિતાને બાંધ્યાનો પાસ ॥૨॥
એના નયણની શોભાને જોઈ, નારીમાત્રનું મન રહે મોઈ ।
ચૌદ લોકમાં વનિતા છે જેહ, એને દુર્લભ કોણ છે તેહ ॥૩॥
સેવે ચરણ રમા કરી પ્રીત, રહે હાજર ડરતી વિનીત ।
અમે શી ગણતીમાં ત્યાં ભ્રાત, કહોછો શીદ મનાવાની વાત ॥૪॥
જાણી દીન દયા કરે જ્યારે, એનું દર્શન પામીએ ત્યારે ।
એનું ઉત્તમશ્લોક છે નામ, પાળે રંકને સુંદર શ્યામ ॥૫॥
બોલી અપર ભ્રમર શું રિસાઈ, આવ્યો મથુરાં જઈને તું ભાઈ ।
મેલી ચરણ રહે વેગળો વીર, તારું કૃષ્ણનાં જેવું શરીર ॥૬॥
શિખ્યો કપટ તું કૃષ્ણની પાસ, કપટી સરખો તું કપટીનો દાસ ।
મુક્તાનંદના સ્વામીની રીત, તને આવડી પરમ પુનીત ॥૭॥

## કડવું ॥૨૪॥

બાળા બોલી કરી ઘણો રોષ, કહિએ ક્યાં લગી કૃષ્ણના દોષ ।
એને અર્થે અમે તજી લાજ, ત્યાગ્યાં પુત્ર પતિ સુખ સાજ ॥૧॥
વ્હાલે ઉરમાં ન આણી તે વાત, મેલી મથુરાં ગયો કરી ઘાત ।
એવો હરિનો સ્વભાવ સદાય, તે શું કેમ કરી પ્રીત કરાય ॥૨॥
માર્યો વાલી પારાધીની પેર, હણતાં મનમાં ન આણી મેર ।
જતિ થઈને વસ્યો વન જ્યારે, બાંધિ શિશ જટા શુભ ત્યારે ॥૩॥
રહેતો વનમાં તે વલ્કલ ધારી, એને વરવા આવી એક નારી ।
કીધી નાક કાન વિના તેહ, એ શું કેમ કરી થાય સનેહ ॥૪॥

બની વામન જઈ બલિદ્વાર, કીધો વેદતણો ત્યાં ઉચ્ચાર ।
બલિરાય સુણી શુભ વાણી, આવ્યો સન્મુખ જોડીને પાણી ॥૫॥
કીધું પ્રેમસહિત સનમાન, મુખે માગ્યું તે આપિયું દાન ।
દેતાં દાન બાંધ્યો બલિરાય, એવાં છલ વર્ણવ્યાં નવ જાય ॥૬॥
એનું અન્ન જમી ચાંપ્યો પાતાળ, એવાં બંધું તમારા દયાળ ।
મુક્તાનંદના સ્વામીની વાત, કરતાં ડરિએ છૈએ ઘણું ભ્રાત ॥૭॥

## પદ ॥૬॥ (રાગ આશાવરી)

(વૈષ્ણવ જન તો તેને કૈયે, પીડ પરાયી જાણેરે એ ઢાળ છે)

મધુકર વાત મોહનવર કેરી, જાદુગારી જોરરે ।
નરનારી એને ગાય સુણે તે, ત્યાગે સંસારનો નોરરે ॥મધુ૦॥૧॥
કૃષ્ણકથા જેણે પ્રેમે સાંભળી, તે તો તજી કુટુંબ પરિવારરે ।
પરમહંસ થઈ વનમાં વસિયા, જાણે છે સૌ સંસારરે ॥મધુ૦॥૨॥
શુક નારદ સનકાદિક એના, ગુણનુ કરે નિત્ય ગાનરે ।
ધન દોલત ઘરબાર ન એને, ભમતા ફરે રાનો રાનરે ॥મધુ૦॥૩॥
એનું અમે જાણિયે તોયે એના ગુણ, મુખ થકી ન મેલાયરે ।
પાણીડું પીઈને ઘર અમે પુછીયું, હવે એનો શો ઉપાયરે ॥મધુ૦॥૪॥
જે કોઈ જગમાં એને અનુસરશે, તેના તે પવાડા ગવાયરે ।
મુક્તાનંદના નાથને સેવી, જગ છતરાયાં થાયરે ॥મધુ૦॥૫॥

## કડવું ॥૨૫॥ (ઢાળ ત્રીજો)

**ઢાળ ત્રિજો** - અપર બોલી કૃષ્ણનો, નવ થાય કોઈ નિરધાર ।
એના મનની વારતા, તેનો કોય ન પામે પાર ॥૧॥
સીતા કારણ સજજ થઈને, ભાગ્યું ધનુષ કઠોર ।
પ્રેમેશું વરિયો પ્રમદા, નિજ ભુજા કેરે જોર ॥૨॥
સીતા સંગ કરી પ્રીત પૂરણ, વન વસ્યો લઈ સંગ ।
અર્ધ ઘડી અળગી ન મેલે, રાચ્યો તેને રંગ ॥૩॥
સુંદર મૃગ ગયો મારવા, કામિની કેરે કાજ ।
રાવણ સીતા હરિ ગયો, લોકમાં ગઈ બહુ લાજ ॥૪॥

નારી કારણ નિર્લજ થઈને, કીધો અધિક વિલાપ ।
પછી એ સીતા લાવવા, ભોગવ્યા બહુ સંતાપ ॥૫॥
રિંછ વાનર સંગ વસિયો, નારી કારણ એહ ।
ઉદધી ઉપર પાજ બાંધી, કષ્ટ ઘણે કરી તેહ ॥૬॥
મુક્તાનંદના નાથને, સીતા વિના બહુ શોક ।
એના મનના કપટને, વીરા કોઈ ન જાણે લોક ॥૭॥

## કડવું ॥૨૬॥

ઉદ્ધવજી એણે જુદ્ધમાં, હણ્યો રાવણ અતિ વિકરાળ ।
વિભીષણને રાજ દીધું, એવા એ દીનદયાળ ॥૧॥
વિભીષણ કહે જાનકી અતિ, ઝુરે પ્રભુ તમ કાજ ।
હુકમ હોય તો લાવિયે, તમ પાસ શ્રીમહારાજ ॥૨॥
રામ કહે જેમ છે તેમ સીતા, તેડી લાવો અમ પાસ ।
વિભીષણ તે વચન લોપી, કીધી સ્વમતિ પ્રકાશ ॥૩॥
સ્નાન કરાવી વસ્ત્ર આભરણ, પહેરાવ્યાં બહુ અંગ
સીતા બેસાર્યાં પાલખીમાં, આવ્યા વીભીષણ સંગ ॥૪॥
સીતાનાં દર્શન કારણે, દોડ્યા રિંછ વાનર જેહ ।
દૂર રહો એમ વિભીષણના, દૂત નિવારે તેહ ॥૫॥
દૂર મ રાખો કોઈને, એમ બોલ્યા શ્રીરઘુનાથ ।
ત્યારે તે હલકીને આવીયા, સૌ રિંછ વાનર સાથ ॥૬॥
પાલખીમાંથી ઉતરી, કર્યો સીતાએ પ્રેમે પ્રણામ ।
મુક્તાનંદને બાલમે, સામું ન જોયું શ્રીરામ ॥૭॥

## કડવું ॥૨૭॥

ઉદ્ધવ સીતાકાજ એણિ પેરે, કીધો અતિશે શ્રમ ।
પછી એ ત્યાગી વાંક વોંણી, કેમ કળાય એનો મર્મ ॥૧॥
રુદન કરી કરી જાનકી, કર જોડી કીધો વિલાપ ।
રિંછ વાનર વિભીષણ સૌ, પામ્યાં અતિ સંતાપ ॥૨॥
પછી ત્યાં બ્રહ્મા આવિયા, સંગ તેડી દશરથ તાત ।
પતિવ્રતા દૃઢ જાનકી, એવી કહી બેઉ જણે વાત ॥૩॥

પાવકમાંહી પ્રવેશ કરાવી, સીતાને લીધાં સાથ ।
અયોધ્યા જઈ લોકવાણી, સુંણી વિષમ રઘુનાથ ॥૪॥
લોકવાણી જાણવા, મુક્યો દૂત શ્રીરઘુવીર ।
ભદ્ર નામે દૂત તેણે, સુણ્યું સર્વ સુધીર ॥૫॥
દૂત પાછો આવીયો, કિધું પ્રેમે સહિત પ્રણામ ।
અજ્ઞાની હરિવિમુખનું, પ્રભુ બોલ્યાનું નહિ ઠામ ॥૬॥
પછી શ્રીરામજીએ પુછીયું, સૌ કહેતા હોય જેમ લોક ।
મુક્તાનંદના નાથ કહે, કહો સુણિને થાઉં અશોક ॥૭॥

### કડવું ॥૨૮॥

ઉદ્ધવજી એમ સાંભળી, વ્હાલાનાં વચન ઉદાર ।
ભદ્ર નામે દૂત બોલ્યો, પામી કષ્ટ અપાર ॥૧॥
કર જોડી કહે સુણો રઘુવીર, લોક કહે છે જેહ ।
સંક્ષેપે સર્વે કહું, તમ આગે મહાપ્રભુ તેહ ॥૨॥
ચોક હાટ બજારમાં, વળી વન ને ઉપવન સોય ।
જશ તમારો સહુ ઠેકાણે, વર્ણવે સર્વ કોય ॥૩॥
અતિ પ્રતાપી રામજી, બાંધી સાગર ઉપર પાજ ।
સુર અસુર ને નૃપતિમાં, એવું કોણે ન થાય કાજ ॥૪॥
અતિ ભયંકર રાવણ દશમુખ, માર્યો કુટુંબ સમેત ।
સીતા લઈ પ્રભુ આવિયા, રાખ્યું જાનકી ઉપર હેત ॥૫॥
બીજું તો સર્વ રુડું કર્યું, એક ભુંડું કીધું રામ ।
ગઈ નારી ફરી લાવિયા, એવું કોઈ કરે નહિ કામ ॥૬॥
કેવું મન હશે રામનું, એને સીતાનો નાવ્યો અભાવ ।
મુક્તાનંદના નાથનો, હવે કેમ કળાય સ્વભાવ ॥૭॥

### પદ ॥૭॥ (રાગ સામેરી)

કહે છે એમ લોક સહુ વાણી, દૂત કહે રઘુનાથને ।
સુણો હરિ સારંગપાણી ॥કહે૦॥
વનમાં એકલડી જાનકીરે, ત્યાંથી હરાણી ।
સીતાને રાવણ લઈ ગયો, તે તો જગ સઘળે જાણી ॥કહે૦॥૧॥

કલંક ભરી એવી કામિનીરે, તે પાછી આણી ।
વ્યભિચારી નર નારીને, કહેવા થઈ છે એ રામ કહાણી ॥કહે૦॥૨॥
આપણા ઘરની નારિયોરે, લેશે એ નિશાણી ।
કામિનીયો બહુ બેકશે, જોઈ રાજાની રાણી ॥કહે૦॥૩॥
પર પુરુષ સંગ કામિનીરે, રહેશે લપટાણી ।
રાજદ્વારથી સર્વમાં, હવે રીત એ બંધાણી ॥કહે૦॥૪॥
ધર્મ વિના સંસાર માંરે, પિડાશે પ્રાણી ।
મુક્તાનંદ રઘુનાથમાં, આવી ખોટચ શું ઠેરાણી ॥કહે૦॥૫॥

### કડવું ॥૨૯॥ (ઢાળ પ્રથમનો)

સુણી દૂતનાં વચન શ્રીરામરે, પુછ્યું સર્વને તે સુખ ધામરે ।
બોલ્યાં સર્વે કુટુંબી એમરે, એ છે દૂતે કહી વાત તેમરે ॥૧॥
વહાલે શીખ સભાને દીધીરે, પોતે વાત વિચારી લીધીરે ।
તેડ્યા ભરત શત્રુઘન વીરરે, તેડ્યાં લક્ષ્મણ પરમ સુધીરર ॥૨॥
આવ્યા હરિને હુકમે સર્વે ભાઈરે, ચરણે શિષ નમાવ્યાં છે ધાઈરે ।
શોકે રામનું મુખ થયું એમરે, ગ્રહ્યો રાહુએ ચંદ્રને જેમરે ॥૩॥
દીઠા બંધુએ ઝાંખા ભૂપાળરે, ડર્યા ભરતાદિક તતકાળરે ।
બોલ્યા શોકસહિત રઘુવીરરે, સુંણો ભ્રાત તમે થઈ ધીરરે ॥૪॥
લેશ કરશો મા મનમાં સંતાપરે, પુછું તેનો તે આપો જવાબર ।
પુરવાસી ને દેશનાં લોકરે, મને ઉપજાવે અતિ શોકરે ॥૫॥
બોલે સીતા નિમિત્ત અપવાદરે, સુણી અંતરે થાય વિષાદરે ।
બોલે વેણ મુરખ ચાવી ચાવીરે, મને પીડેછે અંતરે આવીરે ॥૬॥
અપજશથી મરણ ઘણુ સારુંરે, મારા મનમાં હું એમ વિચારુંરે ।
મુક્તાનંદના વહાલાની વાણીરે, સુણી બંધુ ડર્યા ભય આણીરે ॥૭॥

### કડવું ॥૩૦॥

ઉદ્ધવ બોલ્યા વળી રઘુવીરરે, મને લોકે કર્યો છે અધીરરે ।
અમે સૂરજવંશી નરેશરે, નિંદા થાય તે કરિએ ન લેશરે ॥૧॥
સીતા પાપરુપ અતિ જેહરે, પાછી લાવ્યો હું ઘરમાં તેહરે ।
તમે જાણો છો લક્ષ્મણ વાતરે, જેમ વનમાં થયો ઉત્પાતરે ॥૨॥

કીધું સીતાનું રાવણે હરણરે, પામ્યો કુટુંબ સહિત તે મરણરે ।
સીતા લાવ્યો વિભિષણ જ્યારેરે, અમે ગ્રહણ કરી નહી ત્યારેરે ॥૩॥
આવ્યા પાવક મારુત સુરરે, આવ્યા ઇંદ્ર ને ચંદ્ર હજુરરે ।
આવ્યા બ્રહ્મા ને દશરથ તાતરે, તેણે આવી કહી મને વાતરે ॥૪॥
સીતા પરમ સતી રઘુનાથરે, એને ત્યાગશો માં લીઓ સાથરે ।
આવી અગ્નિમાં ઝિલિને જ્યારેરે, મને ઇંદ્રે સમર્પી છે ત્યારેરે ॥૫॥
મુનિ દેવમંડલ મોઝારરે, જાણી સીતાને શુદ્ધ અપારરે ।
શુદ્ધ જાણી હું લાવિયો આંઈરે, બોલે લોક તો કાંઈનું કાંઈરે ॥૬॥
મિથ્યા છે તોય અપજશ વીરરે, મને ખટકે અંતર જેમ તીરરે ।
મુક્તાનંદનો નાથ કહે ભાઈરે, કાઢ્યે સીતાને થાશે ભલાઈરે ॥૭॥

## કડવું ॥૩૧॥

ઉદ્ધવ વળી બોલ્યા રઘુરાયરે, કરવા પ્રથમ વચનની સહાયરે ।
જેની અતિશે અકીર્તિ થાયરે, તેતો નિશ્ચે નરકમાં જાયરે ॥૧॥
સૌને કીર્તિ આભૂષણ ભારીરે, ઈચ્છે કીર્તિને સૌ નરનારીરે ।
કીર્તિ સ્વર્ગલોકે સુખ આપેરે, મહા કર્મનાં બંધન કાપેરે ॥૨॥
સર્વે આરંભ કીર્તિને કાજરે, શિર જાતાંય ન ખોવી લાજરે ।
મૃત્યુલોકમાં કીર્તિને ભાઈરે, પામે સુખ સંપત પ્રભુતાઈરે ॥૩॥
આપે ઉભય લોકે સુખ એહરે રાખી કીર્તિને ત્યાગવો દેહરે ।
કાં હું મરું કાં સીતાને મારુંરે, લોપો વચન તમને સંહારુંરે ॥૪॥
મારે લોકની લાજ અપારરે, પડ્યો શોકના સિંધુ મોજારરે ।
મને ખટકે છે એ દુઃખ ભારીરે, લેજો લક્ષ્મણ એ ઉર ધારીરે ॥૫॥
કરો રથને સવારે તૈયારરે, માનો વચન થઈ હુંશિયારરે ।
તમે સીતાને રથમાં બેસારીરે, જાજો વનમાં વચન દઢ ધારીરે ॥૬॥
મુનિ વાલ્મિક દઢમતિ જેહરે, ગંગાપાર વસેછે તેહરે ।
મુક્તાનંદનો નાથ કહે પ્યારીરે, ત્યાં જઈ મુકજો સમજી વિચારીરે ॥૭॥

## કડવું ॥૩૨॥

ઉદ્ધવ એમ બોલ્યા રઘુવીરરે, સુણો લક્ષ્મણ પરમ સુધીરરે ।
વસ્તિમાત્ર ન હોય જે ઠારરે, મુકો સીતાને વન મોજારરે ॥૧॥

વહેલા આવજો મુકીને દૂરરે, મારું વચન ગ્રહો થઇ શૂરરે ।
આ ન કહેશો વૈદેહીને વાતરે, તમે જાણ પ્રવીણ છો ભ્રાતરે ॥૨॥
એમાં ના કહેશો તમે કોયરે, શત્રુસમાન માનીશ સોયરે ।
માટે કરજો વિચારીને કાજરે, મારે કામ પડ્યું છે આજરે ॥૩॥
મારી તો તમે મોટપ જાણીરે, જો ન લોપ કરો મારી વાણીરે ।
કાઢો જાનકી આંહિથી જ્યારેરે, મારું વચન ગ્રહ્યું દઢ ત્યારેરે ॥૪॥
એણે લંકાથી આવતાં તાતરે, મને સંભળાવ્યું સાક્ષાતરે ।
મારે ઋષિને પૂજ્યાની છે આશરે, જ્યારે હુકમ થાશે અવિનાશરે ॥૫॥
એવું કહ્યું તું જાનકી જેહરે, આજે આવ્યો છે અવસર તેહરે ।
એનું મનગમતું કરી આજરે, સારો જુક્તિથી આપણું કાજરે ॥૬॥
એવાં વચન કહી રઘુવીરરે, પામ્યા કષ્ટ વહે દગ નીરરે ।
મુક્તાનંદનો વા'લો કહે બોલરે, ઉદ્ધવ સર્વે તે અધિક અતોલરે ॥૭॥

## પદ ॥૮॥ (રાગ પરજ)

રે ઉદ્ધવ એવા હરિ સારંગપાણિ, ॥ઉદ્ધવ૦॥૧॥
એનો કોઈ ન શકે મર્મ જાણીરે
રે પે'લી સીતા તજવા કરી તૈયારી, પછી અતિ રોયા સુખકારીરે ॥ઉદ્ધવ૦॥૨॥
રે કઠણતા વજ્રથકી ભારી, કોમળતા ત્રિભુવનથી ન્યારીરે ॥ઉદ્ધવ૦॥૩॥
રે અલૌકિક સર્વ કળા એની, એમાં નવ પહોંચે મતિ કેનીરે ॥ઉદ્ધવ૦॥૪॥
રે નથી એતો કોઈતણા સંગી, મુક્તાનંદનો વા'લો રંગીરે ॥ઉદ્ધ૦વ૦॥૫॥

## કડવું ॥૩૩॥ (ઢાળ બીજો)

ઉદ્ધવ સાંભળી હરિનો ઉચ્ચાર, પામ્યા લક્ષ્મણ કષ્ટ અપાર ।
કાઢી રાત રુદન કરી સોય, તેનો મર્મ ન જાણે કોય ॥૧॥
પ્રાતઃકાલે તે લક્ષ્મણ વીર, તેડ્યો સુમંત્ર સારથિ ધીર ।
લાવો સારથી રથ તતકાલ, આજ્ઞા આપી છે દીનદયાળ ॥૨॥
નાંખો રથમાં તે આસન સાર, કરો અશ્વ જોડીને તૈયાર ।
સીતા રાજભવન થકી આજ, જાશે મહામુની પૂજવા કાજ ॥૩॥
દોડ્યો સારથી સાંભળી વાત, લાવ્યો જોતરી રથ સાક્ષાત ।
બોલ્યો સુમંત્ર જોડીને હાથ, રથ ત્યાર થયો પૃથ્વીનાથ ॥૪॥

સુણિ લક્ષ્મણ શીઘ્ર સિધાવ્યા, વેગે રાજભવન મધ્ય આવ્યા ।
વંદ્યા સીતાને પૂજ્ય પ્રમાણી, કર જોડીને બોલીયા વાણી ॥૫॥
ગંગાતીરે મુનિ વિખ્યાત, તમને ત્યાં પહોંચાડવાં છે માત ।
રાજા રામની આજ્ઞા છે એહ, તેમાં લેશ નહિ સંદેહ ॥૬॥
વે'લાં તૈયાર થાઓ સકુમારી, પૂજા સાજ તે લેજો સંભારી ।
મુક્તાનંદને વ્હાલે કહ્યું જેહ, કરવું આપણે હરખશું તેહ ॥૭॥

## કડવું ॥૩૪॥

સીતા સુણિને દિયરિયાની વાણી, વણ સમજે ઘણું હરખાણી ।
લીધાં આભરણ વસ્ત્રના ભાર, લીધી પૂજવા સામગ્રી સાર ॥૧॥
ઋષિનારી ને મુનિવર કાજ, લીધો અતિશે અમોલિક સાજ ।
સીતા બોલીયાં લક્ષ્મણ સંગ, લીધાં આભરણ વસ્ત્ર સુરંગ ॥૨॥
વીરા સંગે લીધું છે મેં જેહ, ઋષિપત્નિને આપીશ તેહ ।
મારે આશ હતી મન એજ, રઘુવીરે પૂરી કરી તેજ ॥૩॥
સુણી લક્ષ્મણ બોલ્યા ન કાંઈ, સૌને વાત જુદી મનમાંઈ ।
પછી સીતાને રથમાં બેસારી, કરી શીઘ્ર ચલાવા તૈયારી ॥૪॥
રાખી ચાડ ને હાંક્યા તોખાર, ચાલ્યો રથ કરી અતિ ઝણકાર ।
સીતા વાટે જાતાં કહે છે વાત, મને અશુભ શુકન થયા ભ્રાત ॥૫॥
મારું ધ્રુજે છે થરથર અંગ, મારા ઉરમાંથી ભાગ્યો ઉમંગ ।
મારું જમણું નયન કર દોય, ફરકે દુઃખદાયક થઈ સોય ॥૬॥
મારા મનમાં તે સુખ નથી લેશ, થયો રોમાંચિત તન વેશ ।
મુક્તાનંદના પ્રભુસંગ પ્યાર, ઉદ્ધવ જાનકી ડરપ્યાં અપાર ॥૭॥

## કડવું ॥૩૫॥

ઉદ્ધવ અપશુકન દેખી અપાર, સીતા ડરપે છે વારમવાર ।
બોલી લક્ષ્મણ સંગ વચન, મારું ભયથકી દાઝે છે તન ॥૧॥
મને સુનો લાગે છે સંસાર, મારો જીવ થયો નિરાધાર ।
તેનું કારણ પરમ સુધીર, મને ખોળ્યે મળ્યું નહિ વીર ॥૨॥
રખે અવધ નગરમાં ભાઈ, આવી પીડા અચાનક ઘેઈ ।
મને અશુભ જણાય છે આવું, આદરાણું નિશ્ચે ભુંડું થાવું ॥૩॥

સીતા એમ કહી જોડી હાથ, રુડું કરજો લોકના નાથ ।
એવાં આતુર જાનકી જાણી, વંદી બોલિયા લક્ષ્મણ વાણી ॥૪॥
માતા સૌનું વિચારો છો સારું, તેણે અતિ શુભ થાશે તમારું ।
એવી કરતાં પરસ્પર વાત, આવ્યાં ગોમતી તટ સાક્ષાત ॥૫॥
રહ્યાં ગોમતીતટ એક રાત, જોડ્યો રથ અતિ શીઘ્ર પ્રભાત ।
હાંક્યો રથને બે પહોર જ્યારે, પો'તા ભાગી રથીતટ ત્યારે ॥૬॥
દેખી ગંગા વધ્યો ઉર તાપ, રોયા લક્ષ્મણ કરી સંતાપ ।
મુક્તાનંદને વ્હાલે કહ્યું જેહ, સાલે લક્ષ્મણને ઉર તેહ ॥૭॥

## કડવું ॥૩૬॥

ઉદ્ધવ એણિપેર લક્ષ્મણ વીર, રોયા દીન થઈ તજી ધીર ।
તન કંપે ને વ્યાકુલ ભારી, મુખ સૂકે વહે દગ વારી ॥૧॥
દીઠા લક્ષ્મણ દુઃખિયા અપાર, બોલ્યાં જાનકી કરીને વિચાર ।
જોઈ જાહ્નવી તટ સાક્ષાત, કહો કારણ દુઃખ કેરું ભ્રાત ॥૨॥
બહુ કાળથી ઈચ્છતાં જેહ, પામ્યાં ગંગાનું દર્શન તેહ ।
અતિ હરખ સમે ભય આવો, તેનું કારણ કહી સમજાવો ॥૩॥
નિત્ય રહો છો તમે પ્રભુ સાથ, આજ દૂર જાણી રઘુનાથ ।
એથી દુઃખિયા થયા હશો તાત, કહો દુઃખનાં કારણ કરી વાત ॥૪॥
મને પ્રાણથી વ્હાલા શ્રીરામ, તોય જાણી આનંદનું ઠામ ।
ન કરું શોક બાળની પેર, ઋષિ પૂજી જાશું કાલે ઘેર ॥૫॥
તમે બાળપણું તજી ભાઈ, રાખો ધીરજ રહો સુખદાઈ ।
ગંગા ઉતરી મહામુનિ વૃંદ, વેગે પૂજીએ થૈને સ્વચ્છંદ ॥૬॥
વેગે નાવ મંગાવો ઉદાર, જૈયે શીઘ્ર વીરા સામે પાર ।
મુક્તાનંદને વ્હાલે કરી ઘાત, નથી જાણતી જાનકી વાત ॥૭॥

## પદ ॥૯॥ (રાગ ગરબી)

("ઓરા આવો નટવર નાનડિયા" એ ઢાળ છે.)

ઉદ્ધવ એનું કપટ અતિ ભારી, જાણે એવાં નહિ કોઈ નર નારી ॥ઉદ્ધવ૦॥ટેક.॥
પહેલી કરે પ્રીત જે સંગે, રાચે રસિયો તેને રંગે ।
પછી તેને ત્યાગે સૌ અંગે ॥ઉદ્ધવ૦॥૧॥

સીતા સંગ પ્રીત કરી જેવી, કહી નવ જાય મુખે એવી ।
પછી એને ત્યાગ કરી તેવી ॥ઉદ્ધવ૦॥૨॥
સીતાજીને વન મેલી જ્યારે, અમે દુઃખ શું ધરીયે ત્યારે ।
બોલું છું પીડાણી દુઃખ ભારે ॥ઉદ્ધવ૦॥૩॥
જે જે એનો સંગ કરે ભાઈ, તેનું દુઃખ કોઈ ન સકે ગાઈ ।
મુક્તાનંદનો પ્રભુ દુઃખદાઈ ॥ઉદ્ધવ૦॥૪॥

## કડવું ॥૩૭॥ (ઢાળ ત્રીજો)

ઉદ્ધવજી એમ જાનકી, સમજ્યા વિના કહે વાત ।
તે મનમાં નથી જાણતી, જે કીધી રામજીએ ઘાત ॥૧॥
સરલચિત છળ કપટને, સીતા ન જાણે લગાર ।
પોતા સરખો જાનકી, જાણે સરળ સો સંસાર ॥૨॥
લક્ષ્મણને કહે જાનકી, મને વા'લા અતિ ઘણું રામ ।
કમળદળ લોચન શ્રીરઘુવીર, સર્વ સુખના ધામ ॥૩॥
ઉન્નત ઉર સિંધુનાં સરખું, કૃશોદર રઘુવીર ।
ઉદરમાં ત્રિવળી બિરાજે, ઉંડી નાભિ ગંભીર ॥૪॥
રાજીવલોચન રામને, નિરખવા મન અકળાય ।
વે'લાં જવાય અવધપુર, કરો ભ્રાત તે ઉપાય ॥૫॥
વચન સુણી સીતાતણાં, લુહ્યાં લોચન લક્ષ્મણ ધીર ।
નાવિકને કહે નાવ લાવો, જાવું છે સામે તીર ॥૬॥
કરણધાર તે વચન સુણતાં, લાવ્યો નાવ સુજાણ ।
મુક્તાનંદના નાથનું, કરવાને વચન પ્રમાણ ॥૭॥

## કડવું ॥૩૮॥

ઉદ્ધવજી એમ નાવ ઉપર, બેઠા લક્ષ્મણ ધીર ।
સારથી રથ સીતા સહિત, ઉતર્યા સામે તીર ॥૧॥
નાવમાંથી ઉતર્યા, સીતાસહિત ગુણજાણ ।
સામો તટ જોઈ રામાનુજને, વાગ્યાં દુઃખનાં બાણ ॥૨॥
ભાગીરથી તટ જઈ કરી, પામ્યા રામાનુજ દુઃખ જેહ ।
પારાવાર ન તેહ તણો, વર્ણવ્યું ન જાયે એહ ॥૩॥

ગદ્‌ગદ્‌ કંઠે હાથ જોડી, લોચન વહે જળધાર ।
દીન થઈ કહે જાનકીને, વચન પરમ ઉદાર ॥૪॥
લોકની વાણી ઉર ધરી, મને જે જે કહ્યું શ્રીરામ ।
તે તે વચન વિચારતાં, મારે ઉર થયું દુઃખ ધામ ॥૫॥
અંતર દુઃખનો દવ બળે, તે શમાવ્યો ન શમાય ।
ધર્મસંકટમાં પડ્યો, હવે એનો શો ઉપાય ॥૬॥
આવું કાજ કરવા થકી, મને મરણ અતિ ભલું માત ।
મુક્તાનંદના નાથની, મને પીડે છે ઉરમાં વાત ॥૭॥

## કડવું ॥૩૯॥

ઉદ્ધવ રામાનુજ વળી, કર જોડી કહે સુણો માત ।
લોક નિંદિત કાજમાં, મને પ્રેર્યો પ્રભુ સાક્ષાત ॥૧॥
આવાં કારજમાં સતી, હું પ્રેરાણો છું જેહ ।
દોષ ન એમાં કોઈનો, મારા ભાગ્યનો થર એહ ॥૨॥
રોષ મ કરશો જાનકી, મારો દોષ નથી લવલેશ ।
આ કારજ મેં આદર્યું, રાજા રામને ઉપદેશ ॥૩॥
એવાં વચન કહી હાથ જોડી, પડ્યા તે ભૂપર સોય ।
રુદન કરી નિજ મરણ ઈચ્છે, મર્મ ન જાણે કોય ॥૪॥
એવા લક્ષ્મણ જોઈને, પામ્યાં સીતા કષ્ટ અપાર ।
દીન થઈ લક્ષ્મણ પ્રત્યે, કર્યો સીતાએ શબ્દ ઉચ્ચાર ॥૫॥
આ દુઃખનું કારણ લગારે, હું નથી જાણતી ભ્રાત ।
જે હોય તે તત્ત્વે કરી, મને કહો જથારથ વાત ।૬॥
શાપ થયો રઘુનાથનો, કેના ઉપર દુઃખે છે વીર ।
મુક્તાનંદના નાથથી, થયું હોય તે કહો મતિ ધીર ॥૭॥

## કડવું ॥૪૦॥

ઉદ્ધવજી એમ જાનકી, કરી આજ્ઞા વારમવાર ।
તે વાણી શિરપર ધરી, કર્યો રામાનુજે ઉચ્ચાર ॥૧॥

નીચું મુખ કરી દીન થઈ, બોલિયા પરમ સુજાણ ।
વચન કહેતાં કંઠ સુકે, ધ્રુજે થરથર પ્રાણ ॥૨॥
કષ્ટે કરી તોય બોલિયા, જેમ થઈતી પુરમાં વાત ।
માત સભા મધ્યે વાત આવી, સુણી પ્રભુ સાક્ષાત ॥૩॥
પુરમધ્યે સર્વ દેશ મધ્યે, સીતાનું લઈ નામ ।
લોક સૌ નિંન્દા કરે, એમ સુણ્યું મુખોમુખ રામ ॥૪॥
દુષ્ટે જેમ નિન્દા કરી છે, તે તમને ન કહેવાય ।
તજી વિચાર ને લોક વાણી, સત્ય ગણી રઘુરાય ॥૫॥
તે કારણ તમને તજયાં, નિર્દોષ છો તમે માત ।
લોકની નિન્દા કારણે, આવો થયો અતિ ઉત્પાત ॥૬॥
એ કારણ વિના જાનકી, મન શંકા ન ધરશો લેશ ।
મુક્તાનંદના નાથમાં, થયો લોકલજજાનો પ્રવેશ ॥૭॥

### પદ ॥૧૦॥ (રાગ ગરબી)

("મનમોહન મંદિર આવોરે, વાટડી જોઉં છું વનમાળીરે" એ ઢાળ છે)

ઉદ્ધવ એમ લક્ષ્મણ વીરરે, સમજાવી સીતા રાણી
કહી નીતિ પરમ સુધીરરે, સમજાવી ।
કહી કથા પુરવની ભારીરે, સ૦ । જેમ રાખે દેહ વિચારીરે ॥સ૦॥૧॥
પુરજનનો દોષ દેખાડીરે, સ૦ । કરી વિનતિ શાંતિ પમાડીરે ॥સ૦॥૨॥
ધીરજ ધર્યાની વાતેરે, સ૦ । કરી વિનતિ લક્ષ્મણ ભ્રાતેરે ॥સ૦॥૩॥
વનમાં રહો હરિબળ રાખીરે, સ૦ । તમે શુદ્ધ છો સુર સૌ સાખીરે ॥સ૦॥૪॥
મુક્તાનંદનો પ્રભુ જાણેરે, સ૦ । કરશે રક્ષા દુઃખ ટાણે રે ॥સ૦॥૫॥

### કડવું ॥૪૧॥ (ઢાળ પ્રથમનો)

ઉદ્ધવ લક્ષ્મણ બોલિયા વાણીરે, સુણો જાનકી પરમ શાણીરે ।
ઋષિ આશ્રમ પાસ જઈ માતરે, તમને વનમાં મુકીશ સાક્ષાતરે ॥૧॥
રાજા રામની આજ્ઞા છે જેમરે, કરવું પડશે મારે હવે તેમરે ।
મુનિવર કેરું આશ્રમ જેહરે, તમને સુખદાયક હવે તેહરે ॥૨॥
મુનિ આશ્રમ પાસ હું આવીરે, તમને તજીશ કઠોરતા લાવીરે ।
રામે હુકમ કર્યો એવી રીતરે, રાખું કેમ કરી તમશું પ્રીતરે ॥૩॥

ગંગાતીરે તપોવન જોયરે, મુનિવર કેરું આશ્રમ સોયરે ।
રે'જો ત્યાં તમે રાખી વિચારરે, વૃથા ખેદ મ કરશો લગારરે ॥૪॥
મુનિ આશ્રમ પરમ પુનીતરે, રે'જો રાખી ત્યાં ઉત્તમ રીતરે ।
રાજા દશરથના એ છે મિત્રરે, મુનિ વાલ્મીકિ પરમ પવિત્રરે ॥૫॥
વ્રતધારી તપસ્વી ઉદારરે, જેના ગુણનો ન પામીયે પારરે ।
રે'જો મુનિપદપંકજ પાસરે, કરજો તાતતુલ્ય વિશ્વાસરે ॥૬॥
રાજા રામની છે આજ્ઞા એહરે, તેમાં લેશ નહિ સંદેહરે ।
મુક્તાનંદના વા'લાનું વચનરે, અવળું લેશ મ માનજો મનરે ॥૭॥

## કડવું ॥૪૨॥

ઉદ્ધવ વળી કહે લક્ષ્મણ ભ્રાતરે, રે'જો સાવધાન તમે માતરે ।
ધરી ઉરમાં શ્રીરામનું ધ્યાનરે, રે'જો મુનિવર પાસ અમાનરે ॥૧॥
રાખી પતિવ્રત ધર્મ પુનિતરે, રાજા રામશું રાખજો પ્રીતરે ।
એમ થાશે કલ્યાણ તમારુંરે, સત્ય માનજો વચન અમારુંરે ॥૨॥
સતી નારીને પતિસંગ હેતરે, પતિ પાસ રહે ભક્તિસમેતરે ।
પતિ લાડ લડાવે કે મારેરે, તોય પતિનો દોષ ન ધારેરે ॥૩॥
જેને પતિનો તે અવગુણ આવેરે, તેતો પતિવ્રતા નારી ન કહાવેરે ।
નારી પતિવ્રતાનો ગુણ એહરે, રાખે પતિ સંગ પરમ સનેહરે ॥૪॥
તમને પ્રાણથી વહાલા શ્રીરામરે, તમે પતિવ્રત ધર્મનું ધામરે ।
કથા કહિ સર્વ લોકને કાજરે, જાણી કહેવાનો અવસર આજરે ॥૫॥
સુણી લક્ષ્મણ વીરની વાણીરે, અતિ દારુણ શબ્દ પ્રમાણીરે ।
ભુલ્યાં મહા દુઃખે દેહ સંભાળરે, પડ્યાં ભૂમિ ઉપર તતકાળરે ॥૬॥
રહી મૂર્છા તે બે ઘડીવારરે, સીતા પામી તે કષ્ટ અપારરે ।
મુક્તાનંદનો સ્વામી છે ક્રૂરરે, ઉદ્ધવ મહાદુઃખ આપે જરૂરરે ॥૭॥

## કડવું ॥૪૩॥

ઉદ્ધવ એણીપેરે જનકકુમારીરે, સુણી શબ્દ પામ્યાં દુઃખ ભારીરે ।
કીધી ત્યાગ શ્રીરામે તે જાણીરે, બોલ્યાં ગદ્‌ગદ્‌સ્વર થઈ વાણીરે ॥૧॥
એનું દુઃખડું તે નવ વરણાયરે, કહેતાં વચન વ્યાકુળ થઈ જાયરે ।
સીતા લક્ષ્મણને કહે વાતરે, સુણો દુઃખની વારતા ભ્રાતરે ॥૨॥

વીરા આ તન મારું જેહરે, કર્યું દુઃખ સહેવા વિધિ તેહરે ।
આગે પામી હું કષ્ટ અપારરે, હજી દુઃખનો ન આવીયો પારરે ॥૩॥
મારાં દુઃખ કેરો વાર ન પારરે, જેણે પામી હું મહા સંતાપરે ।
મેં તો શાં શાં કર્યા હશે પાપ રે, જેણએ પામી હું મહા સંતાપ રે ॥૪॥
નિશ્ચે સંતાપ્યા છે ભાઈરે, તેની આવી મળી જોગવાઈરે ।
કાંતો બ્રાહ્મણને દુઃખ દીધું રે, કાંતો પરધન ચોરી લીધુંરે ॥૫॥
કાંતો હરિજનશું કર્યું વેરરે, કાંતો છાનું દીધું કેને ઝેરરે ।
કાંતો કીધી વિશ્વાસીને ઘાતરે, મળ્યું આજ તે ફળ સાક્ષાતરે ॥૬॥
એમ જાનકી કરીને વિલાપરે, કીધો પાપનો નિજશિર થાપરે ।
મુક્તાનંદનો શ્યામ સંભારીરે, ઉંચે સાદે રુવે સકુમારીરે ॥૭॥

## કડવું ॥૪૪॥

ઉદ્ધવ એણિપેરે દુઃખણી અપારરે, રોઈ વચન કર્યા ઉચ્ચારરે ।
વીરા રઘુપતિ પરમ દયાળરે, મને કેમ ત્યાગી તતકાળરે ॥૧॥
હું તો પતિવ્રતા નારી કેવાઉંરે, જ્યાં જ્યાં હુકમ કરે ત્યાં જાઉંરે ।
મારો સહજ સ્વભાવ છે જેહરે, તમને કહી સંભળાવું તેહરે ॥૨॥
રહેતી વનમાં હું રામજી પાસરે, એના બળનો ઘણો વિશ્વાસરે ।
તોય દેખું બિહાંમણું જ્યારેરે, અતિ ત્રાસને પામતી ત્યારેરે ॥૩॥
તે હું એકલી વન મધ્યે ભાઈરે, સંગે બીજું ન કોઈ સહાઈરે ।
હવે કેમ હું રહીશ વનવાસરે, મને એજ અંતર અતિ ત્રાસરે ॥૪॥
જ્યારે પુછશે મહામુનિ ધીરરે, તમને કેમ ત્યાગ્યાં રઘુવીરરે ।
તેનો શું ઉત્તર કહું તાતરે, મારે શિર આવ્યો ઉતપાતરે ॥૫॥
કહેશે વાત પરસ્પર સોયરે, વિના વાંક ન ત્યાગે કોયરે ।
એનો ઉત્તર કેમ કરી દેશરે, હુંમાં દોષ નથી લવલેશરે ॥૬॥
ઉદ્ધવ એમ સીતા દુઃખ પામીરે, જેને શિર ત્રિભુવનપતિ સ્વામીરે ।
મુક્તાનંદના નાથ કઠોરરે, એની ઉપર કેનું નહિ જોરરે ॥૭॥

## પદ ॥૧૧॥ (રાગ રામગ્રી)

("આજ મારાં નેણ સફળ થયાં" એ ઢાળ છે.)

લક્ષ્મણને કહે જાનકી, મારે સંકટ ભારી ।
હરિ વિના જીવવું હરામ છે, મરવે મહા ખુવારી ॥ટેક૦॥

જો ગંગાજળમાં પડી, તજું પ્રાણને ભાઇ ।
આત્મહત્યા તો ઉપજે, થાય અતિ અવળાઇ ॥લક્ષ્મ૦॥૧॥
બીજું દુઃખ તનને તજયે, મને અતિઘણું સાલે ।
રાજવંશ રઘુવીરથી, આગળ નવ ચાલે ॥લક્ષ્મ૦॥૨॥
બે હત્યા તનને તજયે, લાગે મને મોટી ।
મનસુબો મરવા તણો, એ તો વાતજ ખોટી ॥લક્ષ્મ૦॥૩॥
તજી મુજને રઘુવીરની, આજ્ઞા તમે પાળો ।
મુજ દુઃખિણીના તાપની, ચિંતા તમે ટાળો ॥લક્ષ્મ૦॥૪॥
અવધપૂરી જઇ સર્વને, મારું વંદન કહેજો ।
મુક્તાનંદના નાથની, નિત્ય સેવામાં રહેજો ॥લક્ષ્મ૦॥૫॥

## કડવું ॥૪૫॥ (ઢાળ બીજો)

ઉદ્ધવજી વળી બોલિયાં, જાનકી પરમ સુજાણ ।
રામાનુજ તમે સાંભળો, મારાં વચન પરમ પ્રમાણ ॥૧॥
સાસુ સર્વને પ્રેમશું, મારા કહેજો અનંત પ્રણામ ।
કર જોડી વંદન કરીને, મારા કહેજો કુશળ આરામ ॥૨॥
એમ કહેજો રઘુનાથને, તમે ધર્મધુરંધર ધીર ।
ભ્રાત કુટુંબી પ્રજા સૌને, પાળો છો રઘુવીર ॥૩॥
એજ તમારો ધર્મ નિર્મળ, એજ કીર્તિ ઉદાર ।
ધર્મવડે સર્વ લોકને, પાળો છો વારમવાર ॥૪॥
સર્વરક્ષક થઇ કરી, મને ન પાળી તમે જેહ ।
મારા દેહને દુઃખ પડે, અવગુણ ન ધરું તેહ ॥૫॥
એજ વચન રઘુવીરને, તમે કહેજો જઇને ભ્રાત ।
મારાં દુઃખની વારતા, કહેશો માં કોઇને તાત ॥૬॥
મુક્તાનંદના નાથનું, ઉરમાં ધરી દ્રઢ ધ્યાન ।
જાનકી અતિ દુઃખ સામે, મન કીધું ધીરજવાન ॥૭॥

## કડવું ॥૪૬॥

ઉદ્ધવજી એમ બોલિયાં, જાનકી પરમ સુજાણ ।
શોક ન કરશો માહરો, હું તજીશ નહિ નિજ પ્રાણ ॥૧॥

દીનચિત્ત થઈ જાનકી, એવું બોલિયાં ધરી ધીર ।
ખેદ વચનને સાંભળી, દુઃખ પામ્યા લક્ષ્મણ વીર ॥૨॥
સીતાને ચરણે શીર નમાવી, રામાનુજ બુદ્ધિવંત ।
સીતાને વચન ન કહિ શક્યા, ઉર વ્યાપ્યું કષ્ટ અનંત ॥૩॥
પ્રક્રમા કરી હાથ જોડી, કીધું રુદન અપાર ।
રામાનુજ જાવા સમે, નમ્યા સીતાને બહુવાર ॥૪॥
રામાનુજ ફરી વહાણ બેઠા, અંતર શોકની ઝાળ ।
નાવમાંથી ઉતરી બેઠા, રથ ઉપર તતકાળ ॥૫॥
સીતાને સામે તીર મેલ્યાં, તેનો તે મનમાં ત્રાસ ।
રુદન કરી જુવે જાનકીને, અંતર અધિક ઉદાસ ॥૬॥
સીતા સરખી સુંદરી, તેને મુકાવી વનવાસ ।
મુક્તાનંદના નાથનો, હવે થાય કેમ વિશ્વાસ ॥૭॥

### કડવું ॥૪૭॥

ઉદ્ધવજી એમ જાનકીને, મેલી વન મોઝાર ।
રામાનુજ ફરી ફરી જુવે, સતી સીતા સામે પાર ॥૧॥
રામાનુજે રથ હાંકિયો, દીઠો સીતાએ રથ ગયો દૂર ।
વહેવા લાગ્યાં નેત્રથી, આંસુડાં કેરાં પૂર ॥૨॥
અરણ્ય વનમાં એકલી, રુવે સીતા ઉંચે સાદ ।
વાલ્મિક ઋષિના શિષ્ય તે સ્થળ, આવ્યા સુણી દુઃખનાદ ॥૩॥
તેડી ગયા અતિ આદરે, વાલ્મિક મુનિની પાસ ।
અતિ કૃપાળુ મહામુનિ, આપ્યો પોતા પાસ નિવાસ ॥૪॥
સીતાને થયું સુત જોડલું, તેની રક્ષા કરી મુનિધીર ।
કુશ ને લવની મુઠી લઈને, તે નામે થયા બેઉ વીર ॥૫॥
રામાયણ મુનિપાસ ભણિયા, લવ ને કુશ બુદ્ધિમાન ।
યજ્ઞમાં જઈ રામચરિત્રનું, કીધું બેઉ જણે ગાન ॥૬॥
લવ ને કુશ બે પુત્ર સોતી, પાછી લાવ્યા તેહ ।
વાંકાં વચન સુણી રામનાં, ભોંમાં સમાણી એહ ॥૭॥
સીતા સરખી મહા સતી, તેને આપ્યું કષ્ટ અપાર ।
મુક્તાનંદના નાથના, પ્રપંચનો નહિ પાર ॥૮॥

## કડવું ॥૪૮॥

અપર બોલી આપણે, હવે શું છે કપટીનું કામ ।
મહાદુઃખ દીધું મોહને, એનું ન લેશો કોઈ નામ ॥૧॥
ઉદ્ધવજી અમે અધિક ભોળાં, જાણ્યું નહિ છળ લેશ ।
મન કર્મ વચને માનિયો, કપટિ તણો ઉપદેશ ॥૨॥
પારાધિ જેમ કુરંગને, સુંદર સુણાવે નાદ ।
પછી એ મારે બાણ તનમાં, એવો મળ્યો રસ સ્વાદ ॥૩॥
ટોળાં વછોયો કરે તતક્ષણ, વહે રુધિરની ધાર ।
અમ સંગાથે કૃષ્ણજી, એમ કર્યું વારંવાર ॥૪॥
હાસ્ય કરી નખસ્પર્શ કરી, કીધો મદન પ્રકાશ ।
મૃગની પેરે મારિયાં, એણે કરાવી વિશ્વાસ ॥૫॥
ધણી તારો ધુતારડો, તું તેનો એકાંતિક દાસ ।
દાઝ્યા ઉપર લૂણ દેવા, મોકલ્યો અમ પાસ ॥૬॥
કરીશ માં એની વારતા, મુખ બોલો બીજી વાત ।
મુક્તાનંદના સ્વામીએ, અમશું કરી બહુ ઘાત ॥૭॥

## પદ ॥૧૨॥ (રાગ કેદારો)

ઉદ્ધવજી અમ સાથ ધુતારે, કપટ કર્યું અતિ ભારીરે ।
ચિત્ત ચોરી મથુરા જઈ બેઠા, ઝુરે છે વ્રજની નારીરે ॥ઉદ્ધવ૦॥૧॥
મથુરાનગરની નારી ધુતારી, રીઝવશે કરી પ્યારરે ।
મોહનવર મતલબનો ગરજુ, કપટી કુબજાનો યારર ॥ઉદ્ધવ૦॥૨॥
વ્રજની વાત વિસારી મોહન, હવે નહિ ગોકુલ આવેરે ।
મદન શરાસન લઈ મારેછે, તે થકી કોણ મુકાવેરે ॥ઉદ્ધવ૦॥૩॥
કુબજાને સંગે જોગ અભ્યાશ્યો, અમને મેલ્યાં વિસારીરે ।
મુક્તાનંદનો નાથ બન્યા છે, મથુરાં જઈ બ્રહ્મચારીરે ॥ઉદ્ધવ૦॥૪॥

## કડવું ॥૪૯॥ (ઢાળ પ્રથમનો)

ગોપી રુદન કરે છે અપારરે, આવ્યો મધુકર બીજીવારરે ।
બોલી મધુકરશું કરી પ્યારરે, ફરી મુક્યો શું નંદકુમારરે ॥૧॥

અમને માનવા જોગ્ય છો વીરરે, વર માગો તે દેશું સુધીરરે ।
જેના ઉરમાં છે શ્રીનો નિવાસરે, અમને તેડી ચાલો તેની પાસરે ॥૨॥
એને નારી વિના ન રેવાયરે, રાખે ઉરવિષે શ્રીને સદાયરે ।
એને નારી તણો નહિ પારરે, અમને એક એનોજ આધારરે ॥૩॥
વીરા મથુરાપુરીમાં મુરારીરે, કો'ને સુખિયા છે શ્રીગિરિધારીરે ।
ક્યારે કરે છે ગોકુળીયાંની વાતરે, પ્રેમે સંભારી માત ને તાતરે ॥૪॥
ક્યારે ગોપી ગોવાળ સંભારીરે, રાજી થાય છે કુંજવિહારીરે ।
અમને જાણી અનન્ય નિજદાસીરે, ક્યારે સંભારે શ્રીઅવિનાશીરે ॥૫॥
ભુજ અગર સુગંધિ ગોપાલરે, ક્યારે શિરપર ધરશે કૃપાળરે ।
અમને મારી ગયા વિહરબાણરે, વીરા કેમ કરી રાખિયે પ્રાણરે ॥૬॥
વિરહપીડાથી ત્યાગશું પ્રાણરે, તેનો દોષ છે તમને સુજાણરે ।
નહિતો તેડો વીરા સૌને સાથરે, જ્યાં છે મુક્તાનંદનો નાથરે ॥૭॥

## કડવું ॥૫૦॥

સુણી ઉદ્ધવ ગોપીની વાણીરે, બોલ્યા ઉર ધરી શારંગપાણીરે ।
પ્રેમભીનાં તમારાં વચનરે, સુણિ મગન થયું મારું મનરે ॥૧॥
તમને દર્શનની ઘણી પ્યાસરે, પૂરી કરશે મોહન સર્વ આશરે ।
મને કહ્યો છે શ્રીકૃષ્ણે સંદેશરે, તમને અતિસુખનો ઉપદેશરે ॥૨॥
તમે સર્વે કૃતારથ માતરે, પૂજ્યા જોગ્ય સૌને સાક્ષાતરે ।
વાસુદેવ પ્રગટ પ્રભુ જેહરે, તેશું તમને છે અચળ સનેહરે ॥૩॥
તપ હોમ ને જપ વ્રત દાનરે, ગ્રંથપઠન ને સંયમ ધ્યાનરે ।
કરી સાધન અનંત અપારરે, ભક્તિ કૃષ્ણની સાથે ઉદારરે ॥૪॥
પરમાત્મા કૃષ્ણને સંગરે, પ્રેમ ભક્તિ છે તમને અભંગરે ।
પ્રેમલક્ષણા ભક્તિ છે સારરે, માગે મુનિવર વારંવારરે ॥૫॥
પતિ પુત્ર સ્વજન ધન ધામરે, દેહાદિકથી થયાં નિષ્કામરે ।
સર્વે ત્યાગી વર્યા ગિરિધારીરે, થઈ છે ત્રિભુવન જીત તમારીરે ॥૬॥
તમે પ્રભુમાં દેખાડી છે પ્રીતરે, મને કીધો છે પરમ પુનિતરે ।
મુક્તાનંદને વહાલે કર સાઈરે, સર્વે કમલા સમાન છો બાઈરે ॥૭॥

## કડવું ॥૫૧॥

તમે સાંભળોને મારી વાતરે, કહ્યું શ્રીમુખે જે સાક્ષાતરે ।
લાવ્યો હરિનો સંદેશો હું એહરે, સુણો એકમને કરી સ્નેહરે ॥૧॥
હું છું હરિનો એકાંતિક દાસરે, સદા રહું છું શ્રીકૃષ્ણની પાસરે ।
મને પુછ્યામાં કરશો માં લાજરે,તમ સારું મુક્યો છે મહારાજરે ॥૨॥
તમને કહ્યું શ્રીકૃષ્ણજી એમરે, સર્વે સાંભળજો કરી પ્રેમરે ।
મારો સર્વે પ્રકારે વિજોગરે, તમને થયો નથી છે સંજોગરે ॥૩॥
જેમ પંચ મહાભૂત છે જેહરે, વ્યાપ્યાં સર્વે આકારમાં તેહરે ।
મન ઈંદ્રિયો પ્રાણમાં એકરે, હું છું વ્યાપક સમજો વિવેકરે ॥૪॥
મારા તેજમાં સર્વે આકારરે, સર્જું પાળું હરું બહુ વારરે ।
માયા ગુણને હું પ્રેરી કરાવુંરે, સર્જું વિશ્વ ન બંધમાં આવુંરે ॥૫॥
હું છું સર્વેમાં સર્વથી ન્યારોરે, જાણો મુજથકી સર્વ પસારોરે ।
હુંમાં મનડું બંધાણું છે જેનું રે, સહજે સિધ્યું કારજ સર્વ તેનું રે ॥૬॥
હું માં મન દ્રઢ બાંધવા કાજરે, વસે વનમાં તજી સુખસાજરે ।
મુક્તાનંદના નાથની વાણીરે, સર્વે ઉર ધરો પરમ સયાણીરે ॥૭॥

## કડવું ॥૫૨॥

વળી કૃષ્ણજી કહે છે વચનરે, સર્વે સાંભળજો એક મનરે ।
મન મુજમાં આરોપવા કાજરે, ત્યાગી સેવે છે સંતસમાજરે ॥૧॥
સાંખ્ય યોગ વેદાંત વિચારરે, તપ ત્યાગ દમાદિ પ્રકારરે ।
સર્વે મન વશ કરવાને એહરે, તેમાં લેશ નથી સંદેહરે ॥૨॥
જેમ નદિયોનો સિંધુમાં અંતરે, રેણિ મનના નિરોધ પર્યંતરે ।
વશ્યો તમથી હું વેગળો જ્યારેરે, વધ્યો પ્રેમ અપાર તમારેર ॥૩॥
પ્રેમે મન તો રહ્યાં મારી પાસરે, તમને એજ સમીપ નિવાસરે ।
હુંમાં મનને બંધાવાને પ્યારીરે, વશ્યો વેગળો સમજી વિચારીર ॥૪॥
જ્યારે દૂર પતિ જેનો જાયરે, તેનું મન પિયુસંગ પ્રોવાયરે ।
તેવો દ્દષ્ટિગોચર પતિ સંગરે, નોય વનિતાના મનને પ્રસંગરે ॥૫॥
સુણો ગોપિકા મનડાં તમારાંરે, મારા રુપથી રહે નહી ન્યારાંરે ।
એવો કીધો ઉપાય મેં સારરે, તમે લેશો માં અવળો વિચારરે ॥૬॥
વ્રજવનિતા તો પ્રાણ છો મારારે, ગુણ ભુલું ન લેશ તમારારે ।
મુક્તાનંદનો વહાલો ગુણજાણરે, મીઠું બોલી હરે મન પ્રાણરે ॥૭॥

## પદ ॥૧૩॥ (રાગ - મલાર)

તમે તો કૃતારથ કામિની, મન મુજવિષે ધારી ।
તન મન ધન મુજ ઉપરે, નાખ્યું સર્વસ્વ વારી ॥તમે૦॥૧॥
જે મુજમાં મનને ધરે, છોડી જગતનો કેડો ।
તે પ્રેમિજન પાસળે, રહું કરી દઢ નેડો ॥તમે૦॥૨॥
મન મુજમાં તમે રાખજો, રહેજો જગ થકી ન્યારી ।
અલ્પ કાળમાં સુંદરી, મને પામશો પ્યારી ॥તમે૦॥૩॥
રાસ સમે વ્રજમાં રહી, રોકી જે નિજ સ્વામી ।
તમ મો'રે તનને તજી, પ્રેમે મુજને તે પામી ॥તમે૦॥૪॥
જે મુજને પ્રેમે ભજે, તેને પળ ન વિસારું ।
મુક્તાનંદનો નાથ કહે, સર્વે કષ્ટથી તારું ॥તમે૦॥૫॥

## કડવું ॥૫૩॥ (ઢાળ બીજો)

ગોપી સાંભળી હરિ સંદેશ, કીધો મન હરિરુપ પ્રવેશ ।
વળી બોલી ઉદ્ધવજીની સંગ, ભાખ્યો કૃષ્ણલીલાનો પ્રસંગ ॥૧॥
સુણો ઉદ્ધવ હરિ સુખકારી, માર્યો કંસ મટ્યું દુઃખ ભારી ।
જાદવ સંગે તે કરતો વિરોધ, તેતો કાઢ્યો શ્રીકૃષ્ણજી સોધ ॥૨॥
ત્યાગ્યો આહિરડાંનો આચાર, હવે થયા હરિ રાજકુમાર ।
એ શું મથુરાં નગર કેરી નાર, વીરા કરતી હશે ઘણો પ્યાર ॥૩॥
જોઈ વનિતાનો ભ્રકુટી વિલાસ, પડશે મોહન પ્રેમને પાસ ।
વીરા મથુરાં ધૂતારાનું ગામ, રાખ્યા ભોળવી સુંદર શ્યામ ॥૪॥
કહોને પુરવનિતા ભલી જાણી, કેવી શ્રીકૃષ્ણને પ્રીત બંધાણી ।
એને મનગમતું જ્યારે થાયે, તેને સંગ જોરાયે બંધાયે ॥૫॥
અમે ભોળાં ગોકુળનાં વાસી, નવ જાણિયે કપટ પ્રકાશી ।
નારી નગરની છળમાં છે શૂરી, બની જોડ પરસ્પર પૂરી ॥૬॥
એણે કુબજાશું કીધો વિહાર, સંગે દૂત હતા તમે તૈયાર ।
મુક્તાનંદના નાથને નોર, જોઈયે તમ જેવા દૂત ચકોર ॥૭॥

## કડવું ॥૫૪॥

કો'ને ઉદ્ધવ પરમ સુધીર, પુરનારી મધ્યે બલવીર ।
ક્યારે વાત કરે છે અમારી, જાણી દાસિયો શ્રીગિરધારી ॥૧॥
વૃંદાવન મધ્યે નવલ વિહારી, અમશું રાસ રમ્યા સુખકારી ।
તે તે રજનિયો અતિ સુખદાઇ, એને સાંભરે છે કે નહિ ભાઇ ॥૨॥
વીરા રાસની લીલા અપાર, કે'તાં શેષજી પામે ન પાર ।
અમશું રમિયા છે કૃષ્ણજી જેમ, કહું તે સંક્ષેપે કરી તેમ ॥૩॥
દેખી શરદનો ચંદ્ર વિશાળ, વાઈ વેણુ રસાળ ગોપાળ ।
ફૂલી મલ્લિકા જાતિ સુરંગ, જોતાં વાધે અપાર અનંગ ॥૪॥
ઉડુરાજનો કિરણ પ્રકાશ, જોઇ વનછબી કમળા નિવાસ ।
ગાયો વેણુમાં રાગ રસાળ, ધાયાં સુણતાં પહેલાં તતકાલ ॥૫॥
સુણિ અનંગ પ્રદીપન ગીત, મોહ્યું વ્રજવનિતાઓનું ચિત્ત ।
એક બીજીથી છાની ઉજાણી, વેગે આવ્યાં જ્યાં સારંગપાણી ॥૬॥
કેનો જોવા ન રહે કોઇ સાથ, વાઇ વેણુ ખેંચ્યાં જદુનાથ ।
મુક્તાનંદના સ્વામીને કાજ, સર્વે ત્યાગ કરી કુળલાજ ॥૭॥

## કડવુ ॥૫૫॥

કોણે દોહતાં મેલિયું ગાયું, સુણિ બંસિ ઉઠી સર્વે ધાયું ।
કોઈ ઉફણતું પય મેલી, ચાલી ઉન્મત્ત થઈ અલબેલી ॥૧॥
ચુલે ચડતી રસોઇ તે ત્યાગી, ધાયું હરિ સનમુખ બડભાગી ।
કેણે ધાવતાં ત્યાગીયાં બાળ, ત્યાગ્યા જમતા પતિ તતકાળ ॥૨॥
જમતાં ત્યાગ કર્યા કેણે અન્ન, કેણે ત્યાગ્યાં ઉઘાડાં ભવન ।
કેણે પતિ સુત સેવા વિસારી, ચાલી પ્રેમમગન વ્રજનારીપે'ર્યા ॥૩॥
અવળાં આભૂષણ ચીર, ગોપી પ્રેમે થયાં છે અધીર ।
આંજ્યું એક એક લોચન ગોપી, પ્રેમે રહી પરિપૂરણ ઓપી ॥૪॥
વેણુનાદ સુણી સર્વ ચાલી, પ્રેમે પરવશ થઈ મતવાલી ।
વાર્યા પતિ સુત માત ને તાત, વાર્યા સર્વે સંબંધીએ ભ્રાત ॥૫॥
સૌનું બાંધ્યું મોહનજીશું મન, વાર્યા ન રહ્યાં તે ગોપીજન ।
જે જે પતિએ રોકી ઘરમાંઇ, જાવા માગ મળ્યો નહિ કાંઇ ॥૬॥
તેણે ધર્યું મોહન કેરું ધ્યાન, મિચિ લોચન મુદિયા કાન ।
મુક્તાનંદના વહાલાને પ્યારી, પામી ઉરમાં મોહન સુખકારી ॥૭॥

## કડવું ॥૫૬॥

સુણો ઉદ્ધવજી એની વાત, જેમ મળિયા મોહન સાક્ષાત ।
તીવ્ર તાપે તપી અતિ એહ, છુટી ભોગવી દુષ્કૃત તેહ ॥૧॥
ધ્યાને પામી પાતળિયાનો સંગ, પામી અતિ સુખ શમિયો અનંગ ।
હરીને મળવે થયું સુખ ભારી, છુટી શુભ કર્મથી સર્વ નારી ॥૨॥
રહે કર્મે કરી સર્વે દેહ, તેમાં રંચ નહિ છે સંદેહ ।
એનાં કર્મ બળ્યાં સર્વ વીર, પામી કૃષ્ણને ત્યાગી શરીર ॥૩॥
અમ મોર્ય તે હરિવર પામી, ભાગી જનમોજનમની ખામી ।
જાર બુદ્ધિએ ભજિયા ગોપાલ, તોય મુક્ત થઈ તતકાલ ॥૪॥
જે જે વ્રજમાં રોકાણીતી ભાઈ, તેની વાત કહી સુખદાઈ ।
તેની કેડે સકળ વ્રજનારી, આવી જ્યાં હતા કુંજવિહારી ॥૫॥
અમને દેખી મોહન ચિત્ત ચોર, હસિ બોલિયા નંદકિશોર ।
ભલે આવ્યાં તમે સર્વ વૃંદ, કો'ને વ્રજમાં છે કુશળ આનંદ ॥૬॥
કો'ને શા કારણ વન આવ્યાં, એમ બોલીને અમને ડરાવ્યાં ।
મુક્તાનંદના વહાલાની વાણી, સુણી સુંદરી સર્વ દુઃખાણી ॥૭॥

## પદ ॥૧૪॥ (રાગ સામેરી)

કઠણ હૈયાનારે કપટી કાનજીરે, અમ સંગ બોલિયા વચન કઠોર ।
જાઓ ઘર પાછાંરે સર્વે સુંદરીરે, વનમાં છે જંતુ ભયાનક ઘોર ॥કઠણ૦॥૧॥
તમારા સંબંધીરે તમને ખોળશેરે, કલ્પશે માત પિતા સુત ભ્રાત ।
પતિ તો તમારારે તમપર કોપશેરે, એમાંથી તો થયો ઘણો ઉતપાત ॥કઠણ૦॥૨॥
જોવા આવ્યાં વનરે તે જોઈ પાછા વળોરે, રજનીમાં કરવી નહિ ઘણી વાર ।
જાઓ ઘેર પાછાંરે પતિની સેવા કરોરે, કુળવંતી નારીનો એજ આચાર ॥કઠણ૦॥૩॥
ચિતડાં અમારાં રે લોભાણાં નંદલાલમાંરે, બીજે મન માને નહિ લવલેશ ।
મુક્તાનન્દ કેરોરે વાલમ કહી હારિયોરે, અમને ન લાગ્યો એ ઉપદેશ ॥કઠણ૦॥૪॥

## કડવું ॥૫૭॥ (ઢાળ ત્રીજો)

ઉદ્ધવ અમ સંગ બોલિયા, છળ રાખી નંદકુમાર ।
નિજ ભવન જઈ ભામિની, સુખે સેવો નિજ ભરથાર ॥૧॥
કલપતાં હશે વાછરું, રોતા હશે બહુ બાળ ।
ધવરાવો મન દયા આણી, જાઓ ઘરે તતકાળ ॥૨॥

જો તમને દઢ પ્રેમ મુજ સંગ, આવ્યાં થયું દરશન ।
મુજ સંગ પ્રીતિ જે કરે, તેનું થાય નિર્મલ મન ॥૩॥
કપટ તજી નિજ પતિ ભજે, નારીનો એ નિજધર્મ ।
પતિનું વચન ન વાઢવું, અબળાને એ શુભ કર્મ ॥૪॥
દરિદ્રી દુઃશીલ રોગી, વૃદ્ધ જડ પતિ હોય ।
એવોય પતિ જો અપાતકી, વનિતાને ભજવો સોય ॥૫॥
કુળવાન નારિ પતિ તજી, જો ભ્રષ્ટ થાવા જાય ।
ત્રણે કુળને લાંછન દઈ, પડે નરક અપજશ થાય ॥૬॥
શ્રવણ દર્શન ધ્યાનથી, વાધે મુજ સંગ પ્રીતિ અપાર ।
મુક્તાનંદને સ્વામીએ, જાઓ જાઓ કહ્યું બહુવાર ॥૭॥

## કડવું ॥૫૮॥

ઉદ્ધવજી એમ સાંભળ્યાં, કપટિનાં વચન કઠોર ।
શોકસાગરમાં સર્વે બૂડ્યાં, ચિંતા વ્યાપી ઘોર ॥૧॥
નિચાં મુખ કરી માનિની, સૌ મુકે અતિ નિઃશ્વાસ ।
ચરણ નખ ભૂમિ ખણે, થયાં શોકે અધિક ઉદાસ ॥૨॥
નયણે જલધારા વહે, ધુવે કુચનું કુંકુમ તેહ ।
દાવાનળ દુઃખનો બળે, તેમાં દાઝે સૌનો દેહ ॥૩॥
પ્રિતમ વેરીની પેર બોલ્યાં, વાંકાં વચન અપાર ।
જે અર્થે ઘરબાર છોડ્યાં, છોડ્યો કુળ વ્યવહાર ॥૪॥
શૂર થઈ વ્રજસુંદરી, લુહ્યાં લોચન જળ નિજ હાથ ।
ક્રોધ કરી ગદ્ગદ્ સ્વરે, બોલિયાં મોહન સાથ ॥૫॥
શાને કાજે શ્યામળા, કો'છો વચન અતિ વિકરાળ ।
તજી સર્વ સુખ શરણ આવ્યાં, પાળો જનપ્રતિપાળ ॥૬॥
ભૂધરજી અમને ભજો, તજો જૂઠી મનની તાણ ।
મુક્તાનંદના નાથજી, તજવાની ત્યાગો વાણ ॥૭॥

## કડવું ॥૫૯॥

ઉદ્ધવજી એમ બોલિયું, વળી જોડીને સર્વે હાથ ।
અમે તમારી દાસિયો, પ્રભુ તમે અમારા નાથ ॥૧॥

દાસ જાણી દયાળુ અમને, આપો નિકટ નિવાસ ।
આદિપુરુષ જેમ ભકતને, નિત્ય રાખે ચરણને પાસ ॥૨॥
પતિ પુત્ર સંબંધિની, સેવા અમારો એ ધર્મ ।
ધર્મ જાણમાં અધિક છો, પ્રભુ તમે બતાવ્યો મર્મ ॥૩॥
અમે તમારા વચન સર્વે, માન્યાં સત્ય સ્વરૂપ ।
તમે જ સૌના આતમા, તમે પતિ પરમ અનૂપ ॥૪॥
તમે જ સાચા પતિ સૌના, બીજા તે અબળાનાં વૃન્દ ।
પતિ જાણી પશુતુલ્ય નારી, પડે છે મોહને ફંદ ॥૫॥
પતિ શબ્દનો અર્થ એ છે, પાળે આ લોક પર લોક ।
એવા પતિ તમે એક છો, મેટણ વિકટ ભવશોક ॥૬॥
તે માટે અમે વર્યા તમને, ત્યાગી જગની આશ ।
મુક્તાનંદના નાથજી, નિત્ત્ય રાખો પ્રભુ તમ પાસ ॥૭॥

## કડવું ॥૬૦॥

ઉદ્ધવ વળિ એમ બોલિયાં, શ્યામળા કેરે સંગ ।
જાણ્યાં તમને અચળ પતિ, કેમ રાચીયે બીજે રંગ ॥૧॥
જે તમને વનિતા વરે, પતિવ્રતા કહાવે તેહ ।
ભમે બિજીયો ભવવિષે, ધરે અનન્ત જાતના દેહ ॥૨॥
શ્વાન શૂકર ખર પુરુષ સંગે, થાય તે ઘણીએ વાર ।
પતિવ્રતાના ધર્મનો, તેને રહે કેમ નિરધાર ॥૩॥
તે માટે તમે પતિવ્રતાનો, કહ્યો જે અમને ધર્મ ।
તે અમે તમ સંગે રાખશું, જાણ્યો અલૌકિક મર્મ ॥૪॥
પતિ સુતાદિક કુટુંબ સર્વે, આપે દુઃખ ભય શોક ।
તે સંગે પ્રીતિ કરે, તમથી વિમુખ શઠ લોક ॥૫॥
વિવેકી તમ સંગ પ્રીતિ, બાંધે અચળ અપાર ।
વિષયસુખ તૃષ્ણા તજે, તમને ભજે કરી પ્યાર ॥૬॥
તે માટે અમે પ્રીત તમશું, જોડી અચળ જગવંદ ।
મુક્તાનંદના નાથ અમને, મ ત્યાગો સુખકંદ ॥૭॥

### પદ ॥૧૫॥ (રાગ કાફી)

પ્રાણજીવન પુરુષોત્તમ પ્યારા, અમને છે આશા તમારીરે ।
લાલચડી લાગી બહુ દિનની, સફળ કરો સુખકારીરે ॥પ્રાણ૦॥૧॥
ચિતડું અમારું લોભાણું સુખમાં, નયણાં તે રૂપને જોઈરે ।
મોરલીનો નાદ સુણી મરમાળા, તમ સંગ મન રહ્યું મોઈરે ॥પ્રાણ૦॥૨॥
કર ઘરકારજ કરવા ન ચાલે, પગ ન ભરે ડગ પાછુંરે ।
ચરણ તમારાં તજી મનમોહન, જાવાનું થયું છે કાચુંરે ॥પ્રાણ૦॥૩॥
હાથ નવ હાલે પગ નવ ચાલે, કહો કેમ કરી ઘર જાવેરે ।
અમૃતની આશા કરી આવ્યાં, વિષડું તે કેમ કરી ખાયેરે ॥પ્રાણ૦॥૪॥
અધર અમૃતરસ પાન કરાવી, તનના તાપ બુઝાવોરે ।
મુક્તાનંદના નાથ રસિલા, રસનો ઘન વરસાવોરે ॥પ્રાણ૦॥૫॥

### કડવું ॥૬૧॥ (ઢાળ પ્રથમનો)

વળી ઉદ્ધવજી હરિ સંગેરે, અમે બોલિયાં દાઝતે અંગેરે ।
સુણો કૃષ્ણજી પરમ સુજાણરે, વાઈ વેણુ હર્યા તમે પ્રાણરે ॥૧॥
ખેંચી ભ્રકુટી ધનુષ કરી જોરે, માર્યાં કામનાં બાણ કઠોરરે ।
તેની વેદના અમને છે ભારીરે, વેગે ટાળો શ્રીકુંજવિહારીરે ॥૨॥
જો નહિ એમ કરો બળવીરરે, વિરહે દાઝેલ તજશું શરીરરે ।
ધરી ધ્યાનને ત્યાગશું દેહરે, તમને પામશું નહિ સંદેહરે ॥૩॥
પ્રભુચરણ તમારાં ઉદારરે, સેવે સિન્ધુસુતા કરી પ્યારરે ।
અમે જે દિથી ચરણ તમારાંરે, આપ્યાં ઉરમાં થયાં જગ ન્યારાંરે ॥૪॥
અમને તે દિથી અન્ય નર સાથરે, ઉભું રહેવું ગમે નહિ નાથરે ।
છુટ્યો તમ વિના સૌથી સનેહરે, દિઠો નવ ગમે પુરુષનો દેહરે ॥૫॥
ધારી ચાતક સરખી ટેકરે, અમે પામિયો પરમ વિવેકરે ।
વરિયો તમને કરી દૃઢ પ્રીતરે, અમે જાણી અલૌકિક રીતરે ॥૬॥
કીધું તમ વિના સર્વે હરામરે, જાવા સુજે નહિ બીજું ઠામરે ।
મુક્તાનંદના સ્વામી સુજાણરે, તમને અરપ્યા છે તન મન પ્રાણરે ॥૭॥

## કડવું ॥૬૨॥

વીરા વળી અમે મોહન સંગરે, કાઢ્યો પ્રેમ ભક્તિનો પ્રસંગરે ।
આપ્યો કમળાને ઉરમાં નિવાસરે, તોય ચરણ સેવ્યાની છે આશરે ॥૧॥
નિજ શોક્ય વૃંદા સંગ તેહરે, ઈચ્છે ચરણ નિવાસને એહરે ।
એવું ચરણસરોજ તમારુંરે, પ્રભુ પૂરણ ધન છે અમારુંરે ॥૨॥
જેને સેવે છે મહા મુનિવૃંદરે, સેવી પામે અત્યંત આનંદરે ।
તેની પેર અમે હવે દેવરે, પામ્યાં ચરણકમળની સેવરે ॥૩॥
નિજ દાસ ગોપિજન જાણીરે, રીઝો અમ પર સારંગપાણીરે ।
અમે તમને ઉપાસવા કાજરે, ત્યાગ્યાં મંદિર શ્રીમહારાજરે ॥૪॥
પ્રભુ હાસ વિનોદ તમારેરે, વાધ્યો અંતરે કામ અમારેરે ।
તેના વૈદ્ય તમે સુખકંદરે, ટાળો દાસનું દુઃખ જગવંદરે ॥૫॥
જોઈ ખીતલિયાળા કેશરે, નિરખી નટવર સુંદર વેશરે ।
મુખે અધરસુધા સુખકારીરે, ભુજદંડ સકળ ભયહારીરે ॥૬॥
જોઈ શ્યામળા શોભા તમારીરે, થઈ દાસિયો શ્રીગિરિધારીરે ।
મુક્તાનંદના વ્હાલા વિહારીરે, પુરો પ્રેમશુ આશા અમારીરે ॥૭॥

## કડવું ॥૬૩॥

વળી ઉદ્ધવજી અમે નારીરે, બોલ્યાં હરિસંગ લાજ વિસારીરે ।
સુણો મદનમોહન સુખધામરે, વારુ છબીપર કોટીક કામરે ॥૧॥
એવી ત્રિભુવનમાં નહિ નારીરે, જોઈ તમને રહે અવિકારીરે ।
સુણી બંસીનું ગીત રસાળરે, નારીમાત્ર ચળે તતકાળરે ॥૨॥
તારું અનંગવિમોહન અંગરે, જોતાં વનિતાને વાધે અનંગરે ।
પશુ પંખી ને દ્રુમ સ્થિરકાયરે, દેખી રુપ રોમાંચિત થાયરે ॥૩॥
તમે પ્રગટ્યા છો વ્રજજન કાજરે, સુખ આપવા શ્રીમહારાજરે ।
વિરહવેદના અમને છે ભારીરે, ટાળો નટવર કુંજવિહારીરે ॥૪॥
કામે તપ્ત થયા સ્તન નાથરે, ધારો તેપર શીલત હાથરે ।
ધારો શિરપર ભુજ સુખરુપરે, ટાળો વનિતાનું કષ્ટ અનૂપરે ॥૫॥
અમે રસિયા તમારાં દાસરે, આવ્યાં પ્રેમભર્યા તમ પાસરે ।
પ્યારા વિરહની વેદના ટાળોરે, બોલ્યા પ્રથમ તે બોલ સંભારોરે ॥૬॥

રચો રાસ અમારી સંગરે, ટાળો પિંડનો કામ અભંગરે ।
મુક્તાનંદના શ્યામ સુજાણરે, કરો પ્રથમનાં વેણ પ્રમાણરે ॥૭॥

## કડવું ॥૬૪॥

વીરા વિનતિ સુણિને અમારીરે, કીધી કરણા શ્રીકુંજવિહારીરે ।
કૃપાસિંધુ હસી સુખધામરે, કીધો રાસનો પ્રારંભ શ્યામરે ॥૧॥
પોતે આત્મારામ છે તોયરે, ઈચ્છયા રમવા ગોપિસંગ સોયરે ।
થયાં પ્રફુલ્લિત મુખ સર્વ નારીરે, વેગે ટોળે વળી સકુમારીરે ॥૨॥
તેને સંગ મોહન વનમાળીરે, પ્રેમે રમવાને પળવટ વાળીરે ।
શોભે વનિતા મધ્યે જગવંદરે, જેમ તારામાં પૂરણ ચંદરે ॥૩॥
ગોપી પ્રેમમગન કરે ગાનરે, તેમાં તાન મેલાવે છે કહાનરે ।
નારી વૃંદતણા પ્રતિપાળરે, શોભે ઉર વૈજયંતી માળરે ॥૪॥
કાને કુંડળ મકરાકારરે, મુખચંદ્રનું તેજ અપારરે ।
વાલો વિચરે શોભાવતા વનરે, વ્રજનારીના પ્રાણજીવનરે ॥૫॥
આવ્યા જમુનાને તીરે ગોપાળરે, દીઠી સુંદર ભૂમિ વિશાલરે ।
ફુલી જળમાં કુમોદની જેહરે, તેને ગંધે સુગંધિ છે તેહરે ॥૬॥
હેમ સરખી છે રેતી તીર રે, તેમાં રમણ કર્યૂ બાળ રે ।
રમ્યા અમ સંગ અંતરજામીરે, વ્હાલા મુક્તાનંદના સ્વામીરે ॥૭॥

## પદ ॥૧૬॥ (રાગ વસંત)

ઉદ્ધવજી અમ સાથે રસિયે, રમણ કર્યું સુખકારી ।
આલિંગન ચુંબન કરી મોહન, મગન કરી વ્રજનારી ॥ઉદ્ધવ૦॥૧॥
હાસ કરી હેતે કર ઝાલી, કંઠ બાંહડલી મેલી ।
અંગઅંગ સ્પર્શ પયોધર મર્દન, કાન કરી રસ કેલી ॥ઉદ્ધવ૦॥૨॥
સ્પર્શ વિલોકન હાસ વિનોદે, મદન જગાડી મુરારી ।
વ્રજવનિતા કીધી મતવાલી, નટવર કુંજવિહારી ॥ઉદ્ધવ૦॥૩॥
મદન મનોરથ સફળ કરીને, અતિ દુર્લભ સુખ આપ્યું ।
મુક્તાનંદને નાથ રસીલે, વિકટ વિરહ દુ:ખ કાપ્યું ॥ઉદ્ધવ૦॥૪॥

## કડવું ॥૬૫॥

ઉદ્ધવ એમ હરિસંગ વિહાર, કિધો વ્રજવનિતા બહુ વાર ।
સર્વે અખંડ સોહાગણ નારી, કીધી સુંદર વર ગિરિધારી ॥૧॥
વાધ્યું વનિતાને માન અપાર, પામી પુરુષોત્તમ ભરથાર ।
નારીમાત્રથી હરિને પ્રતાપ, ગોપી શ્રેષ્ઠ ગણે નિજ આપ ॥૨॥
આવ્યું માનિનીને ઉર માન, દિઠું દીનબંધુ ભગવાન ।
ગર્વભંજન શ્રીગોપાળ, ટાળે માનરિપુ તતકાળ ॥૩॥
સૌથી માનરિપુ અતિભારી, હરિજનને એ મહાદુઃખકારી ।
એવું જાણિને જનસુખકારી, થયા અંતરધાન મુરારી ॥૪॥
ગોપી હરિ વિના સૌ અકળાણી, બોલે હાહાકાર મુખ વાણી ।
ધાયાં ખોળવા નારિનાં વૃંદ, જ્યાં ત્યાં ખોળે ગોપી વ્રજચંદ ॥૫॥
વિરહ તાપે અતિ હદવાળી, બોલે ઘેલી થઈ વ્રજબાળી ।
પુછે વૃક્ષને કૃષ્ણની વાત, કોણે દીઠા મોહન સાક્ષાત ॥૬॥
પુછી પુછી થાકી સુકુમારી, હરિનાં પગલાં દિઠાં અઘહારી ।
મુક્તાનંદના નાથમાં પ્યાર, દોડી આવી ગોપી તેણીઠાર ॥૭॥

## કડવું ॥૬૬॥

ઉદ્ધવ પગલાં પ્રીતમજીનાં જોઈ, વ્રજનારી રહી સર્વ મોહી ।
સંગે શોક્યનાં પગલાં નિહાળી, ક્રોધે લાલ થઈ કહે બાળી ॥૧॥
એ તો એકલી છે હરિસંગ, રાચ્યા મનમોહન એને રંગ ।
એના પુણ્યતણો નહિ પાર, સંગે લીધી શ્રીનંદકુમાર ॥૨॥
એમ કહીને ચાલી વ્રજનારી, વેગે ખોળવા દેવ મુરારી ।
હરિસંગે હતી સુકુમારી, તેને ગર્વ વધ્યો અતિભારી ॥૩॥
વ્હાલે સૌને તજી તતકાળ, મને તેડી છે સંગે ગોપાળ ।
મુમાં મોહનને છે પ્રીત, મારી થઈ સબ ગોપીમાં જીત ॥૪॥
એવું જાણી આણી અહંકાર, બોલી હરિસંગ વારમવાર ।
હુંતો થાકી ઘણું જગસ્વામી, તેડી ચાલો મોહન બહુનામી ।૫॥
દીઠું વનિતાને અતિઘણું માન, તેને ત્યાગ કરી ભગવાન ।
રોતી ગઈ સર્વ વનિતાને સંગ, સૌનું માન હર્યું શ્રીરંગ ॥૬॥

ગોપી ખોળી હારી બલવીર, પાછાં આવિયાં જમુનાને તીર ।
મુક્તાનંદના સ્વામીશું તાન, ગોપી કરવા બેઠી ગુણગાન ॥૭॥

## કડવું ॥૬૭॥

સુણો ઉદ્ધવજી વ્રજનારી, હરિને સાદ કરી કરી હારી ।
વાધ્યો વિરહતણો તને તાપ, કરે સુંદરી સર્વ વિલાપ ॥૧॥
મેલી કરપર સર્વે કપોળ, રોઈ નેણ કર્યાં રંગ ચોળ ।
ઉંચે સાદે રુવે સુકુમારી, ત્રાહિ ત્રાહિ ગોવિંદ પોકારી ॥૨॥
આવ્યા દીનબંધુ દુઃખહારી, દીઠા ગોપિએ શ્રીગિરિધારી ।
બોલી જેજેકાર મુખવાણી, દોડી હરિચરણે લપટાણી ॥૩॥
કોઈક હરિનો કરાંબુજ જેહ, કરે સાઈ રહી દૃઢ તેહ ।
કોઈક ચરણને ઉરપર ધારી, પ્રેમે મગન થઈ પ્રિયા પ્યારી ॥૪॥
કોણે ચાવેલ તાંબુલ સાર, લીધો નિજ કરમાં કરી પ્યાર ।
કોઈ કંઠે બાંહડલીને મેલી, દૈ દૈ ચુંબન થૈ અલબેલી ॥૫॥
ઉઠ્યા ગોપિકા સહિત ગોપાળ, આવ્યા જમુના તીરે તતકાલ ।
નિજવસ્ત્રે આસન કરી બાળી, પધરાવ્યા પ્રેમે વનમાળી ॥૬॥
ઘેરી બેઠી ચરણ કર ઝાલી, પ્રેમે પૂરણ થૈ મતવાલી ।
મુક્તાનંદના સ્વામીને સંગ, વધ્યો અબળાને અધિક ઉમંગ ॥૭॥

## કડવું ॥૬૮॥

વીરા કરી અમે પરમ વિવેક, પુછ્યું પ્રશ્ન મોહનજીને એક ।
પ્રભુ તમને પડી એ શી ટેવ, ભજતાંને ભજે નહિ દેવ ॥૧॥
હસિ બોલિયા શ્રીહરિ વાણી, સુણો સુંદરી પરમ સયાણી ।
ભજતાંને ભજે નહિ જેહ, ગુરુદ્રોહી કૃતઘ્ની તો તેહ ॥૨॥
મુમાં દોષ ન લાવશો એહ, મારે ભક્તશું પરમ સનેહ ।
હું તો ભક્તનો દોરાયો દોરાઉં, જનકાજ દશોદિશ ધાઉં ॥૩॥
પામે નિરધનિયો ધન જેમ, ખોએ ધનનું ભજન કરે તેમ ।
રહું ભક્તથી વેગળો જ્યારે, પ્રેમભક્તિને પામે તે ત્યારે ॥૪॥
તમે ત્યાગ કર્યો સુખસાજ, મારે અર્થે તજી કુળલાજ ।
તમને જાણી સદા નિજદાસ, કરવા પ્રેમનો અધિક પ્રકાશ ॥૫॥

ભજું પરોક્ષ રહીને હું પ્યારી, સત્ય માનજો વાત અમારી ।
જોતા ભક્તિ તમારી ઉદાર, હું ન છૂટું કરી ઉપકાર ॥૬॥
છોડો સાધુપણે સુકુમારી, તો હું છૂટું એ લીધું વિચારી ।
મુક્તાનંદના વ્હાલાની વાત, સુણી જાણ્યા પ્રિતમ સાક્ષાત ॥૭॥

### પદ ॥૧૭॥ (રાગ બિહાગ)

મગન થયાં વચન સુણી વ્રજનારી, ઉદ્ધવજી અમને ।
મોહનની ચડી ગઈ અખંડ ખુમારી ॥મગન૦॥૧॥
શ્યામનાં ચરણ સ્પર્શ કરી ટાળી, વિરહની વેદના ભારી ।
તન મન ધન સુંદરવર ઉપર, સર્વસ્વ નાખ્યું છે વારી ॥મગન૦॥૨॥
મનમોહન સંગ રાસ રમ્યાનું, સૌ ઈચ્છે સુકુમારી ।
નિજજનનું ગમતું કરવાને, રાસ રચ્યો ગિરિધારી ॥મગન૦॥૩॥
પ્રેમશું પલવટ વાળી પાતળિયે, રસિયો રાસવિહારી ।
મુક્તાનંદનો નાથ ગોપી મધ્યે, શોભે ઘણું સુખકારી ॥મગન૦॥૪॥

### કડવું ॥૬૯॥ (ઢાળ ત્રીજો)

ઉદ્ધવજી અમસંગ રસીયો, શોભે નટવર વેશ ।
માથે તે મુગટ જડાવનો, કાજુ ખિતલિયાળા કેશ ॥૧॥
પૂરણ શશિસમ વદન ઝળકે, લાજે કોટિક કામ ।
ચંદનચર્ચિત નીલ કલેવર, મદનમોહન શ્યામ ॥૨॥
કાને કુંડળ જળહળે, રવિતુલ્ય તેજ અંબાર ।
વૈજયંતી માળા ગળે, મધ્ય મોતીડાંના હાર ॥૩॥
નેણ કંકોળેલ નાથનાં, અણિયાણાં ચપળ અપાર ।
ભાલ તિલક શોભા ઘણી, નાસા દીપશિખા અનુસાર ॥૪॥
ઉન્નત ઉર કૌસ્તુભ મણિ, નિરખીને વ્યાપે મનોજ ।
હાસસહિત મનને હરે, વ્હાલાનું વદનસરોજ ॥૫॥
બાંય બાજુબંધ બેરખા, હાથે હેમકડાં તે જડાવ ।
દશે આંગળિયે વેઢ વીંટી, પે'ર્યા નટવર નાવ ॥૬॥

પીતાંબર કટિમેખલા, પાય નુપુરનો ઠમકાર ।
મુક્તાનંદના નાથની, શોભાતણો નહિ પાર ॥૭॥

## કડવું ॥૭૦॥

ઉદ્ધવ વનિતા વૃંદમાં, શોભે કુંજવિહારી કહાન ।
સુંદર મોરલી હાથ લૈ, કર્યું કામ પ્રદીપક ગાન ॥૧॥
બે બે વનિતા રત્નને મધ્યે, થાય એક એક આપ ।
અન્યોઅન્ય ભુજને ગ્રહી, કીધો સુંદર રાગ આલાપ ॥૨॥
યોગેશ્વર શ્રીકૃષ્ણજીએ, એમ રચ્યો મનોહર રાસ ।
સૌ જાણે વ્રજ સુંદરી, પ્રભુ છે અમારે પાસ ॥૩॥
કંઠે ભુજ ધરી કૃષ્ણજી, કીધું મંડળ પરમ અનૂપ ।
બે બે વનિતા મધ્ય બિરાજે । સુંદર શ્યામ સ્વરુપ ॥૪॥
આવ્યા સુર વિમાન ચડીને, બ્રહ્મા ભવ સુરરાય ।
સુરવિમાને ગગન છાયું, શોભા કહી નવ જાય ॥૫॥
દેવ બજાવે દુંદુભિ, કરે પુષ્પવૃષ્ટિ અપાર ।
અનંત નાચે અપ્સરા, ગાય ગાંધર્વ હરિગુણ સાર ॥૬॥
નારીનાં નૂપુર કંકણના, વાજે અતિ ઝણકાર ।
મુક્તાનંદ તે રાસમાં, થાય સુંદર શબ્દ ઉચ્ચાર ॥૭॥

## કડવું ॥૭૧॥

ઉદ્ધવ અમસંગ રાસ મધ્યે, શોભે નંદકુમાર ।
હેમમણિ મધ્ય મહામરકત, શોભે જેમ અપાર ॥૧॥
કર ચરણનાં કરે લટકાં, કરે તે ભ્રકુટીવિલાસ ।
ગોપિકા કટીથી નમે, ચળે કુંડલ અધિક પ્રકાશ ॥૨॥
ચળ્યા કુચપટ કામનીનાં, સ્વેદભર્યા મુખચંદ ।
વેણી કટિપટ દૃઢ કરી, મુખ ગાય કૃષ્ણ ગોવિંદ ॥૩॥
કૃષ્ણવધૂ એમ ગાન કરી કરી, રમે નિજ પતિ સંગ ।
મેઘઘટામાં દામની, એમ શોભે ઉજ્જવળ અંગ ॥૪॥
ઉંચે સ્વર અતિ ગાય ગોપી, નાના રાગ રસાળ ।
નૃત્ય કરી કરી ગાનમાં, દેખાડે બહુવિધ તાલ ॥૫॥

રસિક પ્રભુના સ્પર્શથી, ઉર વાધ્યો અધિક ઉમંગ ।
ગાન સુણી ગોપીતણું, ચડ્યો ચૌદ લોકમાં રંગ ॥૬॥
ગોપી જનના ગાનની, ધુની વ્યાપી વિશ્વમાં સોય ।
મુક્તાનંદના નાથને, સંગે રહી ચિત્ત પ્રોય ॥૭॥

## કડવું ॥૭૨॥

ઉદ્ધવ એણીપેર મદનમોહન, સુણી અમારું ગાન ।
ઉંચે સ્વર આલાપ કરી કરી, ગાન કરે ભગવાન ॥૧॥
કોઈક ગોપી મુકુંદને સંગ, ઉંચે સ્વર અભિરામ ।
ગાઈ દેખાડે જુજવા, સુર સપ્તને ત્રણ ગ્રામ ॥૨॥
ગાન સુણી હરિ રિઝિયા, તેને વખાણી બહુ વાર ।
મોહનસંગ તે માનિની, કરે ગાન પૂરણ પ્યાર ॥૩॥
ધ્રુ તાલે કરી તેજ ગોપી, ઉંચો ઉપાડે રાગ ।
ધન્ય ધન્ય કહે સૌ સુંદરી, કરે તાન માન વિભાગ ॥૪॥
રાસ મધ્યે કોઈ કામિની, રમતાં જે થાકી અપાર ।
હાથ ધરી હરિને ખભે, લીધો મોહનનો આધાર ॥૫॥
રાસમાં કોઈ કૃષ્ણનો ભુજ, ચંદનચર્ચિત જેહ ।
સુગંધ લઈ ચુંબન કરી, ધર્યો પ્રેમે ઉરપર તેહ ॥૬॥
કમળસરખો ભુજ સુગંધી, કંઠ ઉર ધરી કોય ।
મુક્તાનંદના શ્યામ સંગે, રોમાંચિત થઈ સોય ॥૭॥

## પદ ॥૧૮॥ (રાગ - આશાવરી)

ઉદ્ધવજી અમ સાથે રસિયો, રાસ રમ્યા ગિરિધારીરે ।
પૂરણ સુખ આપી પાતળિયે, મગન કરી વ્રજનારીરે ॥ઉદ્ધવ૦॥૧॥
કોઈ ગોપી અતિ પ્રેમ મગન થઈ, પ્રભુ પાસે કહ્યું એહરે ।
મોહનવર મને ચાવેલ તાંબૂલ, મુખથકી આપો તેહરે ॥ઉદ્ધવ૦॥૨॥
પ્રેમી જનના વચન સુણીને, રિઝિયા રસિક વિહારીરે ।
મુખ સાથે મુખ મેળવી દીધો, તે તાંબૂલ મુરારીરે ॥ઉદ્ધવ૦॥૩॥
નૂપુર શબ્દ કરે નવરંગી, વ્રજવનિતા અતિ નાચેરે ।
પ્રેમ મગન ગોપી ગુણ ગાવે, સુણી મનમોહન રાચેરે ॥ઉદ્ધવ૦॥૪॥

રાસરમણ કરી જે કોઇ થાકે, હરિકર ઉર પર મેલીરે ।
તનનો તાપ નિવારીને ગોપી, ગાન કરે અલબેલીરે ॥ઉદ્ધવ૦॥૫॥
નિજ જન જાણી લાડ લડાવે, શ્યામ સુંદર સુખકારીરે ।
મકુતાનંદના નાથની છબીપર, સર્વસ્વ નાખું વારીરે ॥ઉદ્ધવ૦॥૬॥

## કડવું ॥૭૩॥ (ઢાળ પ્રથમનો)

અતિ કમળાને વલ્લભ જેહરે, ઉદ્ધવ અમને મળ્યા પતિ તેહરે ।
ધાર્યા કંઠ ઉપર હરિ હાથરે, કીધી ગોપીયો સર્વ સનાથરે ॥૧॥
પ્રેમે હરિગુણ ગાય છે નારીરે, સુણી રિઝે શ્રીકુંજવિહારીરે ।
તેનો આનંદ ગોપિને અંગેરે, રમે રાસ સુંદરવર સંગેરે ॥૨॥
શોભે કર્ણફૂલ શુભ કાનેરે, શોભે ગોપિયો ગોરે વાનેરે ।
શોભે કેશ આભૂષણ સારેરે, મુખે શ્રમજળ શોભે અપારરે ॥૩॥
ઘણાં કંકણ નૂપુર વાજેરે, તેને નાદે ત્રિભુવન ગાજેરે ।
ગોપી નૃત્ય કરે હરિ સંગેરે, પ્રેમે રાચી શ્યામળીયાને રંગેરે ॥૪॥
છૂટ્યા કેશથી પુષ્પના હારરે, કરતાં શ્યામળીયાશું વિહારરે ।
કરે રાસમાં મધુકર ગાનરે, ગોપી સંગ રમે ભગવાનરે ॥૫॥
કરસ્પર્શ આલિંગન હાસરે, કરે ગોપિશું કમળાનિવાસરે ।
વ્રજવનિતાને સંગે મુરારીરે, રમે રતિપતિ ગર્વ નિવારીરે ॥૬॥
ખેલે નિજ પ્રતિબિંબશું બાળરે, તેમ જુવતિશું દીનદયાળરે ।
મુક્તાનંદનો નાથ સ્વચ્છંદરે, સદા પૂરણકામ ગોવિંદરે ॥૭॥

## કડવું ॥૭૪॥

વીરા હરિવર અધિક સ્વચ્છંદરે, અતિ રમણ કર્યું જગવંદરે ।
એને અંગસંગે સુકુમારીરે, અતિ વ્યાકુળ થઇ વ્રજનારીરે ॥૧॥
કેશ કમખા ને વસ્ત્ર છે જેહરે, ગોપી વેવા સમર્થ નહિ તેહરે ।
માળા આભરણ નહિ શુધ કાંઇરે, લેશ સામર્થ્ય નહિ તનમાંઇરે ॥૨॥
દેખી કૃષ્ણનો અધિક વિહારરે, મોહી સુરવનિતાઓ અપારરે ।
કામબાણે પિડાળી છે સર્વરે, સુરવનિતાનો ભાંગ્યો છે ગર્વર ॥૩॥

ગણે સહિત ઉડુપતિ જોઈરે, પામ્યો વિસ્મય રહ્યું મન મોઈરે ।
જેણે દીઠા ત્યાં મદનગોપાળરે, સૌને વિસ્મય થયો તતકાલરે ॥૪॥
કીધાં રુપ ઘણાં વ્રજચંદરે, બન્યા ગોપિકા દીઠ ગોવિંદરે ।
સદા આત્મારામ અકામરે, ગોપિસંગ રમે સુખધામરે ॥૫॥
ક્રીડા કીધી અધિક વનમાળીરે, તેણે થાકી રહ્યાં વ્રજબાળીરે ।
તેના વદનકમળને વિહારીરે, લુંછે નિજકરે શ્રીગિરિધારીરે ॥૬॥
ટાળે શ્રમજળ મુખ થકી કાનરે, એવા ભક્તવત્સલ ભગવાનરે ।
મુક્તાનંદનો શ્યામ સુજાણરે, કીધાં કામનાં નિષ્ફલ બાણરે ॥૭॥

## કડવું ॥૭૫॥

સુણો ઉદ્ધવજી વળી વાતરે, જેમ રમિયા મોહન સાક્ષાતરે ।
કરી શોભતા સૌ શણગારરે, અમૃતસમ હસવે લગારરે ॥૧॥
હરિને માન દિયે ઘણું ગોપીરે, અંગેઅંગ રહી સર્વ ઓપીરે ।
પામી પ્રભુથકી સુખડું અપારરે, ગોપી હરિગુણ ગાય ઉદારરે ॥૨॥
કીધો ગોપિયોનો અંગસંગરે, માળા મર્દન થઈ ચડ્યો રંગરે ।
કુચકુંકુમ રંગે મુરારીરે, શોભે રસિયોજી નવલ વિહારીરે ॥૩॥
હરિની માળાના ગંધશું પ્યારરે, ઝુકી ભમર કરે છે ગુંજારરે ।
તેને લાગ્યું સુગંધિમાં તાનરે, કરે ગાંધર્વની પેઠે ગાનરે ॥૪॥
સૌનો થાક નિવારવા કાજરે, ચાલ્યા માનિની સહિત મહારાજરે ।
સંગે આવે ભમર ગુણ ગાતરે, પો'તા જમુના મધ્યે જગ ત્રાતરે ॥૫॥
મત્ત હસ્તી ગતિ કેરે સંગરે, તેમ જળમાં પેઠા શ્રીરંગરે ।
નાહ્યા કામિનીને સંગે કાનરે, ઘણું શોભે વાલો ભીને વાનરે ॥૬॥
સિંચે હસિ હસિ માનિની નીરરે, જલક્રીડા કરે બલવીરરે ।
મુક્તાનંદનો પ્રીતમ ન્હાયરે, કરે પુષ્પવૃષ્ટિ સુરરાયરે ॥૭॥

## કડવું ॥૭૬॥

એમ ઉદ્ધવજી અમ સાથરે, જલક્રીડા કરી જદુનાથરે ।
બોલે દેવતા જય જય વાણીરે, ખેલે જમુનામાં સારંગપાણીરે ॥૧॥
સદા આત્મારામ મુરારીરે, ગોપીસંગ રમે સુખકારીરે ।
મત્ત હસ્તિની પેરે મહારાજરે, નાહ્યા જમુનામાં નિજજન કાજર ॥૨॥

પછી જલથકી નિસર્યા બહારરે, સંગે ટોળે વળી સર્વ નારરે ।
માથે ભ્રમર કરે ગુણગાનરે, શોભે જુવતિમાં શ્રીભગવાનરે ॥૩॥
વન ઉપવન જલ સ્થલ માંઈરે, ન રહ્યું ક્રીડા વિના સ્થળ ક્યાંઈરે ।
જ્યાં જ્યાં પુષ્પ સુગંધી અપારરે, ત્યાં ત્યાં રમિયા શ્રીનંદકુમારરે ॥૪॥
ફર્યા કુંજ કુંજ પ્રત્યે કહાનરે, કરે જુવતી જુથ ગુણગાનરે ।
ફર્યા શૈલ નદીતટ શ્યામરે, કર્યા જુવતિને પૂરણકામરે ॥૫॥
સંગે જુવતિ ને ભૃંગનાં વૃંદરે, મધ્યે શોભે મોહન વ્રજચંદરે ।
જેમ હસ્તિ હાથણિયોને સંગરે, તેમ ગોપી મધ્યે શ્રીરંગરે ॥૬॥
જેવો કીધો શ્રીકૃષ્ણે વિહારરે, કહેતાં ન બને અનુપમ સારરે ।
મુક્તાનંદના વ્હાલામાં લેશરે, તોય કામે ન કીધો પ્રવેશરે ॥૭॥

## પદ ॥૧૯॥ (રાગ ગરબી)

ઉદ્ધવ એમ રાસ રમ્યા વાલો, કોકિલો મોહન મતવાલો ॥ઉદ્ધવ૦॥
શરદની રાત ઘણી સારી, પૂરણ શશિ શોભે સુખકારી ।
રમ્યા એવી રજનીમાં ગિરિધારી ॥ઉદ્ધવ૦॥૧॥
સદા સત્યસંકલ્પ બહુનામી, કામનિયોને સંગે નિષ્કામી ।
એવા તો એ એકજ જગસ્વામી ॥ઉદ્ધવ૦॥૨॥
શરદ ઋતુમાં રસિક તણી રીતે, મોહ્યાં ગોપી વંસીને ગીતે ।
રમ્યા તેશું પાતળિયો પ્રીતે ॥ઉદ્ધવ૦॥૩॥
કાયર કરી રમતાં વ્રજનારી, રાખ્યું વીર્ય પોતામાં ધારી ।
રહ્યા વનિતા સંગ બ્રહ્મચારી ॥ઉદ્ધવ૦॥૪॥
એવું તો એકજથી થાય, નારી સંગ રહી નવ લોપાય ।
તેણે એને નેતિ નિગમ ગાય ॥ઉદ્ધવ૦॥૫॥
અકળ કોઈથી જાય નહિ કળિયા, અલૌકિક સામર્થ્ય અતિ બળિયા ।
મુક્તાનંદનો વ્હાલો છળિયા ॥ઉદ્ધવ૦॥૬॥

## કડવું ॥૭૭॥ (ઢાળ બીજો)

ઉદ્ધવ એમ ગોપિજન કાજ, રમ્યા રાસ વ્હાલો વ્રજરાજ ।
આપ્યું અબળાને સુખડું અપાર, કહેતાં શેષજી પામે ન પાર ॥૧॥

હતા વ્રજમાં ગોવાળિયા જેહ, મોહ્યા કૃષ્ણની માયામાં તેહ ।
પોતા પાસે માની નિજનારી, એવી માયા પસારી મુરારી ॥૨॥
રાત્ય પાછલી રહી ઘડિ ચાર, બોલ્યા મનમોહન કરી પ્યાર ।
હવે જાઓ ઘરે સુકુમારી, માનો દૃઢ કરી વાત અમારી ॥૩॥
સુણી વચન પડ્યો ઉર ત્રાસ, મૂકે માનિની સૌ નિઃશ્વાસ ।
ક્ષણમાત્ર તે રજની પ્રમાણી, મૃગનેણી સર્વ અકલાણી ॥૪॥
ઘરે જાવા ઈચ્છે નહિ કોય, વ્હાલે પ્રેર્યા જોરાવરી તોય ।
અમે હરિનું વચન ઉર ધારી, કષ્ટે નિજ ઘર આવ્યાં વિચારી ॥૫॥
એવાં સુખડાં આપ્યા સુખકારી, વીરા તે હવે ખટકે છે ભારી ।
દિન રાત ઝુરે વ્રજબાળી, પળ વિસરે નહિ વનમાળી ॥૬॥
એની વાત વિસારી ન જાય, સંભારતાં મહાદુઃખ થાય ।
મુક્તાનંદના વ્હાલાનો સંગ, અમને આપે છે દુઃખડું અભંગ ॥૭॥

## કડવું ॥૭૮॥

ઉદ્ધવ વિરહવંતી વ્રજનારી, પામે મહાદુઃખ હરિને સંભારી ।
એના ગુણને સંભારે છે જેમ, વિરહ તાપ વધે ઘણો તેમ ॥૧॥
ઝુરે કૃષ્ણ વિના સુકુમારી, વિરહવેદના અંતરે ભારી ।
બોલે ઉનમત્ત થઈ મુખ વાણી, ક્યારે આવશે સારંગપાણી ॥૨॥
નેણે નીર વહે એકધાર, પીડે પ્રભુ વિના કામ અપાર ।
આઠે પહોર રોતાં એમ જાય, કંપે દેહ ને વેદના થાય ॥૩॥
એવું મહાદુઃખ પામે છે જ્યારે, ગોપી હરિગુણ ગાય છે ત્યારે ।
ભાસે રસિયાનું સુંદર રુપ, તેશું કરે છે એકાંત અનૂપ ॥૪॥
ધ્યાન હરિનાં ચરણ ઉર ધારે, એમ વિરહનો તાપ નિવારે ।
કરે આલિંગન હરિસંગ, એમ ઉરથી નિવારે અનંગ ॥૫॥
જ્યારે ધ્યાન તજી જુવે બ્હાર, વિરહ તાપે તપે વ્રજનાર ।
પછી કરે છે ચરિત્રનું ગાન, પળ વિસરે નહિ ભગવાન ॥૬॥
એમ પરવશ થઈ વ્રજબાળી, વિરહબાણે વેંધી વનમાળી ।
મુક્તાનંદના નાથની પ્યારી, ગોપી જીવે ચરિત્ર સંભાળી ॥૭॥

## કડવું ॥૭૯॥

સુણો ઉદ્ધવ પરમ સુધીર, જે જે ચરિત્ર કર્યા બલવીર ।
કીધું ચરિત્ર વિમલ જગવંદ, અહિના મુખથી છોડાવ્યા છે નંદ ॥૧॥
શંખચૂડ વ્રજાંગના ચોર, તેને માર્યો શ્રીનંદકિશોર ।
તેના શિરનો ચૂડામણિ જેહ, લાવ્યા ગોપિસહિત પ્રભુ તેહ ॥૨॥
વૃષભાસુર દુર્મદ ભારી, તેને માર્યો શ્રીકુંજવિહારી ।
વ્યોમાસુરના હર્યા પ્રભુ પ્રાણ, માર્યો કેશીને પરમ સુજાણ ॥૩॥
એવા દૈત્યોથી અમને ઉગારી, શુભ ચરિત્ર કર્યાં સુખકારી ।
આવ્યો ક્રૂર કપટી કઠોર, તેણે કૃષ્ણને કીધો કુનોર ॥૪॥
જાવા ત્યાર થયા બેઉ ભાઈ, વ્રજનારી આવી સર્વ ધાઈ ।
ગોપી વારવા થઈ સર્વ ત્યાર, પછી બોલિયા નંદકુમાર ॥૫॥
અમને રોક્યાનું કરશો માં કોઈ, વ્હેલા આવશું મધુપુર જોઈ ।
રાજા કંસે તેડાવ્યા છે આજ, ગયા વોણું સરે નહિ કાજ ॥૬॥
ગોપી આવ્યાની અવધે લોભાણી, કોઈ બોલી શકી નહિ વાણી ।
મુક્તાનંદનો નાથ સંભારી, વિરહે વેંધી ઝુરે વ્રજનારી ॥૭॥

## કડવું ॥૮૦॥

ઉદ્ધવ લલિતા બોલી હરિસંગ, સુણો નંદનંદન નવરંગ ।
તમે જાવાની કીધી છે ત્યારી, રાધા વિરહે મુંઝાય છે ભારી ॥૧॥
જાશે મથુરા નગર ભગવાન, એવું સુણતાં ભૂલી તનભાન ।
પામી મૂરછા પડી તતકાલ, તમે આવીને દેખો દયાલ ॥૨॥
વ્હાલે લલિતાની વાત વિચારી, આવ્યા રાધિકા પાસ મુરારી ।
પડ્યાં ભોંપર રાધિકા રાણી, દેખી ડરપિયા સારંગપાણી ॥૩॥
પાછા આવ્યાની અવધિએ એહ, નિશ્ચે નહિ રાખે નિજદેહ ।
કર સાહિ જગાડિયાં કાન, ભાવે બોલ્યા મોહન દઈ માન ॥૪॥
તમે સુંદરી ત્યાગો સંતાપ, તમને થયો છે શ્રીદામનો શાપ ।
રહેશે સો વર્ષ મારો વિજોગ, પછી પામશો પરમ સંજોગ ॥૫॥
હમણાં સ્વપનામાં રાધિકા પ્યારી, મને દેખશો નવલવિહારી ।
મારા વરથી સંજોગ છે એહ, જાગ્યે નહિ રહે સુંદરી તેહ ॥૬॥
એવો વર દઈ અંતરજામી, જાવા ત્યાર થયા બહુનામી ।
મુક્તાનંદનો શ્યામ સુજાણ, રાખ્યા વર દઈ પ્યારીના પ્રાણ ॥૭॥

## પદ ॥૨૦॥ (રાગ પ્રભાતી)

કૃષ્ણજી લલિતાને કહે સાંભળી પ્યારી ।
રાધિકાની રીત સર્વ ગોપિથી ન્યારી ॥કૃષ્ણ૦॥૧॥
આવ્યાની અવધિ સર્વ ગોપીને દિધી ।
રાધાને વરદાન આપી અધિક કીધી ॥કૃષ્ણ૦॥૨॥
પ્રાણથી પ્યારી છે ને રાધિકા ગોરી ।
મુજને જોઇ જીવે જેમ ચંદચકોરી ॥કૃષ્ણ૦॥૩॥
સ્વપને સંજોગ મારો રાધાને રહેશે ।
જાગિને વિરહ કેરી વેદના સહેશે ॥કૃષ્ણ૦॥૪॥
મૂર્છાથી જાગે ત્યારે વારતા કહેજો ।
રાધિકાની સેવામાંહી પ્રેમેશું રહેજો ॥કૃષ્ણ૦॥૫॥
એવું કહી અક્રૂર સંગે ચાલ્યા મુરારી ।
મુક્તાનંદના નાથ વોણી ઝુરે સૌ નારી ॥કૃષ્ણ૦॥૬॥

## કડવું ॥૮૧॥ (ઢાળ ત્રીજો)

ઉદ્ધવજી એમ રાધિકાને, આપી હરિ વરદાન ।
મૂર્છામાં મુકી પિયા, રથે બેઠા શ્રીભગવાન ॥૧॥
રામ સહિત રથપર બિરાજ્યા, જાવા મધુપુર શ્યામ ।
પ્રાણ ગયા સમ દેહ જેવું, થયું છે ગોકુળ ગામ ॥૨॥
કોઈક વ્યાકુળ વચન બોલે, કોઇ રુવે થઇ ઉદાસ ।
કોઈક મૂર્છા પામિયાં, જાણું જાશે હમણાં શ્વાસ ॥૩॥
કોઈક કામિની અધિક આતુર, પાડે અતિશે ચીસ ।
હોઠ ડસી અક્રૂર ઉપર, કરે છે સર્વે રીસ ॥૪॥
કઠણ મન કરી કૃષ્ણજી, હંકાવ્યો રથ તતકાળ ।
ઉદ્ધવ હરિને એ સમે, નવ દીઠા દીનદયાળ ॥૫॥
જ્યાં લગી રથને ભાળિયો, ત્યાં લગી ધાયાં લોક ।
પછી પડ્યાં સૌ ભૂમિ ઉપર, કીધો અતિશે શોક ॥૬॥
કોઈ પડી ઘર આંગણે, કોઈ ગામમાં કોઈ બહાર ।
મુક્તાનંદ કહે કૃષ્ણ વોણી, મહાદુઃખણી વ્રજનાર ॥૭॥

## કડવું ॥૮૨॥

ઉદ્ધવ એણીપેરે નમેરા થઈ, ગોકુળથી ગયા કાન ।
રાધા અતિ વિરહે દુઃખી, તેને નાપ્યું દર્શન દાન ॥૧॥
રાત દિવસ સુતી રહે, તેને જગાડો તમે વીર ।
રાધિકાનાં વચનને સુણો ઉદ્ધવ પરમ સુધીર ॥૨॥
પછી ઉદ્ધવે અતિ પ્રેમશું, વિનતી કરી બહુવાર ।
રસિકરાય શ્રીકૃષ્ણના, ગુણ ગાય પરમ ઉદાર ॥૩॥
ગોવિંદ ગુણ સુણી રાધિકા, પછી જાગિયાં જગમાત ।
ઉદ્ધવને અતિ પ્રેમશું, પુછવા લાગ્યાં વાત ॥૪॥
તાત તમારું શું નામ છે, ક્યાંથી આવ્યા સુરંગ ।
વેશ કરાવી શ્રીકૃષ્ણનો, કેણે મોકલ્યા શુભ અંગ ॥૫॥
વચન સુણી રાધાતણાં, કરી ઉદ્ધવ પ્રેમે પ્રણામ ।
કર જોડી કહે માત સુણજો, ઉદ્ધવ મારું નામ ॥૬॥
શ્યામસુંદરે મને મોકલ્યો, શુભ કથા કરવા પ્રકાશ ।
મુક્તાનંદના નાથનો, હું અતિ એકાંતિક દાસ ॥૭॥

## કડવું ॥૮૩॥

હરિજન જાણી રાધિકા, કર્યું વંદન વારમવાર ।
રામકૃષ્ણનું કુશળ પુછ્યું, પ્રેમે કરી બહુ વાર ॥૧॥
ઉદ્ધવ શા કારણ થકી, મથુરાં ગયા ભગવાન ।
વૃંદાવન ક્યારે આવશે, વ્હાલો દેવા દર્શનદાન ॥૨॥
પૂર્ણ શશિસમ દેખશું, ક્યારે વદન એહનું વીર ।
ક્યારે એ રાસ રમાડશે, મનમોહન પરમ સુધીર ॥૩॥
ક્યારે એ ફરીને કરશે, જલક્રીડા નવલકિશોર ।
ચંદન ચરચિ પૂજશું, ક્યારે શ્યામસુંદર ચિત્તચોર ॥૪॥
કાનકુંવરના કંઠમાં, પે'રાવશું ક્યારે હાર ।
ઉદ્ધવ અમને રાત દિન, મનમાં છે એ જ વિચાર ॥૫॥
કર જોડી ઉદ્ધવ કહે, સુણો જગતજનની વાત ।
કૃષ્ણ ને બલરામ મધુપુર, કુશળ છે બેઉ ભ્રાત ॥૬॥

સંદેશો તમને કહ્યો, પ્રેમે કરી હરિ જેહ ।
મુક્તાનંદના નાથનાં, હવે વચન સુણજો તેહ ॥૭॥

## કડવું ॥૮૪॥

ઉદ્ધવ કહે સુણો માત તમને, કહ્યું શ્રીહરિ એમ ।
હું સૌના ઉરમા રહું, આકાશ વ્યાપક જેમ ॥૧॥
હું છુ સૌનો આતમા, વળી ન્યારો સૌથી જેહ ।
પ્રેમિજનના ઉરવિષે, સુખ આપવા રહું તેહ ॥૨॥
એમ કહ્યું શ્રીકૃષ્ણજી, માટે મગન રહેજો માત ।
તમ પાસે ત્રિભુવનપતિ, હરિ રહે સદા સાક્ષાત ॥૩॥
ઉદ્ધવની વાણી સુણી, કરી રાધિકા બહુ હાસ ।
પ્રેમમગન થઈ બોલિયાં, વાણી ઉદ્ધવ દૃઢ હરિદાસ ॥૪॥
ઉદ્ધવજી અમે કૃષ્ણને, એમ જાણિયે છૈયે વીર ।
તોય અમારે પ્રગટવો'ણુ, મન ધરે નહિ ધીર ॥૫॥
કાલિંદીતટ તે જ છે, વળી ત્રિવિધ મારુત સોય ।
તે જ કદંબ ને ક્રીડાનાં સ્થળ, સુખ ન આપે કોય ॥૬॥
તે જ વૃંદાવન છે રમણિક, તે જ કોકિલ નાદ ।
મુક્તાનંદના નાથ વો'ણાં, કરે છે કષ્ટ વિષાદ ॥૭॥

## પદ ॥૨૧॥ (રાગ રામગ્રી)

ઉદ્ધવજી વાલમ વિના, વ્રજ દુઃખકારી ।
સંપત્તિ જોઈ વિરહનો, તાપ વધે ભારી ॥ઉદ્ધવ૦॥૧॥
અમૂલ્ય મણિનાં તે જ, મંદિર છે ભાઈ ।
વ્હાલા વિના ભાખસિ, સરિખાં દુઃખદાઈ ॥ઉદ્ધવ૦॥૨॥
મણિકેરા દીપ અતિ, જ્યોતિને પ્રકાસે ।
વાલિડા વિના તે, વિખઝાળ સમ ભાસે ॥ઉદ્ધવ૦॥૩॥
સંપૂરણ ચંદ્ર અતિ, આપતો ઉમંગ ।
કૃષ્ણ વિના કામિનીનાં, બાળે સર્વ અંગ ॥ઉદ્ધવ૦॥૪॥
ગોપીકાનો ગણ અતિ, દુઃખદાયી લાગે ।
વ્હાલા વિના વિરહનું, દુઃખ નવ ભાગે ॥ઉદ્ધવ૦॥૫॥

કામ તો કસાઈ જેવો, મ્હેર તજી મારે ।
મુક્તાનંદ કૃષ્ણવોંણિ, રાધિકા પોકારે ॥ઉદ્ધવ૦॥૬॥

## કડવું ॥૮૫॥ (ઢાળ પ્રથમનો)

વળી બોલિયાં રાધિકા રાણી રે, સુણો ઉદ્ધવજી મારી વાણી રે ।
મને હરિ વિના સર્વ સંસારરે, વીરા આપે છે કષ્ટ અપાર રે ॥૧॥
શય્યા પુષ્પસુગંધિની જેહ રે, વળી ચંદને ચર્ચિત તેહ રે ।
મને બાણ સજ્યા સમ સોય રે, વહાલા વોણું સુખદ નહિ કોય રે ॥૨॥
રતિભોગને જોગ્ય તંબોલ રે, વાસ્યા કર્પુરે ને રંગચોળ રે ।
કૃષ્ણ વોણાં તે સૌ દુઃખકારી રે, વિરહવેદના આપે વધારી રે ॥૩॥
માળા માલતી પુષ્પની સારી રે, શ્વેત ચામર દર્પણ ભારી રે ।
મને હરિ વિના દુઃખ ઉપજાવે રે, જોતાં કષ્ટનો પાર ન આવે રે ॥૪॥
મુક્તા માણેક હીરાના હાર રે, શોભાધામ છે તેજઅંબાર રે ।
મને પ્રભુ વિના પીડે છે તેજ રે, વિરહઝાળ વધારે છે એજ રે ॥૫॥
ઘસી કસ્તુરી કુંકુમસંગ રે, ભર્યાં ચંદન પાત્ર સુરંગ રે ।
વાલા વોણું એ સર્વ નકારું રે, મને કાંય ન લાગે સારું રે ॥૬॥
જેમાં ભ્રમર કરે ગુણગાન રે, વન ઉપવન ક્રીડાનાં સ્થાન રે ।
મુક્તાનંદના પ્રભુ વિના ભાઈ રે, મને સર્વ થયાં દુઃખદાઈ રે ॥૭॥

## કડવું ॥૮૬॥

સુણો ઉદ્ધવ સુખપ્રદ જેહ રે, મને દુઃખદાયક થયું તેહ રે ।
મારે પુષ્પ સુગંધીનાં બાગ રે, જેને જોતાં વધે અનુરાગ રે ॥૧॥
ફુલ્યાં સરમાં સરોજ અપાર રે, તેમાં ભ્રમર કરે છે ગુંજાર રે ।
મારે વૈભવ સર્વ છે ભાઈ રે, દાસ દાસિયો જશ પ્રભુતાઈ રે ।૨॥
મારે હરિ વિના વૈભવ એહ રે, વિરહતાપે તપાવે છે દેહ રે ।
ક્યાં છે કૃષ્ણ કમળદળનેન રે, દુઃખહરી કરે સુખચેન રે ॥૩॥
આવો કૃષ્ણજી કમળાનિવાસ રે, આવો પ્રાણવલ્લભ મારે પાસ રે ।
મેં તો શા શા કર્યા હશે દોષ રે, મને ત્યાગી મોહન કરી રોષ રે ॥૪॥
એમ કહી કહી રાધિકા પ્યારી રે, પાછાં મૂર્છા પામ્યાં સુકુમારી રે ।
રાધા પ્રેમનું પાત્ર પ્રમાણી રે, બોલ્યા ઉદ્ધવ ગદ્ગદ્ વાણી રે ॥૫॥

તમે માત કૃતારથ રૂપ રે, દીઠી પ્રીતિ તમારી અનૂપ રે ।
મારે મથુરાં જાવાનું છે માત રે, જાગી કરુણા કરો સાક્ષાત રે ॥૬॥
હું શ્રીકૃષ્ણનો દાસ કે'વાઉં રે, પ્રભુ પ્રેરે તિયાં તિયાં જાઉં રે ।
મુક્તાનંદના સ્વામીને સંગરે, જઈ કહીશ તમારો પ્રસંગ રે ॥૭॥

## કડવું ॥૮૭॥

રાધા સુણીને ઉદ્ધવજીની વાણી રે, વળી જાગીયાં પરમ સયાણી રે ।
બેઠાં રત્નસિંહાસને પ્યારી રે, પ્રેમે બોલિયાં વચન વિચારી રે ॥૧॥
જાઓ મથુરાં નગર તમે તાત રે, રખે ભુલી જાતા મારી વાત રે ।
વ્હેલા લાવો શ્રીકૃષ્ણને આંહી રે, બીજે જાવા ન દેશો ક્યાંહી રે ॥૨॥
પામી વનિતાના જન્મને વીર રે, મળ્યા કૃષ્ણપતિ રતિ ધીર રે ।
એવા પતિસંગ પામી વિજોગ રે, એથી નહી અન્ય દુઃખ સંજોગ રે ॥૩॥
શાને વાત કરો બહુ વાર રે, મને બેધ ન લાગે લગાર રે ।
હરિનું દર્શન જેને ન થાય રે, તે નો નિષ્ફળ જનમ કહેવાય રે ॥૪॥
એનો લવ સંગમાં થયો સ્નેહ રે, મને વિસરે નહી પળ તેહ રે ।
હું તો રાતદિવસ રહું સોય રે, બીજી વાત ગમે નહી કોય રે ॥૫॥
જાગું રજનીમાં નિંદ નિવારી રે, ભજ્યે કૃષ્ણ વધે દુઃખ ભારી રે ।
પડી શોકના સિંધુમાં ભાઈ રે, મને કાઢો ઉદ્ધવ તમે ધાઈ રે ॥૬॥
એ છે સર્વે સુકૃત મધ્ય સાર રે, પ્રેમે કરવો જે પર ઉપકાર રે ।
મુક્તાનંદનો વ્હાલો વિહારી રે, ઉદ્ધવ જીવનદોરી અમારી રે ॥૭॥

## કડવું ॥૮૮॥

ઉદ્ધવ હરિગુણ મહિમા અપાર રે, કે'તાં શેષજી પામે ન પાર રે ।
તેને વારમવાર સંભારી રે, વિરહવેદના થાય છે ભારી રે ॥૧॥
નારીમાત્ર જગત મધ્યે સોય રે, તેમાં મુજ જેવી દુઃખણી ન કોય રે ।
દુઃખ હરિના વિજોગનું જેહ રે, બીજી મુજ વિના જાણે ન તેહ રે ॥૨॥
કાંઈક જાનકી જાણે છે એહ રે, જેને પ્રભુસંગ પરમ સનેહ રે ।
મુંથી અધિક દુઃખી જગમાંઈ રે, નારીમાત્રમાં લાધે ન ક્યાંઈ રે ॥૩॥
મારા મન ફરી વેદના જોઈ રે, વીરા હરિ વિના જાણે ન કોઈ રે ।
મારા સરખું અતુલ દુઃખ આવું રે, નારીમાત્રને કહી શું બતાવું રે ॥૪॥

મુજ સરખી તે વનિતા મોઝાર રે, ભુત ભવિષ્યમાં દુઃખણી ન નાર રે ।
અતિ સુખ ને સૌભાગ્યથી હીન રે, મુજ સરખી વિરહિણી ન દીન રે ॥૫॥
પહેલી કલ્પતરુને હું પામી રે, વર વરિયા મોહન બહુનામી રે ।
તેથી કીધો વિધાતા વિજોગ રે, મારા ઉરમાં છે એ અતિરોગ રે ॥૬॥
હસમાં રમતાં પ્રગટ હરિ દેખું રે, જીવ્યું જન્મ સફળ ત્યારે લેખું રે ।
મુક્તાનંદના શ્યામ સુજાણ રે, ઉદ્ધવ એ મારા જીવનપ્રાણરે ॥૭॥

## પદ ॥૨૨॥ (રાગ પંચમ)

ઉદ્ધવ અમારાં રે મોહન મન લઈ ગયા રે, વા'લા વિના વિરહનો તાપ ન જાય ।
વેગે તેડી લાવોરે મોહન મથુંરાં થકીરે, કરવી અમારી એજ સહાય ॥ઉદ્ધવ૦॥૧॥
નામ સુણી કાનરે કમળદગ કૃષ્ણનુરે, થાય છે મારા પ્રફુલ્લિત પ્રાણ ।
મનડાં અમારાં રે ધીરજ ધરતાં નથીરે, વણ દીઠે સુંદર શ્યામ સુજાણ ॥ઉદ્ધવ૦॥૨॥
વ્યભિચારી ભાવેરે સ્પર્શ કરે કૃષ્ણનોરે, તેનો જશ ચૌદ ભુવનમાં ગવાય ।
એવી શી સંપતરે જેણે હરિ વિસરેરે, ત્રિભુવન પાસંગ તુલ્ય ન થાય ॥ઉદ્ધવ૦॥૩॥
કોટી કામ શોભારે લજાય એક અંગમાંરે, બ્રહ્માદિક કેરું કારણ જેહ ।
રિદ્ધિ સિદ્ધિ રહેરે હાજર કર જોડીને રે, શેણે કરી વિસારું પતિ તેહ ॥ઉદ્ધવ૦॥૪॥
કાનજી કોડીલોરે સર્વ સુખધામ છે રે, કરુણાના સાગર ગુણભંડાર ।
મુક્તાનંદ કેરોરે વાલીડો નવ વિસરેરે, અમારા એ પ્રીતમ પ્રાણ આધાર ॥ઉદ્ધવ૦॥૫॥

## કડવું ॥૮૯॥ (ઢાળ બીજો)

વળી બોલિયાં રાધિકા રાણી, સુણો ઉદ્ધવજી મારી વાણી ।
કોટી ચંદ્રથી શીતલ જેહ, કોટી કામથી સુંદર તેહ ॥૧॥
તનધારી અસુર સુર જોય, તેમાં કૃષ્ણને તુલ્ય ન કોય ।
શેષ શારદા બ્રહ્માદિ દેવ, જેનુ ધ્યાન ધરે કરે સેવ ॥૨॥
એવી સંપત્તિ નહિ કોઈ સાર, જેણે વિસરે નંદકુમાર ।
એનું સ્વપને જો દર્શન પામે, તેનું મન ન ચડે અન્ય ભામે ॥૩॥
પામે કૃષ્ણનો લેશ પ્રસંગ, તેને ન ગમે સંસારનો સંગ ।
જેને જોઈને સ્થાવર કાય, ગિરિ વૃક્ષ ચપળસમ થાય ॥૪॥
એના અતિગુણ શીલ સંભારી, સ્થંભે મારુત જમુનાનું વારી ।
શોભા જોઈ સ્થંભે શશિ સૂર, રે'વા ઈચ્છે તે હરિને હજૂર ॥૫॥

એવી સંપત્તિ નહિ કોઈ સારી, જેણે વિસરે કુંજવિહારી ।
એવા અતિશે અલૌકિક એહ, તે શું બાંધ્યો છે અચળ સનેહ ॥૬॥
વણદીઠે તે પળ ન રે'વાય, ખાલી મંદિર ખાવાને ધાય ।
મુક્તાનંદનો વહાલો વિહારી, એ છે જીવનદોરી અમારી ॥૭॥

## કડવું ॥૯૦॥

ઉદ્ધવ સર્વના સ્વામી છે એહ, એવું જાણીને કીધો સનેહ ।
જેના ભયથકી ચંદ્ર ને સૂર, રહે નિશદિન હેતે હજુર ॥૧॥
જેને ડરે વહે ત્રિવિધ સમીર, વરસે ઈંદ્ર સુધાસમ નીર ।
જેનો ત્રાસ સદા ઉર આણી, દોડે મૃત્યુ હરે સર્વ પ્રાણી ॥૨॥
ફલે ફૂલે તરુ જેને ત્રાસે, રહે સિંધુ મરજાદમાં વાસે ।
એ છે કાળના કાળ અનંત, એને વશ સુર સિદ્ધપર્યંત ॥૩॥
એ છે અતિશે સ્વતંત્ર ઉદાર, એના મહિમાનો આવે ન પાર ।
એવી સંપત્તિ કોઈ ન ભાઈ, જેણે વિસરે હરિ સુખદાઈ ॥૪॥
મને હરિ વિના પળ એક જાય, તેતો કોટી કલ્પસમ થાય ।
એવો ભેદ પ્રબોધ ન હોય, જેણે સમજાવે મને કોય ॥૫॥
ત્યાગો ઉદ્ધવ બોધની આશ, જાઓ મથુરાં નગર પ્રભુ પાસ ।
એવું કહીને રુદન કરી ભારી, પામ્યાં મૂર્ચ્છા રાધિકા પ્યારી ॥૬॥
સુણી રાધાનાં વચન ગંભીર, રોયા ઉદ્ધવજી તજી ધીર ।
મુક્તાનંદના નાથની પ્યારી, એની પ્રીતિ ત્રિલોકથી ન્યારી ॥૭॥

## કડવું ॥૯૧॥

વળી બોલ્યાં લલિતા વિચારી, સુણો ઉદ્ધવ વાત અમારી ।
પહેલું આપી રાધાજીને માન, પછી ત્યાગ કરી ભગવાન ॥૧॥
મને મેલી મનાવાને જ્યારે, કીધી રાધિકા માનીતી ત્યારે ।
જેમ રાધિકાને કહી વાત, તમને સંભળાવું સર્વ ભ્રાત ॥૨॥
સુણો રાધિકા તમ વિના કહાન, વિરહ વિકળ તજી અન્ન પાન ।
વહે શીતળ ચંદન વાય, તેણે કૃષ્ણને વેદના થાય ॥૩॥
તમ અરથે મદન ઉર ધારી, રટે નામ તમારું મુરારી ।
લાગે ચંદ્રના કિરણનો તાપ, ઈચ્છે મરણ મોહનવર આપ ॥૪॥

લાગે કામતણા શર ભારી, અતિ વિકળ પોકારે મુરારી ।
જ્યારે ભ્રમર વૃંદ કરે ગાન, ઢાંકે તમ વિના કૃષ્ણજી કાન ॥૫॥
વ્યાપે રજનીમાં વિરહ અપાર, પામે વેદના પ્રાણ આધાર ।
તજી શ્યામ લલિત નિજધામ, વસે વન પ્રભુ પૂરણકામ ॥૬॥
રાધે તમ અર્થે સુખકારી, લોટે ધરણીમાં કુંજવિહારી ।
ચાલો શ્યામના શ્રીહરિ પાસ, તમકાજ ઝુરે અવિનાશ ॥૭॥
એવું માન દઈ ઘણું ભાવ, પછી ખેલ્યા રાધાજીશું દાવ ।
મુક્તાનંદને વહાલે એવી રીત, કીધી રાધાશું ધૂતવા પ્રીત ॥૮॥

## કડવું ॥૯૨॥

કહો ઉદ્ધવ સુંદર શ્યામ, કેદી આવશે ગોકુલ ગામ ।
વિરહ તાપે તપી વ્રજનારી, ક્યારે ઠારશે કુંજવિહારી ॥૧॥
જેમ ઇંદ્ર વરસાવીને મેહ, કરે નવપલ્લવ વન તેહ ।
તેમ વ્રજમાં આવી ભગવાન, ક્યારે આપશે જીવિતદાન ॥૨॥
બોલી અપર આહિરડી તે ઠામ, હવે શીદ આવે સર્યું કામ ।
મારી કંસને લીધું છે રાજ, વર્યા રાજકન્યા થયું કાજ ॥૩॥
વિટીં વળિયાં કુટુંબનાં વૃંદ, તેને સંગે કરેછે આનંદ ।
બોલી અપર સુણો સર્વે પ્યારી, એ છે પૂરણકામ મુરારી ॥૪॥
નથી આપણું કામ લગાર, નથી અન્ય સાથે પણ પ્યાર ।
એને કામ ન કોયનું બ્હેની, ઘણી વાત અલોકિક એની ॥૫॥
એતો કમળાના નાથ કે'વાય, એનો મહિમા વર્ણવ્યો ન જાય ।
એને અર્થે ન કોયશું બાળી, પાળે ભક્તને શ્રીવનમાળી ॥૬॥
એનું ભક્તવત્સલ દૃઢ નામ, દીનબંધુ સદા સુખધામ ।
મુક્તાનંદનો નાથ સ્વચ્છંદ, ભક્તાધીન રહે જગવંદ ॥૭॥

## પદ ॥૨૩॥ (રાગ ધોળ)

ઉદ્ધવજી અમને દુઃખ દીધું વાલમે, કો' કોણ આગળ કહિયે દુઃખની વાત જો ।
મોહનવર મથુરાં જઇ પાછા નાવિયા, કીધી અમશું કાન કુંવર બહુ ઘાત જો ॥ઉ૦॥૧॥
લાલચડી તજીયે તો મહાસુખ પામિયે, વેશ્યાકેરાં વચન ગ્રહી ઉપદેશ જો ।
પરમ નિરાશી થઇને બોલી પિંગળા, એમાં ઉદ્ધવ જુઠું નહી લવલેશ જો ॥ઉ૦॥૨॥

આશામાં અતિશે દુઃખ સર્વે જાણીએ, તોય ટળે નહિ કાનકુંવરની આશ જો ।
કઠણ ઘણી છે આશ અમારે મેલતાં, આશ તજ્યે જાય ગોપીજનના શ્વાસ જો ॥ઉ૦॥૩॥
જાદુડાં જાણે છે કાન ગોવાળિયો, એનો મારગ મુક્યો નવ મુકાય જો ।
મુક્તાનંદને નાથ લગાડી મોહની, હવે અમે એનો શો કરિયે ઉપાય જો ॥ઉ૦॥૪॥

## કડવું ॥૯૩॥ (ઢાળ ત્રીજો)

ઉદ્ધવજી એનો સંગ દુસ્તજ, તજી શકે નહી કોય ।
જેણે કીધી એશું ગોઠડી, જાણશે ભેદ સોય ॥૧॥
ઈચ્છે નહી તોય એહની, કરે પ્રેમે કમળા સેવ ।
નિમખ ન્યારી નવ રહે, સૌને એ દુર્લભ દેવ ॥૨॥
રમણસ્થળ રસિયાતણાં, નવ દીયે વિસરવા કાન ।
કાલિંદી વન જોઈને, સાંભરે શ્રી ભગવાન ॥૩॥
ગોવર્ધન ગિરિ જોઈને, સાંભરે સુંદરશ્યામ ।
એ અમને નવ વિસરે, જે કીધું શ્રીકૃષ્ણ ને રામ ॥૪॥
વેણુંતણા સ્વર વાલમે, વ્રજમાં સુણાવ્યા જેહ ।
તે રસિયો કેમ વિસરે, જેને સોંપ્યાં તન ધન ગેહ ॥૫॥
ચરણપંકજ શ્યામળે, જ્યાં જ્યાં ધર્યાં જગવંદ ।
તે સ્થળ જોતાં સાંભરે, અમને સદા સુખકંદ ॥૬॥
વિરહવંતી વ્રજસુંદરી, પીડે અનંગ કરી ઉતપાત ।
મુક્તાનંદનો વાલમો, વીરા ક્યારે મળે સાક્ષાત ॥૭॥

## કડવું ॥૯૪॥

ઉદ્ધવજી અબળા અમે, ધરિયે તે કેમ કરી ધીર ।
ચરિત્ર સુણી સુણી સાંભરે, લટકાળો શ્રીબળવીર ॥૧॥
સુંદર ચાલ ઉદાર હસવું, પ્રેમેશું નીરખવું જેહ ।
મધુર વચને મન હર્યાં, વિસરે ન અર્ધ ક્ષણ તેહ ॥૨॥
વિસાર્યો નવ વિસરે, નંદનંદન નટવરવેશ ।
એનાં ચરિત્ર સંભારતાં, તન શુધ ન રહે લવલેશ ॥૩॥
વિરહવંતી વ્રજસુંદરી, વરતે છે ઉદ્ધવ જેમ ।
તે તમને સંક્ષેપથી, વર્ણવી સુણાવું તેમ ॥૪॥

શીતલ ચંદન ચંદ્ર કિરણ, નિંદે ગોપીજન ।
સુખદ છે પણ હરિ વિના, વિરહે તપાવે તન ॥૫॥
મલયગંધ સુગંધ શીતલ, મંદ મારુત સાર ।
તે ગોપીને વ્યાલ વીખસમ, આપે કષ્ટ અપાર ॥૬॥
કામબાણથી કંપતાં, ગોપી રહે છે હરિમાં લીન ।
મુક્તાનંદના નાથ વોંણી, સુંદરી સર્વે દીન ॥૭॥

## કડવું ॥૯૫॥

ઉદ્ધવ અતિશે મદન બાણે, પીડાણી વ્રજનાર ।
અંતરમાં હરિને ધરી, વૃત્તિ ન લાવે બા'ર ॥૧॥
કાનકુંવરને વાગશે, તીખાં મદનનાં બાણ ।
એવું જાણી નિજ ઉરવિષે, કરે જતન પરમ સુજાણ ॥૨॥
સજલ પંકજ દળ લઈ, કરે કવચ નિજ ઉર માંઈ ।
નંદકુંવર નવરંગને, કામબાણ ન લાગે કયાંઈ ॥૩॥
કુસુમ સજયા કામશરસમ, જાણે ગોપીજન એહ ।
બાણસજયામાં શૂર થઈને, ધરે પોતાનો દેહ ॥૪॥
આલિંગન નંદલાલશું, કરવા ધર્યું વ્રત સાર ।
કુસુમની સજયા કરે, ગોપી સહેવા કષ્ટ અપાર ॥૫॥
લોચન જળધારા વહે, શોકે તે અધર સુકાય ।
રાહુ ગ્રહે દાંતે શશી, જેમ અમૃત ધાર સુચાય ॥૬॥
કૃષ્ણ વિના એમ કામિની, વિરહવંતી અધિક પીડાય ।
મુક્તાનંદના નાથ વોણું, દુઃખ કહ્યું નવ જાય ॥૭॥

## કડવું ॥૯૬॥

ઉદ્ધવ અમને કૃષ્ણ વોંણી, અંતરે વિરહની ઝાળ ।
કલ્પના કરે ગોપિકા, જાણે મળે હરિ તતકાળ ॥૧॥
કસ્તુરી ઘશી કામિની, તેણે લખે કૃષ્ણનું રુપ ।
કામ જાણી કુસુમનું શર, આપે પરમ અનૂપ ॥૨॥

નીચું મીનનું ચિન્હ બનાવી, જોડે તે આગળ હાથ ।
કુસુમ શર અમને મા મારે, જાણી અબળા અનાથ ॥૩॥
પછી કરે હરિસ્તવન ગોપી, વારમવાર અપાર ।
અમે તમારે શરણ આવ્યાં, પાળો પ્રાણઆધાર ॥૪॥
તમ વિના પ્રભુ સુધાસિંધુ, પીડે વિખસમ સોય ।
પ્રાણજીવન પ્રભુ તમ વિના, અમને ન રક્ષક કોય ॥૫॥
ઉર ધરી હરિમૂરતિ, એમ કરે સ્તવન થઈ દીન ।
કરી વિલાપ રુદન કરે, હરિ આગળ થાય અધીન ॥૬॥
જ્યારે સ્ફુરે ઉર હરિમૂરતિ, હસી વિસારે સંતાપ ।
મુક્તાનંદના નાથ વોણી, કરે છે વનિતા વિલાપ ॥૭॥

## પદ ॥૨૪॥ (રાગ મારુ)

ઉદ્ધવજી વાલમ વિના, ગોપી સર્વ ઘેલી રે હો ।
આખંડીયોમાં એક ધાર, લાગી આંસુ એલી રે હો ॥ઉદ્ધવ૦॥૧॥
મંદિર મશાણ જેવાં લાગે, દુઃખકારી રે હો ।
પુરુષ પિશાચ જેવા જાણે, વ્રજનારી રે હા ॥ઉદ્ધવ૦॥૨॥
સુગંધી કુસુમમાળ, વ્યાળ જેવી જાણી રે હો ।
ડરપુંછું દૂર રાખો બોલે, એમ વાણી રે હો ॥ઉદ્ધવ૦॥૩॥
તારા તો અંગારા સજ્યા, ભાખસી પ્રમાણી રે હો ।
વિરહની ઝાળે ગોપી, તાપમાં તવાણી રે હો ॥ઉદ્ધવ૦॥૪॥
કામ જમદૂત થઈ દે છે, દુઃખ ભારી રે હો ।
મુક્તાનંદ કૃષ્ણ વોંણી, ઝુરે સુકુમારી રે હો ॥ઉદ્ધવ૦॥૫॥

## કડવું ॥૯૭॥ (ઢાળ પ્રથમનો)

ઉદ્ધવ વિરહે વિકળ વ્રજનારી રે, પામે કષ્ટ વાલાને સંભારી રે ।
ગોપી ધારે જો ઉરપર હાર રે, તે તો લાગે પ્રીતમ વિના ભાર રે ॥૧॥
મળીયાગર ચંદન જેહ રે, લાગે હરિ વિના વિખસમ તેહ રે ।
સુખદાયક જે જે અનુપ રે, ગણે ગોપી તે મહા દુઃખરુપ રે ॥૨॥
નિજ શ્વાસને ત્રિવિધ સમીર રે, ગોપી તેથકી થાય અધીર રે ।
વાયુ કામ અનળસમ બાળે રે, વાલા વોણું તે કષ્ટ ન ટાળે રે ॥૩॥

ચારે કોરે જુવે વ્રજબાળી રે, લજ્જા લોકતણી સર્વ ટાળી રે ।
તોડ્યું નાળથી પંકજ સાર રે, એવે નયણે વહે જલધાર રે ॥૪॥
નવપલ્લવ સેજ સુરંગ રે, તેણે દાઝે છે ગોપીનાં અંગ રે ।
જે જે કોમળ સુખપ્રદ સારરે, બાળે હરિ વિના જેમ અંગાર રે ॥૫॥
ગોપી કરપર મેલી કપોળ રે, રોઈ નેણ કરે રંગ ચોળ રે ।
સાંજે બાલ શશી સ્થિર જેમ રે, શોકે ગોપીનાં મુખ સ્થિર તેમ રે ॥૬॥
બોલે વિરહવંતી હરિ હરિ વાણી રે, જેમ તન તજવા સમે પ્રાણી રે ।
મુક્તાનંદનો શ્યામ સુઝાણ રે, તે શું બાંધ્યા છે ગોપીએ પ્રાણ રે ॥૭॥

## કડવું ॥૯૮॥

ઉદ્ધવ એણી પેર પીડે અનંગ રે, થાય રોમાંચિત સર્વ અંગ રે ।
ગોપી મૂકે નિઃશ્વાસા અપાર રે, કંપે હરિ વિના વારમવાર રે ॥૧॥
કંપે દેહને પામે છે ગ્લાનિ રે, વિરહવેદના રહે નહી છાની રે ।
મીંચી નેત્ર ધરે હરિધ્યાન રે, ચાલે પડી જાય દંડસમાનરે ॥૨॥
વળી અતિ આતુર ઉઠી ધાય રે,ગોપી હરિ વિના મૂર્છિત થાય રે ।
વિરહજ્વર જેહ રે, વ્રજવનિતાને બાળે છે તેહ રે ॥૩॥
સુરવૈદ્ય સમાન ગોવિંદ રે, ટાળે ગોપીના મહાદુઃખ ફંદ રે ।
જો એ દર્શન આપે ગોપાળ રે, સર્વ તાપ ટળે તતકાળ રે ॥૪॥
સૌને અંગે અનંગનો રોગ રે, ગોપી પામે જો હરિ સંજોગ રે ।
તો એ દુઃખકેરું મૂળજ જાય રે, એનો અન્ય નથી ઉપાય રે ॥૫॥
જો નહિ જીવાડે એ વ્રજનારી રે, તો એ કઠણ છે વજ્રથી ભારી રે ।
જો નહિ કરે એ કામનિયોને શાંત રે, અમે માનશું કૃષ્ણ કૃતાંત રે ॥૬॥
એને ફંદ પડ્યાં અમે વીર રે, હવે ધરિયે તે કેમ કરી ધીર રે ।
મુક્તાનંદનો નાથ સ્વચ્છંદ રે, કેને વશ નહી એ જગવંદ રે ॥૭॥

## કડવું ॥૯૯॥

ઉદ્ધવ હરિ વિના સર્વ અકળાણી રે, બોલે નાથ હરે એમ વાણી રે ।
કૃષ્ણકાજ તે સેજ સમારી રે, ગોપી ખોળે એકાંતે મુરારી રે ॥૧॥

કરતાં અન્યના અધરકેરું પાન રે, વાલો ક્યાં હશે ગુણનો નિધાન રે ।
હરિને ગોતે ગોપી તજી લજ્જા રે, જુવે દશ દિશિ વાસક સજ્યા રે ॥૨॥
હરિ આવે છે એવે વિશ્વાસ રે, ગોપી મગન થઈ કરે હાસ રે ।
નાવ્યા જાણી ચાલે અકળાઈ રે, પડે દોડતી બોલે છે ધાઈ રે ॥૩॥
લાવે કમલપુષ્પ સુકુમારી રે, તેના નાલનાં કંકણધારી રે ।
હરિને મળવાને જીવે છે ગોપી રે, ડોલે ઉનમત્ત લાજને લોપી રે ॥૪॥
જુવે આભરણ અંગનાં તેહ રે, ગોપી દેખે નહી નિજદેહ રે ।
હું છું મધુરિપુ કહે એમ વાણી રે, પ્રેમે આપને ભૂલી સયાણી રે ॥૫॥
વેગે કેમ નથી આવતા કાન રે, મારી સેજડીએ ભગવાન રે ।
પુછે દૂતીને વારમવાર રે, સખી ક્યાં હશે નંદકુમાર રે ॥૬॥
વીરા કૃષ્ણ વીના વ્રજનારી રે, વિરહવ્યાકુલ હરિને સંભારી રે ।
મુક્તાનંદના સ્વામીની આશ રે, તેણે તન નથી ત્યાગતુ શ્વાસ રે ॥૭॥

## કડવું ॥૧૦૦॥

ઉદ્ધવ એમ હરિવર સંગ ગોપી રે, પ્રેમભક્તિમાં રહી પગ રોપી રે ।
વણ દીઠે શ્રીકૃષ્ણ વિહારી રે, વિરહવ્યાકુળ થઈ વ્રજનારી રે ॥૧॥
મેઘ જેવું અંધારુ અનુપ રે, તેને જાણી શ્રીકૃષ્ણ સ્વરુપ ર ।
તેને ભેટે ચુંબન કરે બાળી રે, જાણે આવ્યા મોહન વનમાળી રે ॥૨॥
રચે નવરંગ સેજ સુશીલા રે, થાય ઘરઘરમાં એવી લીલા રે ।
વિરહ વિકળ તજી સર્વ લજ્જા રે, ગોપી ઘરઘર વાસક સજ્યા ર ॥૩॥
કરે કૃષ્ણને કાજ વિલાપ રે, પામે હરિ વિના અતિસંતાપ રે ।
રોતાં રોમાંચિત તન થાય રે, વિરહ વેદના કહી નવ જાય રે ॥૪॥
પામે વેદના તાણે છે પ્રાણ રે, જાણે માર્યું મદનરિપુ બાણ રે ।
બોલે વ્યાકુળ વચન અપાર રે, તેનો થાય નહી નિરધાર રે ॥૫॥
એવી વ્રજની દશા થઈ વીર રે, ગોપી હરિ વિના સર્વ અધીર રે ।
તે ન કૃષ્ણે ધર્યું મન લેશ રે, મુક્યા તમને દેવા ઉપદેશ રે ॥૬॥
વશ્યા ઉરમાં હરિ સાક્ષાત રે, હવે ક્યાં રહે બીજી વાત રે ।
મુક્તાનંદના નાથને પાસ રે, ત્યાં જઈ શીખવો અન્ય અભ્યાસ રે ॥૭॥

## પદ ॥૨૫॥ (રાગ સામેરી)

ઉદ્ધવ વ્રજના પ્રાણ આધાર, મોહન વનમાળી રે ।
અમને છેલ છબીલા સંગ, લાગી દઢ તાળીરે ॥મોહન૦॥૧॥
એવી અમે અબળા નહી, ડગમગ મન થઈ જાય ।
સો લાંઘણ પડે સિંહને, તોય ઘાસ કદી નવ ખાય ॥મોહન૦॥૨॥
મીન જેવી સર્વ માનિની, જળ નંદલાલ સુજાણ ।
આવ્યાની અવધિ કરી, તેણે રહે છે અમારા પ્રાણ ॥મોહન૦॥૩॥
મહા સુખકારી શ્યામળો, શિરપર ધાર્યા સોય ।
એ સંગ મન અટકી રહ્યું, બીજી વાત ગમે નહી કોય ॥ મોહન૦॥૪॥
મોર ચાતક સરખી ટેકને, ધારી વર્યા નંદલાલ ।
પ્રગટ વિના પ્રપંચમાં, અમે નહિ થાયે બેહાલ ॥મોહન૦॥૫॥
વાલા વિના વ્રજનારીને, પલક કલ્પસમ થાય ।
મુક્તાનંદના નાથને, વણ દીઠે તે કેમ રહેવાય ॥મોહન૦ ॥૬॥

## કડવું ॥૧૦૧॥ (ઢાળ બીજો)

ગોપી સાંભળી હરિ સંદેશ, જાણ્યો સૌમાં હરિનો આવેશ ।
સૌના આતમા કૃષ્ણ મુરારી, સૌથી ન્યારા છે શ્રીગિરિધારી ॥૧॥
એવું જાણી શ્રીહરિનું સ્વરૂપ, સર્વે સમઝીયો મર્મ અનૂપ ।
વિરહતાપ સમ્યો સર્વ જ્યારે, પ્રેમે પૂજ્યા ઉદ્ધવજીને ત્યારે ॥૨॥
પ્રેમે ઉદ્ધવજી બહુ માસ, કીધો ગોકુલગામ નિવાસ ।
હરવા ગોપીનો શોક અપાર, ગાય કૃષ્ણ કથા શ્રુતિસાર ॥૩॥
સૌનો શોક હર્યો કરી વાત, જેમ આવે મોહન સાક્ષાત ।
પ્રેમે હરિગુણ ઉદ્ધવ ગાય, દિનરજની તે ક્ષણસમ થાય ॥૪॥
હરિભક્ત ઉદ્ધવ સુખધામ, રહ્યા જેટલા દિન નંદગામ ।
જાણ્યા ક્ષણસમ તે વ્રજવાસી, એવી કૃષ્ણકથાને પ્રકાશી ॥૫॥
હરિનાં રમણતણાં સ્થળ જેહ, ગોપીસહિત ઉદ્ધવ જુવે તેહ ।
જ્યાં જ્યાં કીધો શ્રીકૃષ્ણે વિહાર, ગોપી સમજાવે કરી પ્યાર ॥૬॥
નિરખી નિર્મળ જમુનાનું વારી, ગિરિ ગોવર્ધન સુખકારી ।
નિરખી વૃંદાવન નવરંગ, સુણે ઉદ્ધવ સર્વે પ્રસંગ ॥૭॥

નિરખી કંદરા પર્વતકેરી, ગાય ગોપિયો લીલા ઘણેરી ।
મુક્તાનંદ કહે વાલાનો વિહાર, તે તે સ્થળ વર્ણવે બહુવાર ॥૮॥

## કડવું ॥૧૦૨॥

નીરખી કુસુમિત વૃક્ષ ઉદાર, ગાય ઉદ્ધવ હરિગુણ સાર ।
આપે વ્રજવનિતાને આંનદ, હરિનું ભજન કરાવે સ્વચ્છંદ ॥૧॥
એમ ઉદ્ધવ વ્રજજન સંગે, ગાય હરિગુણ અધિક ઉમંગે ।
દેખી રમણનાં સ્થળ વ્રજનારી, વિરહે વ્યાકુળ હરિને સંભારી ॥૨॥
થયો અંતર કૃષ્ણ આવેશ, પ્રેમે મગન ન તન શુદ્ધ લેશ ।
દેખી ગોપિનો પ્રેમ અપાર, વંદે ઉદ્ધવ વારમવાર ॥૩॥
ગોપી અધિક કૃતારથ જાણી, પછી બોલિયા ઉદ્ધવ વાણી ।
તનધારી છે ભૂપર જેહ, ગોપીતુલ્ય નહી કોઈ તેહ ॥૪॥
પરમાતમા કૃષ્ણ શ્રીરંગ, દૃઢ પ્રીત કરી તેને સંગ ।
એવી પ્રીત ઈચ્છે સર્વ સંત, ઈચ્છે મુક્ત મુમુક્ષુ પર્યંત ॥૫॥
અમે ભક્ત ઈચ્છું એવી પ્રીત, પ્રેમી ભક્ત છે પરમ પુનીત ।
બ્રહ્મજન્મ ત્રિવિધ જગ જોય, પ્રેમી ભક્તથી શ્રેષ્ઠ ન સોય ॥૬॥
એને અંતરે પ્રેમ ખુમારી, વંદ્યા જોગ્ય સર્વ વ્રજનારી ।
મુક્તાનંદના નાથને પ્યારી, શ્રુતિતુલ્ય એ ગોપકુમારી ॥૭॥

## કડવું ॥૧૦૩॥

ક્યાં એ વનચરી નાર ગમાર, વ્યભિચારિણી દુષ્ટ આચાર ।
ક્યાં એ કૃષ્ણમાં ભાવ આરુઢ, શ્રુતિસાર સર્વને એ ગૂઢ ॥૧॥
ભાવે ઈશ્વરને ભજે જેહ, અતિ થાય કૃતારથ તેહ ।
કરે અમૃતપાન જે કોય, થાય અમર અરોગી સોય ॥૨॥
ગોપી પામી જે હરિનો પ્રસાદ, સૌને દુર્લભ તે રસ સ્વાદ ।
હરિના ઉરમાં છે કમળાનો વાસ, તેને એ સુખની ઘણી આશ ॥૩॥
પદ્મ જેવી સુગંધે સુવાસી, સુરવનિતા એ સુખની છે પ્યાસી ।
રમા આદિને દુર્લભ એહ, જેને કાજ દમે બહુ દેહ ॥૪॥

એવો હરિનો પ્રસાદ ઉદાર, અન્ય ક્યાં થકી પામે ગમાર ।
રીઝ્યા રાસમાં અંતરજામી, ગોપી તે સુખ હરિથકી પામી ॥૫॥
હરિના ભુજ ધરી કંઠમાં ગોપી, પ્રેમે શ્યામ સંગે રહી ઓપી ।
રમ્યાં ગોપી જે હરિસંગ રાસ, એ છે દુર્લભ બ્રહ્મવિલાસ ॥૬॥
વ્રજનારીનું ભાગ્ય અપાર, જેને રીઝ્યા પ્રગટ કરતાર ।
મુક્તાનંદનો નાથ વિહારી, પ્રેમે ભોગવ્યા ભવભયહારી ॥૭॥

## કડવું ॥૧૦૪॥

વળી બોલિયા ઉદ્ધવ વાણી, ઉર ભાવ અલૌકિક આણી ।
વ્રજનારીની પગરજ એહ, વૃંદાવનવિષે પામે છે જેહ ॥૧॥
તૃણ ગુચ્છ ને વેલી અપાર, તેને મધ્ય હું ધરી અવતાર ।
વ્રજનારી ચરણરજ સાર, જેમ પામું તે કરવો વિચાર ॥૨॥
તજ્યાં માત પિતા સુત ભાઈ, તજી કુળમરજાદ સગાઈ ।
અતિ દુસ્ત્યજનો કરી ત્યાગ, કીધો હરિસંગ દૃઢ અનુરાગ ॥૩॥
કીધો મુકુંદ મુરારીશું પ્યાર, શ્રુતિ ખોળે જે વારમવાર ।
માટે વ્રજવધૂ બ્રહ્મસ્વરુપ, હરિની પ્રમદા પરમ અનૂપ ॥૪॥
હરિનાં ચરણકમળ સુખકારી, સેવે કમળા અચળ વ્રતધારી ।
પ્રેમે સેવે સકળ સુરવૃંદ, સેવે મહામુની જોગી સ્વચ્છંદ ॥૫॥
રાસ ગોષ્ઠીમાં સૌ વ્રજનારી, વિરહતાપ નિવારવા પ્યારી ।
ધાર્યા સ્તનપર હરિપદ સોય, ભીડી ઉરમાં મગન સર્વ કોય ॥૬॥
પ્રેમે હરિપદ ઉર ધરી બાળી, વિરહવેદના સર્વ તે ટાળી ।
મુક્તાનંદના શ્યામને સંગ, ગોપી ફુલી રહી અંગોઅંગ ॥૭॥

## પદ ॥૨૬॥ રાગ કાફી

(‘ધન્ય વૃંદાવનવાસી વટની છાયા રે, જ્યાં હરિ બેસતા’ એ ઢાળ છે.)

ધન્ય વ્રજનારી, ઉદ્ધવજી એમ બોલે વળી વળી વાણી ।
વરી ગિરિધારી, તે માટે એ બ્રહ્મરુપ પ્રમાણી ॥
ધન્ય નંદનું વ્રજ ધન્ય સૌ ગોપી, વરી હરિવર કુળલજ્જા લોપી ।
રહી હરિચરણે ચિત્ત આરોપી ॥ધન્ય૦॥૧॥
જેને કાન કોડીલે કર સાઈ, તેના ચરણની રજ વંદું ધાઈ ।
એની કમળાથી કરી હરિ અધિકાઈ ॥ધન્ય૦॥૨॥

એની હરિગુણ ગીત કથા એવી, કરે પાવન ત્રિભુવનને તેવી ।
એની વાણી સર્વ વેદ જેવી ॥ધન્ય૦॥૩॥
એ તો મુક્તાનંદના પ્રભુ પામી, એને ભાગી અનંત ભવની ખામી ।
ધણી ધાર્યા શિરપર બહુનામી ॥ધન્ય૦॥૪॥

## કડવું ॥૧૦૫॥ (ઢાળ ત્રીજો)

ઉદ્ધવજી એમ ગોપિકાનું, માહાત્મ્ય જાણી અપાર ।
શોક નિવારી સર્વનો, પછી જાવા થયા છે ત્યાર ॥૧॥
નંદ જશોમતી ગોપ ગોપી, સૌને કરી પરણામ ।
આજ્ઞા માગી સર્વની, જાવાને મધુપુર ધામ ॥૨॥
ઉદ્ધવ પ્રભુને પાસ જાવા, તૈયાર થયા તતકાળ ।
વ્રજવાસી વીંટી વળ્યા, નર નારી વૃદ્ધ ને બાળ ॥૩॥
ઉદ્ધવજી રથ ઉપરે, જઈ બેઠા લઈ હરિનામ ।
જાતા જાણ્યા હરિ કને, થયું ઘેલું ગોકુલ ગામ ॥૪॥
નંદાદિક સૌ ભેટ લાવ્યા, બોલે વચન રસાળ ।
લોચન જલધારા વહે, સાંભર્યા દીનદયાળ ॥૫॥
નંદાદિક કહે મન અમારાં, રહેજો પ્રભુપદ પાસ ।
જીભ જપે હરિનામને, રહો સદા એ અભ્યાસ ॥૬॥
દેહ સદા હરિને નમે, એવો રહેજો સરલ સ્વભાવ ।
મુક્તાનંદના નાથશું, રહે અચળ ભાવ ઠરાવ ॥૭॥

## કડવું ॥૧૦૬॥

નંદાદિક એમ ઉચ્ચર્યા, સુણો ઉદ્ધવ પરમ સુજાણ ।
કૃષ્ણ અમારા આતમા, વળી કૃષ્ણ અમારા પ્રાણ ॥૧॥
હરિ ઈચ્છા કરી કર્મવશ્ય થઈ, જ્યાં જ્યાં ધરીયે દેહ ।
ત્યાં અમને શ્રીકૃષ્ણ સાથે, રહેજો અચળ સનેહ ॥૨॥
તીર્થ વ્રત જપ દાનનાં, સુકૃતતણું ફળ એહ ।
પ્રીત વધે શ્રીકૃષ્ણમાં, અમે માગિયે નિત્ય તેહ ॥૩॥
નંદાદિક સર્વ ગોપ તેણે, કહી હરિભક્તિ ઉદાર ।
ઉદ્ધવજીને રાજી કર્યા, દેખાડી પ્રભુમાં પ્યાર ॥૪॥

ઉદ્ધવ અતિરાજી થયા, જોઈ વ્રજવાસીની પ્રીત ।
અતિ અલૌકિક સર્વથી, જાણી ગોકુલ ગામની રીત ॥૫॥
નંદાદિક વ્રજવાસીને, કરી વંદન વારમવાર ।
ઉદ્ધવજી મથુરાં ગયા, જ્યાં રાજે અખિલ આધાર ॥૬॥
પ્રેમે કરી પ્રણામ કરિને, ઉદ્ધવ પરમ સુજાણ ।
મુક્તાનંદના નાથ આગળ, કીધાં વ્રજના વખાણ ॥૭॥

## કડવું ॥૧૦૭॥

ઉદ્ધવજી અતિ આદરે, કર્યા રાજાને પ્રણામ ।
વંદન કરી વસુદેવને, પછી વંદ્યા શ્રીબલરામ ॥૧॥
ભેટ ધરી નૃપ આગળે, પછી આવ્યા શ્રીહરિ પાસ ।
ક્ષેમ કહો ગોકુલતણું, એમ પુછ્યું હરિ અવિનાશ ॥૨॥
ત્યારે તે ઉદ્ધવ ઉચ્ચર્યા, સુણો શ્યામસુંદર જદુરાય ।
ગોપીજનના પ્રેમને, પ્રભુ કહેતાં શેષ લજાય ॥૩॥
એક મુખે એ પ્રેમનું, કેમ થાય જથારથ રુપ ।
દીઠી મેં વ્રજનારીની, પ્રભુ ભક્તિ પરમ અનૂપ ॥૪॥
દાસ તમારા ગોપી સરખા, ન દીઠા પ્રભુ કોય ।
મને જે વ્રજમાં મોકલ્યો, તમે કીધો અનુગ્રહ સોય ॥૫॥
તમ વિના વ્રજસુંદરીને, અન્ય નથી આધાર ।
રુપ તમારે રાચિયું, સર્વ તજી કુટંબ પરિવાર ॥૬॥
પતિભાવે કર્યો પ્રમદા, તમસંગ અચળ સનેહ ।
મુક્તાનંદના નાથજી, અતિ કૃતારથ થઈ એહ ॥૭॥

## કડવું ॥૧૦૮॥

ઉદ્ધવજી એમ ગોપીકાનાં, કીધાં અધિક વખાણ ।
શ્યામ સુંદર તેને સાંભળી, હરિ હસ્યા પરમ સુજાણ ॥૧॥
ઉદ્ધવગીતા આદરે કરી, સુણે સુણાવે જેહ ।
કમળલોચન કૃષ્ણની, દૃઢ ભક્તિ પામે તેહ ॥૨॥
પ્રેમ અચળ વ્રજનારીને, પ્રભુસંગ અનંત અપાર ।
પદે પદે આ ગ્રંથમાં, વર્ણવ્યો વારમવાર ॥૩॥

રસિકરાય શ્રીકૃષ્ણમાં, દૃઢ પ્રીત ઈચ્છે જેહ ।
તે આ ગ્રંથમાં આદરે કરી, રાખે અચળ સનેહ ॥૪॥
ઉદ્ધવગીતા આદરે કરી, ભણે ભણાવે ગાય ।
સ્નેહ વધે નંદલાલશું, તેના કામાદિક રિપુ જાય ॥૫॥
એક સો ઉપર આઠ કડવાં, સત્તાવીસ પદ સાર ।
દામ અમૂલ્ય અષ્ટોત્તરી, હરિભક્તનો શણગાર ॥૬॥
સંવત અઢાર ને એંસીયો, કૃષ્ણ પક્ષ શ્રાવણ માસ ।
અષ્ટમી બુધ વાસરે, થયો પૂરણ ગ્રંથ પ્રકાશ ॥૭॥
દુર્ગપતનમાં કરી શુભ, ગીતા અર્થ ગંભીર ।
ગાય શિખે જે પ્રેમશું, તેને રીઝે શ્રીબળવીર ॥૮॥
ઉદ્ધવગીતા જે સુણે, સદ્ગ્રંથ કેરું સાર ।
મુક્તાનંદ તે પ્રેમી થઈને, પામે ભવજળ પાર ॥૯॥

### પદ ॥૨૭॥ (રાગ ધોળ)

ભક્તિ જોઈને વ્રજનારીની, ઉદ્ધવજીને હરખ અપાર રે ।
પ્રેમ અચળ જે શ્રીકૃષ્ણમાં, એ છે સર્વ ગ્રન્થનું સાર રે ॥૧॥
નવધા ભક્તિ છે સર્વ ગ્રન્થમાં, એકુકીમાં નવ નવ અંગ રે ।
એકાસી સ્વરુપે એ ભક્તિ થઈ, માંહો માંહી પામીને પ્રસંગ રે ॥ભક્તિ૦॥૨॥
પ્રેમભક્તિ છે એથી બ્યાસીમી, નવધાથી ન્યારું તેનું રુપ રે ।
વ્રજની નારીમાં તે વ્યાપી રહી, તે માટે એ ગોપીકા અનુપરે ॥ભક્તિ૦॥૩॥
પ્રગટ સ્વરુપ શ્રીકૃષ્ણનું, તેમાં જેણે બાંધી દૃઢ પ્રીત રે ।
તેને નથી કાંઈ કરવું રહ્યું, પ્રેમી જન પરમ પુનીત રે ॥ભક્તિ૦॥૪॥
તન મન અરપી શ્રીકૃષ્ણને, જગ જીતી વ્રજકેરી નાર રે ।
મુક્તાનંદ કહે સર્વ ગોપિકા, પો'તી ક્ષર અક્ષરને પાર રે ॥ભક્તિ૦॥૫॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતા શ્રીપ્રેમભક્તિપ્રકાશિકા ઉદ્ધવગીતા સંપૂર્ણા.

॥વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

## શ્રી મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

# સત્સંગ શિરોમણિ

### અધ્યાય-૧

સકલસુખકરાત્મધર્મધર્તાપુરુકરુણારસપૂર્ણચારુદૃષ્ટિઃ ।
વિબુધવરનિષેવિતાઙ્ઘ્રીપદ્મો જયતિ વિભુર્હરિરત્ર ધર્મજન્મા ॥૧॥

**દોહા** - ધર્મધુરંધર ધર્મસુત, જુગજુગ જનપ્રતિપાલ ।
સો શ્રીકૃષ્ણ મમ ઉર સદા, વસહુ મદનમદકાલ ॥૧॥
વેદધર્મ દૃઢ સ્થાપને, અધર્મ કરન વિનાશ ।
ધરે શ્રીકૃષ્ણ અવતાર સબ, સદા વન્દુ પદ તાસ ॥૨॥
એહિ શ્રીકૃષ્ણ શુભગુન સદન, પ્રગટ શ્રીહરિ અવતાર ।
નારાયણમુનિ નામ જેહિ, હરહું સો વિઘન હમાર ॥૩॥

**સોરઠા** - સુખનિધિ શ્રીઘનશ્યામ, નિજજન મનરંજન કરન ।
કરહુ સો મમ ઉર ધામ, મોહજનિત સંશય હરન ॥૪॥
દૈવ રુ આસુર દોઈ સર્ગ, સો ભિન્નભિન્ન કહન હિત ।
રચીહું ગ્રન્થ શુભ સોઈ, હરિજનકું સતત સુખદ ॥૫॥
હરિ હરિજન સંગ હેત, અચલ અલૌકિક હોન હિત ।
નાવ જ્યું પરમ નિકેત, ગ્રન્થ સુખદ ભવજલ તરન ॥૬॥

**દોહા** - તત્ત્વ જો સ્મૃતિ પુરાનકો, કરહું ગ્રન્થ શ્રુતિસાર ।
યાતે કૃષ્ણ મમ ઉર વસો, કરહું વચનવિસ્તાર ॥૭॥
શ્રીસત્સંગશિરોમણિ, ગ્રન્થ કરન મન પ્યાસ ।
પુરુષોત્તમ પ્રભુ પ્રગટ સો, મમ ઉર કરહું પ્રકાશ ॥૮॥

**ચોપાઇ** - શ્રીગુરુ આજ્ઞા ભઈ મન ભાઈ, રચિહું ગ્રન્થ સુંદર સુખદાઈ ।
અધર્મ મૂલ ખનન ઉપકારા, નારાયણમુનિ કીન ઉચ્ચારા ॥૯॥
એક સમય રૈવત ગિરિ માંહી, શિષ્યન જુત રાજત પ્રભુ તાંહિ ।
શ્રીનારાયણમુનિ અઘહારી, જિમિ ઉડુગણમેં ચંદ સુખકારી ॥૧૦॥

કૃપાસિંધુ પ્રભુ સબહિ બોલાઇ, સભા કિનિ કછુ બરની ન જાઇ ।
મહાવર્ણીન્દ્ર મુકુન્દમુનિ જોઇ, સબ શિષ્યનમેં મુખ્ય હે સોઇ ॥૧૧॥
જોરી પાની કરી વિનય અપારા, પુછત ભયેઉ પ્રશ્ન શ્રુતિસાર ।
સુનહુ નાથ સુર નર મુનિ ઈશા, સંશય પ્રબલ સબહિ જગદીશા ॥૧૨॥
**દોહા** - પ્રભુ મેં પુછન ચહતહું, સબ મુનિ મત અનુસાર ।
તુમ વિન યહ સંશય વિકટ, કૌહુ ન મેટનહાર ॥૧૩॥
**ચોપાઇ** - યા જગ જીવ મનુષ્યતનુ પાઈ, સત પુરુષનકું મિલત કોઉ જાઇ ।
સંતકું સેવે વિમલમતિ હોઇ, શુભગુન સદન હોત નર સોઇ ॥૧૪॥
પુરુષોત્તમ શ્રીકૃષ્ણમેં પ્રાની, શ્રદ્ધા ભક્તિ નિશ્ચય સુખદાની ।
સંતકી સેવાસેં સબ પાવે, અનન્ય ભાવ તેહિ કહ્યો ન જાવે ॥૧૫॥
ચાતક સમ અનન્ય હરિદાસા, હોત અચલ તેહિ પ્રભુપદ વાસા ।
શમદમાદિ સંપતિ સબ પાવે, વિષયધ્યાન ઉરસેં વિસરાવે ॥૧૬॥
આત્મનિષ્ઠ વૈરાગ્યકું પાઈ, કરત વિવેક પરમ સુખદાઈ ।
ક્રોધ માન મત્સર કરી દૂરા, હરિગુરુ સંતકે રહત હજૂરા ॥૧૭॥
**દોહા** - ઈન આદિક શુભ ગુન સદન, હોત અચલમતિ સોય ।
તાકો સુખ સો જાનહિ, ઓર ન જાનત કોય ॥૧૮॥
**સોરઠા** - જ્યું જ્યું કરત સતસંગ, ત્યું શ્રદ્ધાદિક ગુન બઢત ।
તેહિ ઉર ધર્મ અભંગ, વસતહે નિજપરિવારજુત ॥૧૯॥
**ચોપાઇ** - અરુ કિતનેક જીવ જગ જેહા, સતપુરુષનકો સંગ કરે તેહા ।
પ્રથમ સંત સેવત શુદ્ધ હોઈ, પ્રભુપદ પ્રીતિ લહત જન સોઈ ॥૨૦॥
શ્રદ્ધા ભક્તિ નિશ્ચય હરિકેરા, સંતકું સેવત પાવે ઘનેરા ।
ત્યું નિજ ઉરમેં સુખદ વ્રત જેહું, બ્રહ્મચર્યાદિ અચળ રહે તેહુ ॥૨૧॥
ત્યાં પિછે જ્યું કરત સતસંગા, ત્યું હોવત શુભ મતિકો ભંગા ।
શ્રદ્ધાદિ સંપતિ ઘટ જાહિ, પુનિ કબહુ કછુ બઢત નાહી ॥૨૨॥
સતસંગતિસું હઠત મન પિછા, પઢત કુસંગ કરન તેહિ ઈચ્છા ।
શિશ્ન ઉદરપર જે નરનારી, તેહિ સંગ મૂઢ કરત અતિ યારી ॥૨૩॥
**દોહા** - તિનકે સંગકે રંગમેં, મગન રહત મતિમંદ ।
હોય નીચ હરિવિમુખ સંગ, ફસ્યો પાપકે ફંદ ॥૨૪॥

**ચોપાઇ** - મરણ પ્રજંત વિમુખ સંગ તેહા, દિન દિન કરત સો નૌતમ નેહા ।
જબ કોઇ મનુષ્ય તાસ ઢિગ આવે, સંતકે ઓગુન વરનિ સુનાવે ॥૨૫॥
દ્રોહ કરત નિત્ય સંતનકેરા, તેહિ ઉર અધર્મ બસત ઘનેરા ।
કામ ક્રોધ મદ મત્સર મોહા, હિંસા કપટ દુરુક્તિ દ્રોહા ॥૨૬॥
ઈર્ષ્યા લોભ અસૂયા ભારી, લંપટતા ચોરી વ્યભિચારી ।
સંશય શોક ગર્વ અજ્ઞાના, દોષબુદ્ધિ અતિ તનઅભિમાના ॥૨૭॥
ઈન આદિક અધર્મ ઉર આઈ, ધર્મકું સો સદ્ય દેત હટાઈ ।
સતપુરુષકો સંગ જબ નાહિ, તબ કછુ ભક્તિ પ્રોક્ષ પ્રભુ માંહિ ॥૨૮॥
નિતનિ પ્રીતિ હરિ હરિજન સંગા, રહિન લેશ ભયો દુષ્ટ અભંગા ।
બ્રહ્મચર્યાદિ પ્રથમ કછુ રએઉ, સો સબ નિયમ મૂલ જુત ગએઉ ॥૨૯॥
હિંસારહિત પ્રથમ મતિ જેસી, અબ તેહિ ઉરમેં રહત નહિ તેસી ।
પાયે ઉભય સતસંગ ઉદારા, ભયોહે ભેદ પ્રભુ અનંત અપારા ॥૩૦॥
**દોહા** - ભેદ ભયો ક્યું પ્રબલ તેહિ, સંતસંગ કિયો દોઈ ।
યહ સંશય છેદન પ્રભુ, તુમ વિન ઓર ન કોઈ**સોરઠા** - ॥૩૧॥
કહહુ કૃપા કરી બાત, જેહિ સુનિ સંશય સબ ટરન ।
તુમ ઈશ્વર સાક્ષાત, કૃપાસિંધુ જન કષ્ટહરન ॥૩૨॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે પ્રશ્નોપક્રમનામા પ્રથમોધ્યાયઃ ॥૧॥

## અધ્યાય-૨

**ચોપાઇ** - સુનિ બટુવચન વિશ્વ ઉપકારી, મગન ભએઉ પ્રભુ ભવભયહારી ।
તાત તુમારી વિમલ યહ બાની, સુર નર મુનિ સબકું સુખદાની ॥૧॥
પ્રશ્ન કિન તુમ અધિક વિચારી, મમ આશ્રિતહિ અધિક સુખકારી ।
અબ યાકો ઉત્તર સુનુ વીરા, સુનત મિટહિ સંશય ભ્રમ પીરા ॥૨॥
બટુહિ પ્રશંસિ બોલે સુખકંદા, હરન મોહ માયા ભવફંદા ।
સુનહુ તાત ઉત્તર ચિત્ત લાઈ, ઉભય ભેદ ભ્રમ દેહું મિટાઈ ॥૩॥
જબ સતસંગ પ્રથમ નર કરહિ, તબ છલ છિદ્ર પાપ પરહરહિ ।
જેહિ સંતનકો સંગ કીયો જાઈ, તિનકે લછન દેહું બાતાઈ ॥૪॥

**દોહા** - બ્રહ્મચર્ય વ્રત દૃઢ સજે, મુનિવર પરમ સુજાન ।
દેવ દયાનિધિ તાસ ઉર, વસત સદા ભગવાન ॥૫॥
**ચોપાઇ** - અષ્ટ ભાતિ તજે નારી પ્રસંગા, પ્રભુ પદપંકજ ભજત અભંગા ।
કહે ન સુનત વનિતાકી બાતા, ત્યું ત્રિયકેલિ તજત દુઃખદાતા ॥૬॥
દ્રગ ભરી નારી નિહારત નાહિ, માયામૂર્તિ જાની મનમાંહી ।
ત્રિય સંગ ભાષણ કરત ન સંતા, ત્યું ન સંભારે નારી ગુણવંતા ॥૭॥
ત્રિય સંકલ્પ તજત મુનિ જ્ઞાની, ત્રિયહિત ઉદ્યમ ત્યાગત ધ્યાની ।
સુપનમેં નારી સંગ નહિ કરહિ, ત્રિયતન વસ્ત્ર સ્પરશ પરહરહી ॥૮॥
કાષ્ઠ પાષાન ચિત્રકી નારી, તાહિ ન છુવે વીર વ્રતધારી ।
નારિસેં પંચ હાથ ચલે દૂરા, તાસ ક્રિયા સ્થલ ત્યાગત શૂરા ॥૯॥
**દોહા** - અષ્ટ ભાતિ ઈમિ નારીકો, સબ વિધ તજત પ્રસંગ ।
સો સાધુ ભવ ઉદધિમેં, નૌકા સમ શુભ અંગ ॥૧૦॥
**ચોપાઇ** - શમદમાદિ સંપતિ જુત જેહી, હિંસા ક્રોધ રહિત મુનિ તેહિ ।
ઉપશમ જ્ઞાન ભક્તિ વૈરાગા, ઈન જુત માનરહિત બડભાગા ॥૧૧॥
નિઃસ્વાદી નિર્લોભ ગંભીરા, નિઃસ્પૃહ નિર્મત્સર મુનિ ધીરા ।
ઈત્યાદિક મુનિલછન જેહા, દેવનમહિં અતિદુર્લભ તેહા ॥૧૨॥
ઈન લછન જુત મુનિવર જોઇ, તિનકો સંગ પાવત જન કોઈ ।
સનકાદિકસમ સંતકું જાની, શુદ્ધમન બ્રહ્મભાવ ઉર આની ॥૧૩॥
માન ત્યાગી સેવત નિત્ય સંતા, કરહિ સંતસંગતિ ગુનવંતા ।
સબવિધ આપમેં ઓગુન જાને, સંતમેં શુભ ગુન અનંત પિછાને ॥૧૪॥
**દોહા** - યું સંતનકે ગુન ગ્રહે, તેહિ ઉર સહિત પરિવાર ।
ધર્મદેવ સો વસતહે, છિનભર કરત ન વાર ॥૧૫॥
તેહિ કારન સો જંત ઉર, શ્રદ્ધા ભક્તિ વૈરાગ્ય ।
જ્ઞાનાદિક ગુન નિત્ય બઢે, હોત તાસ બડભાગ્ય ॥૧૬॥
**ચોપાઇ** - આત્મારામ સંતકું જાને, દેહબુદ્ધિ કરી દોષ ન ઠાને ।
યું સંતનકે ગ્રહત ગુન જેહિ, દેવ જાનિ અતિ સેવત તેહિ ॥૧૭॥
જ્યું જ્યું કરત સાધુકો સંગા, ત્યું નિર્મલ મતિ હોત અભંગા ।
પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જગસ્વામી, તેહિ ઉર વસત સદા બહુનામી ॥૧૮॥

યા કારન સો સંત ઉર માંઇ, શ્રદ્ધાદિક શુભ ગુન જો કહાઇ ।
દિન દિન બઢત બઢત બઢિ જાવે, તેહિ હરિજન ગુન અંત ન આવે ॥૧૯॥
સંતકે ગુન સુખદાયક જેહી, સો મુનિમેં વરતત મુખ્ય તેહી ।
જેહી ઉર હરિ અનંત ગુન રહહિ, તેહિ હરિજન ગુન થાહ કો લહહિ ॥૨૦॥
**દોહા** - યું હોવત શુભ ગુનસદન, કરત સદા સતસંગ ।
કામ ક્રોધ મદ લોભ જુત, હોત અવિદ્યા ભંગ ॥૨૧॥
**સોરઠા** - જબ યું કરત સતસંગ, ઈર્ષ્યા માન અભાવ વિન ।
તબ તેહિ ઉરમેં અભંગ, શ્રદ્ધાદિક ગુન બઢત નિત્ય ॥૨૨॥
**ચોપાઇ** - અરુ જો પ્રથમ કહે ગુનજુત સંતા, તાસ સંગ પાવત જબ જંતા ।
બ્રહ્મરુપ મહામુનિકું જાની, પ્રેમમગન હોય સેવત પ્રાની ॥૨૩॥
માનરહિત મદ મત્સર હીના, સંતકે અતિ ગુન ગ્રહત પ્રવીના ।
આપકે ઓગુન દેખત જબહિ, જ્ઞાનાદિક ગુન બાઢત તબહિ ॥૨૪॥
તા પિછે તેહિ મન ભયો ઓ, કાકચાતુરી લિનિ કઠોરા ।
આપકે તુચ્છ ગુન પ્રૌઢ પ્રમાની, ભયો મતિમંદ અધિક અભિમાની ॥૨૫॥
એસેઉ સંતકે ઓગુન ધારે, કબહુ ન ગુનકો લેશ સંભારે ।
દેવબુદ્ધિ તેહિ સંતમેં નાંહી, મનુષ્યબુદ્ધિ દઢ ભઇ મનમાંહી ॥૨૬॥
**દોહા** - દેહબુદ્ધિ કરી સંતનકું, સેવહિ રહત તેહી પાસ ।
તબ તેહિ ઉર પરિવાર જુત, અધર્મ કરત નિવાસ ॥૨૭॥
**સોરઠા** - શ્રદ્ધાદિક ગુન જોય, તબ તેહિ દિન દિન અતિ ઘટત ।
અધિક તુચ્છમતિ હોય, ઘટત ઘટત ઘટિ જાત અતિ ॥૨૮॥
**ચોપાઇ** - ખલ સંતનકે સંગ જ્યું રહહિ, ગુન સબ ત્યાગિકે ઓગુન લહહિ ।
દેહબુદ્ધિ સંતનમહિ લાવે, બ્રહ્મભાવ ઉરસેં છિટકાવે ॥૨૯॥
દેવ જાની સેવત નહિ સંતા, આપકું માની અધિક બુદ્ધિવંતા ।
નિજમતિ તુચ્છ અધિક બડજાને, સંતમેં અલ્પ બુદ્ધિ પરમાને ॥૩૦॥
તેહિ ઉર પાપ તાપ અહંકારા, વાસ કરત છિન હોત ન ન્યારા ।
શ્રદ્ધા આદિ સુખદ ગુન જોઇ, દિન દિન ઘટત જાત અતિ સોઇ ॥૩૧॥
જ્યું જવાસા વરષા જલ પાઇ, સુકિસુકિ જડમૂલસે જાઇ ।
ત્યું યહ જીવ જ્યું સંતકું સેવે, કરી સતસંગ ન કછુ ગુન લેવે ॥૩૨॥

તબ તેહિ મોક્ષઅંકુર હે જેહા, શુષ્ક હોય ઉડજાત હે તેહા ।
પુનિ ન હરિત હોવત કોઉ કાલા, સો ભવ ભટકત અધિક બેહાલા ॥૩૩॥
વિમુખ હોત હરિ સંતસેં એહા, સો પાપિન સંગ કરત સનેહા ।
હરિગુરુ સંતસું બેર બઢાઇ, કુગતિ લહત કછુ બરનિ ન જાઇ ॥૩૪॥
**દોહા** - શુભ યોનિ સંભવ રહિત, કબહુ ન લહે વિશ્રામ ।
હરિગુરુ નિંદક જીવકો, નાહિ નરકમેં ઠામ ॥૩૫॥
**સોરઠા** - કહેઉ ઉભય વિધ ભેદ, બઢત ઘટત સતસંગમહિ ।
કરહુ માન ઉચ્છેદ, ક્રોધ કપટ મત્સર સહિત ॥૩૬॥

ઇતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે પ્રશ્નોત્તરકથનનામા દ્વિતીયોઽધ્યાયઃ ॥૨॥

## અધ્યાય-૩

**ચોપાઇ** - સુનિ ઉત્તર બટુજુત મુનિવૃંદા, પ્રભુકું બંદિ સબ પાએ આનંદા ।
પુનિ મુકુંદ પુછત મુદ આની, સુનન કથા અતિશે સુખદાની ॥૧॥
મહામુનિકો કિન કિયો અપમાના, પ્રભુતા પાઇ ક્યું ગિરેઉ સુજાના ।
તબ પ્રભુ કહન લગેઉ ઇતિહાસા, જેહિ સુનિ હોવત માન વિનાશા ॥૨॥
નૃપતિ અંગ ભયો અધિક ઉદારા, વેન તાસ સુત કુલ અંગારા ।
સુતહિ નૃપતિ બહુવિધ સમજાયો, વેન કુમતિ મન રંચ ન લાયો ॥૩॥
કરત વિચાર મનહિં મન રાજા, દુષ્ટ પ્રજા વૈરાગ્યકે કાજા ।
શુભ લછન જુત સુત જબ હોઇ, પ્રાનસમાન લગત પ્રિય સોઇ ॥૪॥
યહ અતિદારુણ સુત સુખદાઇ, જિન મેરી સબ મમત મિટાઇ ।
અબ મેં જાય વન હોય અકામા, ભજિહું સદા પ્રભુ સબ સુખધામા ॥૫॥
**દોહા** - યું વિચારી નૃપ મનહિં મન, નિશિ કીનો ગૃહત્યાગ ।
બદરિવન ગયે ભજન હિત, પાય પરમ વૈરાગ ॥૬॥
**ચોપાઇ** - ભૃગુ આદિક મુનિ પરમ સુજાના, પ્રજાક્ષેમ ઇચ્છત વિધિ નાના ।
બિન નરેશ નરત્રિય વ્યભિચારી, પશુસમ ભએઉ વેદમગ ટારી ॥૭॥
બ્રહ્મવાદી મુનિવર સુખદાઇ, વેનમાતુ સુનીથા સો બોલાઇ ।
પ્રકૃતિ અજોગ્ય વેન હે જોઇ, તદપિ ભૂમિપતિ કીનો સોઇ ॥૮॥
નિરદયી ઉગ્ર વેન જગ જેહા, પાયો નૃપાસન સુનિ સબ તેહા ।
લુકેઉ ચોર સબ ઇત ઉત ધાઇ, જિમિ અહિત્રાસ આખુ લુકિ જાઇ ॥૯॥

નૃપ આસન આરુઢ હે જેહુ, અષ્ટ પ્રકૃતિ કરી ઉનમત તેહુ ।
કરે અપમાન મુનિનકે સોઉ, ખલ અનમ્ર નહિ એહિ સમ કોઉ ॥૧૦॥
**દોહા** - યું મદાંધ ગજરાજ જિમિ, રહત નિરંકુશ જોય ।
રથ ચઢી ફિરત સો સ્વર્ગભૂ, મનહું કંપાવત દોય ॥૧૧॥
**ચોપાઇ** - હોમ યજ્ઞ દાનાદિક જેહી, કિતહુ ન કરનો વિપ્રવર તેહી ।
યું કરી ભેરી ઘોષ ચહુઓરા, કિન નિવારન ધર્મ કઠોરા ॥૧૨॥
દુષ્ટસ્વભાવ વેન અતિ જાની, દેખી તાસ કૃત મુનિ વિજ્ઞાની ।
લોકકું કષ્ટ વિચારીકે ભારી, કહત વિપ્ર કરૂણા ઉર ધારી ॥૧૩॥
લોક્કું કષ્ટ ઉભયવિધ આયો, દોઉ ઓર જિમિ કાષ્ઠ જરાયો ।
તેહિ મધ્ય જંતુ તુલ્ય જગ સારા, નૃપતિ ચોર કરે કષ્ટ અપારા ॥૧૪॥
પ્રથમ અરાજક ભય હમ જાની, યહ નૃપ કિન અજોગ્ય અજાની ।
તિનહિંસે ભયો હે અધિક ભય ભારી, અબ ક્યું લહે સુખ સબ નરનારી ॥૧૫॥
**દોહા** - પયપોષકકું સરપ જિમિ, કાટત રોષ બઢાય ।
વેન સુનીથાતનય તિમિ, અતિ ખલ કહ્યો ન જાય ॥૧૬॥
**ચોપાઇ** - પ્રજાપાલ નિરમ્યો હમ જેહુ, મારન ચહત સબહિ અબ તેહુ ।
તદપિ કહે નીતિ તેહિ જાઇ, હમકું પાપ પરસત ન આઇ ॥૧૭॥
અધિક અસદ્‌વ્રત વેન હે જેહા, હમહિ પ્રથમ નૃપતિ કિયો તેહા ।
જો ન માને ખલ શીખ હમારી, હમ નિજતેજ ડારે તેહિ જારી ॥૧૮॥
યું વિચારી રાજા પહિ ગએઉ, ગુપ્તમન્યુ મુનિ ઠાઢે ભએઉ ।
વેન સમીપ કહત શુભ બાનિ, સામ ભેદ કરી અતિ સુખદાની ॥૧૯॥
નૃપવર સુનહું નીતિ શુભ જેહી, હિત તુમારે કહિહ હમ તેહી ।
આયુષ શ્રી બલ કીર્તિ તુમારી, જિનસેં બઢત નૃપતિ સુખકારી ॥૨૦॥
**દોહા** - મન કર્મ વચનસેં મનુષ્ય સબ, ધર્મ કરત શુભ જેહૂ ।
લોક વિમલ પુનિ મુક્તિકું, પ્રાપ્ત કરાવહિ તેહૂ ॥૨૧॥
**ચોપાઇ** - સો ધર્મ તવ અખંડ રહો વીરા, પ્રજા ક્ષેમકર અતિગંભીરા ।
ધર્મનાશ ભએ નૃપ તતકાલા, સબ સંપત્તિ વિન હોત બેહાલા ॥૨૨॥
દુષ્ટ અમાત્ય ચોર ભય ઘોરા, પ્રજા રખત ઈનસેં નિજ જોરા ।
જથાજોગ્ય બલિ ગ્રહે નૃપ જેહા, લોક પરલોક મુદિત રહે તેહા ॥૨૩॥

જાસ દેશ જેહિ પુર ભગવાના, જજ્ઞરુપ તેહિ જજત સુજાના ।
વર્ણાશ્રમમેં રહેઉ જન જોઇ, નિજનિજ ધર્મસેં સેવત સોઇ ॥૨૪॥
તાસ નૃપતિપર સુનુ અવનીશા, રિઝત પ્રભુ સબવિધ જગદીશા ।
હરિવચનમેં રહત નૃપ જબહિ, સર્વાતમ પ્રભુ રિઝત તબહી ॥૨૫॥
**દોહા** - પરમેશ્વર જેહિ રિજહી, કછુ અપ્રાપ્ય નહિ તેહિ ।
લોકપાલ સબ તાહિકું, પ્રેમ સહિત બલિ દેહિ ॥૨૬॥
**ચોપાઇ** - સો પ્રભુ સબહિ રુપ સુખકારી, વેદ દ્રવ્ય તપ રુપ મુરારી ।
વિવિધ જજ્ઞ કરી રિઝત જોઉ, નિજજન પદમેં રખહું તુમ સોઉ ॥૨૭॥
નૃપ તવ દેશમેં દ્વિજ મુદ પાઇ, સુર હરિકલા જજત સુખદાઇ ।
દેત સો સુર જો ચહત મનમાંહી, તેહિ હેલનકે જોગ્ય તુમ નાંહી ॥૨૮॥
સુનિ મુનિવચન વેન અકુલાઇ, મુનિ સન કહત ક્રોધ પ્રગટાઇ ।
બાલબુદ્ધિ તુમ કછુ ન જાનો, અતિ અધર્મમાંહિ ધર્મ પ્રમાનો ॥૨૯॥
નિજપતિ ત્યાગી જારરત જેહા, કિતહુ ન સુખ પાવત ખલ તેહા ।
ભૂપરુપ ઈશ્વર તજી ગંદા, ઉભય લોક સુખ લહત ન મંદા ॥૩૦॥
**દોહા** - ઈતની ભક્તિ જેહિ કરત તુમ, જજ્ઞપુરુષ કહો કોન ।
જયું કુલટા નિજપતિ તજત, ફિરત પરાએ ભોંન ॥૩૧॥
**ચોપાઇ** - વિષ્ણુ વિરંચિ દેવ ત્રિપુરારી, ઈંદ્ર વાયુ યમ રવિ તમહારી ।
મેઘ ઘનદ શશિ સુખદ પ્રકાશા, ભૂમિ અગ્નિ અપપતિ જલવાસા ॥૩૨॥
ઈતને અપર દેવ જગ જેહુ, વર અરુ શાપ દેન પ્રભુ તેહુ ।
સો સબ દેવ નૃપતિમેં રહહીં, સબહિ દેવમય નૃપ જગ કહહીં ॥૩૩॥
શ્રુતિ ભાષિત કર્મની બડભાગા, જજહુ મોય મત્સર કરી ત્યાગા ।
મોય દેહુ બલિ અતિ મુદ પાઇ, મોંસે અન્ય કો પ્રભુ સુખદાઇ ॥૩૪॥
યું મુનિ તાસ દુષ્ટમતિ જાની, ચલત કુપંથ પાપી અભિમાની ।
મહામુનિ વચન ગ્રહે નહિ પાપી, ભ્રષ્ટ ભાગ્ય ભયો જન પરિતાપી ॥૩૫॥
**દોહા** - અસતકાર કિએ વેન યું, મુનિવર પરમ ઉદાર ।
ભગ્ન યાચના જાની દ્વિજ, કોપેઉ મનુ અંગાર ॥૩૬॥
**ચોપાઇ** - હનહુ હનહુ યહ પાપી પ્રચંડા, દુષ્ટ સ્વભાવ ન તજત અખંડા ।
જો યહ ખલ જીવત જગમાંહી, ભસ્મ કરહિ સબ સંશય નાંહી ॥૩૭॥

નૃપ આસનકે જોગ્ય નહિ એહુ, પાપ પ્રકૃતિ અતિ ખલમતિ તેહૂ ।
યજ્ઞપુરુષ વિષ્ણુ જગસ્વામી, તેહિ નિંદત નિર્લજ્જ ખલ કામી ॥૩૮॥
વેન કુમતિ વિન હરિ ભગવંતા, કોઉ ન નિંદત શુભમતિ સંતા ।
જિનહિંસે સુખ સંપતિ સબ પાયો, તેહિ સંગ ખલમતિ વેર બઢાયો ॥૩૯॥
યું તેહિ મારન નિશ્ચે કીના, ગૂઢક્રોધ મુનિ પરમ પ્રવીના ।
હરિનિંદા હની રાખ્યો જાહિ, હન્યો હુંકાર ક્રોધ કરી તાહિ ॥૪૦॥
**દોહા** - જિનહિંસે પ્રભુતા પાય પુનિ, તાહિ ન માનત જોય ।
હોહિ નાશ જડમૂલ જુત, વેન નૃપતિસમ સોય ॥૪૧॥
સબ અનરથકો મૂલ એક, માનરિપુ બલવંત ।
વેન નાશ કિયો માનને, તાહી તજત સબ સંત ॥૪૨॥
**સોરઠા** - આપમે શુભ ગુણ જાનિ, મુનિમાંહિ દોષકું ગ્રહત જબ ।
સંતકું દેહ પ્રમાની, વેન જ્યું પાવત નાશ તબ ॥૪૩॥
તેહિ ઉર અધર્મ આય, વાસ કરત પરીવાર જુત ।
સો દિનદિન ઘટી જાય, જ્યું જ્યું સતસંગતિ કરત ॥૪૪॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે વેનવર્ણનનામા તૃતીયોધ્યાયઃ ॥૩॥

## અધ્યાય-૪

**ચોપાઇ** - સુનહું તાત પુનિ કહું ઈતિહાસા, જાહિ સુનત અતિ હોત હુલાસા ।
ભયો એક ચિત્ર કેતુ નૃપ ભારી, સિદ્ધ ગતિ પાયો સુખકારી ॥૧॥
વ્યવહારિક ગુન આપમેં જાની, પ્રભુતા પાય ભયો અભિમાની ।
બ્રહ્મરુપ જગઈશ્વર જેહી, દેહરુપ કરી માનેઉ તેહી ॥૨॥
શિવઅપમાન કિન મતિહીના, તબ તેહિ શાપ ભવાની દીના ।
વૃત્રાસુર દાનવ ભયો સોઈ, સુરપરિતાપી જાને સબ કોઈ ॥૩॥
સુનત વરણિ કર જોરિ પ્રવીના, પ્રભુ સન પ્રશ્ન પ્રેમજુત કીના ।
ચિત્રકેતુ સિદ્ધ ગતિ ક્યું પાયો, સિદ્ધ હોય અભિમાન ક્યું લાયો ॥૪॥
**દોહા** - શિવ ઈશ્વર સબ જગતકે, તેહિ ઓગુન ક્યું લીન ।
સિદ્ધ હોય દાનવ ભયો, કારન કહહુ પ્રવીન ॥૫॥

**ચોપાઇ** - સુનિ બટુવચન સબહિ સુખદાઇ, મુક્તપતિ બોલેઉ હરખાઇ ।
સુનહુ તાત યહ કથા રસાલા, જેહિ સુનિ મિટત મોહ જંજાલા ॥૬॥
શુરસેન જનપદ નૃપ એકા, ચક્રવર્તી ઉર પરમ વિવેકા ।
ગુનમંદિર કુલ શીલ ઉદારા, નિજ પ્રતાપ છાયો જગ સારા ॥૭॥
કોટી નારી કિની સુતકાજા, તદપિ ન પુત્રલાભ લહ્યો રાજા ।
તેહી નૃપ ઉર ચિંતા ભઇ ભારી, તાસ તાપ કોઉ સકત ન ટારી ॥૮॥
તાસ ભવન હરિ ઇચ્છા પાઇ, આએ અંગિરા મુનિ સુખદાઇ ।
પ્રેમ સહિત મુનિ પૂજા કીના, અર્ઘ્ય પાદ્ય આસન શુભ દીના ॥૯॥
**દોહા** - અન્ન પાનાદિક પ્રેમ જુત, મુનિહિ સમરપન કીન ।
સુખ આસન પધરાય નૃપ, હાજર રહ્યો પ્રવીન ॥૧૦॥
**સોરઠા** - મુનિ પુછિ તેહિ વાત, નૃપ તવ મન ચિંતા કવન ।
મોય કહહુ સબ તાત, તવ ચિંતા કારન પ્રબલ ॥૧૧॥
**ચોપાઇ** - સુનિ મુનિવચન જોરિ જુગ પાની, ચિત્રકેતુ બોલ્યો તબ બાની ।
તુમ સબ જાનન તદપિ કહુ સ્વામી, સુનહું મોર દુઃખ અંતરજામી ॥૧૨॥
સબહિ ભૂમિપતિ પદવી પાઇ, સુત વિન મોય પરમ લઘુતાઇ ।
તુમસે દયાલુ ટારે દુઃખ સોઇ, અન્ય ઉપાય ન ભાસત મોઇ ॥૧૩॥
તબ મુનિવર તેહિ જજ્ઞ કરાયો, શેષભાગ સો નૃપહિ દેવાયો ।
જ્યેષ્ઠ જ્યેષ્ઠ કૃતદ્યુતિ તેહિ રાની, જજ્ઞ ભાગ તેહિ દિયો સુખદાની ॥૧૪॥
પુનિ મુનિ કહે નૃપતિ સુજાના, હોયગો સુત એક અનલ સમાના ।
હરષ શોક ધરના તેહિ નામા, હોઇ હો તુમ તેહિ પૂરનકામા ॥૧૫॥
**દોહા** - બ્રહ્મપુત્ર યું કહી ચલે, ચિત્રકેતુ નૃપ જેહિ ।
ગર્ભ ધર્યો નિજપત્નિમેં, કૃતદ્યુતિ ધાર્યો તેહિ ॥૧૬॥
**સોરઠા** - કાલ પાય ભયો લાલ, બાલ ચંદ જિમિ બઢત નિત્ય ।
નૃપમન મોદ વિશાલ તેહિ, રાનિ સંગ રહત નિત્ય ॥૧૭॥
**ચોપાઇ** - સુતહિ લડાવત દંપતિ સોઉ, અન્ય ત્રિયા નૃપમુખ દેખે ન કોઉ ।
અન્ય નારિનકે રોષ મન છાયો, સુત ભએ હમ સબ નૃપતિ ગમાયો ॥૧૮॥
યું પરિતાપ કિયો મન જબહિ, સુત મારન નિશ્ચે કિયો સબહિ ।
તબ લે ગરલ સબહિ ચલી આઇ, લે કુમાર દિયો ગરલ લડાઇ ॥૧૯॥

નાશ ભયો સો સુત તતકાલા, શોકવિકલ ભયો નૃપતિ બેહાલા ।
નારદજુત પુનિ સો મુનિ આએ, નૃપહિ સુધાસમ વચન સુનાએ ॥૨૦॥
નૃપ તેહિ સમય વિકલ મનમાંહિ, મુનિ અંગિરા પિછાને નાંહિ ।
મુનિ સન કહિ તુમ કોન કૃપાલા, પરમ સુખદ આએઉ એહિ કાલા ॥૨૧॥
**દોહા** - સુનુ નૃપ મેં મુનિ અંગિરા, પુત્ર દિયો જેહિ તોય ।
સો તબ શોક નિવારને, આએ હે મુનિ હમે દોય ॥૨૨॥
**ચોપાઇ** - નૃપ યહ ઈન્દ્રજાલ જગ સારા, હરિ બિન ઓર અસત્ય આકારા ।
તેહિ કારન નૃપ નહિ કોય તેરા, હરિ ભજ્ય માન્ય વચન સત્ય મેરા ॥૨૩॥
પુત્રવાનકું દુઃખ જગ જોઈ, અબ તુમ નૃપતિ જાન્યો સબ સોઈ ।
હરિ બિન સુખદાયક કોઉ નાઇ, એહિ શ્રુતિસાર ધરો મનમાંઇ ॥૨૪॥
મુનિ નારદ પુનિ કહિ તેહિ બાતા, દિનો મંત્ર અધિક સુખદાતા ।
સપ્ત રાત્ય એહિ જપ અવનીશા, સંકર્ષણ મિલહિ જગદીશા ॥૨૫॥
તદપિ નૃપતિ મન તોષ ન આયો, તબ નારદ તેહિ પુત્ર બોલાયો ।
મૃતક પુત્ર બોલ્યો ઉઠી બાની, સુનત સુધાસમ અતિસુખદાની ॥૨૬॥
**દોહા** - કેહિ કેહિ જનમમેં મોર યહ, ભએઉ પિતા અરુ માત ।
જુઠો જગનાતો સબે, જ્યું સુપન વિખ્યાત ॥૨૭॥
**સોરઠા** - સમઝિ સમઝિ સંસાર, મુનિ મોય વિસ્મય હોત અતિ ।
જુઠો તન અહંકાર, કવન હેતુ યહ કરત સબ ॥૨૮॥
જ્યું ધાતુકી મો'ર, જેહિ, કર જાવત મમત તેહિ ।
સો ન રહત એક ઠોર, ત્યું જગ જીવન ન સ્થિર રહત ॥૨૯॥
**ચોપાઇ** - યું કહી જીવ ગયો સો જબહી, નૃપતિ શોક ત્યાગ્યો સબ તબહી ।
મહામુનિવચન માની તતકાલા, નિજ ગૃહ ત્યાગ કિયો ભૂપાલા ॥૩૦॥
તબ તેહિ મુનિ નારદ મુદ પાઇ, મહામંત્ર દીનો સુખદાઇ ।
જપ્યો મંત્ર દિન સાત પ્રજંતા, દેખેઉ સંકર્ષણ ભગવંતા ॥૩૧॥
પ્રભુકો સ્તવન કિન તબ રાજા, સિદ્ધ ગતિ પાય ભયો તેહિ કાજા ।
અંતર્ધાન ભએ પ્રભુ જાની, તેહિ દિશિ નમન કિન મુદ આની ॥૩૨॥
ચિત્રકેતુ વિદ્યાધર હોઈ, ફિરત ગગનમાંહિ સિદ્ધગતિ સોઈ ।
સ્તુવન સિદ્ધ મુનિ ચારણ જેહિ, અમતિ વર્ષ વિચર્યો ઈમિ એહિ ॥૩૩॥
**દોહા** - વિષ્ણુ દિયે વિમાન ચઢી, વિદ્યાધરી જુત જાય ।
સિદ્ધ ચારણ મુનિગણ સહિત, દેખેઉ શંકર તાય ॥૩૪॥

**સોરઠા** - ભુજ કરી અંકમેં લીન, દેવી સહિત હર દેખી તબ ।
શિવહેલન તેહિ કિન, સુનત ભવાની મુનિ સબહિ ॥૩૫॥
કોટી નારી તજી આપ, સો નિજગુન અભિયાન તેહિ ।
શિવ ઓગુન સોઇ પાપ, લગ્યો તાહિ દારુણ દુઃખદ ॥૩૬॥
**ચોપાઇ** - દેહરુપ તેહિ શંકર જાને, બ્રહ્મરુપ કરી નાહિ પ્રમાને ।
તબ તેહિ ઉર પરિવાર સમેતા, અધર્મ આયકે કીન નિકેતા ॥૩૭॥
અધર્મ જુક્ત ભયો નૃપ જબહિ શિવ અપમાન કીન તેહિ તબહિ ।
નૃપ અભિમાન સહિત તબ બાની, બોલન લગ્યો પરમ દુઃખદાની ॥૩૮॥
લોકગુરુ યહ શંકર કા'વે, લોકલાજ ઉર લેશ ન લાવે ।
ધર્મકે વક્તા મુખ્ય હે જોઇ, સભા મધ્ય ત્રિયજુત ક્યું સોઇ ॥૩૯॥
જટાધારી તપ તીવ્ર હે જાહી, બ્રહ્મવાદી મુનિપતિ કહે તાહી ।
સો ક્યું અંક ત્રિય રખત અજાની, જ્યું પ્રાકૃત મતિ જડ અજ્ઞાની ॥૪૦॥
**દોહા** - પ્રાકૃત બહુધા ભજત ત્રિય, અતિ એકાંતમહિ જાય ।
યહ મહાવ્રતધર સદસિ ત્રિયા, ભજત લાજ વિસરાય ॥૪૧॥
**ચોપાઇ** - સો સુનિ શંભુ હસેઉ ત્રિપુરારી, કિયો ભવાની કોપ અતિભારી ।
કોપાક્રાંત કહત સુકુમારી, શંભુ પ્રતાપ અધિક ઉર ધારી ॥૪૨॥
બ્રહ્માદિક સુર જેહિ પદ ધ્યાવે, સો શિવમહિ જડ ભુલ્ય બતાવે ।
હરિજન નાહિ દુષ્ટમતિ એહા, હોહુ અસુર કછુ નહિ સંદેહા ॥૪૩॥
ચિત્રકેતુ તજી તુરત વિમાના, સતીહિ નમન કિયો વિન મદમાના ।
ગીર્યો સિદ્ધગતિસેં તતકાલા, વૃત્રાસુર સો ભયો વિકરાલા ॥૪૪॥
યું વ્યવહારિક ચાતુરી લાઇ, આપમેં માનત ગુન અધિકાઇ ।
હરિપ્રેય સંતકું દેહ પ્રમાની, ઓગુન ગ્રહત મનુષ્યસમ જાની ॥૪૫॥
**દોહા** - તેહિ ઉર અધર્મ કુલસહિત, સબ વિધ કરત નિવાસ ।
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, હોત સબહિ ગુન નાશ ॥૪૬॥
**સોરઠા** - સો જ્યું જ્યું સતસંગ, કરત ત્યુંહિ ત્યું ઘટત નિત ।
ચઢત કુમતિકો રંગ, જ્યું કુસંગમહિ કુમતિ નર ॥૪૭॥

ઇતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે ચિત્રકેતુશાપવર્ણનનામા ચતુર્થોધ્યાયઃ ॥૪॥

## અધ્યાય-૫

**ચોપાઇ** - પુનિ સોઈ કહન લગેઉ સુખકંદા, હરન મોહ માયા ભવફંદા ।
સુનુ બટુ સુખદ કથા કહું તોઈ, જાહિ સુનત હરિપદ રતિ હોઈ ॥૧॥
દુર્વાસા મુનિ પરમ સુજાના, ઈંદ્ર તાસ કીનો અપમાના ।
સો અઘસેં શચીપતિ દુઃખ પાયો, ત્રિભુવનમહિ તેહિ અઘદુઃખ છાયા ॥૨॥
સુનત વચન બોલેઉ દ્વિજ બાની, કહહુ કથા પ્રભુ અતિ સુખદાની ।
કવન દોષ કીનો સુરરાજા, મુનિ તેહિ શાપ દિન કેહિ કાજા ॥૩॥
સુનહુ વર્ણી યહ કથા રસાલા, જેહુ સુનિ મિટત મોહ જંજાલા ।
કહું ઈતિહાસ કથા સુખકારી, ટરત જાહિસુનિ જન અહંકારી ॥૪॥
**દોહા** - સબ ઓગુન અભિમાનમહિં, રહત સદા કરી વાસ ।
યાહિતેં ત્યાગત સબહિ વિધિ, મનરિપુ મમ દાસ ॥૫॥
**ચોપાઇ** - રુદ્ર અંશ મહામુનિ દુર્વાસા, ફિરત ભૂમિપર તજી સબ આશા ।
વિદ્યાધર વનિતા કર માલા, પરમ દિવ્ય મુનિ દેખી વિશાલા ॥૬॥
કલ્પવૃક્ષાકો વન શુભ જોઈ, જાસ સુગંધ સુગંધિત હોઈ ।
સો કુસુમનકિ માલ શુભ એહા, વરની ન જાત સુગંધિ તેહા ॥૭॥
ઉનમત્ત વ્રતધર વિપ્ર ઉદારા, દેખી દામ ભયો મોહ અપારા ।
વિદ્યાધર વધુસેં મુનિ સોઉ, માગત ભએઉ માલ શુભ જોઉ ॥૮॥
વિદ્યાધરવનિતા શુભ અંગા, સુનત વચન મન અધિક ઉમંગા ।
તબ તેહિ માલ સો મુનિકું દીના, પ્રેમસહિત પુનિ વંદન કીના ॥૯॥
**દોહા** - સો માલા મુનિ શિર ધરી, ઉન્મત્તસમ તેહિ રુપ ।
ફિરત ભૂમિ પર મગન હો, મહામુનિ પરમ અનૂપ ॥૧૦॥
**ચોપાઇ** - ઉનમત્ત ઐરાવત સ્થિત જેહુ, સો મુનિ દેખ્યો સુરપતિ તેહૂ ।
સો સુરગણજુત શચીપતિ દેખી, મુનિ મન ભયે આનંદ વિશેખી ॥૧૧॥
નિજશિર સુમનમાલ શુભ જેહી, ઉનમત ષટપદ સેવિત તેહી ।
મુનિ સો માલ લે ઈંદ્રહિ દીના, ઉનમતસમ નિત્ય રહત પ્રવીના ॥૧૨॥
દેહબુદ્ધિ મહામુનિમહિં આની, નિજગુન ઈંદ્ર અધિક અભિમાની ।
મુનિપ્રસાદ મહાતમ નહિ લીના, તબ તેહિ ઉર અધર્મ ગૃહ કીના ॥૧૩॥
સુરપતિ માલ પ્રેમ બિન લીની, ઐરાવત શિરપર ધરી દીની ।
ગજશિર માલ બિરાજત એસી, ગિરિ કેલાસપેં ગંગા જેસી ॥૧૪॥

**દોહા** - ઐરાવત મદમત્ત અતિ, માલ સુંઢ ગ્રહી લીન ।
કછુ સુગંધિ ગ્રહિ તુરત તેહિ, ડારી ભૂમિપર દીન ॥૧૫॥
**ચોપાઇ** - કોપ કિયો મુનિવર તતકાલા, સહજ રુદ્રસમ અતિ વિકરાલા ।
મુનિ સુરપતિ સન બોલેઉ બાની, ક્રોધ સહિત અતિશે ભયદાની ॥૧૬॥
સંપતિમદ સુરપતિ તોય ભારી, અતિ અનમ્ર મતિ દુષ્ટ તુમ્હારી ।
શોભાધામ દામ મમ જોઇ, મેં દિનિ તુમ વંદિ ન સોઇ ॥૧૭॥
અહો પ્રસાદ કહિ શિર ન નમાયો, ઐશ્વર્યમદ તવ ઉર અતિ છાયો ।
પ્રફુલ્લિત હોય ન શિશ ચડાઇ, ભયો ઉનમત્તસમ પ્રભુતા પાઇ ॥૧૮॥
મમ માળા અતિશે નહિ જાની, શ્રીમદઅંધ અધિક અભિમાની ।
તાતેં મૂઢ ત્રિભુવન શ્રી જેહા, હોવહિં નાશ ન કછુ સંદેહા ॥૧૯॥
**દોહા** - અન્ય વિપ્રસમ જાની તુમ, કિન મોર અપમાન ।
મુનિ દુરવાસા નામ મમ, સુન્યો ન અધિક અજાન ॥૨૦॥
**ચોપાઇ** - સુમનમાલ દિનિ મેં જેહુ, ભૂપર ડાર દઇ તુમ તેહુ ।
તાહિતેં તીન લોક તતકાલા, હોઇહે લક્ષ્મીરહિત બેહાલા ॥૨૧॥
કોપસહિત દેખત મોય જબહી, ત્રિભુવન સ્થિર ચર કંપત તબહી ।
ઇંદ્ર ન તુમહિં મોર યહ જ્ઞાના, ગર્વસેં કિન અધિક અપમાના ॥૨૨॥
ઐરાવતસેં ઇંદ્ર ઉઠી ધાયો, મુનિ પદપંકજ શિશ નમાયો ।
મુનિહિ રિઝાવન સુરપતિ સોઇ, કરત વિનય ગદ્‌ગદ્ સ્વર હોઇ ॥૨૩॥
તબ શચીપતિસું કહત મુનિ બાતા, મેં દુર્વાસા મુનિ સાક્ષાતા ।
શાંતિ ક્ષમા મમ મન નહિ લેશા, મોય રિઝાવન તજહું અંદેશા ॥૨૪॥
**દોહા** - મુનિ વસિષ્ઠ આદિ અપર, વિનયસેં રિઝત જોય ।
ક્રોધ પ્રબલ કરુણારહિત, કેહિ વિધિ રિઝવત મોય ॥૨૫॥
**ચોપાઇ** - યું કહિ ગએ મુનિ તુરત રિસાઇ, સુર સુરપતિ રહે મન પછતાઇ ।
તબ હોય ગજારુઢ સુરરાજા, ગયે અમરાવતી સહિત સમાજા ॥૨૬॥
તબહિં સે ઇંદ્ર સહિત ત્રિલોકા, શ્રી બિન સહત કષ્ટ ભય શોકા ।
વૃક્ષ વેલી ઔષધી જગ જેહા, શ્રી બિન નાશ ભએઉ સબ તેહા ॥૨૭॥
જજ્ઞ દાન જપ તપ વ્રત જેહુ, નાશ ભએઉ શ્રી બિન ભૂવિ તેહ ।
કોઇ ન દાનધર્મ મન લાવે, સબ અધર્મરત ઇત ઉત ધાવે ॥૨૮॥

સુરપતિ મુખ્ય ઉર અધર્મ આયો, તબ તેહિ પાપ સબહિ જગ છાયો ।
અધર્મ ધર્મ કરત મુખ્ય જબહી, તબ તેહી રીતિ વ્યાપે જગ સબહી ॥૨૯॥
**દોહા** - યું અધર્મ નર નારી ઉર, વ્યાપ્યો સુરપતિ સંગ ।
તાહિતે જો જિનમેં મુખી, તજત અધર્મ પ્રસંગ ॥૩૦॥
યું વ્યવહારિક ગુનનિસેં, આપકે ગુન ગ્રહે જોય ।
દેહ દષ્ટિસેં મુનિનકે, ઓગુન ગ્રહે ખલસોય ॥૩૧॥
**સોરઠા** - તેહિ ઉર અધર્મ આય, વસત સબહિ પરિવાર જુત ।
તાસ ભક્તિ ઘટી જાય, જયું જયું સતસંગતિ કરત ॥૩૨॥

ઇતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે દુર્વાસાશાપ - ઇંદ્રશ્રીનાશવર્ણનનામા
પંચમોધ્યાયઃ ॥૫॥

## અધ્યાય-૬

**ચોપાઇ** - પુનિ પ્રભુ સો પ્રસંગ સુખરુપા, કહન લગે સબ ભાતિ અનૂપા ।
જેહિ સુનિ માન મોહ સબ નાશે, ઉર વિવેક રવિ પ્રબલ પ્રકાશે ॥૧॥
બ્રહ્મપુત્ર ભયો દક્ષ ઉદારા, જેહિ જશ વ્યાપી રહ્યો જગ સારા ।
શિવ અપમાન કિન તેહિ જબહી, જશજુત નાશ ભયો સો તબહી ॥૨॥
સુનિ પ્રભુવચન જોરિ જુગ પાની, પ્રેમ સહિત બોલેઉ બટુ બાની ।
શિવ અપમાન દક્ષ ક્યું કીના, કહહુ નાથ યહ કથા નવીના ॥૩॥
સુનિ બટુવચન મગન ભએ સ્વામી, કહન લગે સોઈ અંતરજામી ।
સુનહુ તાત ઈતિહાસ પુરાના, જેહિ સુનિ મિટત સહજ અભિમાના ॥૪॥
**દોહા** - પ્રથમ વિશ્વસૃજ મખ કિયો, વેદવચન અનુસાર ।
ભવ બ્રહ્માદિક દેવ તહાં, આએઉ અનંત અપાર ॥૫॥
**ચોપાઇ** - સુર મુનિવૃંદ સભા ભઇ ભારી, તેહિ મધ્ય રાજત અજ ત્રિપુરારી ।
દક્ષ પ્રજાપતિ અર્કસમાના, આયો સભા મધ્ય સબ ગુનજાના ॥૬॥
હર વિરંચિ બિન સબ સુરવૃંદા, ઠાઢે ભયેઉ અતિ પાય આનંદા ।
દક્ષકું સબ અતિ આદર દીના, અજહિ આય તેહિ વંદન કીના ।૭॥
શિવહિ દેખિ મદ મત્સર આની, બોલન લગ્યો અધિક અભિમાની ।
સુનહુ દેવ મુનિ કહું સત્ય વાની, સાધુવૃત્ત સબકું સુખદાની ॥૮॥

મોહિ ન મદ મત્સર અજ્ઞાના, કહહું જથારથ સુનહું સુજાના ।
લોકપાલ જશ સબહિ નસાવે, અશિવરુપ શિવ નામ કહાવે ॥૯॥
**દોહા** - અતિ અનમ્ર અભિમાનવશ, ભૂતનાથ ભવ એહિ ।
સતપુરુષનકો રાહ શુભ, નાશ કરત સબ તેહિ ॥૧૦॥
**ચોપાઇ** - યહ મમ શિષ્યભાવકું પાયો, વિશ્વવિદિત જામાતુ કહાયો ।
અભ્યુત્થાન વંદન નહિ કીના, વચનસેં મોય ન આદર દીના ॥૧૧॥
ક્રીયાહીન અતિ અશુચિ અજાના, સેતુ હનત ઉર અતિ અભિમાના ।
બ્રહ્મા એહિ મમ પુત્રી દેવાઇ, શુદ્રહિ વેદગિરા જ્યું સુહાઇ ॥૧૨॥
ફિરત સ્મશાનમેં ભૂતનિ સંગા, ચિતાભસ્મ લેપિત સબ અંગા ।
નામમાત્ર શિવ અશિવ અપારા, જેહિ મગ ચલિ ડુબ્યો સંસારા ॥૧૩॥
શિવ તેહિ કાલ શાંતિ ઉર ધારી, દક્ષ કિનિ તેહિ નિંદા ભારી ।
બ્રહ્મરુપ તેહિ શિવ ન પિછાને, દેહદૃષ્ટિ કરી ઓગુન ઠાને ॥૧૪॥
**દોહા** - આપમેં ગુન ગ્રહિ શંભુકો, જબ તેહિ ઓગુન લીન ।
તબ તેહિ ઉર પરિવાર જુત, અધર્મ વાસા કીન ॥૧૫॥
**સોરઠા** - અધર્મ જુત ભયો દક્ષ, ધર્મ ગયો પરિવાર જુત ।
લગ્યો કુમતિમેં લક્ષ, શાપ દેન મન કીન તબ ॥૧૬॥
**ચોપાઇ** - લેકર ઉદક કહન લગ્યો સોઇ, ઇંદ્ર ઉપેંદ્રાદિક જહાં હોઇ ।
દેવસંગ નહિ ભવકો ભાગા, જહાં કછુ હોય હોમ વ્રત જાગા ॥૧૭॥
સુર મુનિ મુખ્ય નિવારણ કીના, તદપિ શાપ શંકરકુ દીના ।
તબ તેહિ સ્થલસેં ક્રોધ કરી ભારી, નિજગૃહ ગયો અધિક અહંકારી ॥૧૮॥
જાની શાપ શિવગણ મુખ્ય વીરા, દીપ્ત ક્રોધ નંદીશ્વર ધીરા ।
દારુણ શાપ દક્ષકું દીના, પુનિ સો દંડ તેહિ પક્ષીહિ કીના ॥૧૯॥
ભવ ભગવાન મનુષ્ય તેહિ જાની, દેહદર્શી નિંદત અભિમાની ।
તત્ત્વસેં વિમુખ હોહુ સોઇ પાપી, પૃથકદૃષ્ટિ સબ જન પરિતાપી ॥૨૦॥
**દોહા** - કુટિલ ધર્મજુત ગૃહ વિષે, મિથ્યા સુખ ધરી આશ ।
વેદવચન પુષ્પિત વિષે, કર્મમેં રહો વિશ્વાસ ॥૨૧॥
**ચોપાઇ** - દક્ષ દેહમતિ રહો દિનરાતી, ભુલ્યકે આતમગતિ સબ ભાતી ।
પશુ જ્યું કામી રહો ત્રિયાસંગ લાગી, દક્ષ બસ્ત મુખ હોહુ અભાગી ॥૨૨॥

વિદ્યાબુદ્ધિ અવિદ્યાસંગા, રહહુ કર્મજડ મૂઢ અભંગા ।
ભવદુઃખ સહો મૂઢ બહુ કાલા, જે હરનિંદક વિમુખ બેહાલા ॥૨૩॥
સર્વભક્ષ દ્વિજ ગૃહો સબ દાના, પઢહુ પેટહિત વેદ પુરાના ।
તન ધન ત્રિય સંગ રહો લપટાઇ, જાચત ફિરો વિપ્ર જગ જાઇ ॥૨૪॥
સુનિ દ્વિજકુલહિં શાપ અતિ ઘોરા, ભૃગુ બોલેઉ કરી કોપ કઠોરા ।
ભૃગુ પ્રતિશાપ દિયો તતકાલા, બ્રહ્મદંડ અતિ કઠિન કરાલા ॥૨૫॥
**દોહા** - શિવ વ્રતધર ભવ ભજનરત, તેહિ અનુવૃતિ જગ જોઇ ।
પાખંડી સદ્ગ્રંથકો, શત્રુ રહો નિત્ય સોઇ ॥૨૬॥
**ચોપાઇ** - નષ્ટશૌચ જડમતિ અહંકારી, ભસ્મ જટા અસ્થિ તનધારી ।
સો શિવદીક્ષા કરહુ પ્રવેશા, મદ્ય માંસ જહાં નહિ ધર્મ લેશા ॥૨૭॥
વેદ રુ વિપ્રકું નિંદત જોઇ, પાખંડી હોઇ હો સબ કોઇ ।
અધિક અવિદ્યા વિદ્યા જાનો, બ્રહ્મવિદ્યા કબહુ મત માનો ॥૨૮॥
શબ્દબ્રહ્મ અતિ વિશુદ્ધ કહાવે, જો શ્રુતિમગ સબ મુનિ મન ભાવે ।
શ્રુતિનિંદક ભવભક્ત હો જેહુ, રહહુ લોભરત લંપટ તેહુ ॥૨૯॥
ભયો હે પરસ્પર દારુણ શાપા, ઉભય પક્ષમહિ વ્યાપ્યો પાપા ।
બ્રહ્મદંડ દારુણ દુઃખદાઇ, તેહિ સબકી શુદ્ધ બુદ્ધ વિસરાઇ ॥૩૦॥
**દોહા** - ઉભયપક્ષ ઇતિ શાપવશ, બેઉ અધિક મતિમંદ ।
જુઠા તન અભિમાનસે, ફસેઉ અવિદ્યાફંદ ॥૩૧॥
**ચોપાઇ** - પ્રભુતા પાઇ વિમુખ જો હોઇ, વિશ્વ અમંગલ કરતા સોઇ ।
દક્ષપક્ષ લે વિપ્ર અપારા, અતિદુઃખ લએઉ જાને જગ સારા ॥૩૨॥
સુનિ પ્રભુવચન પ્રશ્ન બટુ કિના, કહો પ્રભુ કેહિ વિપ્રની દુઃખ દીના ।
દક્ષ કિમિ દ્વિજ દુઃખ પાયો, સો પ્રસંગ પ્રભુ કહો મનભાયો ॥૩૩॥
વરણિવચન સુનિ હરખેઉ દેવા, કહન લગેઉ સોઇ પ્રભુ તતખેવા ।
હર અપમાન કરન મન ધારી, દક્ષ જજ્ઞ આરંભ્યો ભારી ॥૩૪॥
અજ આદિક સુર સબહિ બોલાએ, પંક્તિબાહ્ય હિત શિવ વિસરાએ ।
સુર વિમાન ચઢિ ચઢિ સબ આએ, ગગનપંથ સતી દેખી સુહાએ ॥૩૫॥
**દોહા** - ભવસું ભવાની કહત તબ, સુનુ ત્રિપુરારિ સુજાન ।
હોત જજ્ઞ મમ તાત ગૃહ, જાતહે વિબુધવિમાન ॥૩૬॥

**સોરઠા** - તુમ કરુણા કરી નાથ, ચલહુ સંગ મમ પિતુ સદન ।
મિલ્યો સબહિ સુરસાથ, તહાં નિજભાગકું ભજહુ તુમ ॥૩૭॥
**ચોપાઇ** - સુનિ શિવ કહત સુનહુ સુકુમારી, તવ પિતુ મોર દ્વેષી અહંકારી ।
મમ અપમાન કરન જગ એહા, ગએ મરન તબ નહિ સંદેહા ॥૩૮॥
કીન નિવારણ શિવ તેહિ ભારી, તદપિ ન હઠ ત્યાગ્યો શઠ નારી ।
રોષવિવશ પિતુગૃહ ગઇ સોઇ, તહાં સનમાન કિયો નહિ કોઇ ॥૩૯॥
રુદ્રભાગ વિન મખ તેહિ જાન્યા, શંભુવચન તબ સત્ય પ્રમાન્યા ।
શંભુવિમુખ જાની નિજતાતા, ક્રોધવિવશ કહે દક્ષકું બાતા ॥૪૦॥
જો પરગુન ગ્રહે દોષહિ ત્યાગી, ઉત્તમ પુરુષ સો અતિ બડભાગી ।
જો પરગુન ઓગુન દોઉ જાને, મધ્યમ નર સોઇ વેદ વખાને ॥૪૧॥
ગુન તજી દોષ ગ્રહત પરકેરા, સો તુમ સમ જગ અધમ ઘનેરા ।
પિતુ અપમાન કિન યું બાલા, અનલ પ્રવેશ કિન તતકાલા ॥૪૨॥
હાહાકાર શબ્દ ભયો ભારી, દક્ષહિ નિંદત સબ નરનારી ।
નંદિશ્વર આદિક ગણ જેહા, જજ્ઞભંગ કરને લગે તેહા ॥૪૩॥
**દોહા** - ભૃગુ સુરગણ ઉપજાય તબ, શિવગણ દિએહે હટાય ।
તદપિ શંકિત ભએ સબે, રુદ્રરોષ ભય લાય ॥૪૪॥
**ચોપાઇ** - મુનિ નારદ તબ શિવ ઢિગ જાઇ, સતી મરન વિધિ દીન બતાઇ ।
કોપેઉ રુદ્રરુપ ત્રિપુરારી, જટા છોરી ભૂમિપર ડારી ॥૪૫॥
વીરભદ્ર ભયો અતિ વિકરાલા, કોપસહિત ગરજત જનુ કાલા ।
રુદ્ર તુરત તેહ આજ્ઞા દીના, નાઇ ચરન શિર ચલેઉ પ્રવીના ॥૪૬॥
શિવગણ સેન સહિત બલવંતા, વીરભદ્ર કીનો મખ અંતા ।
સુરગણ સબહિ બાંધી તિન માર્યા, જજ્ઞકે પાત્ર ફોરી સબ ડાર્યા ॥૪૭॥
યું શિવગણ જબ મારન લાગે, દ્વિજ નરનારી ત્રાસ જુત ભાગે ।
જથાજોગ્ય દિયો દંડ વિચારી, ત્રાહિ ત્રાહિ કહે વિપ્ર પોકારી ॥૪૮॥
શિવ નિંદત જેહિ જો અઘ કીના, વીરભદ્ર તેહિ ત્યું દંડ દીના ।
હાસ કરી તેહિ દાંતકું તોરે, સેંન કરી તેહિ લોચન ફોરે ॥૪૯॥
ભૃગુ આદિકકી તોરિ લઇ દાઢી, યું વિપ્રનકું વ્યથા ભઇ ગાઢી ।
બહુવિધ છેદ ભેદ કરી મારે, યું સબ દ્વિજ વિરુપ કરી ડારે ॥૫૦॥

**દોહા** - દક્ષકો શિરછેદન કિયો, કુંડમેં ડાર્યો સોય ।
જજ્ઞભંગ કરી રુદ્રગણ, હસેઉ મગન સબ હોય ॥૫૧॥
દક્ષપક્ષ જેહિ જેહિ લિયો, અતિદુઃખ પાએ સોઉ ।
ઈશ્વરકો ઓગુન લિયે, કાજ ન સિધત કોઉ ॥૫૨॥
**સોરઠા** - યું નિજગુન ગ્રહિ જેહ, મહામુનિકે ઓગુન ગ્રહત ।
દેહદર્શિ ખલ એહ, તેહિ ઉર અધર્મ રહત નિત ॥૫૩॥
**દોહા** - જેહિ ઉર અધર્મ રહત નિત, કરત સુખદ ગુનઘાત ।
સંતવચન અમૃત સરસ, તબ તેહિ નાહિ સુહાત ॥૫૪॥
**સોરઠા** - ઉલટો કરત વિચાર, જબ મુનિવર તેહિ કહત કછુ ।
રોગી મનુષ્ય અન્નસાર, જ્યું જિમત ત્યું દુઃખ લહત ॥૫૫॥
અધર્મજુત જન જોય, સો સતસંગમેં બઢત નહિ ।
ઘટત જાત નિત્ય સોય, જ્યું સતસંગિમેં રહત ॥૫૬॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે રુદ્રદ્વેષેણ દક્ષયજ્ઞભંગનામા ષષ્ઠોધ્યાયઃ ॥૬॥

## અધ્યાય-૭

**ચોપાઇ** - સુનિહુ વર્ણી અન્ય કથા ઉદારા, જેહિ સુનિ મિટત કુમતિ અહંકારા ।
જન અક્રૂર અધિક હરદાસા, ચલે જબ મધુપુરસેં પ્રભુપાસા ॥૧॥
કરન લગેઉ મન વિમલ વિચારા, અતિ મહાતમ જુત સબ શ્રુતિસારા ।
પ્રગટ શ્રીપુરુષોત્તમ બહુનામી, દેખેહું આજ ચરાચરસ્વામી ॥૨॥
પાપ પ્રચંડ ગએ મમ સબહિ, હરિ સનમુખ પગ ધારે જબહી ।
જેહિ પદ મહામુનિ રહે લપટાઇ, વંદિહું આજ સો પ્રભુપદ જાઇ ॥૩॥
કંસ અનુગ્રહ કીના મોઇ, દુર્લભ દેવ સુગમ ભએ સોઇ ।
પ્રગટરુપ સુખપ્રદ દોઉ ભાઇ, રામકૃષ્ણ મિલહહિં મોય આઇ ॥૪॥
**દોહા** - બ્રહ્માદિક સુર ભજત નિત, જેહિ પદ પરમ અનૂપ ।
શ્રી સેવત જેહિ પ્રેમજુત, દેખિહું સો સુખરુપ ॥૫॥
**ચોપાઇ** - પ્રભુ પદકંજમેં વંદિ હું જાઇ, મમ શિર કર ધરિહહિં સુખદાઇ ।
કાલવ્યાલભય શરને આવે, પ્રભુ કર ગ્રહિ તેહિ ત્રાસ મિટાવે ॥૬॥
સો ભુજ ગ્રહિ મોય જન સુખકારી, મિલિહહિ કૃષ્ણ ભક્તભયહારી ।
સંકર્ષણ પ્રભુ સબ સુખધામા, પ્રેમસહિત મિલિહહિ બલરામા ॥૭॥

મિલિ મોય કુશલપ્રશ્ન પ્રભુ કરિ હે, કૃપાદૃષ્ટિ તન મન જ્વર હરિહે ।
તબ મમ જનમ સુફલ હોઈ જાવે, ધિગ જીવન જો પ્રભુહિં ન ભાવે ॥૮॥
શ્વફલ્કસુત ઈમિ કરન વિચારા, ઉર શ્રીકૃષ્ણપદ પ્રેમ અપારા ।
સાંજ સમય ગોકુલ પ્રતિ આએ, સો મગ પ્રભુપદ ચિન્હ સુહાઅ ॥૯॥
**દોહા** - અંકુશ અંબર કુલિશ ધ્વજ, ઉર્ધ્વરેખાદિક જોય ।
ઈન જુત પ્રભુપદ ચિન્હ લખી, પ્રેમવિવશ ભયે સોય ॥૧૦॥
પુલકિત તન દગ શ્રવત જલ, ત્યાગ્યો રથ તતકાલ ।
લોટત પ્રભુપદ રેણુમેં, ભુલેઉ તન સંભાલ ॥૧૧॥
**સોરઠા** - વંદન ભક્તિ તાસ, સબસું અધિક શ્રુતિ કહત તિમિ ।
સો અનન્ય હરિદાસ, કિન કપટ ધન નારી હિત ॥૧૨॥
**ચોપાઇ** - સુનિ પ્રભુવચન જોરી કર દોઈ, બોલેઉ વર્ણી પ્રભુપદ ચિત પ્રોઈ ।
પ્રભુ અનન્ય ભક્તિરત જેહા, ધનત્રિય હિત ક્યું કપટ કિયો તેહા ॥૧૩॥
યહ સંદેહ અધિક મોય સ્વામી, કહહુ કૃપા કરી અંતરજામી ।
સુનિ બટુવચન મગન પ્રભુ હોઈ, કહત પ્રસંગ સબહિ વિધ સોઈ ॥૧૪॥
સત્રાજિત રવિભક્તિ કીના, રવિ તેહિ અધિક રિઝિ મણિ દિના ।
નામ સ્યમંતક પરમપ્રકાશા, સો મણિ લે આયો પુરિપાસા ॥૧૫॥
દ્વારામતિવાસી નરનારી, તેજ દેખિ વ્યાકુલ ભયે ભારી ।
પ્રભુ ઢિગ જાયકે કિન પોકારા, હસેઉ દેવ સબ જાનનહારા ॥૧૬॥
**દોહા** - યહ ન અનલ રવિ નાહિ યહ, સત્રાજિત રવિદાસ ।
ભાનુ ભાનુસમ મણિ દીયો, તાકો પરમ પ્રકાશ ॥૧૭॥
**ચોપાઇ** - સત્રાજિત આયો રવિદાસા, મણિ દેખ્યો રવિતુલ્ય ઉજાસા ।
પ્રભુ નૃપહિત મણિ માગ્યો જબહિ, અતિ લોભિષ્ઠ ન દીનો તબહી ॥૧૮॥
સત્રાજિત તબ નિજ ઘર આયો, દેવસદનમહિં મણિ પધરાયો ।
અષ્ટ ભાર સુવર્ણ નિત્ય જામે, પ્રગટ હોત અતિ આશ્ચર્ય તામે ॥૧૯॥
સો મણિ લે પ્રસેન તેહિ ભાઈ, અશ્વ ફિરાવત બનમેં જાઈ ।
તાહિં સિંહ માર્યો બનમાંહી, મણિજુત પુનિ પુર આયો નાંહી ॥૨૦॥
સો અપવાદ શ્રીકૃષ્ણકું દીના, તેહિ ખોજન પ્રભુ ચલેઉ પ્રવીના ।
પુરવાસિન જુત વન જબ ગયેઉ, સિંહ હન્યો તેહિ દેખત ભએઉ ॥૨૧॥

સિંહકો ખોજ દેખી ચલે જબહિ, રીંછ હન્યો તેહિ દેખ્યો તબહી ।
રીંછકે ખોજ ચલેઉ સબ તેહા, ગિરિકંદરમેં ખોજ ગયો એહા ॥૨૨॥
**દોહા** - ગુફા ભયાનક રીંછકી, પ્રભુ તહાં કિન પ્રવેશ ।
બાલ પનને સો મણિ, દેખ્યો અખિલ ભુવનેશ ॥૨૩॥
**ચોપાઈ** - જાંબુવાન સંગજુદ્ધ ભયો ભારી, અષ્ટવિંશ દિન અતિ ભયકારી ।
પ્રભુકે પ્રહાર વિકલ ભયો તેહી, જાનિ લિએઉ મમ પ્રભુ હે એહી ॥૨૪॥
જોરી પાનિ કરી વિનય વિશાલા, મણિજુત સુતા દિનિ તતકાલા ।
બાહિર રાખિ ગએઉ પ્રભુ જેહા, દ્વાદશ દિન તેહી સ્થલ રહે તેહા ॥૨૫॥
પુનિ સો દ્વારકા ગએ બિલખાઈ, કહિ સબ બાત પરમ દુઃખ પાઈ ।
સત્રાજિતહિં શાપ દે ભારી, રુદન કરત પુરજન નરનારી ॥૨૬॥
મહામાયા દુર્ગાકે સ્થાના, લગેઉ નમન સબ તજી ગતિ આના ।
દુર્ગાભક્ત ધુની કહી બાની, અબ શ્રીકૃષ્ણ લ્યાઉ સુખદાની ॥૨૭॥
**દોહા** - કહત વચન ઈમિ પત્નીજુત, આયેઉ શ્રીભગવાન ।
ભયો હે ભવાનીકો તબે, પુરિમધ્ય અતિ સનમાન ॥૨૮॥
**ચોપાઇ** - જાંબુવતીજુત નિજગ્રહ આઈ, દિનો મણિ સબ કથા સુનાઈ ।
સત્રાજિત મણિ લે ગ્રહ આયો, તાસ હેતુ તેહિ અધિક ડરાયો ॥૨૯॥
સત્રાજિત મન અધિક વિચારી, મણિસમ પુત્રી દિની સુકુમારી ।
જબ સત્યભામા પ્રભુકું દીના, તબ અક્રૂર કોપ અતિ કીના ॥૩૦॥
લાક્ષાગ્રહ પાંડવ ભએ નાશા, સુનિ તબ ગએ તહાં વિશ્વ નિવાસા ।
કૃતવર્મા અક્રૂર એ દોઈ, લગેઉ વિચારન પિછે સોઈ ॥૩૧॥
હમકું દેન કહિ કન્યા એહા, કૃષ્ણહિં દિનિ મલિન મન તેહા ।
જબ શ્રીકૃષ્ણમહિ નરમતિ આઈ, તેહિ ઉર અધર્મ વ્યાપ્યો ધાઈ ॥૩૨॥
**દોહા** - જદપિ ભક્ત શ્રીકૃષ્ણકો, તદપિ અધર્મી હોય ।
સત્યભામાકે તાતકું, નાશ કરાયો સોય ॥૩૩॥
**સોરઠા** - શતધનવાકું સિખાય, સત્રાજિત મરવાય પુનિ ।
મણિ લિનો ફુસલાય, કિનિ કુમતિ અક્રૂર અતિ ॥૩૪॥

**ચોપાઇ** - સત્યભામા સો જાય પ્રભુ પાસા, તાત મરન કિયો હેતુ પ્રકાસા ।
તવ શ્રીકૃષ્ણ દ્વારામતી આએ, ઉભય ભ્રાત નિજ શંખ બજાએ ॥૩૫॥
સુનિ શતધન્વા અતિ અકુલાયો, તબ સો શરન અક્રૂરકે આયો ।
કૃતવર્મા અક્રૂર એ દોઉ, હરિબલ કહન લગેઉ તબ સોઉ ॥૩૬॥
સેન સહિત કંસાદિક મારે, સબહિ નૃપતિકે માન ઉતારે ।
તેહિ સન વૈર કવન વિધ હોઈ, અધિક પ્રતાપી જાને સબ કોઈ ॥૩૭॥
કરહુ પલાયન તુમ યું જાની, તેહિ વિન હોત સબનકું હાની ।
સત્રાજિતહિ મરાયો જેહી, લોભવિવશ મોય રખત ન તેહી ॥૩૮॥
**દોહા** - યું વિચારી શુભ અશ્વ ચઢી, કીન પલાયન સોય ।
ચાલ્યો ચોર જિમિ ત્રાસવશ, સંગ ન દુજો કોય ॥૩૯॥
**સોરઠા** - પ્રભુ જાનિ સો બાત, રામ કૃષ્ણ રથ ચઢી ચલેઉ ।
શતધન્વાકો ઘાત, કિન જનકપુર જાય તબ ॥૪૦॥
**ચોપાઇ** - તા પિછે અક્રૂર વિચારી, ગએ મણિ ચોરી ધર્મ દીયો ડારી ।
કાશિવાસ કિયો તેહિ જાઈ, ધનહિત મણિ તેહિ અધિક લુકાઈ ॥૪૧॥
આપમેં ગુન પ્રભુ ઓગુન ધારી, દેહબુદ્ધિ કરી દેખે મુરારી ।
તબ તેહિ ઉર અધર્મ બિકરાલા, લે પરિવાર વસ્યો તતકાલા ॥૪૨॥
ભક્ત તદપિ લાંછન બડ આયો, કામ લોભ વિપરીત કરાયો ।
જગમહિ દાનપતિ સો કહાએ, હરિજન મધ્ય ન્યૂનતા પાએ ॥૪૩॥
યું સંતનકો સંગ કોઉ કરહી, ગુન તજી સંતદોષ ઉર ધરહી ।
વ્યાવહારિક ગુન આપમેં જાની, ખલમતિ હોત અધિક અભિમાની ॥૪૪॥
**દોહા** - સનકાદિક સમ સંતકું, ગિનત ન બુદ્ધિ લાય ।
તેહિ ઉર અધર્મ કુલસહિત, બાસ કરત સદ્ય આય ॥૪૫॥
સો જયું જયું સતસંગમેં, રહત ત્યું ઘટત અપાર ।
દોષ ગ્રહત મહામુનિનકે, ભરત હે નિજશિર ભાર ॥૪૬॥
**સોરઠા** - કુટિલ કુસંગી જંત, સો સંતનસેં અધિક ગિની ।
તેહિ સંગ મરણ પ્રજંત, રહત સંતસંગતિ તજત ॥૪૭॥

ઇતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે અક્રૂરગુણવર્ણનનામા સપ્તમોધ્યાયઃ॥૭॥

## અધ્યાય-૮

**ચોપાઇ** - સુનહુ મુકુંદ કુમતિ નર જેહી, જિનહિસેં બડતા પાવત તેહી ।
તિનહિકો ધારત કરન અકાજા, શ્વાન જ્યું શરભ કિયો મુનીરાજા ॥૧॥
સુનિ આશ્ચર્ય કહત કર જોરી, કહહુ નાથ યહ કથા બહોરી ।
મુનિસંગ શ્વાન શરભ ભયો જોઇ, કહો બિસ્તાર સહિત પ્રભુ સોઇ ॥૨॥
સુનિ બટુવચન સબહિ સુખકારી, કહન લગેઉ ઈતિહાસ અઘારી ।
નિર્જન વનમેં રહત મુનિ એકા, અતિ દ્રઢવ્રત ઉર પરમ વિવેકા ॥૩॥
કંદ મૂલ ફલ કરત આહાર, સબવિધ જાનત સાર અસારા ।
સો મુનિકી સમતા ઉર લાઇ, વનપશુ રહત સો મુનિઢિગ આઇ ॥૪॥
**દોહા** - સો પશુસંગ એક શ્વાન રહે, સમતા ધારી સુજાન ।
પ્રેમસહિત લખી ગિનત તેહિ, મુનિવર શિષ્યસમાન ॥૫॥
**ચોપાઇ** - મુનિસમ કંદ મૂલ ફલ ખાવે, મુનિહિ ત્યાગી પલ કિતહુ ન જાવે ।
મનુષ્ય જ્યું શિષ્યભાવ સોઇ પાયો, તબ સો શ્વાન મુનિવર મન ભાયો ॥૬॥
તબ એક દ્વીપી વનેચર ભારી, શ્વાનકો ભક્ષ કરન મન ધારી ।
મુખ પસારી તેહિ મારન ધાયો, તબ સો શ્વાન મુનિશરનેં આયો ॥૭॥
સુનુ મુનિ મોય દ્વીપી વિકરાલા, મારન ચહત મૂઢ તતકાલા ।
કરહુ સો નાથ દ્વીપી ભય જાઇ, સિંહશરન કિમિ જંબુક ખાઇ ॥૮॥
નિજઆશ્રિતકું અધિક ભય જાની, કહન લગેઉ મહામુનિ વિજ્ઞાની ।
અબ તોય ઈનકો ત્રાસ નહિ લેશા, સુનુ સુત મમ ઉત્તમ ઉપદેશા ॥૯॥
**દોહા** - તજહુ ત્રાસ તુમ દ્વિપિકો, દ્વીપી હોહુ તતકાલ ।
ચિત્ર અંગજુત સબહિ વિધ, ભયો સો દ્વીપી વિકરાલ ॥૧૦॥
**ચોપાઇ** - વનદ્વીપી ડર્યો દેખિ દ્વીપી ઓરા, ત્રાસ વિવશ ત્યાગો તેહિ ઠોરા ।
સો દ્વીપી રહત સદા મુનિપાસા, વનમેં ફિરત મન અધિક હુલાસા ॥૧૧॥
તા પિંછે અતિવિકટ કઠોરા, ક્ષુધાજુક્ત મુખ ફારિકેં ઘોરા ।
દ્વીપિકો ભક્ષ કરન મન લાઇ, વ્યાઘ્ર અચાનક આયો ધાઇ ॥૧૨॥
વ્યાઘ્ર ક્ષુધિત દેખ્યો તેહિ જબહી, દ્વીપિ અતિ ત્રાસ વિકલ ભયો તબહી ।
અતિઆતુર મુનિ શરને આયો, તેહિ નિજત્રાસકો હેતુ બતાયો ॥૧૩॥
શિષ્ય જ્યું નિજશરણાગત જાની, મરણત્રાસ મેટત મુનિ જ્ઞાની ।
દ્વીપિહિ વ્યાઘ્ર કીનો તબ તેહી, અતિ બલવંત સિંહ ભયો એહી ॥૧૪॥

**દોહા** - સો વનસિંહને દેખિયો, આપ તુલ્ય બલવાન ।
વનકો વ્યાઘ્ર તતકાલ તબ, અન્ય સ્થલ ગયો સુજાન ॥૧૫॥
**ચોપાઇ** - શ્વાનસો સિંહ ભયો મુનિસંગા, અતિબલજુત મન પ્રબલ ઉમંગા ।
કંદ મૂલ ફલ ભોજન જોઇ, ઇનસેં અધિક નિઃસ્પૃહ ભયો સોઇ ॥૧૬॥
જ્યું મૃગપતિ મૃગહિત વન ડોલે, જ્યું યહ ફિરત સિંહ સમ બોલે ।
મહામુનિ સિંહરુપ તેહિ દીના, અતિ બલજુત ભયો સિંહ નવીના ॥૧૭॥
તબ તેહિ સ્થલ મદમત ગજ આયો, ગિરિસમ પદ્મરેણુ તન છાયો ।
શુભ્રદંત અતિપુષ્ટ શરીરા, મેઘ જ્યું શબ્દ કરત ગંભીરા ॥૧૮॥
સો મદઝર કુંજરકું દેખા, ભયો હે સિંહ મનત્રાસ વિસેખા ।
ગજ ભયભીત સો મુનિ ઢિગ જાઇ, નિજ ભયહેતુ દિયો હે બતાઇ ॥૧૯॥
**દોહા** - તવ સો સિંહકું મહામુનિ, કુંજર પદવી દીન ।
વનગજ ઘનસમ દેખિ ગજ, ભયજુત ગયો પ્રવીન ॥૨૦॥
વન ઉપવન સર સરિતમેં, મુદજુત વિચરત સોય ।
પદ્મરેણુ ભૂષિત તનુ, તેહિ સમ ઓર ન કોય ॥૨૧॥
**ચોપાઇ** - યું વન જાયકે મુનિઢિગ આવે, મુનિહિ નિરખી ગજ અતિમુદ પાવે ।
મહામુનિ શરણ્ય રહત ઇમિ એહિ, દિનનિશિ અમિત વીતિ ગએ તેહી ॥૨૨॥
તબ તેહિ વન આયો અતિભારી, કેસરી અરુણરુપ અહંકારી ।
ગિરિ કંદરવાસી અતિ ભીમા, ગજકુલ નાશ કરન બલ સીમા ॥૨૩॥
દેખી કેસરી સિંહ કરાલા, ગજ ભયભીત ભયો તેહિ કાલા ।
મહામુનિ શરણ નાગ તબ આયો, નિજરિપુ ત્રાસ સો સબહિ સુનાયો ॥૨૪॥
સો ગજ મુનિ તબ સિંહ બનાયો, અતુલિત બલ કેસરી પદ પાયો ।
વન કેસરિસું અધિક બલ પાઇ, કેસરી સનમુખ ઠાડો જાઇ ॥૨૫॥
**દોહા** - વનકેસરી તેહિ દેખિકે, ભયસે ભીત અતિ હોય ।
નિજ જ્ઞાતિ જાન્યો પ્રબલ, કિયો પલાયન સોય ॥૨૬॥
**ચોપાઇ** - કેસરી સિંહ વસ્યો મુનિ પાસા, ઓર જીવ ડરપેઉ તેહિ ત્રાસા ।
તબસેં તપોવનકે પશુ જેહા, જીવન હિત ત્યાગ્યો સ્થલ તેહા ॥૨૭॥
કબહુ કાલકે જોગ સંભારી, સબહિ પ્રાણી હિસંક ભયકારી ।
અતિ બલવાન રુધિર જેહી આહારા, પ્રાણી ભયદાની અપારા ॥૨૮॥

અષ્ટપાદ ઊંચે દ્રગ જેહિ, શરભ નામ વનવાસી તેહી ।
સો તેહિ સિંહકું મારન કાજા, મુનિ આશ્રમ આયો વનરાજા ॥૨૯॥
કેસરી તાહિ દેખિ ડર પાયો, નિજ જીવનનહિત મુનિ ઢીગ આયો ।
મુનિ તેહિ શરભ કિયો તતકાલા, વનકે શરભસું અતિ વિકરાલા ॥૩૦॥
**દોહા** - સો વનવાસી શરભ તબ, દેખી શરભ બલવાન ।
મુનિ આશ્રમસેં ભયસહિત, અન્ય વન ગયો સુજાન ॥૩૧॥
**સોરઠા** - શરભ પદવી તેહિ દીન, મુનિશરણાગત ભયહરન ।
શરભ સો અધિક મલિન, મુનિ મહાતમ નહિ લખત કછુ ॥૩૨॥
**ચોપાઇ** - શરભ રહત નિત્ય મુનિવર પાસા, મુનિપ્રસાદ હિએ અધિક હુલાસા ।
જબસે શરભ રહ્યો તેહિ ઠોરા, ત્રાસસેં મૃગગણ ગએ વન ઓરા ॥૩૩॥
કેસરી સિંહ આદિ સબ પ્રાની, તેહિ વન વસત ન અતિડર જાની ।
શરભકે મન એક રહત આનંદા, નિત્ય પ્રાણિવધરત મતિમંદા ॥૩૪॥
વનફલફુલ જો કરત આહારા, તેહિ મારન મન કીન વિચારા ।
રુધિરાશન મન અધિક કઠોરા, ગિનત ન કાહુંકું નિજ તન જોરા ॥૩૫॥
મુનિહિ હનન તેહિ ઈચ્છા કીના, અતિ કૃતઘ્ન શ્વાન જેસો મલીના ।
તબ મુનિ નિજતપ કરી તતકાલા, જ્ઞાનચક્ષુ તેહિ જાની બેહાલા ॥૩૬॥
**દોહા** - તબ મહામુનિ કહે શ્વાનકું, સુનુ મતિહીન અજાન ।
ગુન ઉપર ઓગુન કરે, કિતહુ ન તેહિ કલ્યાન ॥૩૭॥
**ચોપાઇ** - શ્વાન મિટાયકે દ્વીપિ તોય કીના, દ્વીપિહુ મિટાય વ્યાઘ્રપદ દીના ।
વ્યાઘ્રસેં મદગલ નાગ બનાયો, કુંજરસેં કેસરી પદ પાયો ॥૩૮॥
કેસરી સિંહસેં શરભ ઉદારા, પ્રેમસેં મેં તોય કિન ગમારા ।
તદપિ હોય કૃતઘ્ન કઠોરા, મારન મોટ ચહત ગુનચોરા ॥૩૯॥
તાતે શ્વાનતનુ હોહુ તુમારા, તજહુ તુરત યહ સ્થાન હમારા ।
સો ગુરુદ્રોહી શરભ તનુ ત્યાગી, ભયો હે શ્વાન મતિમંદ અભાગી ॥૪૦॥
શ્વાનકો રુપ ભયો તેહિ જબહિ, મુનિ ઢિગ દીન ભયો અતિ તબહિ ।
મુનિ હુંકાર કિયો તેહિ ભારી, દિયો હે તપોવન બાહ્ય નિકારી ॥૪૧॥
**દોહા** - યું કુલ વિન શુભ ગુન બિન, પ્રભુતા પાવત કોઉ ।
નીચ નીચાઈ ના તજે, હોત કૃતઘ્ની સોઉ ॥૪૨॥

તાતે ગુરુ રાજા પ્રથમ, શુભ ગુન શુભ કુલ જાની ।
કરના શિષ્ય સચિવ તેહિ, બિન જાને બડ હાની ॥૪૩॥
**સોરઠા** - યું મહામુનિ ઢિગ આય, ગુન ન ગ્રહત ઓગુન ગ્રહત ।
સો દિનદિન ઘટિ જાય, તેહિ ઉર અધર્મ રહત નિત ॥૪૪॥
અધર્મ જુત જન જોય, સો કહા કહા કરત ન કુમતિ ।
ઘટત જાત નિત્ય સોય, જ્યું જ્યું મહામુનિ ઢિગ રહત ॥૪૫॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે શરભાખ્યાનવર્ણનનામા
અષ્ટમોધ્યાયઃ ॥૮॥

## અધ્યાય-૯

**ચોપાઇ** - કહિ સબ કથા બરનિ તોય ભાઈ, જિમિ સતસંગ કરત ઘટિ જાઈ ।
દેવ જાનિ ગુરુ સંત ન સેવે, દેહબુદ્ધિ કરી ઓગુન લેવે ॥૧॥
આપમેં વ્યાવહારિક ગુન જાની, સો ખલ હોત અધિક અભિમાની ।
સો સતસંગમેં અતિ ઘટિ જાવે, જ્યું રોગી પંચામૃત પાવે ॥૨॥
જો મુનિવરકું બ્રહ્મ કરી જાને, દોષબુદ્ધિ કબહુ નહિ આને ।
આરુણિ ઉપમન્યુસમ સોઈ, હરિગુરુ કૃપાપાત્ર અતિ હોઈ ॥૩॥
સુનિ પ્રભુવચન ચરણ શિર નાઈ, પુછત ભયેઉ મુકુંદ મુદ પાઈ ।
આરુણિ ઉપમન્યુ મુનિ જેહા, કેહિ વિધ ભક્તિ કિની પ્રભુ તેહા ॥૪॥
**દોહા** - ક્યું ગુરુભક્તિ કિન તેહિ, ક્યું ગુરુ કરુણા કીન ।
કહહુ અનુક્રમસેં કથા, મોય જાની જન દીન ॥૫॥
**ચોપાઇ** - વિનય સહિત બટુવચન વિચારી, કહન લગે સોઈ કથા અઘારી ।
આપોદધૌમ્ય નામ મુનિ એકા, સો મુનિવર ઉર પરમ વિવેકા ॥૬॥
આરુણિ ઉપમન્યુ અરુ વેદા, ત્રય તેહિ શિષ્ય ઉર દૃઢ નિરવેદા ।
તિન મધ્ય આરુણિ શિષ્ય હે જેહા, ગુરુ કૃષિકર્મમેં પ્રેર્યો તેહા ॥૭॥
શાલી ક્ષેત્રમહિં તત્પર હોઈ, કરહિ કેદાર કર્મ મુનિ સોઈ ।
ઈત ઉત જલ ફેરત નહિ આવે, જલ ન બંધ રહે અતિ દુઃખ પાવે ॥૮॥
તબ મુનિવર ઉપાય લહ્યો એહા, ધોરે મધ્ય ડારત નિજ દેહા ।
યું કેદારમહિ જલ સોય લાવે, તેહિ તનુ વ્યથા બરનિ નહિ જાવે ॥૯॥

**દોહા** - ખંડ ખંડ કેદારકે, સો મુનિ સોવત જાય ।
જલ યું ફેરાવત ખેતમેં, પાયો એહિ ઉપાય ॥૧૦॥
તબ સો આપોદધૌમ્ય કહે, કહાં આરુણિ પાંચાલ્ય ।
મમ વચનનિ વરતત સદા, શિષ્ય પરમ પ્રતિપાલ ॥૧૧॥
**ચોપાઇ** - તેહિ શિષ્ય કહે સુનિએ ગુરુદેવા, તુમહિ કેદાર કર્મ દઇ સેવા ।
તબ ગુરુ કહિ શિષ્યનકું બાની, જહાં મમ શિષ્ય આરુણિ મુનિ ધ્યાની ॥૧૨॥
સબહિ તહાં ચલિએ તતકાલા, જેહિ સ્થલ સો ગુનબુદ્ધિ વિશાલા ।
તબ તેહિ સ્થલ મુનિ તરત પધારે, પ્રેમવિવશ તેહિ જાય પુકારે ॥૧૩॥
હે આરુણિ પાંચાલ્ય પ્રવીના, આયો તાત તુમ અતિ શ્રમ કીના ।
સો સુનિ આરુણિ ગુરુ ઢિગ આયો, જલકર્દમ તેહિ તન લપટાયો ॥૧૪॥
મેં કેદાર કર્મરત સ્વામી, સોયકે જલ રોકું બહુનામી ।
સુનિ તબ વચન ફોરી કેદારા, વેગસેં આયો નાથ એહિ ઠોરા ॥૧૫॥
**દોહા** - નિજ ગુરુ ચરન સરોજમેં, શિશ નમાયો સોય ।
પ્રભુ તબ કારજ કહા કરું, કહો કૃપા કરી મોય ॥૧૬॥
ચોપાઇ - સુનિ શિષ્ય બચન કહત ગુરુ બાતા, ઉઠેઉ કેદાર ફોરી તુમ તાતા ।
યાતે ઉદ્દાલક મુનિ તવ નામા, હોઇહો તાત સુખદ ગુનધામા ।૧૭।
તુમ મમ વનચ ગ્રહેઉ કરી પ્યારા, બઢો શ્રીકૃષ્ણપદ પ્રેમ તુમારા ।
ધર્મશાસ્ત્ર સબ વેદ હે જેહુ, રહહું પ્રકાશ જુક્ત તબ તેહુ ॥૧૮॥
યું તેહિ ગુરુહિ બ્રહ્મ કરી જાને, કપટરહિત ગુરૂવચન સો માને ।
સો ગુરુ કૃપા હોય ગુનધામા, ગુરુ આજ્ઞા મુનિ ગયે અન્ય ઠામા ॥૧૯॥
અન્ય આપોદધૌમ્ય શિષ્ય જોઇ, અતિ ગુરુભક્ત વિમલમતિ સોઇ ।
ઉપમન્યુ તેહિ નામ ઉદારા, સબવિધ જાનત સાર અસારા ॥૨૦॥
**દોહા**-તબ તેહિ ગુરુ આજ્ઞા કરી, રખહું ધેનુ તુમ તાત ।
ગુરુવચનનિ કરી દેવસમ, સેવત ગૌ સાક્ષાત ॥૨૧॥
**ચોપાઇ** - સો દિનમેં ગૌ ચારન જાવે, સાંઝકું ગુરુપદ શિશ નમાવે ।
તેહિ ગુરુ તુષ્ટ પુષ્ટ તનુ જાનિ, પુછત ભએઉ પરમ સુખદાની ॥૨૨॥
ઉપમન્યુ તન પોષન તોઇ, કેઇવિધ હોત કહહું સબ મોઇ ।
ભિક્ષાવ્રત કરી જીવન મેરા, ગુરુ તવ વચનમેં પ્રેમ ઘનેરા ॥૨૩॥

ગુરુ કહે મોય દિય બિન સોઈ, ભિક્ષાઅન્ન સો જોગ્ય નહિ તોઈ ।
ગુરુ આજ્ઞા તેહિ શિશ ચડાઈ, ભિક્ષા માગિ સમર્પત જાઈ ॥૨૪॥
ભિક્ષાઅન્ન સો સબહી ગુરુ લેવે, શિષ્યકું રંચમાત્ર નહિ દેવે ।
તદપિ ન ઓગુન લેવત લેશા, ધેનુસંગ વન કરત પ્રવેશા ॥૨૫॥
**દોહા** - સબ દિન ધેનુ ચરાયકે, સાંઝ સમે ગુરુ પાસ ।
દીન હોય ચરણોંમેં નમે, અતિ અનન્ય ગુરદાસ ॥૨૬॥
**ચોપાઇ** - પુનિ ગુરુ તાસ પુષ્ટ વપુ દેખી, પુછત ભએઉ વૃત્તિ અન્ય લેખી ।
ભિક્ષા અન્ન સબ લેહું મેં તાતા, ક્યું તન પોખત કહો સબ બાતા ॥૨૭॥
તબ સો શિષ્ય કહે સુનુ ગુરુદેવા, પ્રથમ જો જાચુ અર્પું તતખેવા ।
પુનિ અન્ન લાઉં સો નિજતન કાજા, યું નિરવાહ હોત મુનિરાજા ॥૨૮॥
પુનિ ગુરુ તાહિ કહિ સત્ય બાની, યહ ન જોગ્ય તોય તન અભિમાની ।
અન્ય ભિક્ષુકકી વૃત્તિ તુમ તોરી, લોભસેં પુનિ જાચત જિમિ ચોરી ॥૨૯॥
સો ગુરુ વચન ગ્રહેઉ કરી પ્રીતિ, ધેનુ ચરાવે પ્રથમ જિમિ રીતિ ।
જબ ઘર આવત ધેનુ ચરાઈ, ગુરુપદ વંદિ બેઠિ ઢિગ જાઈ ॥૩૦॥
**દોહા** - તબ તેહિ વપુ અતિ સ્થૂલ લખિ, પુનિ ગુરુ પુછત બાત ।
ઉપમન્યુ તબ દેહકી, વૃત્તિ કવન વિધ તાત ॥૩૧॥
**સોરઠા** - ભિક્ષા અન્ન સબ લેહું, જો તુમ જાચત પ્રેમ જુત ।
પુનિ નહિ જાચન દેહું, પુષ્ટ દેહ કારન કવન ॥૩૨॥
**ચોપાઇ** - જોરી પાની ગુરુસું કહે તેહા, કામધેનુ પય પોખું દેહા ।
ગુરુ કહે પય તોય જોગુ ન પીના, મેં તુમકું આજ્ઞા નહિ દીના ॥૩૩॥
નિજગુરુ વચન શિશ ધરી સોઈ, ધેનુ ચરાવે મગન મન હોઈ ।
સાંઝ સમે નિજગુરુ ગૃહ આઈ, ઢિગ બેઠત ચરનની શિર નાઈ ॥૩૪॥
ગુરુ તેહિ અધિક પુષ્ટ વપુ જાની, શિષ્યકું કહત સુધાસમ બાની ।
ભિક્ષા અન્ન ન જીમત તુમ લેશા, પયકો પાન તજો મમ ઉપદેશા ॥૩૫॥
તવ વપુ પીન કવન વિધ વીરા, અબ તવ વૃત્તિ કહહુ મુનિ ધીરા ।
સુની ગુરુવચન પરમ મુદ પાઈ, કહત વચન ચરનનિ શિર નાઈ ॥૩૬॥
**દોહા** - વત્સ ધેનુ પય પીત જવ, ફેનકું ડારત સોય ।
ફેનપાન મમ વૃત્તિ અબ, ઓર ન પોષન કોય ॥૩૭॥

**ચોપાઇ** - ગુરુ કહે વત્સ કૃપાલુ ભારી, તબહિત ફેન દેત બહુ ડારી ।
વત્સકી વૃત્તિ રોધ તેહિ હોઈ, ફેનપાન તવ જોગ્ય ન સોઈ ॥૩૮॥
તબ તેહિ ફેનપાન તજી દીના, નિત્ય ગૌ ચારત પરમ પ્રવીના ।
ભિક્ષા અન્ન પયફેન તજાયો, તદપિ ન તેહિ ગુરુ ઓગુન આયો ॥૩૯॥
અધિક ક્ષુધા કરી પીડ્યો જબહી, અર્કપત્ર ભક્ષન કિયો તબહી ।
તીક્ષણ ક્ષાર ગરલ જુત એહી, રુક્ષ કટુક દુઃખદાયક તેહી ॥૪૦॥
વિષજુત જઠર અનલકી ઝાલા, સો મુનિ અંધ ભયો તતકાલા ।
અંધહુ ધેનુ ચરાવત ધાઈ, સો મુનિ કૂપ પર્યો તબ જાઈ ॥૪૧॥
**દોહા** - ઉપમન્યુ રવિ અસ્ત ભએ, બનસે ન આયો જાની ।
ઉપાધ્યાય નિજ શિષ્યશું, કહત ભએઉ શુભ બાની ॥૪૨॥
**સોરઠા** - કારન કવન ઉદારા, આયો ન ઉપમન્યુ સુમતિ ।
મો મન પરમ વિચાર, વૃત્તિ રોધ સબ કિન તેહિ ॥૪૩॥
**ચોપાઇ** - કિયો હે નિવારણ સબહી વિધ એહા, કોપવિવશ નિશ્ચે ભયો તેહા ।
તાતેં ન સો અબલું ઘર આયો, મેં ન કિયો કછુ તેહિ મન ભાયો ॥૪૪॥
ખોજન જોગ્ય અવશ્ય મોહિ એહી, યું કહી ચલેઉ શિષ્યજુત તેહી ।
ગુરુ વન જાયકે કિન પોકારા, કહાં ઉપમન્યુ પુત્ર હમારા ॥૪૫॥
સુનિ ગુરુવચન હર્ષ ઉર લાઈ, ઉંચે સ્વર તેહિ ટેર સુનાઈ ।
હે ગુરુદેવ પર્યો મેં કૂપા, દિજિયે દરશ કૃપાલુ અનૂપા ॥૪૬॥
ગુરુ ઢિગ જાય કહત તેહિ બાની, ક્યું તુમ કૂપ પરે મુનિ જ્ઞાની ।
સો નિજ ગુરુસું કહત ઉદારા, અર્કપત્ર મેં ખાએ અપારા ॥૪૭॥
**દોહા** - તેહિ કારનમેં અંધ હો, કૂપ પર્યો મુનિરાયતબ તેહિ ।
કૂપસું કાઢિકે, ગુરુ કહે સુખદ ઉપાય ॥૪૮॥
**ચોપાઇ** - ઉભય અશ્વિનીસુત સુર જેહુ, સ્તવન જોગ્ય સુરવૈદ્ય હે તેહુ ।
સો તવ નેત્રરોગ સબ હરહિ, પ્રથમ જ્યું વિમલ નયન સો કરહિ ॥૪૯॥
સુનિ ગુરુવચન સ્તવન તેહિ કીના, ઉભય દેવ તેહિ દરશન દીના ।
અશ્વિનીસુત તેહિ કહિ શુભ બાતા, યહ અપૂપ જિમહુ તુમ તાતા ॥૫૦॥
તબ ઉપમન્યુ કહન લગ્યો તેહિ, ગુરુહિ અર્પે વિન જિમુ ન એહિ ।
તબ તેહિ ઉભય દેવ કહિ બાની, સુનહુ વિપ્રવર અતિ નિરમાની ॥૫૧॥

તબ ગુરુ સ્તવન પ્રથમ જબ કીના, તબ હમ તેહિ અપુપ ઈમિ દીના ।
તેહિ નિજ ગુરુહિ દીએ બિન ખાયો, તબ ગુરુ તવસે પરમ સુખ પાયો ॥૫૨॥
**દોહા** - તુમહિં કરો યું તાત અબ, પ્રથમ જ્યું તવ ગુરુ કીન ।
યહ અપૂપ અમૃત સરસ, પ્રેમસું ગ્રહહું પ્રવીન ॥૫૩॥
ઉપમન્યુ કહે ઉભયસું, ગુરુહિ દિએ વિન જોય ।
અમૃત સરસ અપૂપ તવ, વિખસમ ભાસત મોય ॥૫૪॥
**ચોપાઇ** - અશ્વિનીસુત કહે સુનહુ પ્રવીના, ગુરુભક્તિમહિ તુમ લેલીના ।
યા કારન તુમ પર હમ રીઝે, ગુરુ જુત સબહિ કાજ તુમ સિઝે ॥૫૫॥
વજદંત ગુરુશિષ્ય તુમ હોઉ, પરમ શ્રેય તુમ પાવહુ દોઉ ।
તુમ ગુરુભક્તમેં અતિ વિખ્યાતા, ચક્ષુલાભ તવ હોઈહિં તાતા ॥૫૬॥
અશ્વિનીસુત વરસેં દ્રગ પાયો, નિજગુરુ સદન સદ્ય ચલિ આયો ।
બહુવિધ નિજ ગુરુવંદન કીના, ગુરુ તેહિ પ્રેમસહિત વર દીના ॥૫૭॥
અશ્વિનીસુત વર દીનો જોઈ, પરમ શ્રેય પૈહો તુમ સોઈ ।
ધર્મશાસ્ત્ર અરુ વેદ તુમારા, રહો ભાસ્વર જિમિ રવિ ઉજિયારા ॥૫૮॥
**દોહા** - ઉપમન્યુ કિયા એહિ વિધ, કિન પરીક્ષા જોય ।
સિદ્ધ ભયો ગુરુભક્તિસેં, તેહિ સમ ઓર ન કોય ॥૫૯॥
**ચોપાઇ** - તૃતીય શિષ્ય તેહિ પરમ ઉદારા, વેદ નામ શુભ ગુણ ભંડારા ।
તેહિ ગુરુ આજ્ઞા દિન બોલાઈ, તાત સબહુ મમ મંદિર આઈ ॥૬૦॥
કછુક કાલ શુશ્રૂષા કીજે, પરમ શ્રેય વર મોસું લીજે ।
તેહિ ગુરુવચન સબહિ સત્ય માની, બહુત કાલ સેવા રતિ આની ॥૬૧॥
વૃષભ જ્યું ગુરુ તેહિ ધુરમેં લગાયો, કામ કરાવત સબ મનભાયો ।
ક્ષુધા તૃષા સહે શીત રુ ઘામા, ગુરુ સેવારત અધિક અકામા ॥૬૨॥
ગુરુ તેહિ સુખ દુઃખ સુધ નહિ લીના, તદપિ પ્રેમજુત સેવા કીના ।
બહુત કાલ કરીકે તેહિ સ્વામી, પરમ તોષ લહ્યો અંતરજામી ॥૬૩॥
**દોહા** - ગુરુ પરિતોષસેં સબહિ વિધ, પાયો શ્રેય સુજાન ।
વેદ શાસ્ત્ર સર્વજ્ઞાતા, લહ્યો જથારથ જ્ઞાન ॥૬૪॥
**સોરઠા** - વેદ પરીક્ષા સોય, જોગ્ય અજોગ્ય ન તહ લગી ।
ગુરુ નિધ્ય સમ હોય, કિન પરીક્ષા અમિત તેહી ॥૬૫॥

ગુરુ ઓગુન નહી લીન, દેવ જાની કરી સેવ તેહી ।
મુનિ ગુરુભક્ત પ્રવીન, વેદ નામ ભયો બ્રહ્મસમ ॥૬૬॥
યું ગુરુ ગુન ગ્રહિ જોય, દેવ જાની કરે સેવ તેહી ।
બઢત જાત નિત્ય સોય, જ્યું ગુરુ સંતકે ઢિગ રહત ॥૬૭॥
ધર્મદેવ સુખરુપ, જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત ।
જેહિ ઉર બસત અનૂપ, તેહિ ઉર પુરુષોત્તમ સદન ॥૬૮॥

ઇતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુન્દસંવાદે શિષ્યપરીક્ષાવર્ણનનામા નવમોધ્યાયઃ ॥૯॥

## અધ્યાય-૧૦

**ચોપાઇ** - સુનહુ તાત સેવાકી રીતિ, હરિપ્રેય સંતસુ નિત્ય નઈ પ્રીતિ ।
કુશિક જ્યું કરહી છલ ત્યાગી, સો હરિ કૃપાપાત્ર બડભાગી ॥૧॥
સુનિ પ્રભુવચન અધિક મુદ પાઇ, પૂછત વર્ણી ચરનની શિર નાઈ ।
કુશિક કવન સેવ ક્યું કીના, અભયદાન તેહિ કહો કેહિ દીના ॥૨॥
સુનિ બટુવચન સબહી સુખદાની, શ્રીનારાયણ બોલેઉ બાની ।
સુનુ ઈતિહાસ કહું તોય તાતા, ચ્યવન રું કુશિકકો વિખ્યાતા ॥૩॥
આગમ દોષ ચ્યવન ઋષિ જાની, નિજકુલ લાંછન પ્રબલ પ્રમાની ।
ગુન અરુ દોષકો કીન વિચારા, નિર્બલ સબલ કીન નિરધારા ॥૪॥
**દોહા** - કુશિક વંશ રહે અતિપ્રબલ, અધર્મ હોત નવીન ।
યા કારન તેહિ કુલ સબે, ભસ્મ કરન મન કીન ॥૫॥
**ચોપાઇ** - ચ્યવન ઋષિ કુશિક ઢિગ આઈ, નૃપસું કહત મુનિવર સુખદાઈ ।
ઈચ્છા ઉદય ભઈ મમ જોઈ, તુમસું વસ્તુ ચાહુ નૃપ સોઈ ॥૬॥
નૃપ કર જોરી કહત નૃપપાસા, કિનિ કૃપા મોંય જાનિકે દાસા ।
કન્યાદાન સમે ધર્મ ધારે, અતિબુદ્ધ ધર્મ કબહુ નહિ ટારે ॥૭॥
ધર્મકો અવસર જબ નહિ હોઈ, તબ સોઈ ધર્મ કરત નહિ કોઈ ।
સો સબ મેં કરિહું રુચિ લાઈ, પ્રભુ આજ્ઞા કિજે મનભાઈ ॥૮॥
તબ સો નૃપતિ વનિતા જુત આઈ, અતિ શુભ આસન દિયો હે બિછાઈ ।
જોરી પાની કુશિક નૃપ ધીરા, મુનિ ઢિગ ઠાઢો નમ્ર શરીરા ॥૯॥

**દોહા** - નૃપ મુનિવર શિર છત્ર ધરી, અર્ઘ્ય પાદ્ય તેહી દીન ।
શુશ્રૂષા મુનિ ચ્યવનકી, સબહી કરાઈ પ્રવીન ॥૧૦॥
**ચોપાઇ** - મધુપર્કાદિક પૂજા જેહા, પ્રેમસહિત નૃપ કીનિ તેહા ।
સબવિધ ચ્યવનકો કરી સનમાના, જોરી પાની નૃપતિ સુજાના ॥૧૧॥
હે મુનિવર મોય કિંકર જાની, પ્રભુ આજ્ઞા કીજે મનમાની ।
રાજ્ય ધેનુ ધન યજ્ઞ રું દાના, દેહું તુમહિ સબ પરમ સુજાના ॥૧૨॥
ગૃહ અરુ રાજ્ય નૃપાસન જેહુ, મહામુનિ ગિનહુ તુમારો તેહુ ।
મુનિ તુમ નૃપ મેં કિંકર પાસા, શિક્ષા કરહું જાનિ નિજદાસા ॥૧૩॥
સુનિ નૃપવચન મગન મુનિ જ્ઞાની, બોલત ભએઉ સુધાસમ બાની ।
સુનુ કુશિક મમ મત કહું તોઈ, રાજ્યાદિક પર રુચિ નહિ મોઈ ॥૧૪॥
**દોહા** - ધન જોષિત ગજ અશ્વ જુત, રાજ્ય અકંટક જોય ।
શ્રવણાદિક હરિભક્તિ બિન, કછુ ન સોહાવત મોય ॥૧૫॥
**ચોપાઇ** - જો દંપતીકું રચે યહ બાતા, તો મેં નિયમ આરંભુ તાતા ।
નિશ્ચલ મન દંપતી હોઈ, કરન જોગ્ય મમ સેવા દોઈ ॥૧૬॥
સુનિ મુનિવચન નૃપતિ અરુ રાની, ચ્યવનસું કહે તથાસ્તુ મુદ આની ।
તબ કુશિક નૃપ પરમ પ્રવીના, અતિશુભ સદનમેં આસન કીના ॥૧૭॥
જેહી દેખત મન રહત લોભાઈ, મુનિ સો સદન પધરાઉ જાઈ ।
યહ સજ્યા દ્વિજ દેવ તુમારી, શયન કરો બેઠો સુખકારી ॥૧૮॥
પરિચર્યા કરિહું હમ દોઉં, કહહું તપોધન તવ રુચિ સોઉ ।
કહત સુનત દંપતી ઈમિ બાતા, રવિ ગતિ કિન અધિક વિખ્યાતા ॥૧૯॥
**દોહા** - તવ મુનિવર કહે નૃપતિકું, અન્નપાનાદિક જેહી ।
સમય ભયો સબ લાવો અબ, જો કછુ હાજર તેહિ ॥૨૦॥
કર જોરિ કુશિક કહે, તુમહિ રુચત અન્ન જોય ।
સો મોય આજ્ઞા કીજિયે, કૃપાસિંધુ સુખ હોય ॥૨૧॥
**ચોપાઇ** - સો મુનિ પરમ પ્રીતિ ઉર લાઈ, કહત વચન નૃપસું સુખદાઈ ।
સહજ મિલે સો શુચિ અન્ન લાવો, ઈષ્ટ અનિષ્ટ ત્રાસ વિસરાવો ॥૨૨॥
નૃપ મુનિવચનકું શિશ ચડાઈ, પાકકે સદન પ્રેમ જુત જાઈ ।
જો હાજર સો અન્ન સબ લાયે, મુનિહિ સમર્પિ પરમ સુખ પાએ ॥૨૩॥

મુનિ ભોજન કિયો અતિ મુદ આની, પુનિ બોલેઉ દંપતીસું બાની ।
સોવન ચહું નૃપતિ એહિ કાલા, મોય નિદ્રા દુઃખ દેત વિશાલા ॥૨૪॥
તા પીછે સો શયનગૃહ આએ, જેહિ સ્થલ શયનસાજ મન ભાએ ।
પત્ની સહિત નૃપ મુનિ ઢિગ આઈ, સંસ્થિત ભયો ચરન શિર નાઈ ॥૨૫॥
**દોહા** - નાહિ જગાવન જોગ્ય મેં, યું કહિ ભાર્ગવ વાત ।
દંપતી પગચંપી કરો, જાગિ સદા સાક્ષાત ॥૨૬॥
**ચોપાઇ** - અતિ અકંપ કુશિક નૃપ ધીરા, ધર્મ જાની ગ્રહે વચન પ્રવીરા ।
પગ દાબત રહે નિશિ નરનારી, ભોર ભએ ન જગાએ વિચારી ॥૨૭॥
મુનિ આજ્ઞા સમ તતપર હોઈ, સેવા કરત વિમલમતિ દોઈ ।
નિંદ ત્યાગી દંપતી દિન રાતી, સેવત ચરણ પ્રેમ ભરી છાતી ॥૨૮॥
દે આજ્ઞા નૃપકું મુનિ જોઈ, એકહિ પાર્શ્વ રહે સો સોઈ ।
સોવત દિન એકિસ ભએઉ, દંપતી મુનિપદ સેવત રહેઉ ॥૨૯॥
નિરાહાર નૃપ નારી સમેતા, અન્ન જલ વિન તન ભએઉ અચેતા ।
ચ્યવનકે ચરન હર્ષજુત સેવે, સેવા તજી એક શ્વાસ ન લેવે ॥૩૦॥
**દોહા** - નિજઈચ્છા મુનિ ભાર્ગવ, ઉઠે તપોધન જોય ।
કછુ ન કહ્યો નૃપ સદનસેં, ગએઉ મહામુનિ સોય ॥૩૧॥
મુનિવર પીછે ધાવતે, ક્ષુધિત શ્રમિત અતિ દોઉ ।
દંપતી પાવત ખેદકું, મુનિ ન વિલોકત સોઉ ॥૩૨॥
**સોરઠા** - દંપતિ દેખત જેહિ, ભાર્ગવ વંશમેં ભએ ચ્યવન ।
અંતરહિત ભએ તેહિ, તબ રાજા ક્ષિતિપર ગિરેઉ ॥૩૩॥
મુહૂર્ત સો શાંતિ પાય, દંપતી અતિ પ્રતાપ જુત ।
મુનિચરને ચિત લાય, જત્નસું ખોજન લગેઉ તબ ॥૩૪॥

ઈતિ મુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે ચ્યવનકુશિકસંવાદવર્ણનનામા દશમોધ્યાયઃ ॥૧૦॥

## અધ્યાય-૧૧

**ચોપાઇ** - સો બ્રાહ્મણ ભએ અંતરધાના, નૃપ દંપતી કહા કીન સુજાના ।
કહહુ નાથ યહ કથા રસાલા, સુનન સબહિ પ્રભુ પ્યાસ વિશાલા ॥૧॥
સુનિ બટુવચન વિશ્વઉપકારી, હસી બોલેઉ પ્રભુ ભવભયહારી ।
કિતહુ ન ઋષિ દેખે તેહિ જબહી, ગૃહ દંપતી વ્યાકુલ ભએ તબહી ॥૨॥

વ્રીડિત શાંત અચેતન હોઇ, પીછે ફિરેઉ નારી નર દોઇ ।
દીન હોય નિજપુર ફિરી આયે, કછુ ન કહત મુખ અધિક લજાએ ॥૩॥
ચ્યવનકે ચરિત સંભારત સોઉ, મનભંગ હો નિજઘર ગએ દોઉ ।
નિજગૃહ શયન કિએ મુનિ દેખી, નૃપ દંપતી મન હરષ વિશેખી ॥૪॥
**દોહા** - મુનિહિ દેખી વિસ્મિત ભએ, દંપતી કરત વિચાર ।
મુનિદર્શન સબ શ્રમ ગયો, પાએ પ્રમોદ અપાર ॥૫॥
**ચોપાઇ** - સો નરનારી બેઠિ નિજ સ્થાના, સેવત ચરન ધરત મુનિધ્યાના ।
દુજી તરફે સોએ મુનિ સોઇ, દંપતી સેવત તતપર હોઇ ॥૬॥
દિન એકિશ ભએ તેહિ જબહી, નિજઇચ્છા જાગે મુનિ તબહી ।
દંપતી મન નહિ કોઉ વિકારા, જાગિકે મુનિ તેહિ કિન પોકારા ॥૭॥
શીઘ્ર તૈલમર્દન કરો દોઇ, સ્નાન કરન ઇચ્છા અબ મોઇ ।
તેહિ મુનિવચન ગ્રહેઉ હરખાઇ, શ્રમ અરુ ક્ષુધા વ્યથા તન છાઇ ॥૮॥
લેસત પાક તૈલ નરનારી, મુનિતન મર્દન કરત વિચારી ।
ભયો સમાપ્ત યું મુનિ નહિ બોલે, સો દંપતી સતસેં નહિ ડોલે ॥૯॥
**દોહા** - જબ નૃપ રાની વિકાર વિન, મુનિવર દેખેઉ દોઉ ।
ઉઠેઉ તુરત મુનિ વેગસું, સ્નાનકે ગૃહ ગએ સોઉ ॥૧૦॥
**સોરઠા** - નૃપહિં ઉચિત સબ દીન, સ્નાનકી સામગ્રી સુખદ ।
તિરસ્કાર તેહિ કિન, મુનિ ભએ અંતરધાન તબ ॥૧૧॥
**ચોપાઇ** - દંપતી કછુ ન અસૂયા કીની, મુનિપદરજ તેહિ લીની ।
ના'ય સિંહાસન પર સ્થિત સોઉ, મુનિહિ દેખી મુદ પાએહે દોઉ ॥૧૨॥
નૃપ કુશિક ત્રિય જુત પાઇ, ભૈ રસોઇ મુનિ ઢિગ કહ્યો આઇ ।
મુનિ કહે લાવો સિદ્ધ અન્ન જેહા, લાવન લગ્યો નૃપતિ તબ તેહા ॥૧૩॥
લેહ્ય ચોસ્ય ભક્ષ્ય ભોજ્ય અપારા, લાએ સબહિ અન્ન વિવિધ પ્રકારા ।
દંપતી લાએ વિવિધ અન્ન જેહી, ચ્યવનકે આગે ધરે સબ તેહી ॥૧૪॥
ભૂષન બસન અમિત મન ભાએ, સજ્યા આસન સબહી મગાએ ।
ચ્યવનને સબ મહિ અનલ લગાયો, દંપતી મન કુછ કોપ ન આયો ॥૧૫॥
**દોહા** - નૃપનિધિ સબહિ જરાયકે, મુનિ ભએ અંતરધાન ।
તબ સો નૃપતિ ઠાડો રહ્યો, સબ નિશિ પરમ સુજાન ॥૧૬॥

**ચોપાઇ** - અતિ અકોપ નરનારી સુજાના, નિત્ય સુભ અન્ન અર્પેઉ વિધિ નાના ।
રાજ્ય સુખદ અમિત મનભાઈ, વસ્ત્ર અમિત અર્પેઉ નિત્ય નવાઈ ॥૧૭॥
કછુ ન છિદ્ર દેખ્યો મુનિ જબહી, દર્શ દે નૃપહિ કહત દ્વિજ તબહી ।
રથ કરી મોય બહો તુમ દોઇ, જેહિ જેહિ સ્થલ મમ ઈચ્છા હોઈ ॥૧૮॥
ક્રીડારથ ન ગ્રહ્યો મુનિરાજા, લિયો સાંગ્રામિક રથ દુઃખકાજા ।
સબહિ સાજ આયુધ જુત જોઈ, મહામુનિ રથમેં ધરાયો સોઈ ॥૧૯॥
ત્રિયકું વામ ધુર મુનિવર દીના, નૃપ દછન ધુર લીન પ્રવીના ।
વજ્રસમાન આર ત્રય જેહી, લિયો હે પ્રતોદ ચ્યવન કર તેહી ॥૨૦॥
**દોહા** - સબહિ સાજ મુનિ હાથ દે, કહે કુશિક મુદ પાય ।
જહાં તવ આજ્ઞા તહાં ચલે, રથ તુમાર રુષિરાય ॥૨૧॥
**ચોપાઇ** - તબ મુનિવર કહે નૃપસું બાતા, ચલો યહ સ્થલસે મંદગતિ તાતા ।
મોય ન કષ્ટ રંચ જિમિ હોઈ, મમ ઈચ્છા સમ વરતહું દોઈ ॥૨૨॥
સુખસું બહો મમ રથ દોઉ પાસા, સબહિ લોક જિમિ દેખે તમાસા ।
નૃપ તવ રાજ સાજ ધન જેહુ, મેં દ્વિજવરકું દૈહું પથિ તેહુ ॥૨૩॥
ધન અશેષ અરુ રત્નભંડારા, કુશિક કરહુ શીઘ્ર સબ ત્યારા ।
નૃપતિ વિચાર કરહુ ન મન લેશા, માની લેહુ સદ્ય મમ ઉપદેશા ॥૨૪॥
સુનિ મુનિબચન કહત નૃપ બાની, સુનહુ ભૃત્ય જન મમ હિત જાની ।
જો કછુ કહત મહામુનિ મોઈ, દેના સબહિ અશંકિત હોઈ ॥૨૫॥
લાએ રત્ન તબ વિવિધ પ્રકારા, નારીવૃંદ ગુન રુપ ઉદારા ।
કનકનાગગન અચલ સમાના, મુનિ ઢિગ લાએ કરન સબ દાના ॥૨૬॥
મુનિહિ દેખિ નિર્દય અહંકારી, હાહાકાર કરત નરનારી ।
તિક્ષણઅગ્ર પ્રતોદ લગાવે, તબ દંપતી અતિશે દુઃખ પાવે ॥૨૭॥
**દોહા** - પિઠ કટિ કર શિરમેં, મારત તિખિ આર ।
નૃપ રાની રથ ખેંચહિ, મન નહિ લેશ વિકાર ॥૨૮॥
**સોરઠા** - થર થર ધ્રુજત દેહ, ગએ અન્ન બિન પચાસ દિન ।
મુનિપદ પરમ સનેહ, નૃપ રાની રથ બહત ઈમિ ॥૨૯॥
**ચોપાઇ** - જ્યું ત્યું કરકે બહત રથ સોઈ, ચલત મગન મન સત્યવશ્ય હોઈ ।
મુનિ નિર્દય સમ કરત પ્રહારા, રુધિરકી ધાર શ્રવત તનસારા ॥૩૦॥
ફુલે પલાશ તુલ્ય ભએ સોઉ, તદપિ ન મુનિ ઓગુન ગ્રહે દોઉ ।

તિનહિ દેખી પુરવાસી જેહા, શીશ કુટી અતિ રોવત તેહા ॥૩૧॥
શાપકે ત્રાસ ન બોલત કોઇ, મુનિકે પ્રતાપ દબેઉ જન સોઇ ।
કહત પરસ્પર જનસું બાતા, દેખહુ મુનિ તપ બલ વિખ્યાતા ॥૩૨॥
જરત ક્રોધબસ સબ મન માંઇ, મુનિહિ કહન કોઉ સમર્થ નાઇ ।
ચ્યવનકો સામર્થ્ય અતિ બડ જાની, સમઝિ સમઝિ સબ ભએ નિર્માની ॥૩૩॥
જુવતિસહિત નૃપ ધીરજ બખાની, ધન્ય દંપતી યું કહત સબ બાની ।
ક્ષુધા તૃષા શ્રમ શિતલ દેહા, કષ્ટસેં તદપિ વહત રથ એહા ॥૩૪॥
**દોહા** - યું પુરજન નરનારી સબ, કહત પરસ્પર બાત ।
નૃપ દંપતી અવતારી કોઉ, જનુ તપતનુ સાક્ષાત ॥૩૫॥
**સોરઠા** - યહ બ્રાહ્મણસેં હોય, ઓર ન જીવત ઈમી કરત ।
નૃપહિ જોરિ રથ જોય, દંપતી કિનેઉ કેસુસમ ॥૩૬॥
**ચોપાઇ** - યું રથ બહિ જબ રહે અવિકારા, તબ મુનિવર કીયો ઓર વિચારા ।
ધનદકે સમ ધન સંપત્તિ જેહુ, દ્વિજનકું સબહિ દેવાયો તેહુ ॥૩૭॥
તદપિ મગન મન રહે નૃપ રાની, જ્યું મુનિ કહે ત્યું કરત હિત જાની ।
તબ તેહિ પર રિઝે મુનિ સોઉ, રથ ધુરસે છોડેઉ તબ દોઉ ॥૩૮॥
યું દંપતિકું છોડી મુનિ ધીરા, મેઘ જ્યું બચન કહત ગંભીરા ।
સુનુ દંપતી વર માગહુ જોઈ, દેહું મેં સુરદુર્લભ સદ્ય સોઈ ॥૩૯॥
મુનિ જેહિ કર નૃપ દંપતી મારે, તેહિ કર સ્પરશિ કષ્ટ સબ ટારે ।
કહે નૃપ પ્રભુ તબ કર સુખકારી, સ્પરશત ગઈ સબ પીર હમારી ॥૪૦॥
**દોહા** - તબ પ્રતાપ હમ સબહિ વિધ, કષ્ટરહિત ભએ દોય ।
અબ એસી કરુણા કરો, તુમ સંગ અરુચિ ન હોય ॥૪૧॥
ભૂમિરાજ્ય સુરરાજ પદ, નિધિજુત સિદ્ધિ સબ જોય ।
બ્રાહ્મણતા સબસેં અધિક, દેહું અપર વર સોય ॥૪૨॥
**ચોપાઇ**-સુનિ નૃપવચન ચ્યવન ઋષિ જ્ઞાની, બોલત ભએઉ સુધાસમ બાની ।
નૃપ બ્રાહ્મણ તપરત અતિ હોઈ, બ્રાહ્મણતા તપ ભાવત તોઈ ॥૪૩॥
બ્રાહ્મણતા દુર્લભ અતિ તાતા, સો તવ કુલપે હો વિખ્યાતા ।
તવ સુતકો સુત કૌશિક નામા, હોય ગો બ્રાહ્મણ અધિક અકામા ॥૪૪॥
અતિ પ્રસન્ન નૃપ જાનહુ મોઈ, જાચહું દેહુ અપર વર તોઈ ।
સુનિ મુનિ વચન નૃપતિ મુદ પાઈ, વર માગત ચરનની શિર નાઈ ॥૪૫॥

પ્રભુ તવ કૃપા મુખ્ય વર તેહુ, પુનિ મોય નાથ અપર વર દેહુ ।
મુનિ મમ કુલ બ્રાહ્મણતા પાવે, અતિદુર્લભ જેહિ શ્રુતિ સબ ગાવે ॥૪૬॥
**દોહા** - તબ મહામુનિ અતિમગન હો, નૃપ તથાસ્તુ વર દીન ।
ભએ તેહિ કુલ તપ તેજજુત, કૌશિક આદિક પ્રવીન ॥૪૭॥
**ચોપાઇ** - જબ નૃપ મુનિહિ બ્રહ્મ કરી જાને, દેહબુદ્ધિ કરી દોષ ન ઠાને ।
ચાતુરી વ્યવહારિક સબ ત્યાગી, નૃપ વર પાય ભયો બડભાગી ॥૪૮॥
યું ગુરુ સંતકું સેવત કોઈ, નિજ ઓગુન ગુરુગુન ગ્રહે જોઈ ।
તેહિ ઉર ધર્મદેવ સુખદાઈ, લે પરિવાર બસત સદ્ય આઈ ॥૪૯॥
દેવ જાનિ ગુરુ સંતકું સેવે, ધર્મદેવ તેહિ છેદ ન દેવે ।
બ્રહ્મચર્યાદિ સુખદ ગુન જેહુ, ધર્મદેવકું તજત ન તેહુ ॥૫૦॥
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય વિવેકા, ધર્મ સંગ રહત ગ્રહિ ટેકા ।
ધર્મકું રખન ચહત જન જેહા, કરહિ સો હરિપ્રિય સંતસું નેહા ॥૫૧॥
**દોહા** - દોષબુદ્ધિ તજી સંતસું, નેહ કરત જન જોય ।
સો જ્યું જ્યું સતસંગમેં, રહત ત્યું ગુન નિધિ હોય ॥૫૨॥
**સોરઠા** - શુદ્ધ ભાવ સતસંગ, કરત સો દિનદિન અતિ બઢત ।
લગત તાહિ હરિરંગ, જો મુનિવરકે ગુન ગ્રહત ॥૫૩॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે ચ્યવનકુશિકસંવાદવર્ણનનામા
એકાદશોધ્યાયઃ ॥૧૧॥

## અધ્યાય-૧૨

**ચોપાઇ** - સુનહુ તાત દાસિસુત એકા, સો સતસંગસેં પાય વિવેકા ।
હરિ ભજિ દેવઋષિ મુખ્ય હોઈ, હરિકો મન નારદ ભએ સોઈ ॥૧॥
સુનિ આશ્ચર્ય બાત અતિ ભારી, પુછત ભએ મુકુંદ બ્રહ્મચારી ।
જન્મ કર્મ મુનિ નારદકેરા, કહો પ્રભુ કરી વિસ્તાર ઘનેરા ॥૨॥
હરિ હરિજનકે ચરિત સુખકારી, કહત સુનત અતિ ભવભયહારી ।
તાતે કહો નારદકી બાતા, જ્યું ભએ દેવઋષિ સાક્ષાતા ॥૩॥
સુનિ બટુવચન મગન હોય સ્વામી, કહત કથા સુખપ્રદ બહુનામી ।
કાન્યકુબ્જ જનપદ દ્વિજ ચેરી, નામ કલાવતી દીન ઘનેરી ॥૪॥

**દોહા** - સો દાસિકે સુત ભયો, તપ્તકનકસમ દેહ ।
પુરન શિશસમ મુખદ્યુતિ, નિરખત હોત સનેહ ॥૫॥
**ચોપાઇ** - તેહિ નિજ સુતસું અધિક ભયો નેહા, પ્રેમવિવશ પાલત શિશુ તેહા ।
જેહિ દ્વિજસદન રહત સો દાસી, તહાં મુનિ ચાર આયે સુખ રાશી ॥૬॥
ચાતુર માસ રહન ચહે એહિ, દ્વિજ નિજગૃહ રાખેઉ તબ તેહિ ।
સુતજુત નિજગૃહ દાસી જેહા, ટહેલ કરત મહામુનિકી તેહા ॥૭॥
દાસીતનય વર્ષ પંચકો જેહુ, મુનિપદ પ્રેમ કરત ભયો તેહુ ।
વેદવાદી દ્વિજ દાસી સ્વછંદા, મુનિહિ અર્પિ સુત પાઇ આનંદા ।૮॥
મહામુનિ ઢીગ બાલક નિત્ય રહહીં, સો સબ કરત જો મહામુનિ કહહીં ।
બાલક તદપિ સો અધિક પ્રવીના, બાલખેલ સબહી તજી દીના ॥૯॥
**દોહા** - મુનિ સેવામેં અતિ મગન, રહત સો બાલ સુજાન ।
મુનિપદ સેવત પ્રેમજુત, જાનિકે દેવસમાન ॥૧૦॥
**ચોપાઇ** - મુનિ સોએ પીછે સોઈ સોવે, પ્રથમ જાગી કરી ઠાડો હોવે ।
ભોજન શયન સ્નાન સંગ કરહી, મુનિસે વાસે પલન નહિ રહિ ॥૧૧॥
ભોજન શયન સ્નાન સંગ સુખકારી, તદપિ કિનિ તેહિ કરુણા ભારી ।
અલ્પભાષી નિજસેવક જાની, સિત પ્રસાદી દિનિ મુનિ જ્ઞાની ॥૧૨॥
તેહિ ભોજનસેં ગએઉ સબ પાપા, બઢ્યો તાસ ઉર ધર્મ પ્રતાપા ।
ધર્મ એકાંતિક મુનિકે જેહા, તહાં સો બાલ કિયો અચલ સનેહા ॥૧૩॥
સદા કરત મુનિ હરિગુન ગાના, સુનત સો તેહિ સંગ પરમ સુજાના ।
મુનિમુખકથા સુનિ જબહી, પ્રભુપદ પ્રેમ બઢ્યો અતિ તબહી ॥૧૪॥
**દોહા** - પ્રભુપદ પ્રેમ પ્રતાપસેં, ભઈ મતિ હરિમેં અખંડ ।
જેહિ મતિ કરી નિજ રુપમેં, કલ્પિત પિંડ બ્રહ્માંડ ॥૧૫॥
**સોરઠા** - નિજ આતમમેં સોય, ત્રિવિધ ભેદ ના સત્ય રહત ।
કલ્પિત ક્યું સત્ય હોય, યું મતિ ભઈ તેહિ અતિ અચલ ॥૧૬॥
**ચોપાઇ** - યું હરિકથા શ્રવણ ચિત્ત લાયો, તબહિ સો પ્રેમભક્તિ દૃઢ પાયો ।
નિજઆત્મમહિં રજ તમ જેહા, પ્રેમભક્તિ ટારેઉ સબ તેહા ॥૧૭॥
મુનિ તેહિ પ્રેમવિવશ અતિ જાની, પાપરહિત અતિદીન પ્રમાની ।
બાલ રુ શ્રદ્ધા જુક્ત પ્રવીના, દાસ જાની તેહિ કરુણા કીના ॥૧૮॥

પ્રગટ શ્રીનારાયણ જેહિ ગાએ, ધર્મ ભાગવત પરમ સોહાએ ।
ચલત સો બાલકું દિએ હે બતાઇ, મુનિ કૃપાલુ કછુ બરને ન જાઇ ॥૧૯॥
જબસું ગએ મહામુનિ સુખદાઇ, તબસું રહત બાલક દુઃખ પાઇ ।
માતુકો મરણ ચહત દિન રાતી, જલ બિન મીન ભઇ યહ ભાતી ॥૨૦॥
**દોહા** - એકહિ પુત્ર ઉદાર તેહિ, રહી અનન્ય ગતિ હોય ।
ભયો સરપ ડંસ નિશિ ચલત, તજયો દેહ તબ સોય ॥૨૧॥
**ચોપાઇ** - તબહિ સો ઈશઅનુગ્રહ જાની, ચલન ચહત નિબંધ પ્રમાની ।
ઉત્તર દિશિ પ્રતિ ચલેઉ પ્રવીના, દેખત બહુવિધ દેશ નવીના ॥૨૨॥
ખરવટ ખેટ ગ્રામ પુર જોઇ, ગએઉ ઓલંઘત અગણિત સોઇ ।
જોઇ ગહન વન કિન પ્રવેશા, પ્રભુપ્રતાપ તેહિ ત્રાસ ન લેશા ॥૨૩॥
રિછ ભિછ ગજ ક્રોડ અપારા, ચહું દિશિ સિંહ કરત હુંકારા ।
પંચ વર્ષકો શિશુ ભય ત્યાગી, ફિરત એકલ સો વન બડભાગી ॥૨૪॥
ક્ષુધા પિપાસા શ્રમ ભયો તેહિ ભારી, વનમધ્ય વિમલ દેખિ તબ વારી ।
સરિતમેં ના'ય કિન જલપાના, શ્રમ નિવારી ભએ મગન સુજાના ॥૨૫॥
**દોહા** - યું નિર્જન વન ગહનમેં, પિપ્લતરુ તલ જાય ।
કરત ભજન ગુરુવચન તિમિ, આસન સિદ્ધ લગાય ॥૨૬॥
પ્રભુ પદપંકજ પ્રેમજુત, ભજન કરત ઈમિ બાલ ।
તબ તેહિ હૃદયસરોજમેં, પ્રભુ પ્રગટે તતકાલ ॥૨૭॥
**ચોપાઇ** - પ્રેમવિવશ ભયો બાલ અપારા, પુલકગાત્ર નહિ તન સંભારા ।
પ્રેમપ્રવાહ લીન ભયો એહી, પિંડ બ્રહ્માંડકી શુદ્ધ નહિ તેહી ॥૨૮॥
રુપ શ્રીપુરુષોત્તમકો જેહુ, શોકહરન અતિ સુખપ્રદ તેહુ ।
અંતરધાન ભયો સો જબહી, વિકલ હોઇ ઠાડો ભયો તબહી ॥૨૯॥
પુનિ પ્રભુદરશ ચહત શિશુ સોઇ, નિજઉરમેં ખોજત સ્થિર હોઇ ।
બાહિર ભીંતર ખોજી અપારા, વિન દેખે ભયો વિકલ કુમારા ॥૩૦॥
બિન હરિદરશ દુઃખિત તેહિ જાની, ભઇ ગંભીર ગગનમહિં બાની ।
સુનહુ બાલ મમ દર્શન જેહા, યહ તન ફીર ન પૈહો તુમ તેહા ॥૩૧॥
**દોહા** - અતિ અપક્વ અંતર સહિત, કુટિલ કુયોગિ જોય ।
સો દરશન હિત પચિ મરે, કબહું ન દેખત મોય ॥૩૨॥

**સોરઠા** - દર્શ દિયો એકવાર, સો તવ ભજનકે કામ હિત ।
જેહિ મોપર અતિ પ્યાર, તેહિ મનમલ સબહિ ટરત ॥૩૩॥
**ચોપાઇ** - અલ્પ કાલ કિના સતસંગા,ભઈ તવ મતિ મમરુપ અભંગા ।
નિંદન જોગ્ય ત્યાગી તન એહા, હોઈ હો મમ મન નહિ સંદેહા ॥૩૪॥
મો સંગ તવ મતિ નિશ્ચલ જોઈ, કબહુ ન નાશ પાવે અબ સોઈ ।
સૃષ્ટિ ઉદય લય હોવત જબહી, મીટહિ ન તોર સ્મૃતિ યહ તબહી ॥૩૫॥
ગગનબાનિ ઈમિ દિનો જ્ઞાના, સો બાલક તેહિ વંદિ સુજાના ।
તબ સોઈ બાલ જપત હરિનામા, ફિરી ભૂમિપર અધિક અકામા ॥૩૬॥
યું હરિભજત તજ્યો તન એહી, દઈ પ્રભુ ભાગવતી તનુ તેહી ।
કલ્પ અંત સોવત અજ જેહુ, કિન પ્રવેશ સો અજતનુ તેહૂ ।૩૭॥
**દોહા** - સૃષ્ટિ સમય અજ અંકસેં, માનસસુત મહિ જોય ।
દેવઋષિમેં અતિ અધિક, મુનિ નારદ ભએ સોય ॥૩૮॥
**સોરઠા** - શ્રીબદરિપતિ પાસ, સો મુનિવર સંતત રહત ।
અતિ અનન્ય હરિદાસ, મુનિ નારદ હરિમન ભએઉ ।૩૯॥
**ચોપાઇ** - જબ સતસંગ કિયો તેહિ તાતા, મુનિહિ બ્રહ્મ માનેઉ સાક્ષાતા ।
આપમેં ઓગુન મુનિ ગુન લીના, તેહિ ઉર વાસ ધર્મ તબ કીના ॥૪૦॥
લે પરિવાર ધર્મ કિયો બાસા, તબ તેહિ ઉર પ્રભુ કીન નિવાસા ।
બઢત બઢત અતિબઢિ ગએ સોઈ, મુનિ નારદ જાનત સબ કોઈ ॥૪૧॥
યું સતસંગ કરત બુદ્ધિવંતા, બ્રહ્મ જાની સેવત નિત્ય સંતા ।
દોષબુદ્ધિ કબહુ નહિ લેવે, સર્વસ્વ અર્પિ દેવસમ સેવે ॥૪૨॥
વ્યવહારિક ગુન ચાતુરી જેહા, કબુ ન દેખાવત સંતકું તેહા ।
તેહિ ઉર ધર્મદેવ સુખદાતા, લે પરિવાર વસત સાક્ષાતા ॥૪૩॥
**દોહા** - જ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત, જેહિ ઉર ધર્મકો વાસ ।
સો દિનદિન સતસંગમેં, બઢત જાત હરિદાસ ॥૪૪॥
**સોરઠા** - સંતકેં ગુન ગ્રહે જોય, તેહિ ઉર ધર્મકા સદન નિત ।
બઢત જાત નિત્ય સોય, જ્યું જ્યું સતસંગતિ કરત ॥૪૫॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે નારદજન્મકર્મવર્ણનનામા દ્વાદશોધ્યાયઃ ॥૧૨॥

## અધ્યાય-૧૩

**ચોપાઇ** - સુનિ સબ કથા પરમ સુખદાઇ, બઢત ઘટત જિમિ સતસંગ પાઇ ।
વર્ણી જોરી કર અધિક વિચારી, પ્રશ્ન કરત મુનિમત અનુસારી ॥૧॥
નિજ પરિવાર સહિત ધર્મ જોઇ, હમ સબ સુનત ચહે પ્રભુ સોઇ ।
અધર્મ દુઃખદ કહત શ્રુતિ જેહી, કહો પરિવાર સહિત પ્રભુ તેહી ॥૨॥
સુનિ બટુવચન કૃપાનિધિ દેવા, મુદજુત કહન લગેઉ દોઉ ભેવા ।
સુનુ દ્વિજ પ્રથમ ધર્મપરિવારા, જિન કરી જીવ લહત ભવપારા ॥૩॥
મૂલ પ્રકૃતિ પર અક્ષર હે જેહા, ધર્મ ઋષિતનુ ધારી તેહા ।
વિશ્વકો ઉદય કાલ ભયો જબહી, બ્રહ્માસું પ્રગટે પુનિ તબહી ॥૪॥
તેહિ પરિવાર સબહિ સુખરુપા, કહું સંક્ષેપસું પરમ અનૂપા ।
ત્રયદશ દક્ષસુતા મન ભાઇ, ધર્મપત્ની સબ ભઇ સુખદાઇ ॥૫॥
**દોહા** - શાંતિ દયા મૈત્રી ક્રિયા, શ્રદ્ધા તિતિક્ષા જેઉ ।
તુષ્ટિ પુષ્ટિ ઉન્નતિ બુદ્ધિ, મૂર્તિ હ્રી મેધા તેઉ ॥૬॥
તિન સહિત દશ ધર્મકી, પત્ની કહી સુખરુપ ।
અબ ઇનકો પરિવાર શુભ, વરનિ સુનાઉ અનૂપ ॥૭॥
**ચોપાઇ** - શાંતિતનય સુખ જાનહુ તાતા, અભય સો દયાપુત્ર વિખ્યાતા ।
મૈત્રિતનય પ્રસાદ કહાયો, ક્રિયા પુત્ર હરિજોગ સોહાયો ॥૮॥
શ્રદ્ધાતનય શુભ શ્રુતિ સબ ગાવે, ક્ષેમ તિતિક્ષાપુત્ર કહાવે ।
તુષ્ટિતનય મુદ મંગલકારી, પુષ્ટિકુમાર ભજન ગર્વ ભારી ॥૯॥
ઉન્નતિતનય ભક્તિદર્પ જોઇ, બુદ્ધિકુમાર અર્થ શુભ સોઇ ।
મેધા સ્મૃતિસુત ઉપજાયો, પ્રશ્રય સો હ્રીસુત અતિ મન ભાયો ॥૧૦॥
જ્ઞાન વિરતિ શ્રવણાદિક જેહિ, ઇન સબકી જનની હે એહિ ।
દક્ષસુતા સોઇ મૂર્તિ નામા, ધર્મકી પત્ની સુખદ ગુનધામા ॥૧૧॥
**દોહા** - સો મૂર્તિકે સુત ઉભય, નર નારાયણ દેવ ।
પુરુષોત્તમ સબ સુખસદન, પ્રગટેઉ અખંડ અભેવ ॥૧૨॥
**ચોપાઇ** - તિનકે જન્મ વિશ્વ મુદ પાયો, મહામુનિ સિદ્ધ ભયો મનભાયો ।
સબકે મન દશ દિશ અરુ બાતા, સરિત આદિ હરખેઉ સબ તાતા ॥૧૩॥
દેવ બજાવત દુંદુભિ વાજા, સુમનવૃષ્ટિ કીની સુરરાજા ।
મુનિવર સ્તવન મગન હોઇ કીના, ગાંધર્વ હરિગુન ગાત પ્રવીના ॥૧૪॥

નાચત નભ સુરત્રિયકે વૃંદા, વ્યાપી રહ્યો સબ જગ આંનદા ।
બ્રહ્માદિક સુરવૃંદ અપારા, સ્તવન નમત સબ વારમવારા ॥૧૫॥
તેજસમૂહમેં મૂર્તિ દોઇ, લહે ન જથારથ દરશન કોઈ ।
સ્તવન કરત દર્શનહિત દેવા, તેજપુંજ જય અગુન અભેવા ॥૧૬॥
**હરિગીત** - જય તેજ તેજ મહેશ તમપર નમો પુરુષ પુરાનહિ,
જેહિ જપત માયા તાહિ પર નર કરત મુનિ ગુનગાનહિ ।
સબ ભૂતકું નિયમનકી વિધિ મહિ સ્થિર રહો સુખદેન જુ
નિત નમત સુર મુનિવૃંદ તુમકું સ્તુવત ગદગદ વેન જુ ॥૧૭॥
તવ એક રોમ પ્રકાશ જો તુમ પ્રગટ કરિ હા આયકેં,
તેહિ તેજસેં સબ પ્રકૃતિપર શુદ્ધ પુરુષ જાત અંજાયકે ।
શુદ્ધ પુરુષ રુપ વિરાટ સેં સબ સુર પ્રગટ હોય આવહિ।
તબ તેજ પ્રગટ પ્રતાપકું સો ત્રિગુણ મતિ ક્યું પાવહિ ॥૧૮॥
હમ તેજસાગર લિન અંડમેં પરે અન્ય ન દેખહિ,
પર અપર નિજ અન્ય દેહ ગેહ વિશેષ કછુ નહિ પેખહિ ।
નિજ દેહ ગેહ ન દષ્ટિ આવત ભુવન કબ હમ જાનહિ,
તબ તેજ અતિ ઘન દષ્ટિગત સબ અન્ય કછુ ન બખાનહિ ॥૧૯॥
તવ પ્રચુર તેજ પ્રતાપ દેખન હમ ન સમર્થ શ્રીહરિ,
નિજ નયન જુગલ કુમુદ તેં રહ્યો તેજ ઉરમેં વિસ્તરિ ।
અતિ તેજમેં હમ નાથ ભૂલે તુમ વિના દુઃખ કો હરે,
સંભ્રાંત દિવિષદ શરણ આએ યથામતિ બિનતી કરે ॥૨૦॥
તવ તેજ કરી ભએ ભ્રાંત હમ સબ સ્તવન નહિ જાને પ્રભો,
એહિ હેતુસેં હમ શરણ આએ વિઘનહર વ્યાપક વિભો ।
નિજ પ્રબલ તેજ શમાવ કરિકે કૃપા હમપર લાયકે,
સબ દેવકે દગ સુફલ કિજે તવ શ્રીમૂર્તિ દેખાયકે ॥૨૧॥
**દોહા** - એહિ વિધ સુરગણ સ્તુતિ કિયા, દરશ દિયો સુખકંદ ।
મૂર્તિ ઉભય તેહિ તેજમેં, નભ મધ્ય જિમિ જુગ ચંદ ॥૨૨॥
**ચોપાઇ** - નિજસ્વરુપ સ્થિર મહાવ્રત ધારી, દેખેઉ દેવ પરમ સુખકારી ।
નિજપ્રકાશ સબ લોક પ્રકાશે, બહુ રવિ તેજસેં અતિ દ્યુતિ ભાસે ॥૨૩॥

શ્રીવત્સ ચિન્હ સહિત દોઉ ભાઈ, પૂજ્ય જટાધર જનસુખદાઈ ।
સુખદ ચિન્હ અંકિત ભુજ સોઉ, ચરણચક્રલાંછન જુત દોઉ ॥૨૪॥
ઉર વિશાલ ભુજ જાનુપ્રજંતા, શોભાધામ સુખદ ગુનવંતા ।
મદન માનહર દેવ સ્વછંદા, ઉભય મેઘસમ તનુ જગવંદા ॥૨૫॥
સુંદર વદન લલાટ વિશાલા, જાસ ભ્રકુટિભય કંપત કાલા ।
દીપશિખા નિંદક શુભ નાશા, મેઘગર્જ સમ બચન પ્રકાશા ॥૨૬॥
**હરિગીત** - ગંભિર કોમલ મનહરન અતિ ધીર શબ્દસેં સોહહિં,
રવિ કોટ કાંતિ સમાન દ્યુતિ છબિ દેખિ મુનિમન મોહહિં ।
કર જોરિકે સબ દેવ ઠાડે તેહિ કૃપા દગ હેરહિં,
શુભ ભેખ ધરિ બ્રહ્મચારિકો સ્વતંત્ર સબકું પ્રેરહિં ॥૨૭॥
**દોહા** - એહિ વિધ કરુણા રસ સહિત, પ્રગટ ભએ દોઉ ઈશ ।
દેખિ દેવ અતિ હરખ જુત, પ્રભુપદ નાએઉ શિશ ॥૨૮॥
**સોરઠા** - સુર મુનિવૃંદ અપાર, તેહિ પ્રભુ પૂજેઉ પ્રેમજુત ।
વર્ણિવેષ સુકુમાર, ગએઉ ગંધમાદન અચળ ॥૨૯॥
ધર્મકો સર્ગ અનુપ, નર નારાયણ પ્રભુ સહિત ।
એક સંગ સુખરુપ, જહાં ધર્મ તિહાં રહત નિત ॥૩૦॥
**ચોપાઇ** - ધર્મકો સર્ગ કહ્યો સુખદાઈ, અધર્મ સર્ગ સો દેહુ બતાઈ ।
અધર્મકે ઘર મિથ્યા રાની, માયા દંભ પ્રજા દુઃખદાની ॥૩૧॥
નિર્ઋતિ અપ્રજ લાયો ઘર દોઈ, ભગિની ભ્રાત ભયે દંપતિ સોઈ ।
તિનકી પ્રજા લોભ શઠતાઈ, સબહિ અમંગલ અતિ દુઃખદાઈ ॥૩૨॥
હિંસા ક્રોધ પ્રજા તેહિ જાનો, કલિ દુરુક્તિ તેહિ પ્રમાનો ।
કલિ દુરુક્તિમહિ અપત્યઉ પાએ, ભય અરુ મૃત્યુ દુઃખદ જગ ગાએ ॥૩૩॥
ભય મૃત્યુકી પ્રજા કઠોરા, નરક યાતના જમપુર ઘોરા ।
અધર્મસર્ગ કહ્યો દુઃખદાતા, અબ કદા સુનન ચહત તુમ તાતા ॥૩૪॥
**દોહા** - સુનિ પ્રભુવચન વિવેક જુ, દ્વિજ પ્રભુપદ શિર નાય ।
જોરી પાની અતિવિનય જુત, પ્રશ્ન કરત મુદ પાય ॥૩૫॥
**સોરઠા** - ધર્મકો જેહિ ઉર વાસ, અધર્મ જેહિ ઉર વસત નિત ।
કહો ભિન્નભિન્ન કરી તાસ, ગુન લછન અનુક્રમ સહિત ॥૩૬॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુન્દસંવાદે ધર્માધર્મસર્ગવર્ણનનામા ત્રયોદશોધ્યાયઃ ॥૧૩॥

## અધ્યાય-૧૪

**ચોપાઇ** - સુનિ બટુ વચન પરમ સુખદાની, શ્રી પુરુષોત્તમ બોલેઉ બાની ।
જબ સંતસંગ કરત બુદ્ધિવંતા, દેવ મુનિ સમ જાનત સંતા ॥૧॥
યું મુનિવરકે ગ્રહત ગુન જબહિ, તેહિ ઉર ધર્મ વસત નિત્ય તબહિ ।
સત સંગતિ સદ્ગ્રન્થ હે જેહી, પ્રાનસમાન લગત પ્રિય તેહી ॥૨॥
સદ્ગ્રન્થનમેં મુખ્ય હે જોઇ, તિનકે નામ સુનાઉં તોઇ ।
પ્રથમ શ્રીભગવદ્ગીતા જાનો, શ્રીમદ્ભાગવત દ્વિતીય પ્રમાનો ॥૩॥
વાસુદેવમાહાત્મ્ય જેહા, વિષ્ણુસહસ્રનામ પુનિ તેહા ।
ઇન આદિક જો અધિક સુખકારી, અન્ય સદ્ગ્રંથ જો તેહિ અનુસારી ॥૪॥
ઇન ગ્રન્થનમેં કરત જો પ્રીતિ, બરનિ સુનાવઉં તાસ ગુન રીતિ ।
અતિનિર્મલ મન અભય ઉદારા, જ્ઞાનજોગસ્થિત પ્રભુપદ પ્યારા ॥૫॥
**દોહા** - યજ્ઞ દાન દમ આર્જવ, તપ સદ્ગ્રન્થ પ્રસંગ ।
અધિક અહિંસા સત્યપર, ક્રોધરહિત શુભ અંગ ॥૬॥
**સોરઠા** - શાંતિ દયા દૃઢ ત્યાગ, તજત પિશુનતા સબહિ વિધિ ।
લોભરહિત બડભાગ, મૃદુ લજ્જાજુત અતિ અચલ ॥૭॥
**ચોપાઇ** - તેજ ક્ષમા ધૃતિ ધારત જેહી, માનરહિત શુચિ દ્રોહ ન તેહી ।
ધર્મકુટુંબ જેહિ ઉર હોઇ, ઇન લછન જુત રહે મુનિ સોઇ ॥૮॥
મહામુનિવરકે દોષ ગ્રહે જબહી, તેહી ઉર અધર્મ આવત તબહી ।
જેહિ ઉર અધર્મ કરત નિકેતા, અસદ્ ગ્રંથ તેહિ ભાવત એતા ॥૯॥
કૌલાર્ણવ અરુ કોક હે જેહિ, શુષ્કવેદાંત ભક્તિ વિન તેહિ ।
નાસ્તિક મતકે ગ્રંથ સબ જેહા, તિન સંગ કરત મૂઢ હોય નેહા ॥૧૦॥
તેહિ ગ્રંથનકી ગાથા જોઇ, કરી સંક્ષેપ સુનાઉ તોઇ ।
કૌલાર્ણવ આશ્રિત નર જેહુ, મહામાયા પૂજનરત તેહુ ॥૧૧॥
**દોહા** - વામરુ દક્ષન માર્ગસેં, જજત હે દેવી જેહુ ।
શાક્ત કૌલ અર્ચનવિધિ, કલ્પત બહુવિધ તેહુ ॥૧૨॥
**ચોપાઇ** - શ્વપચી આદિ ત્રિયા અષ્ટ પ્રકારા, દેવી માની પૂજત કરી પ્યારા ।
પંચ મકારસેં પૂજન જોઇ, નીચ નારીમહિ કલ્પત સોઇ ॥૧૩॥

ત્રિયા ઉચ્છિષ્ઠ મદ્ય માંસ હે જેહા, ભક્ષન પાન કરત ખેલ તેહા ।
મૈથુનરત તિન ત્રિયા સંગ જેહી, વામમાર્ગરત કહાવત તેહી ॥૧૪॥
દશક રુ વિંશક કુંડ હે જોઉ, દક્ષિનમાર્ગ કહાવત સોઉ ।
વર્ણ અઢાર એક સંગ ખાવે, ત્રિયા અંગ સંગ ધોય જલ પાવે ॥૧૫॥
સો ગુરુ હોઈ ભ્રષ્ટ જગ કરહી, ઈશ્વરસેં રંચક નહિ ડરહી ।
તેહિ ઉર અધર્મ અતિ દુઃખદાઈ, રહત નિરંતર મહા મુદ પાઈ ॥૧૬॥
**દોહા** - વામ રુ દક્ષન માર્ગરત, જીવ અધિક મતિમંદ ।
આપ ચલે મગ નરકકે, ઓરકું ડારત ફંદ ॥૧૭॥
**ચોપાઇ** - કોક ગ્રંથ આશ્રિત જો પ્રાની, તિનકી બાત કહું દેહુ બખાની ।
વાત્સ્યાયન મુનિ પરમ ઉદારા, કામસૂત્ર તેહિ કિન ઉચ્ચારા ॥૧૮॥
કૃષ્ણલીલા બરની સ્વચ્છંદા, જેહિ વિધ રાસ રમેઉ વ્રજચંદા ।
સો અબ મૂઢ કામી કવિ જેહુ, નરત્રિય તુછમેં સ્થાપત તેહુ ॥૧૯॥
કામકે ગ્રંથ સો કરત અપારા, જેહિ સુનિ બાઢત વિવિધ વિકારા ।
આપ ભુલિ ઓરહિ ભરમાવે, બરનિ બરનિ ત્રિયા બાત સુનાવે ॥૨૦॥
અપનિબિ રાની નારી હે જેહા, વનિતા ગુન બરતન ખલ તેહા ।
મુગ્ધા મધ્યા પ્રૌઢા નારી, યહ જોબન મદજુત પ્રિય પ્યારી ॥૨૧॥
**દોહા** - એહવિધ નાયક નાયકા, ભેદ હે અનંત પ્રકાર ।
પ્રભુ પદપંકજ વિમુખ સો, બરનત બારહિ બાર ॥૨૨॥
**સોરઠા** - જ્યું રોગિ મિષ્ટાન્ન, ખાત સો અતિ દુઃખ સહિ મરત ।
ત્યું યહ તજી ભગવાન, નરનારી જમપુર બસત ॥૨૩॥
**ચોપાઇ** - ત્યું જેહિ ગ્રન્થમેં હરિઅવતારા, તેહિ ખંડન કરી ગએઉ હત્યારા ।
ત્યું બ્રાહ્મણ તીરથ વ્રત જોઈ, તેહિ ખંડન જેહિ ગ્રન્થમેં હોઈ ॥૨૪॥
વેદશાસ્ત્ર હરિપ્રતિમા જેહુ, જિનમહિ ખંડન કિને તેહુ ।
એ સબ અસદ્‌ગ્રન્થ દુઃખદાઈ, તજે સબહિવિધ હોત ભલાઈ ॥૨૫॥
જિનમેં શ્રીકૃષ્ણતુલ્ય વિસ્તારી, વૈષ્ણવકો મહિમા કહ્યો ભારી ।
આત્મનિવેદન ભક્તિ જોઉ, કૃષ્ણ જ્યું વૈષ્ણવમેં કહિ સોઉ ॥૨૬॥
જિન ગ્રન્થનમેં હરિ આકારા, પ્રાકૃતસમ કહે કુમતિ ગમારા ।
દેવ મનુષ્યાદિક બહુરુપા, તેહિ સમ કહે હરિરુપ અનૂપા ॥૨૭॥

**દોહા** - એસે શાસ્ત્ર અનેકવિધ, અસદ્‌ગ્રન્થ હે એહી ।
જો ચહે નિજ કલ્યાનકું, તજત દૂરસે તેહી ॥૨૮॥
**ચોપાઇ** - શુષ્ક વેદાંત ભક્તિ વિન જેહુ, અતિદુઃખદાયક જાનો તેહુ ।
તાકું પઢત સુનત જન જોઈ, સો સબ અતિ પાખંડી હોઈ ॥૨૯॥
દેહદર્શી તદપિ બને જ્ઞાની, કાક જ્યું કુટિલ અધિક અભિમાની ।
એક બ્રહ્મ મુખ કહત બનાઈ, મન ધન ત્રિય સંગ રહે લપટાઈ ॥૩૦॥
સ્વર્ગ નરક સબ મિથ્યા જાને, પાપ કરત મન શંક ન આને ।
હરિઅવતારકું સો નહિ માને, આપકું કૃષ્ણકે તુલ્ય પ્રમાને ॥૩૧॥
જ્ઞાનકી ઓટ ગ્રહત ખલ તેહા, કરત સદા પરત્રિય સંગ નેહા ।
પ્રગટ બ્રહ્મદર્શન નહિ પાવે, બાત બનાયકે જગ ભરમાવે ॥૩૨॥
બ્રહ્મ કહત ઉનમાનસેં જેહી, બટુ શૂન્યવાદી જાનો તુમ તેહી ।
જ્ઞાનપાપી સોઈ જીવ કહાવે, ભજન ભક્તિ બિન જમપુર જાવે ॥૩૩॥
**દોહા** - શુષ્કવેદાંતી ભક્તિ બિન, કહે જ્યું જમપુર જાત ।
અબ નાસ્તિકકે ગ્રંથકી, કહુ સંક્ષેપે વાત ॥૩૪॥
**ચોપાઇ** - કર્મવાદી નાસ્તિક મતિમંદા, હરિતજી ફસેઉ કર્મકે ફંદા ।
કર્મકું કર્તા જાનત સોઈ, તેહિ બિન અન્ય ઈશ્વર નહિ કોઈ ॥૩૫॥
ધર્મ અહિંસા શિખેઉ નામા, શ્રુતિમગ નિંદત આઠુ જામા ।
હોમ યજ્ઞ બ્રહ્મભોજ હે જોઉ, મહાપાપસમ કહે ખલ સોઉ ॥૩૬॥
સંધ્યા સ્નાન દ્વિજનકું દાના, તેહિ નાસ્તિક કહે પાપસમાના ।
તબ તેહિ ઉર અધર્મ સ્થિર હોઈ, કરત નિવાસ નારીજુત દોઈ ॥૩૭॥
કાલ કર્મ માયા એ તીના, જગકર્તા કહે જ્ઞાની પ્રબીના ।
પ્રભુમહિ દોષ નિવારણ કાજા, હરિહિ અકર્તા કહે કવિરાજા ॥૩૮॥
**દોહા** - કાલ કર્મ માયા સબે, દારુ નારીસમ સોઉ ।
પુરુષોત્તમકી દૃષ્ટિ બિન, કરન ન સમર્થ કોઉ ॥૩૯॥
**સોરઠા** - સો નાસ્તિક મતિમંદ, પ્રભુપ્રભુતા જાનેહિ બિન ।
ફસેઉ કર્મકે ફંદ, નાસ્તિક ગ્રંથકું સત્ય ગિનત ॥૪૦॥
અસદ્ ગ્રંથ ઈમિ જોય, કુમતિ કુસંગસેં સત્ય ગિનત ।
ભવજલ તરત ન સોય, તેહિ ઉર અધર્મ નિત્ય રહત ॥૪૧॥

**ચોપાઇ** - તબ તેહિ લક્ષન વરતત જેહુ, કરી સંક્ષેપ બરનું અબ તેહુ ।
દંભ દર્પ અભિમાન અપારા, ક્રોધ ક્રૂરતા તન અહંકારા ॥૪૨॥
પ્રવૃત્તિ નિવૃત્તિ નહિ જાનત સોઈ, અધર્મવાસ જાસ ઉર હોઈ ।
સદાચાર સત્ય શૌચ કહાવે, તેહિ ઉર લેશ રહન નહિ પાવે ॥૪૩॥
ઈશ્વરકું કરતા નહિ જાને, બિન ઈશ્વર સબ જક્ત બખાને ।
નરત્રિય મિલત પરસ્પર જોઉ, જગકરતા જાનત ખલ સોઉ ॥૪૪॥
કામકું સૃષ્ટિ હેતુ નિત્ય જાની, હોત નારીરત તનઅભિમાની ।
અતિ દુષ્પુર કામ ઉર ધારી, કરત અશુચિ વ્રત પાતક ભારી ॥૪૫॥
ચિંતા દીર્ઘ ન આવત અંતા, કામભોગપર મરણપ્રજંતા ।
બહુધા ચિતવિભ્રાંત અપારા, ગિરત સો અશુચિ નરક બહુવારા ॥૪૬॥
**દોહા** - અહંકારી બલ દર્પ જુત, કામક્રોધરત જોય ।
દ્વેષ અસૂયા સબહિ પર, સો સબ હરિસંગ હોય ॥૪૭॥
અતિ અજ્ઞાનમેં રહત નિત, જેહી ઉર અધર્મ વાસ ।
સત્પુરુષનકે વચનસેં, તાહિ ન હોત સમાસ ॥૪૮॥
**ચોપાઇ** - ક્રૂર કુટિલ ઉર દ્વેષકી ઝાલા, નરમેં અધર્મ સો કઠિન કરાલા ।
પરત સો અસુરજોનિમહિ જાઈ, તહાં તહાં કરત અત્યંત બુરાઈ ॥૪૯॥
અસુરજોનિ પાવત ખલ જેહા, તહાં બહુ જન્મ ધરત તબ તેહા ।
પ્રગટ રુપ નહિ પાવે મુરારી, લહત અધમ ગતિ અતિદુઃખકારી ॥૫૦॥
ત્રિવિધ નરકકે દ્વાર કહાવે, અસુરભાવ જુત તિનમહિ જાવે ।
કામ ક્રોધ અરુ લોભ એ તિના, નરક દ્વાર ગિનિ તજત પ્રવીના ॥૫૧॥
હરિ આજ્ઞા વિરોધિ જન જોઈ, આસુરી જીવ કહાવત સોઈ ।
જેહિ ઉર અધર્મ કરત નિવાસા, તેહિ ન સંત ઢિગ હોત સમાસા ॥૫૨॥
**દોહા** - કામ ક્રોધ અરુ લોભ એ, તેહિ જમપુરકે દ્વાર ।
ઈન તિનનકે જોગસેં, જીવ સહત જમમાર ॥૫૩॥
ત્રિવિધ નરકકે દ્વારસેં, રહિત હોત નર જોય ।
સબ વિધ અપનો શ્રેય કરી, લહત પરમપદ સોય ॥૫૪॥
**ચોપાઇ** - હરિગુરુ વચન ગ્રહત જન જેહા, દૈવી જીવ કહાવત તેહા ।
ધર્મ તાસ ઉર લે પરિવારા, બસત સદા પલ હોત ન ન્યારા ॥૫૫॥

સો નિર્લોભિ રહત નિત્ય સંતા, ધાતુમાત્ર ત્યાગત બુદ્ધિવંતા ।
અષ્ટ ભાતિ કરી ત્રિયકો ત્યાગા, દૃઢ નિષ્કામી રહત બડભાગા ॥૫૬॥
મદ્ય અરુ માંસ કેફ સબ ત્યાગે, તજી વિટાલ પ્રભુપદ અનુરાગે ।
મધુકર વૃત્તિ અન્ન જાચત જેહુ, નિઃસ્વાદી વ્રતરત મુનિ તેહુ ॥૫૭॥
પિંડ બ્રહ્માંડસેં પ્રીત મિટાવે, હોય નિઃસ્પૃહ સો હરિગુન ગાવે ।
તન અભિમાન સબહિ વિધ ટારી, નિર્માની હોય ભજત મુરારી ॥૫૮॥
**દોહા** - ગુન લછન ભિન્ન ભિન્ન કહે, ગતિ અરુ અગતિ પ્રજંત ।
ધર્મ ભક્તિ જુત સંત હે, અધર્મ જુકત અસંત ॥૫૯॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે સંતઅસંતગુણવર્ણનનામા ચતુર્દશોધ્યાયઃ ॥૧૪॥

## અધ્યાય-૧૫

**ચોપાઇ** - સુનિ પ્રભુવચન જોરી જુગ પાની, પ્રશ્ન કરત દ્વિજ અતિ મુદ આની ।
જેહિ ઉર ધર્મ ભક્તિ દૃઢ હોઈ, પ્રભુ તુમ સુમતિ સંત કહે સોઈ ॥૧॥
એકાંતિક મુનિ ભજી ભગવાના, લહત કવન ગતિ પરમ સુજાના ।
કવન ધામ પહુંચત મુનિ જ્ઞાની, કહહુ કૃપા કરી જન સુખદાની ॥૨॥
સુનિ બટુ વચન મગન હોઈ દેવા, કહત પરમ મુક્તિકો ભેવા ।
સુનુ દ્વિજ જબ મુનિ તજત શરીરા, કૃષ્ણપરાયન રહત સુધારા ॥૩॥
તબ તેહિ હરિમૂર્તિ સુખદાઈ, અંત સમે દર્શત મનભાઈ ।
તનુ તજી સો મૂર્તિકે સંગા, ગમન કરત હરિજન શુદ્ધ અંગા ॥૪॥
**દોહા** - સો મૂર્તિ સંગ ભક્ત તબ, શ્રીગોલોકમેં જાત ।
રાધાજુત શ્રીકૃષ્ણ પ્રભુ, તેહિ નિરખત સાક્ષાત ॥૫॥
**ચોપાઇ** - ગુણાતીત ગોલોક કહે જેહા, માયાકે તમસે પર તેહા ।
અચલ અનાદિ દિવ્ય સોઈ ધામા, તેહિ પાવત હરિભક્ત અકામા ॥૬॥
ઉદ્ધવ આશ્રિત વૈષ્ણવ જેહી, ઈનકું પ્રાપ્ય ધામ હે એહી ।
સદા સત્ય હરિધામ હે સોઈ, જિનકું પાય પુનિ ગિરત ન કોઈ ॥૭॥
વિરજા નામ નદી હે જેહુ, પરિખા જ્યું ગોલોકકું તેહુ ।
તાસ ઉભય તટ અતિ સુખદાની, તામેં અનંતવિધ મનિગન ખાની ॥૮॥
પદ્મરાગ સ્ફટિક મનિ જોઉ, ઈન્દ્રનીલ મનિ આદિક સોઉ ।
ઈનકી ખાન અનંત જેહિ તીરા, એસી વિરજા ગહિર ગંભીરા ॥૯॥

**દોહા** - સો વિરજાકે ઘાટમેં, મણિમય સબ સોપાન ।
તાપર તરુ વેલી ઝુકિ, માનુ શુભ બને હે બિતાન ॥૧૦॥
**સોરઠા** - ચહુ ઓર એહિ ભાતિ, બને હે ઘાટ કંચનજટિત ।
નિરખી હોત અતિશાંતિ, નંગ ઝળકત મનુ અનંત દગ ॥૧૧॥
**દોહા** - સો વિરજાકે ઘાટમહિ, ગોપ ગોપિકે વૃંદ ।
સ્નાન કરત સબ વિધિસહિત, ઉર ધરી આનંદકંદ ॥૧૨॥
રત્નજડિત કાંચન કલશ, તિનસેં ભરત સબ નીર ।
વિરજાતટ હરિભક્તકી, રહત નિરંતર ભીર ॥૧૩॥
તેહિ વિરજાકે તટનિમેં, ગોધન વૃંદ અપાર ।
જલ પિવન હિત આવહિ, રહત ભિર એકતાર ॥૧૪॥
**ચોપાઇ** - સો વિરજાકે તીર વિધ નાના, અનંત શ્રીકૃષ્ણકું રમણકે સ્થાના ।
અધિક મનોહર મહલ હે જેઉ, સબહિ દિવ્ય શોભાનિધિ તેઉ ॥૧૫॥
સો વિરજાકે પાર અતિભારી, શતશૃંગ નામ શૈલ સુખકારી ।
જ્યું ભુગોલકે ચહુ દિશમાંઈ, લોકાલોક દુર્ગકી નાંઈ ॥૧૬॥
ત્યું શતશૃંગ શૈલ હે જોઈ, રહ્યો ગોલોકમેં ગઢ જિમિ હોઈ ।
ઉન્નત કોટિ જોજન હે એહુ, દશગુન ચૌડા શૈલ હે તેહુ ॥૧૭॥
પારિજાત આદિક તરુ જેહા, ગિરિપર સોહે અનંતવિધ તેહા ।
કામધેનુકે વૃંદ અપારા, ગિરિપર વિચરત વિવિધ પ્રકારા ॥૧૮॥
**દોહા** - સો ગિરિવરકે શિખર પર, ચહુ દિશ અતિઅભિરામ ।
રાસમંડપ શ્રીકૃષ્ણકે, અનંત ભાતિ છબિધામ ॥૧૯॥
**સોરઠા** - રાસમંડપ હે જોય, દશ જોજન વિસ્તારજુત ।
ગોલ મનોહર સોય, સબહિ ચહુ ચહુ દ્વાર જુત ॥૨૦॥
**દોહા** - રાસમેં રસપ્રદ ત્રિયનકી, ગીત વાદ્ય ધુનિ જેહુ ।
અધિક મનોહર અમૃતસમ, વ્યાપી રહી હે તેહુ ॥૨૧॥
સબ મણિમય સોપાન જુત, વાપી કૂપ અરુતાલ ।
તિનમહિ ખગ રવ અનંતવિધ, હોવત પરમ રસાલ ॥૨૨॥
ગિરિઝરને મત્ત ભૃંગ ખગ, છાય રહ્યો એકતાર ।
માનુ ગુનિજન બહુ વાદ્યજુત, હરિગુન કરત ઉચ્ચાર ॥૨૩॥

**ચોપાઇ** - પુષ્પવાટિકા પરમ સુહાઈ, રહિ ચહુ ઓર તાસ છબિ છાઈ ।
ઉપવન બાગ સો વિવિધ પ્રકારા, રાસમંડપ ઢિગ દિવ્ય અપારા ॥૨૪॥
ભોગદ્રવ્યજુત ભવન હે જોઉ, રાસમંડપમહિ બહુવિધ સોઉ ।
બહુવિધ રત્નકે મંડપ જોઈ, મણિ સોપાન જુક્ત હે સોઈ ॥૨૫॥
હરિત રુ ઈન્દ્રનીલ મનિ જેહા, ત્યું સિંદૂર વર્ણ મનિ તેહા ।
તિનકે સ્તંભ જુક્ત છબિધામા, એસે મંડપ અતિ અભિરામા ॥૨૬॥
તાપર કંચન કલશ બિરાજે, સો છબિ દેખિકે રવિ શશિ લાજે ।
સુંદર ધ્વજ પતાકા મનભાઈ, જનુ હરિજનકું લેત બોલાઈ ॥૨૭॥
આમ્ર અશોકકે તોરણ જેહી, ઈનસે જુક્ત સબ મંડપ એહી ।
ભવનમેં ચિત્રકે ખગ મૃગ જેહુ, સત્ય પ્રતીતિ જનાવત તેહુ ॥૨૮॥
**છંદ હરિગીત** - ઈન સબહિ મંડપદ્વાર ઢિગ રંભાકે સ્તંભ વિરાજહિં,
કસ્તુરી ચંદન અગરુ ચર્ચિત ભવન અતિ છબિ છાજહિં ।
અતિરમ્ય પૂરણ કુંભપર અક્ષત રુ અંકુર સોહહિં,
કુંકુમ રુ દુર્વાફલની જુત છબી દેખી મુનીમન મોહહિં ॥૨૯॥
**દોહા** - રાસમંડપમેં રમણ હિત, એસે ભવન અપાર ।
તિનમેં રસિક ઘનશ્યામ નિત, નૌતમ કરત વિહાર ॥૩૦॥
**ચોપાઇ** - ભૂષન વસન અનંતવિધ જેહૂ, ઈનસેં જુક્ત ગોપીજન એહુ ।
નવ જોબન ત્રિયવૃંદ હે જેહા, રાસમંડપમહિ સોહત તેહા ॥૩૧॥
કુસુમસેજ જુત કુંજ કુટીરા, તિનજુત રાસમંડપ મુનિ ધીરા ।
ગિરિ શતશૃંગ કે બાહિર ભારી, જ્યું વિરજા સરિતા સુખકારી ॥૩૨॥
ત્યું ગિરિકે ભિંતર સુખરુપા, વૃંદાવન છબિધામ અનૂપા ।
ગિરિ ઢિગ શ્રીવૃંદાવન જોઈ, રાધાકૃષ્ણકું અતિ પ્રિય સોઈ ॥૩૩॥
ગોપી જનકે વૃંદજુત ઝેહી, કૃષ્ણકું ક્રીડાસ્થાનક એહી ।
વટ પાકર પુગી તરુવૃંદા, તેહિ તર મૃગગણ ચરત સ્વચ્છંદા ॥૩૪॥
મુનિસમ સબ મૃગગણકી રીતિ, તેહિ પ્રભુ પદપંકજ દ્રઢ પ્રીતિ ।
કલ્પવૃક્ષ મંદાર અપારા, પારિજાત તરુ વિવિધ પ્રકારા ॥૩૫॥
**છંદ હરિગીત** - તરુ વિવિધભાતિ કદંબ નીપ રુ આમ્ર ચંદન અતિઘને,
બદરી રુ પનસ જંબીર દાડિમ ફલનિ નત કંધર બને ।
બહુ નાલિકેર ખજુર જંબુ, બિલ્વ શાલ તમાલ જુ
ચંપક અશોક રુ પિપ્પલાદિક વૃક્ષ પરમ વિશાલ જુ ॥૩૬॥

**દોહા** - એસે વૃક્ષ અનેક જુત, વૃંદાવન છબિધામ ।
રસિક શ્રીરાધાકૃષ્ણકું, મનરંજન અભિરામ ॥૩૭॥
**સોરઠા** - જાય રુ જુઇ ચમેલી, લવંગ લતા દ્રાક્ષા સરસ ।
જુથી મલ્લિકા બેલી, કેતકી માધવી કુંદ વલી ॥૩૮॥
ત્યું સ્થલ કમલ અપાર, જેહિ જુત વૃંદાવન સુખદ ।
જહાં નિત્ય કરત વિહાર, કૃષ્ણ દિવ્ય ગોપિન સહિત ॥૩૯॥
**ચોપાઇ** - રત્ન કે દીપ ધૂપ જુત જેહા, કુંજ કુટિર અનંતવિધ તેહા ।
ઈનસે જુક્ત વૃંદાવન જેહી, રાધાકૃષ્ણકું વલ્લભ તેહી ॥૪૦॥
વાપી કૂપ તાલ છબિ છાઈ, તિનજુત વૃંદાવન સુખદાઈ ।
તિનમેં વારિજ વિવિધ પ્રકારા, કુમુદ કંજ ઉત્પલ કલ્લારા ॥૪૧॥
ઇંદીવર રાજીવ અપારા, તેહિ મકરંદ અનુપ ઉદારા ।
તાપર મત્ત ભૃંગકે વૃંદા, ગાન કરત અતિ પાય આનંદા ॥૪૨॥
કારંડવ સારસ અરુ હંસા, મહામુનિસમ કરે કૃષ્ણપ્રશંસા ।
જલકુર્કટ આદિક ખગ જેહુ, હરિગુન સહિત કરત રવ તેહુ ॥૪૩॥
ચાતક મોર ચકોર ઝિંગોરા, કોકિલ શબ્દ કરત ચહુ ઓરા ।
ચક્વાક શુક સારિ જોઉ, હરિગુન જુક્ત કરત રવ સોઉ ॥૪૪॥
**દોહા** - ગોધન ગોપી ગોપકે, વૃંદસે વ્યાપ્ત હે જોઈ ।
ઐસા વૃંદાવન સુખદ, તેહિ સમ ઓર ન કોઈ ॥૪૫॥
વત્સ ધેનુ અરુ વૃષભકે, હોવત શબ્દ પ્રચંડ ।
ગોદોહનજુત વંશીરવ, વનમધ્ય રહત અખંડ ॥૪૬॥
ગોપ બજાવત બાંસુરી, ગોપી કૃષ્ણગુન ગાત ।
વૃંદાવન છબી દેખિકે, આનંદ ઉર ન સમાત ॥૪૭॥
વૃંદાવન ભિંતર રુચિર, બન બતિસ હે જેહુ ।
શ્રેષ્ઠ હે સો એકએકસેં, અતિ પ્રફુલ્લિત રહે તેહુ ॥૪૮॥
**ચોપાઇ** - સો વૃંદાવન મધ્ય અભિરામા, શ્રીગોલોક નામ હરિધામા ।
એક કોટિ જોજન વિસ્તારા, સો હરિધામ હે પરમ ઉદારા ॥૪૯॥
રત્ન જટિત કંચનકો ભારી, તાસ દુર્ગ અતિશે જયકારી ।
ચહુ દિશ ચહુ ગોપુર સુખરુપા, વજ્રકપાટસેં જુક્ત અનૂપા ॥૫૦॥

તિનમેં શ્રીકૃષ્ણકે ભક્ત અનંતા, ગોપ હે દ્વારપાલ બુદ્ધિમંતા ।
અનંત શ્રીકૃષ્ણકે ભક્ત પ્રવીના, ગોપી ગોપ પ્રેમરસ ભીના ॥૫૧॥
તિનકે અગણિત મંદિર જોઈ, શ્રીગોલોકમેં સોહત સોઈ ।
સબ હરિજનકે મંદિર જેહા, રત્નજટિત કંચનમય તેહા ॥૫૨॥
**દોહા** - વિવિધ ભોગકે દ્રવ્યજુત, ગોપકે ભવન અનંત ।
રથ વિમાન જુત અતિ સુખદ, દિયે હે કૃષ્ણ ભગવંત ॥૫૩॥
ધ્વજ પતાક તોરણ સહિત, સદન સબહિ છબિધામ ।
કનકકલશ અતિકાંતિજુત, યાતે અધિક અભિરામ ॥૫૪॥
હરિગુન ગાવત દધિ મથત, ગોપી પરમ ઉદાર ।
સો ધ્વનિ સબ ગોલોકમેં, વ્યાપી રહી એકતાર ॥૫૫॥
**સોરઠા** - ચહુ દિશમેં સુખરુપ, બડે રાજમારગ વિમલ ।
શોભા તાસ અનુપ, બહુવિધ વાદ્યકે શબ્દજુત ॥૫૬॥
**ચોપાઇ** - પંચ રંગકે મનિગણ જેહા, ઈનહિસે બાંધેહે મારગ એહા ।
સો મગકે દોઉ ઓર સોહાઈ, સૌધપંક્તિ નભ સ્પર્શત જાઈ ॥૫૭॥
રત્નજટિત વેદી જુત જેહી, વલ્લભિન જુક્ત ઝરોખા તેહી ।
અગર ચંદન મૃગમદ રસ જોઈ, તાહિસે છંટકે હે મારગ સોઈ ॥૫૮॥
રંભાસ્તંભ દ્વારપ્રતિ રાજે, મંગલ પૂર્ણકુંભ છબિ છાજે ।
દુર્વા લાજા અંરુ ફલ ફૂલા, કૃષ્ણતુલસી દલ મંગલમૂલા ॥૫૯॥
અક્ષત જુત કુંકુમ અભિરામા, ઈન જુત ઘટનિ ભવન છબિધામા ।
રથ વિમાન કરી સંકુલ રહહિ, મગ છબી કવન જથારથ કહહિ ॥૬૦॥
**દોહા** - રાધાકૃષ્ણકું પૂજનેં, સામગ્રી કર જોય ।
એસે ગોપી ગોપસેં, અતિસંકુલ મગ સોય ॥૬૧॥
રાધાકૃષ્ણકે દર્શહિત, આવન જાત હે જેહુ ।
સો ગોપિનકી ગીતધ્વનિ, તિનસે વ્યાપ્ત મગ તેહુ ॥૬૨॥
અનંત ભુવનકે અધિપતિ, હરિ હર અજ વૃષવૃંદ ।
પત્ની સહિત પ્રભુદર્શ હિત, આવત પાય આનંદ ॥૬૩॥
**ચોપાઇ** - બહુવિધ ઉમા બુદ્ધિવંતા, સાવિત્રી મૂર્તિ સો અનંતા ।
નિરખન શ્રીવ્રજચંદ ઉદારા, પતિકે સંગ આવત કરી પ્યારા ॥૬૪॥

ઈનકી ભિર જહાં રહે એકતારા, એસો રાજમગ સોહે અપારા ।
સુર મુનિ સિદ્ધ સો મગમહિ જાવે, ધામવાસીકું શિશ નમાવે ॥૬૫॥
ગોપ ગોપી ગોલોકમેં જેહી, કૃષ્ણકે પદપંકજરત તેહી ।
કામ કુબુદ્ધિ પરસ્પર નાહી, સોઈ વસત ગોલોકકે માંહી ॥૬૬॥
શ્રીરાધાસમ ગોપી સયાની, કૃષ્ણકું સેવત નિજપતિ જાની ।
રાધારમાતુલ્ય પનરોપી, પતિવ્રત ધર્મ રખત સબ ગોપી ॥૬૭॥
**દોહા** - સબહિ ગોપી શ્રીકૃષ્ણસેં, રાધા રમા સમાન ।
મનવાંછિત સુખ પાવહિ, યું પ્રભુસંગ એકતાન ॥૬૮॥
**ચોપાઇ** - એસો યહ ગોલોક કે જેહા, તાકે મધ્ય મનોહર એહા ।
રાધાકૃષ્ણકો મંદિર જોઈ, તેહિ સમ દિવ્ય રમ્ય નહિ કોઈ ॥૬૯॥
ઈનકે ચહુ ઓર જયકારી, ષોડશ દુર્ગ કનકમય ભારી ।
દુર્ગકે બાહિર પરિખા જોઉ, અતિ ઉંડી જલજુક્ત હૈ સોઉ ॥૭૦॥
જોજન તીન ગોલ વિસ્તારા, રાજદુર્ગ છબિધામ ઉદારા ।
તેહિ સબ પરિખાકે ચહુ ઓરા, કલ્પવૃક્ષ ઉપવન ચિત્ત છોરા ॥૭૧॥
સબહિ અધિક ઉંચેપ્રકારા, રત્નજટિત કંગુરે અપારા ।
તાપર કનકકલશ છબિધામા, એસે સબહિ દુર્ગ અભિરામા ॥૭૨॥
**દોહા** - ગોપી ગોપ ચહુ ઓરસેં, હરિદરશન હિત જાત ।
ષોડશ પોરી ઉલ્લંઘિરે, મધ્ય પહુંચત સાક્ષાત ॥૭૩॥
દુર્ગકી સબહિ પોરીમેં, સુદામાદિક જેહુ ।
બડે ગોપકી ચોકી દૃઢ, રહત નિરંતર તેહુ ॥૭૪॥
**ચોપાઇ** - ષોડશ પોરી ઉલ્લંઘત જબહિ, તેહિ મધ્ય ચોક વિલોકત તબહિ ।
પંચરંગી મહા મનિગન જેહા, તાહિસેં ચોક બંધ્યો હે તેહા ॥૭૫॥
સોઈ ચોક મધ્ય સુખદ અપારા, તેજકો પુંજ હે પરમ ઉદારા ।
અનંતકોટિ રવિ ચંદ્ર સમાના, સોઈ તેજ સુખશાંતિ નિધાના ॥૭૬॥
અક્ષરબ્રહ્મ હે યાહિકો નામા, ગુણાતીત અવિચલ હરિધામા ।
જગકારનજેહિ ઓર વિશાલા, અનંત પ્રધાન પુરુષ અરુ કાલા ॥૭૭॥
ઈનહિકો આશ્રયરુપ હે જેહિ, સબહિમેં વ્યાપક નિત્ય હે તેહિ ।સત ।
ચિદ આનંદ અખંડસ્વરુપા, એસો તેજ હે પરમ અનૂપા ॥૭૮॥

**છંદ હરિગીતા** - એસે અનુપમ તેજમધ્ય શ્રીકૃષ્ણમંદિર
સોહહિ, ચહુ ઓર કંચન વલભિજુત છબી દેખી મુનિમન મોહહિ ।
એસો શ્રીકૃષ્ણકો દિવ્ય મંદિર તાતેં અતિ છબિ છાજહિ,
બહિ ભાતિ મનિગન રત્નસારસેં રચિત અધિક બિરાજહિ ॥૭૯॥
બહુ રંગકે મણિસ્તંભ જુત શ્રીરાધિકાપતિ ધામ જુ,
અતિસુરભિ સુમનકી માલ બહુવિધ યાતે અતિ અભિરામ જુ ।
મણિદામ મુક્તાદામ જુત શુભ ચતુઃ શાલ હે જોય જુ,
ચહુ ઓર બંદન બાર મણિમય અતિ બિરાજત સોય જુ ॥૮૦॥
**દોહા** - અનંત શ્વેત ચામર મુકુર, તિનસેં મનોહર રુપ ।
રત્ન કલશ જુત કૃષ્ણકો, મંદિર પરમ અનૂપ ॥૮૧॥
ચંદન આમ્ર અશોકકે, નવ પલ્લવ હે જેહુ ।
તેહિ તોરણજુત હરિસદન, અતિ શોભાનિધિ તેહુ ॥૮૨॥
**સોરઠા** - ગિરિ શતશૃંગ હે જોય, યાહિ તે ઉંચા હરિસદન ।
અતિપ્રકાશ જુત સોય, અનંત ચંદ રવિ દ્યુતિ હરત ॥૮૩॥
**ચોપાઇ** - મૃગમદ અગર ચંદન રસ જેહા, તાહિસેં ચર્ચિત ભવન હે તેહા ।
ધૂપ દીપ મંગલ દ્રવ્ય જેહિ, ઈનસેં જુક્ત હરિમંદિર એહિ ॥૮૪॥
કનકકલશ મનિજટિત હે જોઉ, મંગલમય ધરે દ્વારપેં સોઉ ।
પૂર્ણકુંભ ફલ દલનિ સોહાએ, કુંકુમ રંજિત અતિ મન ભાએ ॥૮૫॥
રત્નકી સજ્યા વિવિધ પ્રકારા, કુસુમકી સજ્યાકો નહિ પારા ।
ભોગકે દ્રવ્ય સદન મધ્ય ભારી, ભવનમેં રતિગૃહ અતિ સુખકારી ॥૮૬॥
રત્નકે પાત્ર ભવનમધ્ય જેહુ, રવિશશિ કાંતિ લજાવત તેહુ ।
સો હરિમંદિર અતિ અભિરામા, સબહિ ભાતિ શોભાકો ધામા ॥૮૭॥
**દોહા** - સો હરિ ભવનકે ચહુ દિશિ, અતિશે દિવ્ય ઉદાર ।
એકાંતિક હરિભક્તકે, મંદિર અનંત અપાર ॥૮૮॥
પ્રભુ પદપંકજ પ્રેમજુત, ગોપી ગોપ પ્રવીન ।
હરિ સેવા સાગર વિષે, હોય રહે સબ મીન ॥૮૯॥
સબ ગોલોક નિવાસિસો, ઈનકું અતિ આનંદ ।
સેવે સદા શ્રીકૃષ્ણકું, હરિજન પરમ સ્વચ્છંદ ॥૯૦॥

**સોરઠા** - ગોપી ગોપ અનંત, કર વાજિંત્ર લે બહુત વિધ ।
જયું રિઝત ભગવંત, ત્યું સેવારત રહત નિત ॥૯૧॥
**દોહા** - સો વાજિંત્ર બજાયકે, હરિગુન ગાત ઉદાર ।
તિનકો શબ્દ હરિસદનમેં, વ્યાપિ રહ્યો એકતાર ॥૯૨॥
**ચોપાઇ** - સો મંદિરકે મધ્ય સુખરુપા, સિંહાસન એક પરમ અનૂપા ।
બહુવિધ રત્નસેં રચિત હે એહા, શુભ રત્નકે કલશજુત તેહા ॥૯૩॥
બહુરંગ રત્નકે ચિત્રહે જામેં, ગોપી ગોપ ચિત્રકે તામેં ।
ખગ મૃગવૃંદ ચિત્ર કે જોઇ, સત્યકી ચિત્ર લખત નહિ કોઇ ॥૯૪॥
એસો સિંહાસન અભિરામા, અતિ પ્રકાશજુત અતિ છબિધામા ।
તા ઉપર રાજત સુખકારી, શોભાધામ શ્રીકૃષ્ણ મુરારી ॥૯૫॥
નવ નીરદ સમ શ્યામશરીરા, દર્શ સ્પર્શ મેટત સબ પીરા ।
વય કિશોર પીતાંબરધારી, દ્વિભુજ બંસી કર ધરત બિહારી ॥૯૬॥
**દોહા** - મંદહાસ જુત મુખકમલ, તેહિ છબિ બરનિ ન જાત ।
મોરપિછ જુત મુકુટ છબી, દેખત દગ લલચાત ॥૯૭॥
મૃગમદ ચંદન અગરુકો, અંગરાગ સબ અંગ ।
ઉર વૈજયંતી માલપર, ગાન કરત મત્ત ભૃંગ ॥૯૮॥
**સોરઠા** - કૌસ્તુભ મનિ જો ઉદાર, કંઠમેં રાજત કાંતિ જુત ।
શોભા તાસ અપાર, ભઇહે શ્રીકૃષ્ણકે કંઠસંગ ॥૯૯॥
**ચોપાઇ** - મકરાકૃતિ કુંડલ દોઉ કાના, માનુ જુગ મીન જલજ લપટાના ।
રત્નજડિત અંગદ અભિરામા, નંગજુત કનકકડાં છબિધામા ॥૧૦૦॥
કર અંગુરિન મહિ વિવિધરુપા, રત્નજડિત મુદ્રિકા અનૂપા ।
કટિ કિંકિન પાય નૂપુર શોભે, સો છબિ દેખી અધિક મન લોભે ॥૧૦૧॥
પ્રભુ પદપંકજ અતિ સુખકારી, નખમનિ પંક્તિ મોહ તમહારી ।
શ્યામ વર્ણ પદ પૃષ્ટ અનૂપા, અરુન જલજ સમ પદતલરુપા ॥૧૦૨॥
પદતલ ષોડશ ચિન્હ હે જોઇ, વૈષ્ણવ વૃંદકું સુખપ્રદ સોઇ ।
સુર મુનિ સિદ્ધ વીર વ્રતધારી, એહિ પદ ધ્યાન રહત અવિકારી ॥૧૦૩॥
**દોહા** - અષ્ટકોન જવ જંબુફલ, કુલિશ સ્વસ્તિ ધ્વજ જેહુ ।
ઉર્ધ્વરેખ અંકુશ જલજ, દાહિને પદતલ તેહુ ॥૧૦૪॥

મત્સ ત્રિકોન રુ પીયૂષઘટ, ધનુષ્ય ધેનુપદ જેહી ।
અર્ધચંદ્ર અરુ વ્યોમજુત, વામ ચરનતલ તેહી ॥૧૦૫॥
ષોડશ ચિન્હ શ્રીકૃષ્ણકે, ચિતવત હોત આનંદ
કામ ક્રોધ મોહાદિ સબ, નાશ હોત રિપુવૃંદ ॥૧૦૬॥
**સોરઠા** - ઉભય ચરન સુખધામ, દછિન પદ નવ ચિન્હ જુત ।
સપ્ત ચિન્હ પદ વામ, ઉર્ધ્વરેખ પદ ઉભય મધ્ય ॥૧૦૭॥
**ચોપાઇ** - સો શ્રીકૃષ્ણ પદપંકજ જેહી, મુનિમન મધુપકો આશ્રય એહી ।
શ્રીરાધાદિક દેવી જેહા, પ્રેમસેં પ્રભુપદ પૂજત તેહા ॥૧૦૮॥
મૃગમદ ચંદન ચર્ચિત જોઇ, નિજ ઉર ધરત પ્રેમવશ હોઇ ।
કુચ કુંકુમ પ્રભુપદ લપટાના, અરુણ સરોજ જ્યું રુપનિધાના ॥૧૦૯॥
ગુલફ જુગલ અતિ સુંદર જેઉ, માનુ નૂપુરમિષ બોલત તેઉ ।
જંઘા જુગલ મનોહરરુપા, પીતાંબર જુત પરમ અનૂપા ॥૧૧૦॥
જાનુ જુગલ પરમ છબિ છાજે, નિજકર સ્પર્શત અધિક બિરાજે ।
કૃષ્ણકે અધિક રમ્ય ઉરુ દોઉ, ખગપતિ સેવિત સુખનિધિ સોઉ ॥૧૧૧॥
**દોહા** - નાભિ વર્તુલ ગંભીર સુઠિ, કટિતટ અતિ અભિરામ ।
ઉદર મનોહર ત્રિવલિ જુત, સબવિધ શોભાધામ ॥૧૧૨॥
કૃષ્ણકે દાહિન ઉરવિષે, શ્રીવત્સ ચિન્હ ઉદાર ।
પ્રેમિભક્ત તેહિ નિરખિકે, આનંદ લહત અપાર ॥૧૧૩॥
**સોરઠા** - કુસુમકે હાર અનંત, ઉર ધારત હરિભક્ત હિત ।
શોભાનિધિ ભગવંત, કુસુમકે શેખર શિર ધરત ॥૧૧૪॥
**ચોપાઇ** - અરુન કમલ સમ જુગ કર જોઇ, બંસિસહિત અતિ સોહત સોઇ ।
પૂરન શશિસમ વદન બિરાજે, નિરખત કોટિ કામછબિ લાજે ॥૧૧૫॥
કંબુસમાન કંઠ સુખદાઇ, તુલસીદામ જુત અતિ છબિ છાઇ ।
સુંદર ચિબુક ભક્તભયહારી, અધર પ્રવાલ બિંબ અનુસારી ॥૧૧૬॥
મંદહાસ જુત બોલત બાની, સો નિજજનકું પરમ સુખદાની ।
દાડિમબીજ સરિસ અતિ શોભે, દંતપંક્તિ દેખત મન લોભે ॥૧૧૭॥
નાસા ચારુ મનોહર જેહા, દીપશિખા શુક મદહર તેહા ।
કાંતિજુત કપોલ સુખદાઇ, સો હરિજન મન લેત ચોરાઇ ॥૧૧૮॥

શ્રવનજુગલ શોભાનિધિ જેહી, રવિશશિસમ કુંડલ જુત તેહી ।
કુંડલકાંતિ કપોલની પરહિ, સો છબિ કોટિ મદનમદ હરહિ ॥૧૧૯॥
**દોહા** - ઉભય શ્રવણમહિ સોહહિ, ચલ કુંડલ છબિધામ ।
પુષ્પગુચ્છ દોઉ કાનપર, ધારત અતિ અભિરામ ॥૧૨૦॥
**ચોપાઇ** - ચંચલ નયન અધિક અનિયારે, કૃપાજુક્ત સુંદર દગ તારે ।
ભક્તકું હેતસેં હેરત જબહી, અતિ છબિ ધામ હોત દગ તબહી ॥૧૨૧॥
અરુન રેખ જુત હરિદગ જેહુ, કોટિ મદન મદહારી તેહુ ।
ભ્રુકુટિ કુટિલ ભક્તભયહારી, માનુ રતિનાથ ધનુષ જયકારી ॥૧૨૨॥
ભાલ વિશાલ કાંતિજુત શોભે, કેસરતિલક નિરખિ મન લોભે ।
હસત ભાલ બિચ રેખા હોઇ, ઉન્નત સુખદ મનોહર સોઇ ॥૧૨૩॥
કુંચિત કેશ કપોલની છાએ, માનુ અલિવૃંદ જલ ઢિગ આએ ।
રત્નજડિત શોભાકો ધામા, શિશ મુકુટ અતિસેં અભિરામા ॥૧૨૪॥
સુખદ શ્રીકૃષ્ણકી શોભા એહિ, શ્રુતિ પુરાન સબ ગાવત તેહિ ।
આસુરી જીવ સો કબહુ ન દેખે, ગ્રંથમેં સુનિકે સત્ય નહિ લેખે ॥૧૨૫॥
**દોહા** - તન ઘનશ્યામ હે તદપિ પ્રભુ, અપની કાંતિસેં સોઇ ।
શ્વેત જયોતિ સમ ભાસહિ, મર્મ ન જાનત કોઇ ॥૧૨૬॥
સામુદ્રિકમેં અતિ સુખદ, અતિ શુભ ચિન્હ હે જેહુ ।
તિનસેં જુક્ત શ્રીકૃષ્ણકે, સબહિ અંગ હે તેહુ ॥૧૨૭॥
**સોરઠા** - નિરાકાર કહે તેહી, અતિ કુમતિ કુવિચાર જુત ।
આસુરી જીવ હે એહી, ભ્રમત સદા ભવપંથ મધ્ય ॥૧૨૮॥
તેહિ એકાંતિક દાસ, સો જાનત યહ મર્મ સબ ।
પ્રભુ ઢિગ તાસ નિવાસ, હોત સદા સતત સુખદ ॥૧૨૯॥
**ચોપાઇ** - સો શ્રીકૃષ્ણ પરમ સુખરુપા, પુરુષોત્તમ પરબ્રહ્મ અનૂપા ।
વાસુદેવ વિષ્ણુ સબ કારન, હરિ નારાયણ અધમ ઉધારન ॥૧૩૦॥
અંતરજામિ બ્રહ્મ ભગવાના, તત્ત્વ જ્ઞાન તેહિ કહત સુજાના ।
શ્રુતિ પુરાન સદ્ગ્રંથ હે જેહા, ઇન આદિક નામની કહે તેહા ॥૧૩૧॥
ઉપનિષદ ઇતિહાસ હે જોઉ, કહત શ્રીકૃષ્ણકો મહિમા સોઉ ।
ગુણ પરાક્રમસે અનંત જેહિ નામા, ભક્તકું જપન જોગ્ય સુખધામા ॥૧૩૨॥

રાધા રમા રહત દોઉ ઓરા, મુખ નિરખત જિમિ ચંદ ચકોરા ।
કૃષ્ણકો વદનકમલ સુખદાની, તહાં દગ અર્પેઉ પરમ સયાની ॥૧૩૩॥
કરી કટાક્ષ રહે હરિમુખ દેખી, માનુ જુગ ત્રિયા ચિત્રકી લેખી ।
લલિતા આદિ સખિજન જેહિ, શ્રીરાધાસમ પ્રેમી તેહિ ॥૧૩૪॥
ઈનકે રુપ શીલ ગુન જોઈ, રાધારમાતુલ્ય હે સોઈ ।
સબહિ શ્રીકૃષ્ણકું અતિશે પ્યારી, કહતહું તિનકે નામ અઘહારી ॥૧૩૫॥
**દોહા** - લલિતા જયા રુ શશિકલા, માધવી યમુના જેહુ ।
રતિ સુશીલા જાહ્નવી, કુંતી ચંદ્રમુખી તેહુ ॥૧૩૬॥
કદંબમાલિકા પદ્મમુખી, સ્વયંપ્રભા જેહિ નામ ।
સુખા શુભા અરુ મધુમતી, સરસ્વતી સબ ગુનધામ ॥૧૩૭॥
**સોરઠા** - પદ્મા ગંગા જોઈ, સર્વમંગલા સુમુખી સમ ।
કમલા ભારતી સોઈ, ત્યું હિ પારિજાતા રસિક ॥૧૩૮॥
કૃષ્ણપ્રિયા ગુનરાસિ, નંદા નંદની અતિનિપુન ।
સુંદરી સબહિ વિલાસિ, કૃષ્ણકી સેવારત રહત ॥૧૩૯॥
**ચોપાઇ** - ઈન આદિક ગોપીગણ જેહા, સેવા સાજ યુક્ત કે તેહા ।
સો શ્રીકૃષ્ણકું તતપર હોઈ, પ્રેમવિવશ સેવત સબકોઈ ॥૧૪૦॥
મૃગમદ ચંદન કુસુમકે હારા, ભૂષન બસન સો વિવિધ પ્રકારા ।
તિનસેં શ્રીકૃષ્ણકો પૂજન કરહી, ષટ રસ જુક્ત થાર સબ ધરહી ॥૧૪૧॥
અન્ન ચતુર્વિધ અતિ સુખદાની, પ્રભુકું જિમાવત પરમ સયાની ।
કનક થારમહિ મેવા જેઉ, પ્રેમસે પ્રભુકું જિમાવત તેઉ ॥૧૪૨॥
વૃંદાવનકે વિવિધ ફલ જોઉ, અમૃતસરિસ જિમાવત સોઉ ।
રત્નજડિત કંચનકી ઝારી, વાહિસેં જલ પ્યાવત સકુમારી ॥૧૪૩॥
**દોહા** - પાનબિરી અતિ પ્રેમજુત, દેવત ગોપી સુજાન ।
કરત પ્રેમજુત આરતી, સ્તુવનત હોય એકતાન ।૧૪૪॥
**ચોપાઇ** - યું અતિ પ્રેમવિવશ સકુમારી, પ્રભુપદ પૂજત રહે મતવારી ।
કૃષ્ણપ્રિયા સબ પરમ પ્રવીના, યું પ્રભુકું તન મન ધન દીના ॥૧૪૫॥
ત્યું પ્રભુકે મુખ્ય પાર્ષદ જેહુ, તિનકે નામ કહત હું તેહુ ।
શ્રીદામ અંશુ અવિનાશી, સ્તોકકૃષ્ણ અર્જન ગુનરાશી ॥૧૪૬॥

સુબલ વિશાલ તેજસ્વી ધીરા, દેવપ્રસ્થ અરુ ઋષભ ગંભીરા ।
બીરભાનુ અરુ વરુથપ જેઉ, ચંદ્રભાનુ સેવારત તેઉ ॥૧૪૭॥
ઈન આદિક જો ગોપ ગુનધામા, પ્રભુપદ સેવત અતિ અભિરામા ।
શ્રીરાજાધિરાજ પ્રભુ એહિ, સબ ઉપકરણ અનુપમ જેહિ ॥૧૪૮॥
**દોહા** - છત્ર રુ ચામર વ્યજન જુત, સુખનિધિ સાજ અપાર ।
કૃષ્ણકિ સેવા કરન હિત, લે રહે ગોપ ઉદાર ॥૧૪૯॥
**સોરઠા** - આતપત્રધરી શિશ, કોઉ ચામર વ્યજન કરત ।
જ્યું રિઝત જગદીશ, ત્યું સેવારત રહત સબ ॥૧૫૦॥
**દોહા** - મુનિ નારદ વીણા લિયે, કરત પ્રેમજુત ગાન ।
લખિ અનન્ય નિજદાસ તેહિ, રિઝત શ્યામ સુજાન ॥૧૫૧॥
**ચોપાઇ** - પરમાતમ પરબ્રહ્મ હે જેહિ, નિગમ નેતિ કહિ ગાવત તેહિ ।
અનંતકોટિ બ્રહ્માંડકે સ્વામી, શ્રીરાજાધિરાજ બહુનામી ॥૧૫૨॥
કાલ કર્મ ગુણ સિદ્ધિ અનેકા, તેહિ પ્રેરક હે શ્રીકૃષ્ણ હે એકા ।
સંકર્ષક પ્રદ્યુમનકે રુપા, અનિરુદ્ધરુપ શ્રીકૃષ્ણ અનૂપા ॥૧૫૩॥
અનંત કોટિ બ્રહ્માંડ હે જોઈ, તાસ ઉદય સ્થિતિ લય કૃત સોઈ ।
સબહિ બ્રહ્માંડમેં અજ અવિનાશી, જીવકો મોક્ષ હોન સુખરાશી ॥૧૫૪॥
નરનારાયણ આદિ અપારા, દિવ્યરુપ ગ્રહે દેવ ઉદારા ।
આપકે આશ્રિત હોવત પ્રાની, તેહિ નિજ ભક્તિ દેત સુખદાની ॥૧૫૫॥
**દોહા** - ત્યું અપને દ્રઢભક્તકે, હોત જો આશ્રિત જંત ।
તાહિ દેત નિજચરન રતિ, મિલત પ્રગટ ભગવંત ॥૧૫૬॥
**સોરઠા** - દિવ્ય જો અપને ધામ, શ્રીગોલોક સો અતિ સુખદ ।
તહાં પ્રભુ પૂરનકામ, જનકું રખત નિજચરન ઢિગ ॥૧૫૭॥
**ચોપાઇ** - દિવ્યરુપ તહાં વૈષ્ણવવૃંદા, તેહિ સંગ સો મુનિ કરત આનંદા ।
રહત સો હરિઢિગ દાસ હજૂરા, પ્રભુ તેહિ પલક કરત નહિ દૂરા ॥૧૫૮॥
સો હરિજનકી બડાઈ જેહા, કહત લજત શારદા શ્રુતિ તેહા ।
યું શુદ્ધભાવ કરત સતસંગા, તેહિ ઉર હોવત ધર્મ પ્રસંગા ॥૧૫૯॥
ધર્મવાસ ભએ શુભ ગુન જેતા, તેહિ હરિજન ઉર કરત નિકેતા ।
સાચે સંત સેવફલ જેહુ, તાત કહ્યો બરની સબ તેહુ ॥૧૬૦॥
શ્રીગોલોકમેં હોત નિવાસા, કબહું ન તેહિ સ્થલ કાલકો ત્રાસા ।
બ્રહ્મરુપ હોઈ ભજત મુરારી, દિન દિન બાઢત પ્રેમ ખુમારી ॥૧૬૧॥

**દોહા** - યું સંતનકે ગુન ગ્રહે, તાસ હોત કલ્યાન ।
કૃષ્ણ કૃપાનિધિ તાહિ પર, રીઝત પરમ સુઝાન ॥૧૬૨॥
જયું એકાંતિક ભક્ત સો, પાવત પ્રભુકો ધામ ।
સો સંક્ષેપસું કહિ કથા, હરિગુન જુત અભિરામ ॥૧૬૩॥
**સોરઠા** - દિવ્ય શ્રીકૃષ્ણકો ધામ, સો બરન્યો સંક્ષેપ જુત ।
સુખનિધિ અતિ અભિરામ, કહત સુનત સબ અઘ હરત ।૧૬૪॥
જો ય કથા અનૂપ, સુનિકે પ્રેમજુત ઉર ધરતા ।
અનંત ભુવનકે ભૂપ, તેહિ રિઝત શ્રીકૃષ્ણ પ્રભુ ॥૧૬૫॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે એકાન્તિકભક્તગોલોકધામપ્રાપ્તિવર્ણનનામા
પંચદશોધ્યાયઃ ॥૧૫॥

## અધ્યાય-૧૬

**ચોપાઇ** - સુનિ હરિભક્તકી ગતિ મુદ પાઈ, પુનિ દ્વિજ પ્રશ્ન કિયો શિર નાઈ ।
પ્રભુ જેહિ ઉર અતિ અધર્મ હોઈ, અધિક અસંત કહે તુમ સોઈ ॥૧॥
સો મતિમંદ કવન ગતિ પાવે, કેહિ વિધ જમપુર સો ખલ જાવે ।
ક્યું જમપુર દુર્ગતિ લહે જાઈ, નાથ નિરયદુઃખ દેહુ બતાઈ ॥૨॥
સુનિ બટુવચન ભક્ત ભયહારી, કહન લગેઉ જમપુર દુઃખ ભારી ।
સુનું બટુ જેહિ ઉર અધર્મ વાસા, તાસ ધર્મ સબ હોત વિનાશા ॥૩॥
અંત સમે તેહિ જમગણ આઈ, દરશ દેત અતિશે દુઃખદાઈ ।
દેખિ દૂત કંપત સોઈ પ્રાની, અતિદુઃખ પાવત તન અભિમાની ॥૪॥
**દોહા** - કોટિ બિંછુકી વેદના, રોમરોમ પ્રતિ હોય ।
જમગણ મુદગર મારિકે, દેહ તજાવત સોય ॥૫॥
**ચોપાઇ** - દક્ષિણ પંથ વિકટ અતિઘોરા, તહાં જમગણ ઘિંસત કરી જોરા ।
લોહકે અંકુશસેં કર ફારી, ખેંચત જાત અતિ દુઃખકારી ॥૬॥
એક વા દો મૂહુર્તકે માંઇ, છયાસિ સહસ્ત્ર જોજન લે જાઈ ।
નાના રુપ સો ભાસત જોઉ, વૈવસ્વતપુર જાનહુ સોઉ ॥૭॥
શુભ કર્મનિ જુત નર હે જેહી, અતિ સમીપ જિમિ ભાસત તેહી ।
રૌદ્ર રાહ પાપી સબ જાહી, તેહિ અતિ દૂર ભાસે મનમાંહી ॥૮॥

જમગણ સંગ જીવ જબ જાવે, સો દુઃખ બરનન અંત ન આવે ।
તપ્ત વાલુકા અતિ દુઃખદાઇ, લોહશંકુજુત સહિ નહિ જાઈ ॥૯॥
**દોહા** - તહા ચલાવત જીવકું, જમગણ દેદે માર ।
ડગ ડગ પગ ભરી પરત સો, પાવત કષ્ટ અપાર ॥૧૦॥
**ચોપાઇ** - તપ્ત અંગાર ગરત અતિ ભારી, તેહિ મગમેં જમ દેવત ડારી ।
મગમધ્ય ઉપલ ક્ષુરસમ ધારા, પાઓ ધરત કંપત તન સારા ॥૧૧॥
કહુ કહુ તપ્ત જમિ લોહકેરી, સો દુઃખદાયક હોત ઘનેરી ।
તપ્ત વાલુકા કંઠપ્રજંતા, ચલિચલિ મરત ન આવત અંતા ॥૧૨॥
દુઃખ અનંત જમપુર મગકેરા, સો પાપી નર સહત ઘનેરા ।
મશક દંશ મુખ વજ્રસમાના, અતિકાટત તન તજત ન પ્રાના ॥૧૩॥
સિંહ વ્યાઘ્ર દારુણ દુઃખદાતા, કાટત તન પલ નહિ સુખ સાતા ।
અતિ વિખધર મગમહિ બહુ વ્યાલા, કાટિ કાટિ અતિ કરત બેહાલા ॥૧૪॥
**દોહા** - મત્ત ગયંદ અરુ મહિષકો, મગમહિ ત્રાસ અપાર ।
વેગસું આવત ધાયકેં, કરત વિષાણ પ્રહાર ॥૧૫॥
**ચોપાઇ** - મગમહિ ડાકિની રાક્ષસ ઘોરા, કાટત દેહ કરત અતિ જોરા ।
એહ વિધ વ્યાધિ વિવશ દુઃખ પાવે, પ્રેતદેહ તેહિ અંત ન આવે ॥૧૬॥
બાણવૃષ્ટિ કરી તન કટિ જાઇ, તેહિ પર ઉલ્મુક બરખત આઇ ।
તેહિ પર ક્ષાર અંબુકી ધારા, પરત જરત અતિ કરત પોકારા ॥૧૭॥
નિરાલંભ નિર્જન મગ સોઇ, ખાન પાન વિશ્રામ ન કોઈ ।
જો હરિવિમુખ પાપરત જંતા, સો યહ મનદુઃખ સહત અનંતા ॥૧૮॥
મહાઘોર જમદૂત અપારા, જમ આજ્ઞા તેહિ કરત પ્રહારા ।
મિત્ર બંધુ વિન પરવશ પ્રાની, રુદન કરત દારુણ દુઃખ જાની ॥૧૯॥
**દોહા** - જિન હિત કુકરમ કિન બહુ, સો ન સંગ પરિવાર ।
અતિ અકેલ આરત વચન, પુનિ પુનિ કરત પોકાર ॥૨૦॥
**ચોપાઇ** - કોઉ જમગણ તેહિ મસ્તક ફોરે, કોઉ કરી ક્રોધ દશન તન તોરે ।
અપર પરશુ કરી ચિરત અંગા, રુધિર પાન કરી લહત ઉમંગા ॥૨૧॥
કોઉ કોઉ મુખમહિ અંકુશ મારી, ખેંચિખેંચિ દુઃખ દેવત ભારી ।
કોઉ લલાટમહિ અંકુશ મારે, ખેંચિખેચિં બહુ વાર પછારે ॥૨૨॥

કોઉ જુગ પદમહિ અંકુશ પ્રોવે, તેહિ લટકાય તમાસા જોવે ।
કેશપાસ કરી બાંધત કોઇ, રગરગ રુધિરકું ચુસત સોઇ ॥૨૩॥
અર્ધ ચંદ્ર સમ લોહકુ ધારા, કોઉ તેહિ કરી ચિરત તન સારા ।
છિન્ન ભિન્ન સબ અંગ હે જાકા, પુષ્પિત કેસુ કુસુમ તનુ તાકા ॥૨૪॥
**દોહા** - દાનહીન પ્રભુપદ વિમુખ, જ્યું દુઃખ પાવત જંત ।
કવિ કોવિદ શારદ શ્રુતિ, કહત ન પાવત અંત ॥૨૫॥
**ચોપાઇ** - પુણ્ય કર્મ જુત પ્રાણી જેહી, ધર્મરાય કરે આદર તેહિ ।
તુમ અતિ ધન્ય ભરતખંડ જાઇ, નિજઆત્મહિત કિનો ભાઇ ॥૨૬॥
અબ તુમ ચઢિ વિમાન સુખરુપા, ભુક્તહુ સ્વર્ગકે ભોગ અનૂપા ।
સ્વર્ગ સબહિ સુખસંપન્ન તાતા, તહાં તુમ જાય બસો સાક્ષાતા ॥૨૭॥
સુરવનિતાદિક અનંત અપારા, ભુક્તિ ભોગ તુમ વિવિધ પ્રકારા ।
પુનિ તુમ અલ્પ અશુભ ઇહાં આઇ, ભુક્તોગે અતિશેં દુઃખદાઇ ॥૨૮॥
જ્ઞાન ભક્તિ વિન કર્મ ન જાવે, મહામુનિ શ્રુતિ પુરાન સબ ગાવે ।
યું જમરાજ કહત સબ બાતા, સુકૃતફલ સો કહત વિખ્યાતા ॥૨૯॥
**દોહા** - પુણ્ય કર્મ જુત જીવ સો, ધર્મરાયકો રુપ ।
નિજ પિતુસમ અતિ સૌમ્ય મુખ, નિરખત પરમ અનૂપ ॥૩૦॥
**ચોપાઇ** - પાપ કર્મ જુત પ્રાની જેહૂ, યમહિ ભયાનક દેખત તેહૂ ।
દંષ્ટ્રા દંત વદન વિકરાલા, ભ્રકુટિ કુટિલ ઇક્ષણ મનુ કાલા ॥૩૧॥
ઉર્ધ્વકેશ શ્મશ્રુ અતિ ભારી, સ્ફુરત અધર દેખત દુઃખકારી ।
અષ્ટાદશ ભુજ ક્રોધ કઠોરા, અંજન શૈલ તુલ્ય તનુ ઘોરા ॥૩૨॥
ઉદ્યત આયુધ જુત કર તેહા, વજદંડ કરી ભયપ્રદ એહા ।
મહામહિષ આરુઢ ઉદંડા, દીપ્ત અગ્નિસમ નયન પ્રચંડા ॥૩૩॥
રક્ત માલ્ય અંબર તન ધરહી, મેરુતુલ્ય દેખત સબ ડરહી ।
પ્રલયકે મેગ ગરજ સમ બાની, મનહું પીત જલનિધિકો પાની ॥૩૪॥
**દોહા** - મનહુ ત્રિલોકી ખાત સબ, ગિલત અનલ મનુ ધાઇ ।
પાપિનકું જમરાયકો, રુપ લગત દુઃખદાઇ ॥૩૫॥
**ચોપાઇ** - મૃત્યુ રહત સદા યમપાસા, કાલ અનલસમ રુપ પ્રકાશા ।
મારી અરુ મહામારી જેહી, વિવિધ વ્યાધિ દુઃખદાયક તેહી ॥૩૬॥

શક્તિ શૂલ અંકુશધર જોઇ, પાસ ચક્ર અસિ ધારી કોઉ ।
વજ્રદંડધર દૂત અનંતા, દીર્ઘ ધનુર્ધરકો નહિ અંતા ॥૩૭॥
રૌદ્રરુપ યમગણ બલવંતા, અંજનસમ તન ક્રૂર ગ્રજંતા ।
સબ આયુધ ઉદ્યત કર જેહુ, જમકે દૂત ભયાનક તેહુ ॥૩૮॥
ઈતનો લે સંગ ઘોર સમાજા, પાપિનકું દરશત જમરાજા ।
ચિત્રગુપ્ત ભયદાયક ભારી, અઘજુતકું દરશત ભયકારી ॥૩૯॥
**દોહા** - ધર્મરાજ અઘજુક્તકો, કરત અધિક અપમાન ।
ધર્મ બચન બહુ ભાતિકે, બોલત પરમ સુજાન ॥૪૦॥
**ચોપાઇ** - સુનહુ પાપરત પામર પ્રાની, તુમ પરધન પરત્રિય રતિ આની ।
જો તુમ કર્મ કિયે દુઃખદાઈ, અબ તાકો ફલ ભુકતઉ જાઈ ॥૪૧॥
આપ કિયા પાવત સબ કોઈ, ઓરકું લેશ દોષ નહિ હોઈ ।
બહુ તપ કરી નરેશ પદ પાઈ, આપકે પાપ અધોગતિ જાઈ ॥૪૨॥
જાનિ નિજાત્મસમ સુત દારા, તેહિ હિત કુકર્મ કિન અપારા ।
સો સુત નારી કહાં અબ તેરા, જિન હિત યમપુર તોર બસેરા ॥૪૩॥
અબ તેં મમ કિંકર કર આયા, સુત કલત્ર નહિ કોઉ સહાયા ।
બ્રહ્મરુપ મહામુનિ સંગ પાઈ, ભયો વિમુખ કુમતિ ઉર લાઈ ॥૪૪॥
હરિસમ સંતકો ઓગુન લીના, તેહી પાતક ભયો અધિક મલિના ।
યું બહુવિધ વચનની યમરાજા, તેહિ અપમાન કરત હિતકાજા ॥૪૫॥
**દોહા** - નિજ કર્મનિકુ શોચિકે, કછુ ન કહત સો જંત ।
તબ યમ પ્રેરત દૂતકું, જયું આવત અઘ અંત ॥૪૬॥
**સોરઠા** - જંત વિશુદ્ધિ કાજ, પાપ પંક જિમિ સબ ટરત ।
કહત વચન જમરાજ, દૂતન પ્રતિ તેહિ હિત કરત ॥૪૭॥
**ચોપાઇ** - ચંડ પ્રચંડ સુનો મમ બાતા, પાપસેં વિશુદ્ધ કરો એહિ તાતા ।
રૌરવાદિ કુંડનમેં વીરા, અનુક્રમસેં ડારહુ હોય ધીરા ॥૪૮॥
તબ હિ સો શીઘ્ર જીવકું લેવે, પાતક સબ ગનિ ગનિ દેને ।
દુઃખ નરક પતાલ સપ્તમેં માંઈ, અષ્ટાવિંશતિ કુંડ કહાઈ ॥૪૯॥
એહિ વિધ યમપુર કુંડ અપારા, ભૂમિતલે ભુક્ત સોઈ સારા ।
કંચનાદિ મલજુત જિમિ હોઈ, ધરી પાવકમહિ શોધત સોઈ ॥૫૦॥

ત્યુ પાપિનકું જમપુર જેહુ, પાપવિશુદ્ધિ કરન હિત તેહુ ।
જો લંપટ નર પરત્રિય ગામી, સો યમપુર દુઃખ સહત હરામી ॥૫૧॥
**દોહા** - રક્ત લોહકી નારીસું, તાહિ ભરાવત બાથ ।
તપ્ત લોહસેં તન જરે, કરત પોકાર અનાથ ॥૫૨॥
**ચોપાઇ** - પશુહિ મારી કરે માંસ આહારા, જિતને તેહિ પશુરોમ આકારા ।
રોમરોમ પ્રતિ વરષ હજારા, રૌરવ નરક સો પરત ગમારા ॥૫૩॥
રુરુ સર્પ સો રોષ બઢાઈ, માંસારિકું કાટત ધાઈ ।
શિરપર જમગણ મુદગર મારે, ત્રાહિત્રાહિ કહી પ્રૌઢ પોકારે ॥૫૪॥
જો મદ્યપાન કરત મતિહીના, તેહિ યમકિંકર પકરી પ્રવીના ।
તપ્ત લોહ તેહિ પાન કરાવે, ધરી છાતીપર પાવ ડરાવે ॥૫૫॥
શ્રીગુરુ સંત વચન શ્રુતિબાની, તાસ લોપ કરે જન અભિમાની ।
લોહ જંજીર જકડ્ય જમ ચેરા, લોહકુંત તેહિ હનત ઘનેરા ॥૫૬॥
**દોહા** - એહિ વિધ પ્રભુપદ વિમુખ સો, પાવત કષ્ટ અપાર ।
જો જેસો દુષ્કૃત કરે, તેહિ શિર તેસો માર ॥૫૭॥
અતિદારુણ જમદંડસે, હોત કછુક અઘનાશ ।
ચહુરાશિ લખ જોનિમેં, તબ તેહિ હોત નિવાસ ॥૫૮॥
યું સંતનકે દોષ ગ્રહી, હોત અધર્મી જંત ।
કોટિ કલ્પ દુઃખ ઉદધિકો, તાહિ ન આવત અંત ॥૫૯॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે અધર્મવંશયમયાતનાવર્ણનનામા
ષોડશોધ્યાયઃ ॥૧૬॥

## અધ્યાય-૧૭

**ચોપાઇ** - યું નિત્ય કથા કરત સુખકંદા, સુનત મગન મન મહામુનિવૃંદા ।
ગિરિ રૈવત છાયામહિ રહહિ, સ્વામિનારાયણ સબ જગ કહહિ ॥૧॥
ચૈત્ર શુલ્ક નવમી તબ આઈ, હરિઉત્સવ દિન અતિ સુખદાઈ ।
શ્રીપુરુષોત્તમ જનસુખદાતા, તાસ જન્મ દિન અતિ વિખ્યાતા ॥૨॥
સમય જાનિ સતસંગી જેહા, પ્રભુ ઢિગ આએ મગન મન તેહા ।
વર્ણ ચાર નરત્રિય ગુણવંતા, પ્રભુ દરશન હિત આએ અનંતા ॥૩॥

જન્મ મહોત્સવ પ્રભુકો જાની, જયજય શબ્દ કહત સબ બાની ।
ભઈ વિભાગ જુત સભા વિચારી, નરસંગ નર નારીનસંગ નારી ॥૪॥
**દોહા** - સિંહાસન પર રાજતે, સબ નિરખેઉ સુખકંદ ।
જન્મ સુફલ સબ જાનિયો, પાએઉ પરમાનંદ ॥૫॥
**ચોપાઇ** - જય જય શ્રીઘનશ્યામ ઉદારા, સબ હરિજન ઈમિ કરત ઉચ્ચારા ।
પૂજા કરન લગેઉ સબ આઈ, સો શોભા કછુ બરનિ ન જાઈ ॥૬॥
ઠાડે હાર કર લે નરનારી, મનહું અલૌકિક ફુલી ફુલવારી ।
પૂજત પ્રભુહિ પ્રેમવશ હોઈ, સો છબી નીરખી જાને જન સોઈ ॥૭॥
હાર હજારો લાવે નરનારી, સો સબ શીઘ્ર લેત સુખકારી ।
મનહું અનંત ભુજ કરત ઉદારા, કર પસારી લેવત કરી પ્યારા ॥૮॥
ભૂષન બસન વિવિધ વિધ લાએ, પ્રભુહિ સમર્પિ પરમ મુદ પાએ ।
સંધ્યા સમય આરતી કરહિ, અનંત દીપ પ્રભુ આગે ધરહિ ॥૯॥
**છંદ હરિગીત** - કર ધૂપ દીપ લે કરત આરતિ પ્રેમજુત હરિદાસ જુ,
કિનિ મસાલ હજારુ તાકો દિવસ તુલ્ય પ્રકાશ જુ ।
પ્રભુ કરમેં કંચન મુદ્રિકા મહિ જડિત નંગ વિરાજહિ,
કર તાલી દેવત નંગ અમોલિક જ્યોતિ અતિ છબી છાજ હિ ॥૧૦॥
કરતાલી ધ્વની મુખનામ ધ્વનિ કરી ગજાવહિ,
સુનિ શબ્દ સુર મુનિ સિદ્ધિ ચારણ અતિ મુદિત મન આવહિ ।
બ્રહ્માદિ સુર ધરિ મનુજ તનુ તેહિ સભા મધ્ય સબ આયકે,
ભએ પ્રેમવશ પ્રભુ દરશ પાયકે રહે ન આપ છિપાયકે ॥૧૧॥
**દોહા** - હરિકીર્તન કરિકે સબે, જોલું નમત જનવૃંદ ।
તોલું નિજ જન વૃંદકું, પ્રથમ નમત જગવંદ ॥૧૨॥
**સોરઠા** - વિસ્મય ભએ સબ કોય, નમત દેખી નિજ નાથ કહું ।
હરિહિ વંદી જન સોય, સ્તુવત પ્રેમજુત જોરી કર ॥૧૩॥
સ્તવન સો વિવિધ પ્રકાર, ગદ્‌ગદ્ સ્વર હોય કિન સબ ।
હરિજન પરમ ઉદાર, દઢ પ્રભુ પદરત રહત નિત ॥૧૪॥
**ચોપાઇ** - ભોર ભયે સબ હરિહિ જિમાઈ, કિયે પારણાં અતિ મુદ પાઈ ।
દ્વિતીય દિન એકાદશી આઈ, વિમલા નામ પરમ સુખદાઈ ॥૧૫॥
પ્રાતહિ સભા કીનિ સુખકારી, ગૃહી અરુ ત્યાગી આએ નરનારી ।
સભામધ્ય રાજત સુખકંદા, જિમિ ઉડુગનમહિ પૂરન ચંદા ॥૧૬॥

મુનિજુત હરિજન પરમ સુજાના, બેઠે યથોચિત સબ નિજ સ્થાના ।
નિજ સ્થાનક સ્થિત ભએ પ્રભુ જાની, અતિ હિતકારી બચન સુખદાની ॥૧૭॥
કહન ચહત નિજ જનહિ પ્રવીના, પ્રભુ કર સેન મૌન સબ કીના ।
હરિ મુખકમલ જોરી દગ દાસા, શ્રીમુખવચન સુનન અતિ પ્યાસા ॥૧૮॥
મૌન હોય સ્થિત ભએ જન જબહી, કૃપાસિંધુ બોલેઉ હસી તબહી ।
મેઘગંભીર કહી પ્રભુ બાની, સુનત શ્રવન સબકું સુખદાની ॥૧૯॥
સુનહુ જે મમ જન નર અરુ નારી, મહામુનિ બર્ણિ વીર વ્રતધારી ।
અતિ હિતકારી બચન મમ જોઈ, નિશ્ચલ મન સુનિયો સબ કોઈ ॥૨૦॥
**દોહા** - આજ તિથિ એકાદશી, વિમલા જાકો નામ ।
પુણ્યરુપ અઘનાશનિ, પૂરત વાંછિત કામ ॥૨૧॥
**ચોપાઇ** - શ્રુતિ પુરાન સદગ્રંથ હે જોઉ, બ્રહ્મનિષ્ઠ મહામુવિર સોઉ ।
કહત એકાદશી વ્રત અઘહારી, સબ સાધનસેં અદિક સુખકારી ॥૨૨॥
સબહિ વ્રતસેં અધિક કહાવે, જાહિસે જીવ પરમપદ પાવે ।
યા કારન મમ વચનસેં તાતા, કરહુ એકાદશી વ્રત સુખદાતા ॥૨૩॥
જેસે શુક્લ કૃષ્ણ તિમિ જાનો, તિનમહિ ભેદબુદ્ધિ મત આનો ।
મમ આજ્ઞા કરહિ વ્રત એહા, તેહિ પ્રભુ રીઝત નહિ સંદેહા ॥૨૪॥
સબ વ્રત સબ તીરથ ફલ જેહુ, પુણ્ય સમૂહ એક સંગ તેહુ ।
એકાદશી વ્રતસેં સબ પાવે, સો બહોરી ભવમેં નહિ આવે ॥૨૫॥
**દોહા** - કુરુક્ષેત્રમહિ ગ્રહણમેં, ધેનુદાન ફલ જોય ।
એકાદશિકો વ્રત કિયે, શુભમતિ પાવત સોય ॥૨૬॥
**ચોપાઈ** - સબ વિધિ જુત મખ શ્રદ્ધાસમેતા, પૂરન ભએ હોવત પુણ્ય જેતા ।
તાસેં શત ગુન પુણ્ય પ્રમાની, એકાદશી વ્રત સે લહે પ્રાની ॥૨૭॥
લક્ષ તપસ્વી દિનદિન જોઈ, નિજગૃહ લાય જિમાવત કોઈ ।
સાઠ્ય હજાર વર્ષ જિમિ જાઈ, સો જિતનો ફલ લહે સુખદાઈ ॥૨૮॥
સો સબ એકાદશી વ્રત હોઈ, પ્રેમભક્તિ પાવત જન સોઈ ।
નર ત્રિય અરુ ત્યાગી મમ દાસા, કરહુ સદા એહિ વ્રત અભ્યાસા ॥૨૯॥
વિમલા આદિ સુખદ વ્રત જોઉ, જાગરણ જુત સંપૂર્ણ સોઉ ।
સુનિ શ્રીભાગવત આદિ પુરાના, કરનો જાગરણ કીર્તન ગાના ॥૩૦॥

**દોહા** - દેવસદન વા સંતમેં, જાગરણ હિત કોઉ જાત ।
વિષ્ણુજાગ ફલ પગહિ પગ, લહે હરિજન સાક્ષાત ॥૩૧॥
**સોરઠા** - વિન ઉપવાસી જોય, હરિપૂજન જાગરણ કરત ।
પાવત હે જન સોય, વિષ્ણુ યાગ દશ ફલ સુખદ ॥૩૨॥
**ચોપાઇ** - કરહિ જો એકાદશી ઉપવાસા, હરિપૂજન જાગરણ અભ્યાસા ।
સો સબ અનાયાસ બુદ્ધિવંતા, વિષ્ણુલોક લહે શ્વપચ પ્રજંતા ॥૩૩॥
સબહિ દિવ્યતનુ તેજ અંબારા, નરત્રિય આપમેં નાહિ વિકારા ।
સબ વનમાલી પીત પટધારી, પ્રભુ ઢિગ બસત મુદિત નરનારી ॥૩૪॥
જત્નસેં દશમી આદિ દિન તીના, તજને જોગ્ય સો સુનહુ પ્રવીના ।
સુમનગંધ તાંબુલ રુ નારી, એ સબ તજન જોગ્ય દુઃખકારી ॥૩૫॥
મમ આજ્ઞા કરહિ નર જેહા, વિધિવત સુકૃત જાનહુ તેહા ।
એહિ વિધિ સ્વલ્પ કરત જન કોઇ, સો સુકૃત મેરુસમ હોઇ ॥૩૬॥
**દોહા** - વિધિહીન સુકૃત અનંત, મેરુતુલ્ય જો હોય ।
નાશવંત તેહિ તુચ્છ ફલ, કછુ સુખ દેત ન સોય ॥૩૭॥
**ચોપાઇ** - તાહિતે વિધિ જુત વ્રત સુખદાઇ, કરનિ એકાદશી અતિ મુદ પાઇ ।
બાલ વૃદ્ધ રોગી વિન જેહુ, ઉભય પક્ષ વ્રત કરના તેહુ ॥૩૮॥
દુષ્કર વ્રત મુનિવર કહે જેતા, કલિમહિ કરન ન સમર્થ તેતા ।
તાતે યહ વ્રત અતિ સુખદાની, કરનિ એકાદશિ અતિ મુદ આની ॥૩૯॥
દંડ પાસધર જમગણ જેહા, અધિક ભયંકર નિર્દય તેહા ।
યહ વ્રત કરત પ્રેમજુત જોઇ, તેહિ દેખન સમર્થ નહિ હોઇ ॥૪૦॥
સબ વ્રતસેં મોય અતિપ્રિય એહી, સો વ્રત નરત્રિય કરત ન જેહી ।
સો જીવત ચંડાલકી નાંઇ, મરિમરિ જાત અંધતમ માંઇ ॥૪૧॥
**દોહા** - ચતુરવિંશ સંખ્યા સહિત, એકાદશી વ્રત જેહુ ।
મમ આશ્રિત બ્રહ્મચર્યયુત, નિયમ સહિત કરે તેહુ ॥૪૨॥
**ચોપાઇ** - એકાદશી વ્રત રે'ના જબહી, અધિક મહોત્સવ કરના તબહી ।
દેનો દાન શક્તિ અનુસારા, કરનો મુખ હરિનામ ઉચ્ચારા ॥૪૩॥
પુરુષોત્તમ શ્રીકૃષ્ણ હે જોઇ, અંગ દેવ શક્તિજુત સોઇ ।
યથાલબ્ધ સામગ્રી લાઇ, પૂજન જોગ્ય પરમ સુખદાઇ ॥૪૪॥

વિમલા દિન હિંડોર બનાઈ, તેહિ મધ્ય કૃષ્ણચંદ્ર પધરાઈ ।
ગીત વાદ્ય ધ્વનિ વિવિધ પ્રકારા, પ્રભુહિ ઝુલાવને કારી બહુ પ્યારા ॥૪૫॥
સો ઉત્સવ મહિ સંત બુલાઈ, પ્રભુહિ પ્રભુસમ અતિ મુદ પાઈ ।
સુનનિ સબહિ સંત મુખબાતા, રાધાકૃષ્ણકે ગુન સાક્ષાતા ॥૪૬॥
**દોહા** - યથાશક્તિ દ્વાદશી દિને, મમ આશ્રિત દ્વિજ જોય ।
તાહિ જિમાવત સુખદ અન્ન, કરત પારણાં સોય ॥૪૭॥
**ચોપાઇ** - ભક્ત સકામ અકામ હે જેહા, યહ વ્રત મમ પ્રિય જાનિકે તેહા ।
કરનિ એકાદશી અતિ મુદ પાઈ, ભુક્તિ મુક્તિ પ્રદ અતિ સુખદાઈ ॥૪૮॥
શ્રાવણ કૃષ્ણ અષ્ટમી જેહી, ચૈત્રકી રામનૌમી વ્રત તેહી ।
ભાદો શુક્લ દ્વાદશી જાનો, કરન જોગ્ય પ્રિય વ્રત પ્રમાનો ॥૪૯॥
શુક્લ વૈશાખ ચતુર્દશી જોઈ, સુખદ નૃસિંહ જન્મ દિન સોઈ ।
માઘકી કૃષ્ણ ચુતુર્દશી જેહુ, વ્રત શિવરાત્રિ કરહુ તુમ તેહુ ॥૫૦॥
આશ્વિન શુક્લ દશમી સુખદાતા, કાર્તિક પ્રતિપદિ સિત વિખ્યાતા ।
હોલા અપર દિવસ સુખદાઈ, હરિઉત્સવ કરને મુદ પાઈ ॥૫૧॥
**દોહા** - ફુલહિંડોરે શ્યામકું, પ્રેમજુક્ત પધરાય ।
હરિ હરિજનકું પૂજને, બહુવિધ રંગ બનાય ॥૫૨॥
**સોરઠા** - ઉત્સવ દિન જબ હોય, નિજ ગૃહ સંત બોલાય તબ ।
પ્રભુ સમ પૂજિકે સોય, તાહિ જિમાવને પ્રેમજુત ॥૫૩॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે શ્રીવ્રતમાહાત્મ્યવર્ણનનામા સપ્તદશોધ્યાયઃ ॥૧૭॥

## અધ્યાય-૧૮

**ચોપાઇ** - પ્રભુ કહે સુનહુ સુખદ મમ બાની, ગૃહી ત્યાગી સબકું સુખદાની ।
નારાયણસર તીરથ જેહા, દ્વારામતી કૃષ્ણકો ગેહા ॥૧॥
ગોમતી ગંગા ક્ષેત્ર પ્રભાસા, જહાં શ્રીકૃષ્ણ પ્રભુ કિન નિવાસા ।
રેવા ગોદાવરી સુખરુપા, ત્યુંહિ સિદ્ધપુર ક્ષેત્ર અનુપા ॥૨॥
આબુ અચલ ઈન મધ્ય સ્થલ જોઈ, પુણ્ય પ્રદેશ અતિ સુખપ્રદ સોઈ ।
રહન જોગ્ય મુનિજનકું એહા, અતિ પુણ્યવંત દેશ સબ તેહા ॥૩॥
ગિરિ રૈવત છાયામહિ આઈ, મુનિમંડલ વિચરત સુખદાઈ ।
ધાર્મિક લોક મુમુક્ષુ જેહિ, તિન કરી જુક્ત દેશ સબ તેહિ ॥૪॥

**દોહા** - શ્રીપુરુષોત્તમ કૃષ્ણકે, સેવક પરમ સુજાન ।
મહામુક્ત ઈન દેશમેં, ફિરત કરત કલ્યાન ॥૫॥
**ચોપાઇ** - મમ જન નારી પુરુષ ગૃહિ જેતા, સાંખ્યયોગી મુનિ ત્યાગી સમેતા ।
નિજનિજ ધર્મમેં સબ સ્થિર હોઈ, સતસંગ કરહુ સદા સબકોઈ ॥૬॥
ઘોરરુપ કલિજુગકે માંહિ, સંસૃતિહરન સંત બિન નાંહિ ।
નિર્મલમન મુનિવર સુખદાતા, બંધન તોરી કરત સુખસાતા ॥૭॥
શ્રુતિ પુરાન સબ કરત પોકારા, સંતકો મહિમા અગમ અપારા ।
હરિદર્શન હોવત ફલ જેતા, મહામુનિ દરશ હોત ફલ તેતા ॥૮॥
લક્ષન કરીકે સાધુતા હોઈ, બિન લક્ષન અસાધુ હે સોઈ ।
બુદ્ધિ કરી સંત અસંત પિછાની, સેવન જોગ્ય સંત સુખદાની ॥૯॥
**દોહા** - સંત અસંતકે સબહિ વિધિ, વિષ અમૃત સમ ભેદ ।
એક દુઃખદ એક અભયપ્રદ, કહત સ્મૃતિ ચહુ વેદ ॥૧૦॥
**ચોપાઇ** - બાહિર સંતકો વેષ બનાઈ, ઠગત સબહી બકધ્યાન લગાઈ ।
કામલોભરત લંપટ જાની, તજહુ મુમુક્ષુ અસાધુ પિછાની ॥૧૧॥
ધન અરુ ત્રિયમેં પ્રીતિ જુત જેહી, તિન હિત જનહિ ઠગત ખલ તેહી ।
બાહ્ય ત્યાગીકો વેષ બનાવે, અંતર કપટ પાર નહિ આવે ॥૧૨॥
એસે કલિમલ મૂર્તિ જેહા, કલિમહિ સંત કહાવત તેહા
ધન ત્રિય દાસ આશ ઉર ભારી, પરત્રિય લંપટ અતિ વ્યભિચારી ॥૧૩॥
નામમાત્ર હરિદાસ કહાઈ, લોક ઠગત ગોવિંદ ગુન ગાઈ ।
જ્યું મનિ ધરી અહિ કરત અહારા, ત્યું તેહિ મન નહિ દોષ વિચારા ॥૧૪॥
**દોહા** - સત્ય સૌચ સંતોષ દમ, નાશ હોત તેહિ સંગ ।
વિમલ મોક્ષઅંકુરકું, કરત સો ખલમતિ ભંગ ॥૧૫॥
**ચોપાઇ** - પરધન પરત્રિય હિંસા જેહુ, નરકકે દ્વાર ત્રિવિધ કહે તેહુ ।
તિનમહિ પ્રવૃત્તિ હોત જેહિ સંગા, યા કારન તેહિ તજહુ પ્રસંગા ।૧૬॥
એ તિહું મગમેં નારી નર જોઈ, સહજ સ્વભાવ પ્રીતિ જુત હોઈ ।
પુનિ તિનમહિ ખલ ગુરુ ઉપદેશા, હોત પાપરત તજી અંદેશા ॥૧૭॥
ઐસે અસંત કુમતિ જગ જેતા, જમપુર જાવત શિષ્ય સમેતા ।
કુંભિપાક પચત ખલ સોઈ, જહાંલુ ચંદ્ર દિવાકર હોઈ ॥૧૮॥

તાતે અસાધુસંગ દુઃખદાઇ, તજે સબહિ વિધ હોત ભલાઇ ।
સેવન જોગ્ય સંત જગ જેહા, લક્ષન સહિત બરની કહું તેહા ॥૧૯॥
**દોહા** - અષ્ટ ભાતિ ત્રિય સંગ તજી, બ્રહ્મચર્ય જુત ધીર ।
ત્યું ધનકો સંસર્ગ તજે, ઉદધિતુલ્ય ગંભીર ॥૨૦॥
**ચોપાઇ** - માદક વસ્તુ કહાવત જેહી, મન કર્મ વચન તજત સબ તેહી ।
નાનાવિધ રસસ્વાદ અનંતા, સબ તજી રસ જીતત બુદ્ધિવંતા ॥૨૧॥
દેહાદિકમહિ સો બડભાગી, સ્પૃહારહિત પ્રભુપદ અનુરાગી ।
દ્યૂતાદિક વ્યસનની કરી હીના, સો હમ માનત સંત પ્રવીના ॥૨૨॥
નારિસેં ધનુષમાત્ર રહે દૂરા, શમ દમાદિ સંપતિ જુત શૂરા ।
ઋષભદેવ જડભરત જ્યું સંતા, ત્યાગત માન ભજત ભગવંતા ॥૨૩॥
કબહુ પ્રમાદવશેં નિજ વ્રત કોઇ, નિયમ ભંગ રંચક જબ હોઇ ।
પ્રાયશ્ચિત વિધિવત કરે જેહા, સુમતિ સંત જાનકે તુમ તેહા ॥૨૪॥
**દોહા** - મહા મુનિવરકો સંગ તજી, એકાકી નહિ જાત ।
સદા રહત મુનિસંગમેં, સો સજ્જન વિખ્યાત ॥૨૫॥
**ચોપાઇ** - હરિગુણ કથન શ્રવણ વિન તાહી, કબહુ ન વૃથા એક ક્ષણ જાહી ।
ભજન ભક્તિમહિ રહત લોભાના, સો હમ જાનત સંત સુજાના ॥૨૬॥
એસે સંતકી સંગતિ જોઇ, કરન જોગ્ય નિશ્ચલ મન સોઇ ।
ભવબંધન છૂટન ચહે જેહી, સેવન જોગ્ય સંત નિત્ય તેહી ॥૨૭॥
ઈન લછન કરી હીન હે જેતા, મનવશ ફિરત અસાધુ તેતા ।
જદ્યપિ સંતસમ વેષ હે એહુ, દૂરસેં શ્વપચ જ્યું તજના તેહ ॥૨૮॥
સંત અસંત ભેદ ઈમિ જાની, કરહુ સતસંગતિ સુખદાની ।
બ્રહ્મભાવ કરી સેવત સંતા, સો પ્રભુપદ પહુંચત બુદ્ધિવંતા ॥૨૯॥
**દોહા** - સાચે સંતકું સેવને, ત્યાગી કપટ અભિમાન ।
દીન હોય તેહિ મુખકથા, સુનની હોય અજાન ॥૩૦॥
**સોરઠા** - યું સાધુકો સંગ, કરત સદા શુભ ગુન બઢત ।
લગન અચલ હરિરંગ, કુમતિ કુતર્ક ન રહત ઉર ॥૩૧॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે સંતઅસંતવર્ણનનામા અષ્ટાદશોધ્યાયઃ ॥૧૮॥

## અધ્યાય-૧૯

**ચોપાઇ** - સુનિ પ્રભુવચન દુઃખિત સબ નારી, ભરત ઉચ્છ્વાસ વહત દગ વારી ।
નિજહિત કરન વિવશ હોઇ બાલા, નિજસંબંધી પ્રેરત તતકાલા ॥૧॥
તિનકે કર દ્રગ સેન નિહારી, જાન્યો ભાવ વિચક્ષણ ભારી ।
જોરી પાની કરી વિનય અનંતા, પુછત પ્રભુહિ પુરુષ બુદ્ધિવંતા ॥૨॥
સંત અસંત વ્યક્તિ સુખદાઇ, પ્રભુ તુમ સબવિધ બરની સુનાઇ ।
યહ તવ વચન સુનત જન જબહી, લહત મુમુક્ષુ વ્યક્તિ સબ તબહી ॥૩॥
ધન ત્રિય ત્યાગ કરત દૃઢ જેહુ, પ્રભુ તુમ સુમતિ સંત કહે તેહુ ।
મુક્ત મુમુક્ષુ મુનિવર જેહા, તુલ્ય ભાવ વરને તુમ તેહા ॥૪॥
**દોહા** - સબ ત્રિય મત અનુસારસેં, હમ પુછત હે બાત ।
સો સુનિ સંશય હરહુ સબ, તુમ ઈશ્વર સાક્ષાત ॥૫॥
**ચોપાઇ** - દ્વિવિધ સંત ભૂમિપર હોઈ, મુક્ત મુમુક્ષુ કહે સબ કોઈ ।
મુક્ત સિદ્ધગતિ પાએ તેહુ, સાધક પુરુષ મુમુક્ષુ તેહુ ॥૬॥
ઈનમહિ અંતર અતિબડ સ્વામી, સિદ્ધ સાધક વરતત બહુનામી ।
પ્રભુ તેહિ સમ સાધન ક્યું હોવે, યહ સંશય તુમ વિન કોન ખોવે ॥૭॥
હોત મુમુક્ષુકું, તતકાલા, નારિસંગ બંધન દુઃખજાલા ।
તેહિ અપક્વતા દોષ હે ભારી, વરજન જોગ્ય સબહિ વિધ નારી ॥૮॥
જેહિ મન પ્રાન બુદ્ધિ વશ કીના, અધિક જિતેંદ્રિય પરમ પ્રવીના ।
રહે સ્વતંત્ર નિજ તનમહિ જ્ઞાની, પ્રભુપદ લીન સદા મુનિ ધ્યાની ॥૯॥
**દોહા** - બ્રહ્મરુપ નિજ આતમા, સો સમાધિસેં પાય ।
નારાયણ પરબ્રહ્મકું, ભજત ચરન ચિત લાય ॥૧૦॥
**ચોપાઇ** - મેષોન્મેષ દગનકે જોઇ, તિનમહિ હરિ દેખત મુનિ સોઈ ।
મહામુક્ત મુનિવર બુદ્ધિવંતા, નિજગુન વિશ્વ ઉદ્ધરત સંતા ॥૧૧॥
તિનકું નારી આગે પ્રભુબાતા, કહત કવન દૂષણ સુરત્રાતા ।
નર ત્રિય તાહિ નરક સમ ભાસે, રવિ ઢિગ તમ નહિ આપ પ્રકાશે ।૧૨॥
બ્રહ્મરુપ સ્થિત પાયે જેહી, સદા શ્રીકૃષ્ણ ચરનરત તેહી ।
ત્રિયસંગ ભાષણ કરત મુરારી, તેહિ કહાં દોષ હોત અઘહારી ॥૧૩॥
દીપ્ત વન્હિસમ મુનિવર તેહા, બ્રહ્મનિષ્ઠ સબ ગતસંદેહા ।
તિનકો સંગ કરત જન જેહી, મુનિસમ તુલ્ય હોત સબ તેહી ॥૧૪॥

**દોહા** - ધનુષમાત્રકે અંતરે, સ્ત્રિય આગે સ્થિત સોય ।
કરત મુક્ત મુનિવર કથા, કવન ન દોષ તેહિ હોય ॥૧૫॥
**ચોપાઇ** - એસેહુ નારી આગે પ્રભુબાતા, યદિ ન કરત મુનિવર સુખદાતા ।
તબ અધર્મસેં જોષિત વૃંદા, કવન છોડાવે કહહુ સુખકંદા ॥૧૬॥
જો મુમુક્ષુ ચહે નિજકલ્યાના, તેહિ દુઃખદાયક તન અભિમાના ।
સો ત્રિયસંગ બાત નહિ કરહી, બંધનહેતુ જાની અતિ ડરહી ॥૧૭॥
તેહિ મુખ ત્રિય ન સુનત હરિગાથા, હરિકીરતન કરત તેહિ સાથા ।
અતિલંપટ સમ ભાસત જેહુ, ધૂર્ત જાની ત્યાગત ત્રિય તેહુ ॥૧૮॥
તાતેં ત્રિયપર કરુણા આની, ભક્તિવૃદ્ધિ હિત મર્મ પિછાની ।
મુક્તનકું નારી સંગ જ્ઞાના, કહનકી આજ્ઞા કરહુ સુજાના ॥૧૯॥
**દોહા** - બ્રહ્મચર્ય તુમ અષ્ટવિધ, પ્રતિપાદન કિયો જેહુ ।
એસે મહામુનિનકું, રહહું સપ્તવિધ તેહુ ॥૨૦॥
યું ત્રિયકે કલ્યાન હિત, કરી પ્રાર્થના જોઈ ।
સબહિ ધર્મકે જાન પ્રભુ, કહત જથારથ સોઈ ॥૨૧॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે પ્રશ્નોપક્રમનામા એકોનવિંશોધ્યાયઃ ॥૧૯॥

## અધ્યાય-૨૦

**ચોપાઇ** - સુનિ પ્રભુ પ્રશ્ન પરમ સુખદાની, બોલત ભએઉ સુધાસમ બાની ।
સુનુ મમ વચન ગૃહસ્થ નરનારી, મુનિ સબ સુનહુ વીર વ્રતધારી ॥૧॥
જ્યું સબ ત્રિયકો હોત કલ્યાના, સો ઉત્તર સુનુ પરમ સુજાના ।
ગૃહસ્થ મમાશ્રિત વનિતા જોઉ, સાંખ્યયોગી ત્યાગી ત્રિય સોઉ ॥૨॥
જ્યું અપક્વ જોગિકી બાની, કબહું સુનત નહિ પરમ સયાની ।
ત્યું મહામુક્ત પુરુષ મુખ બાતા, જદ્યપિ પરમ રહસ્ય સાક્ષાતા ॥૩॥
હો સ્વતંત્ર નર બિન ત્રિય જાઈ, કબહુ ન સુનન જોગ્ય દુઃખદાઈ ।
હો ઉન્મત્ત સુનિહહિ ત્રિય જેહા, ભ્રષ્ટ હોત કછુ નહિ સંદેહા ॥૪॥
**દોહા** - જુવતિન આગે મુક્તહુ, કરત જો કથાપ્રસંગ ।
ભ્રષ્ટ હોત નિજ ધર્મસેં, નિયમ હોત સબ ભંગ ॥૫॥
**ચોપાઇ** - તબ સો ભ્રષ્ટ મુખસેં કરી પ્યારા, સુનત નારી હરિકથા ઉદારા ।
ગિરત સદ્ય નિજ ધર્મસેં તેહા, લહત અધમગતિ નહિ સંદેહા ॥૬॥

અધિક અનર્થકું પાવત દોઉ, મહા પાપજુત નર ત્રિય સોઉ ।
મોંસે અબહિ સુનો યહ બાતા, નર ત્રિય સંગકો અઘ સાક્ષાતા ॥૭॥
નરમતિ ભ્રંશહેતુ ત્રિય હોઈ, ત્રિયમતિ ભ્રંશહેતુ નર સોઈ ।
યું યહ બાત જથારથ જાનો, ઈનમહિ રંચ ન સંશય આનો ॥૮॥
આગે નર ત્રિય મુક્ત અપારા, હરિજન જાનિ કિયો તેહી પ્યારા ।
અન્યોઅન્ય પ્રસંગ કરી જેહી, ભ્રષ્ટ હોય અધોગતિ લહિ તેહિ ॥૯॥
**દોહા** - તાતેં નિજમન બશ ભએ, ના કરનો વિશ્વાસ ।
નર અરુ નારિ પ્રસંગમેં, હોવત ધર્મ વિનાશ ॥૧૦॥
**સોરઠા** - મહામુક્ત મુનિ જેહુ, કરત ન જુવતિ પ્રસંગ સોઉ ।
મુક્ત સતીત્રિય તેહ, નર પ્રસંગે સબવિધ તજત ॥૧૧॥
**ચોપાઇ** -જિન કરિ ત્રિયપ્રસંગ કછુ હોઈ, મમ આજ્ઞાહું ન ગ્રહના સોઈ ।
નર પ્રસંગજુત આજ્ઞા જેહા, મુક્તહુ નારી ન ગ્રહણા તેહા ॥૧૨॥
બ્રહ્મનિષ્ઠ નિશ્ચલમતિ નારી, તેહિ શિર ભ્રષ્ટ કરન ડર ભારી ।
નરકો દર્શનાદિ દુઃખદાઈ, તજે સબહિ વિધ હોત ભલાઈ ॥૧૩॥
આગે શુક્રકન્યા સુકુમારી, દેવજાની ગુણનિધિ પિતુપ્યારી ।
પિતુપ્રસાદ બાલા મનજીતા, આત્મનિષ્ઠ ભઈ પરમ પુનીતા ॥૧૪॥
સમ્યક્ યોગકલા તિન જાની, ધર્મશાસ્ત્રમહિ પરમ સયાની ।
સમર્થ નૌત્તમ કાવ્ય બનાવે, ગુન બરનત કોઉ પાર ન આવે ॥૧૫॥
**દોહા** - અસુરકી સુતા અનંતકું, ગુરુ હોઈ દેવત જ્ઞાન ।
બોધ કરત બહુ જુક્તિસેં, સબકું શુક્રસમાન ॥૧૬॥
**ચોપાઇ** - શુક્ર સુતા અતિ જાનિ સયાની, પ્રાણસેં વલ્લભ અધિક પ્રમાની ।
બહુ ગુન જુક્ત લગત પ્રિય એહિ, પ્રેમસેં અધિક લડાવત તેહી ॥૧૭॥
અષ્ટમ વર્ષ પ્રાપ્ત ભયો જાન્યો, કવિ તબ કન્યાકાલ પ્રમાન્યો ।
દેવજાનિ કન્યા નિજ જેહા, જોગ્યકું દેન ચહત મુનિ તેહા ॥૧૮॥
ભાર્ગવ પ્રેમવિવશ અતિ હોઈ, કહત વચન કન્યાકું સોઈ ।
સુનહુ સયાની વચન યહ મોરા, સમયમેં ઉચિત પરમ હિત તોરા ॥૧૯॥
અષ્ટમ વરસ ભયો અબ તોઈ, કન્યાકાલ કહત સબ મોઈ ।
તેહિ કારન તુમ કહો મોય બાતા, જો તવ વાંછિત વર સાક્ષાતા ॥૨૦॥

**દોહા** - દેવ મહર્ષિ વિપ્રમેં, જહાં તવ વાંછા હોય ।
કહો મનવાંછિત સત્ય અબ, દેહુ સુતા તેહિ સોય ॥૨૧॥
**ચોપાઇ** - સમય પાઈ નિજ કન્યાદાના, ઉચિતહિ વિપ્ર ન દેત અજાના ।
લગત હે બ્રહ્મહત્યા તેહિ આઇ, જો શ્રુતિવચન દેત વિસરાઇ ॥૨૨॥
તાતેં વર મોય કહહુ વિચારી, દેહું તોય તેહિ વિધ જુત પ્યારી ।
અથવા મમ ઈચ્છા તોય બાલા, દેહુ વિપ્ર લખિ ગુનની વિશાલા ॥૨૩॥
દેવજાની સુની નિજપિતુ બાની, તાતસુ હંસિ કહે પરમ સયાની ।
સુર નર સિદ્ધ કાલ મુખમાંઇ, તાત મોય નરમેં રુચિ નાઇ ॥૨૪॥
પિતુ મોય તપ વલ્લભ સુખકારી, જો મેટત સંસૃતિ દુઃખભારી ।
જહાં લગ યહ તન જીવત તાતા, કરિહું પરમ તપ શ્રુતિવિખ્યાતા ॥૨૫॥
**દોહા** - તેહિ કારન મમ દાનકો, તજહું શોક તુમ તાત ।
મમ હિત ચિંતા વ્યર્થ ત્યજી, ભજહુ શ્રીહરી સાક્ષાત ॥૨૬॥
**સોરઠા** - જેહિ પતિ ઈચ્છા હોય, તેહિ બિન દિને દોષ સબ ।
કહત શાસ્ત્ર શ્રુતિ સોય, નહિ વિરક્ત ત્રિય દોષ કહું ॥૨૭॥
**ચોપાઇ** - સુની નિજસુતા વચન શ્રુતિ સારા, ભયો હે કાવ્ય મન મોદ અપારા ।
નૈષ્ઠિકવ્રત માહાત્મ્ય અતિ જાની, કછુન કહી પૂત્રીસુ બાની ॥૨૮॥
બાલયોગી નિજસૂતા વચન સયાની, જોગસ્થિતિ તેહી પ્રબલ પ્રમાની ।
દેખી શુક્ર મન મોદ ન માવે, કરી તેહિ પ્રિય પિતુ આનંદ પાવે ॥૨૯॥
તા પીછેં બિતે કછુ કાલા, કવિ ગૃહ આયો બુદ્ધિવિશાલા ।
બૃહસ્પતિતનય કચ તેહિ નામા, વિદ્યા પઢન ચહત ગુનધામા ॥૩૦॥
શુક્રકી આજ્ઞા કરી સ્થિત હોઇ, વિદ્યા પઢન લગ્યો તહાં સોઇ ।
દેખી તાસ ગુનરુપ ઉદારા, દેવજાનિ મન ભયો હિ વિકારા ॥૩૧॥
**દોહા** - આતમચિંતન દિનહિ દિન, નિજધર્મ જોગ અભ્યાસ ।
સો તજી ભઇ કચ સેવરત, પ્રેમસેં બેઠત પાસ ॥૩૨॥
**ચોપાઇ** - કામબાણ પીડિત ભઇ નારી, કિન વિનય એકાંતમેં ભારી ।
ત્યાગી લાજ નિજઅંગ દેખાઇ, કચહિ લોભાવત દુર્મતિ પાઇ ॥૩૩॥
સબહિ ભાતિ તબ જોગ્ય મેં પ્યારા, હે મમ પતિ ન કરુ પલ ન્યારા ।
મેરો મન રાચ્યો તુમ માંહી, અબ મોય તજન જોગ્ય તુમ નાહી ॥૩૪॥

કામવિકલ ગુરુપુત્રી હોઈ, કચકો વિનય કીન અતિ સોઈ ।
કચ મહાધીર ધર્મરત જ્ઞાની, કહત તાહિ શ્રુતિસંમત બાની ॥૩૫॥
કહત અવાચ્ય વચન મોય બાલા, કામવિવશ મતિ તોર બેહાલા ।
ગુરુપુત્રી ભગિની તુમ હોઈ, શાસ્ત્રનિંદ્ય મગ પ્રેરત મોઈ ॥૩૬॥
**દોહા** - ધર્મકો જાન સયાન ગ્રહી, યું તેહિ ઉત્તર દીન ।
કુમતિ નારી બહુ વાર તેહિ, પુનિ પ્રાર્થના કીન ॥૩૭॥
**ચોપાઇ** - કામવિકલ ગુરુપુત્રિહિ ધીરા, પુનિપુનિ ઉત્તર દિન પ્રવીરા ।
ક્રોધસેં નારી શાપ દીયો ભારી, નિષ્ફલ વિદ્યા હોઉ તુમારી ॥૩૮॥
કચ પ્રતિશાપ સદ્ય તેહિ દિના, વિપ્ર ન વરીહે તોય મતિહીના ।
સો વરી નૃપ જયાતિકું જાઇ, સ્વૈરિણી જિમિ અતિનિંધ કહાઇ ॥૩૯॥
યું નરવીક્ષણાદિ કરી એહી, આતમનિષ્ઠ ભ્રષ્ટ ભઈ તેહી ।
નૈષ્ઠિક વ્રતસેં ભ્રષ્ટ ભઈ સોઈ, વરી કુલટા જિમિ નિર્લજ્જ હોઈ ॥૪૦॥
નિજપિતુ શિષ્ય ભ્રાતસમ જેહુ, મૈથુન હિત જાચ્યો અતિ તેહુ ।
અતિ ધર્મજ્ઞ ધીર કચ તાઈ, દિયો અધર્મસેં શાપ રિસાઈ ॥૪૧॥
**દોહા** - આપકે કુલસેં નીચ અતિ, નિજપતિ કિનો સોય ।
દુર્લભ બ્રાહ્મણતા તજી, રહિ ક્ષત્રિયા હોય ॥૪૨॥
**ચોપાઇ** - અતિ ઉત્કૃષ્ટ હે ભૃગુકુલ જોઉ, અબલા લાંછન જુત કીયો સોઉ ।
તાકો તપ કૃચ્છ્રાદિક જેહા, ભયો હે ભ્રષ્ટ સબ શ્રમફલ તેહા ॥૪૩॥
ત્યું એક સમય રેણુકા નારી, ભરન ગઈ ગંગાકો બારી ।
પદ્મમાલી ગંધર્વકો રાજા, જલમધ્ય ખેલત સહિત સમાજા ॥૪૪॥
અપસરવૃંદ સહિત જલમાંઇ, ક્રીડત મત્ત ગંયદકી નાંઈ ।
તાઈ રેણુકા દેખ્યો જબહિ, મતિ વિભ્રાંત ભઈ તેહિ તબહિ ॥૪૫॥
હોમસમય સમૃતિ બિસરાઈ, કછુક ચિત્રરથ સંગ લોભાઈ ।
દરશમાત્ર ભઈ ભ્રાંતિ પ્રકાશા, પતિવ્રત ધર્મ ભયો તેહિ નાશા ॥૪૬॥
**દોહા** - કાલ અધિક ગયો જાનિકે, મુનિસેં શાપ ડર માની ।
આગે ધરી જલકલશકું, ઠાડી જોરી જુગ પાની ॥૪૭॥

**સોરઠા** - મુનિપત્ની વ્યભિચાર, જાની કોપ જુત કહત ઈમિ ।
સુનુ સુત એહિ સંહાર, કરહુ પાપમય માત તવ ॥૪૮॥
**ચોપાઇ** - દરશનમાત્રસેં એહિ ઉતપાતા, સુર નર મુનિ જાનત સબ ખ્યાતા ।
ઓરહુ અનંત ભ્રષ્ટ ભઈ નારી, નરદરશન લાંછન ભયો ભારી ॥૪૯॥
તાતે બ્રહ્મનિષ્ઠત્રિય જોઇ, અધિક જિતેન્દ્રિય સ્થિરમતિ સોઇ ।
નરકો વીક્ષણાદિ નહિ કરના, નિજવ્રત ભંગહેતુ લખિ ડરના ॥૫૦॥
જો મુમુક્ષુ ત્રિય પરમ સુજાના, સુનહિ સો સતસંગિમુખ જ્ઞાના ।
ભ્રાતા પિતા પુત્ર પતિ જોઉ, તેહિ મુખ જ્ઞાન સુનત ત્રિય સોઉ ॥૫૧॥
માતુલ માતામહ જો હોઇ, ત્યુંહિ પિતામહ મુખસેં સોઇ ।
હરિગુન કથા સુનત રુચિ લાઇ, જો તિન સુનિ સંતનમુખ જાઇ ॥૫૨॥
**દોહા** - સુનિ હરિકથા યું નારી સબ, કરની પરસ્પર બાત ।
પુરુષોત્તમ શ્રીકૃષ્ણકું, ઉર ધારત સાક્ષાત ॥૫૩॥
**સોરઠા** - જો કછુ સંશય હોય, સંતકું પુછત પુરુષ મુખ ।
મુનિ કહે ઉત્તર સોય, સુનિ સંબંધિમુખ હરિ ભજત ॥૫૪॥
**ચોપાઇ** - હરિગુન પઢન પ્યાસ અતિ જેહિ, કિરતન કથા પઢન ચહે તેહી ।
અતિ સંબંધિ પિત્રાદિક જેહા, તિન ઢિગ પઢન જોગ્ય ત્રિય તેહા ॥૫૫॥
નિજપુર પરપુર હોવહિ નારી, જ્ઞાન વૈરાગ્ય ભક્તિ કરી ભારી ।
બાલ વૃદ્ધ ત્રિયકું સો બાઇ, પૂજન જોગ્ય પરમ સુખદાઇ ॥૫૬॥
રાધા રમા તુલ્ય તેહિ જાની, સેવે મુમુક્ષુ નારી સયાની ।
સો જેહિ મગ પ્રેરત સુખદાની, ચલત સો મગ ત્રિય સુખદ પ્રમાની ॥૫૭॥
જન્માષ્ટમી આદિક હે જેહુ, અતિબડ ઉત્સવ તિન તેહુ ।
તબ ત્રિય સંતસભા ઢિગ જાઇ, જિમિ બેઠત તિમિ દેહુ બતાઇ ॥૫૮॥
**દોહા** - સંતકો વાસસ્થાન સો, કોટ બાડ્ય બિન હોય ।
તબ પિત્રાદિક સંગ ત્રિય, મુનિ ઢિગ બેઠત સોય ॥૫૯॥
**ચોપાઇ** - લોક હજારો તેહિ સ્થલ હોઇ, નિજ પર ભેદ લહત નહિ કોઇ ।
તદપિ નારી સંગ બેઠત નારી, નરસંગ નર સબ ધર્મ વિચારી ॥૬૦॥

તેહિ સ્થલ નર આગે સો સંતા, હરિગુણ ગાન કરત બુદ્ધિવંતા ।
તબ ત્રિયવૃંદ સંતમુખ બાતા, દૂરસેં સુનન જોગ્ય સાક્ષાતા ॥૬૧॥
ત્યું બિન ઉત્સવ દિન નિજગ્રામા, આવહિ સંત સુખદ ગુનધામા ।
પરમ તપસ્વી મહામુનિ જેહિ, સબહિ ઉદ્ધારન આવત તેહી ॥૬૨॥
તબ ત્રિયવૃંદ સંબંધિ સંગા, દૂરસેં કરનો મુક્તપ્રસંગા ।
નરસંગ નર ત્રિયસંગ ત્રિયવૃંદા, પ્રથમ જ્યું હરિગુન સુનત સ્વચ્છંદા ॥૬૩॥
**દોહા** - વાડ કોટ આવ્રિત જબે, હોવહિ સંતકો સ્થાન ।
કબહુ ન જાના નારી તહાં, યહ મમ બચન પ્રમાન ॥૬૪॥
**ચોપાઇ** - જો મમ બચન ત્યાગી મતિહીના, તેહિ સ્થલ નિર્ભય જાત મલીના ।
સો કૃત્યાસમ વનિતા જાના, પાપરુપ ભુવિ ભાર પ્રમાના ॥૬૫॥
યું જોષિત સતસંગતિ કરહિ, પતિવ્રત રાખી નારી ઉદ્ધરહિ ।
પરંપરા તેહિ સંતકો સંગા, કરન જોગ્ય રખિ ધર્મ અભંગા ॥૬૬॥
યું સતસંગ રખત જબ નારી, પ્રભુસંગ પ્રેમ બઢત તેહી ભારી ।
નિજ ધર્મ સ્થિત નારી જ્યું હોઇ, સુનિ નર ત્રિય પ્રબોધો સોઇ ॥૬૭॥
યહ જગ મુક્ત પુરુષ દૃઢ જોઉ, સિદ્ધદશા પ્રાપત ભએ સોઉ ।
જોષિતસેં તદપિ સો ડરહિ, બીન ડર પતિત હોય ભવ ફરહિ ॥૬૮॥
**દોહા** - યહ વનિતા યહ પુરુષ ઈમિ, ભેદ ન જેહિ મનમાંઇ ।
ભ્રષ્ટ હોત ત્રિય સંગસે, સો ઋષ્યશૃંગકી નાઇ ॥૬૯॥
**ચોપાઇ** - ત્યું ઋષ્યશૃંગકી કથા ઉદારા, સુનિ સબહિ જાનત જગ સારા ।
તાતે મુક્ત મુમુક્ષુ જેહિ, સાવધાન અતિ રહેના તેહિ ॥૭૦॥
મમ આજ્ઞા કરિકે તુમ તાતા, સબ નિજ ધર્મ રખન સાક્ષાતા ।
કબહુ ન કરનો નારિપ્રસંગા, મુક્તહુ ગ્રહો મમ વચન અભંગા ॥૭૧॥
આતમનિષ્ઠ મુક્ત મુનિ જેહુ, નારી અવયવ નિરખિ સદ્ય તેહુ ।
નિજસ્થિતિ ભ્રંશ હોત તતકાલા, પામર નર જિમિ હોત બેહાલા ॥૭૨॥
ઓગુન મૂલ દુઃખદ અતિ જાનિ, તજહુ નારીસંગ મુનિ વિજ્ઞાની ।
અષ્ટભાતિ ત્રિય સંગતિ ત્યાગી, જો હરિ ભજત સો મુનિ બડભાગી ॥૭૩॥
**દોહા** - મોહમૂલ મહા શૂલ સમ, દુઃખપ્રદ ત્રિયા પ્રસંગ ।
નારી અવયવકું નિરખિકે, મુક્તકો પલટત અંગ ॥૭૪॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિહરિજનસંવાદે સ્ત્રીપ્રશ્નોત્તરકથનનામા વિંશોધ્યાયઃ ॥૨૦॥

## અધ્યાય-૨૧

**ચોપાઇ** - અબ બરનું ઈતિહાસ પુરાના, સુનહુ ભક્તજન પરમ સુજાના ।
આગે નારદ પર્વત દોઉ, જેહિ વિધ મુક્ત દુઃખિત ભએ સોઉ ॥૧॥
નારદ અરુ પર્વત મુનિ દોઈ, મામા અરુ ભાનિજ હે સોઈ ।
બ્રહ્મનિષ્ઠ દોઉ સિદ્ધ સુધીરા, ભુવિ વિચરત મેટન ભવપીરા ॥૨॥
નૃપ અંબરીષ સદન એકવારા, આએ ઉભય મુનિ પરમ ઉદારા ।
વિષ્ણુભક્ત નૃપ પરમ પ્રવીના, મણિમય સદન ઉતારા દીના ॥૩॥
નૃપ ષોડશ ઉપચાર મગાઈ, પૂજેઉ ઉભય પરમ હિત લાઈ ।
કિએઉ તૃપ્ત શુભ અન્ન જીમાઈ, સુખ આસન સ્થિત ભએ દોઉ આઈ ॥૪॥
**દોહા** - નામ જયંતી નૃપતિકે, કન્યા પરમ અનૂપ ।
સપ્તદ્વીપવતી ભૂમિપર, તેહિ સમનહિ ત્રિયરૂપ ॥૫॥
**ચોપાઈ** - મૃગનેની ગુન લછન ભારી, લાવણ્ય દેખી મોહે નરનારી ।
સુતાજોગ્ય વર પુછન કાજા, મુનિહિ પ્રેમજુત વંદેઉ રાજા ।૬॥
પુત્રિકું મુનિકે પાય લગાઈ, મુનિ સમીપ બેઠો નૃપ આઈ ।
જોરી પાની કરી વિનય અપારા, અંબરીષ કિએ વચન ઉચ્ચારા ॥૭॥
તુમ દોઉ જ્ઞાનનિધિ તપશીલા, બ્રહ્મનિષ્ઠ અતિ પ્રિય હરિલીલા ।
ત્રિભુવનમહિ વિચરો પર કાજા, તુમહિ ન કછુ અવિદિત મુનિરાજા ॥૮॥
પ્રશ્નજાન મધ્ય ઉભય પ્રવીના, પુછું પ્રશ્ન એક હોઈ દીના ।
સો સુનિકે કરી જોગ્ય વિચારા, ઉત્તર કરહુ ઉભય પ્રભુ પ્યારા ॥૯॥
**દોહા** - નામ જયંતી સમ સુતા, શુભ લછન જુત સોય ।
તાસ જોગ્ય વર ખોજતે, નિશ્ચે હોત ન મોય ॥૧૦॥
**ચોપાઇ** - તાતેં તુમ કરી કૃપા અપારા, કરહુ જોગ્ય વરકો નિરધારા ।
તુમ સર્વજ્ઞ સુખદ સબ જાનો, કહો નિરધારી મોર ભ્રમ ભાનો ॥૧૧॥
યું નૃપવચન સુનત મનિ દોઈ, કન્યા દેખી વિકલ ભએ સોઈ ।
ચારુ સુલછન કન્યા જાની, ઈચ્છત ભએઉ ઉભય મુનિ જ્ઞાની ॥૧૨॥
કામ વિવિશ ભયે નિર્લજ દોઉ, જાચત ભએઉ નૃપતિ પહિ સોઉ ।
હમહિ દેહુ નૃપ કન્યાદાન, જેહિ કરી હોઈહે તવ કલ્યાના ॥૧૩॥
સુનિ મુનિવચન સો હૃદય વિચારી, વિસ્મય ભયો હે ભૂપ મન ભારી ।
નૈષ્ઠિક વ્રતધર મુનિહિ પ્રમાની, કહત વિચારી નૃપતિ પુનિ બાની ॥૧૪॥

**દોહા** - બ્રહ્મનિષ્ઠ વિખ્યાત તુમ, નૈષ્ઠિક વ્રતધર દોય ।
મમ કન્યા વરનેં ચહો, સત્ય કિ હસત હો મોય ॥૧૫॥
**ચોપાઇ** - મુનિ કહે સુનહુ નરેશ પ્રવીના, કબ ન અસત્ય ભાષણ હમ કીના ।
તાતે તવ કન્યા સુકુમારી, વરન ચહત હમ સમઝિ વિચારી ॥૧૬॥
બ્રહ્મચર્ય ગૃહસ્થાશ્રમ જેહા, વાનપ્રસ્થ સંન્યાસ હે તેહા ।
અતિ નિશ્ચલ ભક્તિ વિન સોઇ, હરિહિ રીઝાવન શક્ય ન હોઈ ॥૧૭॥
નિજ કલ્યાણ ચહત જન જેહુ, જેહિ તેહિ આશ્રમ સ્થિત હોય તેહુ ।
હરિ ગુણ ગાત વિમલમતિ સંતા, તિનકરિ રિજત શ્રી ભગવંતા ॥૧૮॥
બ્રહ્મચર્ય વ્રત ધારી હમ દોઉ, ઈતના કાલ ભજે પ્રભુ સોઉ ।
અબ હમ નૃપતિ ગૃહસ્થ ધર્મ ધારી, ભજિહુ અચલ મન દેવ મુરારી ॥૧૯॥
**દોહા** - તાતેં સંશય રહિત યહ, નૃપતિ જાનિ તુમ બાત ।
ઉભયકું કન્યા દેહુ તવ, સુખી હોહુ સાક્ષાત ॥૨૦॥
**ચોપાઇ** - કામવિમૂઢ મુનિનકી બાની, સુનિ નરેશ આશ્ચર્યમય જાની ।
શાપકો ત્રાસ અધિક ઉર લાઈ, ચિંતા આકૂલ કહત રીઝાઈ ॥૨૧॥
મુનિ મમ કન્યા એક સુશીલા, તુમ દોઉ વરન ચહત કરી લીલા ।
લોક રુ વેદ વિરુદ્ધ રાહા, કન્યાદાન કરુ કિમિ તેહા ॥૨૨॥
પુરુષકું ઉભય નારી જગ દેખ્યા, ત્રિયકું ઉભય પતિ કિતહુ ન પેખ્યા ।
તાતેં સ્વયંવરમેં મમ બાલા, ઈચ્છા વર વરિહે તતકાલા ॥૨૩॥
પ્રાતઃ સ્વયંવર કરિહુ યાકો, દૃઢ નિશ્ચય જાનો તુમ તાકો ।
તેહિ સ્થલ નારદ પર્વત જોઇ, આયો ઉભય મુનિ તતપર હોઈ ॥૨૪॥
**દોહા** - સુનિ નૃપવચન સો મુનિ ગયે, ઉર ધરી કન્યા ધ્યાન ।
સભા સ્વયંવર હિત તબે, કિની નૃપતિ સુજાન ॥૨૫॥
**ચોપાઇ** - સો મુનિવર ઈમિ કરત વિચારા, રુપવાન નર ત્રિયકું પ્યારા ।
તપ કરી વિકૃત નિજવપુ જાની, રમ્ય રુપ કરને ચહે જ્ઞાની ॥૨૬॥
એકકું કન્યા વરિહે એહા, બઢી પરસ્પર ઈર્ષ્યા તેહા ।
કામવિવશ કછુ મર્મ ન જાને, કરન બુરો દોનું મન ઠાને ॥૨૭॥
નિજવપુ રમ્ય કરન મન ધારે, અન્યકું વિકૃત કરન વિચારે ।
નિજ અભિપ્રાય ગૂઢ મન ધારી, કહ્યો ન પરસ્પર વચન ઉચ્ચારી ॥૨૮॥

એક એકસેં અતિછલ કરી દોઉ, ગએ વૈકુંઠ ભુવન પ્રતિ સોઉ ।
જાચન રુપ પહુંચે પ્રભુ પાસા, જહાં રાજત હરિ રમાનિવાસા ॥૨૯॥
**દોહા** - તિન મધ્ય નારદ પ્રથમસેં, જાઈ શીઘ્ર શિર નાઈ ।
નિજવિવાહકિ ના કહી, બોલેઉ કપટ દુહાઈ ॥૩૦॥
**ચોપાઇ** - નૃપ અંબરીષકી કન્યા જોઉ, હોઈ હે કાલિ સ્વયંવર સોઈ ।
કન્યાલોભ મોય કછુ નાહી, કરન વિનોદ ચહુ મન માંહી ॥૩૧॥
આવેગે દુર્મદ બહુ રાજા, તિનકો ગર્વ ઉતારન કાજા ।
તેહિ કારન કછુ જાચન સ્વામી, તવ શરને આયો બહુનામી ॥૩૨॥
નાથ હોહુ મમ રમ્ય સ્વરૂપા, નારિનકો મન હરન અનૂપા ।
તપ કરી દુર્લબ મમ તનુ જેહુ, હોહુ પુષ્ટ અતિ બલજુત તેહુ ॥૩૩॥
ત્યું મમ સંગી પર્વત જેહી, સ્વયંવર દિનસેં પ્રભુ તેહી ।
વાનરમુખ વિરુપ અતિ હોઈ, કરુણાનિધિ મમ યાંચા સોઈ ॥૩૪॥
**દોહા** - પ્રભુ તથાસ્તુ વર દિન તેહિ, તબ નારદ મુદ પાય ।
અનંગ વિમોહન રુપ લે, ગયેઉ ભૂમિપર ધાય ॥૩૫॥
**ચોપાઇ** - ત્યું પર્વત પ્રભુકે ઢિગ આઈ, જાચત ભએઉ જાની સુખદાઈ ।
દેહુ રુપ ત્રિયમોહન મોઈ, મર્કટમુખ નારદ મુનિ હોઈ ॥૩૬॥
તેહિ પ્રભુ હસિત તથાસ્તુ વર દીના, ભક્ત જાની સબકો હિત કિના ।
નારીપાસ બંધન અતિ ભારી, દાસ જાની હરિ દિન નિવારી ॥૩૭॥
પર્વત રુપ અલૌકિક પાયો, શીઘ્ર નમન કરી ભૂપર આયો ।
અધિક જયંતી ભજનરત જોઇ, મિલેઉ ભૂમિપર નારદ સોઈ ॥૩૮॥
આશય ગૂઢ રુપ જુત દોઉ, કહત પરસ્પર મુનિવર સોઉ ।
મુનિવર તોર રુપ ગુન ભારી, વરીહહી તોય સો રાજકુમારી ॥૩૯॥
**દોહા** - દુઃખ કરી રજની બિતિ ઈમિ, ધરત જયંતી ધ્યાન ।
સો વૈશાખકી જામિની, ભઈ તેહિ કલ્પસમાન ॥૪૦॥
**ચોપાઇ**-રાજસુતા ગુનકીર્તન જેહુ, સબ નિશિ કિન ઉભય મુનિ તેહુ ।
અહો આશ્ચર્યમય વપુ સુકુમારી, અહો તેહિ નૌતમ વય સુખકારિ ॥૪૧॥
અહો તેહિ લતા તુલ્ય ભૂજ શોભે અહો તેહી મંદહાસ મન લોભે ।
અહો તેહિ મુક્તાફલ સમ બાની, સુનત શ્રવણ મનકું સુખદાની ॥૪૨॥

પર્વત નારદસું કહે બાતા, દેખ્યો જયંતી વદન તુમ ભ્રાતા ।
પૂરન ઈંદુ સરિસ છબિ સોઈ, કિ ફુલ્લાંબુજ સમ કહો મોઈ ।।૪૩।।
કહે નારદ તેહિ વદન ઉદારા, નિષ્કલંક શશિ સરિસ ઉજારા ।
શશી કલંકી કહો તેહી મુખ પાસા, કહાં જડ પંકજ રહિત ઉજાસા ।।૪૪।।
**દોહા** - એસિ દશાકું પ્રાપ્ત ભયે, મુનિ રુપ ત્રિય નિહારી ।
પ્રાત આએ અંબરીષપુર, રટત કુમારી કુમારી ।।૪૫।।

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિમુકુંદસંવાદે સ્ત્રીદર્શનમુનિમોહપ્રાપ્તનામા
એકવિંશોધ્યાયઃ ।।૨૧।।

## અધ્યાય-૨૨

**ચોપાઇ** - મુનિ દોઉ રુપસેં સબ પુરનારી, મોહી રહી ગૃહકાજ વિસારી ।
પુરવાસી સબ વિસ્મિત હોઈ, જુથ જુથ મિલિ નિરખત સોઈ ।।૧।।
સ્વયંવર અવસર ભયો જબહી, મુનિ દોઉ આએ સભામધ્ય તબહી ।
તહાં અન્ય નૃપ અંબરીષ બોલાએ, સબ ભૂપાલ શીઘ્ર ચલી આએ ।।૨।।
કન્યા આવન દ્વાર કે જોઉ, તેહિ સમીપ સ્થિત ભએ મુનિ દોઉ ।
કન્યાલાભ ચહત તતકાલા, કામવિવશ ભએ અધિક બેહાલા ।।૩।।
નૃપ અંબરીષ કિયો સનમાના, મુનિ સંસદિ પધરાયે સુજાના ।
કરી પ્રણામ દેખ્યો તેહિ રુપા, અતિ વિસ્મય પાવત ભયો ભૂપા ।।૪।।
**દોહા** - તાસ સભા મધ્ય નૃપતિ સબ, નિરખી ઉભય મુનિ રુપ ।
તજિ જયંતી આશા તબે, મુનિહિ વિલોકત ભૂપ ।।૫।।
**ચોપાઇ** - ઉભય સમાન રુપ મુનિ ધીરા, મન્મથ મોહન રમ્ય શરીરા ।
કોનકું વરિહહિ કન્યા એહા, કરત સબહિ જન યહ સંદેહા ।।૬।।
તબ કર લિયે રમ્ય વરમાલા, આઈ જયંતી દુઃખદ નૃપબાલા ।
સબ નરકે મન હરત કુમારી, આઈ સભામધ્ય રાજદુલારી ।।૭।।
તબસેં ઉભય મુનિ તતકાલા, મર્કટમુખ ભએ અતિ વિકરાલા ।
નિરખી પરસ્પર અતિ મુદ પાયો, કિનો ઈશ મોર મનભાયો ।।૮।।
યું જાન્યો નારદ મનમાંહી, પર્વતકું ત્રિય વરી હે નાંહિ ।
પર્વત જાન્યો અચલ વિચારી, નારદકું ના વિરહે કુમારી ।।૯।।

**દોહા** - કન્યા ઉભયકું દેખિકે, ડરી ભાગી અકુલાઈ ।
નૃપબાલા ટેરી તોહૂ, સભામેં પુનિ નહિ આઈ ॥૧૦॥
**ચોપાઇ** - તા પીછે રાજા તહાં આઈ, કહિ મુનિવરસું બાત સમુઝાઈ ।
કન્યા તુમસેં ડરત અતિભારી, યા કારન તુમ જાઓ વિચારી ॥૧૧॥
નિજનિજ મુખ વિરુપ નહિ જાને, આપકો સુંદર રુપ પ્રમાને ।
નૃપમહિ કપટ કલ્પી મુનિ દોઈ, ભએ નિરાશ અતિ કોપેઉ સોઈ ॥૧૨॥
હમકું રંક તપસ્વી જાની, રાજકે મદ ભયો અતિ અભિમાની ।
કન્યા હમહિ ન દીની એહા નૃપ તવ કપટ લખ્યો હમ તેહા ॥૧૩॥
આતમજ્ઞાનકો મદ ઉર ધારી, મુનિહુકો હેલન કિયો ભારી ।
દેહાત્મ બુદ્ધિ જડ જેહા, હોઈ હે તોર કછુ નહિ સંદેહા ॥૧૪॥
**દોહા** - યું નિરદોષિ નૃપતિ સો, હરિપ્રિય પરમ સુજાન ।
તાહિ ક્રોધવશ શાપ દે, ગએ મુનિ અધિક અજાન ॥૧૫॥
**ચોપાઇ** - વિષ્ણુભક્ત રક્ષા હિત જાનિ, તેહિ ગૃહ ચક્ર રાખ્યો સુખદાની ।
ચક્ર સુદર્શન શાપ નિવાર્યો, ભક્ત નૃપતિકો સંકટ ટાર્યો ॥૧૬॥
પીછો ફિરી નૃપગૃહસેં શાપા, લગ્યો મુનિન પિછે નિજપાપા ।
કામ ક્રોધ કરી દગ્ધ હે જેહુ, શાપસેં અતિદુઃખ પાવત તેહુ ॥૧૭॥
ધૂમ રાશી સમ શાપ કઠોરા, મુનિ દેખ્યો ધાવત નિજ ઓરા ।
કૃષ્ણ વરણ નિજ શાપ હે જેહી, મુનિ વિસ્મિત ભએ દેખત એહી ॥૧૮॥
પ્રલય અગ્નિસમ તેજ પ્રસારી, જ્વાલામાલી ભયંકર ભારી ।
ચક્ર સુદર્શન દેખ્યા જબહી, કિન પલાયન મુનિવર તબહી ।૧૯॥
**દોહા** - મર્કટમુખ મુનિ અગ્ર ભયે, તા પીછે નિજ શાપ ।
તેહિ પીછે હરિચક્ર ડર, પાયે પરમ સંતાપ ॥૨૦॥
**ચોપાઇ** - સુકે મુખ દુર્બલ મુનિ દોઈ, શ્રમજલ વહત ન ત્રાતા કોઈ ।
ભક્તદ્રોહ ગત જ્ઞાન હે દોઉ, ત્રાસ વિવશ દોરત મુનિ સોઉ ॥૨૧॥
ભુવિપર સબહિ દેશમહિ તેહા, ગ્રામગ્રામ પ્રતિ ઘરઘર એહા ।
ફિરેઉ ત્રાસજુત મુનિવર એહી, ત્રાહિ ત્રાહિ કરિ રોવત તેહી ॥૨૨॥
નિર્માની નિર્મદ અતિ હોઈ, હો નિર્લજ્જ જહાં જહાં ગએ સોઈ ।
તહાં તહાં ચક્ર સુદર્શન ધાવે, મુનિ અર્ધ છિન કહુ રહન ન પાવે ॥૨૩॥

ચક્ર સુદર્શન જારત અંગા, નારદ પર્વત દુઃખિત અભંગા ।
મર્કટમુખ દેખત સબ વાકું, અતિ અજાન કછઉ કહત ન તાકું ॥૨૪॥
**દોહા** - વિન દેખી વિનહિં સુની, પાએ વેદના દોઉ ।
અતલાદિક અધલોક સબ, ભ્રમેઉ દુઃખિત મુનિ સોઉ ॥૨૫॥
**ચોપાઇ** - અધોભુવનમહિ તેહિ સુખદાતા, મિલ્યો ન ત્રાસ હરન કોઉ ત્રાતા ।
તહાંસે દેવલોક દોઉ આએ, ત્રાહિ ત્રાહિ કહિ શબ્દ સુનાએ ॥૨૬॥
ઈંદ્ર અગ્નિ જમલોકમેં ગએઉ, નૈરત વરુણલોક દુઃખ કએઉ ।
ગએ મારુત કુબેર ઢીગ ધાઈ, શિવહિં કહ્યો નિજદુઃખ સમુઝાઈ ॥૨૭॥
તેહિ તેહિ સ્થલવાસી સુર જેહી, વિસ્મિત ભએઉ દુઃખિત લખી તેહી ।
તિનકિ દશા દેખી સબ ડોલે, ચક્રત્રાસ લખિ કોઉ ન બોલે ॥૨૮॥
મુનિ દોઉ સબહિ લોકમહિ ધાએ, અજ શંકર પદ શિશ નમાએ ।
નિજત્રાતા કિતહુ નહિ પાયો, તબ તેહિ પ્રભુપદ ચિત્ત લગાયો ॥૨૯॥
**દોહા** - ગયે વૈકુંઠકું વેગજુત, ત્રાહિ ત્રાહિ જગદીશ ।
ઉભય પોકારત દૂરસેં પ્રભુપદ નાએઉ શિશ ॥૩૦॥
**ચોપાઇ** - શ્રીહરિ ચક્રસેં રક્ષા કિની, અતિ કૃપાલુ નિજપદ રતિ દિની ।
ભક્તકો શાપ આપ ગ્રહી લીના, જનસુખદાયક પરમ પ્રવીના ॥૩૧॥
એહિ વિધ નારદ પર્વત જેહુ, આગે પાએ પરમ દુઃખ તેહુ ।
સ્ત્રી અવયવ પ્રેક્ષણસેં દોઉ, મુક્તહુ અતુલ કષ્ટ સહે સોઉ ॥૩૨॥
તાતે મુક્ત મુમુક્ષુ અભંગા, મમ જન જોષિત તજઉ પ્રસંગા ।
સબહિ ભાતિ અપનો હિત જાની, ત્રિયપ્રસંગ ત્યાગત મુનિ જ્ઞાની ॥૩૩॥
પશુ પક્ષિ મૈથુનજુત હોઈ, મુક્તહુ દેખન જોગ્ય ન સોઈ ।
જો મુમુક્ષુ મન જન નરનારી, તિનકું યહ વ્રત અતિ સુખકારી ॥૩૪॥
**દોહા** - ભયે હે મુક્તિ મુનિ સૌભરી, અધિક જિતેંદ્રિય જેહુ ।
મિનકો મૈથુન દેખિકે, ભ્રષ્ટ ભએઉ તબ તેહુ ॥૩૫॥
જો મમ જન વિધવા ત્રિયા, પુરુષ જો ત્યાગી હોય ।
સાવધાન રહો પરસ્પર, મમ આજ્ઞા હે સોય ॥૩૬॥
જો મમ આજ્ઞા લોપિકેં, વરતી હે મનવશ હોઈ ।
ભ્રષ્ટ હોય નિજધર્મસેં, હોત નારકી સોઈ ॥૩૭॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિહરિજનસંવાદે મુનિમોહનિવારણનામા
દ્વાવિંશોધ્યાયઃ ॥૨૨॥

## અધ્યાય-૨૩

**ચોપાઇ** - અબ કહું ગૃહસ્થ ધર્મ સુખદાઈ, સુનહુ ભક્તજન સબ ચિત્ત લાઈ ।
મમ જન ગૃહસ્થ પુરુષ જગ જેહી, પરત્રિય સંગ તજહુ સબ તેહી ॥૧॥
મોર દાસ ગૃહી વનિતા જેહા, પરનર સંગ તજહુ સબ તેહા ।
મમ શરણાગત વિધવા નારી, ત્યાગત નરસંગ અધિક વિચારી ॥૨॥
મદ્ય અરુ માંસકો સંસર્ગ જેહુ, ગૃહસ્થકું તજન યોગ્ય હે તેહુ ।
લસુન પલાંડુ માદક જેતા, મમ જન તજન જોગ્ય હે તેતા ॥૩॥
ચાર વર્ણકે જન હે જોઈ, અન્ન ઉચ્છિષ્ટ ખાના નહિ કોઈ ।
પ્રભુપ્રસાદ આદિ બીન જોઉ, જ્ઞાતિ ઉચ્છિષ્ટ ન ખાના સોઉ ॥૪॥
**દોહા** - ગાંજા ભાંગ અફિન જુત, ત્યાગહુ ત્રિવિધ તમાલ ।
દ્યૂતાદિક સબ વ્યસન તજી, મમ જન ભજહુ ગોપાલ ॥૫॥
**ચોપાઇ** - પત્ર અરુ ધૃત જલ પિના છાની, બિન છાને કહુ દોષ બખાની ।
ઢીમર મછ હનત હે જોઈ, તેહિ ષટ માસમેં પાતક હોઈ ॥૬॥
અનગલ જલ પિવત એકવારા, સો સબ પાતક લગત ગમારા ।
હિંસા ક્રોધ રું ઈર્ષ્યા માના, ગૃહિ મમ જન સબ તજહુ સુજાના ।૭॥
પ્રભુ બિન જુઠ પદારથમાંહિ, મૂરખ જ્યું રતિ કરના નાહિ ।
ગૃહી મમ દાસ જાની પ્રભુ રીતિ, સંતપુરુષન સંગ રાખત પ્રીતિ ॥૮॥
અતિ અછેદ્ય સંસારિક પાસા, તિન કરી દૃઢ બાંધ્યો ગ્રહિદાસા ।
સંત જુક્તિ કરી બંધન ટારી, તેહિ ઉર સ્થાપત દેવ મુરારી ॥૯॥
**દોહા** - ધર્મવૃદ્ધ નિજ ગ્રામમેં, સાંઝકું તેહિ ઘર જાય ।
કરનો હરિકીર્તન સદા, સુનની કથા ચિત લાય ॥૧૦॥
**ચોપાઇ** - હરિ સુમરનકી માલા જેહી, યથાશક્તિ તતપર હો તેહી ।
સંખ્યા જુક્ત મૌન વ્રત ધારી, ફેરહુ સબહિ ગૃહસ્થ નરનારી ॥૧૧॥
પ્રાતઃસ્નાન કરી શુભ સ્થલ જાઈ, પૂજા દ્વિવિધ પરમ સુખદાઈ ।
નિત્ય પ્રતિ કરની તતપર હોઈ, મનકે મલ ટારત સદ્ય સોઈ ॥૧૨॥
અબ જો ત્યાગી હરિભક્ત ઉદારા, વાનપ્રસ્થ સંન્યાસી અપારા ।
બ્રહ્મચારી નૈષ્ઠિક વ્રતધારી, ત્યું મમ આશ્રિત વિધવા નારી ॥૧૩॥
સુનહુ વચન મમ સબ શ્રુતિસારા, જેહિ સુની અતિપ્રિય હોય તુમારા ।
કરહુ યત્ન સબહિ ચિત લાઈ, રસન ઇંદ્રિ જિતહુ દુઃખકદાઈ ॥૧૪॥

**દોહા** - રસનાકો પોષન કિએ, મદત હે ઈંદ્રિયવૃંદ ।
સબકી મૂલ રસના જિતો, રહો સબ ભજનાનંદ ॥૧૫॥
**સોરઠા** - અન્ય ઈંદ્રિ વશ હોય, જો લું ન જિતત નિજ રસના ।
નાહિ જિતેંદ્રિય સોય, રસના જેતિ જીતે સબ ॥૧૬॥
**ચોપાઇ** - પ્રભુકો પ્રસાદ જાની સુખકારી, ભોજન કરહુ સબે નરનારી ।
હરિઈચ્છા આવત અન્ન જેહા, દિનદિન સ્વાદરહિત ગ્રહો તેહા ॥૧૭॥
જોબનજુત નર ત્રિય રહે જોલું, કામશત્રુ અતિ પિડત તોલું ।
વ્રત ઉપવાસ નિયમ દ્રઢ ધારી, જિતહુ કામરિપુ અતિ ભારી ॥૧૮॥
ધારણા પારણા નામ હે જોઉ, ચાતુર માસકો વ્રત શુભ સોઉ ।
વર્ષવર્ષ પ્રતિ વ્રત વિચારી, વિધિજુત કરહુ સબહિ સુખકારી ॥૧૯॥
ચાંદ્રાયણ પરાક સુખદાઈ, તપ્તકૃચ્છ્ર વિધિજુત હિત લાઈ ।
એહિ સબ વ્રત કરહુ ચહુ માસા, કામકો મૂલ ખનન અભ્યાસા ॥૨૦॥
**દોહા** - ઈન વ્રતનિ કરી ટરત હે, મનમલ કામવિકાર ।
તોલું કરહુ પ્રતિવર્ષ વ્રત, જોલુ કામ સંહાર ॥૨૧॥
**સોરઠા** - યું નિત્ય કરત અભ્યાસ, સંતકું સેવત શુદ્ધ મન ।
હોત વિમલ મતિ તાસ, કામાદિક તજી હરિ ભજત ॥૨૨॥

ઈતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિહરિજનસંવાદે ગૃહિત્યાગીવ્રતનિરૂપણનામા
ત્રયોવિંશોઅધ્યાયઃ ॥૨૩॥

## અધ્યાય-૨૪

**ચોપાઇ** - અબ સુનુ ત્યાગિભક્ત જન જેહુ, મુનિ સંન્યાસી આદિ સબ તેહુ ।
બ્રહ્મચર્ય વ્રત અષ્ટ પ્રકારા, સદા રખત તુમ સબહિ ઉદારા ॥૧॥
સો નૈષ્ઠિક વ્રતકો અંગ કોઈ, કબહુ પ્રમાદસેં ખંડિત હોઈ ।
નરનારી મમ આશ્રિત જેહી, કરન જોગ્ય પ્રાયશ્ચિત વિધિ તેહી ॥૨॥
નારિકથા અજ્ઞાનસેં કરહી, ત્યું ત્રિયકથા શ્રવણ મન ધરહી ।
કરત વિનોદ નારી જેહી ઠામા, તેહી સ્થલ ક્ષણ એક કરત આરામા ॥૩॥
રુપ રું વય વ્યક્તિ જુત જેહુ, નારી અવેવ નિરીક્ષણ તેહુ ।
ત્રિયકું સુનાવને નરસંગ જ્ઞાના, અતિ અજ્ઞાનસેં કહત અજાના ॥૪॥

**દોહા** - પુરુષકે સંગ કરાવહિ, ત્રિયસું એકાંતમેં બાત ।
સ્ત્રિય અંગસંગકો કામવશ, ભએ સંકલ્પ સાક્ષાત ॥૫॥
સો સંકલ્પકે વશ ભએ, આપકું ક્ષણ કોઉ હોય ।
ત્યું વનિતા તન વસ્ત્રકો, સ્પર્શ ભુલિ કરે કોય ॥૬॥
**સોરઠા** - ઈનમેં એકહુ હોય, જો પ્રમાદસેં કબહુ તબ ।
રહે ઉપવાસી સોય, રાધાકૃષ્ણકે જપ સહિત ॥૭॥
**ચોપાઇ** - એહિ વિધ સબ વિધવા ત્રિય જેહા, મમ જન લેહુ વિચારીકે એહા ।
પુરુષકથા શ્રવણાદિક હોઈ, એક ઉપવાસ કરે ત્રિય સોઈ ॥૮॥
ધનુષ્યમાત્ર ત્રિય તજીકેં દૂરા, ચલત ત્યાગી નર મમ જન શૂરા ।
ત્યું મમ આશ્રિત વિધવા જેહુ, નરસેં દૂર ચલો સબ તેહૂ ॥૯॥
બુદ્ધિપૂર્વક મરજાદા એહિ, ઉનમત હોય ઉલંઘત જેહી ।
ત્યાગિમાત્ર નર ત્રિય મમ દાસા, કરન જોગ્ય સો એક ઉપવાસા ॥૧૦॥
હરિઉત્સવ દિન આવત જબહી, જન સમૂહ મિલહી બહુ તબહી ।
દેવાલય વા અજ્ઞ શિશુ જોગા, ત્યું સંકીરણ મગ બહુ લોગા ॥૧૧॥
**દોહા** - યું આવશ્યક જોગમેં, ત્યું ભિક્ષાટન જેહુ ।
તહાં ત્રિયસ્પર્શ બચાવનો, મમ આજ્ઞા સુનિ લેહુ ॥૧૨॥
ત્યું ઉત્સવ આદિક વિષે, વિધવા વનિતા જોઈ ।
સ્પર્શ બાચવે પુરુષકો, મમ આજ્ઞા હે સોઈ ॥૧૩॥
**ચોપાઇ** - ધનુષમાત્ર દૂર ચલે જોઉ, તેહિ સ્થલ નિયમ રહત નહિ સોઉ ।
તન કરી સ્પર્શ ઉત્વસમહિ જાઈ, ના કરનો દઢ અંગ બચાઈ ॥૧૪॥
તહાં અજ્ઞાનસેં ત્રિય સ્પર્શ હોઈ, એક ઉપવાસ કરત નર સોઈ ।
ત્યું નરસ્પરસસેં વિધવા જેહી, એક ઉપોષણ કરના તેહી ॥૧૫॥
એક ભિંત અંતર ત્રિય વાસા, તહાં ભૂલે નિશિ રહે હરિદાસા ।
નૈષ્ઠિક વ્રત જુત મમ જન જેહા, કરહિ એક ઉપોષણ તેહા ॥૧૬॥
ત્રિયસંગ રહે એકાંત સ્થલ માંહી, મગ ત્રિય સંગ એક વાહન જાહી ।
એસો કર્મ કરત જબ કોઉ, પાદકૃચ્છ્ર વ્રત કરહી સોઉ ॥૧૭॥
**દોહા** - નરસંગ વાહન વા કથન, કરત હે વિધવા જોઈ ।
પાદકૃચ્છ્ર હરિનામ જુત, કર સુખદ વ્રત સોઈ ॥૧૮॥

**ચોપાઇ** - સંગ વાહન ભાષણ નરસંગા, તજન જોગ્ય વિધવા શુભ અંગા ।
સો નિજપિત્રાદિક સંગ જેહુ, દુષણ જોગ્ય નાહી તબ તેહુ ॥૧૯॥
શિશુ સ્તનપાન કરત હે જોઇ, તેહિ સ્પર્શ ત્રિયહિ દોષ નહિ ।
હોઈઆપત કાલ લહત ત્રિય જબહી, પિતુઆદિ સ્પર્શ દોષ ન તબહી ॥૨૦॥
કામવિવશ અજ્ઞાન પ્રસંગા, અષ્ટમ બ્રહ્મચર્ય ભયો ભંગા ।
તબ પ્રાયશ્ચિત કરનો તેહિ જેતાં, કલિપ્રમાન બરનું અબ તેતા ॥૨૧॥
પ્રાયશ્ચિત ધર્મશાસ્ત્ર મહિ જેહુ, કરન ન સમર્થ નર ત્રિય તેહુ ।
કરન જોગ્ય આવશ્યક જોઇ, સુગમ ઉપાય બરનુ અબ સોઈ ॥૨૨॥
**દોહા** - શ્રીઉદ્ધવસંપ્રદાયકે, ગ્રંથમેં વ્રત નિરધાર ।
અઘ ટારન પ્રાયશ્ચિત કર, મમ જન તેહિ અનુસાર ॥૨૩॥
**ચોપાઇ** - અષ્ટમ બ્રહ્મચર્યકો જબહુ, ભંગ કદાચિત હોવે તબહુ ।
ધારણ પારણ વ્રત કરે ત્યાગી, વર્ષ એક વિધિવત બડભાગી ॥૨૪॥
અથવા ચાંદ્રાયણ વ્રત જેહા, યથાવિધિ કરનો મુનિ તેહા ।
યમ અરુ નિયમ સહિત વ્રત કરનો, વ્રત કરી પાપ સબહિ પરહરનો ।૨૫॥
નિજ વ્રતભંગ ત્યાગી નર જોઇ, યહ વ્રત કરન ન સમર્થ હોઇ ।
બદ્રિનાથ હોઇ આવે જબહિ, મુનિમંડલમહિ લેના તબહી ॥૨૬॥
એહિ વિધ કરત પુરુષ વ્રત જોઉ, ગ્રહણ જોગ્ય હરિજનમહિ સોઉ ।
ત્યું વ્રત કરી શુદ્ધ હોવત નારી, ત્રિય નિજવૃંદમેં લેત વિચારી ॥૨૭॥
**દોહા** - કરિકે દુષ્કૃત અતિ દુઃખદ, પ્રાયશ્ચિત કરત ન જોઇ ।
મુનિમંડલસેં કાઢનો, સદ્ય અંત્યજસમ સોઇ ॥૨૮॥
**ચોપાઇ** - પાપનિવારણ કરિકે ત્યાગી, સો મમ પદ પાવત બડભાગી ।
વિન કિયે ઘોર નરકમહિ જાવે, વિમુખ જ્યું માર જમનકી ખાવે ॥૨૯॥
ગૃહિ નર ત્રિય અરુ ત્યાગી જેહુ, મમ બચનનિમેં રહો દૃઢ તેહુ ।
જિનકે જોગ્ય નિયમ જો હોઇ, હો તતપર રખના દૃઢ સોઇ ॥૩૦॥
સાંસારિક તુચ્છ સુખકે માંહી, પ્રીતિ કરત જોગ્ય તુમ નાંહી ।
રાધાકૃષ્ણ સદા ઉર ધારી, મમ જન મગન રહો નરનારી ॥૩૧॥
એક ભક્તિ કરી રિઝત એહિ, ભક્તાધીન કહત સબ તેહિ ।
તાતે કપટરહિત સુખદાઇ, ભક્તિ કરહુ સબ અતિ હિત લાઇ ॥૩૨॥

**દોહા** - યું નિજઆશ્રિત જનનકું, દે ઉત્તમ ઉપદેશ ।
ગાન કરન મહામુનિનકું, પ્રેરત ભએ સર્વેશ ॥૩૩॥
**ચોપાઇ** - પ્રેમસું ગાન કરત મુનિવૃંદા, કરુણા દગ દેખત સુખકંદા ।
નિજજન સંગ ભક્ત સુખદાઈ, ગાત મધુર સ્વર તાલી બજાઈ ॥૩૪॥
તાસ કૃપા નરનારી અનંતા, પાએ સમાધિ લક્ષ બુદ્ધિવંતા ।
અક્ષરધામ અલૌકિક માંહી, બહુ રવિસમ તેહી દેખત તાહી ॥૩૫॥
કિતનેક પ્રથમ આએ ન જેહી, હે પ્રભુમહિ સંશય જુત તેહી ।
દેખી પ્રતાપ અલૌકિક ભારી, જાને જથારથ પ્રભુ સુખકારી ॥૩૬॥
નિજસંબંધીકું લેનકે કાજા, તેહિ સ્થલ આયો દુષ્ટ સમાજા ।
દેખિકે સો પ્રભુપ્રબલ પ્રતાપા, તેહિ આશ્રિત ભએ તજી સબ પાપા ॥૩૭॥
**દોહા** - યું જનકું આનંદ દે, નિજનિજ સ્થલકું જાન ।
આજ્ઞા દે અપને શિબિર, ચલેઉ શીઘ્ર ભગવાન ॥૩૮॥
**સોરઠા** - સુખપ્રદ પરમ સુજાન, નિજદેરામહી આએ તબ ।
રાજત શ્રીભગવાન, પરમ એકાંતિક દાસ મધ્ય ॥૩૯॥
ચોપાઈ - યું દિન દિન પ્રભુ અધિક સ્વસ્છંદા, મિલે ભક્ત તેહિ દેત આંનદા ।
ભએ દિન સાત બસત તેહિ ઠામા, નિજજશ પ્રકટ કિન સુખધામા ॥૪૦॥
આઠમેં દિન નિજજન મધ્ય આઈ, સિંહાસન સ્થિત ભએ સુખદાઈ ।
ભક્તવૃંદ પ્રભુ જૂના કીના, નીલકંઠ મુનિ આજ્ઞા દીના ॥૪૧॥
સુનહુ મોર જન નર અરુ નારી, નિજનિજ ગૃહ સબ જાઓ વિચારી ।
શ્રીપુરુષોત્તમકો ધરી ધ્યાના, સાવધાન ચલો સબહિ સુજાના ॥૪૨॥
યું આજ્ઞા દે જનસુખદાતા, શ્રીનારાયણ મુનિ વિખ્યાતા ।
જય શ્રીકૃષ્ણ ઈમિ બચન ઉચ્ચારી, ચલેઉ સંગ લે મુનિ બ્રહ્મચારી ॥૪૩॥
**છંદ હરિગીત** - મુનિવૃંદ મધ્ય સુખકંદ સોહત કૃપાનિધિ સુખદેન જુ,
કરિ કુલાહલ જનવૃંદ સબ જય જય કહત મુખ બેન જુ ।
શિર પુષ્પ મુકુટ અપાર હાર ઉદાર ઉર પર રાજ હી,
શુભ લલિત ભાલકે મધ્ય કુંકુમ ચંદ્ર અતિ છબિ છાજ હી ॥૪૪॥
યું ચલત શોભાધામ નિરખત ભક્ત દગ જલ લાયકે,
કરિ ગાન ગદગદ કંઠ નરત્રિય ચલે પ્રભુ સંગ ધાયકે ।

પ્રભુ ચડી ચપલ નિજ અશ્વપર અતિ શીઘ્ર ગતિ જબ કીન જુ,
કરસેન કરી સબ ભક્તજનકું રહન આજ્ઞા દીન જુ ॥૪૫॥
**દોહા** - શીઘ્ર ચલાયો અશ્વકું, કીનો ચરન પ્રહાર ।
ગએઉ ભક્તકે સંઘસેં, એક અખિલ આધાર ॥૪૬॥
**ચોપાઇ** - જોલુ દષ્ટિબલ દેખત રએઉ, પુનિ ધરિ ધ્યાન નિવર્તત ભએઉ ।
ઉર હરિ ધ્યાન નયન બહે વારી, નિજ નિજ દેશ ગએઉ નરનારી ॥૪૭॥
પ્રભુ રૈવતગિરિ છાયામાંઇ, રહવસ સદા મુનિવરકી નાંઇ ।
અઘ અધર્મકો મૂલ ઉખારી, સતજુગ પ્રગટ કીન સુખકારી ॥૪૮॥
વર્ષ વર્ષ પ્રતિ ઉત્સવ કરહી, યું જનમોહ અવિદ્યા હરહી ।
બ્રહ્મરુપ કિએ નિજ જનવૃંદા, જન ઉદ્ધારણ ફિરત સ્વચ્છંદા ॥૪૯॥
ઈશમહોત્સવ અતિસુખદાઈ, પઢત સુનત મન મોદ બઢાઈ ।
સો મનવાંછિત સબ ફલ પાવે, પ્રભુપ્રસાદ હરિધામમેં જાવે ॥૫૦॥
**દોહા** - શ્રીસતસંગશિરોમણિ, ગ્રંથ સુનત કરી પ્યાસ ।
રાધાકૃષ્ણ સો ધર્મજુત, તેહિ ઉર કરત નિવાસ ॥૫૧॥
અધર્મ મૂલ ઉખારને, વાસુદેવ જગવંદ ।
ગ્રંથ કરાયો પ્રેમસું, સુનત મિટહિ ભવફંદ ॥૫૨॥
સુમતિ સુનત યહ ગ્રંથકું, દઢ વિશ્વાસ બઢાય ।
તેહિ ઉર ધર્મ કુટુંબ જુત, બાસ કરત નિત્ય આય ॥૫૩॥
સુનહિ ગ્રંથ યહ સુચિત્ત હો, આદ્ય રુ અંત પ્રજંત ।
જાનત ધર્મ અધર્મ સો સબવિધ સંત ॥૫૪॥
મહા મુનિવર કે ગુનગ્રહે, તે હિ ઉર ધર્મ ।
પ્રકાશ કામ ક્રોધ મદ લોભજુત, અધર્મ હોત વિનાશ ॥૫૫॥
જો ઓગુન ગ્રહે સંતકે, મનુષ્યભાવ ઉર લાય ।
તેહિ ઉર અધર્મ કુલસહિત, વાસ કરત હે આય ॥૫૬॥
ધર્મદેવ જેહિ ઉર બસે, સો લહે પદ નિરવાન ।
અધર્મ જુત નરનારી સબ, પરત નરકકી ખાન ॥૫૭॥
જો યહ ગ્રંથકો પ્રેમ જુત, સુમતિ કરત સનમાન ।
હોત વિમલમતિ ભક્ત સો, તેહિ રીઝત ભગવાન ॥૫૮॥

દુર્ગ નામ પત્તન સુખદ, ઉન્મત ગંગા તીર ।
ગ્રંથ કીયો તેહિ ધામમેં, પ્રેરક શ્રીબલબીર ॥૫૯॥
સંવત અઠાર પંચોતરે, સુખપ્રદ ચાતુર્માસ ।
સોમ ચોથ અષાઢકી, પૂરન ગ્રંથ પ્રકાશ ॥૬૦॥
છંદ ચોપાઇ સોરઠા, દોહા તાસ નિરધાર ।
એક સહસ્ત્ર અરુ ઉભય શત, તેહિ પર એક ઉદાર ॥૬૧॥

ઈતિ મુક્તાનંદમુનિવિરચિતે શ્રીસત્સંગશિરોમણૌ
શ્રીનારાયણમુનિહરિજનસંવાદે પ્રાયશ્ચિત્તપ્રકરણનિરૂપણનામા
ચતુર્વિંશોધ્યાયઃ ॥૨૪॥
સત્સંગશિરોમણિઃ સંપૂર્ણઃ ॥



॥વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

## શ્રીમુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

# સતી ગીતા

### કડવું ॥૧॥

ૐનમો અખિલ ભુવનપતિરાયજી, નીલકંઠ ગુરુ કરજ્યો સહાયજી ।
ઉર વસજ્યો પ્રભુ અખિલ આધારજી, સતીગીતા કરુ સુગમ પ્રકારજી ॥૧॥
**ઉથલો** - સુગમ રીત્યે કરી કહું, સતીગીતા ગ્રંથ અનુપ ।
જે સુણતાં સર્વ સુંદરીને, ઉર વસે હરિરુપ ॥૨॥
નીલકંઠ મુનિવરે કહ્યો, ગીર્વાણ ગ્રંથ ઉદાર ।
તે હવે ભાષા કરી કહું, સદ્ગ્રંથ કેરો સાર ॥૩॥
ઈષ્ટદેવ છે ધર્મ ભક્તિ, તેહને વારમવાર ।
નીલકંઠ મુનિવર નમે છે, જાણી સુખદ અપાર ॥૪॥
ધર્મ મહા સુખધામને, ચરણે નમાવું શીશ ।
જે ત્રિભુવનમાં જીવેશ્વરનાં, કારણ પરમ અધીશ ॥૫॥
ભવતારણ ધર્મની પત્ની, ભક્તિ જેહનું નામ ।
તેહને વારમવાર વંદુ, જાણી સર્વ સુખધામ ॥૬॥
ભૂત ભવિષ્ય વર્તમાનમાં, ધર્યા જે જે હરિઅવતાર ।
તે ભક્તિથકી મુમુક્ષુને, અંતર ભાસે અપાર ॥૭॥
પુરુષોત્તમનાં રુપ સર્વે, સામર્થ્ય સહિત અંનત ।
મુક્તાનંદ કહે બ્રહ્મપુરમાં, ભક્તિવડ્યે જુવે સંત ॥૮॥

### કડવું ॥૨॥

ધર્મ ભક્તિનો પામી પ્રસાદજી, નીલકંઠ મુનિ કહ્યો સંવાદજી ।
સતી ગીતા આ ગ્રંથનું નામજી, નારીમાત્રને અતિ સુખધામજી ॥૧॥

**ઉથલો** - સુખધામ સર્વ નારીતણો, સદ્‌ગ્રંથ અતિ સુખરુપ ।
શ્રીનિજગુરુ મુખ સાંભળ્યો, તે ભાખુ પરમ અનુપ ॥૨॥
દેવસભામાં ગંગાદિક નદી, સાંભળતાં શ્રુતિસાર ।
પારવતીએ શિવને કહ્યા, વનિતાના ધર્મ ઉદાર ॥૩॥
પ્રગટ શ્રીભક્તિથકી, મેં સાંભળ્યા જે ધર્મ ।
સુવાસિની વિધવાતણા, ધર્મનો કહું શુભ મર્મ ॥૪॥
શ્રીઉદ્ધવ સંપ્રદાયને, આશર્યા વનિતાવૃંદ ।
ઈચ્છે નિજધર્મ જાણવા, જેણે ટળે ભવના ફંદ ॥૫॥
માનિનીયોનું હિત કરી, મેં રચ્યો ગ્રંથ રસાળ ।
પ્રાયશ્ચિત સોતા આ ગ્રંથે કરી, જાણે ધર્મ વિશાલ ॥૬॥
પ્રથમ સુવાસિની ધર્મ વર્ણવું, કરીને પરમ વિભાગ ।
પછી તે વિધવા ધર્મને, વર્ણવું અતિઅનુરાગ ॥૭॥
સતીગીતામાં સુંદરીના, ધર્મ અતિદૃઢ જેહ ।
મુક્તાનંદ કહે માનિનીને, આપે અતિ સુખ તેહ ॥૮॥

## કડવું ॥૩॥

શુભ કુળ શુભ ગુણ રુપ ઉદારજી, જોઈ યોગ્ય વર કરે નિરધારજી ।
વિધિવત રીત્યે આપે તાતજી, તેતો સુવાસિની ત્રિય સાક્ષાત ॥૧॥
**ઉથલો** - સુવાસિનીથી ઈતર નારી, તે વિધવા કહેવાય ।
તેનાં લક્ષણ કહું હવે, જેમ શ્રુતિ સ્મૃતિ ગાય ॥૨॥
જ્ઞાન વૈરાગ્ય કે ભક્તિને બળે, ન બળી પતિસંગ જોય ।
ધર્મ પાળ્યાને બળે, નવ બળી પતિસંગ કોય ॥૩॥
સુંદર સુતનું બળ ગ્રહી, પતિસંગ ના બળી હોય ।
એ રીત્યે તન નવ તજે, વિધવા કહાવે સોય ॥૪॥
જે વનિતા વૈરાગ્યવંતી, વિષયથકી ઉદાસ ।
શ્રીહરિને નિજપતિ ગણે, ત્યાગે તે અન્ય સુખ આશ ॥૫॥
પ્રાકૃત નર અતિતુચ્છ જાણી, ન પરણી જે નાર ।
તેપણ વિધવા જાણવી, જે થાવા ઈચ્છે ભવપાર ॥૬॥
જે વનિતાને તપજ વા'લુ, દૃઢમતિ નિષ્કામ ।
બાળપણાથી પ્રભુ ભજે, ઉર ધારે હરિ સુખધામ ॥૭॥

તે સર્વે વનિતાઓ વિધવા, સંન્યાસી સમ એહ ।
મુક્તાનંદ કહે માનિની સર્વે, સાંભળો કરી નેહ ॥૮॥

## કડવું ॥૪॥

તે મધ્ય પ્રથમ સુવાસિની જેહજી, ઉભય પ્રકારની જાણો તેહજી ।
કુલટા સતી વે ભિન્નભિન્ન નામજી, એક દુષ્ટા એક શુભ ગુણધામજી ॥૧॥
**ઉથલો** - દુષ્ટા નારી તે કામિની, કુલટા કહાવે એહ ।
પોતાનો પતિ પરહરી, કરે જાર સંગ સનેહ ॥૨॥
રુડા કુળમાં ઉપજીને, જો કોઈ કુલટા થાય ।
દુષ્ટસ્વભાવ અધર્મવાળી, વઢવેડ્યે ન ધરાય ॥૩॥
ભૂંડે મુખ નિજપતિને ભાંડે, જારસંગ અતિ પ્રીત ।
ધર્મી પતિને જુવે વિખસમ, એ કુલટાની રીત ॥૪॥
સુંદર નયણ કટાક્ષ નાખી, કામ સમ જુવે જાર ।
કામવશ અતિપાપિણી, કુલટાના એ આચાર ॥૫॥
કામી જોબનવાન નરનો, જોઈને સુંદર વેષ ।
ધીરજ તજી ભીંજાય યોની, લાજ ન રહે લવલેશ ॥૬॥
ગુરુકે પતિ પુત્રાદિકે, કુલટાઓ શુદ્ધ ન રખાય ।
જ્યાં ત્યાં ભેટે જારને, નૃપતિને વશ નવ થાય ॥૭॥
કુલટા નારી ન કોઈની, જિહાં સ્વારથ ત્યાંજ લોભાય ।
મુક્તાનંદ કહે માયામૂર્તિ, પાપરુપ કહેવાય ॥૮॥

## પદ ॥૧॥ (પદ રાગ સોરઠા)

**('હરિગુણ ગાતાં, દુર્જનિયાંનો ધડક ન મનમાં ધારિયે') એ ઢાળ છે -**

કુલટા નારી, પાપતણી મૂર્તિ અતિશે દુઃખકારી,
એનું મુખ દીઠે પુણ્ય સરવે નાશે થાય પાતક ભારી।
એને જગમાં કોઈ નહી વા'લું, કરે હેત તે સ્વારથીયું ઠાલું,
બોલે કામપ્રવેશ કાલું કાલું ॥કુલટા૦॥૧॥
એ તો નિત્ય નૌત્તમ સંગ નેહ કરે, નિત્ય જુના જુના નર પરહરે,
એનું કોઈ ઠેકાંણે મન ન ઠરે ॥કુલટા૦॥૨॥

જેમ ધેનુ તૃણ ચરવા જાયે, તે નવુંનવું ખોલી ખાયે;
એમ કુલટા બહુ સંગ લોભાયે ॥કુલટા૦॥૩॥
એનું જપ તપ વ્રતમાં મન ન ઠરે, ચિત્ત દૈ ઘરનું નવ કામ કરે;
કેદિ ગુરુ મૂર્તિમાં મન ન ધરે ॥કુલટા૦॥૪॥
એનું જાર પુરુષ સંગ મન ડોલે, બધું ગામ ગર્જે તેમ મુખ બોલે;
કહે મુક્તાનંદ વેશ્યા તોલે ॥કુલટા૦॥૫॥

## કડવું ॥૫॥

કહી છે પુરાણમાં કુલટાઓ જેહજી, ત્રણ પ્રકારની જાણો તેહજી ।
સ્વૈરિણી કામિની ને પુંશ્ચલી નામજી, ત્રાસરહિત મહાપાપનું ધામજી ॥૧॥
**ઉથલો** - ત્રાસરહિત મહાપાપણી, પરપંચનો નહિ પાર ।
પાપ કરી રાજી રહે, મનમાં ન શંક લગાર ॥૨॥
પોતાની નાત્યના નર સંગ, ચૂકે તે સ્વૈરિણી નાર ।
નાત્ય પરનાત્યમાં કામિની, થાય ભ્રષ્ટ ઠારોઠાર ॥૩॥
નાત્ય પરનાત્ય ને કુટુંબીસંગ, કરે અતિવ્યભિચાર ।
પ્રભુવિમુખ એ પુંશ્ચલીના, પશુતુલ્ય આચાર ॥૪॥
કુલટા ત્રણ પ્રકારની, તે મરીને જમપુર જાય ।
કોટિ કલ્પ તે કષ્ટ પામે, તોય ન સદ્‌ગતિ થાય ॥૫॥
જેને પતિવ્રત અચળ છે, પતિવ્રતા તેહનું નામ ।
પ્રાણથકીપણ પતિ વલ્લભ, અંતર અધિક અકામ ॥૬॥
દેવ દૈત્ય ને નરથકી, જેને અધિક પતિસંગ હેત ।
ઈશ્વર જાણી કપટ ત્યાગી, સેવે પ્રેમ સમેત ॥૭॥
દાન વ્રતાદિક શુભ ક્રિયા, પતિહુકમથી કરે એહ ।
મુક્તાનંદ તે પતિવ્રતાનો, પિયુસંગ પરમ સનેહ ॥૮॥

## કડવું ॥૬॥

એક સુતવાનને સુતસંગ પ્રીતજી, જેમ હરિજન રહે હરિશું વિનીતજી ।
એક નેત્રવાનને નેત્રમાં નેહજિ, જેમ તર્ષ્યાંને જળમાં સનેહજી ॥૧॥

**ઉથલો** - સ્નેહ જળમાં તૃષાવંતને, ભુખ્યાને અન્નમાં પ્યાર ।
કામીને પરનારીશું, રહે સહજે પ્રેમ અપાર ॥૨॥
ચોરને પરધન વિષે, રહે પ્રીત સહજે જેમ ।
દુષ્ટ નારીને જારસંગે, જેમ છે પ્રેમનું નેમ ॥૩॥
પંડિતને જેમ શાસ્ત્રમાં, રહે સહજસ્વભાવે હેત ।
વેપારી વેપારનો, કરે ઉદ્યમ પ્રેમસમેત ॥૪॥
એજ રીતે પ્રીતિ નિરંતર, સતીને રહે પતિસંગ ।
મન રહે નિજપતિવિષે, અતિરાચે પતિને રંગ ॥૫॥
પતિવ્રતા વનિતાતણા, કહું ધર્મ પરમ ઉદાર ।
સતીને સેવ્યા જોગ્ય છે, જેણે લહે પતિત ભવપાર ॥૬॥
પતિવ્રતા વનિતાઓને, પતિ તેજ ઈશ્વરરુપ ।
પતિને સેવે ભક્તિથી, જાણી ઈશ્વરતુલ્ય અનુપ ॥૭॥
પ્રભાતે ઉઠી નાહીને, રાખે તે સુંદર સાજ ।
મુક્તાનંદ કહે પતિવ્રતા, નવ લોપે પતિની લાજ ॥૮॥

## કડવું ॥૭॥

વળી કહું ઉત્તમ નારીની રીતજી, વસ્ત્ર પોતાનાં રાખે પુનીતજી ।
અતિ પવિત્રતા રાખે તેહજી, પતિસેવામાં પરમ સનેહજી ॥૧॥
**ઉથલો** - સનેહ પતિ સેવ્યા વિષે, નિત્ય રહે તે પતિને હજૂર ।
નિર્મળ નીરે સ્નાન કરાવે, નિમેષ ન રહે દૂર ॥૨॥
ધોયેલ સુંદર વસ્ત્ર આપે, પતિના પગ ધુવે સોય ।
સતીને નિજપતિ દેવતા, પતિતુલ્ય અન્ય નહિ કોય ॥૩॥
પતિને સુંદર આસન આપે, ચંદન ચરચે ભાલ ।
સૌ અંગે ચંદન ચડાવી, અર્પે હાર વિશાલ ॥૪॥
સામ વેદના મંત્ર કહીને, દીયે સુધાસમ ભોગ ।
પતિને પૂજે ભક્તિથી, કરે સ્તવન ન મન સંજોગ ॥૫॥
સદા નમુ નિજકાંતને, સર્વદેવરુપે જેહ ।
નમુ નિત્ય મહાશાંતને, પૂજુ આ મંત્રે પતિ એહ ॥૬॥

એ મંત્રે કરી પુષ્પ ચંદન, સમર્પે કરી પ્યાર ।
ધૂપ દીપ ને વસ્ત્ર આભૂષણ, ભોજન અનંતપ્રકાર ॥૭॥
અતિ સુગંધી જલ સમર્પે, સુગંધી મુખવાસ ।
મુક્તાનંદ કહે હાથ જોડી, ઉભી રહે પતિપાસ ॥૮॥

## કડવું ॥૮॥

પ્રથમ રમાએ કહ્યું શ્રુતિસાગરજી, તેજ સ્તવન સતી કરે ઉચ્ચારજી ।
કાંતને વંદુ વારમવારજી, શિક્ષા દેતલ સુખદાતારજી ॥૧॥
**ઉથલો** - મોક્ષદાતા મંગલમૂર્તિ, શાંત દાંત અનુપ ।
સર્વે દેવસ્વરુપ જે, નિત્ય નમુ નિજપતિરુપ ॥૨॥
નમુ આત્મસ્વરુપને, જે સતીના પ્રાણઆધાર ।
પૂજન વંદન જોગ્યને, નિત્ય નમુ કરી બહુ પ્યાર ॥૩॥
અંતરજામી સ્વરુપ જે, વળી પ્રાણના પણ પ્રાણ ।
નયણ તારાને નમુ, સેવ્યે મળે નિર્વાણ ॥૪॥
નારીને જ્ઞાનઆધાર જે, વળી પતિ એ પરમાનંદ ।
ધર્મ યજ્ઞ ને અચળ અક્ષર, પતિ સદા સુખકંદ ॥૫॥
બ્રહ્મતત્ત્વ છે પતિ નિર્ગુણ, સેવ્યાથી તે નાસે કર્મ ।
નમુ નિજઆધારને, પતિ આશરે સર્વ ધર્મ ॥૬॥
જાણે અજાણે જે કર્યા, સર્વ ગુના કરજો માફ ।
દાસી જાણી દયાસિંધુ, ટાળજો સર્વ પાપ ॥૭॥
તમેજ પત્નીના સગા, હું સદા તમારી દાસ ।
મુક્તાનંદ એમ સ્તુતિ કરી, સતી રહે સદા પતિ પાસ ॥૮॥

## પદ ॥૨॥ (પદ રાગ ગરબી)

**('રે સગપણ હરિ વરનું સાચુ') એ ઢાળ છે -**

રે સતી એમ સેવે નિજસ્વામી, સદા સર્વ સુખથી નિષ્કામી ॥રે સતી૦॥
રે પ્રથમ આ સ્તવન અતિ ભારી, ગાયું કમળા અતિ અઘહારી ।
સતી સૌને મહા સુખકારી ॥રે સતી૦॥૧॥
રે સરસ્વતી ગાન કર્યુ એનું, ગંગા ધરા પઠન કર્યું તેનું ।
માહાત્મ્ય અતિ જાણે સૌ જેનું ॥રે સતી૦॥૨॥

રે બ્રહ્માણીએ બ્રહ્મા રિઝાવા, પાર્વતીએ શિવ રાજિ થાવા।
ગાયું પતિસ્તવન કપટ જાવા ॥રે સતી૦॥૩॥
રે મુનિ કેરી પત્નિયો સુરનારી, ગાયું તેણે સ્તોત્ર આ વિચારી।
મુક્તાનંદ કહે થૈ પિયુ પ્યારી ॥રે સતી૦॥૪॥

## કડવું ॥૯॥

કમળા આદિ સ્તવન કર્યું જેહજી, પતિવ્રતા સૌને સુખપ્રદ એહજી ।
આ સ્તોત્રે કરી પતિવ્રતા સર્વજી, પતિનું સ્તવન કરે ત્યાગી ગર્વજી ॥૧॥
**ઉથલો** - ગર્વ તજી પતિને સ્તવે, પછી પ્રેમે લાવે થાળ ।
પોતે જ રાંધી પીરશે, બહુ પાક પરમ રસાળ ॥૨॥
પતિ જમાડ્યા કેડ્યે જમે, પતિ બેઠે બેસે તેહ ।
પતિ સુતા કેડ્યે સુવે, એમ પતિશું પરમ સનેહ ॥૩॥
પતિ જાગ્યાથી મો'ર જાગે, એજ સતીની રીત ।
સુંદર આભરણ વસ્ત્ર પહેરે, સતીને પતિસંગ પ્રીત ॥૪॥
જ્યારે પતિ અન્ય ગામ જાયે, આભૂષણ કરે ત્યાગ ।
પતિ વિના સતી સર્વથી, ઉર રાખે દૃઢ વૈરાગ ॥૫॥
પતિનું નામ ન મુખ કહે, પતિ આયુષ વધવા કાજ ।
પતિને નામે નામ અન્યનું, તે ન લહે ગ્રહી લાજ ॥૬॥
વાદ વિવાદ ન કરે પતિસંગ, સહે તે અતિ અપમાન ।
મારે તોય રાજી રહે, મુખ કરે પતિ ગુણગાન ॥૭॥
ઘણીવાર ન દ્વાર ઉભે, ન કહે ઉંચે સાદ ।
મુકતાનંદ લોભિનું ધન તેમ, સતી કરે સંવાદ ॥૮॥

## કડવું ॥૧૦॥

પતિ બોલાવે તો તજે ઘર કામજી, વેગે જૈ કહે મન અભિરામજી ।
હાજર છઉં કરો હુકમ તે ત્યારજી, એમ હળવી રહી કરે ઉચ્ચારજી ॥૧॥
**ઉથલો** - ઉચ્ચાર હળવી રહી કરે, પતિ સેવે શ્રીહરિનું રુપ ।
વણકહ્યે તે સામગ્રી સર્વે, આપે પરમ અનુપ ॥૨॥

પતિનું અન્ન ઉચ્છિષ્ટ જે, તે જમે કરી બહુ પ્યાર ।
અન્ન ફળાદિક પતિ જે આપે, વંદે વારમવાર ॥૩॥
દેવ પિતૃ ને અતિથિ સર્વ, ગાયો ભિક્ષુક જેહ ।
સેવકને આપ્યા વિના, નવ જમે સાધ્વી તેહ ॥૪॥
દુર્બળ વિપ્ર અનાથ જે, વળી રાંક અંધ ને દીન ।
ભુખ્યાને અન્નદાન આપે, પતિને રહે આધીન ॥૫॥
સામગ્રી સર્વ ત્યાર રાખે, શાણી હરખ સમેત ।
ખરચ અતિશે નવ કરે, પતિહુકમમાં બહુ હેત ॥૬॥
પતિની મરજી લોપિને, ન કરે વ્રત ઉપવાસ ।
પતિવ્રતા નિજધર્મ રાખી, મગન રહે પિયુ પાસ ॥૭॥
પતિવ્રતાના ધર્મ ભાખ્યા, શંખમુનિ કરી પ્યાર ।
મુક્તાનંદ કહે તેજ રીત્યે, ભાખું શ્રુતિ અનુસાર ॥૮॥

## કડવું ॥૧૧॥

હુકમ વિના ન જાય ઘર બહારજી, વસ્ત્ર ઓઢ્યા વિના ન રહે લગારજી ।
ચાલ્ય ઉતાવળી ચાલે નહિ સોયજી, સતી પરનર સંગ ન બોલે કોયજી ॥૧॥
**ઉથલો** - ન બોલે પરપુરુષ સંગે, પતિવ્રતા જગ જેહ ।
જતિ વણિક વૃદ્ધ વૈદ્ય સાથે, બોલે અવશ્ય હોય તેહ ॥૨॥
નાભિ કોઈને નવ દેખાડે, પહેરે તે ઘુટીપર્યંત ।
સ્તન ઉઘાડા નવ કરે, ન હસે દેખાડી દંત ॥૩॥
પતિ ને પતિના સંબંધીનો, ન કરે દ્વેષ લગાર ।
દૂતી ધૂતારી વેશ્યા સંગે, લેશ ન રાખે પ્યાર ॥૪॥
નજારા મારતી નારી, જોગણ્ય વનિતા હોય ।
શીલરહિત જે કપટમૂર્તિ, સંગતિ જોગ્ય ન સોય ॥૫॥
કહી જે પ્રથમ કુનારીયો, તેનો સંગ સતીને થાય ।
નિશ્ચે નિજધર્મથી પડે, તેનું સતીપણું સર્વે જાય ॥૬॥
જનસમાજ કે ઉત્સવ જોવા, સતી ન જાય બુદ્ધિવંત ।
તીરથ જાય ન એકલી, ઘર રહી ભજે ભગવંત ॥૭॥
વિવાહ ને ન જુવે સતીયો, રાખે ઉત્તમ રીત ।
મુક્તાનંદ કહે પતિવ્રતાને, પતિશું પૂરણ પ્રીત ॥૮॥

## કડવું ॥૧૨॥

અતિ એકાંતનું કારજ હોયજી, સતી ન ઉઠાડે પતિને તોયજી ।
સુખે સુતો સુખે બેઠો જોયજી, કામ ન ચિંધે પતિને કોઈજી ॥૧॥
**ઉથલો** - કામ ન ચિંધે કોઈ પતિને, બોલે તે મરજી પ્રમાણ ।
પતિને ઈશ્વર તુલ્ય જાણી, સેવે પરમ સુજાણ ॥૨॥
રજસ્વલા જ્યારે થાય ત્યારે, પતિથકી રહે દૂર ।
ત્રણ રાત્ર ન મુખ દેખાડે, નાહીને થાય હજૂર ॥૩॥
નાહ્ય નહિ ત્યાં લગી પતિસંગ, ન કરે વચન ઉચ્ચાર ।
નાહીને પતિનું વદન નીરખે, પતિશું પૂરણ પ્યાર ॥૪॥
ગામ ગયો હોય નિજપતિ તો, પતિનું ધરી ઉર ધ્યાન ।
સૂરજનું દર્શન કરે, અન્ય પુરુષ ઝેર સમાન ॥૫॥
ભાલે કુંકુમ ચાંદલો, સેંથે ભરે સિંદૂર ।
કાજલ સારે નયણમાં, સદા પહેરે કમખો જરુર ॥૬॥
તાંબૂલ આભરણ તિલ હરિદ્રા, ગુંથે તે સુંદર કેશ ।
અંગોઅંગ આભરણ સજિ, રાખે મનોહર વેશ ॥૭॥
પતિનું આયુષ ઈચ્છતી, સતી ન ત્યાગે શણગાર ।
મુક્તાનંદ કહે પતિવ્રતા, એમ રાખે શુભ આચાર ॥૮॥

## પદ ॥૩॥ (રાગ ઘોળ)

**('મારે પ્રીત બંધાણી રે કે શ્યામળિયા સંગે') એ ઢાળ છે -**

સતી નિઃશંક થઈને રે, કે પતિવ્રત દૃઢ પાળે ।
જગ કેરી જુઠિ રે, કે અન્ય તૃષ્ણા ટાળે ॥૧॥
રહે પતિસંગ રાચીરે, કે અન્ય સુખને ત્યાગી ।
જેને પતિ સેવ્યામાં રે, કે દૃઢ લગનિ લાગી ॥૨॥
સતી નારી ન મુકેરે, કે સત થકિ પગ પાછો ।
સમજી સાચો છે રે, કે નિજધર્મ અતિ સાચો ॥૩॥
આગે અનંત સતીની રે, કે રીતિ ઉર ધારે ।
હરિરુપ હૈયામાં રે, કે અહોનિશ સંભારે ॥૪॥

ગાય હરિગુણ પ્રીત્યે રે, કે દુષ્ટનો સંગ તજે ।
પ્રેમે નિજપતિ સેવે રે, કે ઉર હરિરુપ ભજે ॥૫॥
સદા નીચ ત્રિયાની રે, કે સંગત્યને ત્યાગે ।
મુક્તાનંદ કહે પતિવ્રતા રે, કે પ્રભુપદ અનુરાગે ॥૬॥

## કડવું ॥૧૩॥

સતી ન કરે ધોબણ્યનો સંગજી, જેથકી થાય નિજ વ્રત ભંગજી ।
વાત કહી કરે ધર્મનાશજી, સતી ન બેસે તે ત્રિય પાસજી ॥૧॥
**ઉથલો** - પાસ ન બેસે તેહને, જેને અંતર ધર્મ ન લેશ ।
સતીના ધર્મને લોપવા, કરે જુઠા બહુ ઉપદેશ ॥૨॥
દુઃખિ દુવાગણ્ય નારીકેરો, સતી ન રાખે સંગ ।
તે સંગતને પરહરે, જેના બોલ્યામાં નહિ ઢંગ ॥૩॥
જે નારી વિશ્વાસઘાતી, વૃંદલ વનિતા વેશ ।
પતિવ્રતા એ પાપીયોનો, સંગ ન રાખે લેશ ॥૪॥
નરનો વેશ ધરી રહી, વળી બોલકી બહુ જેહ ।
ઘણે ઘેર ભમતી ફરે, તેશું સતી ન રાખે સનેહ ॥૫॥
જુગટું રમતલ ત્રિયા, વળી માદક પીતલ નાર ।
ચુગલ નારીશું પતિવ્રતા, પ્રીતિ ન રાખે લગાર ॥૬॥
ક્રૂર નારીનો સંગ તજે, વળી અતિ વઢકણી કોય ।
ચોરટી અતિ અંતરમેલી, સંગતિ જોગ્ય ન સોય ॥૭॥
અતિચપળ અતિઆહારવાળી, અલવ્ય વનિતાઓ એહ ।
મુક્તાનંદ કહે પતિવ્રતાને, સંગતિ જોગ્ય ન તેહ ॥૮॥

## કડવું ॥૧૪॥

પતિસંગ દ્વેષ કરે ત્રિય જેહજી, તે સંગ સતી ન રાખે સનેહજી ।
એકલી ઘર તજી ક્યાંઇ ન જાયજી, નગ્ન થઈ કોઈ કાળે ન નહાયજી ॥૧॥
**ઉથલો** - નગ્ન થઈ નવ નહાય ક્યારે, અંતર ત્રાસ અપાર ।
અન્ય પુરુષ જેમ અંગ ન દેખે, રાખે એજ વિચાર ॥૨॥

ખાંડણીયો મૂશળ સાવરણી, ઉંબર કે પાષાણ ।
તે ઉપર નવ બેસવું, એ સતીની રીત પ્રમાણ ॥૩॥
અંગસંગના સમય વોણી, નિર્લજ્જ પતિશું ન થાય ।
પતિરુચિ તહાં પ્રેમવંતી, તેજ સતી કહેવાય ॥૪॥
ઉંચે આસન ચડી ન બેસે, પરઘર ન ભમે એહ ।
ગાળ કે નિર્લજ વચન હોય, સતી ન બોલે તેહ ॥૫॥
જેઠ કે સસરા સમીપે, ન કહે ઉંચે સાદ ।
નિર્લજ્જ થઈ અતિ નવ હસે, નવ કરે બહુ બકવાદ ॥૬॥
અન્ય પુરુષનો સ્પર્શ ન કરે, એજ અનાદિ રીત ।
મનને વશ થઈ નવ જુવે, પરપુરુષને કરી પ્રીત ॥૭॥
પશુની જાતના પુરુષને, સતી ન દેખે કરી હેત ।
મુક્તાનંદ સતી નવ સુણે, પરકલંક કલેશસમેત ॥૮॥

## કડવું ॥૧૫॥

સતી ન કલંક ધરે કોયને શીષજી, કોયશું ન વઢે કરી બહુ રીષજી ।
પતિવ્રતા નારીને પતિ એ દેવજી, સતી શુદ્ધમને કરે પતિસેવજી ॥૧॥
**ઉથલો** - શુદ્ધમને કરે સેવ પતિની, ન લોપે વચન લગાર ।
પતિના અવગુણ ઉર ન ધારે, રાખે પૂરણ પ્યાર ॥૨॥
નપુંસક રોગી દરિદ્રી, વૃદ્ધ બુદ્ધિનો હીન ।
પતિ સમર્થ કે રંક જેવો, સતી સેવે થઈ દીન ॥૩॥
પતિને હરષે હરષ જેહને, પતિને કલેશે કલેશ ।
સંપત વિપતમાં એકસરખી, ધર્મ ન તજે લેશ ॥૪॥
ઘૃત લવણ ને તેલ આદિક, જ્યારે તે ઘરમાં ન હોય ।
સતી એ દુઃખની વારતા, પતિ આગળ ન કહે તોય ॥૫॥
જેજે કામ કર્યા થકી, પતિને તે પરિશ્રમ થાય ।
પતિવ્રતા તે કામસારુ, પતિની પાસ ન જાય ॥૬॥
બહારથી જ્યારે પિયુ પધારે, દેખી હરખ અપાર ।
વેગે આસન જળ દઈ, કરે પાનબીડી તૈયાર ॥૭॥
વીઝણો લઈ વાસર નાખે, પગ દાબે કરી પ્રીત ।
મુક્તાનંદ કહે પતિવ્રતાની, એજ ઉત્તમ રીત ॥૮॥

## કડવું ॥૧૬॥

મધુર વચન કહે પરમ રસાલજી, જે સુણી ખેદ ટળે તતકાલજી ।
ભક્તિ સહિત જોડે બેઉ હાથજી, પ્રેમ ભરી બોલે પિયુ સાથજી ॥૧॥
**ઉથલો** - પ્રેમ ભરી પિયુ સાથ બોલે, પતિજ જેહને દેવ ।
પતિજ ગુરુ પતિ ધર્મપાલક, તીર્થ વ્રત પતિસેવ ॥૨॥
તેમાટે સતી નારીને, રાખવું પતિનું માન ।
સતીને પતિનું કોય પ્રકારે, ન કરવું અપમાન ॥૩॥
દેવ મનુષ્ય ગાંધર્વ વિષે, બહુ આભરણ જુક્ત જુવાન ।
રુપવંત ધનવંતને, સતી દેખે નરક સમાન ॥૪॥
પતિની કેડે વરતવું, જેમ ઓછાયો દેહ સાથ ।
એમ કહી વિવાહમાં, દ્વિજ ઝલાવે પતિહાથ ॥૫॥
પતિ આજ્ઞા લઈ કરી, સતી કરે વ્રત ઉપવાસ ।
નિત્ય નિમિત્ત શુભ કર્મ જે, તે પતિને વચને પ્રકાશ ॥૬॥
કહ્યાં એ સર્વ નિયમમાં, જો ભંગ કોયનો થાય ।
સતી એ પાપ નિવારવા, કરે વેગે તેજ ઉપાય ॥૭॥
પ્રભાતે જાગવા આદિક, નિયમ સતીના જેહ ।
મુક્તાનંદ કહે દૃઢ કરી, નિત્ય રાખે સાધ્વી તેહ ॥૮॥

## પદ ॥૪॥ (પદરાગ ઘોળ)

સતી નારીને પતિસંગ પ્યાર રે, પતિસેવા ન ચુકે લગાર રે ॥૧॥
નિજધર્મ રાખે દૃઢ તેહરે, તેમાં ભૂલ્યે ખંડિત થાય જેહ રે ॥૨॥
તેનો એકએક કરે ઉપવાસ રે, ત્યાગે પતિવ્રતા તનસુખ આશ રે ॥૩॥
સતી શૂર ને સંતની રીત રે, સૌથી ન્યારી ને પરમ પુનીત રે ॥૪॥
સતી પતિસંગ બળવાને જાય રે, પાછી ભાગે તો ભ્રષ્ટ કહેવાય રે ॥૫॥
શૂરો રણમાં જઈ પાછો ભાગે રે, તેના કુળને તે લાંછન લાગે રે ॥૬॥
ત્યાગી થૈને વિષયમાં બંધાય રે, તેતો શ્વાનથી નીચ કહેવાય રે ॥૭॥
મુક્તાનંદ કે' સતી એમ જાણીરે, રાખે નિજધર્મ પરમ શ્યાણી રે ॥૮॥

## કડવું ॥૧૭॥

ગાળ કે ભૂંડૂ બોલે જેહજી, પાદકૃચ્છ્ર વ્રત કરે સતી તેહજી ।
એક વાર જે ભૂલ્યે કહેવાયજી, તે છૂટ્યાનો કહ્યો ઉપાયજી ॥૧॥
**ઉથલો** - કહ્યો ઉપાય જે છૂટવા, તે કરે જો એકજ વાર ।
જો દહાડી કરતી રહે, તે પાપ તણો નહી પાર ॥૨॥
એકજ વાર અજાણમાં, કરે હાથે પતિને પ્રહાર ।
ચાર ઉપોષણ સામટા કરી, છુટે પાપનો ભાર ॥૩॥
લાકડીએ એકવાર મારે, પતિવ્રતા થઈ જેહ ।
બાર દિવસનું વ્રત કરે, પારાક નામે તેહ ॥૪॥
એ રીતે સંક્ષેપથી, કહ્યા સુવાસિની કેરા ધર્મ ।
દુર્લભ નારી પતિવ્રતા, જે જાણે પતિવ્રત ધર્મ ॥૫॥
પતિની આજ્ઞા વિમુખ થઈ, કરે નિમય વ્રત ઉપવાસ ।
પ્રથમ પતિનું આયુષ ટાળે, મુવે તે નરક નિવાસ ॥૬॥
દાન વ્રત ઉપવાસ સુકૃત, તેનાં નિષ્ફળ થાય ।
પતિના ધર્મથી જે પડે, તે નિશ્ચે નરકે જાય ॥૭॥
મન કર્મ વચને પતિની આજ્ઞા, ન લોપે જે નાર ।
મુક્તાનંદ કહે તે સતી, હરિ ભજિને ઉતરે પાર ॥૮॥

## કડવું ॥૧૮॥

એ લક્ષણ વિના સતી ન કહેવયાજી, અસતી નારી સર્વ જમપુર જાયજી ।
વાણીદુષ્ટ નહિ ખળ સંગજી, ધીરજ દઢ શુભ વ્રત અભંગજી ॥૧॥
**ઉથલો** - અભંગ વ્રત અતિનિર્મળી, વળી યોનિદુષ્ટ ન જેહ ।
પોતાના સત્યને બળે, સર્વ વિશ્વ ધારે તેહ ॥૨॥
યોનિદુષ્ટ તે કામિની, જે ચુકી પર નર સંગ ।
નહિ નિવારણ કોય ઠેકાણે, નાશ થઈ સર્વ અંગ ॥૩॥
વચન દુષ્ટ જે કામિની, તેનો દોષ નિવારણ હોય ।
યોનિદુષ્ટનો મુનિવરે, ઉપાય ન કહ્યો કોય ॥૪॥
યોનિદુષ્ટાનો કોટી કલ્પે, થાય નહિ ઉદ્ધાર ।
તિર્યક યોનિ અનંતમાં, જન્મે મરે બહુ વાર ॥૫॥

નામમાત્ર મનુષ્યતનને, પામે કુલટા નાર ।
ચાંડાળી થઈ શ્વાન ખાયે, ફરે તે દ્વારો દ્વાર ॥૬॥
પતિ બોલાવે ત્યારે જે વનિતા, કરે તે અતિશે ક્રોધ ।
ક્રોધ કરી પતિને કહે, જેમ આપે શઠને બોધ ॥૭॥
તે થાય ગામમાં કૂતરી, વળી શીયાળ વનમાં થાય ।
મુક્તાનંદ કહે કુનારીનું, કષ્ટ નવ કહેવાય ॥૮॥

## કડવું ॥૧૯॥

જે નિજ પતિનો કરી ત્યાગજી, પરનર સંગ કરે અનુરાગજી ।
તે ઉલૂકી થાય અધિક ક્રૂરજી, પોલા તરુમાં નિત્ય વસે જરુરજી ॥૧॥
**ઉથલો** - પોલા તરુમાં નિત્ય વસે, કરે કાગ કીટનો આહાર ।
રાત બધી ભમતી રહે, તેનો કષ્ટતણો નહિ પાર ॥૨॥
પતિ મારે તૈયે પતિ હણવા, ક્રોધ કરી થાય ત્યાર ।
તે સિંહણ ને મીંદડી થઈ, મારે જીવ અપાર ॥૩॥
જે પરનરને કટાક્ષે કરી, જુવે કુલક્ષણી નાર ।
તે ફાંગી થઈ ભૂંડુ મુખ લઈ, ફરે તે ઠારોઠાર ॥૪॥
જે નિજપતિને પરહરી, મિષ્ટાન્ન એકલી ખાય ।
ગામમાં તે ભુંડણ્ય સરજે, વડે વાગોલી થાય ॥૫॥
ઉંધે મુખ લટકી રહે, ખાય આપની વિષ્ટા એહ ।
દિવસમાં નજરે ન દેખે, પામે અતિ દુઃખ તેહ ॥૬॥
જે તુંકારા કરે પતિને, મુંગી સરજે જોય ।
સોક્યની ઈર્ષ્યા કરે તે, દ્વાગણ્ય વિધવા હોય ॥૭॥
પતિની નજર ચુકાવીને, જુવે પરનરને કરી પ્યાર ।
મુક્તાનંદ કહે વાણી કુમુખી, થાય કુરુપ ગમાર ॥૮॥

## કડવું ॥૨૦॥

શીળભંગ જે નારીનું થાયજી, ત્રણ કુળ બોળીને નરકમાં જાયજી ।
માત પિતા પતિનું કુળ જેહજી, લાંછન જુક્ત કરે ત્રણ તેહજી ॥૧॥
**ઉથલો** - લાંછન દઈ ત્રણ વંશને, વળી પામે તે કષ્ટ અપાર ।
જીવતી ધિક થાય જક્તમાં, મૂવે મળે જમમાર ॥૨॥

શીલભંગ જે કામિની, તેનો પતિ અતિ ધર્મવાન ।
તોય પડે તે સ્વર્ગથી, થાય જુઠું જપ વ્રત દાન ॥૩॥
તેમાટે સૌ નારીને, રાખવું શીલ અભંગ ।
મન કર્મ વચને પરપુરુષનો, કદી ન કરવો સંગ ॥૪॥
સુકૃતનું ભાજન મનુષ્યતન, તેહનો કરીને વિચાર ।
પર નર સ્પર્શ બચાવવો, કરી યત્ન અનંત પ્રકાર ॥૫॥
પરપુરુષના સ્પર્શમાંહી, ઠાલો સુખ આભાસ ।
મૂરખ નારી મોહને વશ, પડે તે જમને પાશ ॥૬॥
સતીનો જશ આ લોકમાં, વળી સદા સ્વર્ગનિવાસ ।
સખિપણું કમળા સંગાથે, ત્યાં નહિ જમનો ત્રાસ ॥૭॥
પતિ હોય મહાપાતકી, વળી હરિવિમુખ જો હોય ।
મુક્તાનંદ કહે પતિવ્રતાને, ત્યાગ કરવો સોય ॥૮॥

**પદ ॥૫॥ (પદ રાગ રામગ્રી)**

સૂરજ સરખી પતિવ્રતા, જેને પ્રભુસંગ પ્રીત ।
કાળતણે શિર પગ દઈ, સહજે જગ જીતિ ॥સૂરજ૦॥૧॥
સીતાના જેવું સત્ય ગ્રહી, સેવે નિજ સ્વામી ।
હરિથી વિમુખ પતિ હોય તો, રહે અતિ નિષ્કામી ॥સૂરજ૦॥૨॥
પતિ જો કરે પ્રભુ આશરો, છૂટે પાપથી જ્યારે ।
પતિવ્રતા પૂરણ પ્રીતશું, સેવે નિજપતિ ત્યારે ॥સૂરજ૦॥૩॥
છાયામાં કોઈની દબાઈને, નિજધર્મ ન લોપે ।
લેશ જો ધર્મ લોપાય તો, સતી મન ઘણું કોપે ॥સૂરજ૦॥૪॥
એવી જે અતિશુદ્ધ પતિવ્રતા, તેતો પતિને ઉદ્ધારે ।
મુક્તાનંદ માબાપને, કુળસહિત તે તારે ॥સૂરજ૦॥૫॥

**કડવું ॥૨૧॥**

સતી તનરોમ સંખ્યા નિરધારજી, તેટલી ક્રોડ્યના દશ હજારજી ।
રમે પતિસંગ સ્વર્ગમાં સોયજી, મહાસુખ પામે વિઘ્ન ન કોયજી ॥૧॥

**ઉથલો** - મહાસુખ પતિસંગ ભોગવે, નિત્ય ગોવિંદના ગુણ ગાય ।
એવી મહાસતી પતિવ્રતાનો, મહિમા કહ્યો ન જાય ॥૨॥
ધન્ય તે માત ને તાત સતીનાં, ધન્ય પતિ ગુણવંત ।
જેને ઘેર એ પતિવ્રતા, નિત્ય ભજે શ્રીભગવંત ॥૩॥
સો જન્મના પુણ્યનો, સંચય તે જેહને હોય ।
તેને ઘેર એવી પતિવ્રતા, અતિ સુભાગી નર સોય ॥૪॥
માત તાત ને પતિતણી, ત્રણ ત્રણ પેઢી જેહ ।
પતિવ્રતાના પુણ્યથી, પામે સ્વર્ગનાં સુખ તેહ ॥૫॥
અકારજ કરનાર જે, વળી પતિત શુભગુણ હીણ ।
એવા પતિને સતી ઉદ્ધારે, પોતાને તારે પ્રવીણ ॥૬॥
સૂરજ ચંદ્ર ને વાયુ સતીને, સ્પર્શ કરે ધરી ત્રાસ ।
શુદ્ધ થવા સતીને સ્પરસે, અન્ય નહી ઉર આશ ॥૭॥
તીર્થ જે પૃથ્વી વિષે, તેનો સતીને ચરણે વાસ ।
મુક્તાનંદ કહે પતિવ્રતાનો, સૌથી પરમ પ્રકાશ ॥૮॥

## કડવું ॥૨૨॥

સુર મુનિ સિદ્ધ તપસ્વી જેહજી, સૌનું તેજ સતીતન વસે તેહજી ।
સતીની ચરણરજનો મહિમાયજી, જેણે સર્વ ભૂમિ શુદ્ધ થાયજી ॥૧॥
**ઉથલો** - થાય ભૂમિ શુદ્ધ સર્વે, ચરણરજ પ્રતાપ ।
પાપી કરે પ્રણામ સતીને, તેહનાં જાય સર્વ પાપ ॥૨॥
સતી પોતાને તેજે બાળે, ત્રિલોકી તતકાળ ।
પતિવ્રતા મહાપુણ્યવંતી, જેહનું તેજ વિશાળ ॥૩॥
અરુંધતી સાવિત્રી સરખી, પતિવ્રતા બળવાન ।
શતરુપા કમળા સતી સમ, ભજે શ્રીભગવાન ॥૪॥
શાંડિલી મેના સુનીતિ, તે સરખી સતી સોય ।
સંજ્ઞા સ્વાહા લોપામુદ્રા, એવી તે વિરલા કોય ॥૫॥
કહી જે નારી પતિવ્રતા, તેના ત્રણ પ્રકારના ભેદ ।
ઉત્તમ મધ્યમ ને કનિષ્ઠા, વખાણે નિત્ય વેદ ॥૬॥

ત્રણને મધ્યે કનિષ્ઠા તે, પાળે સતીના ધર્મ ।
પતિથી ઈચ્છે કામસુખને, દેખાડે બહુ મર્મ ॥૭॥
શૃંગારિક રસમિશ્ર જે, કરે હાવ ભાવ અપાર ।
મુક્તાનંદ પતિને ગમે, સતી કરે તેજ પ્રકાર ॥૮॥

## કડવું ॥૨૩॥

રુપ ને ગુણ પરનરનાં જોઈજી, તે સંગ મન રહે મોઈજી ।
મન વશ કરતાં હારી જાયજી, દેહે કે વચને ભ્રષ્ટ ન થાય જી ॥૧॥
**ઉથલો** - વચને દેહને શુદ્ધ રાખે, મન વિકળ થઈ જાય ।
એવાં લક્ષણ જેહનાં, તે સતી કનિષ્ઠા કહેવાય ॥૨॥
મધ્યમા સતી ધર્મ સર્વે, રાખે દૃઢ કરી સોય ।
પતિસેવામાં પ્રેમ અતિશે, તનસુખ ન ગમે કોય ॥૩॥
પોતાના પતિથી અધિક, ધન રુપ ગુણ કરી જેહ ।
જુવાન નરને જોઈને, સર્વ અંગે ન ચળે તેહ ॥૪॥
દૈવજોગથી દેશ કાળને, ક્રિયા સંગ મળે તે વાર ।
મને કે દેહે પરપુરુષસંગ, પામે નારી વિકાર ॥૫॥
તે વિના અન્ય પુરુષનો, સ્વપ્નમાં સંગ ન લેશ ।
ક્યાંય ન મન ડગવા દીયે, રાખે ધીરજ ધર્મ વિશેષ ॥૬॥
પતિથકી પણ કામસુખને, કૈયે ન ઈચ્છે એહ ।
પતિનું આપેલ પતિવ્રતા, સુખ ભોગવે કરી સનેહ ॥૭॥
કહ્યાં એ લક્ષણ જેહનાં, તે મધ્યમાના આચાર ।
મુક્તાનંદ કહે મધ્યમા સતી, ન તજે ધર્મ લગાર ॥૮॥

## કડવું ॥૨૪॥

ઉત્તમ પતિવ્રતા તેહનું નામજી, પ્રથમ કહ્યા તે ધર્મનું ધામજી ।
સર્વ ધર્મ સેવે કરી પ્યારજી, પતિવ્રતા ન ચળે ધર્મથી લગારજી ॥૧॥
**ઉથલો** - ન ચળે લગારે ધર્મથી, એ ઉત્તમ સતીની રીત ।
પોતાના પતિને તજી, સતીને ન અન્યશું પ્રીત ॥૨॥

ધન જોબન ગુણ રુપવંતો, દેખી પુરુષ સુવેશ ।
મન કર્મ વચને પતિવ્રતા, નવ ચળે ધર્મથી લેશ ॥૩॥
દેશકાળાદિક વિષમ આવે, તોય ન મન ચળી જાય ।
પતિવ્રતાને અન્ય પુરુષનો, મનમાં ઘાટ ન થાય ॥૪॥
સનેપાતાદિક રોગ અથવા, કેફનો કરે આહાર ।
સતીને અન્યસંગ નિજપતિની, ભ્રાંતિ ન થાય લગાર ॥૫॥
પ્રેમ ભરી સેવા કરે, પતિથી ન ઈચ્છે કામ ।
નિજ ધર્મમાં અતિરુચિ, પતિસેવામાં સુખધામ ॥૬॥
આગ્રહે કરી પ્રેમ કરી, પતિ કામસુખ કરે દાન ।
ભાવ વિના તે ભોગવે, તેને જાણે કષ્ટસમાન ॥૭॥
જે લીંબુ ભક્ષણ કરે, તેણે ચણા કેમ ચવાય ।
મુક્તાનંદ કહે ઉત્તમ સતીને, એમ વિષય ભોગવાય ॥૮॥

## પદ ॥૬॥ (રાગ ગરબી)

**('મને રસિયા સંગાથે રંગ લાગ્યો રે' એ ઢાળ છે -)**

સતી સેવેછે પતિને એવી રીતેરે, ધરે ઉરમાં હરિને અતિ પ્રીતેરે ॥૧॥
દેહ પોતાનું ને પારકું છે જેહરે, સતી નરક સમાન ગણે તેહરે ॥૨॥
ભજે કમળા પતિને કરી પ્રીતેરે, જાણી અતિશે ઉત્તમ રસ રીતેરે ॥૩॥
સતી સેવે છે પતિને ગ્રહી લાજરે, તેતો કૃષ્ણને રીઝાવવાને કાજરે ॥૪॥
પતિ પરણી લાવે જો અન્ય નારરે, સતી ન કરે શોક લગારરે ॥૫॥
સામું રાજી રહે થાય તેની દાસીરે, ભજે અંતરે અખંડ અવિનાશીરે ॥૬॥
એવી ઉત્તમ સતી જે જગમાંઈરે, અતિદુર્લભ ખોળી ન જડે ક્યાંઈરે ॥૭॥
મુક્તાનંદ કહે પતિવ્રતા સોયરે, પાપદૃષ્ટિએ ન દેખી શકે કોયરે ॥૮॥

## કડવું ॥૨૫॥

સતીને ક્રૂર નજરે દેખે જેહજી, ગલત કોઢીયા થાય પાપી તેહજી ।
દેવાદિકથી સતી ન જોવાયજી, પાપે જુવે તો જમપુર જાયજી ॥૧॥
**ઉથલો** - જાય જમપુર પાતકી, જે સતીમાં કલ્પે પાપ ।
ચોરાશી લક્ષ દેહમાં, ભોગવે બહુ સંતાપ ॥૨॥

કનિષ્ઠા જે સતી કહી, તેને સાત જન્મ જૈયે થાય ।
રાખે નિજધર્મ દઢ કરી, ત્યારે મધ્યમ સતી કહેવાય ॥૩॥
મધ્યમ સાત જન્મ લગી, જયારે રાખે નિજધર્મ સાર ।
ત્યારે એ ઉત્તમ પતિવ્રતાનો, પામે સર્વ આચાર ॥૪॥
ત્રણ પ્રકારની પતિવ્રતા, તેનો પતિ તજે જૈયે દેહ ।
ત્રણેની ગતિ જુજવી, વર્ણવી સુણાવું તેહ ॥૫॥
તે મધ્યે ઉત્તમ સતી, પતિ મુવા મોર્ય સાક્ષાત ।
પતિનું તન છુટયાતણી, જાણે તે સર્વે વાત ॥૬॥
આ દિવસે આ મુહુર્તે, તજસે તે સ્વામી શરીર ।
એવું જાણી પતિવ્રતા, મનમાં થાય અધીર ॥૭॥
પૂર્વ જન્મ જે પતિતણા, વળી પોતાના ભવ જેહ ।
મુક્તાનંદ કહે સાત કે અધિક, સૂઝે સતીને તેહ ॥૮॥

## કડવું ॥૨૬॥

સતીને અધિક સત્ય વધતું જાયજી, મરણને દિવસે તદ્રૂપ થાયજી ।
પતિસંગ એકતા ટળે તનભાનજી, જય રણછોડ કરે મુખ ગાનજી ॥૧॥
**ઉથલો** - મુખ ગાન હરિગુણનું કરે, જ્યારે ત્યારે નિજપતિ દેહ ।
ચેમા બેસે પતિને સંગે, ત્યાગે સર્વ સનેહ ॥૨॥
ચેમાં બેસતાં વેંત સતીનો, જીવ કરે તનત્યાગ ।
સતી પો'ચે સત્યલોકમાં, પછી બાળે તનને આગ ॥૩॥
તેમાટે એ પતિવ્રતાને, બળે ન થાય દુઃખ લેશ ।
આત્મઘાતનો દોષ ન લાગે, કીધે અનલ પ્રવેશ ॥૪॥
પતિ મુવાના સમયને દિન, મધ્યમ સતી હોય જેહ ।
પોતાનો ને પતિતણો, જાણે એક પૂર્વ ભવ તેહ ॥૫॥
મધ્યમ સીત પણ પતિ સંગાથે, તદાકાર એકતાર ।
પાવક અતિ પીડા કરે તોય, રાખે દઢ નિરધાર ॥૬॥
શૂરો જેમ રણમાં ચડે, તેમ સતીને મન નહિ ત્રાસ ।
પતિ સંગે બળી ભસ્મ થાયે, ત્યાગે તનની આશ ॥૭॥

કનિષ્ઠાને જન્મ પતિનો, પોતાનો ભવ કોય ।
મુક્તાનંદ કહે ન સુઝે, બળે લોકલાજે સોય ॥૮॥

## કડવું ॥૨૭॥

પૂર્વ જન્મ ન સુઝે કોયજી, સમઝી વિચારી બળે સતી સોયજી ।
કામની વ્યાકુળતા વશ એહજી, રહી ન શકે પતિવોણી તેહજી ॥૧॥
**ઉથલો** - પતિ વિના નવ રહી શકે, ઉર કામ ઝાળ અપાર ।
માત તાત ને પતિતણું કુળ, લંછન દઈ કરે ખ્વાર ॥૨॥
વિધવા કેરા ધર્મ દુષ્કર, તેપણ ન પળે લેશ ।
રક્ષક નહિ શુભ સુત નહિ, માટે કરે તે અનલ પ્રવેશ ॥૩॥
ચેમાં કરે પ્રવેશ ત્યારે, વ્યાકુળ અતિશે થાય ।
નિજધર્મ પાળ્યાની બીકે, પતિસંગે બળી જાય ॥૪॥
ત્રણ પ્રકારની પતિવ્રતા, તેને જો હરિભક્તિ ન હોય ।
તો એ સતીયો રુદ્રગણ સંગ, સતીલોકે વસે સોય ॥૫॥
ઉત્તમ સતી નિજપતિને સંગે, પામે ઉત્તમ ભોગ ।
મધ્યમ નિજપતિ સંગ પામે, મધ્યમ સુખ સંજોગ ॥૬॥
કનિષ્ઠા નિજપતિ સોતિ, પામે ભોગ કનિષ્ઠ ।
પોતપોતાના કામસુખને, મોહથકી ગણે ઈષ્ટ ॥૭॥
જે હરિભક્ત પતિવ્રતા, તે રમાતુલ્ય કહેવાય ।
મુક્તાનંદ કહે અનંત સતી સંગ, ગોવિંદના ગુણ ગાય ॥૮॥

## કડવું ॥૨૮॥

ત્રણ પ્રકારની પતિવ્રતા જેહજી, ભિન્નભિન્ન કરી વર્ણવી સર્વ તેહજી ।
જેને બળ્યાનો નહિ અધિકારજી, તે સતીયોનો કરું નિરધારજી ॥૧॥
નિરધાર કરી કહું પતિવ્રતા, જેને પતિસંગે ન બળાય ।
જ્ઞાન વૈરાગ્ય કે ભક્તિવંતી, તે બળી ભસ્મ ન થાય ॥૨॥
બ્રહ્મચર્યાદિક નિયમ જે, વિધવાના ધર્મ ઉદાર ।
તે પાળ્યાની શક્તિ હોય તે, ન બળે કરીને વિચાર ॥૩॥
મોક્ષ ઈચ્છાવાન જે, વળી પુત્રવંતી જે હોય ।
નાનાં બાળ કે ગર્ભવંતી, સતી બળે નહિ સોય ॥૪॥

જે સતીયો એવી રીતની, તેને બળ્યાનો નહિ અધિકાર ।
મન કર્મ વચને તેહને, હરિ સેવવા કરી પ્યાર ॥૫॥
પતિ મુવા પછી પતિવ્રતા, પતિસંગ જે બળી જાય ।
તે અરુંધતી તુલ્ય નારી, સ્વર્ગમાં પૂજાય ॥૬॥
એ આદિ પતિસંગ બળ્યાનાં, વચન ગ્રંથમાં જેહ ।
સૌ વનિતાને નથી કહ્યાં, હવે વિગતે વર્ણવું તેહ ॥૭॥
મોક્ષ ઈચ્છા રહિત જે, નિજધર્મે ન રહે લેશ ।
મુક્તાનંદ કહે તે માનિનીયો, કરે તે અનલ પ્રવેશ ॥૮॥

### પદ ॥૭॥ (પદરાગ કેદારો )

**'ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું, જેથકી સર્વે સંતાપ નાશે' એ ઢાળ છે -**

વિધવાના ધર્મ તે વિકટ સૌથી ઘણા, બ્રહ્મચર્યાદિક નિયમ ભારી ।
જેને એ પાળ્યાનું સામર્થ્ય ન હોય તે, પતિસંગે બળી મરે મન વિચારી ॥ વિધ૦ ॥૧॥
પતિવ્રતા પતિને મુવા પછી દૃઢ કરી, વ્રત બ્રહ્મચર્ય તે અચળ પાળે ।
નહિ તો એ નિજપતિ અંગ શૂરી થઈ, અનલ પ્રવેશ કરી દેહ બાળે ॥ વિધ૦ ॥૨॥
વિચિત્રવીર્ય તણી નારીની પેર એ, વંશ વધાર્યાનો અર્થ જાણી ।
વ્રત બ્રહ્મચર્યનો ભંગ તે નવ કરે, પોતાનો ધર્મ પાળે શયાણી ॥ વિધ૦ ॥૩॥
જતી સતી શૂરની રીત સરખી સદા, તન ધન જાતે ન ધર્મ ત્યાગે ।
તેજ મુક્તાનંદ મહાસુખ ભોગવે, પ્રભુસંગ લગન પણ તેને લાગે ॥ વિધ૦ ॥૪॥

### કડવુ ॥૨૯॥

વિધવા ત્યાગે તનસુખ પ્યારજી, પુષ્પ મૂળ ફળ જળનો આહારજી ।
એમ વ્રત રાખીને સુકવે દેહજી, પરનર સંગ તજે સતી તેહજી ॥૧॥
**ઉથલો** - પતિ મુવા પછી પતિવ્રતા, ત્યાગે તે પરનર સંગ ।
નામ પણ પરનરનું ન લીયે, રાખે વ્રત અભંગ ॥૨॥
નિજપતિ તનને તજે, તૈયે સતી રહે ઘણું શાંત ।
અખંડ રહે બ્રહ્મચારિણી, મનને દમે થઈ દાંત ॥૩॥

અઠ્યાશી હજાર મુનિગણ, ઉર્ધ્વરેતા જેહ ।
વંશવૃદ્ધિ નવ કરી તોય, પોત્યા હરિપદ તેહ ॥૪॥
પતિનું તન છુટ્યા પછી, બ્રહ્મચર્ય રાખે જોય ।
પુત્ર વિના તોય મુનિને પેરે, લહે સદ્ગતિ સોય ॥૫॥
બ્રહ્મચર્યનું લક્ષણ વર્ણવું, તજે તે મદિરા માંસ ।
દિવસમાં સુવું તજે, તજે ગંધ પુષ્પની આશ ॥૬॥
આંખ્યમાં અંજન ન આંજે, તૈલમર્દન ત્યાગ ।
પગે ન પેરે મોજડી, નહી છત્રસું અનુરાગ ॥૭॥
કામ ક્રોધ ને લોભ ત્યાગે, મોહ હર્ષ નૃત્ય ગીત ।
મુક્તાનંદ મદ ભય તજે, એ બ્રહ્મચર્યની રીત ॥૮॥

## કડવું ॥૩૦॥

વળી કહું બ્રહ્મચર્યની રીતજી, જે સુણી વનિતાઓ થાય પુનીતજી ।
શ્રવણ કીર્તન કેલી જેહજી, પરનર સંગ તજે સતી તેહજી ॥૧॥
**ઉથલો** - પરનરને જોવો તજે, ગુહ્ય ભાષણનો કરે ત્યાગ ।
સંકલ્પ જે પરપુરુષનો, ત્યાગે સતી બડભાગ ॥૨॥
પર નરકેરા સંગનું, મનમાં ન નિશ્ચે થાય ।
અંગસંગ તો નજ કરે, તૈયે બ્રહ્મચર્ય કહેવાય ॥૩॥
મૈથુન આઠ પ્રકારનું જેને વર્ણવે મુનિરાય ।
તેથી અવળું વર્તવું, તે બ્રહ્મચર્ય શ્રુતિ ગાય ॥૪॥
સતીનો પતિ તનને તજે, ત્યારે સતી બળે પતિસંગ ।
કાં પાળે બ્રહ્મચર્યને તેનો ભુલ્યે ન થાયે ભંગ ॥૫॥
પુરુષની પેઠ્યે માનિનીને, આત્મઘાતનો દોષ ।
અલ્પમતિ અબળાઓની, તેને બળે થાય સંતોષ ॥૬॥
સ્વર્ગસુખ અતિતુચ્છ જે, તે ધારે મનમાં આશ ।
આત્મઘાતનું પાપ ન ગણે, પાવકમાં કરે વાસ ॥૭॥
અલ્પમતિ જે નારીયો, તેને બળ્યાનો અધિકાર ।
મુક્તાનંદ તે સ્વર્ગથી પડી, ધરે બહુ અવતાર ॥૮॥

## કડવું ॥૩૧॥

બળવા જોગ્ય ન બ્રાહ્મણી કોયજી, પરાશર મુનિ કહિ ગયા સોયજી ।
અન્ય વર્ણની વનિતાઓ જેહજી, બળવાથી તપ કરે શુભ તેહજી ॥૧॥
**ઉથલો** - બળ્યાથી તપ શુભ ઘણુ, એમ કહી વિરંચિ વાત ।
તપ કર્યાની શ્રદ્ધા હોય તે, ન કરે આત્મઘાત ॥૨॥
મુવા પતિ સંગ બ્રાહ્મણી, કરે પાવકમાંહી પ્રવેશ ।
આત્મઘાતના દોષથી નવ થાય સુખ લવલેશ ॥૩॥
પતિસહિત બ્રાહ્મણી, નવ પામે સ્વર્ગનિવાસ ।
બ્રહ્મહત્યારાની પેઠે, ભોગવે મહાદુઃખ ત્રાસ ॥૪॥
સમર્થ ધર્મને પાળવા, વળી મોક્ષની ઈચ્છાવાન ।
તે વનિતાને ન બળવું, એમ બોલ્યા શ્રીભગવાન ॥૫॥
સ્વર્ગને પામવા ઈચ્છે, તેનો એ નિરધાર ।
હઠે કરી નવ પ્રાણ તજવા, તો પામે સુખ સાર ॥૬॥
સ્વર્ગફળ સારુ વૃથા, નહિ ત્યાગવો નિજદેહ ।
મોક્ષ ઈચ્છાવાનને, જાણવું હારદ એહ ॥૭॥
ઈંદ્રાદિક ઈચ્છે ઘણું, એવો મનુષ્ય દેહ ઉદાર ।
મુક્તાનંદ કહે હરિ ભજી, જેણે પામીએ ભવપાર ॥૮॥

## કડવું ॥૩૨॥

તે માટે એ મનુષ્યતન સારજી, તેહની આયુષ હોય લગારજી ।
હરિ ભજી તજી સર્વ વિષય વિકારજી, સાધન કરી પામે ભવપારજી ॥૧॥
**ઉથલો** - સાધન કરી ભવપાર પામે, તેની તે કહું હવે રીત ।
કર્મ કરી હરિને સમર્પે, તેણે તે થાય પુનીત ॥૨॥
અંતરમાંથી મેલ એણીપેર, ટાળીને શુદ્ધ થાય ।
શ્રવણ મનન ને નિદિધ્યાસને, ભક્તિ વધતી જાય ॥૩॥
પુરુષોત્તમનું જ્ઞાન પામી, થાય કૃતાર્થ એહ ।
તે માટે તુચ્છ સ્વર્ગસારુ, ન તજવો આ દેહ ॥૪॥
મોક્ષની ઈચ્છારહિત વળી, અલ્પમતિ અતિ જેહ ।
સ્વર્ગસારુ બળી મરે, સતી નામમાત્ર છે તેહ ॥૫॥

પતિવ્રતાનો ધર્મ જે, તે બે રીતે કહેવાય ।
કેવલ એક જે ધર્મ સતીનો, તેપણ મહામુનિ ગાય ॥૬॥
વાસુદેવની ભક્તિ સોતો, બીજો સતીનો ધર્મ ।
તેથી પામે પરમ પદને, નાસે કોટિક કર્મ ॥૭॥
પ્રથમ ધર્મનું ફળ કહ્યુ છે, સતીને લોક નિવાસ ।
મુક્તાનંદ કહે બીજાનું ફળ, કહું જે પરમ પ્રકાશ ॥૮॥

## પદ ॥૮॥ (રાગ ગરબી)

સતી નારીની રીતિ સાચીરે, જેને પ્રભુસંગ પ્રીત ઘણીઃ
તેને ફેરવણી નહી પાછી રે ॥જેને૦॥૧॥
સતી ધર્મવાન પતિ પામે રે ॥જેને૦॥
તેનું મન ન ચડે અન્ય ભામે રે ॥જેને૦॥૨॥
સતી ઉર કમલાવર ધારી રે ॥જેને૦॥
ભજે નિઃશંક થઈ ગિરિધારી રે ॥જેને૦॥૩॥
તેમાં ઉત્તમ જે સતી નારી ર ॥જેને૦॥
એને ઉર ભક્તિ બળ ભારી રે ॥જેને૦॥૪॥
તે દેહ તજે સતી જ્યારે રે ॥જેને૦॥
થાય કમળાસરખી ત્યારે રે ॥જેને૦॥૫॥
વસે વૈકુંઠે પ્રભુ પાસે રે ॥જેને૦॥
ભજે શ્રીપતિ શ્વાસ ઉચ્છવાસે રે ॥જેને૦॥૬॥
એનો પતિ હરિપાર્ષદ થાય રે ॥જેને૦॥
નિત્ય ગોવિંદના ગુણ ગાય રે ॥જેને૦॥૭॥
કહે મુક્તાનંદ ઉમંગે રે ॥જેને૦॥
સતી રાચે હરિને રંગે રે ॥જેને૦॥૮॥

## કડવું ॥૩૩॥

મધ્યમ સતી જૈયે ત્યાગે દેહજી, સગુણ વિષ્ણુપુર પામે તેહજી ।
સુરવનિતાને વાંછિત જેહજી, જે પુરસંગ સુર સૌને સનેહજી ॥૧॥

**ઉથલો** સ્નેહ છે પુરસંગ સુરને, એવું સગુણ હરિધામ ।
શ્રીવિષ્ણુપુર અતિ સુખદ, વૈકુંઠ જેહનું નામ ॥૨॥
ત્યાં કમળા રહે અન્ય રુપે, તે સમ સુખણી થાય ।
પતિ તેનો હરિપાર્ષદ થઈ, પ્રેમે હરિગુણ ગાય ॥૩॥
કનિષ્ઠા સતી તન તજી, ઋષિલોકમાં કરે વાસ ।
નારીને નરસંગની, ઉરમાં રહે દઢ આશ ॥૪॥
ઋષિના લોકમાં તે સતી, અનુસૂયા ગાર્ગી સમાન ।
પતિસંગે સુખ ભોગવે, રહે અખંડ તન અભિમાન ॥૫॥
યાજ્ઞવલ્કય અત્રિ સરીખો, થાય તે સતીનો કંથ ।
સંક્ષેપે કરી વર્ણવ્યો, સતી કનિષ્ઠાનો પંથ ॥૬॥
વાસુદેવનાં ભક્ત જે, તે સતીની વર્ણવી રીત ।
મર્યાદામાર્ગને આશ્રિત, જાણો પરમ પુનીત ॥૭॥
ઋષિના લોકમાં સતી કનિષ્ઠા, પામે મહાસુખ સોય ।
મુક્તાનંદ હરિમાહાત્મ્ય જોતાં, પક્ષ ન રહે કોય ॥૮॥

## કડવું ॥૩૪॥

ભક્તને અતિ આનંદ દાતારજી, વાસુદેવનો મહિમા અપારજી ।
તે હરિમાહાત્મ્ય જોતાં અશેષજી, સાધનનું બળ ન રહે લેશજી ॥૧॥
**ઉથલો** - લેશ ન રહે સાધનનું બળ, જોતાં હરિ પરતાપ ।
નામમાત્ર ઉચ્ચારવે, ટળ્યાં મહાપાપીનાં પાપ ॥૨॥
અજામિલ મહાપાતકી, તે નારાયણને નામ ।
છોડાવ્યો જમદૂતથી, તેને પોં'ચાડ્યો નિજધામ ॥૩॥
પતિતપાવન પક્ષ લઈને, આપ્યો વૈકુંઠ વાસ ।
પુત્રવરાંસે નારાયણ કહી, પામ્યો પદ અવિનાશ ॥૪॥
એવા અધમ અનંતનો, કીધો શ્રીહરિએ ઉદ્ધાર ।
માહાત્મ્ય જોતાં મહાપ્રભુનું, પતિત લહે ભવપાર ॥૫॥
તે માટે છલ કપટ ત્યાગી, જે હરિભક્ત કહેવાય ।
તેને ભજવા શ્રીહરિ, ત્યાગવો અન્ય ઉપાય ॥૬॥
જે અનન્ય થઈ શરણ આવે, તેને કરે ભવપાર ।
ઉત્તમ મધ્યમ ને કનિષ્ઠની, નવ રાખે વિગત્ય લગાર ॥૭॥

સુવાસિની કેરા ધર્મ સર્વે, ફલ સહિત કહ્યા તેહ ।
મુક્તાનંદ કહે ફળસહિત કહું, વિધવાના ધર્મ જેહ ॥૮॥

## કડવું ॥૩૫॥

વિધવા કેશ ગુંથાવે જેહજી, પતિના બંધને અર્થે તેહજી ।
તેમાટે ઉતરાવવા કેશજી, મટકો દેખાડવો નહિ લવલેશજી ॥૧॥
**ઉથલો** - લેશ ન તન શણગાર રાખે, જો રાખે શિર કેશ ।
જટા જેવા વણીને રાખે, શોભાડે ન નિજવેશ ॥૨॥
તેલ ન ઘાલે કેશમાં, નવ ઓળાવે સતી એહ ।
શુભ તીર્થ શુભ પર્વણીમાં, મુંડી નખાવે તેહ ॥૩॥
આપત્તિકાલ ન હોય તો, વિધવા જમે એકવાર ।
રોગાદિક ઉપદ્રવ થયે, નવ રાખે એ નિરધાર ॥૪॥
ધર્મહીન જે કામિની, તેનો સતી ન રાખે સંગ ।
પલંગપર વિધવા ન પોઢે, જો ન હોય રોગી અંગ ॥૫॥
નગ્ન થઈ નવ ના'ય સાધ્વી, ક્રોધને કરે દૂર ।
રોગાદિક વિના તેલ તનમાં, સતી ન ચોળે જરુર ॥૬॥
વિધવા નારી ન ભોગવે, સુગંધી વસ્તુ લગાર ।
સુગંધી સુંઘ્યા થકી, થાય ઉરમાં અનંત વિકાર ॥૭॥
બળદ પર બેસે નહિ, જો ગળે આવ્યા હોય પ્રાણ ।
મુક્તાનંદ કહે કેફ તાંબૂલ, સતી ન ખાય સુજાણ ॥૮॥

## કડવું ॥૩૬॥

ધાતુવૃદ્ધિ જેણે કરી થાયજી, વિધવા તે અન્ન અતિશે ન ખાયજી ।
રોગાદિક વિના વિધવા જેહજી, દુધ કે ઘૃત અતિ ખાય ન તેહજી ॥૧॥
**ઉથલો** - દુધ ઘૃતાદિક ખાય ન અતિશે, જે થકી વાધે વિકાર ।
ગણ્યું અન્ન કે તજે તેજાનો, સતી ન ખાય લગાર ॥૨॥
કાજુ વસ્ત્ર કસુંબીયું, નવ પે'રે વિધવા નાર ।
ચંદન પુષ્પનો હાર ચૂડી, સતી ન ધરે લગાર ॥૩॥
ન સારે કાજળ નયનમાં, સેંથે તે ન ભરે સિંદૂર ।
ધાતુસોતું વસ્ત્ર ન પહેરે, ન પહેરે ઘરેણાં જરૂર ॥૪॥

ઝીણાં વસ્ત્ર ન પહેરે વિધવા, જેમાં નૌતમ ભાત ।
એવાં વસ્ત્ર ન પહેરવા, જેણે નવ જણાયે જાત ।।૫।।
વિધવા નારી ન પહેરે ડગલી, ન રંગે કર નખ દાંત ।
પગ ન રંગે ફુલ ન ગુંથે, સતી રહે ઘણી શાંત ।।૬।।
સતી ન ચોડે ચાંદલો, નવ સુવાસિની સરખી થાય ।
પુરુષ સરખો વેશ ન કરે, જેથકી લજ્જા જાય ।।૭।।
નાચણ્ય કે સંન્યાસણીનો, વિધવા ન કરે વેશ ।
મુક્તાનંદ કહે વિધવા નારી, પ્રપંચ ન કરે લેશ ।।૮।।

### પદ ।।૯।। (રાગ ગરબી)

**('ઓરા આવો નટવર નાનડીયા' એ ઢાળ છે)**

સુણો સતી વિધવાની રીતિ, જેને પ્રભુસંગે દૃઢ પ્રીતિ ।।સુણો૦।।
વિચારીને તન સુખને ત્યાગે, ઉમંગે હરિસંગ અનુરાગે ।
વિષયસુખથી ડરીને ભાગે ।।સુણો૦।।૧।।
જે જે કર્યે અપકીર્તિ થાયે, તેને તજી ગોવિંદ ગુણ ગાયે ।
કુસંગીની છાયામાં નવ જાયે ।।સુણો૦।।૨।।
લલાટના કેશ ન ખુંટાવે[૨], વૃથા ઘરોઘર ન ભમી આવે ।
પ્રેમે કરી હરિગુણ નિત્ય ગાવે ।।સુણો૦।।૩।।
કોઈને ઘેર બેસવાને નારી, એકલડી જાય ન ઘર બહારી ।
ધીરજ ધરે નિજધર્મ વિચારી ।।સુણો૦।।૪।।
કહ્યા ધર્મ વિધવાના ભારી, પતિવ્રતા સૌને સુખકારી ।
મુક્તાનંદ કહે કહું વિસ્તારી ।।સુણો૦।।૫।।

### કડવું ।।૩૭।।

પિતા આદિ અતિવૃદ્ધની પાસજી, સતી ન બેસે રહે ઉદાસજી ।
ખોળે ન બેસે કરી લાડજી, તાતથી વેગળી રહે કરી ચાડજી ।।૧।।
**ઉથલો** - ચાડ કરી રહે વેગળી, વળી સાસરિયાંની પેર ।
પિયરિયાંશું હસી ન બોલે, લાજ ગ્રહી રહે ઘેર ।।૨।।
સંજોગી નરનારીની, વારતા ભૂંડી જેહ ।
માતા આગળ નવ કહે, પતિવ્રતા વિધવા તેહ ।।૩।।

શૃંગારિક જે વારતા, નવ કરે અન્ય ત્રિય પાસ ।
સંસારી નરનારીથી, વિધવા રહે ઉદાસ ॥૪॥
ફાગણમાં હોળી ન ખેલે, ભુંડુ ન બોલે લગાર ।
મિથ્યા કલંક ન મુખ કહે, નવ કરે ગાળી ઉચ્ચાર ॥૫॥
પ્રસાદી પરબ્રહ્મની, કુંકુમ કે ચંદન હોય ।
એક આંગળીએ ગળે અડાડે, ભાલ ન ચરચે સોય ॥૬॥
હરિપ્રસાદી પુષ્પમાળા, તેપણ વિધવા નાર ।
કંઠમાં પહેરે નહિ, તજે પ્રેમે સુંઘી લગાર ॥૭॥
સાસરિયાં સાથે સતી, નિર્લજ ન બોલે વાત ।
મુક્તાનંદ તેથી ડરે, જેણે થાય નિજ વ્રત ઘાત ॥૮॥

## કડવું ॥૩૮॥

જે અતિપાપણી દુષ્ટ નારજી, તે સંગ હેત ન રાખે લગારજી ।
ભેખધારી વનિતા જગ જેહજી, વિધવા સંગતિ ત્યાગે તેહજી ॥૧॥
**ઉથલો** - તે સંગત્ય વિધવા તજે, જેણે થાય નિજવ્રત ભંગ ।
નારી પુરુષની દૂતીયોનો, ત્યાગે અધિક પ્રસંગ ॥૨॥
શ્રીહરિના અવતાર જે, તેમાં તે નહિ વિશ્વાસ ।
એવી વનિતા પાપણીને, સતી ન બેસે પાસ ॥૩॥
ઔષધની કરનાર જે, વળી લાજવિનાની જેહ ।
જંત્ર મંત્રની જાણ વનિતા, સંગતિ જોગ્ય ન તેહ ॥૪॥
ધૂતારી વળી ગર્ભહણતલ, એવી વનિતા હોય ।
જે વિધવા શ્રીહરિ ભજે, એવો સંગ ત્યાગે સોય ॥૫॥
મહાપાપી કોય પુરુષને ઘેર, પતિવ્રતા હોય નાર ।
તોય તેને ઘેર જોવા સારુ, સતી ન જાય લગાર ॥૬॥
પોતાથી અતિનીચ જાતિ, હોય સતી ધર્મવાન ।
તેને ઘેર વિધવા ન જાય, વચન ન સુણે કાન ॥૭॥
નીચ ત્રિયા સંગ બેસતાં, વિધવાને લાંછન થાય ।
મુક્તાનંદ કહે ઉત્તમ સંગે, ગોવિંદના ગુણ ગાય ॥૮॥

## કડવું ॥૩૯॥

શૂદ્રથી નીચ જાતિ ત્રિય જેહજી, વિધવા તે સંગ ન કરે સ્નેહજી ।
યવનજાતિની નારી ખૂવારજી, તે સંગ વિધવા ન રાખે પ્યારજી ॥૧॥
**ઉથલો** - પ્યાર ન રાખે તે સંગે, જે કામવશ અતિ હોય ।
પાખંડી વનિતાઓનો, સતી સંગ ત્યાગે સોય ॥૨॥
ધોબણ્ય કે ભરમાવતલ, વળી દ્વાગણ્ય કેરો સંગ ।
વઢકણી કે નિડર ત્રિયનો, વિધવા ન રાખે પ્રસંગ ॥૩॥
ચોર ચપળ વળી ઘણું ખાતલ, ધરી રહે નરવેશ ।
વિશ્વાસુને હણનારીનો, સંગ ન રાખે લેશ ॥૪॥
નજારાની મારતલ, વળી બોલકી બહુ નાર ।
બહુ ઘેર ભમતી ફરે, તેને સતી ન બાંધે બાર ॥૫॥
જુગટુ રમનાર જે, વળી કેફનો કરે આહાર ।
ચુગલનારી કે નપુંસકશું, સતી ન રાખે પ્યાર ॥૬॥
વિધવાને નિર્વાહ જેટલું, જે હોય ધન કે ધાન ।
હરિકે હરિજન કારણે, તેનું ન કરવું દાન ॥૭॥
પોતાનું ધન વાવરી, અન્ય ઉદ્યમ કરવા જાય ।
મુક્તાનંદ કહે મૂર્ખ વિધવા, ભ્રષ્ટ અતિશે થાય ॥૮॥

## કડવું ॥૪૦॥

વિધવા નારી ન જુવે વિવાહજી, નરસમૂહ ન જુવે કરી ચાહજી ।
નૃત્ય ગીત જનઉત્સવ કોયજી, વિધવા નારી ન દેખે સોયજી ॥૧॥
**ઉથલો** - ન જાય જોવા નારી વિધવા, પુરુષ કેરું રુપ ।
દર્પણમાં મુખ નવ જુવે, એમ રાખે ધર્મ અનૂપ ॥૨॥
એકલડી નવ જાય વિધવા, ન જુવે નરનો રાસ ।
ભેળા થઈ બહુ લાંઠીયા, જ્યાં કરતા હોય વિલાસ ॥૩॥
કામવશ ન જુવે નરને, ન બોલે કરી પ્યાર ।
સ્પર્શ ન કરે પુરુષનો જેણે વાધે કોટિ વિકાર ॥૪॥
શ્રવણ કીર્તન પુરુષનું, સદગ્રંથ વિનાનું કોય ।
તે વિધવા ન સાંભળે, સાચી સતી જગ સોય ॥૫॥

વાઘ અહિ જળ અગ્નિનો, જ્યાં ત્રાસ અતિશે થાય ।
એવે ઠેકાણે પુરુષશું, બોલ્યે અડ્યે દોષ ન ગણાય ॥૬॥
તેમજ ધાવણા બાળને, અડવાનો નહિ ઉપવાસ ।
તે વિના નરમાત્રને, નવ અડે ઉર ધરી ત્રાસ ॥૭॥
ધર્મ જે વિધવાતણા, તેને પાળે સાધ્વી નાર ।
મુક્તાનંદ કહે તે સતી, સુખે ઉતરે ભવપાર ॥૮॥

## પદ ॥૧૦॥ (રાગ આશાવરી)

**('એકવાર સામુ જુવો વાલા' એ ઢાળ છે)**

સતી વિધવાની રીત અલૌકિક, પરનર સંગતિ ત્યાગેરે ।
મન કર્મ વચને પ્રેમ મગન થઈ, હરિચરણે અનુરાગેરે ॥સતી૦॥૧॥
પુરુષોત્તમને નિજપતિ જાણે, સેવે કરી બહુ ભાવરે ।
કમળાકાંત એ નાથ છે મારો, એજ અચળ ઠેરાવરે ॥સતી૦॥૨॥
લાંઘણ કરી મરી જાય તોય પણ, કેસરી ઘાસ ન ખાયરે ।
તેમ સતી હરિને રંગ રાચે, અળગું તે મન નવ જાયરે ॥સતી૦॥૩॥
પતિભાવે સેવે પુરુષોત્તમ, તનસુખ આશા ત્યાગીરે ।
મુક્તાનંદ કહે કુળ એકોત્તર, તારે સતી બડભાગીરે ॥સતી૦॥૪॥

## કડવું ॥૪૧॥

વળી કહું સતી વિધવાની રીતજી, જે સુણી પ્રમદા થાય પુનીતજી ।
મન કર્મ વચને તજે નરંસગજી, વ્રત પોતાનું રાખે અભંગજી ॥૧॥
**ઉથલો** - વ્રત અભંગ રાખી રહે, ધરે ચાતક સરખી ટેક ।
અન્ય પુરુષની આશા ત્યાગે, અંતર પરમ વિવેક ॥૨॥
ધોયલ સુકું ધોયલ લીલું, વસ્ત્ર નવું હોય જેહ ।
તે વિનાનું વસ્ત્ર નરનું, સતી ન સ્પરશે તેહ ॥૩॥
પુરુષ પહેરી રહ્યો હોય તે, વસ્ત્ર ન સ્પરશે કોય ।
કામભાવે પુરુષનું, મનમાં ન ચિંતન સોય ॥૪॥
નારી પુરુષ સંયોગીયોનું, ચિત્ર જે કહેવાય ।
સતી ન સ્પરશે નવ લખે, જેણે ભ્રષ્ટ બુદ્ધિ થાય ॥૫॥

નરનારીનાં જોડલાં, પશુ પંખી આદિ અપાર ।
સતી મન દૈ નવ જુવે, જેણે વાધે કોટી વિકાર ॥૬॥
કારજ સરતું હોય પોતાનું, તો પણ વિધવા નાર ।
પરનર સાથે મિત્રતા, નવ રાખે એક લગાર ॥૭॥
પુરુષને મળ મૂત્ર તજ્યાની, ક્રિયા જે સ્થળ થાય ।
મુક્તાનંદ કહે તે ક્રિયા ત્યાં, સતી ન કરવા જાય ॥૮॥

## કડવું ॥૪૨॥

પુરુષની દૃષ્ટિશું વિધવા નારજી, દૃષ્ટિ ન બાંધે કરીને વિચારજી ।
બોલ્યા વિના કર દગ કરી સોયજી, પુરુષને બોધ ન દીયે સતી કોયજી ॥૧॥
**ઉથલો** - બોધ ન દીયે પુરુષને, કર દગ ચલાવી જેહ ।
ગુહ્ય અંગ ન દેખે નરનું, સતી કહાવે તેહ ॥૨॥
પુરુષથી પંચ હાથ છેટે, ચાલે સતીઓ સુજાણ ।
પાંચ હાથનું નિમ ન જે સ્થળ, તેનું કહું પ્રમાણ ॥૩॥
દેવાલય કે અલ્પ મારગ, ભગવત ઉત્સવ હોય ।
તે સ્થળ ન કરે સ્પર્શ નરનો, વપુ બચાવે સોય ॥૪॥
જે ઘરની ભૂમિ ઉપલીમાં, પુરુષનો હોય વાસ ।
ત્યાં રાત્યે સતી એકલી, હેઠી ઉંચી ન સુવે ધરી ત્રાસ ॥૫॥
પુરુષ બેઠા હોય ત્યાં, હયું ઉદર સાથળ કેશ ।
ભૂલ્યે પણ ક્યારે સતી, નવ દેખાડે લવલેશ ॥૬॥
નરસભાને દેખતાં કર ચરણ ચપળ ન થાય ।
નવ ખંજોળે દેહને, નર દેખી અધિક લજાય ॥૭॥
સાસરીયાં ને પીયરીયાંથી, છાની કોય નર સંગ ।
મુક્તાનંદ કહે લીધા દીધાનો, લેશ ન રાખે પ્રસંગ ॥૮॥

## કડવું ॥૪૩॥

વિધવા છાની અન્ય ત્રિય હાથજી, લેણદેણ ન કરે નર સાથજી ।
ભરજોબન નિજબંધુ જેહજી, ગામ સધાવે એકલો તેહજી ॥૧॥
**ઉથલો** - ગામ સધાવે એકલો, તે સંગ વિધવા કોય ।
એકલડી મારગ ન ચાલે, સતી કહાવે સોય ॥૨॥

સંબંધી નરને સંગે, નવ બેસે કરી એકાંત ।
એ રીત્યે નરથી ડરે, તેનું તે મન રહે શાંત ॥૩॥
પુરુષ કેરો સ્પર્શ ભાષણ, જોયાનો કહ્યો ત્યાગ ।
અતિસંબંધી નર વિના, તે ભાખું[૧] સર્વ વિભાગ ॥૪॥
પિતા ભ્રાત ને સગો કાકો, કાકાના સુત જેહ ।
તેના સુત આદિ સહુ, અતિ નિકટ સગપણ તેહ ॥૫॥
માનો બાપ ને સગો મામો, મામાના સુત જાણ ।
સુતના સુત આદિ સહુ, નિકટ સંબંધી પ્રમાણ ॥૬॥
માસી માસો તેહના સુત, ફઈ ફુવો ધર્મવંત ।
ફઈના સુત સુધી સહુ, કહે નિકટ સગપણ સંત ॥૭॥
ગુરુ ને ગુરુના પુત્ર જે, વળી અન્નદાતા ગંભીર ।
મુક્તાનંદ એ નિકટ સગપણ, જો હોય ધર્મી ધીર ॥૮॥

## કડવું ॥૪૪॥

અન્નદાતાના સુત જે હોયજી, નિકટ સંબંધી ગણવા સોયજી ।
સસરો ને સસરાનો ભાઈજી, દિયેર જેઠની અધિક સગાઈજી ॥૧॥
**ઉથલો** - સગાઈ દિયેર ને જેઠની, વળી તેહતણા સુત જેહ ।
દિકરીયો જમાઈ સોતી, અડીને સગપણ તેહ ॥૨॥
પુત્ર ને પુત્રીતણા સુત, એ આદિક જે કોય ।
પોતાને અતિ ઢુકડાં, સંબંધી કહાવે સોય ॥૩॥
તે સંગાથે બોલે સ્પરશે, જોયે દોષ ન થાય ।
જો હોય તે અતિ ધર્મવાળા, તો નિર્દોષ ગણાય ॥૪॥
સુંદર ભવન કમાડ સોતું, નહિ કોય ત્યાં નરનાર ।
ત્યાં વિધવા નિજ તાત સંગે, ન રહે એક લગાર ॥૫॥
નિજસંબંધી જે કહ્યાં, તે હરિવિમુખ હોય ક્રૂર ।
પાપિયા જાણી સતી, તેથી રહે બહુ દૂર ॥૬॥
અન્ય પુરુષની પેર તેહનો, કરે તે અતિશે ત્યાગ ।
સંબંધી સંગ હેત તોડે, રાખે દૃઢ વૈરાગ ॥૭॥

ધર્મરક્ષક પુરુષ પાસે, વિધવા રહે ગણી તાત ।
મુક્તાનંદ કહે તેજ માને, સગો સંબંધી ભ્રાત ॥૮॥

### પદ ॥૧૧॥ (રાગ માલીગાડો)

વિધવા નારી વરે શ્રીહરિને, અન્ય સુખની તજે આશરે ।
બ્રહ્મચર્ય વ્રત પૂરણ પાળે, ઉર ધારે અવિનાશરે ॥વિ૦॥૧॥
રીઝવવા રણછોડ છોગાળો, નિષ્કામી રહે નારીરે ।
નિષ્કામીપણું અખંડ પળાવે, તે સંગ રહે તે વિચારીરે ॥વિ૦॥૨॥
તાતની પેર જે પોષણ રાખે, ધર્મનો રક્ષક જેહરે ।
વિધવા નારીને મન કર્મ વચને, તાત જાણવો તેહરે ॥વિ૦॥૩॥
ધર્મ રહિતનો સંગ તજીને, ગોવિંદના ગુણ ગાયરે ।
મુક્તાનંદ કહે પતિવ્રતા નારી, કમળાતુલ્ય કહેવાયરે ॥વિ૦॥૪॥

### કડવું ॥૪૫॥

ધર્મનો રક્ષક તે નિજભ્રાતજી, ભ્રાતતુલ્ય પોષે સાક્ષાતજી ।
પુત્રતુલ્ય પોષક હોય કોયજી, ધર્મનો રક્ષક સુતપણ સોયજી ॥૧॥
**ઉથલો** - ધર્મરક્ષક હોય જે, તે સાચો સુત કહેવાય ।
ધર્મઘાતી સુત નહિ, એમજ શ્રુતિ સ્મૃતિ ગાય ॥૨॥
દેહના સંબંધી નહિ પણ, ધર્મરક્ષક જેહ ।
ભિન્ન વર્ણ તોય પિતા ભ્રાતા, પુત્ર સરખા તેહ ॥૩॥
તે સંગ ભાષણ સ્પર્શ જોવું, કરે વસ્ત્રસ્પર્શ વ્યવહાર ।
ધર્મી વિધવા નારને, નવ લાગે દોષ લગાર ॥૪॥
પિતા ભ્રાતા આદિ જેહને, ન હોય સંબંધી કોય ।
ધર્મરક્ષક પુરુષને, ઓથે રહે સતી સોય ॥૫॥
ઈચ્છે નિજધર્મ રાખવા તે, સ્વતંત્ર ન રહે નાર ।
નિડર થઈને ધર્મવાળી સતી ન રજળે બહાર ॥૬॥
નાતમાં કોઈ ન હોય તો, ધર્મિષ્ઠ રાજા પાસ ।
આશરે રહિ હરિ ભજે, ત્યાગે તે તનસુખ આશ ॥૭॥
એવું કર્મ ન આચરે, જેણે જાત્યમાંથી જાય ।
મુક્તાનંદ કહે જાતિશુદ્ધ, તે ધર્મકહેવાય ॥૮॥

## કડવું ॥૪૬॥

વણજ વેપાર કરે જે કર્મજી, ખેડ્ય કે પરસેવાનો ધર્મજી ।
તે સતીયોનો નિર્ણય સારજી, કહી સંભળાવું શ્રુતિઅનુસારજી ॥૧॥
**ઉથલો** - કહિ સંભળાવું ધર્મ તેહનો, જ્યારે કરે વ્યવહાર ।
તે કાળે નરને અડ્યે, બોલ્યે ન દોષ લગાર ॥૨॥
એજ એની જીવિકા, તે મુકી નવ મુકાય ।
વિધવા નિજધર્મ જાળવી, કરે જાતિજોગ્ય ઉપાય ॥૩॥
કુળને જોગ્ય ન હોય તે, કરે ઉદ્યમ જીવ્યા કાજ ।
તે પરવશ નિજધર્મ ખુવે, ન રહે સતીની લાજ ॥૪॥
પુષ્પ ચંદન જે મળે, તેણે પૂજે પ્રભુ સુખધામ ।
મનવિષે કાં મૂર્તિમાં, ધારે સુંદર શ્યામ ॥૫॥
તે હરિને નિજપતિ જાણે, સેવે કરી બહુ ભાવ ।
અંતરમાં રાજી રહે, ત્યાગે કપટ છળ દાવ ॥૬॥
પોતાની શક્તિ પ્રમાણે, જપે સદા હરિ નામ ।
રાત્ય દિન સર્વે કામ કરતાં, હરિ ભજે નિષ્કામ ॥૭॥
અખંડ હરિનો આશરો, ધરે અખંડ હરિનું ધ્યાન ।
મુક્તાનંદ કહે સૌ સતીને, એ છે ધર્મ સમાન ॥૮॥

## કડવું ॥૪૭॥

સૂતક રોગ રજસ્વલા થાયજી, ત્યારે તે હરિમૂર્તિ ન પૂજાયજી ।
માનસી પૂજા કરે સતી સોયજી, હરિમૂર્તિ પૂજે અન્ય કોયજી ॥૧॥
**ઉથલો** - હરિમૂર્તિ અન્ય નારી પૂજે, એજ સતીની રીત ।
છોગાળા રણછોડશું, રાખે તે પૂરણ પ્રીત ॥૨॥
અવશ્ય કારજ ઘરતણું, કરીને તે વિધવા નાર ।
હરિભક્તિ અહોનિશ કરે, ખાલી કાળ ન જાય લગાર ॥૩॥
જતિ કે બ્રહ્મચારીનું, સતી વિધવા અન્ન ન ખાય ।
આશ્રમરહિતનું પ્રાણ જાતાં, સતીએ અન્ન ન જમાય ॥૪॥
એકાદશી જન્માષ્ટમી, એ આદિ હરિવ્રત જેહ ।
સતી સદા એ વ્રત કરે, તેમાં પૂજે પ્રભુને તેહ ॥૫॥

ધર્મવાળી પતિવ્રતા, કરે સદા વ્રત ઉપવાસ ।
જોબનવાન જો હોય તો, કરે મહાવ્રતનો અભ્યાસ ॥૬॥
ત્રિરાત્રિ પંચ રાત્રિનાં, વળી પક્ષ વ્રત કરે ધીર ।
માસ સુધીનાં વ્રત કરે, મન રાખે દૃઢ ગંભીર ॥૭॥
ચાંદ્રાયણ પારાક સુધી, વ્રત કરે સતી સોય ।
મુક્તાનંદ કહે મહાસતી, કાશ ન રાખે કોય ॥૮॥

## કડવું ॥૪૮॥

તપ્તકૃચ્છ્ર કરે વિધવા જાણજી, કૃચ્છ્ર વ્રત કરે જાણી પ્રમાણજી ।
જવ અન્ન ખાય કે ફળનો આહારજી, શાક જમે કાં પયવ્રત સારજી ॥૧॥
**ઉથલો** - શાક જમે કાં પયોવ્રત કરી, રાખે વિધવા પ્રાણ ।
આવરદા પર્યંત એ વ્રત, રાખે પરમ સુજાણ ॥૨॥
ઈશ્વરની ઈચ્છાયે કરી, જ્યારે છુટે સતીનો દેહ ।
ત્યારે એ પામે પરમ પદને, તેમાં નહિ સંદેહ ॥૩॥
વૈશાખ કાર્તિક માઘમાં, અતિ રાખે અધિકાં નેમ ।
સ્નાન દાન ને તીરથયાત્રા, વિષ્ણુસમર્પણ તેમ ॥૪॥
વૈશાખે જળકુંભ આપે, કાર્તિકે ઘૃતદીપ ।
માઘે અન્ન તલ દાન આપી, વસે તે પ્રભુને સમીપ ॥૫॥
વૈશાખે જળપરબ કરાવી, ગળતી શિવને શીષ ।
સતી એમ સાધન કરે, જેણે રીઝે શ્રીજગદીશ ॥૬॥
છત્ર ચામર વસ્ત્ર સુક્ષ્મ, ચંદનપુષ્પના હાર ।
પાનબીડાં કપૂર સોતાં, જળનાં પાત્ર અપાર ॥૭॥
પુષ્પગૃહ રસ પાનવિધિ, રંભાફળ ને દ્રાખ ।
મુક્તાનંદ એ આપે દ્વિજને, હરિ વરવા અભિલાખ ॥૮॥

## પદ ॥૧૨॥ (રાગ ગરબી)

**('મેં તો સગપણ કિધુરે કે શ્યામળિયા સાથે') - એ ઢાળ છે -**

સતી નારીનું સાધન રે કે હરિવરને ગમવા, સતી દેહ દમે છે રે કે રસીયા સંગ રમવા ॥૧॥
ઉત્તમ સતી થાવા રે કે તનસુખ આશ તજે, સતી શ્વાસ ઉચ્છવાસેરે કે નિજપતિ કૃષ્ણ ભજે ॥૨॥
તજી લોકલજ્જાને રે કે મતવાલી ડોલે, મુખથી હરિવોણું રે કે બિજું નવ બોલે ॥૩॥

લગની દૃઢ લાગી રે કે શ્યામળીયા સંગે, સતી રસબસ થઈ છે રે કે રસિયાને સંગે ॥૪॥
જગ શીર પગ દઈને રે કે જે હરિભજન કરે, તેતો જુઠા જગકેરી રે કે શંકા શીદ ધરે ॥૫॥
રણછોડ છોગાળો રે કે રહી શીર પર ધારી, મુક્તાનંદ કહે જગમાં રે કે ધન્ય ધન્ય તે નારી ॥૬॥

## કડવું ॥૪૯॥

કાર્તિક માસે સતીયો સુજાણજી, નિત્ય જવઅન્ન જમી ધારે પ્રાણજી ।
કાં એકજ અન્ન જમે એકવારજી, એમ સતી ટાળે સર્વ વિકારજી ॥૧॥
**ઉથલો** - વિકાર સર્વે એમ ટાળે વિધવા, ન જમે સૂરણ શાક ।
વૃંતાક ને સર્વફળી તજે, તજે જવ ને ઘઉં નો પાક ॥૨॥
કાર્તિક માસે તેલ ત્યાગે, કાંસામાં નવ ખાય ।
મધ મીઠાળું શાક ત્યાગી, ગોવિંદના ગુણ ગાય ॥૩॥
સડ્યું અન્ન સતી નવ જમે, કાર્તિક માસે કોય ।
નિયમ ને શિર દાન જે, વર્ણવી સુણાવું સોય ॥૪॥
કાર્તિક માસે મૌન વ્રતનું, નિયમ રાખે જેહ ।
સુંદર ઘંટાદાન આપે, વ્રત સંપૂરણ તેહ ॥૫॥
કાર્તિક માસે પાનડામાં, જમે જે ત્યાગી માન ।
તે કાંસાનું પાત્ર ઘૃત ભરી, આપે દ્વિજને દાન ॥૬॥
કેવલ ભૂમિપર સૂવે, તે આપે સજ્યા સાર ।
ઓશીકું ઓછાડ સોતું, આપે સતી ઉદાર ॥૭॥
જે જે રસ જે ફળ તજે, તે દાન કરે સતી નાર ।
મુક્તાનંદ કહે દાન વ્રતમાં, ફેર ન રાખે લગાર ॥૮॥

## કડવું ॥૫૦॥

જેજે અન્ન કરે સતી ત્યાગજી, તે દ્વિજને આપે બડભાગજી ।
અથવા સર્વ અન્ન હાજર નોયજી, શાળનું દાન કરે સતી સોયજી ॥૧॥
**ઉથલો** - દાન કરે સતી શાળનું, વળી આપે ધેનુદાન ।
કંચન ભૂષણ સહિત દ્વિજને, આપે કરી સનમાન ॥૨॥
એકી કોરે દાન સર્વે, દીપદાન એક કોર ।
કાર્તિક માસે દીપ કરવો, સૌથી દાન સજોર ॥૩॥

માઘસ્નાન જે કરે વિધવા, તેનો કહું નિર્ધાર ।
ના'ય સૂરજ ઉગ્યા સમે, રાખે નિમ બળ અનુસાર ॥૪॥
સુંદર અન્ન રાંધી કરી, લાડું સુંવાળી શેવ ।
શાક કરી બહુભાતનાં, સતી જમાડે ભૂદેવ ॥૫॥
સુતરફેણી વડાં સુંદર, ગુંજાં ઘૃતરસપૂર ।
સુગંધી શાક રસભર્યા, અતિ વાસિયાં કપૂર ॥૬॥
એવા પાક અનેક સુંદર, જોતાં સર્વ દુઃખ જાય ।
જતી તપસ્વીને સતી, એવું આપી રાજી થાય ॥૭॥
સુકાં ઈંધન ભાર આપે, શીતનિવારણ કાજ ।
મુક્તાનંદ કહે સાધન કરીકરી, રીઝવે વ્રજરાજ ॥૮॥

## કડવું ॥૫૧॥

વિધવા ડગલીનું કરે દાનજી, જેથકી રીઝે શ્રીભગવાનજી ।
આપે તળાઈ ઓશીકુ સારજી, જેણે રીઝે હરિ ભરથારજી ॥૧॥
**ઉથલો** - જેણે રીઝે શ્રીહરિ, તેમ કરે તે વિધવા નાર ।
કાર્તિક માસે દાનમાં, નવ રાખે ફેર લગાર ॥૨॥
મજીઠે રંગેલ જે, તે વસ્ત્ર આપે ધીર ।
ગોદડાં રુનાં ભર્યાં સતી, આપે ગુણગંભીર ॥૩॥
લવિંગ સોપારી એલચી, વળી જાયફળ તંબોલ ।
એ આપે સતી વિપ્રને, જેણે થાય મુખ રંગચોળ ॥૪॥
કંબળ વિવિધ પ્રકારનાં, વળી વાયુ વિના ઘર જેહ ।
રીઝવવા રણછોડને, વિપ્રને આપે તેહ ॥૫॥
આપે કોમળ પગરખાં, વળી જાડી વાટ્યના દીપ ।
વિવિધ ભાતનાં ભોજન આપે, થાવા હરિને સમીપ ॥૬॥
સુગધી ચંદન સમર્પે, કરધોવાને કાજ ।
એમ સેવે સતી વિપ્રને, જેમ રીઝે શ્રીમહારાજ ॥૭॥
કૃષ્ણસ્વરૂપી કાંત મુજપર, રીઝજો કરી પ્યાર ।
મુક્તાનંદ વિધવા સતી, એમ માગે વારમવાર ॥૮॥

## કડવું ॥પ૨॥

એવી રીતે નિમ અપારજી, વ્રત દાનાદિક વિવિધ પ્રકારજી ।
વૈશાખ કાર્તિક માઘમાં જેહજી, વિધવા નારી કરે સર્વે તેહજી ॥૧॥
**ઉથલો** - વિધવા નારી વ્રત કરે, જેમ અંતર નિર્મલ થાય ।
પુરુષોત્તમ સંગ પ્રીત તેમ તેમ, અધિક વધતી જાય ॥૨॥
નિયમ વ્રત ઉપવાસવોંણી, જે કોય વિધવા હોય ।
નિજધર્મથી ભ્રષ્ટ થઈ, ફરે ભુંડું મુખ લઈ સોય ॥૩॥
કાર્તિક માસમાં કુતરી, વાંદરી સરખી ખ્વાર ।
બારે મહિના કામવશ થઈ, ફરે તે ઠારોઠાર ॥૪॥
તેમાટે વિધવા સતીને, સાંભળવા સદ્‌ગ્રંથ ।
ધર્મવાળા પુરુષથી, જાણવા પંથ કુપંથ ॥૫॥
ત્યાંપણ વનિતા વૃંદમાં રહી, કરે કથારસ પાન ।
પોતાનું વ્રત અચળ રાખે, ભજે શ્રીભગવાન ॥૬॥
માંસ મદિરા ચોરી ત્યાગે, ત્યાગે પરનરસંગ ।
પોતાની ને પારકી સૌ, હિંસા ત્યાગે અભંગ ॥૭॥
શ્રીઉદ્ધવ સંપ્રદાયમાં, એ સહુ વનિતાનો ધર્મ ।
મુક્તાનંદ એમ ધર્મ પાળ્યે, નાસે કોટિક કર્મ ॥૮॥

## પદ ॥૧૩॥ (રાગ સામેરી)

**('મારું મન હરિયું નંદને ગોવાળિયેરે') એ ઢાળ છે -**

વિધવા સતીને રે એમ હરિ સેવવારે, પ્રેમ કરી પાળવા ધર્મ ઉદાર ।
પ્રથમ કહ્યાં તે રે નિમ સંભારવાં રે, ભુલ્ય ન રાખવી એક લગાર ॥વિધવા૦॥૧॥
મન કર્મ વચને ધર્મ દૃઢ રાખવોરે, નિંદવા જોગ્ય કર્મ કરી ત્યાગ ।
વિધવાના ધર્મ કહ્યા આ ગ્રન્થમાં રે, તે સંગ રાખવો દૃઢ અનુરાગ ॥વિધવા૦॥૨॥
વિધવાના ધર્મ વિશેષે જે કહ્યા રે, તેમાં જેજે ચુક અજાણે થાય ।
તેનું પ્રાયશ્ચિત કરે સતી પ્રેમશુંરે, જેણે કરી દોષ સર્વે બળી જાય ॥વિધવા૦॥૩॥
મરેલ પતિને ભજે પાળે ધર્મનેરે, તેતો પતિસોત પામે સતીલોક ।
વિષયતણાં સુખ પતિસંગ ભોગવેરે, અંતે ત્યાંથી પડીને પામે શોક ॥વિધવા૦॥૪॥

પ્રગટ શ્રીવાસુદેવ પતિને વરેરે, નિજધર્મ પાળે હરિગુણ ગાય ।
મુક્તાનંદ કહેરે વસે વૈકુંઠમાંરે, કમળાસમાન તે સતી કહેવાય ॥વિધવા૦॥૫॥

## કડવું ॥૫૩॥

વળી કહું સતીનો ધર્મ વિશેષજી, નારીમાત્રને હિત ઉપદેશજી ।
નિત્ય હરિપૂજન કરવું તે હજી, નારીમાત્રને જોગ્ય છે જેહજી ॥૧॥
**ઉથલો** - જોગ્ય વનિતામાત્રને, પ્રભુ પૂજવા કરી પ્યાર ।
તેનો વિધિ સંક્ષેપશું, વર્ણવું કરી નિરધાર ॥૨॥
ઉજળે દાંતે સતી, નિત્ય સવારે ઉઠી ના'ય ।
ધોળું પહેરે વસ્ત્ર તનપર, શુદ્ધ અતિશે થાય ॥૩॥
પછી એ સતી કરી આચમન, ભેળો કરે સર્વ સાજ ।
ગાળે ઉજજવલ પાત્રમાં, નિર્મળું જળ હરિકાજ ॥૪॥
દેવને નવરાવવાનું, પાત્ર સુંદર જેહ ।
આચમનકેરા પાત્ર સોતું, શુદ્ધ કરી લીયે તેહ ॥૫॥
સુંદર અક્ષત પુષ્પ ચંદન, ધૂપ દીપ નૈવેદ ।
દક્ષિણા મુખવાસ સોતિ, આરતી બહુભેદ ॥૬॥
એ સર્વ સામગ્રી લઈ, બેસે તે પ્રભુને પાસ ।
આચમન કરી આસને બેસે, પૂજવા અવિનાશ ॥૭॥
ધીરે તાળી ધુન્ય કરી, કરે ઘંટાશબ્દ પ્રકાશ ।
મુક્તાનંદ કહે પતિવ્રતા, એમ જગાડે અવિનાશ ॥૮॥

## કડવું ॥૫૪॥

ઉઠો ઉઠો ગોવિંદ ગરુડાધીશજી, કમળાપતિ ઉઠો જગદીશજી ।
ત્રિભુવનમાં પ્રભુ કરો કલ્યાણજી, છોગાળા રણછોડ સુજાણજી ॥૧॥
ઉથલો - છોગાળા રણછોડ એમ કહી, હરિપ્રતિમા શુભ જેહ ।
ઉઠાડે વસ્ત્રે કરી સતી, સંમાર્જન કરે તેહ ॥૨॥
મૃદુ આસનપર મૂર્તિ સ્થાપે, તે કરી બહુ પ્યાર ।
કાં તો સ્થાપે કરંડીયામાં, જેમ શોભે શણગાર ॥૩॥
કાષ્ઠ કે પાષાણની, ધાતુની મૂર્તિ હોય ।
લખિ કે ચંદને લીપી, હરિમૂર્તિ સત્ય સોય ॥૪॥

વેળુની કે માનસી, વળી મણિમય મૂર્તિ સાર ।
પ્રતિમા અષ્ટ પ્રકારની, નિગમે કરી નિરધાર ॥૫॥
ઉત્તર કે પૂર્વમુખે, બેસે તે પ્રભુને પાસ ।
અચળ મૂર્તિ હોય તો પૂજે, સામી રહી અવિનાશ ॥૬॥
સ્વસ્તિક આસન વાળી બેસે, ધરે તે ઉર હરિધ્યાન ।
સિંહાસન પર કોટિ રવિસમ, શોભે શ્રીભગવાન ॥૭॥
ચતુર્ભુજ ઘનશ્યામ સુંદર, મૂર્તિ મન અભિરામ ।
મુક્તાનંદ કહે કોટિકંદર્પ, તુલ્ય શોભાધામ ॥૮॥

## કડવું ॥૫૫॥

આભરણ અનંત પે'રી શણગારજી, પીતાંબરધારી, સુકુમારજી ।
ચામર લઈ કમળા પ્રભુ સાથજી, વામ ભાગે સેવે નિજનાથજી ॥૧॥
**ઉથલો** - વામભાગે રહી કરી, નિત્ય સેવે શ્રી નિજશ્યામ ।
ડાબે પડખે ધર્મ ઉજ્જવલ, સેવે હરિ સુખધામ ॥૨॥
ભક્તિ જમણી કોર રહીને, સેવે કરી બહુ પ્યાર ।
દેવગણ બહુ સામગ્રી લઈ, પૂજે તે વારમવાર ॥૩॥
છત્ર ચામર વીંઝણો લઈ, સેવે પાર્ષદવૃંદ ।
એવા શ્રીપતિ શ્યામને, સતી ઉર ધારે જગવંદ ॥૪॥
હૃદયકમળમાં એવી રીતે, ધરે તે સાધ્વી ધ્યાન ।
પ્રથમ પૂજા માનસી કરી, પૂજે શ્રીભગવાન ॥૫॥
પ્રથમ પૂજી ધ્યાનમાં, શ્રીહરિ મૂર્તિ જેહ ।
આવાહન કરી પ્રતિમામાં, લાવે સાધ્વી તેહ ॥૬॥
જે મળે તે સામગ્રી લઈ, હરિ પૂજે કરી પ્યાર ।
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, અર્પે સર્વ ઉપચાર ॥૭॥
શાલગ્રામને પૂજવાનો, ત્રિયને નહિ અધિકાર ।
મુક્તાનંદ સર્વ નારી પૂજે, હરિપ્રતિમા ઉદાર ॥૮॥

## કડવું ॥૫૬॥

જે જળમાં નખ બોળે કોયજી, હરિપૂજાને જોગ્ય ન સોયજી ।
આચમન કરતાં વધ્યુ જળ જેહજી, પ્રભુપૂજનને જોગ્ય ન તેહજી ॥૧॥

**ઉથલો** - પ્રભુપૂજાને જોગ્ય નહિ, જે પગે ઓલાંડ્યું નીર ।
શુદ્ધ જળ લઈ શ્રીહરિને, પૂજે પરમ સુધીર ॥૨॥
ઘૃતનો દીપક કરે, કાં તૈલનો કરે દીપ ।
હરિ પૂજ્યાની સામગ્રી તે, રાખે સર્વે સમીપ ॥૩॥
જે સામગ્રી નોય તેનો, કરે તે મંત્ર ઉચ્ચાર ।
પૂજા કરાતં બીજી સાથે, સતી ન બોલે લગાર ॥૪॥
પૂજા કરી રહે પતિવ્રતા, પછી મૂળમંત્રના જાપ ।
પાંચસેં પૂરા કરે, જેણે ટળે સર્વે સંતાપ ॥૫॥
પૂજા કેરી પદ્ધતિ, હવે સંક્ષેપે કહું સોય ।
તે રીતે પૂજા કરે, સંશય ન રહે કોય ॥૬॥
આજ ઉત્તમ માસ છે, તે વિષ્ણુકેરો માસ ।
વાર ને નક્ષત્ર સર્વે, વિષ્ણુનાંજ પ્રકાશ ॥૭॥
એવા અતિશુભ જોગમાં, કમળાપતિ કીરતાર ।
મુક્તાનંદ એમ સતી કહે, હરિ પૂજીશ કરી બહુ પ્યાર ॥૮॥

## પદ ॥૧૪॥ (પદરાગ રામગ્રી)

**('આજ મારાં નેણાં સુફલ થયાં, નાથ જોયાં મેં નિરખિ' એ ઢાળ છે -)**

સતી પૂજે શુદ્ધ ભાવથી, શ્રીહરિ નિજસ્વામી ।
તનસુખની આશા તજે, રહે અતિ નિષ્કામી ॥સતી૦॥૧॥
વાસુદેવ જગવંદને, પૂજે પતિ જાણી ।
જેમ હરિ રીઝે તેમ કરે, સતી પરમ સયાણી ॥સતી૦॥૨॥
અનંત ભુવનના ઈશને, મૂર્તિ મધ્ય ધારી ।
મન કર્મ વચને માનિની, સેવે સકુમારી ॥સતી૦॥૩॥
પ્રથમ સતી સંકલ્પ કરે, પછી પૂજે મુરારી ।
મુક્તાનંદ તે માનિની, પ્રભુને બહુ પ્યારી ॥સતી૦॥૪॥

## કડવું ॥૫૭॥

વરુણને નમું એમ કરી ઉચ્ચારજી, ચંદન અક્ષત પુષ્પ અપારજી ।
અરપું છું એમ બોલે વાણજી, કળશને પૂજે પરમ સુજાણજી ॥૧॥

**ઉથલો** - કળશને પૂજે ચંદન અક્ષત, પુષ્પ અર્પે સાર ।
ઘંટાને નમું એમ સાધ્વી, કરે શબ્દ ઉચ્ચાર ॥૨॥
ચંદન અક્ષત પુષ્પ લઈને, ઘંટા પૂજે સોય ।
ઘંટાકેરું પૂજન કરી, હરિધ્યાનતત્પર હોય ॥૩॥
કોટી સૂરજ સરખા, સિંહાસનપર જેહ ।
શ્રીસહિત શ્રીકૃષ્ણનું, ધરે ધ્યાન ઉરમાં તેહ ॥૪॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, આવાહન શુભ રીત ।
એ મંત્રે પૂજન કરે, ઉરમાં તે પૂરણ પ્રીત ॥૫॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, આસન આપ્યા કાજ ।
અક્ષતને અર્પણ કરું છું, માનજો મહારાજ ॥૬॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, પાદ્યનું શુભ નીર ।
ચરણમાં અર્પણ કરું છું, માનજો બળવીર ॥૭॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, અર્ધ્ય ઉદક લગાર ।
મુક્તાનંદ કહે કર વિષે, હરિને સમર્પે નાર ॥૮॥

## કડવું ॥૫૮॥

શ્રીકૃષ્ણાય નમઃ કહી મંત્રજી, આચમન અર્પું કરી શુભ તંત્રજી ।
શ્રીકૃષ્ણાય નમઃ ઉચ્ચારજી, પંચામૃત અર્પું કરી પ્યારજી ॥૧॥
**ઉથલો** - પ્યાર કરી પંચામૃત અર્પું, સ્નાન કરવા કાજ ।
તે નહિ તો અક્ષત સમર્પું, હરિસેવાનો સાજ ॥૨॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, નહાવાનું જળ જેહ ।
અર્પુંછું આદર કરી, પ્રભુ ગ્રહણ કરજો તેહ ॥૩॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, વસ્ત્ર આભરણ સાર ।
તે નહિ તો અક્ષત સમર્પું, પ્રેમે વારમવાર ॥૪॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, અતિસુગંધી કોય ।
ચંદન અર્પું શ્રીહરિ, પ્રભુ ગ્રહણ કરજો સોય ॥૫॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી તિલકનો શણગાર ।
અક્ષતને અર્પણ કરુંછું, પ્રભુ લેજો કરી પ્યાર ॥૬॥

શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, તોરા ગજરા હાર ।
પુષ્પને અર્પણ કરું છું, પહેરો પ્રાણ આધાર ॥૭॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, કુંકુમ અબીર ગુલાલ ।
મુક્તાનંદ કહે સતી સમર્પે, લેજ્યો દીનદયાલ ॥૮॥

## કડવું ॥૫૯॥

શ્રીકૃષ્ણાય નમઃ કહી વાણજી, ધૂપ સમર્પુ પરમ સુજાણજી ।
શ્રીકૃષ્ણાય નમઃ કહી નેહજી, ઘૃતનો દીપ સમર્પુ તેહજી ॥૧॥
**ઉથલો** - દીપ સમર્પુ ઘૃતનો, વળી જે જે હાજર હોય ।
દુધ દહી ઘૃત સાકર સાથે, થાળ સુંદર સોય ॥૨॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, ધરે તે સુંદર થાળ ।
અર્પુછું નૈવેદ્ય સુંદર, જમજો જનપ્રતિપાળ ॥૩॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, ચળું કરવા કાજ ।
સુગંધી જળ સમર્પુછું, લેજ્યો શ્રીમહારાજ ॥૪॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, કર ધોવાને જેહ ।
સુગંધી ચંદન સમર્પુ, ગ્રહણ કરજો તેહ ॥૫॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, નાગરવેલી પાન ।
લવિંગ સોપારી એલચી, અર્પુ શ્રી ભગવાન ॥૬॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, સુંદર તેલ ફુલેલ ।
સમર્પુ છું પ્રેમથી, પ્રભુ ગ્રહેજો શ્રીઅલબેલ ॥૭॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, ઋતુકાળે થયાં સાર ।
મુક્તાનંદ કહે માનિની, ફળ સમર્પે કરી પ્યાર ॥૮॥

## કડવું ॥૬૦॥

શ્રીકૃષ્ણાય નમઃ ભણી મંત્રજી, જે હાજર તે થઈને સ્વતંત્રજી ।
દક્ષિણા અર્પુછું સુખધામજી, ગ્રહણ કરો પિયું સુંદર શ્યામજી ॥૧॥
**ઉથલો** - ગ્રહણ કરજ્યો દક્ષિણા, હું સદા તમારી દાસ ।
એમ કહી આરતી પ્રગટી, કરે તે અધિક પ્રકાશ ॥૨॥
શરદ પુન્યમ ચંદ્ર સરખું, શોભે મુખ અરવિંદ ।
ચંદન ચર્ચિ શ્યામમૂર્તિ, જોતાં થાય આનંદ ॥૩॥

પુષ્પનાં આભરણ અંગોઅંગ, પે'રી શોભે શ્યામ ।
દિવ્ય આભરણ વસ્ત્રધારી, મૂર્તિ મનઅભિરામ ॥૪॥
એવા નિજપતિ કૃષ્ણની, કરે આરતી કરી પ્યાર ।
ધૂપ દીપ કપૂરબાતી, વાજાં વિવિધ પ્રકાર ॥૫॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, દીપ સમર્પુ દેવ ।
આરતી કરું પ્રેમસું, પ્રભુ માની લેજો સેવ ॥૬॥
શ્રીકૃષ્ણાય નમઃ એમ કહી, પ્રક્રમા કરું નાથ ।
માની લેજો શ્રીહરિ, પ્રભુ સદા રે'જો સાથ ॥૭॥
પ્રેમશું પૂજા કરી રહે કર જોડી આધીન ।
મુક્તાનંદ કહે મહાસતી, કરે વિનતિ થઈ દીન ॥૮॥

### પદ ॥૧૫॥ (રાગ ગરબી)

**('ચાલ સખિ જોવાને રે જાઇએ ખાંતીલો વનમાં ખેલે રે') એ ઢાળ છે -**

રસિયાવર રણછોડ છોગાળા, સાંભળો વિનતિ અમારીરે ।
મર્માળા મને જાણી પોતાની, હાથ ગ્રહો ગિરિધારીરે ॥૧॥
મનમોહન મેં મન કર્મ વચને, તન મન તમને દીધુંરે ।
સમઝિ વિચારી શ્યામળીયા રે વાલા, બીજું તે વિષસમ કીધું રે ॥૨॥
ચાતકના સરખી સુખકારી, ટેક ધરી તમ સંગેરે ।
અવર પુરુષની આશ તજીને, રાચી તમારે રંગેરે ॥૩॥
નાથ હું નહિ કોયની ઓશિયાળી, તમ જેવા પતિ પામીરે ।
છેલ તમારા છોગલા ઉપર, મોહી રહી બહુનામી રે ॥૪॥
ચરણકમળની સેવા દૈને, નાથ કરો નિજદાસીરે ।
રંગભિના મારે મંદિરીયે, અખંડ રહો અવિનાશીરે ॥૫॥
કર જોડી મેંતો કીધી વિનતિ, મન ધારો શ્રીમુરારીરે ।
મુક્તાનંદના શ્યામ મનોહર, અમને છે આશા તમારીરે ॥૬॥

### કડવું ॥૬૧॥

ગોવિંદ માધવ દીનદયાલજી, શ્રીપતિ દીનબંધુ પ્રતિપાલજી ।
મન ને નયણાના આનંદધામજી, દિવ્યમૂર્તિ પ્રભુ સુંદર શ્યામજી ॥૧॥

**ઉથલો** - દિવ્યમૂર્તિ શ્યામસુંદર, ઇંદ્રનીલમણિ શ્યામ ।
તે સરખી મૂર્તિ મનોહર, અધિક શોભાધામ ॥૨॥
શ્રીરુક્મિણીપતિ મુજને, જાણજો નિજદાસ ।
રક્ષણ કરજો શ્રીહરિ, નિત્ય આપી નીકટ નિવાસ ॥૩॥
કંસાદિક દુષ્ટના દમતલ, અખિલ જગના ઈશ ।
કમળ શંખ ને ચક્રધારી, શોભોછો જગદીશ ॥૪॥
પ્રણતપાલ દયાળ છો, વળી ગદાધર ગોવિંદ ।
શ્રીદ્વારામતિ ઇંદ્ર છો, વળી પૂરણકામ સ્વચ્છંદ ॥૫॥
રુક્મિણીના રમણ અમને, પાળો પરમ દયાળ ।
અતિસમર્થ આનંદમૂર્તિ, કાળના પણ કાળ ॥૬॥
શારદ પુન્યમ ચંદ્ર સરખું, વદનપંકજ જેહ ।
મંદહાસે સહિત શોભે, અતિમનોહર તેહ ॥૭॥
ભ્રૂને ભારસ્વરુપ જે, નૃપસેનના હણનાર ।
મુક્તાનંદના નાથ અમને, પાળો પ્રાણઆધાર ॥૮॥

## કડવું ॥૬૨॥

આનંદકંદ જદુનંદન ધીરજી, શેષના બંધુ પરમ ગંભીરજી ।
શ્રીરુક્મિણીપતિ સુખદાતારજી, પાળજો અમને પ્રાણઆધારજી ॥૧॥
**ઉથલો** - પાળજ્યો અમને સદા, પ્રભુ પ્રદ્યુમ્નના તાત ।
સભા સુધર્મા ઇંદ્રની, તેમાં બેસતલ સાક્ષાત ॥૨॥
સત્યભામા રીઝાવવા, પારિજાતક લાવણહાર ।
સોળ હજાર સુંદરીના, એક તમે ભરથાર ॥૩॥
શ્રીરુક્મિણીરમણ અમને, પાળો જનપ્રતિપાળ ।
શરણાગતવત્સલ સદા, તમે કહાવો દીનદયાળ ॥૪॥
પોતાના પાંડવ ગણી, તેહનું તે કરવા હેત ।
અર્જુનના થયા સારથી, હણ્યા કૌરવ કર્ણસમેત ॥૫॥
દ્રૌપદીનું જે જે વાઞ્છિત, કલ્પતરુ તે કાજ ।
ગરુડધ્વજ શારંગપાણિ, શ્રીરાજાધિરાજ ॥૬॥

શ્રીરુક્મિણીરમણ અમને, પાળો ગુણભંડાર ।
ઇંદ્રાદિકને વંદન કરવા, જોગ્ય છો કરતાર ॥૭॥
ધર્મના મારગતણી, તમે સેતુના રચનાર ।
મુક્તાનંદના નાથ તોરા, ગુણ અનંત અપાર ॥૮॥

## કડવું ॥૬૩॥

રુડા દ્વિજને દૈ બહુ દાનજી, મગન કરોછો કૃપાનિધાનજી ।
હરે મુરારે શ્રીભગવાનજી, નારદાદિ મુનિ કરે ગુણગાનજી ॥૧॥
**ઉથલો** - શ્રીનારદ આદિ મુનિ, જેના તે ગુણ નિત્ય ગાય ।
શ્રીરુક્મિણીવર અમારી, કરજ્યો નાથ સહાય ॥૨॥
કરુણાના સાગર સદા, વળી કરતલ ભવજળપાર ।
પતિતપાવન નામ જેનું, મુક્તિના દાતાર ॥૩॥
છો નરદેવશિખામણી, વળી ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ ।
શ્રીરુક્મિણીરમણ અમને, પાળો દીનદયાળ ॥૪॥
સંસારદુઃખથી ખેદ પામી, શરણ આવે જંત ।
તેહની રક્ષાનેવિષે, તમે ઉદ્યમ જુક્ત અનંત ॥૫॥
ઉદ્ધવને વિષે અર્પિયું, તમે નિર્મળ જે નિજજ્ઞાન ।
અનંત જન ઉદ્ધારવા, કર્યો પરમાર્થ ભગવાન ॥૬॥
નાનાવિધ અવતાર ધારી, પાળ્યા સાધુલોક ।
શ્રીરુક્મિણીરમણ અમને, કરજ્યો સદા અશોક ॥૭॥
મન કર્મ વચને માહરું, હવે માનયું તમશું મન ।
મુક્તાનંદના નાથ મારુ, તમ અર્થે આ તન ॥૮॥

## કડવું ॥૬૪॥

મુજને ભય આ લોક પરલોકજી, તમે સમર્થ મેટણ ભય શોકજી ।
તે માટે પતિ શબ્દ છે જેહજી, તમમાં સાચો છે પ્રભુ તેહજી ॥૧॥
**ઉથલો** - સત્ય છે પતિશબ્દ તમમાં, એમ જાણીને શ્યામ ।
મેં તમને નિજપતિ કર્યા, સમઝિ સદા સુખધામ ॥૨॥

તપ અર્ચન સાધનવડ્યે, આરાધી તમને કોય ।
તમ વિના અન્ય પતિ વરે, અતિ ભુલી વનિતા સોય ॥૩॥
તમારી માયાવિષે, અતિ મોહ પામી નાર ।
ડર આ લોક પરલોકમાં, ન ટળે તે એક લગાર ॥૪॥
તે માટે મેં તપ વ્રતાદિક, ધર્મ પાળ્યા જેહ ।
તે તમને રીઝાવવા, તેમાં તે નહિ સંદેહ ॥૫॥
તે માટે તમે રાજી થઈને, મારો મનોરથ નાથ ।
સંપૂર્ણ કરો શ્રીહરિ, રાખો સદા નિજ સાથ ॥૬॥
એમ પ્રાર્થના કરી નમે, પછી ઉર ધારે હરિરૂપ ।
કરંડિયામાં મૂર્તિ સુવારે, નિત્યનિત્ય પરમ અનૂપ ॥૭॥
હરિપૂજાવિધિ મેં કહ્યો, સદ્‌ગ્રંથ કેરો સાર ।
મુકતાનંદ ત્રિયમાત્રને, જેણે વધે પ્રભુ સંગ પ્યાર ॥૮॥

### પદ ॥૧૬॥ (રાગ ઘોળ)

**('મેંતો સર્વે સંગાથે તોડીરે સાહેલી' એ ઢાળ છે )**

સતી નારી અચળ ધર્મ પાળેરે, હરિ વરવા ॥હરિ૦॥૧॥
બિજિ ઉર થકી આશા ટાળેરે ॥હરિ૦॥
સતી ચાતક સરખી થાય રે ॥હરિ૦॥૨॥
તન જાતે ટેક ન જાય રે ॥હરિ૦॥
સતી શૂર સરીખી સાચીરે ॥હરિ૦॥૩॥
કેદી પાની તે ન ધરે પાછીરે ॥હરિ૦॥
શતી મતવાલી થૈ ડોલેરે ॥હરિ૦॥૪॥
મોળું વેણ મુખથી ન બોલેરે ॥હરિ૦॥
સતી લોકલજ્જા સર્વે ત્યાગેરે ॥હરિ૦॥
પ્રેમે પ્રભુ ચરણે અનુરાગેરે ॥હરિ૦॥૫॥
મુક્તાનંદ કે પતિવ્રતા નારીરે ॥હરિ૦॥
રાખે ઉરમાં અખંડ મુરારીરે ॥હરિ૦॥૬॥

### કડવું ॥૬૫॥

હવે કહું દોષનિવારણ રીતજી, જે સુણી પાપી થાય પુનીતજી ॥૧॥
કૈયેક અજાણે એકજ વારજી, ધર્મથી વનિતા ચુકે લગારજી ।

**ઉથલો** - ધર્મ ચુકેલ માનિની, તે જેણે કરી શુદ્ધ થાય ॥૨॥
પામે ફળ નિજધર્મનું, તે સુગમ કહું ઉપાય ।
વિધવા ગુંથે ચોટલો, વળી પલંગે સુવે કોય ॥૩॥
અધર્મિ ત્રિય સંગથી, કરે એક ઉપોષણ સોય ।
તેમ બે ટાણાં એક દિનમાં, જમે વિધવા જેહ ॥૪॥
નગ્ન ના'ય અતિશે જમે, કરે એક ઉપોષણ તેહ ।
રોગ વિના તન તેલ ચોળે, જે દિન થાયે ક્રોધ ॥૫॥
એક કરી ઉપવાસ વિધવા, કરે તે પાતક શોધ ।
અતિમીઠાં અન્ન મોદક આદિ, જે વિધવા બહુ ખાય ॥૬॥
એક દિવસ ઉપવાસ કીધે, દોષ તેહનો જાય ।
તેજાનો તંબોલ માદક, ખાય વિધવા નાર ॥૭॥
એક દિવસ ઉપવાસ કીધે, ન રહે પાપ લગાર ।
કસુંબલ કે અતિઝિણાં, વસ્ત્ર અધિક પ્રકાશ ॥૮॥
મુક્તાનંદ કહે માનિનીને, પહેર્યે એક ઉપવાસ

## કડવું ॥૬૬॥

ડગલી પહેરે વિધવા જેહજી, એક દિવસ અન્ન ત્યાગે તેહજી ।
નાત્યથી ન્યારાં વસ્ત્ર જે હોયજી, તે પહેર્યે એક વ્રત કરે સોયજી ॥૧॥
**ઉથલો** - વ્રત કરે તે વસ્ત્ર પહેરી, જે હોય વિધવા નાર ।
જે પહેર્યે ન જણાય તેહનો, દેશાચાર લગાર ॥૨॥
દાંતને કે પગને રંગે, વળી સેંથે ભરે સિંદુર ।
કુંકુમનો કરે ચાંદલો, તેને એક ઉપવાસ જરુર ॥૩॥
ચંદન અંજન પુષ્પમાળા, પહેરે વિધવા જેહ ।
ચૂડો પહેરે હાથમાં, કરે એક ઉપોષણ તેહ ॥૪॥
કુંકુમ કેરી પીલ્ય ભાલે, કરે જે વિધવા કોય ।
એક દિવસ ઉપવાસ કીધે, છુટે પાતક સોય ॥૫॥
હરિપ્રસાદી ચંદન લઈને, સતી કરે નિજભાલ ।
તો પણ એક ઉપવાસ કીધે, વાધે હરિસંગ વાલ ॥૬॥

તેમ પ્રસાદિ હાર હરિના, ઉર ધારે કરી પ્યાર ।
તે વિધવા એક વ્રત કરે તો, રીઝે હરિ ભરથાર ॥૭॥
ધાતુસોતું વસ્ત્ર પહેરે, કીધે તન શણગાર ।
મુક્તાનંદ કહે તે સતી શીર, એક ઉપવાસ પ્રહાર ॥૮॥

## કડવું ॥૬૭॥

ધાતુતણાં આભૂષણ જેહજી, વિધવા નારી પહેરે તેહજી ।
જે વિધવા કરે સ્વાગણ્ય વેશજી, લાજ મર્યાદા ન રાખે લેશજી ॥૧॥
**ઉથલો** - લાજ મર્યાદ જે તજે, વળી કરાવે ઉપહાસ ।
તે સૌ વિધવા નારને શીર, એક એક ઉપવાસ ॥૨॥
સંન્યાસણીનો વેશ ધારે, નાચણનો કરે વેશ ।
તે વિધવા એક દિવસ ત્યાગે, અન્નતણો લવલેશ ॥૩॥
પુરુષકેરો વેશ ધારે, જે વિધવા તજી લાજ ।
એક દિવસ તે અન્ન તજે, મહાદોષ મટવા કાજ ॥૪॥
કેશ ઉખાડે ભાલના, વળી ભમે ઘરઘર જેહ ।
પરઘેર જઈ બેસી રહે, કરે એક ઉપોષણ તેહ ॥૫॥
સાસરિયાં સમ પિયરિયાંસુ, સતી કરે ઉપહાસ ।
તે વિધવા શુદ્ધ થાય ત્યારે, કરે એક ઉપવાસ ॥૬॥
બાપને ખોળે ચડી, જે બેસે વિધવા નાર ।
એક દિવસ ઉપવાસ કીધે, ન રહે દોષ લગાર ॥૭॥
નરનારી સંજોગની, કરે માતા આગળ વાત ।
મુક્તાનંદ કહે એક ઉપોષણ, કીધે શુદ્ધ સાક્ષાત ॥૮॥

## કડવું ॥૬૮॥

નરનારી સંજોગની વાતજી, વિધવા સાંભળે કહે સાક્ષાતજી ।
એક દિવસ જો કરે ઉપવાસજી, તો એ પાતકનો થાય નાશજી ॥૧॥
**ઉથલો** - તો એ પાતક નાશ થાયે, અન્ન ત્યાગે દિન એક ।
વિધવા થૈ ગાળી દીયે, તેહનો પણ એજ વિવેક ॥૨॥
જે વિધવા હોળી રમે, વળી જુઠું બોલે કોય ।
એક દિવસ ઉપવાસ કીધે, પાતક છુટે સોય ॥૩॥

જે વિધવા થૈ કલંક કૂડું, ધરે કોઈને શીશ ।
એક દિવસ ઉપવાસ કીધે, રીઝે શ્રીજગદીશ ॥૪॥
સાસરિયાં સંગ લાજ ત્યાગી, બોલે વિધવા જેહ ।
એક દિવસ ઉપવાસ કીધે, છુટે પાતક તેહ ॥૫॥
મહાપાપી કોય કામિની સંગ, વિધવા રાખે પ્યાર ।
એક દિવસ ઉપવાસ કીધે, છુટે પાપ અપાર ॥૬॥
પાખંડી કે યવનનારી, તે સંગ બાંધે હેત ।
તે વિધવા એક દિવસ અન્નને, ત્યાગે સંગ સમેત ॥૭॥
જંત્ર મંત્રની જાણનારી, તે સંગ પ્રીતિ થાય ।
મુક્તાનંદ કહે તે સતી પણ, એક દિન અન્ન ન ખાય ॥૮॥

## પદ ॥૧૭॥ (રાગ ઘોળ)

**('મોહનને ગમવાને ઇચ્છો માનિની') એ ઢાળ છે**

શ્યામળીયાને ગમવા ઈચ્છે સુંદરી, તે ત્યાગે સર્વે પાપિડાંનો સંગ જો ।
નિયમ ધર્મનો નાશ કરાવે પાપિયાં, પાપી સંગે થાય ભજનમાં ભંગ જો ॥શ્યામ૦॥૧॥
નહિ પ્રતીતિ જેને હરિ અવતારમાં, લાજ રહિત વળી ઓષડની કરનાર જો ।
એવો સંગ થિયે એક દિન અન્ન ત્યાગવું, એ વિધવાનો ધર્મ સનાતન સાર જો ॥શ્યામ૦॥૨॥
ગર્ભતણી ઘાતક કે ધૂતી નારની, એક દિવસ જો સંગત ભુલ્યે થાય જો ।
તો એ મહાપાતક ટળવાને કારણે, વિધવા નારી એક દિન અન્ન ન ખાય જો ॥શ્યામ૦॥૩॥
પાપી નરના ઘરમાં નારી પતિવ્રતા, વિધવા તેને જોવા જાય લગાર જો ।
મુક્તાનંદ તે એક દિવસ અન્નને તજે, એ વિધવા સતીયોનો શુભ આચાર જો ॥શ્યામ૦॥૪॥

## કડવું ॥૬૯॥

નીચા કુળની નારી હોયજી, તેહને ઘેર સતી જાય જો કોયજી ।
તે વિધવા કરે એક ઉપવાસજી, ત્યારે એ પાતક પામે નાશજી ॥૧॥
**ઉથલો** - પાતક તેહનાં નાશ પામે, જો નૃત્ય ગીત જોવાય ।
તો વિધવા હરિધ્યાન ધારી, એક દિન અન્ન ન ખાય ॥૨॥
ઉત્સવ કે વિવાહમાં જઈ, જુવે નર શુભવેશ ।
તે વિધવા એક દિવસ રજની, ન જમે અન્ન લવલેશ ॥૩॥

પુરુષ બહુ પોતાની મેળે, જે સ્થળ રમતા હોય ।
તે વિધવા જુવે એકલી, કરે એક ઉપોષણ સોય ॥૪॥
સથવારો જોવા સતી, ક્યાંય એકલી જો જાય ।
તે વિધવાને દોષ ટળવા, એક ઉપોષણ થાય ॥૫॥
પુરુષના ગુણ રૂપને, કહેવાય કે સંભળાય ।
તે વિધવા એક વ્રત કરે તો, પાપ થકી મુકાય ॥૬॥
અજાણે કોય પુરુષને, જો અડે વિધવા નાર ।
એક દિવસ ઉપવાસ કીધે, ન રહે દોષ લગાર ॥૭॥
નરસંબંધી ઘાટ ભૂંડો, જો મનમાંહી જણાય ।
મુક્તાનંદ અન્ન તજી એક દિન, ગોવિંદના ગુણ ગાય ॥૮॥

## કડવું ॥૭૦॥

પુરુષનું વસ્ત્ર ધોયા વિના હોયજી, તેહને વિધવા સ્પરશે કોયજી ।
જો નરસંગ ભાષણ થઈ જાયજી, વિધવા એક દિન અન્ન ન ખાયજી ॥૧॥
**ઉથલો** - વિધવા એક દિન અન્ન તજે, જો નરનું ચિત્ર લખાય ।
તેમ નરનારી વિહાર સોતું, ચિત્રામણ સ્પરશાય ॥૨॥
નર સાથે વાહલપ કરે, કોઈ કારજ અર્થે જેહ ।
એક દિવસ ઉપવાસ કીધે, પાપ છુટે તેહ ॥૩॥
પશુ પંખીની આદ્ય જે કોય, મૈથુન કરતાં હોય ।
મનવશ થૈ જોવાય તો, તજે એક દિન અન્ન સોય ॥૪॥
ગુહ્ય અંગ જે નરતણુ, તે વિધવાને દેખાય ।
એક દિવસ તે અન્ન ત્યાગે, ત્યારે સતી શુદ્ધ થાય ॥૫॥
કર નયન ચાળા કરી, જે કરે નરને બોધ ।
એક દિવસ ઉપવાસ કીધે, થાય મનનો શોધ ॥૬॥
પુરુષની દષ્ટિ સંગાથે, દગ જોડે કરી નેહ ।
એક દિવસ ઉપવાસ કીધે, દોષ નિવારણ એહ ॥૭॥
પાંચ હાથથી ઢુંકડું, જો નરની પાસ ચલાય ।
મુક્તાનંદ કહે અન્ન એક દહાડો, ત્યાગી હરિગુણ ગાય ॥૮॥

## કડવું ॥૭૧॥

પુરુષ કરે મળ મૂત્ર જે ઠારજી, તે સ્થળે તેજ ક્રિયા કરે નારજી ।
તે વિધવા કરે એક ઉપવાસજી, ત્યારે એ પાતક પામે નાશજી ॥૧॥
**ઉથલો** - પાતક સર્વે નાશ પામે, પાળે નિજધર્મ સાર ।
ઈચ્છે હરિપદ પામવા, સતી રાખે એજ વિચાર ॥૨॥
ઉપર ભોંય કે હેઠય ભોંયમાં, જ્યાં નર સુતો હોય ।
તે ઘરમાં સતી એકલી, રજનીમાં સુતી કોય ॥૩॥
પ્રભાતે ઉઠી નાહીને, જે કરે એક ઉપવાસ ।
તે વિધવાનું પાતક હોય તે, પામે સર્વે નાશ ॥૪॥
નરસભાને દેખતાં, ઉર ઉદર સાથળ જેહ ।
દેખાડે વિધવા થઈ, કરે એક ઉપોષણ તેહ ॥૫॥
નરસભાને દેખતાં ઘસે અંગ વારમવાર ।
તે વિધવા અન્ન તજે એક દિન, સેવે હરિભરથાર ॥૬॥
સાસરિયાં ને પિયરીયાથી, ગુપ્ત કરે વ્યવહાર ।
નારીદ્વારે પુરુષ સાથે, રાખે મિત્રાચાર ॥૭॥
તે સતી એક દિન અન્ન તજીને, રટે નિરંતર નામ ।
મુક્તાનંદ તે માનિનીનું, મન થાયે નિષ્કામ ॥૮॥

## કડવું ॥૭૨॥

દર્પણમાં મુખ નિરખે જેહજી, એક ઉપવાસ કરે સતી તેહજી ।
નિજબંધુ ભરજોબન થાયજી, તે સંગ વિધવા મારગ જાયજી ॥૧॥
**ઉથલો** - તે સંગે જાય મારગે, કાં બેસે જઈ એકાંત ।
એક કરે ઉપવાસ ત્યારે, પાતક પામે શાંત ॥૨॥
માનસી કે બહારની, પૂજા જ્યારે ન થાય ।
કાં નિત્યનો જપ ન થાય ત્યારે, એક દિન અન્ન ન ખાય ॥૩॥
અવશ્ય ઘરનાં કામવોંણો, હરિ ભક્તિવિણ કોય ।
વૃથા કાળ જો જાય તો, કરે એક ઉપોષણ સોય ॥૪॥
પુરુષ પેશે બારણામાં, તુરત વળે ધરી ત્રાસ ।
ત્યાં હોય વિધવા એકલી, તો કરે એક ઉપવાસ ॥૫॥

જ્યાં હોય વિધવા એકલી, ત્યાં નર કોય આવી જાય ।
કાઢે અતિ અપમાન કરી તો, એક દિન અન્ન ન ખાય ॥૬॥
તે નરને જો ન કાઢે ને, વિધવા રહે તે ઠામ ।
ચાર દિવસ ઉપવાસ કીધે, તે સતી થાય અકામ ॥૭॥
સ્વપ્નામાં નરસંગ કીધે, અન્ન ત્યાગે દિન એક ।
મુક્તાનંદ કહે તે માનિનીને, ઉપજે પરમ વિવેક ॥૮॥

## પદ ॥૧૮॥ (રાગ ઘોળ)

**('લઇને કાગળ વિપ્ર સધાવ્યો') એ ઢાળ છે -**

સતી વિધવા અખંડ ધર્મ પાળે, તે તો તનસુખ લાલચ ટાળે ॥૧॥
ધારે ઉરમાં અખંડ હરિરુપ, સતી જાણે શ્રીહરિને અનૂપ ॥૨॥
સતી સમઝી થઇ તેની દાસી, ધાર્યા શીર ધણી અવિનાશી ॥૩॥
નિમ દાન ને વ્રત કરે જેહ, પ્રેમે હરિને સમર્પે છે તેહ ॥૪॥
કર્યું તન મન ધન હરિ કાજ, પ્રભુ કાજ તજી કુળ લાજ ॥૫॥
કરે સાધન સમઝી વિચારી, મુક્તાનંદ જેમ રીઝે મુરારી ॥૬॥

## કડવું ॥૭૩॥

સ્વપ્ને સંબંધિનો સંગ થાયજી, પાદકૃચ્છ્ર વ્રત કર્યે અઘ જાયજી ।
નિજધન ખરચી વિધવા જેહજી, જીવ્યા કાજ ઉદ્યમ કરે તેહજી ॥૧॥
**ઉથલો** - જીવ્યા સારુ જે સતી, પરસેવા કરવા જાય ।
કાં ભિક્ષાવ્રત આચરે, કરી ચાંદ્રાયણે શુદ્ધ થાય ॥૨॥
ખેડ્ય કે વેપારને, ઉદ્યમે જીવે કોય ।
પુરષનો સ્પર્શ થાય તોપણ, સ્નાન કરે શુદ્ધ સોય ॥૩॥
વેપારણ્ય કે ખેતી કરતલ, બોલે પરનર સંગ ।
પાંચશે જપિ નામ પ્રભુનાં, થાય નિર્મલ અંગ ॥૪॥
કાષ્ઠ તૃણ કે મૃત્તિકા, વળિ છાણ ઉપાડે જેહ ।
અવશ્ય કામે અડે નરને, સ્નાન થકી શુદ્ધ તેહ ॥૫॥
પોતના સંબંધિ નરને, કામથકી જોવાય ।
કામથકી બોલાય તોપણ, બમણું પાપ ગણાય ॥૬॥

બમણા કરી ઉપવાસ વિધવા, ટાળે અતિશે પાપ ।
તે વનિતાના મનવિષે, નવ રહે કોય સંતાપ ॥૭॥
અધર્મમાં મન જાય ત્યારે, ન ગણે દોષ લગાર ।
મુક્તાનંદ કહે મન જીતે, તે સતી સાધ્વી નાર ॥૮॥

## કડવું ॥૭૪॥

એકપત્નીવ્રત રાખે જેહજી, નારી મુવેલ કે ત્યાગી તેહજી ।
પરત્રિય સંગ ન ઈચ્છે કોયજી, વિશ્વાસી શરણાગત હોયજી ॥૧॥
**ઉથલો** - શરણાગત પર્યંત નર જે, છ પ્રકારના જોય ।
જે નારી તે સંગ ચુકે, મહાપાપી સમ સોય ॥૨॥
તેમાં એકએક પુરુષનો સંગ, કીધો હોય એક વાર ।
તેહને પાપ ટળ્યા તણો, હવે કરી આપું નિરધાર ॥૩॥
એક વર્ષ એકાંતરે દિન, મોળો સાથુ જેહ ।
પ્રેમસહિત પીતી રહે, મહાપાતક છૂટે તેહ ॥૪॥
ધારણા પારણા નામે, વ્રતની કરનાર ।
અસમર્થ જો હોય નારી, તેનો કહું વિચાર ॥૫॥
પારણાને દિવસ રાંધેલ, મિઠાળું એક અન્ન ।
એક વખત ભોજન કરીને, કરવું હરિભજન ॥૬॥
તેથી કાયર અધિક હોય તો, બે અન્ન લવણસમેત ।
એક વખત રાંધી જમે, રાખે તે હરિસંગ હેત ॥૭॥
ધારણાને દિવસ નારી, ત્યાગે અન્નની આશ ।
મુક્તાનંદ હરિ ભજન કરતાં, જળ પીવે કાં છાશ ॥૮॥

## કડવું ॥૭૫॥

વર્ષ દિવસનું વ્રત કરનારજી, જો અંગરોગી થાય અપારજી ।
તો એ રોગ ટળ્યા પછી નારજી, વ્રત કરે પુરું ન તજે લગારજી ॥૧॥
**ઉથલો** - વ્રત લગારે નવ તજે, કરે વર્ષ દિન લગી જેહ ।
તે વનિતા સર્વ પાપ છુટે, તેમાં નહિ સંદેહ ॥૨॥
એક વર્ષનું વ્રત કરતાં, કાયર વનિતા કોય ।
પોણા વર્ષનું વ્રત કરે, પણ પ્રભુપદ પામે સોય ॥૩॥

અતિ અસમર્થ હોય નારી, વ્રત કરે ષટ માસ ।
તેપણ પામે પરમ પદને, પાતક થાયે નાશ ॥૪॥
તેથકી પણ અધિક કાયર, જો કોય વનિતા થાય ।
ત્રણ મહિના એ વ્રત કરે તો, પાપથકી મુકાય ॥૫॥
તે સાધન વર્ણવી કહ્યાં, જે સૌને પાપ જણાય ।
ગોપ્ય રહે તે પાપ ટળવા, ભાખું સુગમ ઉપાય ॥૬॥
શ્રીહરિની મૂર્તિ આગળ્ય, મટકુ જીતી નાર ।
દૃઢ આસન બેસી રહે, નવ હાલે દેહ લગાર ॥૭॥
મુનિવ્રત લૈ મંત્ર જપવા, દિનદિન પાંચ હજાર ।
મુક્તાનંદ કહે મંત્રકેરા, અક્ષર પુરા ચાર ॥૮॥

## કડવું ॥૭૬॥

જ્યારે એ મંત્ર જપી રહે સારજી, ત્યારે જમે ભોજન એકવારજી ।
છ મહિના એમ જપ કરે સોયજી, તેહને પાતક ન રહે કોયજી ॥૧॥
**ઉથલો** - પાતક ન રહે કોય તેહને, સાધન કરી શુદ્ધ થાય ।
ગોપ્ય પ્રગટ સૌ પાપ નાસે, પ્રેમે હરિગુણ ગાય ॥૨॥
પ્રથમ કહ્યા છો ભાતના નર, તે સંગ ભ્રષ્ટ થવાય ।
તે પાતક છુટ્યાતણા, મેં વર્ણવ્યા સર્વ ઉપાય ॥૩॥
તે વિના અન્ય પુરુષ સાથે, ભૂલ પડે એકવાર ।
કહ્યાં તેથી અર્ધ વ્રત કરી, પામે ભવજળપાર ॥૪॥
અજાણે મદ્યપાન થાય, તેમજ માંસ ખવાય ।
એક ચાંદ્રાયણ વ્રત કરે, તો પાપથકી મુકાય ॥૫॥
સુવર્ણની ચોરી કરે, સોળ માસાસમ કોય ।
એક ચાંદ્રાયણ વ્રત કીધે, પાતક છુટે સોય ॥૬॥
સાધન પાપ ટળ્યાતણાં, આ ગ્રંથમાં કહ્યાં જેહ ।
ધર્મશાસ્ત્રમાં મુનિવરે, અતિશે કહ્યાંછે તેહ ॥૭॥
કળિવિષે એ મોટાં સાધન, કરતાં પામે ત્રાસ ।
મુક્તાનંદ કહે સુગમ રીતે, જણવ્યા જપ ઉપવાસ ॥૮॥

## પદ ॥૧૯॥ (રાગસિંધુ)

**(ધીર ધુરંધુરા શૂર સાચા ખરા, મરણનો ભયજ મનમાંજ ન આણે) એ ઢાળ છે -**

સાચી સતીયો તણી રીતિ મહા અટપટી, તન ધન જાતે ન ધર્મ ત્યાગે ।
પોતાના પુરુષ શ્રીકૃષ્ણ કરુણાનિધિ, તે સંગ પ્રીતિ અતિશેજ લાગે ॥સાચી૦॥૧॥
જળ વિના મીન જીવે નહિ બારણે, દુધ ઘૃત માંહી જો ધરે તેહને ।
તેમ સતીતણું મન નવ ડગમગે, પ્રાણજીવન પિયુ કૃષ્ણ તેહને ॥સાચી૦॥૨॥
ડગમગ મન કરી ધર્મમાંથી પડે, સાધન કરી ફરી શુદ્ધ થાય ।
પતિતપાવન પ્રભુ જાણી વળગી રહે, તે પણ ભવજળ પાર જાયે ॥સાચી૦॥૩॥
ઉત્તમ પતિવ્રતા એને ગણવી નહિ, અતિશે કનિષ્ઠ તુચ્છ નારી ।
આઠ પ્રકાર કરી અન્ય નરને તજે, પતિવ્રતા તેજ મહાપ્રભુને પ્યારી ॥સાચી૦॥૪॥
સૂરજ તુલ્ય નિષ્કલંક સાચી સતી, પોતાને તેજે ત્રિલોકી પાળે ।
મુક્તાનંદ તે સતીતણી ચરણરજ, શિષ ધારે તેનાં કર્મ બાળે ॥સાચી૦॥૫॥

## કડવું ॥૭૭॥

શાક મૂળ ફળ દળ કહેવાયજી, રાંધેલ અન્ન એક દિન લગી થાયજી ।
તેમ દહિ દુધ જો ચોરી ખવાયજી, તે સતી એક દિન અન્ન ન ખાયજી ॥૧॥
**ઉથલો** - એક દિવસ તે અન્ન તજે, જેને ચોર્યાનો અભ્યાસ ।
ગળ્યું અન્ન કે ઘી ચોરે તો, બે દહાડા ઉપવાસ ॥૨॥
એવી રીતે અન્ય ઠેકાણે, જાણી લેવી રીત ।
ઘટતું હોય તેમ દોષનિવારણ, કીધે થાય પુનીત ॥૩॥
ચાંચડ માંકડ લીખ જૂં, એવા જંતુ મારે જેહ ।
અજ્ઞાની એ વનિતા, કરે એક ઉપોષણ તેહ ॥૪॥
મૂષકાદિ મારે વનિતા, અજ્ઞાને કરી કોય ।
બે દિન સુધી અન્ન તજે, હરિભજન કરતી સોય ॥૫॥
અધિક મોટા જીવનું, જાણવું મોટું પાપ ।
દેશ કાળ કોઈ સાધન કીધે, નાસે સર્વ સંતાપ ॥૬॥
આત્મહત્યાની કરનારી, જમના ધોકા ખાય ।
સાપણ કે ચૂડેલ જેવી, ચોરાશીમાં જાય ॥૭॥

તામસ યોનિવિષે, તે તન ધરે બહુવાર ।
મુક્તાનંદ કહે આત્મઘાતી, પામે કષ્ટ અપાર ॥૮॥

## કડવું ॥૭૮॥

એકાદશી ચોવિશએ જેહજી, હરિના જન્મ દિવસ સર્વ તેહજી ।
આપતકાળ ન આવ્યો હોયજી, વિધવા હરિવ્રત ત્યાગે કોયજી ॥૧॥
**ઉથલો** - વિધવા નારી વ્રતને દિન, તૃષ્ણા કરી અન્ન ખાય ।
ચાંદ્રાયણ એક વ્રત કરે તો, પાપથકી મુકાય ॥૨॥
જતિ કાં બ્રહ્મચારીનું, જો અન્ન જમે એકવાર ।
તે વિધવા એક ચાંદ્રાયણ કરી, ટાળે પાતકભાર ॥૩॥
તેમજ આશ્રમરહિત નરનું, ભૂલ્યે અન્ન ખવાય ।
એક ચાંદ્રાયણ વ્રત કરે તો, વિધવા અતિશુદ્ધ થાય ॥૪॥
જાતિથકી કરે ભ્રષ્ટ એવું, કર્મ કરે સતી જેહ ।
એક ચાંદ્રાયણ વ્રત કરે, હરિભજન કરતી તેહ ॥૫॥
અજ્ઞાને એકવાર જે જે, વ્રતનો ભંગ થઈ જાય ।
આ ગ્રંથે જે જે કહ્યાછે, કરવા તેજ ઉપાય ॥૬॥
દોષ ટળ્યાના વ્રતને દિન, અહર્નિશ લે હરિનામ ।
તો સંપૂરણ ફળ મળે, સતી થાય અતિનિષ્કામ ॥૭॥
શ્રીહરિના નામકેરું, માહાત્મ્ય અનંત અપાર ।
મુકતાનંદ હરિભજન કરતાં, પતિત પામે પાર ॥૮॥

## કડવું ॥૭૯॥

પ્રાયશ્ચિતનું વ્રત કરતી હોયજી, ચાર દિવસનું વ્રત હોય સોયજી ।
એકાદશી આદિક વ્રત જેહજી, ચાર દિવસ મધ્ય આવે તેહજી ॥૧॥
**ઉથલો** - ચાર દિવસ મધ્ય વ્રત આવે, તે ન ગણે સતી નાર ।
પાંચ કરે ઉપવાસ પૂરા, ન તજે એક લગાર ॥૨॥
એવી રીતે જેજે વ્રતમાં, આવે મધ્ય ઉપવાસ ।
તે વ્રત ભેળો નવ ગણે તો અતિ રીજે અવિનાશ ॥૩॥
પ્રાયશ્ચિતનો ઉપવાસ કરતાં, નીર છાશ વિન જેહ ।
ફળ ફુલાદિક સતી વિધવા, કાંઈ ન ખાય તેહ ॥૪॥

જે વ્રત ભંગે પ્રાયશ્ચિત કરશે, તે પણ સતી કહેવાય ।
શ્રી સરખી વૈકુંઠમાં જઇ, અતિશે સુખણી થાય ॥૫॥
પોતે પ્રાયશ્ચિત નવ કરે, વળી અન્ય કોઈ કરતી હોય ।
તેને પણ વારું કરે, મહાકષ્ટ પામે સોય ॥૬॥
ઈશ્વરની આજ્ઞા પ્રમાણે, તે બેને ધર્મરાય ।
નાખે અતિશે નરકમાં, જેમ પાપ છુટિ જાય ॥૭॥
જમ કરમાં મુદગર લઈને, મારે કરી બહુ રીશ ।
મુક્તાનંદ તે નારીયો, ત્યાં પાડે અતિશે ચીશ ॥૮॥

## કડવું ॥૮૦॥

જમપુરનાં દુઃખ અતિશે જેહજી, ત્રાહિ ત્રાહિ કરી ભુક્તે તેહજી ।
જમપુર કષ્ટ સહિ અઘ જાયજી, તે સુંદરીયો અતિશુદ્ધ થાયજી ॥૧॥
**ઉથલો** - શુદ્ધ થયા પછી સુંદરી, લઈ અર્કસમ વિમાન ।
આવે પ્રભુના પાર્ષદ તે, કરશે બહુ સનમાન ॥૨॥
વિમાને બેસારી બેઉને, વૈકુંઠપુર લઈ જાય ।
શ્રીહરિના ધામમાં તે, અતિશે સુખણી થાય ॥૩॥
પ્રથમ કીધી ભક્તિ તેણે, પ્રભુસંગ રાખી પ્રીત ।
તે ભક્તિના ફળવડચે, થાશે અંત્યે પરમ પુનીત ॥૪॥
કમળાનું દાસીપણુ તે, પામશે બેઉ નાર ।
સુરવાઞ્છિત હરિધામમાં રહે, જ્યાં નહિ કષ્ટ લગાર ॥૫॥
વિષ્ણુભક્તિરહિત વનિતા, દૃઢ પાળે નિજધર્મ ।
વ્રત ભંગે પ્રાયશ્ચિત કરે, તેહનો બતાવું ધર્મ ॥૬॥
તનને ત્યાગી તે સતી, પછી પામે સતીનો લોક ।
પરમપદ પામ્યા વિના, ન ટળે તે અંતર શોક ॥૭॥
પુરુષ તેહનો રુદ્રગણ થઈ, તે સંગ કરે વિહાર ।
મુક્તાનંદ હરિભક્તિવોંણો, નાવે દુઃખનો પાર ॥૮॥

## પદ ॥૨૦॥ (રાગ ગરબી)

**('ઉત્સવની પ્યારી કેશવની, આજ એકાદશી ઉત્સવની') એ ઢાળ છે -**

જે હરિ સેવે તેજ સતી, તેજ સતી વરી કૃષ્ણપતિ ॥જે૦॥
પુરુષોત્તમ સંગ જીવ જડાણો, તે વનિતા અતિ ભાગ્યવતી ॥જે૦॥૧॥
પતિવ્રતા નારી ને પ્રિતી પિયુસંગ, તેહની ન ડગમગ થાય મતિ ॥જે૦॥૨॥
ધર્મધુરંધર થઈ પ્રભુ પૂજે, તે સતી પામે પરમ ગતિ ॥જે૦॥૩॥
મુક્તાનંદનો નાથ ભજ્યા વિના, એક રતિ વિના એ કરતી ॥જે૦॥૪॥

## કડવું ॥૮૧॥

જે હરિભક્તિરહિત સતી નારજી, પ્રાયશ્ચિતનાં વ્રત ન કરે લગારજી ।
તે મરી જમપુર નરકમાં જાયજી, તીવ્ર વેદના અતિદુઃખ થાયજી ॥૧॥
**ઉથલો** - દુઃખ સહે જમજાતનાનું, તેણે કરી શુદ્ધ થાય ।
પ્રથમના સુકૃત વડે તે, સતીલોકમાં જાય ॥૨॥
પતિ તેહનો રુદ્રનો ગણ, થાય પિશાચ સમાન ।
એ કેવલ સતી ધર્મનું ફળ, જે ન ભજે ભગવાન ॥૩॥
એ રીતે વિધવાતણા, મેં વર્ણવ્યા ધર્મ ઉદાર ।
દોષ નિવારણ સહિત નિર્મળ, મોક્ષ ફળદાતાર ॥૪॥
સુવાસિની કે વિધવા સતી, જ્યારે સ્ત્રીધર્મમાં હોય ।
ત્રણ રાત્રિ લગણ નરનારીનો, સ્પર્શ ન કરે સોય ॥૫॥
ઇંદ્રે બ્રહ્મહત્યા તણો, વળી ભાગ ચોથો જેહ ।
દીધો છે વનિતાઓને, એક મહિને પ્રગટે તેહ ॥૬॥
માસેમાસે બ્રહ્મહત્યા, રુધિરરુપ જણાય ।
પ્રથમને દિન મલિન નારી, ચાંડાળણી કહેવાય ॥૭॥
બીજે દિન બ્રહ્મઘાતિની, દિન ત્રિજે ધોબણ્ય રુપ ।
મુક્તાનંદ કહે તે માનિની, દિન ચોથે શુદ્ધ સ્વરુપ ॥૮॥

## કડવું ॥૮૨॥

દેવ પિત્રીના કર્મમાં એહજી, જોગ્ય થાય દિન પાંચમે તેહજી ।
કરે ઉપવાસ જો આપત હોયજી, ત્રીજે દિન શુદ્ધ થાય છે સોયજી ॥૧॥

**ઉથલો** - ત્રીજે દિન શુદ્ધ થાય નારી, એક ઉપવાસે જેહ ।
દેવ પિત્રિનું કર્મ કરવા, જોગ કહાવે તેહ ॥૨॥
તે માટે એ મહાપાતક, નવ સંતાડે નાર ।
સંતાડે તે નિત્ય હત્યારી, ન ટળે દોષ લગાર ॥૩॥
રજસ્વલા જેને અડે, જે તે મેલિ કે શુદ્ધ હોય ।
તોપણ લાગે પાપ બેઉને, અડવા જોગ્ય ન સોય ॥૪॥
રજસોતિને અન્ય નારી, અડે કરી બહુ હેત ।
તોપણ તેહને પાપ લાગે, બ્રહ્મહત્યાએ સમેત ॥૫॥
સ્મૃતિમાં તે પાતકનો, કૃચ્છ્રવ્રત નિરધાર ।
કળિમાં તે સૌ સુંદરીને, કરતાં ત્રાસ અપાર ॥૬॥
તે માટે સૌ સુંદરીને, ભાખું સુગમ ઉપાય ।
જે સાંભળતાં સૌ નારીને, કરવા હિંમત થાય ॥૭॥
પોતે હોય રજસ્વલા, તે જૈ બેસે અન્ય પાસ ।
મુક્તાનંદ કહે જાણી, તે શીર એક ઉપવાસ ॥૮॥

## કડવું ॥૮૩॥

નારીધર્મમાં જે હોય નારજી, તેહને અજાણ્યે અડાય લગારજી ।
વસ્ત્રસહિત જૈ જળમાં ના'યજી, તારે એ પાપથકી મુકાયજી ॥૧॥
**ઉથલો** - પાપથકી મુકાય ત્યારે, કરે મૂશળ સ્નાન ।
એમ એ વનિતા શુદ્ધ થઈને, ભજે શ્રી ભગવાન ॥૨॥
આપત કાળે નરનારીનો, જાણીને સ્પર્શ થાય ।
તો પણ રજવાળી વનિતાને, સ્નાન કરે અઘ જાય ॥૩॥
રજ સંતાડ્યા જોગ્ય નહિ, એમ કહિ છે મુનિવર વાત ।
એ રીતે સર્વે સતીની, પરંપરા વિખ્યાત ॥૪॥
રજ તનમાં પરગટ થયું, તે ન સંતાડે જેહ ।
બ્રહ્મહત્યાના દોષથી, વનિતાઓ છુટે તેહ ॥૫॥
પરપુરુષથી ગર્ભશંકા, સગાને થાય નાશ ।
તે માટે સૌ યોષિતાને, કરવું રજ પરકાશ ॥૬॥

રીતિ એ સર્વ સુંદરીને, અતિશે પાળ્યા જોગ્ય ।
પુરાતન આ રીત છે તે, આપે સુખ આરોગ્ય ॥૭॥
ચારે વર્ણની નારીયો, ઈચ્છે ધર્મ ફળ જોય ।
મુક્તાનંદ કહે એ મર્યાદા, પાળે અતિશે સોય ॥૮॥

## કડવું ॥૮૪॥

વ્રત નિષ્કામ સર્વ શ્રુતિ સારજી, નરનારી પાળે કરી પ્યારજી ।
છળવચને કરી શુભ વ્રત સોયજી, ભંગ કરાવે વનિતા કોયજી ॥૧॥
**ઉથલો** - ભંગ કરાવે વીર વ્રતને, પાપણી નારી જેહ ।
નરકમાં જઈ પાપણી, મહા કષ્ટ પામે તેહ ॥૨॥
ક્રોધે જેહનાં નેણ રાતાં, જમના દૂત કઠોર ।
અગ્નિવર્ણી લોહમૂર્તિ, ભેટાડે કરી જોર ॥૩॥
લોઢાના સ્તંભ અનંત રાતા, મળતાં દાઝે દેહ ।
ઉંચે સ્વરે જમ હાક મારી, ફરી ભેટાડે એહ ॥૪॥
નરનારીનું વ્રત જેણે, છળ કરી કીધું ભંગ ।
કુંભીપાકના તેલમાંહી, રાંધે તેહનું અંગ ॥૫॥
રક્ત પરુ વિષ્ઠાતણા, કૂંડમાં નિશદિન નાર ।
ભુક્તે અતિ જમજાતના, નહિ શાંતિ એક લગાર ॥૬॥
પોતાના તન રોમની, સંખ્યા તે જેટલી થાય ।
તેટલાં વર્ષપર્યંત પાપણ્ય, માર જમનો ખાય ॥૭॥
પછી નિર્જળ વનવિષે તે, પિશાચી થાય ખ્વાર ।
મુક્તાનંદ કહે પાપણી, દુઃખનો ન પામે પાર ॥૮॥

## પદ ॥૨૧॥ (રાગ ગરબી)

દૂતીને જમપુર મારે ઘણી, તેનો ત્રિભુવનમાં નહિ કોય ધણી ॥ દૂ૦ ॥
ભર જોબન નારીને ખ્વાર કરે, તેતો નવ છોડે પોતાની જણી ॥ દૂ૦ ॥૧॥
નરનારીનાં વ્રત જે ભંગ કરે, તેને જમ પીડે સર્વ પાપ ગણી ॥ દૂ૦ ॥૨॥
લોઢાના અંકુશ લૈ કરમાં, ખોસે રોમમાં તિખી અણી ॥ દૂ૦॥૩॥
કહે મૂક્તાનંદ દુઃખ સહી જમનું, પછી થાય વૈતરી અરણ્યતણી ॥ દૂ૦ ॥૪॥

## કડવું ॥૮૫॥

સાત જનમ કુતરડિ થાયજી, દૂતીનું દુઃખ નવ વર્ણવાયજી ।
સાત જનમ વડવાગુલી હોયજી, ઉંધે શીર લટકે નિત્ય સોયજી ॥૧॥
**ઉથલો** - ઉંધે શીર લટકી રહે, મહાકષ્ટ પામે તેહ ।
નરની વિષ્ઠામાં કીડાના, ધરે હજારો દેહ ॥૨॥
તે કેડે એ પાપણી, વળિ ગ્રામશૂકરી થાય ।
તે કેડ્યે અતિકામી જે તન, તેતે દેહ પમાય ॥૩॥
નર નારીનું નિષ્કામી વ્રત, ભંગનો કરનાર ।
તે પુરુષ પણ પ્રથમ કહી તે, વનિતા સરખો ખ્વાર ॥૪॥
તે પુરુષ પણ દેહ ત્યાગી, નરક કુંડમાં જાય ।
પોતાને પાપે કરીને, જમના ધોકા ખાય ॥૫॥
કુંભિપાક મહાનરકમાંહે, પડે તે વારમવાર ।
ક્રોધે કરી બહુ સરપ કરડે, કષ્ટનો નહિ પાર ॥૬॥
જમ ફરશી લઈ અંગ ચીરે, અતિશે કરે પોકાર ।
પાપી નર જેમ ચીશ પાડે, તેમ તેમ આપે માર ॥૭॥
તે કેડે ચંડાલ તનમાં, ધરે સાત અવતાર ।
મુક્તાનંદ કહે અધર્મીને, દિનદિન કષ્ટ અપાર ॥૮॥

## કડવું ॥૮૬॥

સાત જનમ તે સરપણ થાયજી, અનંત જીવ મારી ખાયજી ।
ધરે જળોનાં તન તે સાતજી, જલમાં રહી કરે બહુ ઉતપાતજી ॥૧॥
**ઉથલો** - ઉતપાતિ એ જીવ ધારે, જન્મ કોટિ હજાર ।
વિષ્ટામાં કીડાતણાં, પામે તે કષ્ટ અપાર ॥૨॥
પુંશ્ચલીની યોનિમાંહિ, સાત જનમ કૃમિ થાય ।
પાપી નર તેમ પાપમાં, અધિકો જડાતો જાય ॥૩॥
ગાયના આળા વિષે, એ કીડો થાય સો વાર ।
એમ બહુ યોનિમાં ભમે, ફરી નાવે નર અવતાર ॥૪॥
નિષ્કામી નરનારીનું વ્રત, રક્ષણ કરશે જેહ ।
નિષ્કામીની જે ગતિ, પામશે નિશ્ચે તેહ ॥૫॥

સતીગીતા શુભ ગ્રંથને, જે ભણે સાંભળે નાર ।
અર્થ ધારે ઉર વિષે, તે પો'ચે ભવ જળપાર ॥૬॥
આ ગીતાને પ્રેમશું જે, ભણે ભણાવે ગાય ।
મનવાંછિત ફલ પામશે, વળી પાપથકી મુકાય ॥૭॥
નિત્ય નિયમે આ ગ્રંથ કેરો, પાઠ કરે જે કોય ।
મુક્તાનંદ ભૂમધ્ય કીર્તિ, પામે હરિપદ સોય ॥૮॥

## કડવું ॥૮૭॥

સતીગીતા જે વનિતા ગાયજી, તે ફરી શુભ કુળ ઉતપન્ન થાયજી ।
પુરુષોત્તમ પતિ પામે સોયજી, બીજો પતિ નવ થાયે કોયજી ॥૧॥
**ઉથલો** - બીજો પતિ નવ થાય તેહને, ભક્તિથકિ જે નાર ।
આ ગીતાને સાંભળે, નવ મેલે એક લગાર ॥૨॥
ગાનારીની જે ગતિ, વળી સાંભળતલની તેહ ।
હરિનું સુખ પરલોકમાં, તેમાં નહિ સંદેહ ॥૩॥
ધર્મવાળી નારને, નિત્ય પાઠ કરવા જોગ્ય ।
નિત્ય આ ગીતા પઠન કરતાં, પામે સુખ આરોગ્ય ॥૪॥
ગ્રંથ સઘળો પાઠ કર્યાની, જેહને શક્તિ ન હોય ।
પાંચ દશ કે પંદર કડવાં, પાઠ કરે નિત્ય સોય ॥૫॥
સુવાસિની હોય તે પોતાના ધર્મ, ગોતીને કરે ગાન ।
વિધવા હોય તે આ ગીતાને, રાખે પ્રાણ સમાન ॥૬॥
જે સ્થળ જેના ધર્મ હોય તે, ગોતિને ગ્રહે સાર ।
સુવાસિનીને વિધવાતણો, આ ગ્રંથ અતિ શણગાર ॥૭॥
પ્રેમે કરી જે પ્રમદા, આ ગ્રંથ ગ્રહેશે સાર ।
મુક્તાનંદ તે માનિનીને, મળશે હરિ ભરથાર ॥૮॥

## કડવું ॥૮૮॥

સતીગીતાને નર જે ગાયજી, શ્રવણ કરે તેપણ શુદ્ધ થાયજી ।
મનવાંછિત ફળ પામે એહજી, અતિ જશવંત કહાવે તેહજી ॥૧॥
**ઉથલો** - જશ વાધે અતિ તેહનો, જે ધર્મમાં રહી ધીર ।
આ ગીતા સંભળાવે સૌને, તે નર ગુણગંભીર ॥૨॥

પોતાના ધર્મ જાણવા, જે ઈચ્છે સતિયો કોય ।
આ ગીતા તેહને કહે, લહે મનવાંછિત ફલ સોય ॥૩॥
આ ગીતા શુદ્ધ ધર્મમાં રહિ, સંભળાવે નર જેહ ।
ધર્મ ભક્તિ વસે ઉરમાં, પામે સદગતિ તેહ ॥૪॥
જે વનિતા વનિતાઓને, આ ગ્રંથ કહે કરી પ્યાર ।
તેને હરિ રિઝાવવાનું, એ સાધન અતિસાર ॥૫॥
સતીગીતા સર્વ સુંદરીનું, હિત કરવાને કાજ ।
સદગ્રંથોનો સાર લઈ, કરી નીલકંઠ મહારાજ ॥૬॥
આ ગીતા કરવે કરીને, માતા પરમ ઉદાર ।
મુજપર ભક્તિ રિઝજો, એ માગું વારમવાર ॥૭॥
સુર મુનિ સેવે ચરણ એવા, ધર્મ મારા તાત ।
મુક્તાનંદ કહે રીઝજ્યો, એ માગ્યું મુનિ સાક્ષાત ॥૮॥

## (રાગ ધોળ)

**('ધન્ય વૃન્દાવનવાસી વટની છાયા રે, જ્યાં હરિ બેસતાં') એ ઢાળ છે -**

ધન્ય તે નારી શ્રીહરિને વરવા, મનમાં શૂરી થઈ;
વરી ગિરિધારી ભક્તિસહિત નિજધર્મ અચળ ઉરમાં લઈ ॥ટેક॥
સતી ભક્તિસહિત નિજ ધર્મ પાળે, બીજિ આશા ઉરમાંથી બાળે ।
સતી તીવ્રવૈરાગે મન ગાળે ॥ધન્ય૦॥૧॥
સતી રાતદિવસ હરિસેવ કરે, તેતો લોકલજ્જાથી ન લેશ ડરે ।
સતી હરિ વિના બીજું સૌ પરહરે ॥ધન્ય૦॥૨॥
સતી શ્યામળીયાને રંગ રાચી, વરી શ્યામ સુંદરવર થૈ સાચી ।
બીજિ વાત જણાણી અતિકાચી ॥ધન્ય૦॥૩॥
સતી તન મન ધન હરિકાજ કર્યું, બીજું પાપરુપ સર્વે પરહર્યું ।
કહે મુક્તાનંદ અતિકાજ સર્યું ॥ધન્ય૦॥૪॥
**દોહા** - સંવત્ અઢાર ને એશિયો, જ્યેષ્ઠ માસ ગુરુ વાર ।
શુક્લ પક્ષ તૃતીયા તિથિ, ગ્રંથ સંપૂરણ સાર ॥૧॥

ઈતિ શ્રીમુક્તાનંદવિરચિતા પતિવ્રતાધર્મપ્રકાશિકા સતીગીતા સંપૂર્ણા ॥

॥વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

## શ્રીમુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

# શિક્ષાપત્રીભાષા

### દોહા

ભક્તિ ધર્મ સુત શ્રીહરિ, અરુન કમલ દલ નેન ।
વિઘન વિનાશન ઉર વસો, સદા પરમ સુખદેન ॥૧॥
સો ગુરુ સહજાનંદ લિખિ, શિક્ષાપત્રી અનુપ ।
તેહિ આજ્ઞા ભાષા કરુ, હરિજનકું સુખરુપ ॥૨॥
અબ શ્રીસહજાનંદ ગુરુ, અપને ઈષ્ટ હે જેહુ ।
તાસ ધ્યાનરુપિ સુખદ, મંગલ કહત હે તેહુ ॥૩॥

### ચોપાઇ

મેં અપને ઉરમેં એક તાના, ધરત હું નિત્ય શ્રીકૃષ્ણકો ધ્યાના ।
જિનકે વામ બાહુ ઢિગ પ્યારી, રહત સદા વૃષભાનુ દુલારી ।
જેહિ વક્ષઃસ્થલમેં અભિરામા, શ્રી નિત્ય રહત સદા છબિધામા ।
શ્રીવૃંદાવનમેં સુખકંદા, નિત્યપ્રતિ કરત વિહાર સ્વચ્છંદા ।
ઐસે અપને ઈષ્ટ સુખકારી, પુરુષોત્તમ શ્રીકૃષ્ણ મુરારી ।
તિનકો ધ્યાન પ્રેમસોં કરિકે, સબ સદ્‌ગ્રંથ રહસ્ય ઉર ધરિકે ॥૧॥
વૃત્તાલય હરિધામ હે જોઇ, અબ હમ તિનમેં નિવાસિ હોઈ ।
સબહિ દેશમેં રહત હે જેહા, મમ આશ્રિત અબ હરિજન એહા ।
**દોહા** - તિન પ્રતિ શિક્ષાપત્રી યહ, લિખત હું પરમ ઉદાર ।
જાહિ સુનત સત્સંગિ સબ, પાવત વિમલ વિચાર ॥૨॥

### ચોપાઇ

ધર્મદેવકે પુત્ર હે જેહા, હમરે સહોદર દ્વિજવર તેહા ।
રામપ્રતાપ રુ ઈચ્છારામા, વિદ્યા વિનય વિવેકકે ધામા ।

તિનકે પુત્ર ધર્મમગ ધીરા, અવધપ્રસાદ તથા રઘુવીરા ।
જિનકું વેદશાસ્ત્ર અનુસારા, દત્તપુત્ર હમ કિયે હમારા ।
કરિ વિભાગ મંદિર હરિજનકે, આચારજ દોઉ કિયે હમ તિનકે ॥૩॥
ત્યું મુકુંદ મુનિ આદિક ભારી, મમ આશ્રિત નૈષ્ઠિક બ્રહ્મચારી ।
મયારામ ભટ્ટ આદિક જોઉ, મમ આશ્રિત ગૃહસ્થ જન સોઉ ॥૪॥
ત્યું વિધવા સધવા જો કહાઈ, એેસિ મમ આશ્રિત સબ બાઈ ।
ત્યું મુક્તાનંદ આદિક સંતા, કૃષ્ણભક્તિરત અતિ બુદ્ધિવંતા ॥૫॥
એેસે તુમ સત્સંગિ સબહી, મમ આશિશ બચન સુનો અબહી ।

## દોહા

તુમરે ધર્મકિ સબહિ વિધિ, રક્ષા કરનેહાર ।
સબહિ શાસ્ત્રસંમત સુખદ, પતિત કરન ભવપાર ।
શ્રીનારાયણ નામકો, જિનમેં પ્રથમ ઉચ્ચાર ।
એેસે આશિરવાદ મમ, બાંચને વારંવાર ॥૬॥

## ચોપાઇ

સુખપ્રદ શિક્ષાપત્રી એેહી, લિખનેકો કારન હે જેહી ।
તેહિ તુમ સબહિ અધિક વિચારો, એેકાગ્ર મનસેં ઉર ધારો ।
યહ જો શિક્ષાપત્રી હમારી, તુમ સબહિકું પરમ સુખકારી ॥૭॥
શ્રીમદ્‌ભાગવત આદિક ગ્રંથા, એેહિ સત્‌શાસ્ત્ર મોક્ષકો પંથા ।
તિન પ્રતિપાદન કિને જેઉ, સદાચાર અહિંસાદિક તેઉ ।
સબ જીવનકે મોક્ષહિત જેહા, વિવિધ પ્રકારકે ભિન્નભિન્ન તેહા ।
તિનકું જો જો મનુષ્ય ઉર ધારે, સો ભવજલમેં તરે અરુ તારે ॥

## દોહા

લોક પરલોકમેં સો મનુષ્ય, અતિ બડ સુખ હે જોઈ ।
સદાચારકે જોગસેં, શુભ મતિ પાવત સોઈ ॥૮॥

## ચોપાઇ

સદાચાર ઉલંઘિકેં પ્રાની, મન વશ વર્તત તનઅભિમાની ।
સોતો મનુષ્ય કુબુદ્ધિ કહાવે, લોક પરલોકમેં મહાદુઃખ પાવે ॥૯॥

યાતેં હમારે શિષ્ય તુમ જેઉ, નર ત્રિય અધિક પ્રેમસેં તેઉ ।
ઈન શિક્ષાપત્રી અનુસારી, રહહું નિરંતર દૃઢ વ્રત ધારી ।
યહ શિક્ષાપત્રી હે જોઈ, નાંહિ ઉલંઘિ બરતના કોઈ ॥૧૦॥
અબ સબહું વર્તનકિ રીતિ, કહત હું પ્રભુ સોં બઢાવત પ્રીતિ ।
હમરે સત્સંગિ હો જોઉ, જીવમાત્ર નહિ હનના કોઉ ॥
જાનિ બુઝિકેં મમ જન જેહુ, અલ્પ જીવ હનનો નહિ તેહુદોહા ॥
મશક[૧] દંશ જુકા પિશુ, ખટમલ[૨] આદિક જંત ।
તિનકું કબહુ ન મારને, જદ્યપિ દુઃખદ અનંત ॥૧૧॥

**ચોપાઇ**

દેવ રું પિતર જજ્ઞહિત જાની, અજ મૃગ શશ મત્સ્યાદિક પ્રાની ।
કાહુકિ કબહુ ન હિંસા કરના, એસેં અહિંસા વ્રત ઉર ધરના ।
અતિ બડ ધર્મ અહિંસારુપા, સબહિ શાસ્ત્ર જેહિ કહત અનૂપા ॥૧૨॥
ધન ત્રિય રાજ્ય પ્રાપ્તિકે કાજા, લોભાદિકસેં ત્યાગિ શુભ લાજા ।
કોઈ મનુષ્યકિ હિંસા જેહા, મમ જન કબહુ ન કરનિ તેહા ॥૧૩॥
અતિબડ તીરથહુ મેં જોઈ, આતમઘાત ન કરના કોઈ ।
ક્રોધસેં આતમઘાત ન કીજે, યહ મમ વચન સો ઉર ધરિ લીજે ॥
કબહુ અજોગ્ય કર્મ હો જાઈ, તોહુ ન મરના અધિક મુંઝાઈ ।
કબહુ વિષ નહિ ખાના કોઉ, ત્યું ગલફાંસિ ન ખાના સોઉ ।
તેહિ વિધ જલમેં બુડિ ન મરના, મહાદુઃખ ભયે ન શૈલસેં ગિરના ।
ઈન આદિક કોઉ કષ્ટકે માંહિ, આતમઘાત સો કરનો નાહિ ॥૧૪॥
આમિષ જજ્ઞ ઉચ્છિષ્ટ હે જેહી, અતિસેં આપતકાલમેં તેહી ।
મમ જનમાત્ર ન ખાના કબહી, યહ મમ વચન રખહુ દૃઢ સબહી ॥

**દોહા**

સુરા સો તીન પ્રકારકી, મદ્ય અગ્યાર પ્રકાર ।
દેવ ઉચ્છિષ્ટ હુ ગ્રાહ્ય નહિ, લખિ પાતક ભંડાર ॥૧૫॥

**ચોપાઇ**

જો અજોગ્ય આચરન કહાવે, નિજ પરતેં કબહુક બનિ આવે ।
શસ્ત્રાદિકતેં ક્રોધવશ હોઈ, નિજ પર અંગ ન છેદહુ કોઈ ॥૧૬॥

ધર્મ કરન હિત ચોરિ જેઉ, મમ જન કબહુ ન કરનિ તેઉ ।
કાહુકો તૃણ કાષ્ઠાદિક હોહી, પત્ર પુષ્પ આદિક હે સોઈ ।
ધનિકે દિયે બિન વસ્તુ જેહુ, ભુલિકેં કબહુ ન લેના તેહુ ॥૧૭॥
બાઈ ભાઈ મમ શિષ્ય અપારા, તિનકું ન કરનો વ્યભિચારા ।
જુવા કિમિયા આદિક જેહા, વ્યસન સબહિ ત્યાગો તુમ તેહા ।
ગાંજા ભાંગ મફર દુઃખમૂલા, મા'જમ આદિ કેફ મહાશૂલા ।
ઈનકો ખાન પાન તજિ દેના, એહિ મમ આજ્ઞા ઉર ધરિ લેના ॥૧૮॥
જિનકે ઘરકો અન્ન જલ જોઈ, આપકું ગ્રહન જોગ્ય નહિ હોઈ ।
યદ્યપિ કૃષ્ણપ્રસાદિ સોઉ, મમ જન ગ્રહન કર નહિ કોઉ ॥
**સોરઠા** - જગન્નાથ પુરિમાંઈ, ચરણામૃત રું પ્રસાદિકો ।
ગ્રહણ કરહુ તહાં જાઈ, દોષ નહિ મમ વચન કરિ ॥૧૯॥

**ચોપાઇ**

નિજ સ્વાર્થકી સિદ્ધિ લખિ ભારી, કાહુકે શિરપર અતિ દુઃખકારી ।
મિથ્યા કલંક સો ધરનો નાહિ, યહ ઉપદેશ રખો મનમાંહિ ॥
કાહુંકું ગારિ ન દેના કબહૂ, એહિ દઢ ટેક રખો તુમ સબહૂ ॥૨૦॥
દેવ તિરથ બ્રાહ્મણ સતી નારી, સાધુ વેદ સદા અઘહારી ।
ઈનકી નિંદા કબહુ ન કરની, ઓર કરે સો કાન ન ધરની ॥૨૧॥
જેહિ દેવનકે આગે આઈ, સુર માંસ નૈવેદ્ય ધરાઈ ।
અરુ જેહિ ઢિગ અજાદિ વધ હોઈ, તેહિ નૈવેદ્ય ન ખાના કોઈ ॥૨૨॥
શિવાલયાદિક મંદિર જેહી, એહમેં ચલત આવે જબ તેહી ।
તિનકું દેખિ પ્રણતિ કરિ લીજે, તેહિ સુરદરશ ભાવસોં કીજે ॥૨૩॥
નિજ વર્ણાશ્રમકે ધર્મ જેહા, કોઈ સત્સંગિ ન તજના તેહા ।
પરકો ધર્મ સુખદ જો હોઈ, તેહિ આચરણ ન કરના કોઈ ।
ત્યું પાષંડ ધર્મ પર હરના, તિનકો ગ્રહન કબહુ નહિ કરના ॥
દોહા- શ્રુતિ સ્મૃતિ સદગ્રંથસે, અધિક વિરોધિ હોઈ ।
એસે કલ્પિત ધર્મકું, ગ્રહણ ન કરના કોઈ ॥૨૪॥

### ચોપાઇ

જિનકે વચન સુનેસેં જંતા, કૃષ્ણભક્તિસેં ગિરત અનંતા ।
ત્યું નિજધર્મસેં ગિરત હે પ્રાની, એસે વચન કહત દુઃખદાની ।
તેહિ મુખ કૃષ્ણકથા હે તોઉ, મમ જન કબહુ ન સુનનિ કોઉ ॥૨૫॥
જો સત્ય વચન કહેસેં ભ્રાતા, આપકો દ્રોહ હોત સાક્ષાતા ।
કિ પરદ્રોહ હોત હે તબહી, યું સત્ય વચન ન કહેના કબહી ।
જો જો અધિક કૃતઘ્નિ હોઈ, તિનકો સંગ તજો સબ કોઈ ।
કાહુકિ લાંચ ન લેનિ લેશા એહિવિધ મોર અચલ ઉપદેશા ॥૨૬॥
પાષંડિ પાપિ અરુ ચોરા, વ્યસનિ કામી ધુરત કઠોરા ॥

### દોહા

ઈન ષડવિધકે મનુષ્યમેં, અધર્મ રહત અભંગ ।
મમ આશ્રિત જનમાત્ર તેહિ, કબહુ ન કરનો સંગ ॥૨૭॥

### ચોપાઇ

ભક્તિ રું જ્ઞાનકો મિષ લે પ્રાની, ત્રિય ધન રસ લોલુપ અભિમાની ।
એહિ વિધ પાપ કરત હે જેઉ, મમ જન સંગ તાકો તજિ દેઉ ॥૨૮॥
પુરુષોત્તમ શ્રીકૃષ્ણ મુરારી, દિવ્યસ્વરુપ ભક્તભયહારી ।
વારાહાદિક તેહિ અવતારા, જુગજુગ હોત હરન ભુવભારા ।
જેહિ ગ્રંથનમેં કુમતિ મલીના, જુક્તિસેં તેહિ ખંડન કીના ।
એસેં શાસ્ત્ર પાપમય જેહુ, કબહુ ન સુનને માનને તેહુ ॥૨૯॥
બિન છાને જલ દુધ ન પીના, ત્યું બિન છાનો ઘૃતહુ મલીના ।
જિનમેં સૂક્ષ્મ જીવ અનંતા, સો જલસેં મમ જન બુદ્ધિવંતા ।
સ્નાનાદિક કછુ ક્રિયા ન કરના, જંતુ હનનકે પાપસેં ડરના ॥૩૦॥
મદ્ય માંસ જુત ઔષધ હોઉ, મમ જન કબહુ ન ખાના સોઈ ॥

### દોહા

અરુ જો વૈદ્યકો આચરન, આપન જાન્યો હોય ।
તિનકો દિયો ઔષધ કુછ, કબહુ ન ખાયો કોય ॥૩૧॥

### ચોપાઇ

લોક રું શાસ્ત્રમેં વર્જે જેઉ, એસે સ્થાન કહત હું તેઉ ।
જીર્ણ દેવાલય નદી સનીરા, લોકકો મગ મહાતાલ ગંભીરા ।
બોયા ખેત રું વૃક્ષકિ છાયા, ઈન આદિક જો બરજ કહાયા ।
તેહિ સ્થલમેં મલ મૂત્ર ન કરના, થુકહુ ડારનમેં અતિ ડરના ॥૩૨॥
ચોરકે મગસેં કોઉ સ્થલમાંહિ, ના ધસનો રું નિકસનો નાહિ ।
હરકાહુકિ જગ્યા હોઈ, તિનમેં ઉતરને ચાહત જોઈ ।
ધનિકું પુછે બિન તહાં આઈ, નાહિ ઉતરનો જોર જનાઈ ॥૩૩॥
મમ જન પુરુષ માત્ર હે જેહિ, ત્રિયમુખ જ્ઞાન ન સૂનનો તેહી ।

### દોહા

તેહિ વિધ ત્રિયસું વિવાદ સો, કબહુ ન કરના લેશ ।
ત્યું નૃપસંગ વિવાદ સોઉ, તજના મમ ઉપદેશ ॥
**સોરઠા** - નૃપકે પુરુષ સો જાય, તિનસેં ન કરનો વિવાદ કોઉ ।
એસે ઓર કહાય, ક્રોધિ માનિ અહંકારિ અતિ ॥૩૪॥

### ચોપાઇ

ત્યું ગુરુકો અપમાન ન કીજે, એહિ મમ વચન હૃદે ધરિ લીજે ।
અતિશે શ્રેષ્ઠ મનુષ્ય જો હોઈ, તેહિ અપમાન ન કરના કોઈ ।
લોકમેં બડા મનુષ્ય હે જેહા, ત્યું અતિ વિદ્યાવાન હે તેહા ।
તેહિ વિધ શસ્ત્રપાનિ અહંકારિ, જિનકે ઉરમેં માન અતિભારી ।
ઈન સબકો અપમાન ન કરના, યહ મમ વચન અચલ ઉર ધરના ॥૩૫॥
બિના વિચારે કારજ કોઉ, ના કરનો તતકાલ હિ સોઉ ।
ધર્મસંબંધિ કારજ જેહી, સદ્ય સો કરના મમ જન તેહિ ।
આપકું વિદ્યાકો જેહિ જ્ઞાના, ઓરનકું કરનો સો દાના ।
પ્રતિદિન પુનિ સંતનકો સંગા, કરનો આનિ ઉર અધિક ઉમંગા ॥૩૬॥
ગુરુ દેવ રાજાકે જબહુ, દર્શન કરન હિત જાના તબહુ ।
ખાલિ હાથ તહાં જાનો નાઈ, યહિ મમ વચન રખો ઉર માંઇ ।
વિશ્વાસિનકિ ઘાત નહિ કરના, નિજકીર્તિ નિજમુખ પરહરના ॥૩૭॥

સૂક્ષ્મ બસનકું પહિરેં તબહી, અપને અંગા દિખાત હે સબહી ।
એસે વસ્ત્ર મોર જન જેહૂ, કબહુ ન તન પર ધરના તેહૂ ॥૩૮॥
ધર્મરહિત હરિભક્તિ જોઇ, કોઇ પ્રકાર કરનિ નહિ સોઇ ।
ભક્તિ કરત હોવત ઉપહાસા, ઉરમેં ના રખનો તેહિ ત્રાસા ॥

## દોહા

અતિ અજ્ઞાનિ મનુષ્યકિ, નિંદાસેં ડરપાય ।
પ્રબલ ભક્તિ શ્રીકૃષ્ણકિ, ના તજનિ મુરઝાય ॥૩૯॥

## ચોપાઇ

ત્યું શ્રીકૃષ્ણકે દર્શન કાજા, સમયમેં આવત ભકતસમાજા ।
હરિમંદિરમેં જો જો આઇ, એસિ સબહિ સત્સંગી બાઇ ।
પુરુષમાત્રકો સ્પર્શ ન કરહી, યહ મમ વચન અચલ ઉર ધરહી ।
હરિજન પુરુષ સો મંદિરમાંહિ, જુવતીમાત્રકુ છુવત નાંહિ ।
મંદિરસેં નિકસત હે જબહી, જ્યું જેહિ જોગ્ય ત્યું રે’વે તબહી ॥૪૦॥
ધર્મવંશિ ગુરુતેં સુખકારી, જેહિ શ્રીકૃષ્ણ કિ દીક્ષા ધારિ ।
એસે ત્રૈવર્ણિક જન જોઇ, કંઠ ધરે તુલસિસ્રજ દોઇ ।
ભુજા ભાલ ઉરમાંહિ અનૂપા, ઉર્ધ્વપુંડ્ર કિજે સુખરુપા ॥૪૧॥
ગોપીચંદનકો સોઉ કીજે, જેહિ કરિ ગોપીપતિ અતિ રીજે ।
અથવા હરિપ્રસાદિકો હોઇ, કેસર કુંકુમાદિ જુત સોઇ ।
એસો ચંદન જો મિલ જાવે, મમ જન તાકો તિલક બનાવે ॥૪૨॥
**સોરઠા** - તિલક જાહિકો હોઇ, તાહિ દ્રવ્ય કરિ તિલક બિચ ।
ચંદ્રક અતિશુભ સોઇ, નિત્ય પ્રતિ કરનો મોર જન ॥
**દોહા**-રાધા રમા પ્રસાદિકો, કુંકુમ લે અતિસાર ।
તિલક મધ્ય કિજે સુભગ, ચંદ્રક ચંદ્રાકાર ॥૪૩॥

## ચોપાઇ

કૃષ્ણભકત સતશૂદ્ર હે જેહા, અપને ધર્મમેં રહિકે તેહા ।
ઉર્ધ્વપુંડ્ર તુલસિકિ માલા, ત્રૈવર્ણિક જિમિ ધરહિ વિશાલા ॥૪૪॥
તિનતેં અન્ય શૂદ્ર હે જોઉ, ચંદન આદિક કાષ્ઠકિ સોઉ ।
કંઠિ જુગલ કંઠમેં ધારી, ભાલ કરહિ એક ચંદ્ર સવારી ॥૪૫॥

જો ત્રિપુંડ્ર રુદ્રાક્ષ કહાવે, જિનકે પરંપરા ચલિ આવે ।
એસે દ્વિજ મમ આશ્રિત હોઈ, કબહુ ન ત્યાગ કરો સો દોઈ ॥૪૬॥
નારાયણ ગિરિજાપતિ જેહુ, એકહિ રુપ જાનને તેઉ ।
વેદમેં અસ પ્રતિપાદન કીના, ઉભયકું બ્રહ્મરુપ કહિ દીના ॥૪૭॥
શાસ્ત્રમેં કહે જો આપતધર્મા, મમ આશ્રિત તેહિ જાનિકે મર્મા ।
અલ્પ હિ આપતકાલમેં એઉ, કરિકે પ્રધાન ન ગ્રહના તેઉ ॥૪૮॥

## દોહા

પ્રતિદિન રવિ ઉગે પ્રથમ, જાગિકે કરિ હરિ ધ્યાન ।
પિછે જાના શૌચ હિત, મમ જન પરમ સુજાન ॥૪૯॥

## ચોપાઇ

તા પિછે એકહિ સ્થલમાંહિ, બેઠિકે દાતુન કરના તાંહિ ।
અતિપવિત્ર જલસેં કરિ સ્નાના, પહિરને ધોયે વસ્ત્ર સુજાના ॥૫૦॥
શુદ્ધ ભુમિ શુદ્ધ આસન ઠાને, સાવકાશ તહાં બૈઠિ સયાને ।
પૂરવ વા ઉત્તર મુખ કરિકે, કરત આચમન હરિ ઉર ધરિકે ॥૫૧॥
મમ જન પુરુષમાત્ર હે જેહા, કુંકુમકે ચંદ્રક જુત તેહા ।
ઉર્ધ્વપુંડ્ર શુભ તિલક સો કરના, યું વૈષ્ણવકે ચિન્હ સબ ધરના ।
સધવા જુવતિમાત્ર હે જેહી, કુંકુમચંદ્રક કરના તેહી ॥૫૨॥
વિધવા જુવતિમાત્ર હે જાહી, ભાલમેં તિલક ન કરના તાહી ।
ત્યું કુંકુમકો ચંદ્રક જેહૂ, વિધવામાત્ર ન કરના તેહૂ ॥

## દોહા

તા પિછે મમ દાસ સબ, સત્સંગિ હે જોય ।
કૃષ્ણકિ પૂજા માનસી, કરનિ તતપર હોય ॥૫૩॥

## ચોપાઇ

તા પિછે શ્રીકૃષ્ણકિ જેઉ, ચિત્રાકિ પ્રતિમા સુખપ્રદ તેઉ ।
આદરસેં તેહિ દર્શન કરના, વંદન કરિકે કૃષ્ણ ઉર ધરના ।
પિછે નિજસામર્થ્ય અનુસારી, કૃષ્ણકો મંત્ર અખિલ અઘહારી ।
સો અષ્ટાક્ષર મંત્રકો તબહી, કરિકે જાપ નિકિવિધ સબહી ।
પીછે નિજવ્યવહારિક જેહૂ, કામકાજ સબ કરના તેહૂ ॥૫૪॥

મમ જન અંબરીષસમ જેહા, આત્મનિવેદિ કહાવત તેહા ।
સોઉ માનસી પૂજા પરજંતા, પ્રથમ કહ્યો ત્યુંહિ કરો બુદ્ધિવંતા ॥૫૫॥
અરુ જો હમારે સત્સંગમાહિ, આત્મનિવેદિ દાસ કહાંહિ ।
મૂર્તિ ધાતુ પાષાનકિ જોઉ, અથવા શાલગ્રામ હે સોઉ ।
સેવત નિજ સામર્થ્ય અનુસારા, યથાપ્રાપ્ત લેકે ઉપચારા ॥

**દોહા**

જપે મંત્ર શ્રીકૃષ્ણકો, અષ્ટાક્ષર કરી પ્યાર ।
આત્મનિવેદિ ભક્તકું, પ્રભુપદ પ્રેમ અપાર ॥૫૬॥

**ચોપાઇ**

પિછે નિજસામર્થિ અનુસારા, કરત શ્રીકૃષ્ણકે સ્તોત્ર ઉચ્ચારા ।
કિ સદ્‌ગ્રંથ પઠન કરેસોઇ, જિનસેં કૃષ્ણ ચરન રતિ હોઈ ।
સંસ્કૃત ગ્રંથ પઢ્યા નહિ જાવે, સો પ્રાકૃત પઢિ હરિગુન ગાવે ।
ભાષાસ્તોત્ર પઠત વિધિ નાના, પદપ્રબંધ કીર્તન કરે ગાના ।
અથવા ભાષાગ્રંથ હે જેહા, તાસ પઠન કરના નિત્ય તેહા ॥૫૭॥
પિછે નિવેદ હરિકું ધરીકે, અન્ન પ્રસાદિ જિમે હિત કરિકે ।
આત્મનિવેદી વૈષ્ણવ જોઉ, સબહિ કાલમેં તતપર હોઉ ।
પ્રેમસેં કરત શ્રીકૃષ્ણકિ સેવા, જ્યું નટવર રિઝે તતખેવા ॥૫૮॥
આત્મનિવેદિકિ ક્રિયા હે જેતી, નિર્ગુણ હરિસંબંધ જુત તેતી ।
તાતેં આત્મનિવેદી સંતા, નિર્ગુણ ભક્ત કહે બુધિવંતા ॥૫૯॥
આત્મનિવેદી વૈષ્ણવ જેતે, જદુપતિકું અર્પે બિન તેતે ।
એસો જલ હુ ન પિવે કબહી, આત્મનિવેદિ જથારથ તબહી ।
પત્ર રું કંદ ફલાદિક જેહૂ, જિમન જોગ્ય વસ્તુ હે તેહૂ ।
શ્રીહરિકું અરપ્યા નહિ જેહી, આત્મનિવેદિ જિમત ન તેહી ॥૬૦॥
મમ જન વૃદ્ધ હોઈ જબ જાવે, કિ બડ આપતસેં દુઃખ પાવે ।
અધિક અસમર્થ હોવત જેઉ, હરિસેવા કરિ સકત ન તેઉ ॥

**દોહા**

આપ પાસ શ્રીકૃષ્ણકિ, મૂર્તિ પરમ રસાલ ।
ઓર ભક્તકું સેવને, દેવત હે તેહિ કાલ ॥
**સોરઠા** - નિજ સામર્થિ પ્રમાન, માનસિ પૂજા કરત નિત ।
હરિજન પરમ સુજાન, પટપ્રતિમા દર્શન કરત ॥૬૧॥

### ચોપાઇ

અરુ શ્રીકૃષ્ણકો સુખદ સ્વરુપા, આપકું સેવા કાજ અનૂપા ।
ધર્મવંશિ આચારજ જોઇ, તિન હરિજન લખિ દિન હોઇ ।
કિ આચારજ કિનિ પ્રતિષ્ઠા, સો સ્વરુપ અપનો દૃઢ ઈષ્ટા ।
સોઇ સ્વરુપ સેવા રુચિ આની, પ્રગટ શ્રીકૃષ્ણ જાનિ સુખદાની ।
તેહિ બિન કૃષ્ણકે રુપહે ઓરા, વંદનમાત્ર કરો તેહિ ઠોરા ।
પરિ તેહિ સેવન કરનો નાહિ, યહ મમ વચન ધરો ઉરમાંહિ ॥૬૨॥
અરુ મમ જન સત્સંગિ જેહા, સાયંકાલમેં નિત્ય પ્રતિ તેહા ।
હરિમંદિરમેં જાના સબહુ, નિમ ન ચુકન પાવે કબહૂ ॥

### દોહા

રાધાવર શ્રીકૃષ્ણકો, મંગલકારિ નામ ।
ઉંચે સ્વરસેં ગાવનો, સુને જ્યું સગરો ગામ ।
કલિમલ હરન શ્રીકૃષ્ણકિ, સુનનિ કથા કરિ પ્યાર ।
કૃષ્ણકિ કીર્તિ અતિ સુખદ, ગાવનિ વારમવાર ॥૬૩॥
**સોરઠા** - ઉત્સવકો દિન હોય, તબ વાર્જિંત્ર બજાય સબ ।
કૃષ્ણકે કીર્તન સોય, ગાવને પુરન પ્રેમજુત ॥૬૪॥

### ચોપાઇ

અરુ જો મોર સતસંગિ પ્રવીના, તિનકું પ્રથમહ જ્યું કહિ દીના ।
તેહી પ્રકારસેં તતપર હોઇ, ત્યું નિત્ય પ્રતિ કરના સબ કોઇ ।
સંસ્કૃત પ્રાકૃત ગ્રંથહે જેઉ, તિનકો દૃઢ અભ્યાસ હે તેઉ ।
નિજબુદ્ધિ અનુસારસેં કરના, તિનમેં સબહિ પ્રમાદ પ્રહરના ॥૬૫॥
અરુ જો મનુષ્ય જેસો ગુણવાના, તિનકું ત્યુંહિ વિચારિ સુજાના ।
તૈસે હિ કારજમેં તબ તેહા, પ્રેરનો યથાયોગ્ય ત્યું એહા ।
જિન કારજમેં જોગ્ય ન જેહી, તિનમેં કબહુ ન પ્રેરના તેહી ॥૬૬॥
અપને અપને સેવક જોઉ, અપને નિમમેં વર્તત સોઉ ॥

### દોહા

ઈન સબકિ અન્ન વસ્ત્રસેં, નિજસામર્થિ અનુસાર ।
યથાયોગ્ય સંભાવના, કરનિ સદા એકતાર ॥૬૭॥

### ચોપાઇ

મનુષ્યમાત્ર જો જેસો હોઇ, તેસેઇ બચન વિનોદસેં સોઇ ।
દેશ કાલ અનુસારસેં એહા, જથાજોગ્ય બોલાવનો તેહા ।
ઇનસેં ઓર રીત ઉર ધારી, નાહિ બોલાવનો સમઝિ વિચારી ॥૬૮॥
મમ આશ્રિત સત્સંગિ જેતા, યહ મમ બચન રખો તુમ એતા ।
ગુરુ રાજા અતિ વૃદ્ધ કહાવે, ત્યાગિ તપી વિદ્વાન રહાવે ।
મમ જન એ ષટ આવત દેખી, સન્મુખ ઉઠહુ વિનય વિશેખી ।
મૃદુલ વચનસેં તેહિ સનમાના, કરનો ત્યાગિકેં નિજ અભિમાના ॥૬૯॥
સભા દેવ ગુરુ નૃપ ઢિગ જાઇ, ના બેઠહુ પગ પર પગ લાઇ ।
બાંધી જાનુ બસનતેં જેહૂ, મમ જન તહાં ન બેઠો તેહૂ ॥૭૦॥
મમ આશ્રિત જો જનહે સબહી, નિજ આચારજકે સંગ કબહી ।
વાદ વિવાદ કોઉ નહિ કરના, અન્ન વસ્ત્ર ધન પૂજા ધરના ॥૭૧॥

### દોહા

આચારજ નિજ ગામ પ્રતિ, આવત સુનિ જન મોર ।
આદરતેં તતકાલ તેહિ, સન્મુખ જાનો દોર ।
આચારજ નિજ ગામતેં, લગે ચલન હોઇ ત્યાર ।
ગામ બાહર લોં સબહિ મિલ, પહુંચાવહિ કરિ પ્યાર ॥૭૨॥

### ચોપાઇ

બહુ ફલ જુક્ત કર્મ હે જેહા, ધર્મરહિત જો હોવત તેહા ।
તાકો ગ્રહન કબહુ નહિ કીજે, યહ મમ બચન સો ઉર ધરિ લીજે ।
કર્મ જો ધર્મજુક્ત સાક્ષાતા, સો સબ પુરુષાર્થકો દાતા ।
તાતેં લોભાદિક વશ હોઇ, ધર્મકો ત્યાગ ન કરના કોઇ ॥૭૩॥
આગેં મહતપુરુષ ભયે જોઇ, તિનકો અશુભ આચરન જો હોઇ ।
તાકો ગ્રહન કબહુ નહિ કરના, તિન કૃત ધર્મ સદા અનુસરના ॥૭૪॥
કાહુકિ ગુહ્ય વાર્તા જેહુ, કબહુ નાહિ પ્રકાશિન તેહુ ।
જેસો જન તેસો સનમાના, કરનો મમ જન પરમ સુજાના ।
કરિ સમદષ્ટિ યહ મરજાદા, નાહિ ઉલંઘનિ કોઉ પ્રમાદા ॥૭૫॥

મમ આશ્રિત સત્સંગિ કહાહિ, ઈન સબકું ચોમાસે માંહિ ।
નિયમ વિશેષ ધારનો જેઉ, સમર્થકું ચહુ માસકો તેઉ ।
તનસેં અસમર્થ હોવત કોઉ, તિનકિ રીત કહત હું સોઉ ।
એકહિ શ્રાવન માસમેં એહી, નિયમ વિશેષ ધારનો તેહી ॥૭૬॥

### દોહા

નિયમ વિશેષકી વિગત અબ, કહતહું વિવિધ પ્રકાર ।
સુનિકે હૃદેમેં ધારિયો, હરિજન પરમ ઉદાર ।
નિત્યપ્રતિ ચાતુર માસમેં, કૃષ્ણકથા શ્રુતિસાર ।
કિ સુનનિકિ બાંચનિ, ઉર ધરિ વિમલ વિચાર ।
ગુનકીર્તન શ્રીકૃષ્ણકે, પ્રેમસેં ગાવને તેઉ ।
કિ પંચામૃત સ્નાનસેં, મહાપૂજા કરિ લેઉ ।
ચહું માસ નિત્ય નિયમસેં, કિ હરિમંત્ર ઉચ્ચાર ।
સ્તોત્રપાઠ કરનો સદા, કરહુ પ્રક્રમા ઉદાર ॥૭૭॥

### ચોપાઇ

કિ સાષ્ટાંગ દંડવત જેહુ, પુરુષમાત્રકું કરના તેહુ ।
ઈતને નિયમ કએહે જેહા, હમ અતિ ઉત્તમ માને તેહા ।
તાતેં ઈન નિયમનસેં કોઈ, એક નિયમ રખનો દૃઢ હોઈ ।
નિયમ વિશેષ કહાવત એહી, ચાતુર માસસેં રખનો તેહી ॥૭૮॥
સબહિ એકાદશિકે વ્રત જેઉ, અતિ આદરજુત કરને તેઉ ।
ત્યુંહિ શ્રીકૃષ્ણકે અતિ સુખકારી, જન્મ અષ્ટમિ આદિક ભારી ।
જન્મ દિવસ અરુ શિવનિશિ જોઈ, આદર જુત વ્રત કરને સોઈ ।
સો વ્રતકે દિનમેં મુદ પાઈ, ઉત્સવ કરના અતિ સુખદાઈ ॥૭૯॥
મમ જન વ્રત ઉપવાસિ જોઉ, દિનમેં કબહુ ન સોના સોઉ ।
દિનમેં સોવે ઉપવાસિ જબહી, વ્રતકો નાશ હોય જાવત તબહી ।
જ્યું મૈથુનસેં હોત વ્રત ભંગા, ત્યું દિન નિદ્રાસેં શુભ અંગા ॥૮૦॥
સબ વૈષ્ણવકે રાજારુપા, એસે વલ્લભાચાર્ય અનૂપા ।
તિનકે પુત્ર શ્રીવિઠ્ઠલનાથા, જિન વિસ્તારિ કૃષ્ણ ગુનગાથા ।
તિન સબ વ્રત ઉત્સવકો જેતા, નિર્ણય કિયોહે શાસ્ત્રજુત તેતા ॥૮૧॥
તુમ સબ સો નિર્ણય અનુસારી, વ્રત ઉત્સવ કરને અઘહારી ॥

### દોહા

કહ્યો શ્રીકૃષ્ણ સેવાવિધિ, વિઠ્ઠલનાથ ગોસાંઇ ।
કરનો ગ્રહન તુમ તાહિકો, પરમ શિષ્યકિ નાંઇ ॥૮૨॥

### ચોપાઇ

સબ સત્સંગિ હમારે જોઇ, દ્વારિકાદિ તીરથકિ સોઇ ।
યાત્રા કરહિ પરમ મુદ આની, યથાશાસ્ત્ર નિજશક્તિ પ્રમાની ।
પુનિ નિજ સામર્થિકે અનુસારા, રખહુ દીનપર દયા અપારા ॥૮૩॥
વિષ્ણુ શિવ અરુ ગણપતિ જેહા, ઉમા દિનેશ પંચ સુર એહા ।
મમ આશ્રિત જો જન બડભાગી, પૂજ્ય માનિ મમ પદ અનુરાગી ॥૮૪॥
કબહુક ભૂતાદિકકો જાઇ, પ્રાપત હોત ઉપદ્રવ આઇ ।
તબ નારાયણ કવચકો તાતા, કરનો જાપ અધિક સુખદાતા ।
કિ હનુમાનકો મંત્ર જપીજે, ઓર દેવમંત્ર તજિ દીજે ॥૮૫॥
રવિ શશિ ગ્રહન હોત દુઃખ દાની, તબ હરિભક્ત પરમ વિજ્ઞાની ।
કરિકે સબહિ ક્રિયાકો ત્યાગા, અતિપવિત્ર હોયકે બડભાગા ।
સુખદ શ્રીકૃષ્ણકો મંત્ર હે જેઉ, અષ્ટાક્ષર જપ કરના તેઉ ॥૮૬॥
ગ્રહણ મુક્તિ જબ હોત સુજાના, તબ સબ વસ્ત્રસહિત કરિ સ્નાના ।
મમ જન સત્સંગિ જેહી, નિજ સામર્થિ અનુસારિ તેહી ॥

### દોહા

યથાજોગ્ય સો સમયમેં, સબકોઇ કરનો દાન ।
ત્યાગિ શ્રીકૃષ્ણકું સેવહી, તેહિ અવસર એકતાર ॥૮૭॥

### ચોપાઇ

મમ આશ્રિત સત્સંગિ જેહા, ચહું વર્ણકે મનુષ્ય હે તેહા ।
તિનકું જન્મ રુ મરનકો જેહૂ, સુતક લગત વિગત કહું તેહૂ ।
નિજ સંબંધકું મિલતા જોઇ, યથાશાસ્ત્ર રાખહુ સબકોઇ ॥૮૮॥
શમ દમ તુષ્ટિ ક્ષમાદિક જેહી, યહ ગુનજુત રહો દ્વિજવર તેહી ।
શૌર્ય ધૈર્ય આદિ ગુન જેઉ, તિન કરિ જુક્ત ક્ષત્રિય રહે તેઉ ॥૮૯॥
ખેતિ વણિજ વ્યાજ ગૌસેવા, વૈશ્યવૃત્તિ જાનહુ તતખેવા ।
દ્વિજસેવાદિક વૃત્તિ જોઉ, શૂદ્ર રખહુ સો તતપર હોઉ ॥૯૦॥

ગર્ભાધાનાદિક સંસ્કારા, શ્રાદ્ધ રું આહ્નિક જો ઉપચારા ।
યથાયોગ્ય અવસર ધન જાની, વિપ્ર કરહુ નિજગૃહ્ય પ્રમાની ॥૯૧॥
અલ્પ મહત જો પાપ કહાવે, જાન અજાનમેં સો હોઈ જાવે ।
તાકો નિજ સામર્થ્ય પ્રમાના, કરહુ નિવારન પરમ સુજાના ॥૯૨॥

**દોહા**

વ્યાસસૂત્ર અરુ વેદ ચહું, શ્રીભાગવત પુરાન ।
ભારતમેં હિ શ્રીવિષ્ણુકો, સહસ્રનામ સુખખાન ॥૯૩॥

**ચોપાઇ**

પુનિ ભારતમહિં ભગવદ્‌ગીતા, વિદુરકિ નીતિ પરમ પુનીતા ।
સ્કંદપુરાનમેં વૈષ્ણવ ખંડા, તિનમધ્ય જાનો ગ્રંથ શુભ મંડા ।
વાસુદેવમાહાત્મ્ય જેહિ નામા, સબ જનકું તેહિ અતિ સુખધામા ॥૯૪॥
ધર્મશાસ્ત્રમેં રહિહે જેહા, યાજ્ઞવલ્કઋષિ સ્મૃતિ તેહા ।
અષ્ટ શાસ્ત્ર યહ આદિક જોઈ, ઈષ્ટ કરિ હમ માને સોઈ ॥૯૫॥
નિજહિત ઈછત શિષ્ય હમારે, ઈન ગ્રંથન પઢિ સુને વિચારે ।
મમ આશ્રિત દ્વિજ પઢે પઢાવે, કથા વાંચિ ઓરનહિ સુનાવે ॥૯૬॥
તેહિ સદ્‌ગ્રંથનમહિ આચાર, પુનિ વ્યવહાર પાપનિસ્તારા ।
ઈનહિ નિર્ણય કારન જેહી, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ હે તેહી ।
મિતાક્ષરા ટીકાજુત સોઉ, ગ્રહન કરઉ મમ જન સબ કોઉ ॥૯૭॥

**દોહા**

તિનમેં શ્રીભાગવતકે, સ્કંધ અધિક હે દોય ।
જાનન મહિમા કૃષ્ણકો, દશમ રુ પંચમ સોય ॥૯૮॥
દશમ રુ પંચમસ્કંધ સો, યાજ્ઞવલ્કયસ્મૃતિ જેહી ।
ભક્તિયોગ અરુ ધર્મકે, ગ્રંથ માને હમ તેહી ॥૯૯॥

**ચોપાઇ**

રામાનુજકૃત ભાષ્ય સહિતા, વ્યાસસૂત્ર અરુ ભગવદ્‌ગીતા ।
સો અધ્યાતમ ગ્રંથ હમારા, મમ જન પઢિ સુનિ કરહુ વિચારા ॥૧૦૦॥
યહ સદ્‌ગ્રંથમેં વચન હે જેહા, સો ઉત્કર્ષ કહે કૃષ્ણકો તેહા ।
ધર્મ ભક્તિ વૈરાગ્ય કહાવે, તિનકો અતિ ઉત્કૃષ્ટ બતાવે ॥૧૦૧॥

તિનકું અન્ય વચનતેં પ્રધાના, મમ જન માનહુ પરમ સુજાના ।
કૃષ્ણકિ ભક્તિ ધર્મજુત કરના, યહ સદ્‌ગ્રંથ રહસ્ય ઉર ધરના ॥૧૦૨॥
શ્રુતિસ્મૃતિ પ્રતિપાદિત જોઇ, એસો સદાચાર હે સોઇ ।
ધર્મકો રુપ જાનો બુદ્ધિવંતા, વેદ પુરાન કહત સબ સંતા ।
માહાત્મ્ય જ્ઞાન જુત હરિમેં જેહુ, અતિસેં સ્નેહ ભક્તિ કહિ તેહુ ॥૧૦૩॥
હરિ બિન અન્ય વસ્તુકે માંહિ, રુચિ નાહિ સો વિરતિ કહાંહિ ।
જીવ અજા અરુ ઈશકે રુપા, જાનહિ ભિન્ન સો જ્ઞાન અનૂપા ॥૧૦૪॥

### દોહા

અણુ જિમિ સૂક્ષ્મ હ્રદય સ્થિત, જ્ઞાતા ચૈતનરુપ ।
અચ્છેદ્યાદિ લછન સહિત, ગીતા કહત અનૂપ ॥
**સોરઠા** - જ્ઞાનશક્તિ કરિ જોઈ, વ્યાપિ રહ્યો નિજ દેહમહિ ।
જીવ રુપ હે સોઈ, એહિવિધ જાનહુ મોર જન ॥૧૦૫॥

### ચોપાઇ

ત્રિગુણાત્મા તમરુપ હે જેહી, કૃષ્ણકિ શક્તિ કહિ પુનિ તેહી ।
જીવકું દેહ રું દૈહિકમાંહિ, અહં મમ કારન અજા કહાંહિ ॥૧૦૬॥
હ્રદયમેં જીવ જ્યું જીવમેં જોઇ, અંતર્યામિ સ્વતંત્ર હે સોઈ ।
સબહિનકો કર્મ ફલ દાતા, સોઈ ઈશ્વર જાનહુ સાક્ષાતા ॥૧૦૭॥
સો શ્રીકૃષ્ણ પરંબ્રહ્મ જેહુ, પુરુષોત્તમ ભગવાન કહેહુ ।
અપને ઈષ્ટ ઉપાસ્ય હે જેહા, સબ અવતારકે કારન એહા ॥૧૦૮॥
સો પ્રભુ જબ રાધાજુત રહેહે, તબ તેહિ રાધાકૃષ્ણ કહેહે ।
રુક્મિણિરુપ રમા જુત જબહી, લક્ષ્મીનારાયણ કહે તબહી ॥૧૦૯॥
સો જબ અર્જુન જુકત રહાવે, તબ નરનારાયણ કહિ ગાવે ।
બલભદ્રાદિક યોગતેં દેવા, તેહિ તેહિ નામ કહે તતખેવા ॥૧૧૦॥
કબહુક યહ રાધાદિક ભકતા, કૃષ્ણકે વામ ભાગ આસકતા ।
કબહુ સ્નેહ કરિ હરિમેં રહહિ, તબ શ્રીકૃષ્ણકું એકહિ કહહિ ॥૧૧૧॥
તાતેં કૃષ્ણકે રુપ હે જોઉ, તિનમહિ ભેદ ન જાનહુ કોઉ ।
ચતુર્ભુજાદિક ભેદ હે જેતે, દ્વિભુજ કૃષ્ણ ઈચ્છાતેં તેત ॥૧૧૨॥

### દોહા

તાહિકિ ભક્તિ સબહિ વિધિ, કરહુ મનુજ ભુવમાંહિ ।
તેહિ બિન ઓર કલ્યાનકો, સાધન નહિ દરસાંહિ ॥૧૧૩॥

### ચોપાઇ

ગુનજુત નર ગુનકો ફલ એહા, કૃષ્ણમેં ભક્તિ રુ સત્સંગ તેહા ।
એહિ ગુનબિન યદ્યપિ વિદ્વાના, તોહુ તેહિ હોવત નરક નિદાના ॥૧૧૪॥
કૃષ્ણ કૃષ્ણઅવતારકો ધ્યાના, તેહિ પ્રતિમાકો હુ ધ્યાન પ્રમાના ।
તેહિ બિન સુર નર આદિક જંતા, યદ્યપિ ભક્ત બ્રહ્મવિદ સંતા ।
તિનકો ધ્યાન કબહુ નહિ કરના, એહિ મમ બચન અચલ ઉર ધરના ॥૧૧૫॥
ત્રય વપુ ભિન્ન નિજાત્મા જેહી, બ્રહ્મહિ રુપ જાનિકે તેહી ।
કૃષ્ણકિ ભક્તિ જો પરમ વિશાલા, મમ જનકું કરનિ સબ કાલા ॥૧૧૬॥
શ્રીભાગવતકો દશમ સ્કંધા, નિત્યપ્રતિ સુનો હરન ભવબંધા ।
કિ પ્રતિવર્ષમેં એકહિ વારા, દશમ સ્કંધ સુનોઉ કરિ પ્યારા ॥

### દોહા

પંડિત વાંચહુ નિત્ય પ્રતિ, કિ વર્ષમેં એકવાર ।
કથા શ્રીદશમસ્કંધકિ, મમ આજ્ઞા અનુસાર ॥૧૧૭॥

### ચોપાઇ

દશમકો પુરશ્ચરણ શુભસ્થાના, કરો કરાબહુ શક્તિ પ્રમાના ।
વિષ્ણુસહસ્રનામાદિક જેહુ, પુરશ્ચરણ વાંછિતપ્રદ તેહુ ॥૧૧૮॥
દુઃખ સુર નર સંબંધિ જેઉ, પુનિ રોગાદિ કષ્ટહે તેઉ ।
તિનમહિ જિમિ નિજ પરકિ રક્ષા, હોય ત્યું વરતોઉ મમ જન દક્ષા ॥૧૧૯॥
પ્રાયશ્ચિત વ્યવહાર આચારા, દેશ કાલ વય ધન અનુસારા ।
પુનિ જાતિ શક્તિ અનુસરીકે, જાનહુ મમ જન શુભમતિ કરીકે ॥૧૨૦॥
મત હે વિશિષ્ટાદ્વૈત હમારા, શ્રીગોલોક ધામ મોય પ્યારા ।
તામેં બ્રહ્મરુપ હોઇ ભક્તિ, કૃષ્ણકિ કરે જાનો યહ મુક્તિ ॥૧૨૧॥
ઈહાંસે પ્રથમ ધર્મ કહે જેહા, સબહિકું સાધારન હે તેહા ।
મમ આશ્રિત સત્સંગિ જોઇ, નર નારિ અતિ તતપર હોઇ ।
સબકે ધર્મ સામાન્ય હે એહી, સાવધાન હોઇ રખને તેહી ।
અબ સબહિકે વિશેષ જો ધર્મા, ભિન્ન-ભિન્ન તેહિ કહતહું મર્મા ॥૧૨૨॥

### દોહા

આચારજ ધર્મવંશિકે, પુનિ તેહિ પત્ની જેહી ।
તિનકે ધર્મ વિશેષ સો, પ્રથમ કહતહું તેહી ।
જ્યેષ્ઠ અનુજ મમ ભ્રાત જો, તિનકે પુત્ર પ્રવીન ।
અવધપ્રસાદ રઘુવીર દોઉ, હરિ ચરનન લે લીન ।
સો સમીપ સંબંધ બિન, નારિ હે જગમેં અશેષ ।
તિનકું કૃષ્ણકે મંત્રકો, નાહિ કરે ઉપદેશ ॥૧૨૩॥

### ચોપાઇ

ના ઈન ત્રિયનકું છુના કોઉ, કબુ ન બોલના મનવશ હોઉ ।
ક્રુરભાવ કોઉ પર નહિ કરના, કાહુકિ થાપન લાય ન ધરના ॥૧૨૪॥
ધર્મવંશિ આચારજ જેહા, વ્યવહારિક કારજમેં તેહા ।
ના જમાન હોના લખિ મર્મા, યું રાખહુ વિશેષ નિજધર્મા ।
આપતકાલ પરે અતિ તોહુ, કરજ ન કરનો લેશહિ કોહૂ ।
ભિક્ષા માગિકે જિમના તબહી, યું નિજધર્મ વિશેષ કહે સબહી ॥૧૨૫॥
આપકે શિષ્ય ભક્તિવશ હોઇ, ધર્મનિમિત્ત અન્ન દિના જોઈ ।
સો અન્ન કબહુ વેચનો નાંહિ, યહ ઉપદેશ રખો ઉર માંહિ ।
સો અન્ન જુના હોવે જબહૂ, કાહુકું દેત કઢારે તબહૂ ।
દેત લેત યુ અન્ન બઢાવે, સો તો અન્ન બેચ્યો ન કહાવે ॥૧૨૬॥
ભાદ્રશુકલ ચતુરથિ જેહી, ગણપતિ પૂજનકે દિન તેહી ।

### દોહા

તબ ગણેશકિ પ્રેમજુત, પૂજા કરની ભ્રાત ।
કરનો ગીત વાજિંત્ર જુત, ઉત્સવ અતિ વિખ્યાત ॥
**સોરઠા** - ત્યુંહિ દેવ હનુમાન, આસો વદ્ય ચૌદશકે દિન ।
પૂજને પરમ સૂજાન, કુલકે દેવ સુખદાનિ લખિ ॥૧૨૭॥

### ચોપાઇ

મમ આશ્રિત સત્સંગિ સબહી, તાસ ધર્મરક્ષા હિત અબહી ।
ગુરુરુપ કરિ સ્થાપે જેહૂ, અવધપ્રસાદ રઘુવીર એહૂ ।
તિનહિ મુમુક્ષુ જનકું તાતા, દીક્ષા દેનિ અધિક વિખ્યાતા ॥૧૨૮॥

આપકે જો દૃઢ આશ્રિત હોઇ, એસેહિ સત્સંગિ સબકોઇ ।
તિનકું નિજ અધિકાર પ્રમાના, નિજનિજધર્મમેં રખઉં સુજાના ।
ધર્મવંશિ દ્વિજવર મુદ આની, સંતકું માનને પૂજ્ય પ્રમાની ।
ત્યું સતશાસ્ત્ર અભ્યાસ હે જોઇ, અતિ આદરસેં કરના સોઇ ॥૧૨૯॥
મંદિરમેં હમ સ્થાપે જોઉ, લક્ષ્મીનારાયણ આદિક સોઉ ।
ઈનકી સેવા અતિ મુદ પાઇ, યથાવિધિ કરના દોઉ ભાઇ ॥૧૩૦॥
ભગવન્મંદિર પ્રતિ ચલિ આવે, અન્નારથિ કોઉ મનુજ કહાવે ।
તાકું નિજશક્તિ અનુસારા, અન્નદાન દેનો સુવિચારા ।૧૩૧॥
વિદ્યાશાલા સુભગ બનાઇ, પંડિત વિપ્ર રાખિ તેહિ માંઇ ।
ભૂમહિ સદ્‌વિદ્યા પ્રવર્તાવો, તાકો મહત પુણ્ય તુમ પાવો ॥૧૩૨॥
એ દોઉ બંધુકિ પત્ની જેહા, નિજપતિકી આજ્ઞાસેં તેહા ।
જુવતિમાત્રકું સુખદ વિશેષા, કૃષ્ણકો મંત્ર કરત ઉપદેશા ।
પુરુષમાત્રકું ભુલ્યમેં કબહૂ, મંત્ર ઉપદેશ ન કરનો સબહૂ ॥૧૩૩॥

### દોહા

અપને નિકટ સંબંધિ બિન, પુરુષમાત્ર હે જોઇ ।
તિનકો સ્પર્શ સો પાપમય, કબહુ ન કરના કોઇ ॥
**સોરઠા** - તિનસેં ન કરનિ બાત, નાહિ દેખાવનો નિજ વદન ।
મોર વચન વિખ્યાત, ધર્મવંશિ દ્વિજ પત્ની હિત ॥
**દોહા**-ધર્મવંશકે વિપ્રકી, પત્ની સબહિ પ્રવીન ।
તિનકે ધર્મ વિશેષ સો, પરમ સુખદ કહિ દીન ॥૧૩૪॥

### ચોપાઇ

અબ સત્સંગિ ગૃહસ્થ હે જેહી, તિનકે વિશેષ ધર્મ કહું તેહી ।
સુનુ મમ દાસ ગૃહસ્થ નર એહા, આપકે નિકટ સંબંધ બિન જેહા ।
એસિ વિધવા વનિતા જોઇ, તિનકો સ્પરશ ન કરના કોઇ ॥૧૩૫॥
સબ ગૃહિ પુરુષ સુનહુ મમ બાતા, તરુન અવસ્થા જુત વિખ્યાતા ।
એસિ અપનિ બહિન અરુ માતા, ત્યું નિજસુતા સંગ સાક્ષાતા ।
આપત બિન એકાંત સ્થલમાંહિ, મમ જન ગૃહિ કોઉ રહેનો નાંહિ ।
તેહિ વિધિ નિજનારિકો દાના, કોઉકું ના કરનો બુદ્ધિવાના ॥૧૩૬॥

જેહિ નારિકો નૃપકે સંગા, વ્યવહારિક કોઉ હોય પ્રસંગા ।
તેહિ ત્રિયકો પ્રસંગ હે જોઉ, મમ જનકું નહિ કરનો સોઉ ॥૧૩૭॥
નિજગૃહ આવે અતિથિ જબહી, અતિશેં આદર કરના તબહી ॥

**દોહા**

નિજ સામર્થિ અનુસાર તબ, અન્નાદિકસેં સોય ।
જાનિકે દેવ સમાન તેહિ, પૂજને તતપર હોય ॥
**સોરઠા** - દેવ પિતરકે જેહી, કર્મ હોમ શ્રાદ્ધાદિ સબ ।
જયુંહિ ઘટે ત્યું તેહી, કરહુ શક્તિ અનુસારતેં ॥૧૩૮॥
મમ આશ્રિત જન જોઈ, માત પિતા ગુરુ રોગિકી ।
કરહુ સેવ સબકોઈ, જિવતલો નિજશક્તિ સમ ॥૧૩૯॥

**ચોપાઇ**

નિજ વર્ણાશ્રમ જોગ્ય જો હોઈ, એસો ઉદ્યમ કરના સોઈ ।
તાહિમેં નિજ સામર્થિ પ્રમાના, કરનો કાજ સબ પરમ સુજાના ।
કૃષિકર્મકો જેહિ અભ્યાસા, એસે ગૃહસ્થ પુરુષ મમ દાસા ।
બહિલકે વૃષણ કાટને નાંહિ, યહ મમ વચન ધરો ઉરમાંહિ ॥૧૪૦॥
યથાશક્તિ અવસર અનુસારી, પુનિ નિજ ઘરકો ખરચ વિચારી ।
અન્ન દ્રવ્યકો સંગ્રહ કીજે, પશુવાન જન તૃણ ગ્રહિ લીજે ॥૧૪૧॥
ગાય ભેંસ અશ્વાદિક એહા, પશુજાતિકે જીવહે જેહા ।
તિનકી તૃણ જલતેં જો રક્ષા, ન બને તો નાંહિ રખો જન દક્ષા ॥૧૪૨॥
સાક્ષિસહિત લેખ બિન સબહૂ, પુત્ર રું મિત્રહુકે સંગ કબહુ ।
ભૂમિ રું દ્રવ્યકો જો વ્યાપારા, નાહિ કરહિ મમ જન સુવિચારા ॥૧૪૩॥

**દોહા**

આપકિ પરકે વિવાહમેં, દેન જોગ્ય ધન જોઈ ।
તાકિ સાક્ષ્યજુત લેખ બિન, બોલિ ન કરના કોઈ ॥૧૪૪॥

**ચોપાઇ**

નિજ આવક ધનકે અનુસારી, ખરચ કરહુ સબ કાલ વિચારી ।
ઉપજતેં અધિક ખરચ હે જેતા, મહા દુઃખપ્રદ જાનહુ સબ તેતા ॥૧૪૫॥

નિજ વ્યવહારિક કાજમેં જેતી, ધનકિ ઉપજ રુ ખપત હે તેતી ।
પ્રતિદિન તેહિ મનમાંહિ સંભારી, નિજ અક્ષર કરિ લિખકું સુધારી ॥૧૪૬॥
અરુ જો ગૃહસ્થ સત્સંગિ હોઇ, અપનિ વૃત્તિ ઉદ્યમસેં સોઇ ।
ધન ધાન્યાદિક પાવત જેહા, તિનમેં દશમા ભાગકું એહા ।
કાઢિકેં કૃષ્ણકું અર્પન કરના, યહ મમ બચન અચલ ઉર ધરના ।
દુર્બલ હરિજન હોવત જેહી, વિશમા ભાગ અર્પના તેહી ॥૧૪૭॥
એકાદશી આદિક વ્રત જેહુ, તિનકો ઉદ્યાપન હે તેહૂ ।
યથાશાસ્ત્ર નિજશક્તિ પ્રમાના, કરહુ દેત વાંછિત ફલ નાના ॥૧૪૮॥
શ્રાવનમેં શિવપૂજા જોઉ, બીલિપત્ર આદિક કરિ સોઉ ।
કરો કરાવહુ પ્રીતિ કરીકેં, ગૃહિજન મમ આજ્ઞા અનુસરીકેં ॥૧૪૯॥
**દોહા** -નિજ આચારજતેં ગૃહિ, કરજ ન કાઢો કોઈ ।
કૃષ્ણકે મંદિરસેં ત્યુંહિ, ના કાઢહુ પુનિ સોઈ ।
તિનહિસેં નિજવ્યવહાર હિત, વાહન ભૂષન પાત્ર ।
વસન જો વિવિધ પ્રકારકે, ના ગ્રહ મમ જનમાત્ર ॥૧૫૦॥
ગુરુ સાધુ શ્રીકૃષ્ણકે, દરશન હિત જબ જાત ।
તબ મગમેં નિજ પુણ્યહર, પરકો અન્ન નહિ ખાત ॥
**સોરઠા** - પુનિ તિનકે સ્થલમાંહિ, અન્ન ન લેનો ગૃહસ્થ કોઉ ।
તેહિ કરિ પુણ્યહરાંહિ, ગુરુ સાધુ હરિ દરશકો ॥૧૫૧॥

**ચોપાઇ**

અપનો કામ કરાવન કાજા, લાયે બોલાય મજુર સમાજા ।
તિનકું જિતનો ધન કિ ધાના, દેનકું કહ્યો મજુરિ પ્રમાના ।
તિતનો તાકું દેના તબહી, રંચ ન ઓછા કરના કબહી ।
અપને પાસ ધનવંતા કોઈ, જો કછુ કરજ માગતા હોઈ ।
તાકો કરજ દે ચુકે જેહા, ગુપ્ત રાખને જોગ્ય ન તેહા ।
ત્યું નિજ વંશ ન ઢાંકો કબહુ, યહ મમ આજ્ઞા રાખો સબહુ ।
તેહિ વિધિ કન્યાદાન હે જેઉ, ગુપ્ત રાખને જોગ્ય ન તેઉ ।
જોજો મનુષ્ય અતિદુષ્ટ નઠારા, તિન સંગ ના કરનો વ્યવહારા ॥૧૫૨॥
જો સ્થલ આપકું રહનકો હોઇ, કઠિન કાલ તહાં આવત કોઈ ।
કિ શત્રુ હોવત વિકરાલા, કિ રાજા દુઃખ દેત વિશાલા ।

ઈનકે ઉપદ્રવસેં બુદ્ધિવંતા, અનિ લાજકો હોવત અંતા ।
કિ સબ ધનકો નાશ હોઈ જાવે, કિ તહાં રહે નિજપ્રાન ગમાવે ॥૧૫૩॥
સો નિજ મૂલ ગરાસકો ગામા, તદપિ તજન જોગ્ય દુઃખધામા ।
પરમ વિવેકિ મોર જન જેહી, એસે ગૃહસ્થ સત્સંગિ તેહી ॥

**દોહા**

એસે અપને ગામકો, કરિકેં ત્યાગ તતકાલ ।
સુખસેં રે'નો અન્ય ગામમેં, ભજને શ્રીગોપાલ ॥૧૫૪॥

**ચોપાઇ**

અતિ ધનવંત ગૃહી મમ દાસા, પુણ્ય કરન તેહિ રહત હુલાસા ।
હિંસારહિત જજ્ઞ હે જેહુ, વિષ્ણુ સંબંધિ કરને તેહુ ।
પુણ્યરુપ તીરથ હે જાંહિ, દ્વાદશિ આદિક પર્વનિ માંહિ ।
અતિ પવિત્ર બ્રાહ્મણ અરુ સંતા, તાહિ જિમાવત રહો બુધિવંતા ॥૧૫૫॥
ધનવંત ગૃહિ સત્સંગિ જેહા, પ્રેમસેં હરિમંદિરમહિં તેહા ।
બડેબડે ઉત્સવ સબ કરના, કૃષ્ણકે ચરનકમલ ચિત ધરના ।
અતિસુપાત્ર જો વિપ્ર સુજાના, નાનાવિધ દેનો તેહિ દાના ॥૧૫૬॥
હમરે આશ્રિત નૃપતિ જેતે, ધર્મશાસ્ત્ર અનુસરિકેં તેતે ।
પાલહુ પ્રજા પુત્રકિ નાંઈ, કરહુ ધર્મસ્થાપન ભૂવમાંઈ ॥૧૫૭॥
રાજ્યકે સપ્ત જો અંગ ઉદારા, સ્વામિ અમાત્ય સુહૃદ ભંડારા ।
દેશ દુર્ગ પુનિ સેના જેહી, ઈનહિ યથાર્થ જાનો નૃપ તેહી ।
સામ દાન ભેદ અરુ દંડા, જાના ચાર ઉપાય અખંડા ।
સંધિ વિગ્રહ યાન કહીજે, આસન દ્વૈધીભાવ કરિ દીજે ।
સમાશ્રયણ પુનિ જેહિ કહાવે, યહ ષટ ગુન નૃપતિ મન લાવે ॥

**દોહા**

નીતિશાસ્ત્રમેં ચારકું પઠવનકે જો સ્થાન ।
તીર્થ નામ કરિ કહત તેહિ, જાનત નૃપતિ સુજાન ।
અષ્ટાદશ વ્યવહારવિદ, સભામેં બેઠનહાર ।
એસે નરકો કરત નૃપ, લછન કરિ નિરધાર ॥
**સોરઠા** - દંડને જોગ્ય હે જોઈ, નાહિ દંડને જોગ્ય જો ।
એસે ન રહે સોઈ, લછન કરિ તેહિ જાનો નૃપ ॥૧૫૮॥

### ચોપાઇ

અબ મમ દાસ સુવાસિની બાઇ, તિનકિ રીતિ સબ દેહુ બતાઇ ।
નિજપતિ અંધ રોગિ ધનહીના, કિ નામર્દ કિ મૂઢ મલીના ।
તદપિ તાહિ ઈશ્વર સમ જાની, સેવનો શુદ્ધ ભાવ ઉર આની ।
પતિકું કટુક બચન નહિ કે'ના, યહ મમ સિખ હૃદે ધરિ લેના ॥૧૫૯॥
સુવાસિની જુવતિ માત્રકું એકા, ઉરમેં રાખનિ અતિ દૃઢ ટેકા ।
જોબન રુપ રું ગુનજુત જોઇ, એસો અન્ય પુરુષ હે કોઇ ।
તિનકો પ્રસંગ સ્વાભાવિક જેહુ, ત્રિયકું કબહુ ન કરના તેહુ ॥૧૬૦॥
દૃઢ પતિવ્રતા સુવાસિનિ નારી, તિનકું મર્મ યહ લેનો વિચારી ॥

### દોહા

અપનિ નાભિ ઉર છાતિકું, ઓર પુરુષ હે જોય ।
કબહુ ન દેખન પાવહી, યું રે'નો દૃઢ હોય ॥
**સોરઠા** - એક વસ્ત્ર તન ધારી, ત્રિયકું ના રહેનો કબહુ ।
ભાંડ ભવાઇ વિચારી, ના દેખન જાના કિતહુ ।
અતિ નિર્લજ ત્રિય જોઉ, સંગતિ કરનકું જોગ્ય નહિ ।
સ્વૈરિણી કામિની સોઉ, પુંશ્ચલી કોહુ સંગ ના કરો ॥૧૬૧॥

### ચોપાઇ

જબ નિજપતિ પરદેશમેં જાવે, તબ જો સુવાસિનિ જુવતિ કહાવે ।
તેહી આભરણ ધરના નહિ કોઉ, સુંદર વસ્ત્ર ન પહિરત સોઉ ।
તેહિ પરઘર બેઠન નહિ જાના, તજનો હાસ વિનોદ સુજાના ॥૧૬૨॥
અબ મમ આશ્રિત વિધવા સબહી, તિનકે ધર્મ કહત હું અબહી ।
તિન શ્રીકૃષ્ણમેં પતિબુદ્ધિ લાઇ, સેવને રસિક છેલ સુખદાઇ ।
અપને પિતા પુત્રાદિક જેહા, અતિશેં નિકટ સંબંધિ એહા ॥

### દોહા

તિનકિ આજ્ઞામેં સદા, રહેનો તતપર હોય ।
ત્રિયકું સ્વતંત્ર ન બરતનો, દૃઢ સિદ્ધાંત હે સોય ॥૧૬૩॥

### ચોપાઇ

વિધવા જુવતિમાત્ર હે તેહી, અપનો નિકટ સંબંધિ ન જેહી ।
સો સબ પુરુષકો સ્પર્શ ન કરના, યહ મમ વચન અચલ ઉર ધરના ।
દૂર સંબંધિ તરુન નર જેહા, તેહિ સંગ તરુણિ વિધવા એહા ।
અવશ્ય કાજ વિન બોલત નાંહિ, યહ દૃઢ ટેક રખહિ મનમાંહિ ॥૧૬૪॥
ધાવત બાલકે સ્પર્શ માંઇ, નાહિ દોષ પશુસ્પર્શકિ નાંઈ ।
અવશ્ય કાજમેં વૃદ્ધ નર સંગા, ભાષણ સ્પર્શકો હોત પ્રસંગા ।
યાકો દોષ કછુ ન વિચારો, યહ મમ વચન અચલ ઉર ધારો ॥૧૬૫॥
નિકટ સંબંધ વિના નર જોઉ, તેહિસેં ન વિદ્યા પઢનિ કોઉ ।
વ્રત ઉપવાસસેં રાખિ વિચારા, નિજ તન દમનો વારંવારા ॥૧૬૬॥
જો જો વિધવા જુવતિ કહાઇ, સબકું ધન રખનો ઘરમાંઈ ।
જિતને ધનસેં મરણ પ્રજંતા, તન નિર્વાહ હોય બુદ્ધિવંતા ।
સો ધન ધર્મકે કારજમાંહિ, કબહુ ભૂલિકેં દેનો નાંહિ ॥

### દોહા

તનનિર્વાહસેં અધિક ધન, આપકે પાસ જો હોય ।
તો નિજશક્તિ વિચારિકે,કરનોદાન સબ કોય ॥૧૬૭॥

### ચોપાઇ

વિધવા જિમત એકહી વારા, ભૂપર સોવત રાખિ વિચારા ।
મૈથુનમેં આસક્ત હે ભારી, એસે ખગ મૃગાદિ તનુધારી ।
તિનકું કબહુ દેખને નાંહિ, યું દૃઢ ટેક ધરો ઉરમાંહિ ॥૧૬૮॥
ભૂષનાદિ સુવાસનિકો વેશા, વિધવાકું ધરનો નહિ લેશા ।
સંન્યાસનિકો વેશ ન ધરના, ત્યું વૈરાગન્ય હોય ન ફરના ।
અપનો દેશ રું કુલ આચાર, ઈન સબસેં વિરુદ્ધ અપારા ।
એસે વેષકું વિધવા નારી, કબહુ ન ધરના સમઝિ વિચારી ॥૧૬૯॥
ગર્ભઘાતિની વનિતા હોઈ, તિનકો સંગ ન કરના કોઈ ।
ત્યું તિનકો સ્પર્શ હુ ન કરના, લખિ હત્યારિ દૂર પરહરના ॥
પુરુષ કે રસ શ્રૃગાંરીક,કબહું ન કરનિ બાત ।
તાકું સુનનિ નહિ, જાનિ દુઃખદ સાક્ષાત ॥૧૭૦॥

### ચોપાઇ

તરુણ અવસ્થા જુત હે જેહા, એસિહે જો વિધવા તેહા ।
જોબનવાન પુરુષ હે જોઉ, અપનો નિકટ સંબંધિ સોઉ ।
અતિ એકાંતમેં તિનકો સંગા, આપતકાલ વિના શુભ અંગા ।
કબહુ ન ભુલિકેં રે'ના કોઈ, યહ મમ વચન ગ્રહો દ્રઢ હોઈ ॥૧૭૧॥
હોરિખેલ કબહુ નહિ કરના, ત્યું આભૂષણ અંગ ન ધરના ।
ઝિને વસ્ત્ર ધાતુજુત જેહૂ, વિધવા કબહુ ન ધરના તેહૂ ॥૧૭૨॥
સુવાસિની વિધવા વનિતા સબહી, નાવનો નાંહિ વસ્ત્ર બિન કબહી ।
અવશ્ય કાજ આવે કોઉ જબહૂ, અપનો રજ ન છિપાયો તબહૂ ॥૧૭૩॥

### દોહા

રજજુત વિધવા સુવાસિની, તીન દિવસસું તેહુ ।
મનુષ્યમાત્રકું ના છુવે, રહે નીચસમ એહુ ॥
**સોરઠા** - વસ્ત્રાદિક હે જોઈ, તિનકું ન છુવત તીન દિન ।
ચોથે દિન શુદ્ધ હોઈ, ના'યકે છુવત વસ્ત્ર સબ ॥૧૭૪॥

### ચોપાઇ

એહિ વિધિ ગૃહી નરનારી જેહી, તિનકે વિશેષ ધર્મ કહે એહી ।
ધર્મવંશિકે બ્રાહ્મણ જેહા, તિનકિ પત્ની સબ સાધ્વી તેહા ।
તિનકું ગૃહસ્થકે ધર્મવિશેષા, કહે સો રાખને સબહિ અશેષા ।
અબ નૈષ્ઠિક બ્રહ્મચારી જેઉ, તિનકે વિશેષ ધર્મ કહું તેઉમમ આશ્રિત ।
નૈષ્ઠિક બ્રહ્મચારી, અષ્ટ ભાતિ તેહિ તજનિ નારી ।
જુવતિમાત્રકો સ્પર્શ ન કરના, નાગનિ તુલ્ય જાનિ અતિ ડરના ।
ત્રિયકે સંગ બોલના નાંહિ, યહ દ્રઢ ટેક રખો મનમાંહિ ।
જાનિબુઝિ બ્રહ્મચારિ સબહિ, ત્રય સન્મુખ દેખત નહી કબહી ॥૧૭૫॥
ત્રિયનકિ બાત ન સુનનિ કરની, ભવભય મૂલ જાનિ પરહરની ।
જેહિ સ્થાનકમેં જુવતિન કેરા, વારંવાર હોત પગ ફેરા ॥

### દોહા

તેહિ સ્થલ સ્નાનાદિક ક્રિયા, કબહુ ન કરનિ જાય ।
બ્રહ્મચર્ય દ્રઢ રાખનો, મોર વચન ઉર લાય ॥૧૭૬॥

### ચોપાઇ

દેવકિ પ્રતિમા બિન અન્ય જોઈ, પ્રાકૃત ત્રિયનકિ પ્રતિમા હોઈ ।
તિનકો સ્પર્શ ન કરના કોઉ, જાનિકેં દેખન જોગ્ય ન સોઉ ॥૧૭૭॥
નારિનકિ પ્રતિમા નહિ કરના, ત્રિયતન વસ્ત્ર સ્પર્શ પરહરના ।
મૈથુનપર ખગ મૃગ પશુ આદી, પ્રાણિમાત્ર વિષે રસસ્વાદી ।
તિનકું જાનિ બુદ્ધિ બ્રહ્મચારી, કબહું ન દેખત દ્રઢ વ્રતધારી ॥૧૭૮॥
જુવતિકો વેશધારિ રહ્યો જેહા, એસો પુરુષ ત્રિયાસમ તેહા ।
તેહી ન છુવના નૈષ્ઠિક સબહી, તિનસેં ન ભાષણ કરના કબહી ।
ત્રિયકું ઉદ્દેશિકેં હરિગુન ગાના, કબહુ ન કરના પરમ સુજાના ॥૧૭૯॥

### દોહા

અપને નેષ્ઠિક વ્રતકો, જિનમહિ હોવત ત્યાગ ।
એસો નિજ ગુરુબચનહુ, ના ગ્રહનો બડભાગ ॥
**સોરઠા** - સદા યું ધિરજવાન, રહનો દઢ સંતોષ જુત ।
ત્યાગિકેં તન અભિમાન, મમ જન રહો આનંદ જુત ॥૧૮૦॥

### ચોપાઇ

આપકે ઢિગ અતિ જોર જનાઈ, આવત નારિ અધિક દુઃખદાઈ ।
સો ત્રિયકું કહિ બચન કઠોરા, રખનિ દુર જનાયકેં જોરા ।
કિ તેહિ તિરસ્કાર કરિ ભારી, કરનિ દૂર સો કુલટા નારી ।
કોઈવિધ ઢિગ આવન નહિ દેના, યું બ્રહ્મચર્ય બચાઈ લેના ॥૧૮૧॥
કબહુ ત્રિયનકેં પ્રાન હિ જાવે, કિ નિજ પ્રાનકું તુરત નસાવે ।
એસો આપતકાલ અખંડા, આઈ પરે દુઃખદાઈ પ્રચંડા ।
તબ તો ત્રિયનકું છુયકેં તાતા, અથવા તિનસેં બોલિ સાક્ષાત ।
યું ઈન ત્રિયનકિ રક્ષા કરના, અપનો પ્રાન રહે ત્યું અનુસરના ॥૧૮૨॥
તેલકો મર્દન નિજ તનમાંહિ, વર્ણિમાત્રકું કરનો નાંહિ ।
આયુધમાત્ર ન ધરના કોઈ, અધિક શાંત રહેના શુદ્ધ હોઈ ।
અધિક ભયંકર વેશ ન ધરના, રસના જિતિ સ્વાદ પરહરના ॥૧૮૩॥
જેહિ બ્રાહ્મણકે ઘરમેં તાતા, પ્રિસનહાર હે ત્રિય સાક્ષાતા ।
તિનકે ઘર હ્મચારિ જોઉ, ભિક્ષા કરન ન જાના કોઉ ।
જેહિ ઘર પુરુષ હે પ્રિસનહારા, તહાં ભિક્ષા હિત જાના ઉદારા ॥૧૮૪॥

નૈષ્ઠિક બ્રહ્મચારિ હરિદાસા, તેહિ કરનો વેદાદિ અભ્યાસા ।
નિજ ગુરુકિ નિત્ય સેવા કરની, ગ્રામ્યકથા સો સબે પરહરની ।
સ્ત્રૈણ પુરુષકો સંગ હે જેહા, ત્રિય જિમિ સબ વિધ તજનો તેહા ॥૧૮૫॥
બ્રાહ્મણ જાતિ કહાવત જેહી, ચર્મવારિ નહિ પિના તેહી ।
લસુન પલાંડુ કબહુ ન ખાના, શુદ્ધ હોય કરહુ કૃષ્ણગુન ગાના ॥૧૮૬॥

### દોહા

બ્રાહ્મણકું નિત્ય સ્નાન કરિ, સંધ્યા સુખદ અપાર ।
ગાયત્રિ જપસહિત સો, કરનિ સદા એકતાર ।
શ્રીવિષ્ણુપૂજા સુખદ વૈશ્વદેવ હે જોઈ ।
ઈતનો કિયે વિન વિપ્રવર, અન્ન ન જિમના કોઈ ॥
**સોરઠા** - મમ જન વર્ણિ જોય, વિશેષ ધર્મ તિનકે કહે ।
પાલહુ તતપર હોય, ભજો સદા શ્રીકૃષ્ણકું ॥૧૮૭॥

### ચોપાઇ

અબ સાધુનકે ધર્મ હે જેઉ, અધિક વિશેષ કહતહું તેઉ ।
મમ આશ્રિત મુનિવર હે જેહી, નૈષ્ઠિક બ્રહ્મચારિ સમ તેહી ।
ત્રિયકે સંગ સબહિ વિધિ તજના, પ્રેમ મગન શ્રીકૃષ્ણકું ભજના ।
સ્ત્રૈણ પુરુષકો સંગ હે જેહૂ, ત્રિયકે પ્રસંગ જ્યું તજના તેહૂ ।
કામાદિક અંતર રિપુ જેહા, સંતકું સબવિધિ જિતને તેહા ॥૧૮૮॥
જિતનો નિજ ઈંદ્રિયગણ જોઉ, અતિશેં જિતની રસના સોઉ ।
ધનકો સંગ્રહ આપ ન કરના, ઓરકે પાસ રખાય ન ધરના ॥૧૮૯॥
શસ્ત્ર રું ધન પશુ આદિક જોઈ, એસિ કાહુકિ થાપન હોઈ ।
સો નહિ રાખનિ સાધુ સબહી, ધિરજ ત્યાગ ન કરના કબહી ।
અપને ઉતરનેકો સ્થલ જેઉ, ચહું ઓર બંધિજુત તેઉ ।
તબ તો નારિમાત્ર તિનમાંહિ, કબહુ પેઠને દેનિ નાંહિ ॥૧૯૦॥
સંઘકિ આપતકાલ ન જો લું, રાત્યમેં સંત ન ચલના તોલું ।
આપતકાલ પરે બિન સંતા, એક ન કબહુ ચલત બુદ્ધિવંતા ॥૧૯૧॥
બહુત મુલ્યકો વસ્ત્ર હે જેઇ, ચિત્ર વિચિત્ર ભાતિ જુત તેઈ ॥

### દોહા

ત્યુંહિ કસુંબા આદિ કોઉ, રંગસેં રંગ્યો હે જોય ।
તેહિ વિધિ સાલ દુસાલ હુ, પર ઈછા મિલે સોય ।
તદપિ એસે વસ્ત્રકું, પહિરને ઓઢને નાંહિ ।
દેનો તુરત કોઈ વિપ્રકું, રખનો ત્યાગ મનમાંહિ ॥૧૯૨॥

### ચોપાઇ

ભીક્ષાકાજ કિ સભાપ્રસંગા, ઈન દોનુ કારજ બિન શુભ અંગા ।
ગૃહસ્થકેસદનમેં જાનો નાંહિ, યું દૃઢ ટેક રખો ઉરમાંહિ ।
પુરુષોત્તમ શ્રીકૃષ્ણ મુરારી, તાસ ભક્તિ નવધા સુખકારી ।
તેહિ બિન વૃથાકાલ નહિતજના, શ્વાસ ઉચ્છવાસ શ્રીકૃષ્ણકું ભજના ॥૧૯૩॥
અરુ જો ગૃહસ્થકે સદનમેં તાતા, પ્રિસનહાર પુરુષ સાક્ષાતા ।
ત્રિય દર્શન કિતહુ નહિ હોઈ, સદનમેં નારિ રહે નહિ કોઈ ॥૧૯૪॥
એસે ગૃહસ્થકે સદનમેં જાઈ, મમ જન સંત જિમત મુદ પાઈ ।
એસો જોગ ન હોવત જબહી, માગિ લેત કચા અન્ન તબહી ॥

### દોહા

અપને હાથ શ્રીકૃષ્ણ હિત, કરનો પાક રસાલ ।
ધરિકેં ભોગ શ્રીકૃષ્ણકું, તેહિ જિમનો તતકાલ ॥૧૯૫॥
પ્રથમ જન્મમેં ઋષભકે, પુત્ર ભરત ભયે જોય ।
અન્ય જન્મ જડવિપ્ર હોઈ, જિમિ વર્તે ભુવિ સોય ।
ત્યું વરતોમમ સાધુજન, પરમહંસ હે જેહા ।
ધર્મ જ્ઞાન વૈરાગ્ય જુત, હરિપદ રખહુ સનેહ ॥૧૯૬॥
બ્રહ્મચારિ અરુ સાધુકું, અતિ તજના તાંબુલ ।
ત્યું અહિફેન તમાલ નહિ, ખાને જાનિ દુઃખમૂલ ॥૧૯૭॥

### ચોપાઇ

બ્રહ્મચારિ અરુ સાધુ જેહા, દૃઢ નૈષ્ઠિક વ્રત જુક્ત હે એહા ।
ગર્ભાધાન આદિ સંસ્કારા, તિનમેં ન જિમનો રાખિ વિચારા ।
ત્યું એકાદશ દિવસ પ્રજંત, પ્રેતશ્રાદ્ધ તિનમેં બુદ્ધિવંતા ।
કબહુ ન જિમનો સાધુ બ્રહ્મચારી, રખની ટેક અચલ ઉર ધારી ।
ત્યું દ્વાદશ દિન શ્રાદ્ધકે માંહિ, વર્ણી સંતકું જિમના નાંહિ ॥૧૯૮॥

રોગાદિક આપત નહિ હોઈ, દિનમેં શયન ન કરના કોઈ ।
ગ્રામ્ય વારતા અતિ દુઃખરુપા, કહનિ ન સુનનિ જાનિ ભ્રમકૂપા ॥૧૯૯॥

## દોહા

બ્રહ્મચારિ અરુ સાધુ સબ, રોગાદિક દુઃખ જેહુ
એસે આપતકાલ બિન, ખટિયે ન સોના તેહુ ।
**સોરઠા** - સાધુ આગે જાય, રહેનો અતિ નિષ્કપટ નિત ।
સંતસેવ મુદ પાય, કરની અતિશેં પ્રેમજુત ॥૨૦૦॥

## ચોપાઇ

કુમતિવાન દુષ્ટ જો હોઈ, આપકું ગારિ દેવત કોઈ ।
અથવા આપકું મારે આઈ, તબ તેહિ સહના અતિ મુદ પાઈ ।
પેં તિનકું ગારિ નહિ દેના, નાહિ મારનો યું દઢ રહેના ।
જ્યું તિનકો હિત હોય ત્યું કરના, મનમેં યું ચિંતન અનુસરના ।
તિનકો બુરોહોય તતકાલા, યું ન ઘાટ કરનો વિકરાલા ॥૨૦૧॥
કાહુકો દુત કરમ ના કરનો, શઠ જિમિ ચુગલ હોય ના ફરનો ।
કાહુકો ચારચક્ષુ નહિ હોના, કાહુકે છિદ્રુ કબહુ નહિ જોના ।
દેહમેં અહંબુદ્ધિકું તજના, સ્વજનમેં મમત ત્યાગિ હરિ ભજના ।
યહ પ્રકાર કરિ કહે હમ જેહા, વિશેષ ધર્મ સંતનકે તેહા ॥૨૦૨॥

## દોહા

યું મમ જન સત્સંગિ સબ, બાઈ ભાઈ મમ દાસ ।
તેહિ સામાન્ય વિશેષ ધર્મ, હમ લિખ કિયે હે પ્રકાશ ॥
**સોરઠા** - ઈનકો અતિ વિસ્તાર, સંપ્રદાયકે ગ્રંથસે ।
જાનિ કરો નિરધાર, મમ આશ્રિત નરનારિ સબ ॥૨૦૩॥

## ચોપાઇ

સબ સતશાસ્ત્રનકો જો સારા, તાકો કરિ નિજ મતિશેં ઉદ્ધારા ।
લિખિ હમ શિક્ષાપત્રી એહી, સબ જનકું વાંછિતપ્રદ તેહી ॥૨૦૪॥
મમ આશ્રિત સત્સંગિ જેહા, અતિશેં સાવધાન હોય તેહા ।
ઈન શિક્ષાપત્રી અનુસારી, વર્તહુ સદા સબહિ નર નારી ।
અરુ અપને મનકે વશ હોઈ, મમ જન કબહુ ન વર્તોઉ કોઈ ॥૨૦૫॥

મમ આશ્રિત નરનારિ સુજાના, વર્તિ હે જો યહ પત્રી પ્રમાના ।
કસો ચહુ પુરુષાર્થ ફલ જેઉ, નિશ્ચે પૈહેં સુખપ્રદ તેઉ ॥૨૦૬॥
જો શિક્ષાપત્રી અનુસારા, વર્તત નાહિન વિમુખ લબારા ।
સો હમરે સંપ્રદાયસેં મંદા, વિમુખ હે યું જાનો જનવૃંદા ॥૨૦૭॥
**સોરઠા** - મમ આશ્રિત હે જોય, યહ શિક્ષાપત્રિકો નિત ।
કરનો પાઠ દઢ હોય,નાહિ પઢે સો સુનહિ નિત ॥૨૦૮॥
યહ પત્રીકો કોઉ, વાચનહાર જો ના મિલે ।
નિત્ય પ્રતિ તતપર હોઉ, પૂજા કરનિ યાહિકી ।
યહજો હમારી બાની, સો હમરો હિ સ્વરુપ હે ।
મમ જન સબ યું જાની, માનહિ અતિશેં ભાવ કરી ॥૨૦૯॥

**દોહા**

દૈવિ જનકું પત્રી યહ, દેને જોગ્ય સદાય ।
આસુરિ જીવ કહાવે જો, કબહુ ન દેના તાય ॥૨૧૦॥
સંવત અઠાર બિયાસિઓ, મહાશુદિ પંચમિ જેહી ।
તા દિન યહ પત્રિ લિખિ, મંગલકારિ એહી ॥૨૧૧॥
નિજ આશ્રિત જનકી સબેં, પીડાકે હરનાર ।
રક્ષણ વૃષજુત ભક્તિકો, કરત સદા એકતાર ।
વાંછિત સુખદાતા સદા, એસે નંદકુમાર ।
મમ આશ્રિત જનકે કરો, મંગલકો વિસ્તાર ॥૨૧૨॥
પત્રી પ્રથમ ગિરવાન રહી, સો ગુરુ આજ્ઞા પાય ।
મુક્તાનંદ ભાષા રચિ, કૃષ્ણચરન ચિત લાય ॥૧॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્યાગ્રગણ્યમુક્તાનંદમુનિવિરચિતા
શિક્ષાપત્રીભાષા સંપૂર્ણા ॥

॥વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

## મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

# શ્રીવાસુદેવાવતારચરિત્રમ્

**દોહા** - વેદધર્મ યુગ યુગવિષે, જબ જબ ગ્લાનિ હોય ।
તેહિ સ્થાપન અવતાર ધરી, વંદુ મહાપ્રભુ સોય ॥૧॥
સોઇ કલિકૃત અધર્મ હરન, કરન પતિત ભવપાર ।
ભયે ધર્મસુત શ્રીહરિ, તેહિ વંદુ કરી પ્યાર ॥૨॥
વિધ્ન વિનાશન કષ્ટ હર, દિવ્યરુપ ભગવાન ।
સોહિ સદા મમ ઉર વસો, કેશવ કૃપાનિધાન ॥૩॥

**ચોપાઇ**

શ્રીઅવતારચરિત જેહિ નામા, સો અધ્યાય પરમ સુખધામા ।
નિર્ગુણ વાસુદેવ ભગવંતા, સોઇ શ્રીકૃષ્ણ પ્રભુ અકળ અનંતા ॥૪॥
તેહી અવતારચરિત્ર હે જેહા, ગુનસેં મુક્તિ હિત બરને તેહા ।
ગુનપર હોન જો ચહત સુજાના, સો અવતાર ચરિત્ર કરે ગાના ॥૫॥
તબ નિર્ગુન હોવત તતકાલા, બઢત કૃષ્ણપદ પ્રેમ રસાલા ।
એસો યહ અવતારચરિત્રા, કહત સુનત જગ હોત પવિત્રા ॥૬॥
**દોહા** - નિજગુરુ શ્રી ઘનશ્યામકી, આજ્ઞા ધરિકે શીશ ।
તેહિ ભાષા ટીકા કરું, હૃદે ધારી જગદીશ ॥૭॥

**બ્રહ્મોવાચ ।**

**ચોપાઇ**

સત્યલોકમહિ બ્રહ્મા જેહી, મુનિ નારદસો કહત હે તેહી ।
સુનો મુનિ મહિમા જાસ અનંતા, એસે વાસુદેવ ભગવંતા ।
ભૂમિ રસાતલમેં ગઇ જબહી, તેહિ ઉદ્ધાર કરન હિત તબહી ।
સબહી જજ્ઞમય અતિસુખકારી, એસો વરાહરુપ પ્રભુ ધારી ।
તાહી સમે મહાસિંધુ માહી, પ્રભુ વરાહરુપ રહે તાંહી ।

આદિ દૈત્ય હિરણ્યાક્ષ હે જેહુ, આપકે ઢિગ આવત ભયો તેહુ ॥
કટુક વચન કહી દૈત્ય કઠોરા, પ્રભુસંગ યુદ્ધ કરત ભયો ઘોરા ।
અપનિ દાઢ કરિકે તતકાલા, હન્યો હે અસુર દિતિસુત વિકરાલા ॥
**દોહા** - જ્યું પરવતકું શચિપતિ, વજસેં ફોરત ધાય ।
મહાદૈત્યકું તેહિ વિધિ, પ્રભુ વિદાર્યો મુદ પાય ॥
જય જય ધુનિ ત્રિભુવન ભઈ, કુસુમવૃષ્ટિ સુર કીન ।
સિદ્ધ ચારણ મુનિવૃંદ સબ, કરત હે સ્તવન પ્રવીન ॥
**સોરઠા** - યું વરાહ અવતાર, વાસુદેવ પ્રભુ ધરત ભએ ।
સોઈ સદા કરતાર, જનમન રંજન વપુ ધરત ॥૧॥

## ચોપાઇ

અબ સુયજ્ઞ પ્રભુકો અવતારા, અજ નારદ પ્રતિ કહત ઉદારા ।
રુચિ પિતા અરુ આકૂતિ માતા, જાકે પુત્ર સુયજ્ઞ વિખ્યાતા ॥
સોઈ સુયજ્ઞકી પત્ની જેહા, નામ દક્ષિણા શ્રીસમ તેહા ।
તિનમહિ સુયમ નામ સુર જેહી, પ્રભુ ઉપજાવત ભએ તબ તેહી ॥
એહિ સુયજ્ઞ પ્રભુ સુરપતિ હોઈ, ત્રિભુવન પીર હરત ભયે સોઈ ।
અતિબડ કષ્ટ હરત ભયે જબહી, હરિ નામ પ્રગટ ભયો તબહી ॥
**દોહા** - નિજમાતાકે તાતકો, સ્વાયંભુવ મનુ નામ ।
તિન હરિ એસે નામસેં, કહેઉ જાનિ સુખધામ ॥
**સોરઠા** - સોઈ સુયજ્ઞ અવતાર, સુરકારજ હિત પ્રગટ હોઈ ।
કિનો ચરિત્ર અપાર, શ્રુતિ મગ સોઈ સ્થાપત ભયેઉ ॥૨॥

## ચોપાઇ

અબ શ્રીકપિલ દેવ અવતારા, અજ નિજ સુતકું કહત કરી પ્યારા ।
હે દ્વિજવર નારદ સુનો બાતા, પ્રજાપતિ કર્દમ વિખ્યાતા ॥
દેવહૂતી તેહિ પત્ની ઉદારા, સતી સાધ્વી શુભગુણ ભંડારા ।
વાસુદેવ પ્રભુ અજ અવતારી, નિજ નવ ભગિની જુક્ત ભયહારી ॥
કપિલદેવ જેહિ નામ અનૂપા, કર્દમસે પ્રગટેઉ મુનિભૂપા ।
આપકું મિલનકે સાધન જેહી, સાંખ્ય રું યોગ વૈરાગ્ય હે તૈહી ॥
સ્વધર્મયુક્ત ભક્તિ હે જેહા, નિજમાતાકું કહત ભયે તેહા ।

જો ભક્તિસેં અધિક સજ હોઈ, દેવહૂતી માતા હે સોઈ ॥
અપનો જીવાત્મા હે જેઉ, તાહિ મલિન કર ડારત એઉ ।
એસો ત્રિગુણ સંગ સોઈ ગારા, એસો એહી જન્મમેં ધોયકે સારા ॥
**દોહા** - તિહું ગુનકે સંગ ટારિકે, દેવહૂતી હૈ તેહુ ।
કપિલકી ગતિ પાવત ભયે, બ્રહ્મરુપ ભયે તેહૂ ॥
**સોરઠા** - કપિલદેવ ભગવાન, નિવૃત્તિ ધર્મકિ પ્રવૃત્તિ હિત ।
સ્વધર્મ વિરતિ જ્ઞાન, ઈન જુત ભક્તિ કહત નિત ॥૩॥

### ચોપાઇ

અબ શ્રીદત્તાત્રેય સ્વરુપા, હરિ અવતાર સો કહત અનૂપા ।
હે નારદ સુત ચહત ઉદારા, અત્રિ ઋષિ તપ કીન અપારા ॥
તિનકું પ્રસન્ન ભયેઉ ભગવંતા, વાસુદેવ પ્રભુ અકળ અનંતા ।
પ્રગટ આય પ્રભુ દર્શન દીના, ઋષિસંગ બોલત ભયે પ્રવીના ॥
હે અત્રિ ઋષિ પરમ સુજાના, મેં અબ તોય દીયો મમ દાના ।
તાતે દત્ત નામ પ્રભુ જેહી, હોત ભયે અત્રિસુત એહી ॥
દત્તાત્રેયકી પદરજ જેહા, તિનસેં પવિત્ર ભયો હે દેહા ।
એસે યદુ સહસ્રાર્જુન જોઉ, ઈન આદિક નૃપ ઓર હે સોઉ ॥
**દોહા** - ભુક્તિ મુક્તિરુપ યહ, યોગકી સમૃદ્ધિ જોઈ ।
દત્તાકે પ્રબલ પ્રતાપસેં, સબ નૃપ પાયે હે સોઈ ॥
**સોરઠા** - દત્તરુપ અવતાર, અનસૂયાસેં પ્રગટ હોય ।
પતિત કરન ભવપાર, ત્યાગી હોય વિચરત ભયેઉ ॥૪॥

### ચોપાઇ

અબ સનકાદિકરુપી જેઉ, હરિ અવતાર કહત હે તેઉ ।
હે નારદ મુનિ સુનુ મમ બાતા, સૃષ્ટિ આરંભ સમયમહિ તાતા ॥
નાનાવિધકે લોક હેં જેહી, સર્જનકિ ઈચ્છા કરિકે તેહી ।
મેં કિનો તપ ઉગ્ર અપારા, જ્યું રિઝે પ્રભુ જગ આધારા ॥
બહુલ કાલ તપ કિનો જોઈ, પ્રભુકું સમર્પણ કિનો સોઈ ।
સો તપસેં રિઝેઉ ભગવાના, વાસુદેવ પ્રભુ પરમ સુજાના ॥
ચાર હે સન જેહી શબ્દકે માંહી, એસે જિનકે નામ કહાંહી ।

ઈન નામનિસેં ચાર વપુ ધારી, પ્રગટ ભયેઉ પ્રભુ ભવ ભયહારી ॥
સનત્કુમાર રું સનક સનંદન, ત્યુંહિ સનાતન મોહનિકંદન ।

**છંદ હરિગીત**

મહામોહ મેટન પ્રગટ ભયે ચહુ રુપ શ્રીભગવાન જૂ,
ભયો પૂર્વ કલ્પમેં નાશ જેહિ સંપ્રદાય ઐસો જ્ઞાન જૂં ।
સોઈ વાસુદેવ સ્વરૂપકો ભાગવત હે જ્ઞાનકો નામ જૂ,
એહિ કલ્પમેં સબ ભાતિ સો પ્રભુ કહત ભયે સુખધામ જૂ ॥
**દોહા** - જેહિ જ્ઞાનસેં સબ મુનિ, નિજ આત્મામહિ ધીર ।
વાસુદેવ પ્રભુકું પ્રગટ, દેખત ભએઉ ગંભીર ॥
**સોરઠા** - સોઈ ભાગવત જ્ઞાન, દશમસ્કંધમેં અતિ પ્રગટ ।
જાનત સબહિ સુજાન, વેદ સ્તુતિકે રુપ સોઈ ॥૫॥

**ચોપાઇ**

અબ શ્રી નર નારાયણ દોઈ, પ્રભુ પ્રાગટ્ય બરતન હે સોઈ ।
હે નારદ મુનિ સુનુ મમ બાતા, દક્ષકી પુત્રિ અતિ વિખ્યાતા ॥
ધર્મકી પત્ની મૂર્તિ જેહી નામા, તિનકે વિષે પ્રભુ સબ સુખદામા ।
વાસુદેવ ભગવાન હે જેહી, નર નારાયણ રુપસેં તેહી ॥
પ્રગટ ભયેઉ પ્રભુ પરમ ઉદારા, દશ દિશિમહિ ભયો જયજયકારા ।
જિનકે તપકો મહિમા ભારી, એસે ઉભય દેવ અવિકારી ॥
નરનારાયણકો તપ જેહા, ભંગ કરન હિત આયે હે એહા ।
શચીપતિ પ્રેર્યો કામ કઠોરા, મદન શરાસન લેકર ઘોરા ॥
કામકો સૈન્યરુપ સુરનારી, સબહી અપ્સરા અતિ અહંકારી ।
નરનારાયણકો તપ જેહૂ, તેહિ ભંગ કરન નેમજુત એહૂ ॥
કામકલા તેહિ કિના વિશેષા, પ્રભુ ઢિગ તેહી બલ ચલ્યો ન લેશા ।
અપનો નિયમ નાશ ભયો જેઉ, કામ અપ્સરા દેખિકે તેઉ ॥
**દોહા** - નરનારાયણ દેવકે, તપકો ભંગ ચહે જેહૂ ।
કામ અપ્સરા કોઉવિધ, કરન સમર્થ ન તેહૂ ॥
નરનારાયણ પ્રભુ કિયો, અગણિત ત્રિયકો વૃંદ ।
પ્રગટ ભઈ બહુ માનિની, જ્યું તારામધ્ય ચંદ ॥
કામદેવ અરું અપ્સરા, લજ્જિત ભયેઉ અપાર ।

ભયસેં ભીત કંપન લગે, ભુલેઉ તન સંભાર ॥
**સોરઠા** - લજ્જા ભય જુત કામ, દિનિ ઉર્વશિ નામ તેહી ।
નારી રુપગુનધામ, સ્વર્ગકો ભૂષણરુપ સોઇ ॥૬॥

## ચોપાઇ

હે નારદ શિવ આદિક જેહા, અદિક બડે યોગેશ્વર તેહા ।
ક્રોધકી દષ્ટિસેં તતકાલા, કામકું જારત હોય વિકરાલા ॥
તદપિ સહ્યો નહિ જાત હે જેહૂ, આપકે અતિશે જારત તેહૂ ।
એસે ક્રોધકું શકત ન જારી ક્રોધસેં જાત યોગી સબ હારી ॥
ક્રોધસેં કામકું જિતત જોઇ, ક્રોધકું જિતન શક્ય ન સોઇ ।
હે નારદ યહ આશ્ચર્ય ભારી, ક્રોધનેં સબકિ બડાઇ ટારી ॥
એસો વિકટ જો ક્રોધ કહાંહી, નરનારાયણકે મનમાંહી ।
ક્રોધ કબહુ નહિ પેઠન પાવે, કામ રંક તહાં ક્યું કરી આવે ॥
**દોહા** - કામ ક્રોધ મદ લોભ બિન, નરનારાયણ દેવ ।
યા કારન તેહી ચરનકી, કરત સિદ્ધ મુનિ સેવ ॥
કામ ક્રોધ અરુ લોભ તિહું, પ્રબલ અવિદ્યા પાસ ।
નરનારાયણદેવ વિન, કોઉ ન કરત વિનાસ ॥
**સોરઠા** - પુરુષોત્તમ પરબ્રહ્મ, નરનારાયણરુપ સોઇ ।
એહિ અલૌકિક મર્મ, જો જાનત સોઇ ભવ તરત ॥૭॥

## ચોપાઇ

જેહિ અવતરાસેં દેવ પ્રવીના, હોય પ્રસન્ન ધ્રુવકું વર દીના ।
સો અવતાર અધિક સુખરુપા, અજ નારદસો કહત અનુપા ॥
હે નારદ મુનિ ધ્રુવકો તાતા, નૃત ઉત્તાનપાદ વિખ્યાતા ।
ધ્રુવકી માતા સુનીતિ જોઇ, તાકી સબતિ સુરુચિ સોઇ ॥
નૃપ સમીપ મરજાદારી, તિન કહે મર્મ વચન દુઃખકારી ।
વચનકે બાનસેં ભેદ્યો અંગા, એસે ધ્રુવ મતિ કિનિ અભંગા ॥
તબ ધ્રુવ પંચ વર્ષકે બાલા, તોઉ તપ હિત બન ગયે તતકાલા ।
બનમેં જાય તપ કિન ઉદારા, પ્રભુકો સ્તવન કરત એકતારા ॥
એસે ધ્રુવકું રિઝે ભગવંતા, વાસુદેવ પ્રભુ અકળ અનંતા ।

તબ પ્રભુ તાહિ અચળ પદ દીના ॥
સબ ભક્તનમેં મુખ્ય કરી લીના ।
**દોહા** - ઉપર ભૃગુ આદિક મુનિ, નીચે સપ્ત ઋષિ જેહી ।
ધ્રુવપદકો અતિ પ્રેમસેં, સ્તવન કરતહે તેહી ॥
ધ્રુવ વરદેંન સો શ્રીહરિ, ધ્રુવપદકે દાતાર ।
વાસુદેવ ભગવાનકો, અતિસુખપ્રદ અવતાર ॥૮॥

## ચોપાઇ

અબ ભગવાનકો પૃથુ અવતારા, અજ નારદ પ્રતિ કહત ઉદારા ।
હે નારદ સુનુ કથા રસાલા, વાસુદેવ પ્રભુ પરમ દયાલા ॥
ઋષિ મિલ તેહિ પ્રાર્થના કીના, તબ શ્રીપતિ ભગવાન પ્રવીના ।
વેનકે અંગસેં પ્રગટ ભએઉ, પૃથુ જેહિ નામ નૃપતિ હોય રએઉ ॥
અધિક કુપંથનિમેં ચલ્યો એહા, વેદધર્મ ખંડત ખલ તેહા ।
અતિ કોપાયમાન દ્વિજ જોઇ, તિનકો શાપ વજ્રસમ સોઇ ॥
તિનસેં જરે હે પદારથ ચારા, સુખ સુકૃતસેં રહિત ગમારા ।
નરકમેં પરત વેન મહાપાપી, અતિ અજોગ્ય સબ જનપરિતાપી ॥
એસે વેનકું તેહિ છિન તાર્યો, નરક પુન્નામકો તાપ નિપાર્યો ।
તાહિતે પૃથુ પુત્ર પદ પાયે, સુર મુનિ સિદ્ધિ વિમલ જશ ગાયે ॥
**દોહા** - જો પૃથુ સબ સંસારહિત, ભૂમિકો દોહન કીન ।
સબહિ પદારથ દોહિકે, સબહું દિયેઉ પ્રવીન ॥
**સોરઠા** - એસે પૃથુ ભગવાન, યું પૃથવી દોવત ભએઉ ।
કરન પરમ કલ્યાન, ભક્ત નૃપતિ સમ હરિ ભજત ॥૯॥

## ચોપાઇ

ઋષભદેવ અવતાર હે જેઉ, વિધિ નારદ પ્રતિ કહત હે તેઉ ।
સુનુ મુનિ વાસુદેવ ભગવાના, નાભિ નૃપતિસેં ભએઉ સુજાના ॥
નાભિકી પત્ની સુદેવી નામા, તેહિ સુત ઋષભદેવ ગુનધામા ।
અપને સ્વરુપ વિષે સ્થિતિ જાકે, અતિશે સાંત ઇંદ્રિય સબ તાકે ॥
ગ્રામ્ય વિષયકો સંગ હે જેહૂ, સબવિધિ ત્યાગ કિયો હે તેહૂ ।

ઋષભદેવ સમદર્શી ભારી, નિત્ય સમાધિ રહત સુખકારી ।
તાહિસેં અતિજડ મનુષ્ય જ્યું રએઉ, યું તન પ્રકૃત્તિ દેખાવત ભએઉ ॥
**દોહા** - ઋષભદેવકે આચરણ, બડે બડે ઋષિ મુનિ સંત ।
પરમહંસકો મગ એહી, યું માનત બુદ્ધિવંત ॥૧૦॥

## ચોપાઇ

અબ શ્રી હયગ્રીવ અવતારા, બ્રહ્મા કહત હે કરી બહુ પ્યારા ।
સુનુ મુનિ શ્રીહરિ સાક્ષાતકારા, વાસુદેવ ભગવાન ઉદારા ॥
મેરે યજ્ઞવિષે પ્રભુ એહા, હયગ્રીવ હોવત ભયે તેહા ।
યજ્ઞપુરુષ હયગ્રીવ હે જોઈ, હાટકવર્ણ દેહ જુત સોઈ ॥
વેદમૂર્તિ યજ્ઞાત્મક એહી, યજ્ઞસેં યજનકે યોગ્ય હે તેહી ।
ઈન્દ્રાદિક સબ દેવ હે જેઉ, તિનહિકે આત્મા હે પ્રભુ તેઉ ।
નાકસેં શ્વાસકું છોડત જેહૂ, અતિ અદ્‌ભુત ધુનિ હોવત તેહૂ ॥
**દોહા** - હયગ્રીવ ભગવાનકે, નાકસેં નિકસિ જોઈ ।
વેદરુપ બાની સુખદ, અતિ સુંદર ભઈ સોઈ ॥
**સોરઠા** - હયગ્રીવ અવતાર, ચહુ વેદ પ્રવર્તક સુખદ ।
પતિત કરન ભવપાર, ચરિત્ર કિએઉ સુંદર વિમલ ॥૧૧॥

## ચોપાઇ

અબ શ્રીમત્સ્ય અવતાર હે જેઉ, વિધિ નારદકું કહત હે તેઉ ।
હે નારદ યહ જગ સવિકારી, પ્રલય કાલ આયો તેહી ભારી ॥
તેહિ સમે સત્યવ્રત રાજા જોઉ, વૈવસ્વત મનુ હોઈ હે સોઉ ।
સો નૃપકું શ્રીપતિ ભગવંતા, મત્સ્યરુપ ભયે પ્રાપ્ત અનંતા ॥
પ્રલય કાલકે મહાજલમાંહી, ભૂમિરુપ નૌકા જો કહાંહિ ।
તેહિ આધાર ભયે મત્સ્ય સ્વરુપા, સો નૃપકું કહ્યો જ્ઞાન અનૂપા ॥
સબહિ જીવસમૂહ હે જેહી, તેહી આધાર સદા પ્રભુ એહી ।
મમ મુખસેં ગિરએ ચહુ બેદા, તાકો હમ નહિ જાન્યો ભેદા ॥
**દોહા** - હયગ્રીવ નામા અસુર, વેદકો ચોરનહાર ।
તાહિ મારી મોય વેદ ચહુ, દિનેઉ વિશ્વ આધાર ॥
તા પિછે મહાપ્રલયકે, જલમહિં કિન વિહાર ।
વિવિધ ભાતિ ખેલત ભયે, આનંદ સહિત ઉદાર ॥૧૨॥

## ચોપાઇ

કૂર્મરુપ અવતાર હે જેહી, મુદ જુત બ્રહ્મા કહત હે તેહી ।
હે નારદ સુર અસુરકે વૃંદા, તિનકે જૂથપતિ બને હે સ્વચ્છંદા ॥
અમૃતકી પ્રાપ્તિ હિત એહા, ક્ષીરસિંધુ મંથન લગે તેહા ।
મંદર ગિરિ જબ ડૂબન લગા, તેહિ છિન જોર સબહિકા ભાગા ॥
તેહિ છિન આદિ દેવ અવતારી, વાસુદેવ પ્રભુ ભવભયહારી ।
કૂર્મરુપ ધરિકે તતકાલા, અપનો પૃષ્ઠ કિયો પરમ વિશાલા ॥
સોઈ પૃષ્ઠપર દેવ મુરારી, મંદર ગિરિ ધારત ભએ ભારી ।
**દોહા** - સો મંદર ગિરિ પીઠ પર, ફિરત હે બારમબાર ।
જ્યું કોઉ પીઠ ખુજા વહિ, ત્યું સુખ હોત અપાર ॥
પીઠકિ ખાજ જ્યું મિટત જ્યું, નિદ્રા અવસર પાય ।
અધિક શાંત રહે કૂર્મ પ્રભુ, મહિમા કહ્યો ન જાય ॥૧૩॥

## ચોપાઇ

અબ નૃસિંહ અવતાર હે જોઉ, અજ નારદકું કહત હે સોઉ ।
સુનુ નારદ યહ કથા રસાલા, દેવવૃંદકો ત્રાસ વિશાલા ॥
સો સબહિ ભય મેટનહારા, વાસુદેવ પ્રભુ પરમ ઉદારા ।
ભ્રમત હે ભ્રુકુટિ ચપલ જિન માંહી, તિખી દાઢ બરનિ નહી જાહી ॥
એહિવિધ સબકું અતિ ભયકારી, જાકો મુખ વિકરાલ હે ભારી ।
સો ધરી નૃસિંહકો રુપા, અતિ પ્રચંડ કિયો શબ્દ અનૂપા ॥
આપકે પાસ ગદા લે આયો, અધિક અસુર પ્રભુ સનમુખ ધાયો ।
યુદ્ધ વિષે જેહિ સ્ફુરતિ અપારા, આપકે જોરસે અતિ મતવારા ॥
**દોહા** - એસો પ્રબલ દૈત્યેન્દ્રકો, હિરણ્યકશિપુ જેહિ નામ ।
પકરિકે ઉરુ પર નખનિસેં, ચિરી ડાર્યો સુખધામ ॥
**સોરઠા** - હિરણ્યકશિપુ કે પ્રાન, યું નૃસિંહ પ્રભુ હરત ભયે ।
સબવિધિ પરમ સુજાન, જન પ્રહ્લાદકું અભયપ્રદ ॥૧૪॥

## ચોપાઇ

ગ્રાહસેં ગજકું છોડાબનહારા, અજ સોઈ કહત હે હરિ અવતારા ।
સુનુ મુનિ અતિબડ સરોવર માંહિ, અતિબલજુત એક ગ્રાહ હેતાંહિ ॥

નિજ પગમહિ પકર્યો કરી જોરા, એસો ગજેન્દ્ર દેખિ ચહુ ઓરા ।
પ્રભુપૂજા હિત પરમ પ્રવીના, અપની સુંઢમહિ પંકજ લીના ॥
પીડાજુક્ત જૂથપતિ ભારી, એહિવિધ કહત ભયો સુવિચારી ।
હે પ્રભુ આદિપુરુષ અવતારી, હે જગદીશ ભક્તભયહારી ॥
તીર્થરુપ જેહી જશ સુખકંદા, હે સબ લોકનાથ જગવંદા ।
શ્રવણમાત્રસેં મંગલદાતા, પ્રભુ તવ નામ પરમ વિખ્યાતા ॥
**દોહા** - હે પ્રભુ ગ્રાહકે કષ્ટસેં, મમ રક્ષણ કરો નાથ ।
યું ગજેન્દ્ર પ્રભુકું સ્તુવત, કમલ પુષ્પ લિયે હાથ ॥૧૫॥

## ચોપાઇ

જાકો મહિમા અગમ અનંતા, એસે વાસુદેવ ભગવંતા ।
યું ગજેન્દ્રકી આરત બાનિ, સુનિકે તાહિ પ્રભુ સારંગપાનિ ॥
ચક્ર સુદર્શન કરમહિ લીના, ભયે સદ્ય ગરુડારુઢ પ્રવીના ।
પ્રભુ અતિ વેગ જુક્ત તતકાલા, તેહિ સ્થલ આયકે દીનદયાલા ॥
ચક્રસેં મકરકો વદન હે જોઈ, અધિક વિદારણ કરિકે સોઈ ।
આપકે શરણ આયો તજિ માના, એસો યૂથપતિ પરમ સુજાના ।
ગ્રાહકે મુખસેં ગજેન્દ્ર છોડાયો, જયજયકાર ભયો મનભાયો ॥
**દોહા** - યું ગજેન્દ્ર મોક્ષણ કિયો, દીનબંધુ ભગવાન ।
હરિ નામ અવતારકો, વેદ કરત ગુનગાન ॥
**સોરઠા** - વાસુદેવ ભગવાન, તાકો હરિ અવતાર યહ ।
કરત તાસ કલ્યાન, જો નરત્રિય હરિહરિ જપત ॥૧૬॥

## ચોપાઇ

અબ પ્રભુકો વામન અવતારા, વિધિ નારદકું કહત ઉદારા ।
સુનુ મુનિ વાસુદેવ ભગવાના, સુરકારજ હિત પરમ સુજાના ॥
અદિતિ માતુ સુત સૂરજ બારા, તિનકે મધ્ય પ્રભુ પરમ ઉદારા ।
દ્વાદશમેં વિષ્ણુ જેહિ નામા, સૂર્યરુપ પ્રગટેઉ ગુણધામા ॥
વામનરુપ વિષ્ણુ હે જોઈ, દ્વાદશ સૂર્યમે છોટે સોઈ ।
જદપિ સબસે છોટે તેહી, તદપિ ગુનસેં અતિબડ એહી ॥
જો વામન નિજચરનસેં તાતા, ત્રિભુવન ઉલંઘેઉ સાક્ષાતા ।

વામનરુપસેં શ્રીભગવંતા, તિહુ પદ મિષ છલ કરિકે અનંતા ॥
બલિ રાજાકી પૃથવી જેહૂ, સબવિધ ગ્રહણ કિની પ્રભુ તેહૂ ।
નારદ તુમ યું કહી હો બાતા, વામનરુપ શ્રીહરિ વિખ્યાતા ॥
બલિકો રાજ ક્યું છલ કરી લીના, તેહી ઉત્તર તોય કહું પ્રવીના ।
**દોહા** - ધર્મકે મારગમેં સદા, રહત શ્રદ્ધાજુત જોઈ ।
યાચે વિન એશ્વર્યસેં, ડારન યોગ્ય ન સોઈ ॥
તાતે વામન ત્રિપદ મિષ, રાજ્ય સમૃદ્ધિ સબ તાસ ।
યાચે બિન નિજ જોરસેં, કછુ નહિ લિયો અવિનાશ ॥
**સોરઠા** - ત્રિભુવન છલ કરી લીન, તદપિ બલિ સનમુખ રહેઉ ।
સબવિધ પરમ પ્રવીન પ્રભુકું રિઝાએઉ ભક્તિ કરી ॥૧૭॥

**ચોપાઇ**

હે નારદ તુમ કહી હો એહા, યાંચારુપી છલ કરી તેહા ।
બલિ એશ્વર્યસે ડાર્યો જેહૂ, તદપિ અતિશે અઘટિત તેહુ ॥
અબ યાકો ઉત્તર હે જોઈ, સબવિધ બરનિ કહત હું સોઈ ।
કીર્તિ જાસ અતિ અનંત અપારા, એસે વિષ્ણુ વામન અવતારા ॥
તિનકે ચરનકમલકું ધોઇ, શિર ધર્યો ચરણોદક શુદ્ધ હોઈ ।
એસો બલિ નિજ જોરસે તાતા, ત્રિભુવન રાજ્ય પાયો સાક્ષાતા ॥
સો સબ રાજ્ય ઇંદ્રકું દીના, તદપિ ન પ્રભુકો અવગુન લીના ।
તબ બલિપર રીઝેઉ સુખદાની, શ્રીવામન યું બોલેઉ બાની ॥
આઠમેં મન્વંતરમહિ વીરા, હોઈ હો ઈંદ્ર તુમ પરમ સુધીરા ।
બલિકો યહ વર દિનો જોઉ, બહુત દિયો યું ન જાનો સોઉ ॥
બલિ હે અપનો ભક્ત નિષ્કામા, તેહિ વૈકુંઠાદિક નિજધામા ।
તિનમેં અલૌકિક સુખ હે જેઉ, દેનો હે દિવ્ય અખંડ સુખ તેઉ ॥
સો સુખ આગે સ્વર્ગસુખ જેહી, નાશવંત અતિતુચ્છ હે તેહી ।

**છંદ હરિગીત**

બલિકું શ્રીહરિમહિં ભક્તિ ભાવ સો સબહિ દેહુ બતાયકેં,
નિજગુરુ જો શુક્રાચાર્ય તિન કહ્યો ધર્મ આપકું આયકેં ।
યહ વિષ્ણુ સોઈ બનેહે વામન રાજ્ય તેરો લેનકું,

તેહિ કિયો હે પ્રબલ પ્રપંચ તવ રિપુ ઈંદ્રકું સબ દેનકું ॥
એહિ ભાતિ નિજ ગુરુ વચનકું બલિ જબ ન માને લેશ જૂં,
તબ કોપે શુક્રાચાર્ય બલિકું શાપ દિયો કરી દ્વેષ જૂં ।
સબ રાજ્યશ્રીસે ભ્રષ્ટ હોના એહિ હમારો શાપ હે,
તદપિ સો બલિકું પ્રભુકે સનમુખ રહનકો દ્રઢ સ્થાપહે ॥
વામનકું પદત્રય ભૂમિ પ્રથમહિં દેનકું કહી જેહી જૂં,
તાકું ન મિથ્યા કરનકું ઈચ્છેઉ અચલમતિ એહી જૂં ।
જબ ઉભય પગહિ લિયેહે ત્રિભુવન પુનિ કહત પ્રભુ વેન જૂં,
અબ તિસરો પગ ભૂમિ લાવો પ્રથમ કહી તુમ દેન જૂં ॥
**દોહા** - તબ સો તૃતીય પગ ભૂમિકું, પૂરન કરને કાજ ।
વામનકું નિજતન દીયો, મોહ માન તજી લાજ ॥
**સોરઠા** - બલિકી ભક્તિ દ્રઢ જાનિ, પ્રભુ તેહિ અતિ રિઝત ભયેઉ ।
દીનો વર સુખદાનિ, દ્વારપાલ હોવત ભયેઉ ॥૧૮॥

## ચોપાઇ

અબ શ્રીહરિકો હંસ અવતાર, વિધિ નારદકું કહત કરી પ્યારા ।
સુનુ મુનિ અતિશે વૃદ્ધિકું પાઈ, એસી ભક્તિ પરમ સુખદાઈ ॥
સો ભક્તિ કરીકે ભગવંતા, તુમપર રિઝેઉ ઈશ અનંતા ।
તબહી શ્રીવાસુદેવ ભગવાના, હંસરુપ હોય પરમ સુજાના ॥
તુમકું ભક્તિયોગ અતિભારી, સબવિધ કહત ભએઉ સુખકારી ।
વાસુદેવ ભગવાનકો રુપા, તેહી સાક્ષાત દેખાવે અનૂપા ॥
એસો ભાગવત જ્ઞાન હે જોઈ, તુમકું કહ્યો નિકિ વિધ સોઈ ।
**દોહા** - વાસુદેવ ભગવાનકે, અતિ દ્રઢ આશ્રિત જોઈ ।
એસે મુનિ જેહી જ્ઞાનસેં, લહત પરમ પદ સોઈ ॥
**સોરઠા** - જેહિ જ્ઞાનસેં તાત, નિર્ગુણ પ્રભુકી મૂર્તિ સોઈ ।
જાનત ભયે સાક્ષાત, એહિ જ્ઞાન કહ્યો હંસ પ્રભુ ॥૧૯॥

## ચોપાઇ

મન્વંતર મહિં હરિ અવતારા, તાહિ કહત વિધિ પરમ ઉદારા ।
સુનુ મુનિ વાસુદેવ ભગવંતા, ચૌદહિ મન્વંતરમેં અનંતા ॥

પ્રગટ હોય પ્રભુ ભવભયહારી, દશ દિશિમહિં અતિશેં જયકારી ।
સામર્થ્ય કહ નહિ જાત અનૂપા, એસો અનૂપા, એસો અપને ઐશ્વર્ય રુપા ॥
ચક્ર સુદર્શન પ્રભુ કર ધરહી એહિ વિધ મનુકો રક્ષણ કરહી ।
મનુકો સબહી વંશ વિસ્તારા, તેહિ પાલત પ્રભુ પરમ ઉદારા ॥
ત્રિભુવનકે ઉપર જો કહાંહી, એસો સત્યલોક તિનમાંહી ।
અપને ચરિત્ર દેવ મુરારી, સુંદર નિજ કીર્તિ વિસ્તારી ॥
**દોહા** - યું નિજ યશ વિસ્તારિકે, કૃપાસિંધુ ભગવાન ।
ધર્મ મર્યાદા પાલને, તતપર રહત સુજાન ॥
ધર્મકી મર્યાદા સુખદ, દુષ્ટ નૃપતિ કરે ખંડ ।
ચક્ર સુદર્શન પ્રભુ, ધરત હે તેહિ શિર દંડ ॥
**સોરઠા** - સબ મન્વંતરમાંહી, હોવત અવતાર ઈમિ ।
પલ એક ખાલી નાંહિ, મન્વંતર હરિમૂર્તિ બિન ॥૨૦॥

### ચોપાઇ

અબ ધન્વંતરિ હરિઅવતારા, વિધિ નારદકું કહત કરી પ્યારા ।
હે નારદ મુનિ સુનુ મમ બાતા, વાસુદેવ પ્રભુ જન સુખદાતા ॥
લોકનિમેં ધન્વંતરિ નામા, ધરિ અવતાર સબહી સુખધામા ।
જગમહિ રોગી મનુષ્ય અપારા, તિનકે રોગ સો વિવિધપ્રકારા ॥
અપને નામહીસેં તતકાલા, હનત હે હરિ મહારોગ વિશાલા ।
કીર્તિ જાસ અતિશે સુખકારી, વૈદ્યરુપ પ્રભુ ભવભયહારી ॥
જિનસેં મનુષ્યકો આયુષ્ય એહા, મરણ ધર્મ બિતત હે તેહા ।
એસે ધન્વંતરિ ભગવાના, અતિ સમર્થ પ્રભુ પરમ સુજાના ॥
**દોહા** - યજ્ઞવિષે નિજભાગ તેહિ, દૈત્યનિ રોક્યો જોઈ ।
અપને પ્રબલ પ્રતાપસેં, પ્રાપ્ત ભયેઉ પ્રભુ સોઈ ॥
**સોરઠા** - લોકનિમહિ કરતાર, આયુર્વેદ પ્રવર્તાયો દઢ ।
હરત હે વ્યાધિ અપાર, ધન્વંતરિ અવતાર પ્રભુ ॥૨૧॥

### ચોપાઇ

પરશુરામ અવતાર હે જેઉ, અજ નિજસુતકું કહત હે તેઉ ।
હે મુનિ હરિ બડ આત્મવાના, વાસુદેવ પ્રભુ પરમ સુજાના ॥

રેણુકા જમદગ્નિકી નારી, તિનકે પુત્ર ભએ પ્રભુ અઘહારી ।
પરશુરામ જેહિ નામ પ્રચંડા, ઉત્પન્ન હોયકે દેવ અખંડા ॥
ઉગ્ર પ્રતાપ જુક્ત ભગવંતા, કર પરશુ ધર ઈશ અનંતા ।
તિખિ ધારજુત પરશુ જેહી, તિનસેં પાપી ક્ષત્રિકુલ તેહી ॥
એકીસ વાર તાહિ પ્રભુ મારે, ખોજિકે મૂલસેં સબ ઉખારે ।
પ્રભુ ક્ષત્રિકુલ હનત હે જેહા, તિનકે ગુન વર્તહું તેહા ॥
સબહિ જગતકે ક્ષય હિત ભારી, દૈવ બઢાયો અતિ દુઃખકારી ।
દ્રોહ કરત બ્રાહ્મણકો પાપી, એસો ક્ષત્રિયકુલ જગપરિતાપી ॥
સુખપ્રદ વેદકો મારગ જેહૂ, સબવિધ ત્યાગ કિયો હે તેહૂ ।
**દોહા** - કંટક જ્યું ભૂમિ વિષે, સત્વહિકું દુઃખદ અપાર ।
નરકકિ પીરકું પાવનો, ચહત હે મૂઢ ગમાર ॥
એસો ક્ષત્રિયકુલ જાનિકે, પ્રભુ તેહિ કિનો નાશ ।
હરિકે હાથ જો જો મરે, પાએઉ પદ અવિનાશ ॥૨૨॥

### ચોપાઇ

અબ શ્રીરામચંદ્ર અવતારા, અજ નારદકું કહત શ્રુતિસારા ।
સુનુ મુનિ અપને ઉપર ભારી, કૃપા કરન મહીદેવ મુરારી ॥
અતિશે સનમુખ ભએઉ ઉદારા,માયાપતિ પ્રબુ વિશ્વઆધારા ।
એસે વાસુદેવ ભગવાના, અપનિ કલાજુત પરમ સુજાના ॥
ભરત શત્રુઘન લછમન જેહુ, ઈનજુત ઈક્ષ્વાકુ કુલ તેહૂ ।
નૃપ દશરથ કૌશલ્યા રાની, તિનસેં પ્રગટ ભએ શારંગપાની ॥
રામચંદ્રરુપી હોય દેવા, નિજપિતું વચન ગ્રહેઉ તતખેવા ।
સીતા લછમન સહિ સ્વચ્છંદા, વનમેં પ્રવેશ કરિ હે સુખકંદા ॥
**દોહા** - રામચંદ્ર સંગ વૈર કરી નૃપતિ દશાનન જોઈ ।
નિજકુલ જુત લંકાપતિ, નાશકું પૈહહિ સોઈ ॥૨૩॥

### ચોપાઇ

અપનો શત્રુ દશકંધર જેહા, તાકો પુર લંકા હે તેહા ।
ત્રિપુરાસુરકે તિહું પુર જોઈ, જ્યું શિવ જારન ઈચ્છે સોઈ ॥
ત્યું રાવણકી લંકા જેહિ, જારન ચહત સબહિ વિધ તેહિ ।

ઐસો રામકો તેજ વિશાલા, સિંધુ દિયો મારગ તતકાલા ॥
રામચંદ્રસેં અતિભય પાયો, યાતેં કંપ અધિક અંગ છાયો ।
ઐસો સિંધુ અધિક ભય ભીતા, પ્રભુ ઢિગ આયો હોય વિનીતા ॥
આપકિ પત્નિ સીતા જેઉ, અધિક દૂર વર્તત હે તેઉ ।
તાતેં ક્રોધ ભયો હે ભારી, તિનસેં અધિક રક્ત ભયકારી ॥
**દોહા** - સો રઘુવીરકિ દૃષ્ટિસેં, નક્ર મગર ઝષ વ્યાલ ।
તિનકે વૃંદ જિનમહિ તપે, ઐસો સિંધુ તેહિ કાલ ॥૨૪॥

### ચોપાઇ

યુદ્ધમેં દશાનનકો ઉર જેહા, તિનકે સ્પર્શસેં તુટેઉ તેહા ।
તુટિકે ગિરેઉ સો દશ દિશિમાંહી, અધિક શ્વેત વિખરેઉ જહાં તાંહિ ॥
ઐસે ઈન્દ્રબાહનકે દંતા, તિનસેં શ્વેત દશ દિસ અનંતા ।
ઐસી સબહી દિશા હે જેહૂ, તેહિ પાલત દશકંધર એહૂ ॥
અપનો સૈન્ય અરુ રિપુદલ જેહી, તિનકે મધ્ય ઉત્કર્ષસેં એહી ।
રાવણ વિચરત નિર્ભય હોઈ, સીતા હરનહાર ખલ સોઈ ॥
અતિશે ગર્વસેં હર્ષ અપારા, તાતે હસત ખલ વારમવારા ।
**દોહા** - સો રાવણકે પ્રાણ જુત, ગર્વ રુ હાસ વિશાલ ।
રામચંદ્ર નિજ બાનસે, હરિ હે તાહિ તતકાલ ॥
રામચંદ્રકે ગુન સુખદ, કહત સુનત નર જોય ।
સોઈ છુટત ભવ જાલસેં, પ્રભુકો પાર્ષદ હોય ॥
**સોરઠા** - રામચંદ્ર અવતાર, રઘુકુલ પ્રગટે વ્યૂહ જુત ।
કિનેઉ ચરિત્ર અપાર, કહત સુનત સંસૃતિ હરત ॥૨૫॥

### ચોપાઇ

અબ શ્રીકૃષ્ણ અવતાર હે જેઉ, અજ નારદ પ્રતિ કહત હે તેઉ ।
સુનુ મુનિ અધિક અસુર નૃપ જેહા, તિનકે સમૂહ દુઃખદ ભએ તેહા ॥
તિનકે ભારસેં ભૂમિ પિરાની, ધરા ધેનુ તનુધારિ સયાનિ ।
બ્રહ્માકે શરણે ગઈ ધાઈ, અપનો કષ્ટ સબ ભૂમિ દિયો હે બતાઈ ॥
બ્રહ્મા ભવ સુરગણ સંગ લીના, ક્ષીરસિંધુ તટ ગએઉ પ્રવીના ।
તબ તિન પ્રભુકો સ્તવન કિયો ભારી, વાસુદેવ પ્રભુ ભવભયહારી ॥

વિધિકું સમાધિમેં કહી બાતા, મેં વ્રજમેં અવતરીહું તાતા ।
સુરત્રિય જુત સબ વ્રજમહિ જાઈ, મનુષ્ય દેહ ધારો મન ભાઈ ॥
યું આજ્ઞા કરી સુરમુનિરાજા, ભૂકો ક્લેશ મિટાવન કાજા ।
શ્વેતદ્વીપપતિ શ્રીભગવાના, વાસુદેવ પ્રભુ પરમ સુજાના ॥
અપની કલા સંકર્ષણ જેહી, તેહી જુત પ્રગટ ભએઉ પ્રભુ એહી ।
નામ શ્રીકૃષ્ણ પરમ સુખકારી, દેવકીસુત ભએ અજ અવતારી ॥
અપનો પ્રતાપ ભાસે જિનમાંહી, ઐસે ચરિત્ર કરી હે પ્રભુતાહી ।
**દોહા** - અપનો રૂપ બલદેવકે, શિરપર શ્વેત હે કેશ ।
શ્યામ કેશ નિજ શિશ પર, નટવર સુંદર વેશ ॥
જાકો મગ સબ જીવકું, કોઉ વિધ લખ્યો ન જાત ।
સોઈ શ્રીકૃષ્ણ વસુદેવસુત, ભુવિ ફિરિહહિ સાક્ષાત ॥૨૬॥

### ચોપાઇ

અબ શ્રીકૃષ્ણકે ચરિત્ર હે જોઈ, અજ નારદકું કહત હે સોઈ ।
હે નારદ શ્રીકૃષ્ણ લઘુબાલા, બકી રાક્ષસી અતિ વિકરાલા ॥
પયકે પાન મિષ મારી તેહૂ, અતિબડ પરાક્રમ કીનો એહૂ ।
તીન માસકે કૃષ્ણ મુરારી, પગકિ લાત હન્યો શકટ અઘારી ॥
દધિભાજન ભાંગ્યો પ્રભુ જબહી, જનની ક્રોધ કરી બાંધેઉ તબહી ।
દામોદર હોય દીન દયાલા, યમુના તટ પહુંચેઉ તતકાલા ॥
યમલાર્જુન દોઉ વૃક્ષ હે જેઉ, સ્વર્ગકું સ્પર્શ કરત મનુ તેઉ ।
ઘુટુરનિ ચલત સો તરુમધ્ય ગએઉ, ચરનસેં તરુકું ધકેલત ભએઉ ॥
અતિ ઉંચે યમલાર્જુન જોઈ, જડસેં ઉખેરિકે ડારે હે દોઈ ।
**દોહા** - પરમેશ્વર શ્રીકૃષ્ણ બિન, ઐસે પરાક્રમ જોઈ ।
અતિ અદ્ભુત આશ્ચર્યમય, કરન ન સમર્થ કોઈ ॥૨૭॥

### ચોપાઇ

સુનુ મુનિ પ્રભુ ગયે ગોકુલવાસી, ઐસે કૃષ્ણદેવ સુખરાશી ।
વિષસમ જમુનાકો જલ જેહૂ, વ્રજપશુ ગોપ પિયો હે તેહૂ ॥
સો સબ તુરત મૃત્યુકું પાએ, તબ શ્રીકૃષ્ણ તેહિ ઢીગ ચલિ આએ ।
અપનિ કૃપાદષ્ટિકે રૂપા, અમૃતવૃષ્ટિ કરિકે અનૂપા ॥

સબકું જીવાઇ હે દેવ મુરારી, યું ચરિત્ર કહિકે સુખકારી ।
સોઇ શ્રીકૃષ્ણ જમુના જલમાંઇ, ક્રીડા કરત હસ્તિકી નાંઇ ॥
યમુનાકો જલ વિષજુત જેઉ, નિર્વિષ કરનકે હિત પ્રભુ તેઉ ।
અધિક ઝેરકો પ્રાક્રમ ભારી, તિનસે ચપલ જિહ્વા અહંકારી ॥
ઐસો કાલી નાગ વિકરાલા, તિનસેં યુદ્ધ કરિકે તતકાલા ।
યમુનાકે હ્રદસેં સોઇ વ્યાલા, તુરત નિકાસિહે મદનગોપાલા ॥
**દોહા** - ઐસે અતિ અદ્‌ભુત ચરિત, સંતકું સુખપ્રદ સોઉ ।
સો શ્રીકૃષ્ણ ભગવાન બિન, કરનહાર નહિ કોઉ ॥૨૮॥

## ચોપાઇ

હે નારદ પ્રભુ પરાક્રમ જેઉ, નાંહિ પ્રમાણમેં આવત તેઉ ।
સો બલદેવ સહિત ભગવાના, યમુનાતટ રહે પરમ સુજાના ॥
જેહિ દિન કાલીદમન પ્રભુ કીના, તેહિ દિનકી રાત્રિમેં પ્રવીના ।
ગોપ ગોપી સબ ગોકુલવાસી, યમુના તટ સોએઉ ગુનરાશી ॥
ગ્રીષ્મ કાલકો વન હે જેહૂ, દાવાનલસેં જરત ભયો તેહૂ ।
ચહૂ દિશ દાવાનલ ભયો ભારી, હાહાકાર કરત નરનારી ॥
અંતકાલ પ્રાપત ભયો જબહિ, વ્રજજન પ્રભુકે શરનગયે તબહિ ।
સો દવકો[૧] પ્રભુ કરિકે પાના, કષ્ટ નિવારી હે કૃપાનિધાના ॥
પુનિ શ્રીકૃષ્ણ ગૌ ચાર ગએઉ, મુંજકે વનમધ્ય ખેલત ભએઉ ।
દાવાનલસેં ગોપ ગૌ જેહા, જરન લગેઉ ચહુ દિશસેં તેહા ॥
**દોહા** - તબ તેહિ નેત્ર પિધાયકે, પ્રબલ અનલ કરી પાન ।
દાવાનલસેં ઉદ્ધારિ હે, કૃપાસિંધુ ભગવાન ॥
યું શ્રીકૃષ્ણ ભગવાનકે, ચરિત્ર અલૌકિક જેહૂ ।
કહત સુનત નિત્ય પ્રેમજુત, લહત પરમ પદ તેહૂ ॥૨૯॥

## ચોપાઇ

હે નારદ શ્રીકૃષ્ણ ભગવંતા, દધિમંથનિ જબ ફોરી અનંતા ।
તબ શ્રીકૃષ્ણકું બાંધન કાજા, જશોમતી કિનો બહુત સમાજા ॥
જો જો દામ લે બાંધન આવે, દો આંગુરસો ન્યૂન રહ જાવે ।
માતા દામ સાંધિકે હારી, બંધનમેં નહિ આવે મુરારી ॥

યહ શ્રીકૃષ્ણકો ચરિત્ર હે જેહા, અદ્ભુત દિવ્ય અલૌકિક તેહા ।
પુનિ એક સમે યશોદા માતા, કૃષ્ણકો મુખ નિરખત સાક્ષાતા ॥
કૃષ્ણ જંભાઈ ખાઈ તેહિ કાલા, મુખપંકજ પ્રભુ કીના વિશાલા ।
કૃષ્ણકે મુખપંકજમહિ માતા, ચૌદ લોક દેખેઉ સાક્ષાતા ॥
**દોહા** - દેખિકે મન શંકિત ભયે, માતા પરમ સુજાન ।
સોઈ શ્રીકૃષ્ણકે રુપકો, ભયો હે યથારથ જ્ઞાન ॥
યહ ચરિત્ર શ્રીકૃષ્ણકે, અતિશે દિવ્ય ઉદાર ।
સુનત સબહિ કુમતિ ટરે, પતિત હોત ભવપાર ॥૩૦॥

## ચોપાઇ

સુનુ મુનિ સોઈ શ્રીકૃષ્ણ ભગવાના, વ્રજમહિ વિલસત કૃપાનિધાના ।
વરુણપાશકે ભયસેં તાતા, નંદ છોડાઈ હે જનસુખદાતા ॥
મયસુત વ્યોમાસુર હે જોઈ, ગોવર્ધનકી ગુફામહિ સોઈ ।
ગોપકું પુરિ હે અતિ દુઃખકારી, તિનકું છોડાઈ હે કૃષ્ણ મુરારી ॥
દિનમહિ કરત ક્રિયા વ્યવહારી, અતિશ્રમ કરિકે થકે નરનારી ।
નિશિમેં અચેત હોવત એહા, યું ગોકુલવાસી જન જેહા ॥
તિનકું કૃષ્ણદેવ ભગવંતા, અપનો ધામ વૈકુંઠ અનંતા ।
તહાં પહુંચાઈ હે પ્રભુ સુખકંદા, યું નિજજનકે મિટાઈ હે [1]ફંદા ॥
**દોહા** - યહ ચરિત્ર શ્રીકૃષ્ણકો, અતિશે આશ્ચર્યકારી ।
અધિક અલૌકીક તેહિ સુનત, વિમલ હોત નરનારી ॥૩૧॥

## ચોપાઇ

હે નારદ નંદાદિક ગોપા, તિન કિયો ઈંદ્ર યજ્ઞકો લોપા ।
સોઈ રીશ કરિકે સુરરાજા, વ્રજકો નાશ કરનકે કાજા ॥
પ્રલય મેઘ પ્રેરિહે અતિભારી, વાયુ વૃષ્ટિ અતિશે દુઃખકારી ।
અતિ કરુણા કરિકે સુખકંદા, પશુરક્ષણ ઈચ્છત ગોવિંદા ॥
સાત વર્ષકે કૃષ્ણ ગોપાલા, શ્રી ગોવર્ધન શૈલ વિશાલા ।
સાત દિવસલું શ્રમ વિન તાંહી, કૃષ્ણજી અપને એક કરમાંહી ॥
ગોવર્ધન ધરિ હે તતકાલા, જ્યું ઉચ્છિલીંધ્ર ઉઠાવત બાલા ।
યું લીલાસેં ગોવર્ધનધારી, ઈંદ્રકો મદ હરિ હે અઘહારી ॥

**દોહા** - ઈંદ્રકો માન ઉતારિ હે, કૃષ્ણ કૃપાનિધિ જોઈ ।
યહ ચરિત્ર શ્રીકૃષ્ણકો, અતિશે અલૌકિક સોઈ ॥૩૨॥

### ચોપાઇ

સુનહું તાત શશિ કિરણસેં ભારી, શરદ નિશા અતિશે ઉજિયારી ।
સો નિશમહિ શ્રીકૃષ્ણ સુખકારી, વનમધ્ય ક્રીડા કરત વિહારી ॥
રાસરમણ ગોપિન સંગ જેહા, તિનમહિ તતપર વર્તત તેહા ।
ઐસે સોઈ શ્રીકૃષ્ણ ભગવાના, મુરલીમેં કરત મધુરસ્વર ગાના ॥
તિનમહિ સુંદર પદ વિસ્તારા, મૂર્છના જુત આલાપ ઉદારા ।
ઐસે શ્રીકૃષ્ણકે ગીતસેં ગોપી, કામકે રુજસેં લોકહદ લોપી ॥
પ્રભુસંગ પ્રેમ મગન વ્રજનારી, રાતમેં અતિ તતપર સકુમારી ।
સો ગોપિનકો હરને હારા, અનુગ કુબેરકો દુષ્ટ અપારા ॥
શંખચૂડ રાક્ષસ અતિ ઘોરા, તેહિ શિર હરિ હે કૃષ્ણ કરી જોરા ।
**દોહા** - શંખચૂડકે શિશકો, તોરી હે મદન ગોપાલ ।
સોઉ ચરિત્ર શ્રીકૃષ્ણકો, અતિશે દિવ્ય વિશાલ ॥
**સોરઠા** - કરસેં ઉખારિ હે કાન, શંખચૂડકો શિશ જબ ।
ચૂડામણિકું સુજાન ગ્રહણ, કરિ હે પ્રભુ ગુનસદન ॥૩૩॥

### ચોપાઇ

સુનુ મુનિ પ્રભુકે ચરિત્ર વિશાલા, જેહિવિધિહનિ હે દૈત્ય વિકરાલા ।
પ્રલંબાસુર સોઈ ગોપકે રૂપા, ધેનુક ખરપતિ ખલકો ભૂપા ॥
બગલારૂપ બકાસુર પાપી, કેશી દૈત્ય વિશ્વ પરિતાપી ।
દૈત્ય અરિષ્ટ વૃષભ તનુધારી, ચાણૂર મુષ્ટિકાદિ મલ્લ ભારી ॥
હાથી કુવલયાપીડ હે જોઉ, કંસ કાલયવન હે સોઉ ।
ભૌમાસુર અરુ કાશિ રાજા, ઈન આદિક બહુ અસુર સમાજા ॥
ઈનસેં ઔર શાલ્વ અતિ ઘોરા, દ્વિવિદ વાંદરા કુમતિ કઠોરા ।
બલ્વલ દૈત્ય દુઃખદાઈ, દંતવક્ર નૃપ અતિ અન્યાઈ ॥
નૃપતિ નગ્નજિતકે વૃષ સાતા, તિખે શિંણ પ્રબલ વિખ્યાતા ।
શંબર અસુર વિદૂરથ જેહૂ, રુક્મૈયા આદિક ખલ તેહૂ ॥
**દૌહા** - ત્યું મહાભારત યુદ્ધમેં, આઈ હે નૃપતિ અપાર ।
અધિક સુભટ સંગ્રામહી, કર ગ્રહે ધનુષ ઉદાર ॥

### ચોપાઇ

નૃપ કાંબોજ રુ મત્સ્ય હે જેહા, કુરુ કૈકય સૃંજય નૃપ તેહા ।
ઐસે સબહી અસુર નૃપ જેહી, બલ અર્જુન રુ ભીમ મિષ તેહી ॥
સબહીકું હનિહે કૃષ્ણ મુરારી, પૈહે પરમપદ અતિ સુખકારી ।
ઐસે પાપીકું સ્વપ્નકે માંહી, જાકો દર્શન હોવત નાંહી ॥
એસો વૈકુંઠ લોક હે જોઇ, પૈ હે શ્રીકૃષ્ણ યોગસેં સોઇ ।
અપને દ્રોહકે કરને હારા, કંસાદિક સબ અસુર અપારા ॥
તિમમહિ કિતનેક અસુર હે જેઉ, હનિહે રામકે રૂપસે તેઉ ।
અર્જુનરૂપસેં શ્રીઅવિનાશી, અગણિત અસુર હનિહે અઘરાશી ॥
ભીમસેનકે રૂપસેં દેવા, કિતનેક અસુર હનિહે તતખેવા ।
**દોહા** - કિતનેક અપને હાથસેં, હનિ હે અસુરકે વૃંદ ।
અપને ધામ વૈકુંઠમેં, પહુંચાઇ હે સુખકંદ ॥
હે નારદ શ્રીકૃષ્ણકે, એહિવિધ ચરિત્ર હે જોય ।
સો શ્રીકૃષ્ણ ભગવાન બિન, ઓરસેં કબહુ ન હોય ॥
**સોરઠા** - શ્વેતદ્વીપપતિ શ્યામ, સોઇ શ્રીકૃષ્ણ હોય વ્યૂહ જૂત ।
ચરિત્ર કરિહે સુખધામ, અનંત પતિત પાવન કરન ॥૩૪॥૩૫॥

### ચોપાઇ

અબ શ્રીવ્યાસરૂપ અવતારા, અજ નારદકું કહત ઉદારા ।
સુનુ મુનિ કાલકે યોગસેં એહા, મનુષ્યકિ બુદ્ધિ ઘટત હે તેહા ॥
યુગ યુગ પ્રતિ સંકોચકું પાવે, આવરદાહું અલ્પ હોઇ જાવે ।
અપનો કિયો વેદ હે જોઇ, ઐસે મનુષ્યકું દુર્લભ સોઇ ॥
બહુત કાલહુંસે નહિ આવે, એસો વેદ અતિ કઠિન કહાવે ।
યું લખિ વાસુદેવ ભગવાના, સત્વવતીમહિ પરમ સુજાના ।
ઋષિ પરાશરમેં દ્વિજરૂપા, પ્રગટ હોય પ્રભુ પરમ અનૂપા ॥
**દોહા** - વેદસ્વરુપી વૃક્ષકું, શાખા કરિકે સુજાન ।
કરિ હે વિભાગકું ભેદજુત, સબકું હોય જિમિ જ્ઞાન ॥૩૬॥

### ચોપાઇ

અબ શ્રીહરિકો બુદ્ધ અવતારા, અજ નારદકું કહત શ્રુતિસારા ।
હે નારદ હિંસાહિ પ્રધાના, ઐસો વેદ મગ ગ્રહત અજાના ॥
તિનમેં હી રહત નિરંતર જેહા, કુકર્મ કરત ત્યાગી સંદેહા ।
જાકો વેગ ન જાનત કોઇ, મયદાનવને રચિ હે સોઇ ॥
સ્વૈરિણી પુંશ્ચલી કામિની જેહી, તીન પ્રકારકી જુવતિ એહિ ।
સોઇ તિહું પુરમેં ધર્મજુત જેહૂ, તિનહિકું હનત હે પાપી એહૂ ॥
ઐસે દેવરિપુ દાનવ ભારી, ધર્મકે સર્ગકું અતિ દુઃખકારી ।
જિનકિ તિનમેં મતિ હે જોઇ,અતિશે મોહ લોભ જુત હોઇ ॥
ઐસો કરિકે દેહકો વેષા, નિજ સમાજ લે સંગ અશેષા ।
બુદ્ધસ્વરૂપ પ્રગટ હોઇ દેવા, વાસુદેવ પ્રભુ અલખ અભેવા ॥
દૈત્યનિ પ્રવર્તાયો જેઉ, ધર્મકે મિષ અધર્મ હે તેઉ ।
દૈત્યકે શાસ્ત્રકે વચન હે જોઉ, બહુત ભાતિ ઉપધર્મ હે સોઉ ॥
**દોહા** - અધર્મ પ્રતિપાદન કરન, દૈત્યકે શાસ્ત્ર હે જોઇ ।
તિનહિકે વચન લે તાહિકો, પાખંડખંડી હે સોઇ ॥
સદ્‌ગ્રંથકે વચનમેં, શ્રુતિમગ સુખપ્રદ જેહૂ ।
બુદ્ધરૂપ ભગવાન સો, દૃઢ કરી સ્થાપિ હે તેહૂ ॥
નિજ આશ્રિત નરનારી, બુદ્ધરુપ ભગવાન ।
પાખંડીનકે ધર્મસેં, રક્ષા કરિ હે સુજાન ॥
**સોરઠા** - બુદ્ધરૂપ ભગવંત, કલિમધ્ય કરી હે પ્રથમ યુગ ।
તારી હે જીવ અનંત, ધર્મસર્ગ કરી હે પ્રબલ ॥૩૭॥

### ચોપાઇ

કલ્કિરુપ અવતાર હે જેહૂ, અજ નારદકું કહત હે તેહૂ ।
હે નારદ જબ કલિકે જોરા, કલિકે ધર્મ પ્રવર્તીહે ઘોરા ॥
અતિ સત્પુરુષ કહાવત જોઇ, તિનહિકે ઘર હરિકથા ન હોઇ ।
બ્રાહ્મણ ક્ષત્રિ વૈશ્ય વર્ણ તીના, અતિ પાખંડી હોઇ હે મલીના ॥
શૂદ્ર નૃપતિ હોઇ હે અતિપાપી, શ્રુતિમગ નિંદક જગ પરિતાપી ।
સ્વાહા સ્વધા વષટ્ હે જોઉ, શ્રુતિબાનિ ન ઉચ્ચારી રહે સોઉ ॥

તબ કલિયુગકે અંત ભગવાના, વાસુદેવ પ્રભુ પરમ સુજાના ।
કલ્કિ રૂપ હોય કે સુખકંદા, અતિ પ્રતાપ જુતદેવ સ્વચ્છંદા ॥
કલિકે શિક્ષક હોઈ હે ભારી, શ્રુતિમગ સ્થાપિ હે અતિ સુખકારી ।

## છંદ હરિગીત

એહિ ભાતિ વિધિ નારદકે શુભ સંવાદસેં શ્રુતિસાર જૂં,
શ્રીવાસુદેવકે વરાહાદિક કહેઉ મુખ્ય અવતાર જૂં ।
તિનમહીં વરાહ રું યજ્ઞ કપિલ આદિક પ્રગટ જેહિ જૂં,
બ્રહ્મા રુ નારદકે સંવાદસેં પ્રથમ હોઈ ગએ તેહૂ જૂં ॥
અવતાર મન્વંતર સંબંધિ સદા હોત હે સોઈ જૂં,
સો બ્રહ્મ નારદ સંવાદસેં પ્રથમહી ભએ કોઈ કોઈ જૂં ।
કિતનેક તા પિછે ભએ કિતનેક રહે તેહિ કાલ જૂં,
ઈમિ સબહિ મન્વંતર વિષે અવતાર ધરત દયાલ જૂં ॥
ધન્વંતરિ અરુ પરશુરામ એ પ્રભુકે પ્રગટ દોય જૂં,
સંવાદ ભયો તેહિ સમયમહિં વર્તત રહે ભુવિ સોય જૂં ।
ત્યૂંહિ રામચંદ્રકે આદિ હરિ અવતાર હોવન હાર જૂં,
સંવાદકે પિછે ભએ કિયો ભવિષ્ય તાસ ઉચ્ચાર જૂં ॥
**દોહા** - ભૂત ભવિષ્ય વર્તમાનમેં, જો જો હરિ અવતાર ।
એહિ અધ્યાયમેં સબ કહે, ગુનપરાક્રમ શ્રુતિસાર ॥
**સોરઠા** - એહિવિધ હરિ અવતાર, સોઈ સદા સંસૃતિ હરત ।
પતિત કરન ભવપાર, જુગજુગ જન્મકું ધરત પ્રભુ ॥૩૮॥

## ચોપાઇ

યું શ્રીકૃષ્ણ ભગવાન ઉદારા, કહેઉ તાસ નિર્ગુણ અવતારા ।
અબ યહ જક્તકી ઉત્પતિ જોઇ, તેહિ વિધિ સ્થિતિ રું પ્રલય હિત સોઈ ॥
વાસુદેવ ભગવાનકિ ભારી, યોગમાયા અતિશે વિસ્તારી ।
તિનકે ગુનસેં ઉદય ભઇ જેઉ, પ્રભુકિ વિભૂતિ કહત હે તેઉ ॥
હે નારદ યહ જક્ત હે જેહા, તાસ સર્ગમહી મુખ્ય હે એહા ।
તપ અરુ મેં મરીચ્યાદિક જેહૂ, નવ જો પ્રજાપતિ સ્રષ્ટા તેહૂ ॥
તેહી વિધિ યહ જગકી સ્થિતિ કાજા, ધર્મ વિષ્ણુ મનુ દેવ રુ રાજા ।

જક્ત પ્રલય હિત અધર્મ એહિ, શિવ રુ સર્પ અસુરાદિક તેહિ ॥
**દોહા** - અનંત શક્તિ ધરત સદા, વાસુદેવ ભગવાન ।
તેહિ માયાકી વિભૂતિ સબ, બરનિ પરમ સુજાન ॥
**સોરઠા** - હરિકી માયા જેહૂ, તાહિકે ગુનસેં હોત સબ ।
સગુન વિભૂતિ તેહૂ, જગકો ઉદય સ્થિતિ લય કરત ॥૩૯॥

## ચોપાઇ

વાસુદેવ ભગવાન હે જેહા, નિર્ગુન તેહિ અવતાર હે તેહા ।
ત્યુંહિ અવતાર ચરિત્ર હે જોઈ, હરિ માયાકી વિભૂતિ સોઈ ॥
એહિ સબ અતિ સંક્ષેપસેં તાતા, કહેઉ તોય અતિ જગવિખ્યાતા ।
કરી વિસ્તાર સબહિ વિધિ સોઉ, કહતકું સમર્થ હોત ન કોઉ ॥
હે નારદ ભુવ રજકણ સબહી, બુદ્ધિમાન ગિન ડારે કબહી ।
એસો વિચક્ષણ પુરુષ હે જેહૂ, વિષ્ણુ વીર્ય ગિન શકત ન તેહૂ ॥
વાસુદેવ વિષ્ણુ ભગવાના, તેહી સામર્થિકો નાંહી પ્રમાના ।
તાતે તેહિ ગિન શકત ન કોઈ, અતિ અપાર લખિ મન ભંગ હોઈ ॥
સોઈ વિષ્ણુ ભએ વામનરૂપા, તીન પાઉ ભરે પરમ અનૂપા ।
તબ નિજ ચરણકો વેગ હે જેઉ, કાહુંસેં રોક્યો જાત ન તેઉ ॥
એસો આપકો ચરન હે જેહિ, અતિશે ઉર્ધ્વ ઉઠાયો તેહી ।
**દોહા** - સો વામનકો ચરન તબ, બ્રહ્મસદન લગ્યો જાય ।
અષ્ટાવરણ માયા સહિત, વેગસેં દિયે હે કંપાય ॥
એસે વિષ્ણુ અતિ પ્રબલ, વાસુદેવ ભગવંત ।
તેહિ પરાક્રમ સબ ગિનનકું, કોઉ ન શકય બુદ્ધિવંત ॥
**સોરઠા** - ગુનગન જાસ અપાર, નિગમ બખાનત નેતિ કહી ।
સોઈ હરિકે અવતાર, ગુન પરાક્રમ અતિશે અનંત ॥૪૦॥

## ચોપાઇ

સુનુ નારદ જેહી ચરિત્ર અનંતા, એસે વાસુદેવ ભગવંતા ।
જગ ઉત્પત્તિ અરુ સ્થિતિ લયરૂપા, તાસ યોગમાયા હે અનૂપા ॥
સો માયાકે બલકો પારા, મેં નહિ જાનું એહિ નિરધારા ।
તુમસેં બડ સનકાદિક જેહૂ, ત્યુંહિ શિવાદિક મુનિ હે તેહૂ ॥

હરિમાયાબલ અનંત જાને, તાતે સબહિ હરિસેવા ઠાને ।
તબ તિનસેં પિછે ભએ જેહા, કહાંસે જાનિ સકતા હે તેહા ॥
હે મુનિ બહુત કહે કહા હોઈ, આદિદેવ સહસ્રાનન સોઈ ।
**દોહા** - વાસુદેવ ભગવાનકે, નિત્ય નૌતમ અવતાર ।
શેષ સહસ્રમુખ તેહિ ચરિત્ર, નિશદિન ગાત ઉદાર ॥
**સોરઠા** - તદપિ અબલુ સોઈ, પાર ન પાવત સહસ્રમુખ ।
હરિગુન અગણિત હોઈ, તાતે શેષાદિક થકત ॥૪૧॥

## ચોપાઇ

વાસુદેવ ભગવાન હે જોઉ, તાસ અનુગ્રહ બિન નર કોઉ ।
ભવ બ્રહ્માદિક જેસે જેહૂ, હરિ માયાબલ લખત ન તેહૂ ॥
યહ જગ ઉત્પત્તિ સ્થિતિ લયરૂપા, પ્રભુકિ યોગમાયા હે અનૂપા ।
તેહિ બલકો કોઉ પાર ન પાવે, હરિ કરુણા બિન તરિહું ન જાવે ॥
એહિ વિધ પ્રથમ કહી સબ બાતા, અબ હરિકૃપા કહત સાક્ષાતા ।
વાસુદેવ ભગવાન હે જોઈ, જાપર તાસ અનુગ્રહ હોઈ ॥
સો હરિમાયા તરત હે સંતા, પારહું પાવત હે બુદ્ધિવંતા ।
અજ નારદકું કહત હિત લાઈ, સુનુ મુનિકથા પરમ સુખદાઈ ॥
જાકો મહિમા અનંત અપારા, એસે શ્રીપતિ પરમ ઉદારા ।
જાપર રિઝત હે પ્રભુ એહિ, અતિનિષ્કપટ ભાવસેં તેહી ॥
મન કર્મ વચનસેં દૃઢ મતિ ધારી, પ્રભુપદ આશ્રિત હોવત ભારી ।
સો અતિ દુસ્તર દેવકી માયા, તેહિ અતિ તરત હોત મન ભાયા ॥
**દોહા** - પ્રભુકિ યોગમાયા પ્રબલ, તેહિ એશ્વર્ય બલ જેહૂ ।
દૃઢ હરિ આશ્રિત ભક્તજન, સબવિધ જાનત તેહૂ ॥
શ્વાન શૃગાલકો ભક્ષ તન, તિનમહિ અહં મમ જોઈ ।
એસે ભક્તકી બુદ્ધિમહિ, કબહુ ન વર્તત સોઈ ॥
**સોરઠા** - એહિવિધિ દૃઢ હરિદાસ, સોઈ પ્રભુકી માયા તરત ।
પ્રભુ બિન સબસેં ઉદાસ, એહિ હરિમાયાકું લખત ॥૪૨॥

## ચોપાઇ

હરિમાયાકું તરી રહે જેહા, ત્યુંહિ માયા જાનત કહે તેહા ।
તિનકે નામ કહું તોય તાતા, જો સબ શાસ્ત્રમેં અતિ વિખ્યાતા ॥

હે નારદ પુરુષોત્તમ દેવા, વાસુદેવ પ્રભુ અનંત અભેવા ।
તિનકિ યોગમાયા હે જેહૂ, સબવિધિ મેં જાનત હું તેહૂં ॥
તુમ અરુ સનકાદિક હે જોઈ, મરીચ્યાદિક જાનત હો સોઈ ।
અતિ સમર્થ શંકર હે જેઉ, હરિમાયા જાનત હે તેઉ ॥
સ્વાયંભુવ મનુ અરુ તેહી નારી, શતરુપા હરિભક્ત હે ભારી ।
જન પ્રહ્લાદ રું મનુસુત દોઉ, ઉત્તાનપાદ રું પ્રિયવ્રત સોઉ ॥
દેવહૂતિ આકૂતિ પ્રસૂતિ, એ સબ જાનત પ્રભુકિ વિભૂતિ ।
**દોહા** - અંગ નૃપતિ અરુ ઋભુ ઋષિ, પ્રાચીનબર્હિ નરેશ ।
ધ્રુવ જુત સબ ભગવાનકી, માયા જાને અશેષ ॥૪૩॥

### ચોપાઇ

ઈક્ષ્વાકુ અરુ ઐલ જો રાજા, ત્યું મુચકુંદ નૃપતિ શિરતાજા ।
ગાધિ નૃપતિ અરુ જનક વિદેહી, રઘુ અરુ અંબરીષ નૃપ તેહી ॥
ગય રાજા અરુ સગર નૃપાલા, નૃપ યયાતિ ગુણ બુદ્ધિ વિશાલા ।
ઈત્યાદિક નરેશ સબ જેહૂ, હરિ માયબલ જાનત તેહૂ ॥
માંધાતા અલર્ક નૃપ જેઉ, શતધનુ રંતિદેવ નૃપ તેઉ ।
ભીષ્મપિતા હરિભક્ત ઉદારા, બલિરાજા ઉર વિમલ વિચારા ॥
ત્યું અમૂર્તરય નૃપતિ જેહા, નૃપ દિલીપ હરિભક્ત હે તેહા ।
**દોહા** - ઈતને સબ નૃપતિ ગિને, અતિ દ્રઢ હરિજન એહી ।
પ્રભુકી યોગમાયા પ્રબલ, સબવિધિ જાનત તેહિ ॥૪૪॥

### ચોપાઇ

ઋષિ સૌભરી ઉત્તંક ઋષિ ભારી, દેવ ઋષિ અતિશે અવિકારી ।
પિપ્પલાદ ઋષિ અરુ શિબી રાજા, ઉદ્ધવસ્વામી ભક્ત શિરતાજા ॥
કૃપાચાર્ય ઋષિ પરમ સુધીરા, ઋષિ પરાશર ગુણગંભીરા ।
ભૂરિષેણ રાજા જૂત જોઈ, સબ હરિમાયા જાનત સોઈ ॥
ત્યુંહિ વિભીષણ અરુ હનુમાના, શુકયોગી હરિભક્ત સુજાના ।
પાંડવ પાંચ અચલ હરિદાસા, આર્ષ્ટિષેણ કિયો પ્રભુપદવાસા ॥
વિદુરજિ પ્રભુ બિન સબસેં ઉદાસી, ત્યું શ્રુતદેવ વિપ્ર ગુનરાશી ।
**દોહા** - ઈન આદિક હરિભક્ત સબ, અચલમતિ જૂત જોઈ ।
પ્રભુકી યોગમાયા પ્રબલ, સુખહીસે જાનત સોઈ ॥૪૫॥

## ચોપાઇ

અબ ઈહાં બહુત કહે કહા હોઈ, સત્પુરુષનકો સંગ કરે જોઈ ।
સોહિ હરિમાયા તરહિ રું જાને, એહિ વિધિ કહત હે અજ હરખાને ॥
સુનુ મુનિ પ્રભુપદપંકજ જેહૂ, અતિ અદ્‌ભુત ગતિ ચલતહે તેહૂ ।
એસે વાસુદેવ ભગવંતા, તાસ અનન્ય આશ્રય જુત સંતા ॥
તેહી આચરણ તેહી શિક્ષા જેહા, તિનમેં રહન શ્રદ્ધાજુત તેહા ।
એસે જો હોવત હે જંતા, વનિતા શૂદ્રકે આદિ અનંતા ॥
હૂણ શબર દોઉ ભિલ્લકી જાતિ, પશુસમ પાપી જીવ પશુઘાતી ।
સોઈ હરિમાયા તરુરને હારા, સોઈ હોવત હરિભક્ત ઉદારા ॥
પ્રભુકી યોગમાયા હે જેઉ, સબહી ભાતિ જાનતા હે તેઉ ।
**દોહા** - તબ જ્ઞાન સંતકે મુખ સુન્યો, વાસુદેવકો રૂપ ।
તાહિમેં મન ધારણ કિયો, સો હરિભક્ત અનૂપ ॥
**સોરઠા** - એસે હરિજન જેહૂ, સો હરિકી માયા તરત ।
જાનત સબવિધ તેહૂ, તિનમહિ કહા કહેનો અધિક ॥૪૬॥

## ચોપાઇ

અબ માયાકું તરિકે જંતા, વાસુદેવ ભગવાન અનંતા ।
તિનકે ધામકું પાવત પ્રાની, તાસ સ્વરૂપ કહત સુખદાની ॥
હે નારદ મહામુનિવર જેહા, જિનકું બ્રહ્મ ઈમિ જાનત તેહા ।
પુરુષોત્તમ પરબ્રહ્મ અઘારિ, વાસુદેવ વિષ્ણુ સુખકારી ॥
તિનકો ધામ સોઈ બહુસ્વરૂપા, નિત્ય પ્રશાંત ભયરહિત અનૂપા ।
જ્ઞાનહિ માત્ર સ્વરુપ હે જાકો, શુદ્ધ હિ રહન સ્વભાવ હે તાકો ॥
માયા અરુ માયિક ગુન જેહૂ, તિન કિયે ભેદ રહિત હે એહૂ ।
પ્રકૃતિ પુરુષસેં પર સોઈ ધામા, આત્મતત્ત્વ ઈનકો હી નામા ॥
સર્વાત્મા સબકે આધારા, શબ્દાતીત સો ધામ અપારા ।
તાસ યથારથ રૂપ હે જોઈ, વચનસેં કહ્યો જાત નહિ સોઈ ॥
**દોહા** - મહદાદિક ચોવિસ મીલ, કિયો હે બ્રહ્માંડકું જેહુ ।
સો યહ અક્ષર ધામમેં, કબહુ સત્ય નહી તેહૂ ॥
સનમુખ ઠાઢિ હોન હીત, માયા સમર્થ નાંહી ।
લજ્જિત પ્રકૃતિ દૂરહિ રહે, સોઈ હરિધામ કહાંહી ॥

### ચોપાઇ

પ્રભુકો ધામ સદા સુખરૂપા, શોકસેં રહિત સો પરમ અનૂપા ।
જતનકે કરનહાર જો સંતા, સો અપને મનકું બુદ્ધિવંતા ॥
બ્રહ્મરૂપ હરિધામકે માંહી, સ્થિર કરીકે અન્ય ઈચ્છત નાંહી ।
અપને જીવકું બ્રહ્મકે સંગા, એકભાવ જો કરત અભંગા ॥
એસે શ્રવણ મનનાદિક જેહા, સોઉ સાધન ત્યાગ કરત તેહા ।
બ્રહ્મરૂપ વર્તત હે એહી, તિલભર સંશય રહત ન તેહી ॥
જો નર પ્રથમ દરિદ્રી હોઈ, હરિ ઈચ્છાસેં ઈંદ્ર ભયો સોઈ ।
જલકી વૃષ્ટિ કરિકે સુખકારી, સબ જીવનકું તૃપ્ત કરે ભારી ॥
એસો સમર્થ હોત હે જેહૂ, પ્રથમ દરિદ્રપને મહી તેહૂ ।
જલહિત કૂપ રું વાપી જેઉ, તેહિ ખોદનકે સાધન તેઉ ॥
પ્રબલ કુદાર પાવરા જોઉ, સબવિધિ ત્યાગ કરત હે સોઉ ।
**દોહા** - તેહિ વિધિ શુભમતિ સંતસો, બ્રહ્મવિષે મન ધારી ।
શ્રવણ મનન આદિક સબે, સાધન દેવત ડારિ ॥
**સોરઠા** - બ્રહ્મરુપ હરિ ધામ, હરિ હરિજન તિનમહિ રહત ।
ત્યું બ્રહ્મપુર તેહી નામ, અક્ષર વૈકુંઠ તેહી કહત ॥૪૭॥૪૮॥

### ચોપાઇ

હે નારદ સો બ્રહ્મસ્વરૂપા, જાકો ધામ હે પરમ અનૂપા ।
એસે વાસુદેવ ભગવંતા, સબહીકે અન્તર્યામી અનંતા ॥
સાક્ષિરૂપસેં સોઈ ઉદારા, સબકું કર્મફલકે દેનારા ।
મહત્તત્વાદિક તત્ત્વ હે જોઈ, સબ મિલિકે ચોવીસ હે સોઈ ॥
તેહી પરિણામસેં ઉપજ્યો જેહુ, કાયરૂપ બ્રહ્માંડ હે એહૂ ॥
તિનકી ઉત્પત્તિ સ્થિત લય જેહા, વાસુદેવસેં હોવત તેહા ।
અજ અવતારી પુરુષ હે જેહી, વાસુદેવ ભગવાન હે તેહી ॥
નભ જિમિ અતિ નિર્લેપ હે જેઉ, અંતર્યામી રૂપસેં તેઉ ।
**દોહા** - સબહી જીવ અરુ ઈશકે, દેહમેં રહત હે સોય ।
તદપિ દેહકે નાશસેં, આપકો નાશ ન હોય ॥૪૯॥

### ચોપાઇ

સુનહું તાત એહિવિધિ કરતારા, સબ અવતારકે ધારનહારા ।
સો અવતારકું ધરિકે મુરારી, દિવ્ય અલૌકિક ભવભયહારી ॥
એસે ચરિત્ર કરત અભિરામા, બ્રહ્મરૂપ હે જિનકો ધામા ।
વિશ્વકી ઉત્પત્તિ સ્થિતિ લય જેહૂ, તિનકે કરનહાર હે એહૂ ॥
એસે વાસુદેવ ભગવાના, તોય સંક્ષેપસેં કહેઉ સુજાના ।
સુનુ મુનિ બહુત કહે કહા હોઈ, જડ ચૈતન્યકે રૂપ જગ જોઈ ।
સબહિકિ ઉત્પત્તિ સ્થિતિ લય જેઉ, વાસુદેવ પ્રભુ કરત હે તેઉ ॥૫૦॥

હે નારદ સુનુ વચન હમારા, વાસુદેવ પ્રભુકે અવતારા ।
તિનકે ચરિત્ર સંબંધિ ભારી, સબહી કથા તોય કહી સુખકારી ।
યાકો નામ ભાગવત પુરાના, હરિ અવતારચરિત્ર ગુનગાના ॥
**દોહા** - વાસુદેવ ભગવાન મોય, કહ્યો કૃપા કરી જેહૂ ।
મેં તુમકું સબવિધિ, બરનિ સુનાયો તેહૂ ॥
**સોરઠા** - વાસુદેવ ભગવાન, તેહિ એશ્વર્ય વિભૂતિ સબ ।
કહી સંક્ષેપ સુજાન, તેહી વિસ્તારહું અતિ અધિક ॥૫૧॥

### ચોપાઇ

હે નારદ સર્વાત્મા જેઉ, સબહિકે આધાર હે તેઉ ।
સંકટ હરનેહાર અનંતા, એસે વાસુદેવ ભગવંતા ॥
તિનમહિ જેહી વર્ણનસેં ભારી, મનુષ્યકું ભક્તિ હોય અઘહારી ।
એહિવિધિ રાખિકે વિમલ વિચારા, શ્રીમદ્ભાગવત સબ શ્રુતિ સારા ।
ઈનકો વર્ણન કરહું ઉદારા, જેહિ સુનિ હોઈ પતિત ભવપારા ॥૫૨॥

સુનુ મુનિ અતિ સમર્થ સબ જાના, એસે વાસુદેવ ભગવાના ।
તિનકિ યોગમાયા હે જેહા, વિધિ હરિ હરકે રૂપસેં તેહા ।
વિશ્વકી ઉત્ત્પત્તિ સ્થિતિ લય કરહી, પ્રબલ ચરિત્ર સદા વિસ્તરહી ।
તાસ વરાહાદિક અવતારા, અનંત જીવકો કરન ઉદ્ધારા ।
ભૂમિ ઉદ્ધારણાદિક હે જેહૂ, સબહી ચરિત્ર મોક્ષપ્રદ તેહી ।
સો ચરિત્ર વર્ણન કરે જેહૂ, સુનિકે આનંદ પાવત તેહૂ ।
શ્રદ્ધાસેં સુનત હે નિત્યપ્રતિ જોઈ, હરિમાયાસેં મુઝાત ન સોઈ ॥

**દોહા** - વાસુદેવ ભગવાનકે, ગુનમેં પ્રીતિ જુત જોઈ ।
યોગ્ય અયોગ્ય ચરિત્રમેં, મોહ ન પાવત સોઈ ।
તેહી કારન એહિ ચરિત્રકો, કરિકે અતિ વિસ્તાર ।
તુમ અતિશેં વર્ણન કરો, જાનિકે પર ઉપકાર ।
યું અજ નારદ કું કહે, હરિ અવતાર ચરિત્ર ।
કહત સુનત આનંદપ્રદ, હરિગુન કથા વિચિત્ર ।
એહિ અવતાર ચરિત્રકો, પાઠ કરત નિત્ય જેહૂ ।
જરત પાપકે પુંજ સબ, લહત પરમ પદ તેહૂ ।
હરિ અવતાર ચરિત્રકું, કહત સુનત બુદ્ધિવંત ।
અધિક વિમલ મતિ હોત હે, રીઝત શ્રીભગવંત ॥
**સોરઠા** - વાસુદેવ ભગવાન, તેહી અવતાર ચરિત્ર સબ ।
પ્રેમસેં સુનત સુજાન, તાસ સબહી સંકટ ટરત ॥
**દોહા** - યહ અવતાર ચરિત્રકું, કહત સુનત હરિદાસ ।
મુક્તાનંદકો નાથ તેહી, ઉરમહિ કરત નિવાસ ॥૫૩॥

ઈતિ શ્રીમદ્‌ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં
દ્વિતીયસ્કન્ધે બ્રહ્મનારદસંવાદે મુક્તાનંદમુનિવિરચિતા
શ્રીવાસુદેવાવતાર ચરિત્રટીકા સંપૂર્ણા ॥



॥વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

## મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

# મુકુંદબાવની

### છપય

એહિ મંગલાચરન હરન મદ મોહ અપારા,
શ્રી ગોવિંદકો ધ્યાન ધરત ઉર કરત ઉજારા ।
તેહિ પ્રકાશમહિ દાસભક્તિ મહિમા દરસાયો,
ધર્મભક્તિ ભગવંત સબે મમ ઉરમહિ આયો ।
અબ ઐસે અદ્ભુત રુપકું વારવાર વંદન કરું,
મુકુંદ મન વચ કર્મ કરિ યહ નિત્ય મંગલ આચરું ॥૧॥
ૐ નમો ૐકાર આદિ સચરાચર સ્વામી,
અધમ જનન ઉદ્ધાર કાજ પ્રગટે બહુનામી ।
સરવરીયા ગુણશ્રેષ્ઠ વિપ્રજ્ઞાતિ વપુ ધાર્યો,
અતિ અદ્ભુત કિએ ચરિત જક્ત જનકો અઘ ટાર્યો ।
જેહિ પાદશૌચ શિવ શિર ધરે તેહિ પદરજ વંદન કરું,
મુકુંદ સો પ્રભુ પ્રગટ મુનિ તિન ચરનમેં ચિત ધરું ॥૨॥
નરનારાયણ નાંઈ પ્રગટ જગ મહાવ્રત કિનો,
કલિકે મધ્ય કૃપાલ અભયપદ અધમનિ દિનો ।
ચરિત કિએ સમ સુધા ગ્રહત જન ગુનપર જાવે,
જેહિ સ્પરસે પદ ધુરિ બહુરિ ભવમેં નહિ આવે ।
શ્રી ધર્મપુત્ર પૂર્ણેંદુ જિમિ કરિ કરુણા ચરચા શ્રવે,
કો મુકુંદ અસ જીવ જડ જેહિ સુણતે નહિ ચિત દ્રવે ॥૩॥
મન મતંગ વશીકરન હરન હરન મદ મોહ ઉજાગર,
શરણાગત સુખખાનિ બિરુદ સદ્ગુનકે સાગર ।
ત્યાગ તેજ બલ પ્રબલ કહાંલગિ કહુ વખાનિ,
તુમ હો તુમસે નાથ ઓર ઉપમા જડ જાનિ ।

પ્રભુ મહંત માન માયા દમન શમન મુકુંદ સબ તાપકું,
શ્રીસહજાનંદ વદું સદા અનભે અખંડ અમાપકું ॥૪॥
શિશ સબનકે સોઈ ઈશ ઉર અંતરજામી,
એહિ મમ ઉર કરી અયન વયન બોલત બહુનામી ।
કરતા સો કવિ નામ શ્યામ ઈચ્છા અસ આઈ,
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય કહુ સતસંગ સહાઈ ।
શુક નારદાદિ પ્રહ્લાદ પુનિ સતસંગતિ હરિજન ભએ,
મકુંદ મન વચ કર્મ કરી જો સતસંગતિમેં રએ ॥૫॥
ધન્ય ધન્ય જો જન શોધિ સતસંગતિ આયો,
તીરથ વ્રત જપ જોગ સબનકો ફલ સો પાયો ।
કિયો વચનમેં વાસ ભયો તેહિ બેહદ વાસા,
હરિ હરિજન રસરૂપ તહાં પ્રગટ પ્રકાસા ।
જેહિ મન વચન પર વેદ કહે તેહિ સુખમેં સંતત રહે,
મુકુંદ જો સતસંગકો મહિમા કો મુખસેં કહે ॥૬॥
અનાયાસ ભવ તરે શરણ સદ્‌ગુરુકે આવે,
સદ્‌ગુરુ બિન સુખ નહિ અવિદ્યા અતિ ભરમાવે ।
આવરણ અરુ વિક્ષેપશક્તિ હે સો માયાકિ,
તાકે પંચ પ્રવાહ પ્રબલ ધારા પુનિ વાકી ।
તહાં વહે નિરંતર મોહવશ દેવ દનુજ નર સબ ગએ,
મુકુંદ સો નહિ વહત જીન ગુરુ ગોવિંદ માહાત્મ્ય લએ ॥૭॥
આગ્ય લગિ ચહુ ઓર અવિદ્યાકિ અતિ ભારી,
અધો ઊર્ધ્વ અરુ મધ્ય દશો દિશ ભુજા પસારી ।
વિષય ભોગ વિલાસ કર્મિકો કર્મ દઢાયો,
કવિ ગુનિ પંડિત જાણતાહિલે તહાં ડુબાયો ।
તેહિ વાકજાલ ડારિ વિકટ નરનારી આવૃત કિયે,
મુકુંદ મદ મત્સર લગ્યો યું માયા બશ કર લિએ ॥૮॥
ઈન માયાકું તરન કરત નર કોટિ ઉપાઈ,
સિત ઘામ સહિ કરે તપસ્યા બનફલ ખાઈ ।
કોઈક સાધે યોગ અષ્ટ અંગનિ કરી જોગી,
કોઈક ફિરે ઉદાસ વિષય પ્રપંચ વિયોગી ।
સદ્‌ગુરુ હિ વિના સાધન સકલ કિએ ન પાવે પારકું,
મુકુંદ સુખ પાવે સહિ સો પુનિ પુનિ સંસારકું ॥૯॥

ઈશ ઈંદ્ર અજ ધામ ગયે નર અતિ સુખ પાવે,
કાલ પાય પુનિ પડે અચલ ઉહાંબિ ન રહાવે ।
જનમ મરણ જન ધરે પ્રભુપદ જ્ઞાન ન જહાંલુ,
સ્વર્ગ મૃત્યુ પાતાલ લોકત્રય ભમે તહાંલું ।
પ્રભુસેવા બિન જો અજા તરન મહા દુસ્તર ભઈ,
મુકુંદ પ્રભુપદ સેવ જો ઉલટી દાસી હો રઈ ॥૧૦॥
ઉરમેં બેઠિ અજા કરત ઉદ્વેગ અનેકા,
કામ ક્રોધ મદ લોભ આદિ અતિશેં અવિવેકા ।
નામ રૂપ નહિ પ્રાય તાય લે સત્ય વિચારે,
અહર્નિશ વસિ ઉરમાંહિ દેહ તું શબ્દ ઉચ્ચારે ।
સાધક સિદ્ધ મુનિજન મિલિ રિદ્ધિ સિદ્ધિકું સાધત રહે,
મુકુંદ હરિરત સંત બિન કો માયા મિથ્યા કહે ॥૧૧॥
ઊન માયાકું તરન પ્રગટ યહ પોત ઉદારા,
શ્રીહરિ અરુ સતસંગ મિલત ભએ ભવજલ પારા ।
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય સતસંગતિસેં પાવે,
બડભાગિ સો જન શોધિ સતસંગતિ આવે ।
નિત્ય પ્રગટ રહે પર બ્રહ્મ જહાં દરશ સ્પરસ પાતક હરે,
મુકુંદ સો સતસંગકિ સાધન કો સમતા કરે ॥૧૨॥
એહિ તન ઈંદ્ર મુનીંદ્ર એહિ તન અમર કહાવે
એહિ તન સાધે જોગસિદ્ધિ અણિમાદિક પાવે, ।
એહિ તન હોઈ હરિદાસ બહુરિ ભવમેં નહિ આવે
યહ ઐસો અદ્‌ભુત મનુષ્યતન અતિદુર્લભ પાયો અબે, ।
મુકુંદ મન કર્મ કરિ હરિ ભજ ત્યજ વ્યાધિ સબે ॥૧૩॥
અહિપતિ અજ શારદા કરત નરતન ગુન ગાના,
ભવસાગરકું તરન પોત દિનો ભગવાના ।
કરણધાર કરુણાનિધાન સદ્‌ગુરુ સુખદાતા,
કરુણાનિધિ કૃપા વિમલ યહ જાનહુ બાતા ।
અબ નહિ જો ભવસાગર તરે સો આતમઘાતિ સહી,
મુકુંદ મહિમા મનુષ્યતન કર બજાયકે કે' દહિ ॥૧૪॥

ઋગ સામ યજુ અરુ અથર્વનિ યહ બાત પ્રમાનિ,
નરતન કારણ વેદ પાત્ર યહ પુરા જાનિ ।
કર્મ ઉપાસન જ્ઞાનકાંડ ત્રય વેદ વખાને,
સો સબ નરતનસાધ્ય ઓર કોહુ નહિ જાને ।
શ્રુતિ સકલ શાસ્ત્ર ઈતિહાસકો તાન લગત નરતન વિષે,
મુકુંદ મોહવશ અંધ સબ ગુરુદષ્ટિ વિનના દિખે ॥૧૫॥
શૂન્ય સ્વપ્ન સંસાર તાહિ કરિ સત્ય વિચારે,
ભ્રર્મ કર્મ વસિ ભુર વૃથા નરદેહ બિગારે ।
યા તન કરિ હરિ લહે તાસ કરિ કર્મ ઉપાવે,
ઐસે મતિકે મંદ સુખ સ્વપ્ને નહિ પાવે ।
અતિ મોહજાલ આવૃત્ત મતિ નહિ પાવત હરિજ્ઞાનકું,
મુકુંદતબ હરિ મર્મ લહે ગ્રહે વચન તજિ માનકું ॥૧૬॥
કર વિચાર નર કોન કહે તું ક્યાંસે આયો,
અબ જાનો કહે કહાં ઈહા કોય સ્થિર ન રહાયો ।
જો તોકું ગમ નાહિ ખોજ સદ્ગુરુ સતસંગા,
વારવાર નહિ મિલે અનુપમ ઐસો અંગા ।
સબ બિન વિચાર વીતે દિના ચેત ચેત નર સાનમેં,
મુકુંદ મોહવશ અકડ હોય ક્યું સુતો અજ્ઞાનમેં ॥૧૭॥
ખલતા બઢી અપાર ભેખ ધરી જગ ભરમાવે,
કામ ક્રોધરત લોભ ભક્તિ ઉરમેં નહિ ભાવે ।
આપે ભમ્ર્યો ભુર ઓરકું અતિ ભમ્રાવે,
દ્રવ્ય હરનકે હિત ગુરુ હોય જ્ઞાન બતાવે ।
યહ નરકપંથ તિનુ વિકટ ગીતામેં ગોવિંદ કહે,
મુકુંદ સો મગ ગુરુ ચલે શિષ્ય કહાં શાંતિ લહે ॥૧૮॥
ગગા ગુરુ સો જાન સાનમેં શ્યામ બતાવે,
કર્મ હરે દે જાન અવિદ્યા ઉરસેં જાવે ।
દેહ ઈંદ્રિ મન માન સત્ય સ્વપ્ને નહિ ભાસે,
કિયે વચનમેં વાસ એક ઉર હરિ પ્રકાસે ।
મન સકલ શોક સંશય સમે રમે નિરંતર રામમેં,
મુકુંદ સો સદ્ગુરુ વિના કો પહોંચાવે ધામમેં ॥૧૯॥
ઘર ઘર સો ગુરુ નાંહિ એક હે ગુરુ અવિનાશી,

નિગમાગમ પ્રતિપાદ્ય જ્ઞાનધન મહાસુખરાશી ।
સ્વાર્થ નહિ લવલેશ પરમ પરમાર્થરૂપં,
કરત સુખદ ઉપદેશ શ્રુતિ કહે અગમ અનુપં ।
નર ઐસે ગુરુ વિન જ્ઞાનકું કોહુ ન પાવે મનમુખી,
મુકુંદ સદ્‌ગુરુ સેવ સો સદ્ય હોત સો જન સુખી ॥૨૦॥
ગમ નહિ નરનાર ભ્રમવશ સકલ ભુલાને,
મિલે જો ઠગ મગમાંહિ મિત્ર કરિ તાકું માને ।
કહે હમ તુમરે શરન વેહિ ધન હરન વિચારે,
દગાબાજ બે દર્દ ગરે મત ફાંસિ ડારે ।
સબ અંધ અંધ પિછે ચલે કૂપ કરે કે પચિ મરે,
મુકુંદ મોહ નિશિમેં સકલ સદ્‌ગુરુ બિન ભટકત ફિરે ॥૨૧॥
ચલ ન શકે ડગ એક કહે મેં ફિરું બ્રહ્માંડા,
અપનિ ઉડે ન માંખ કહત તોડું નવ ખંડા ।
ત્યું ગુરુકું નહિ ઠોર ફિરે માયાકા પ્રેરા,
સરવસ હમકું દેકું મિટાઉં ભવજલ ફેરા ।
બિન રહસ્ય મુખ કથનિ કથે જરત રહે ત્રય તાપમેં
મુકુંદ સદગુરૂ બિન હરિ કોન જપાવે જાપમેં ॥૨૨॥
છલ બલ હ્દે અપાર બાહ્ય બગધ્યાન લગાવે,
દ્રવ્ય હરનકે હિત સાહ સો ઠગ બનિ આવે ।
મણિધર જ્યું લે ધરે શબ્દ મણિ કરે ઉજારા,
તેહિ પ્રકાશકે જોગ મિલે તેહિ અહનિશ આહારા ।
તબ તિન લગે દષ્ટાંત તેહિ જ્ઞાન વિના જો ગુરુ ભએ,
મુકુંદ સદ્‌ગુરુ સંત બિન જન્મ વિગોવત તે ગએ ॥૨૩॥
જરો જો જીવન તાસ રામરતન હિં ધરિ ભેષા,
દામ ચામ પર હેત હ્દે હરિજનસું દ્વેષા ।
ઉરમેં તૃષ્ણા અધિક સદા ધન ધામ સવારે,
યહ કલિયુગકો રૂપ પ્રગટ કહિ વેદ પુકારે ।
જો જ્ઞાન ધ્યાન રત ચહત સો કામ ક્રોધ આશ્રિત ભએ,
મુકુંદ કલિ કૌતુક નિરખી સદ્‌ગુરુકે શરને ગએ ॥૨૪॥
ઝરત રહે દિન રેન અસંભવ શબ્દ અખંડા,

તેહિ નાદ ઝણકાર પુરિ રહ્યો પિંડ બ્રહ્માંડા ।
ખટ ચક્રનકે મધ્ય છસે અરુ સહસ્ર એકીસા,
શબ્દબ્રહ્મ સો સુને મિલે જેહિ ગુરુ જગદીશા ।
હે જીવરુપ ગુરુ જગ ઘને બેહદ ગતિ વાકિ નહિ,
મુકુંદ મનવશ જીવ સબ યહ સુખ બિન માયામહિ ।।૨૫।।
જિન સુખકો અધિકાર કહું અબ લક્ષણ તાકે,
એકાદશ સાધન સહિત અચલ ઇંદ્રિય મન જાકે ।
સાચે સદ્ગુરુ શોધિ મિલે તબ તન મન દેવે,
કરે બચનમેં વાસ આશ તજિ સબ વિધિ સેવે ।
કરિ શ્રવન મનન અધ્યાય દ્રઢ હરિસેવા હારદ લહે,
મુકુંદ સો સાક્ષાત હે સબહિ વ્યાધિ ઉરસેં દહે ।।૨૬।।
ટરત નહિ યહ લક્ષ દક્ષ દિલ ભયો અભંગા,
કરેકોન અબ આડ જિહાં નહિ કુમતિ પ્રસંગા ।
દિવ્ય રુ માનુષ એકરૂપ કરિકે દ્રઢ ચિના,
અલખ લખ્યા સાક્ષાત ભઈ યહ બાત નવીના ।
અતિ ધ્યેયસું ધ્યાતા લગિ રહ્યો સહજ અંગ આયો જબે,
મુકુંદ ગુરુકિ મોંજસેં સુખ અખંડ પાયો અબે ।।૨૭।।
ઠર ન સકે યહ લક્ષ ભક્તિ બિન બ્રહ્મા આદિ,
ભક્તિવશ ભગવાન અચલ યહ રીત અનાદિ ।
કરે જો સાધન કોટિ તાસ કરિ રામ ન પાવે,
ભક્તિ કરત ભવસિંધુ વત્સપદવત હો જાવે ।
અબ ઐસિ અવિરલ ભક્તિ સો સંત સમાગમ પાઈએ,
મુકુંદ સો મહંતકે ગુન લક્ષણ અબ ગાઈએ ।।૨૮।।
ડર સબ દિનો ડારિ સારગ્રાહિ સુખરૂપા,
વરતન પંચ નિવાસ દાસ ગતિ અગમ અનુપા ।
સુખ દુઃખ સમ ભાવ મિત્ર શત્રુ નહિ માને,
નિંદા સ્તવન સમાન લાભ હાનિ સમ જાને ।
અષ્ટહિ સિદ્ધિ નવ નિધિકી આશ નહિ ઉર જાહિકે,
મુકુંદ સો મહંત જન વચન ગ્રહિજે તાહિકે ।।૨૯।।
ઢરિયે તાકે ઢાર નારી ધન નિપટ ઉદાસી,

તનસુખ તૃષ્ણા ત્યાગી મિટાઈ જિન મમતા ફાંસી ।
અનિકેત આનંદ જ્ઞાનમય અનુભવ અંગા,
સબ તીરથકો સદન ચરન જેહિ ચાહત ગંગા ।
જો બ્રહ્મવેત્તા સો બ્રહ્મ હે વેદ વચન ગીતા કહે,
મુકુંદ ઈન મહંતકે સંગ સદ્ય ભક્તિ લહે ॥૩૦॥
એમ નારાયણ વચન ગ્રહે સો બ્રહ્મસ્વરૂપા,
વચન વિના અતિ તુછ ભએ ત્રિભુવનકો ભૂપા ।
અલ્પ અકિંચન જંત વચનમેં બડ ગતિ પાવે,
હરિવચન પ્રતાપ શેષ શારદા ગુન ગાવે ।
શુક નારદાદિ સૂત આદિ જો વાલમિક બડતા લહિ,
મુકુંદ મહિમા વચનકે શતકોટી કીરત કહિ ॥૩૧॥
તપ તીર્થ વ્રત વચન વર્ણાશ્રમ ધર્મ,
વચન ભક્તિ વૈરાગ્ય જ્ઞાન ગુન વચનનિ પાવે, ।
જ્યું કુંજરકે ખોજ ઓર સબ ખોજ સમાવે
જન અકથ ઈશમહિમા લખે વચન નિવાસિ હોયકે, ।
મુકુંદ મોહવશ વચન તજી જાવે જન્મ વિગોયકે ॥૩૨॥
થર થર ધ્રુજત રહે વચનમેં ઈંદ્ર મુનીંદ્ર,
થર થર ધ્રુજત રહે વચનમેં અવની અહીંદ્ર ।
થર થર ધ્રુજત રહે વચનમેં શશિયર સૂર,
થર થર ધ્રુજત રહે રેનદિન કાલ હજૂર ।
હરિ હર હિ અજ આદિ સબે રહત ભક્તિરત જાહિકી,
મુકુંદ મોહવશ મૂઢ નર કરે ન આજ્ઞા તાહિકી ॥૩૩॥
દરદ દાહ ભય શોક રેનદિન રહે અપારા,
જરત રહે ત્રય તાપ કોહુ નહિ ટારનહારા ।
કાલ કર્મકી ફાંસિ ગહન ગતિ ગલ બિચડારી,
મર્કટ જુ મતિમંદ ફંદ આએ નરનારી ।
ઉર ઈશવચન નહિ અનુસરે ઐસે દુઃખ સહવે સહિ,
મુકુંદ લાત લાયક સો બાત નહિ માને કહિ ॥૩૪॥
ધરસેં કરે વિચાર બાત યું મનમેં ધારે,

હરિભક્તિ હે કઠિન કર્મ કહાં સુલભ હમારે ।
ભક્તિવશ ભગવાન કર્મસેં અધ ગતિ જાવે,
એસો કરે વિચાર ભક્તિ ઉરમેં તબ ભાવે ।
ઉર ઉભે ભ્રાંતિસેં ઈશકો ન્યાય વિચારે નર જબે,
મુકુંદ મમતા ત્યાગિકે હરિદાસ હોવે તબે ॥૩૫॥
નિઃસ્પૃહી નિષ્કામ લોભકી લહર ન લાગે
નિઃસ્વાદી નિર્માની પંચ વરતન દૃઢ પાળે, ।
વિષવેલી અહિવધુ કાલસમ નારી નિહાળે
અબ ઐસિ રેણિ જો રહે સાધુજન સાચે તબે, ।
મુકુંદ પાંચે વર્તકું વિગતિ સો બરનું અબે
પરમ ધર્મ યહ પ્રથમ પ્રીતિ સબસેં પરિત્યાગે, ॥૩૬॥
મધમાખી જ્યું હોય જીહાં કછુ લાલચ લાગે
ઋષભદેવકેપુત્ર ભરત જેહિ પ્રગટ પુરાના, ।
તિન જન્મ તેહી ધરે મૃગિમેં મન લોભાના
તેહિ દયા કરત દુબધ્યા ભઈ તો કામસ્નેહિ ક્યું તરે, ।
મુકુંદ યહ મર્મ લખિ નર નિઃસ્પૃહિ દૃઢ કરે ॥૩૭॥
ફરત રહે ભવ ફેર જાસ ઉર કામ કુબુદ્ધિ,
કરે જો સાધન કોટિ વ્યર્થ સબ લહે ન શુદ્ધિ ।
રવિમંડલ નહિ રેન રેન તિહાં ન રવિ પ્રકાસે,
રામ તહાં નહિ કામ કામ તહાં રામ ન ભાસે ।
હે નરકપંથ પ્રધાન યહ તાતે નારી ના ભજો,
મુકુંદ મન વચ કર્મ કરિ અષ્ટ અંગ મૈથુન તજો ॥૩૮॥
બન બન ઢુંઢત ફિરે જોગ ધરિ રિદ્ધિ રસાયન,
ઘર ઘરમેં યહ બાત નારી નર લોભપરાયન ।
જોબન ગત ગત કામ લોભ જબહુ નહિ જાવે,
મુએ સો ભાગે શ્રાદ્ધ સજિવત ક્યું સુખ પાવે ।
તેહિ બ્રહ્મરૂપ ગુરુ જબ મિલે તન ધન તૃણસમ પરહરે,
મુકુંદ યહ મગ નરકકો લોભ લાગી જનમેં મરે ॥૩૯॥
ભ્રમર કુરંગ મતંગ મીન જ્યું મરે પતંગા,

એક એકકે સ્વાદ તજ્યો તિન પ્રાન પ્રસંગા ।
નરતન પાંચુ પ્રબલ સકલકો રસના કારન,
વૃક્ષ મૂલ હે ડાર પાત કુલનિ વિસ્તારન ।
યહ અન્ય ઈંદ્રિ ત્યું વશ કિએ નાહિ જિતેંદ્રિય જાનિયે,
મુકુંદ જબ રસના જિતે સકલ વશ પરમાનિયે ॥૪૦॥
મમત અહંકે લાર અહં તહાં કામ ઉપાવે,
અહં ક્રોધકો રૂપ વ્યાધિ સબ યાતે આવે ।
સબ સાધન ફલ વ્યર્થ અહંતા જબ ઉર આઈ,
અહંકારકે ઓટ રહત હે શ્યામ છિપાઈ ।
સદ્‌ગુરુ શિષ્ય કો યાહિતે માન રિપુ મારે સહિ,
મુકુંદ ભક્તિ મર્મસું સંક્ષેપે સબહિ તહિ ॥૪૧॥
યહ સતસંગતિ સાર એહિ હરિભક્તિ કહાવે,
પાલે વરતન પંચ નામ નારાયણ ગાવે ।
ગુરુવચન વિશ્વાસ આશ મિથ્યા સબ ત્યાગે,
ભજે બ્રહ્મ નિષ્કામ મોક્ષ આદિ નહિ માગે ।
અર્ધ લવ નિમેષ હરિભજન તજિ તનકે ગુન નહિ ધરે,
મુકુંદ જીવનમુક્ત સો નાવરૂપ તારે તરે ॥૪૨॥
રહે રેન દિન રટન હૃદામેં હર્ષ અપારા,
શ્રીહરિચરણે ચિત્ત નિત્યપ્રતિ અધિક ઉજારા ।
કચ્છપ સેવે દૃષ્ટિ કુંઝ સુતા સો સેવે,
ગુરુ શિષ્ય સંજોગ યાહિ વિધિ દૈવત દેવે ।
રાહે ચિત્ત ચકોરકો ચંદસું આગ્ય અશન મુખમાં જરે,
મુકુંદ પોષક પીયૂષકો ચિત્તવૃત્તિ તામેં ધરે ॥૪૩॥
લગન રાહ હે કઠિન ચલે સો શૂર કહાવે,
તનકે સુખકો ચહે શિશ બિન રુંઢ રહાવે ।
ચૌદ લોકકે ભોગ કાકવિષ્ટા સમ જાને,
લોકલાજ મર્યાદ ચરનદાસી સમ માને ।
જબ તન મન ધન અરપન કીયો કહો કહા પિછે રહ્યો,
મુકુંદ જગ મિથ્યા ગને સત્ય સમરપન તિન લહ્યો ॥૪૪॥

વ્યગ્ર ચિત્ત નહિ હોય ભજન સુનુ સંત સુજાના,
દુબધા ખોબે દોએ જકત જ્યું સમજો સાના ।
મગન ભયે મસ્તાન સિંહ જ્યું સંત સુધીરા,
સુણે શબ્દકો નાદ ચલે તહાં સનમુખ વીરા ।
અતિ પ્રેમ મગન પરબ્રહ્મમેં અચલ વૃત્તિ હોવે સહિ,
મુકુંદ આતમ જાનિકે હરિકી ભક્તિ દઢ કર લહિ ॥૪૫॥
સમ દષ્ટિ સુખ દુઃખ જ્ઞાન જબ ગુરુસેં પાયો,
મોહ નિંદા સો મિટિ જકતભય મર્મ નસાયો ।
સુપને ભૂપ ભિખારી જગે જબ મિથ્યા જાને,
જ્ઞાન નેન જબ ખુલે આપ આતમ પહિચાને ।
સો દેહ ઇંદ્રિ મન પ્રાનકું આપ ન માને અબ કબે,
મુકુંદ મગન સ્વરૂપમેં જગત નહિ ભાસે તબે ॥૪૬॥
ષટ વિષયન સુખ ત્યાગ રાગ હરિચરન નિરંતર,
કામ ક્રોધ મદ લોભ કબહુ નહિ વ્યાપત અંતર ।
રમે નિરંતર રામમેં ધામ સુખ વામ પરહરે,
શ્રી નારાયણ નામ સદા મુખ ઉચ્ચરે ।
ધર્મ જ્ઞાન વૈરાગ્ય જુત શ્રીહરિકી ભક્તિ લહિ,
મુકુંદ ગુરુકી મોંજસેં અકથ કથા સમઝે સહિ ॥૪૭॥
સપ્ત લોક સુખ સત્ય કબુ સ્વપ્ને નહિ ભાસે,
શ્રીહરિભજન પ્રતાપ હૃદય અજ્ઞાન વિનાસે ।
સદસદ વ્યક્તિ વિવેક અતિ દઢ ઉરમેં આવે,
સતસંગતિ સદ્ગ્રંથ સદા તેહિ અતિશય ભાવે ।
સત્સંપ્રદાય સદ્ગ્રંથ જબ સુને સુનાવે ગાવહિ,
મુકુંદ મુક્ત હોવે તબે ફિર ભવમેં નહિ આવહિ ॥૪૮॥
હરિ હર અજ શારદા અજા અહિરાજ પ્રજંતા,
સબ સેવત જેહિ ચરન પ્રકૃતિપર સો ભગવંતા ।
એહિ અનુભવ એહિ જ્ઞાન એહિ સતસંગ સ્વરૂપં,
એહિ સદ્ગુરુ સાક્ષાત પ્રગટ પરબ્રહ્મ અનુપં ।
જેહિ વેદ વચન મન પર કહે નરનાટક ધરિ સો રમે,
મુકુંદ યહ ગુરુ મર્મ હે સમજે તબ વ્યાધિ સમે ॥૪૯॥
ક્ષેમ જોગકું કરન હરન અજ્ઞાન પતંગા,

જુગ જુગમેં જગદીશ અયોનિ જન્મ પ્રસંગા ।
ધરે રૂપ નિત્ય નિમિત્ત ચિત્ત શાંતિ ઉપજાવન,
ચરિત સકલ સુખ કરન પાપકે પુંજ નસાવન ।
કરુણા રસ સો કરિકે પ્રગટ સમતા તજિ મમતા કરે,
મુકુંદ સો સંવાદ સુનુ શરનાગત સોઈ ઉદ્ધરે ॥૫૦॥
તૃષિત હરે જલ તૃષા ગિરે તેહિ પ્રાન ગમાવે,
સિત ત્રાસ તમ હેર પરે તેહિ જયારિ સમાવે ।
શત્રુ મિત્ર સમ ભાવ કરે સો નિજ ફલ પાવે,
જલ પાવક જ્યું બ્રહ્મ નીતિ નહિ દુષણ આવે ।
હે યદપિ યું તદપિ હરિ ભક્તવશ્ય ભારત કહિ,
મુકુંદ નિજ પણ મેટિકેં ભીષણ પણ રાખ્યો સહિ ॥૫૧॥
જ્ઞપ્તિમાત્ર ગુનપાર સાર સો શ્રીહરિ રૂપા,
અગમ અથાહ અપાર સુગમ સો પ્રગટ સ્વરૂપા ।
જેસે અગ્નિ વરુણ સો રૂપ અરૂપી કહાવે,
રૂપ અરૂપી એક મર્મ કોઈ વિરલા પાવે ।
રૂપ અરૂપી દો નામ સો એકરૂપ કરિકે કહ્યો,
મુકુંદ અનુભવ એકતા ભર્મ ભૂત ઉરસેં ગયો ॥૫૨॥
રચિ બાવની રસિક જનન ચિત્ત ચાહ બઢાવન,
વિષયિકું વિષયરૂપ મોહ સંતાપ કઢાવન ।
જિજ્ઞાસુ જે સુને તાહિ હરિ હૃદે આવે,
સાધારણ જન સુને વિષય વૈરાગ્ય ઉપજાવે ।
ધર્મજ્ઞાન ભક્તિ વૈરાગ્ય જુત નરતન ધરિ સમુરે હરિ,
મુકુંદ મહા આનંદનિધિ તિન હિત યહ ભાષા કરિ ॥૫૩॥
સંવત અઠાર સુભગ ત્રેસઠે શ્રાવણ માસે,
શુક્લ પક્ષ શુભ દ્વિતીયા ગ્રંથ ગુરુ કિયો પ્રકાસ ।
સુને સુનાવે ગ્રહે અર્થ ઉર સો સુખ પાવે,
ભવસાગર નહિ ભમે કર્મવશ સો ન બંધાવે ।
અતિ અકથ કથા હે યાહિમેં સદ્ગુરુ બિન સમઝે નહિ,
મુકુંદ સદ્ગુરુ સંત જિહાં આદર કરિ રાખે તહિ ॥૫૪॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્યસદ્ગુરુશ્રીમુક્તાનંદમુનિકૃત
મુકુંદબાવની પરમપાવની બ્રહ્મવિદ્યા સંપૂર્ણા

॥वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

## મુક્તાનંદમહામુનિકૃત-કાવ્યસંગ્રહે-

# ધામવર્ણનચાતુરી

### ચાતુરી ॥૧॥

ભક્તિ ધર્મ સુત હરિ બહુનામીજી, પ્રગટરૂપ સહજાનંદસ્વામીજી ।
તેહના પદ પંકજસમ જેહજી, પ્રેમસહિત નિત્ય વંદુ તેહજી ॥૧॥
**ઢાળ-** પ્રેમસહિત શ્રીસ્વામિને, વંદુ તે વારમવાર ।
મહામંગલરૂપ અનુપ છે, હરે વિવિધ વિઘન વિકાર ॥૨॥
જે સહજાનંદસ્વામીએ, મહા ઘોર કળિમોઝાર ।
ધર્મ જ્ઞાન વૈરાગ્ય સોતિ, ભક્તિ સ્થાપિ ઉદાર ॥૩॥
જેને આશ્રિત સાધુ તે, કરી ધન ત્રિયાનો ત્યાગ ।
બ્રહ્મરૂપ થઈ ભક્તિ કરે, પ્રભુસંગ દૃઢ અનુરાગ ॥૪॥
ઋષભદેવના પુત્ર જે, જડભરત અતિ બુદ્ધિવંત ।
તેવી દશા સૌ પામિયા, જેહનિ કૃપાથી સંત ॥૫॥
એવા અધિક પ્રતાપી છે, શ્રીસ્વામિ અધમ ઉદ્ધાર ।
કહે દાસ મુક્તાનંદ તેહના, સામર્થ્યનો નહિ પાર ॥૬॥

### ચાતુરી ॥૨॥

ગૃહસુખ મધ્ય આસક્તિ ભારિજી, એવા તે અગણિત પુરુષ ને નારિજી ।
જેહને શરણ આવી તતકાળજી, શુભમતિ થાય તરુણ વૃદ્ધ બાળજી ॥૧॥
**ઢાળ** - શુભમતિ સહુ થાય છે, શ્રીસ્વામિકેરે પ્રતાપ ।
તેનાં ચિત્ત ચોટે શ્રીકૃષ્ણમાં, તેણે ટળે તે સઘળાં પાપ ॥૨॥
છતે દેહે સમાધિમાં, ગોલોક ધામ છે જેહ ।
તેને પ્રગટની પેરે જુવે, તેમાં તે નહિ સંદેહ ॥૩॥
દેહ તજી તે ધામને, પામે છે નર ત્રિય વૃંદ ।
એમ અનંત જીવ ઉદ્ધારવા, પ્રગટ્યા શ્રીસહજાનંદ ॥૪॥

નીલકંઠમુનિ નામ છે, હરિકૃષ્ણ જેહનું નામ ।
એવા મહા મનોહર મૂરતિ, શોભાનિધિ શ્રીઘનશ્યામ ॥૫॥
તે સ્વામિને ઈષ્ટ છે, ગોલોક ધામ ઉદાર ।
કહે દાસ મુક્તાનંદ તેહને, ગાઉં મતિ અનુસાર ॥૬॥

## ચાતુરી ॥૩॥

શ્રીપુરુષોત્તમ પુરણકામજી, અતિ શોભાનિધિ સુંદર શ્યામજી ।
શરણાગતને અતિ સુખકારિજી, કૃષ્ણ કૃપાનિધિ ભવભયહારિજી ॥૧॥
**ઢાળ** - ભવભયહારી શ્રીકૃષ્ણનું, ગોલોક ધામ અનુપ ।
માયાથી પર અતિ દિવ્ય છે, સુખદાયક તેહનું રૂપ ॥૨॥
અનંત કોટિ બ્રહ્માંડનો, આધાર ધામ એહ ।
તિયાં દિવ્ય ગોપી ગોપને, પ્રભુસંગ પ્રબળ સનેહ ॥૩॥
ધામની ચહું પાસમાં, વૃંદાવન અતિ શોભા ધરે ।
તિહાં દિવ્ય મોર ચકોર ચાત્રક, દિવ્ય વાણી ઉચ્ચરે ॥૪॥
દિવ્ય કુંજલતા બહુ, મંદાર તરુ છાયા ઘણી ।
બહુ કામધેનુ સમેત અતિશે, શોભા વૃંદાવન તણી ॥૫॥
એજ વૃંદાવનવિષે, વ્રજચંદ નિત્ય ક્રીડા કરે ।
કહે દાસ મુક્તાનંદ રસિયો, માનિનીયોનાં મન હરે ॥૬॥

## ચાતુરી ॥૪॥

ગઢસમ વૃંદાવનને બારજી, શતશૃંગ શૈલ ઉંચો અપારજી ।
તે ગિરિપર ચહું દિશ અભિરામજી, રાસમંડલ અતિ શોભાધામજી ॥૧॥
**ઢાળ** - રાસમંડળ છબિધામ છે, સંક્ષેપથી કહું તેહ ।
શુભ રમણ સ્થળ શ્રીકૃષ્ણનાં, અતિશે અનુપમ એહ ॥૨॥
રાસમંડળ એક એક તે, દશ જોજનમાં વિસ્તાર ।
તિહાં રસિક ગોપીસંગ રસિયો, કરે તે વિવિધ વિહાર ॥૩॥
રસિક પ્રભુ સંગ ગોપિકા, કરે અતિ મધુર સ્વર ગાન ।
વાજિંત્રને સંગ નૃત્યમાં, તોડે તે નૌત્તમ તાન ॥૪॥
વ્યાપિ રહિ સહુ રાસમાં, નૃત્ય ગીતની ધુનિ સાર ।
નૂપુર કંકણ કિંકિણિનો, થાય અતિ ઝણકાર ॥૫॥

અખંડ રાસ શ્રીકૃષ્ણના, તેની શોભા કહી નવ જાય ।
કહે દાસ મુક્તાનંદ કવિ સૌ, નિજમતિ સમ ગાય ॥૬॥

## ચાતુરી ॥૫॥

ગિરિ શતશૃંગને બહિર ભારિજી, વિરજા નામ નદી સુખકારિજી ।
શ્રીગોલકને પરિખારૂપજી, તેહના તટ મણિજડિત અનુપજી ॥૧॥
**ઢાળ** - મણિજડિત શુભ તટવિષે, બહુ ગોપ ગોપીવૃંદ ।
પ્રેમે કરે સૌ સ્નાન વિધિવત, પામે અતિ આનંદ ॥૨॥
શ્રીવિરજાના તટવિષે, પિયે નીર ધેનુ અપાર ।
બહુરંગ કમલ કુમોદનિ, વિકસી રહે એકતાર ॥૩॥
કનકકુંભે જળ ભરે, ગોપિ ને ગોપ અનંત ।
ગુણ ગાય સૌ શ્રીકૃષ્ણના, હરિભક્ત અતિ બુદ્ધિવંત ॥૪॥
વિરજાતટ શતશૃંગ છે, ગિરિ નિકટ વૃંદાવન ।
વનમધ્ય શ્રીગોલોક છે, તેમાં રહે તે હરિ હરિજન ॥૫॥
શોભા સર્વે ગોલોકની, કેતાં તે શેષ લજાય ।
કહે દાસ મુક્તાનંદ કવિજન, એક મુખે કેમ ગાય ॥૬॥

## ચાતુરી ॥૬॥

શ્રીગોલોકને ગોપુર ચ્યારજી, રાજમારગ પણ ચ્યાર ઉદારજી ।
તે મધ્ય હરિજનવૃંદ અપારજી, તેહનિ ભીડ્ય રહે એકતારજી ॥૧॥
**ઢાળ** - ભીડ્ય ઘણી મારગ વિષે, શ્રીકૃષ્ણ દર્શનકાજ ।
અતિ પ્રેમભર્યા સૌ જાય છે, કરમાં તે પૂજાસાજ ॥૨॥
રાજમારગમાં ગોપિકા, કરે કૃષ્ણના ગુણગાન ।
ઝણકાર કરિ ચાલે ઘણાં, માતંગ રથ વિમાન ॥૩॥
કૃષ્ણદર્શન કારણે, અગણિત અજ ભવ જાય ।
મારગવિષે અતિ પ્રેમમાં, શ્રીકૃષ્ણના ગુણ ગાય ॥૪॥
મારગની બે કોરમાં, બહુ હવેલી હરિજનતણી ।
તહાં વિવિધ રંગ વિચિત્ર મણિગણ, દિવ્ય શોભા અતિ ઘણી ॥૫॥
શ્રીગોલોકમાં ગોપિકા, સૌ રાધારમા સમાન ।
કહેદાસ મુક્તાનંદ પ્રેમશું, ભજે તે ભગવાન ॥૬॥

## ચાતુરી ॥૭॥

ધામ વિષે અગણિત નરનારીજી, દિવ્યરૂપ સહુ અતિ અવિકારીજી ।
ગોપિ ગોપનાં વૃંદ અપારજી, ઉર ન પરસ્પર કામ વિકારજી ॥૧॥
**ઢાળ** - કામવિકાર ન કોઈને, એવા નરત્રિયા હરિદાસ ।
તેજ વસે ગોલોકમાં, શ્રીકૃષ્ણ પ્રભુને પાસ ॥૨॥
ગોપિજનને શ્રીકૃષ્ણથી, શ્રીરાધાસમ સુખ જેહ ।
શ્રીકૃષ્ણને પતિ ભાવે સેવે, ભાગ્ય અતિ બડ તેહ ॥૩॥
શ્રીગોલોકને મધ્ય છે, સૌથી તે ઉંચું અપાર ।
મંદિર શ્રીરાધાકૃષ્ણનું, મહાતેજના અંબાર ॥૪॥
મંદિરને ચહું પાસમાં, ગઢ સોળ મણિ કંચન તણા ।
મહારત્ન મણિમય કાંગરા, રવિ ચન્દ્ર સમ શોભે ઘણા ॥૫॥
દુર્ગકેરા દ્વારની, શોભા તે કહી નવ જાય ।
કહે દાસ મુક્તાનંદ કવિજન, સંક્ષેપ કરિ ગાય ॥૬॥

## ચાતુરી ॥૮॥

દ્વાર દ્વાર પ્રતિ તોરણ છાજેજી, રત્નવેદિ બેઉ કોર બિરાજેજી ।
મંગલકલશ દ્વારપ્રતિ શોભેજી, વજ્રકપાટ નિરખી મન લોભેજી ॥૧॥
**ઢાળ** - મન લોભે હરિજનતણાં, નિરખતાં સુંદર દ્વાર ।
તિહાં દ્વારપાલ જે ગોપ અગણિત, પ્રેમી પરમ ઉદાર ॥૨॥
ગોપ ગોપી ચહું કોરથી, આવે તે દર્શનકાજ ।
જાય સોળ દ્વાર ઉલંઘિને, નિરખવા શ્રીમહારાજ ॥૩॥
એમ એ સોળે દ્વારમાં, રહે સુદામાદિક ગોપ ।
કર છડિ લઈ ચૌકિ કરે, હરિવચન ન કરે લોપ ॥૪॥
પ્રેમસહિત શ્રીકૃષ્ણની, એમ ગોપ સૌ સેવા કરે ।
રહે મગન મનગમતું તજિ, હરિવચનને સૌ અનુસરે ॥૫॥
ષોડશ દ્વાર ઉલંઘતાં, મધ્ય ચોક પંચરંગ મણિતણો ।
કહે મુક્તાનંદ અતિ દિવ્ય છે, વિસ્તાર તેહનો અતિઘણો ॥૬॥

## ચાતુરી ॥૯॥

તેજનો પુંજ તે ચોક મોઝારજી, અગણિત રવિશશિ તુલ્ય ઉદારજી ।
અક્ષર બ્રહ્મ છે એહનું નામજી, શ્રીપુરુષોત્તમનું શુભ ધામજી ॥૧॥

ઢાળ - ધામ પુરુષોત્તમતણું, ગુણરહિત અતિ અવિકાર ।
પ્રધાન પુરુષ ને કાળ માયા, એ સહુનો આધાર ॥૨॥
સર્વમાં વ્યાપક સદા, સત્ ચિત્ આનંદરૂપ ।
અવિનાશિ અજ નિત્ય શ્રુતિ કહે, એવું છે તેજ અનુપ ॥૩॥
તેજ મધ્યે શ્રીકૃષ્ણનું, છે મંદિર અતિ અભિરામ ।
અતિ દિવ્ય ચહુ દિશ છજાં ઝળકે, અધિક શોભા ધામ ॥૪॥
વિવિધ મણિગણ રત્નની, રચના તે ભુવનમાં અતિ ઘણી ।
બહુ રંગના મણિસ્તંભ રાજે, શોભા શી કહું તેહતણી ॥૫॥
અતિસુંદર ઉલેચમાં, બહુ મોતિલર લટકી રહી ।
કહે દાસ મુક્તાનંદ, સર્વે શોભા નવ જાયકહી ॥૬॥

## ચાતુરી ॥૧૦॥

મણિ મુક્તાફલ માલા જેહજી, ઓસરિયો મધ્ય શોભે તેહજી ।
મણિમય તોરણ ચહુ દિશ છાજેજી, મંગલ કુંભ તે અધિક બિરાજેજી ॥૧॥
**ઢાળ** - મંગલ કલશ તે અતિઘણા, ફલ દલથી શોભે અપાર ।
નવ પલ્લવ આમ્ર અશોકના, તોરણ વિરાજે દ્વાર ॥૨॥
શ્વેત ચામર મુકુરની, શોભા સદન મધ્ય અતિ બણી ।
શુભ રત્નકલશ તે ભવુનમાં, તેહનિ તે કાંતિ અતિ ઘણી ॥૩॥
સજયા સુગંધિ કુસુમની, બહુ ભોગદ્રવ્ય મનને હરે ।
મણિદીપ ઝળકે અતિ ઘણા, રવિ ચંદ્રને ઝાંખા કરે ॥૪॥
પ્રેમ દીવાની ગોપિકા, કરે નૃત્ય હરિગુણ ગાઈને ।
તે નૃત્ય ગીત તે વાદ્યની ધ્વનિ, રહી સદન મધ્ય છાઈને ॥૫॥
દિવ્ય ભુવન શ્રીકૃષ્ણનું, તેની શોભા કહી નવ જાય ।
કહે દાસ મુક્તાનંદ કવિજન, નિજ મતિ સમ ગાય ॥૬॥

## ચાતુરી ॥૧૧॥

હરિમંદિર મધ્ય અતિ સુખરૂપજી, સિંહાસન એક પરમ અનુપજી ।
બહુવિધ રત્ન જડિત છે જેહજી, મણિમય કલશ જુક્ત છે તેહજી ॥૧॥
**ઢાળ** - કલશની કાંતિ ઘણી, અતિ સિંહાસન શોભા ધરે ।
મહિં ચિત્ર બહુવિધ રત્નનાં, નિરખતાં સૌનાં મન હરે ॥૨॥

ગોપ ગોપિ ચિત્રનાં, ચિત્રનાં ખગ મૃગવૃંદ ।
તે સિંહાસન શોભે ઘણું, નિરખતાં થાય આનંદ ॥૩॥
સિંહાસન પર સુખનિધિ, શોભે તેથી ઘનશ્યામ ।
અતિસે અનુપમ મૂરતિ, જોઈ લાજે કોટિક કામ ॥૪॥
વય કિશોર શ્રીકૃષ્ણજી, કટિ પીતાબંર સાર ।
પ્રભુ દ્વિભુજ મુરલીધર મનોહર, અખિલ જગ આધાર ॥૫॥
મંદહાસ સમેત છે, મુખપંકજ અતિ અભિરામ ।
કહે દાસ મુક્તાનંદ છબિપર, વારું કોટિક કામ ॥૬॥

## ચાતુરી ॥૧૨॥

મોરમુગટ શિરપર અતિ શોભેજી, તે છબિ નિરખી નયન અતિ લોભેજી ।
મૃગમદ ચંદન ચર્ચિત અંગજી, ભ્રૂકુટિ વિલાસમાં પ્રેરે અનંગજી ॥૧॥
**ઢાળ** - અનંગ પ્રેરે ભ્રૂથકી, અતિ શોભાનિધિ સુખકંદ ।
વૈજયંતી માલા ઉપરે, અતિ ગાન કરે મત્ત ભૃંગ ॥૨॥
કુંડળ મકરાકાર છે, તેની શોભા કહી નવ જાય ।
ભાલ તિલક કેશરતણું, દેખતાં દગ લલચાય ॥૩॥
નયન પંકજ નાથનાં, અણિયાળાં ચપલ ઉદાર ।
અતિ કંકોળેલ રસ ભર્યા, ચિત્તચોર સુખદ અપાર ॥૪॥
વૃક્ષઃસ્થલ વાલાતણું, સુખરૂપ કમલાધામ ।
કરકંજ કરિકર મદ હરે, ભયહારી અતિ અભિરામ ॥૫॥
સોળે ચિહ્ન સમેતછે, પદપંકજ અતિ શોભા ધરે ।
કહે દાસ મુક્તાનંદ મુનિ મન, મૃંગ ત્યાં આવી ઠરે ॥૬॥

## ચાતુરી ॥૧૩॥

રસિક શ્રીકૃષ્ણ સદા સુખરૂપજી, પુરુષોત્તમ પરબ્રહ્મ અનુપજી ।
વાસુદેવ વિષ્ણુ અઘહારીજી હરિ નારાયણ અજ અવતારિજી ॥૧॥
**ઢાળ** - અવતારી શ્રીકૃષ્ણનાં, એવાં જે નામ અપાર ।
તે વેદ પુરાણે વખાણિયાં, ગુણ પરાક્રમને અનુસાર ॥૨॥
રાધા રમા બેઉ કોરમાં, નિરખે હરિ મુખચંદ ।
વા'લાનું વદન વિલોકતાં, પામે તે અતિ આનંદ ॥૩॥

જયા લલિતા શશિકલા, માધવી યમુના જેહ ।
એ આદિક સર્વે ગોપિકા, રાધારમા સમ તેહ ॥૪॥
પ્રેમ ભરી શ્રીકૃષ્ણને, સેવે તે એ સહુ સુંદરી ।
એક નિમેષ ન્યારી નવ રહે, નિજ પ્રાણથી વ્હાલા હરિ ॥૫॥
એમ રસિક ઘનશ્યામને, સેવે છ વનિતાવૃંદ ।
એવા છેલ છબિલા ઉપરે, બલહારી મુક્તાનંદ ॥૬॥

## ચાતુરી ॥૧૪॥

શ્રીહરિના મુખ્ય પાર્ષદ જેહજી, કરી સંક્ષેપ નામ કહું તેહજી ।
શ્રીદામા અંશુક અવિનાશિજી, સ્તોકકૃષ્ણ અર્જુન ગુણરાશિજી ॥૧॥
**ઢાળ** - ગુણરાશિ સુબલ વિશાલ છે, તેમ તેજસ્વી અતિ ધીર ।
દેવપ્રસ્થને વીરભાનુ, ઋષભ અતિગંભીર ॥૨॥
ચન્દ્રભાનુ આદિક જે, લઈ સુંદર સેવા સાજ ।
અતિપ્રેમથી અર્પણ કરે, જેમ રિઝે શ્રીમહારાજ ॥૩॥
છત્ર ચામર પાદુકા, એ આદિક સાજ અપાર ।
એમ સેવે નિત્ય શ્રીકૃષ્ણને, ગુણનિધિ ગોપ ઉદાર ॥૪॥
મુનિ નારદ વીણા લઈ, કરે કૃષ્ણનાં ગુણગાન ।
અતિ પ્રેમ ભરી ગાય ગોપિકા, જેમ રિઝે શ્રીભગવાન ॥૫॥
અનંત કોટિ બ્રહ્માંડના, અધિરાજ શોભાધામ ।
કહે દાસ મુક્તાનંદ સહુના, પ્રેરક શ્રીઘનશ્યામ ॥૬॥

## ચાતુરી ॥૧૫॥

અક્ષરબ્રહ્મ એ હરિનું ધામજી, તેહને મધ્યે અધિક અભિરામજી ।
કહ્યું શ્રીકૃષ્ણનું મંદિર જેહજી, અતિ સુંદર મહાસુખનિધિ તેહજી ॥૧॥
**ઢાળ** - અતિ સુંદર શ્રીકૃષ્ણનું, છે મંદિર અધિક ઉદાર ।
તે મંદિરની ચહું કોરમાં, અતિ દિવ્ય ભવન અપાર ॥૨॥
અતિ એકાંતિક ભક્તનાં, એ મંદિર પરમ અનુપ ।
અતિ દિવ્ય ભોગના સાજ સોતાં, શોભાનિધિ સુખરૂપ ॥૩॥
સોળ ગઢથી બાહિરે, હરિભક્તનાં ગૃહ જેમ ।
તેજવિષે હરિસદનને, ચોફેર મંદિર તેમ ॥૪॥

સહુ એકાંતિક ભકતને, પ્રભુસંગ પૂરણ હેત ।
જે સેવે નિત્ય શ્રીકૃષ્ણને, અતિ પ્રેમ ભક્તિ સમેત ॥૫॥
સહુ ગોલોક નિવાસિથી, એને અધિક સુખ આપે હરિ ।
કહે મુકતાનંદ શ્રીકૃષ્ણ પ્રભુની, સેવામાં રહે અનુસારિ ॥૬॥

## ચાતુરી ॥૧૬॥

એવા શ્રીકૃષ્ણ રસિક પ્રભુ જેહજી, દ્વાપર કળિની સંધિમાં તેહજી ।
દેવકીને વસુદેવથી ધીરજી, મધુપુરમાં પ્રગટ્યા બલવીરજી ॥૧॥
**ઢાળ** - મધુપુરમાં લઈ જન્મને, આવ્યા તે ગોકુળ ગામ ।
તહાં નંદાદિક વ્રજવાસિને, સુખ આપ્યું સુંદર શ્યામ ॥૨॥
ભૂમિ વિષે દ્વિજ સાધુનો, કર્યો ધર્મ અધિક પ્રકાશ ।
એમ ધર્મને દઢ સ્થાપિયો, કર્યો અસુરવંશ વિનાશ ॥૩॥
એવા શ્રીકૃષ્ણ કૃપાનિધિ, અતિસુંદરતાનું ધામ ।
તે ભક્તિ ધર્મથી પ્રગટિયા, ઘનશ્યામ જેહનું નામ ॥૪॥
કોશલ દેશમાં અવતરી, કીધાં તે ચરિત્ર સ્વછંદ ।
તે સુધાસમ સુંદર કથા, સુણતાં ટળે મનફંદ ॥૫॥
મહિમા શ્રીઘનશ્યામનો, કહેતાં તે શેષ લજાય ।
કહે દાસ મુક્તાનંદ જેહને, નિગમ નેતિ ગાય ॥૬॥

## ચાતુરી ॥૧૭॥

એવા જે સ્વામી સહજાનંદજી, અતિ કરુણાનિધિ અધિક સ્વચ્છંદજી ।
અનંત પતિતનો કરવા ઉદ્ધારજી, સુખદ સેતુ કર્યો પરમ ઉદારજી ॥૧॥
**ઢાળ** - સેતુ ભવજળ તારવા, કર્યો ધર્મરૂપી જેહ ।
તેણે સહજમાં સૌ ભવ તરે, એમાં તે નહિ સંદેહ ॥૨॥
શ્રી ઉદ્ધવસ્વામિતણા, મતને તે કીધો પુષ્ટ ।
જ્ઞાન વૈરાગ્યને તરુણતા દઈ, ટાળ્યો અધર્મ દુષ્ટ ॥૩॥
સનાતન સાધુ તણો, મારગ જે અવનિમહિ ।
થયો ક્ષીણ કળિના જોરથી, ખોળ્યો ન લાધે ક્યાંઈ ॥૪॥
રક્ષણ કરવા તેહનું, પોતે પ્રગટ થઈને ઉદાર ।
જડભરતના જેવો સદા, રાખિને તન આચાર ॥૫॥


સરલ મારગ સંતનો, કર્યો પ્રગટ ભૂમિ મોઝાર ।
કહે દાસ મુક્તાનંદ કળિમધ્ય તાર્યા જીવ અપાર ॥૬॥

**ચાતુરી ॥૧૮॥**

સ્વામિના શરણ વિના જે જંતજી, અસત ગ્રંથ સુણિ શુદ્ધ ભુલ્યા અનંતજી ।
આ કળિજુગમાં પ્રાણી સોયજી, ભવજળ પાર ન પામે કોયજી ॥૧॥
**ઢાળ** - ભવજળ પાર થયા તણો, એવો બીજો નહિ ઉપાય ।
જે શરણ ગ્રહે સ્વામિતણું, તે પતિતપાવન થાય ॥૨॥
મોહાદિક માતંગને, મારવા નરહરિરૂપ ।
નિજ દાસપર કરુણા કરે, શ્રીસ્વામી પરમ અનૂપ ॥૩॥
સંક્ષેપે કરી વર્ણવ્યું, હરિધામ મહાસુખકંદ ।
તેને સ્વામિકેરા શરણથી, સહુ પામે નર ત્રિયાવૃંદ ॥૪॥
ધામવર્ણનચાતુરી, તેને જે કોઈ શીખે ગાય ।
તેનાં પાતક સર્વે નાશ પામે, અતિ કૃતારથ થાય ॥૫॥
અષ્ટાદશ એ ચાતુરી, સુણિ અર્થ ઉર ધરે જેહ ।
કહે મુક્તાનંદ શ્રીકૃષ્ણના, દઢ ભકત થાશે તેહ ॥૬॥

**ઇતિ શ્રીમુક્તાનંદમુનિવિરચિતા ધામવર્ણનચાતુરી સંપૂર્ણા**




“ચરણ સરોજ તમારાં વંદુ કર જોડી,
ચરણે શીશ ધર્યાથી, દુઃખ નાખ્યા તોડી... જય સદ્‌ગુરુસ્વામી”